સુલભ ગ્રંથમાળા
પુસ્તક પહેલું

# સંસ્કૃતિનાં વહેણ

[Will Durant ના The Story of Civilization પરથી]

લેખક:

શ્રી. ચંદ્રભાઈ કા. ભટ્ટ

ભારતી પ્રકાશન મંદિર
ગોલવાડ . . . અમદાવાદ.

કિંમત ૧-૮-૦ પાકું પૂંઠું ૧-૧૨-૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રથમાવૃત્તિ

[ પ્રત ૩૦૦૦ ] [ સંવત ૧૯૯૫

મુદ્રક—પ્રકાશક : હરિલાલ મગનલાલ ભટ્ટ,
મુદ્રણસ્થાન : શ્રી ભારતી મુદ્રણાલય,
ખાડિયા—ગોલવાડ, અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકાશકનું નિવેદન

આ ગ્રંથમાળાનો ઉદ્દેશ સ્વતંત્ર કે બીજી ભાષામાંથી ઉપયોગી સાહિત્ય તૈયાર કરી વાચકો સમક્ષ રજૂ કરવાનો છે. એ ઉદ્દેશ સફળ થાય તે માટે અમે અમારા વાચકોના સહકારની આશા રાખીએ છીએ. તેઓ એની ભાષા, શૈલી તેમજ વિષય પરત્વે પોતાની ટીકાઓ વખતો વખત મોકલતા રહેશે તો તેથી અમને સહેજે મદદ મળશે.

આ પુસ્તક છપાઇને તો ક્યારનું તૈયાર પડયું હતું પણ અમુક પ્રતિકુળ સંજોગોને લીધે આજે જ પ્રગટ થઈ શક્યું છે. આથી એમાંનું હિંદુસ્તાન વિષેનું પ્રકરણ કદાચ કોઇને અધૂરૂં લાગે, પણ છેલ્લા વરસમાં જે બનાવો બન્યા છે તેનું મૂલ્યાંકન અત્યારે કરવું ઘણું કઠણ છે અને તેથી અત્યારનો રાજકીય ધુમ્મસ જ્યાંસુધી વિલય ન પામે ત્યાંસુધી એ વિષે ઇતિહાસની દષ્ટિએ કંઇ કહેવું એ સાહસનું કામ થઇ પડશે એ વિષે શંકા નથી.

Will Durant જેવા પ્રખર વિદ્વાનના The Story of civilization નામના પુસ્તકનો આ ભાઇ ચંદ્રભાઇનો સ્વતંત્ર અનુવાદ છે. અને વિગતો બધી તેમાંથી લેવા છતાં ક્યાંક ક્યાંક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમણે તેમાંથી પોતાની સમાજવાદી દૃષ્ટિએ જુદા પરિણામો કાઢવાની છૂટ લીધી છે. હિંદુસ્તાનના પ્રકરણમાં તો ખાસ એમણે પોતાને જે કહેવાનું છે તે કહી નાંખ્યું છે. ઘણા એમના એ બધા મન્તવ્યો સાથે સંમત નહિ થાય. અમને પોતાને તો એમાંના કેટલાક પરિણામો સાચાં હોવા વિષે શંકા છેજ. પણ તેથી પુસ્તકની ઉપયોગિતા જરાયે ઘટતી નથી. ઉલ્ટી વધે છે. એ બતાવે છે કે ઈતિહાસ પણ મનુષ્યની જેમ ધીરે ધીરે ઘડાય છે. તેનું મૂલ્યાંકન જુદી જુદી દૃષ્ટિએ જોતાં જુદું જુદું થાય છે. કાળનું સર્વભક્ષી ચક્ર એમાંથી કેટલું રહેવા દેશે એ કહેવું કઠણ છે અને એની આસપાસ કેટલું નકામું ખડ પણ કાળાન્તરે ઉગી નીકળશે એ પણ અનિશ્ચિત છે. એ સ્થિતિમાં માણસે સહિષ્ણુ બની સારાસાર ગ્રહણ કરવાનું જ શીખવું જોઇએ. આપણે આ પુસ્તકમાંનો જ એક ઉતારો જોઈએ.

"આજે મનુષ્ય સુધર્યો નથી, એના હથિયાર સુધર્યાં છે, આજે માનવસમાજમાં યાંત્રિક સંસ્કૃતિ આવી છે. સંસ્કૃતિની બીજી બાજુ [Humanstic civilization] અથવા માનવ સુધારણા છે. એ સંસ્કૃતિ અથવા સુધારણાનું સ્વરૂપ એના મનુષ્ય મનુષ્ય સાથેના સંબંધો છે. એ સંબંધોની સુધારણા પર આખી માનવ સંસ્કૃતિ અવલંબે છે."

આજે જેઓ યૂરોપના રાજકારણના અભ્યાસી છે તેમને તો ઉપલા વિધાનનું રહસ્ય સમજતાં વાર નહિ લાગે. યૂરોપની યાંત્રિક સંસ્કૃતિ આજે જાણે યુદ્ધના ભયંકર જ્વાલામુખી ઉપર બેઠી, પોતાનો નાશ નોતરી રહી હોય એવા ભણકારા વાગે છે. મધ્ય-યુગમાં જરા કંઇક વાંકુ પડતાં લોકો તલવારો ખેંચી કાઢતા એવી સ્થિતિ આજે વ્યકિત પરત્વે નથી રહી છતાં રાષ્ટ્રો પૂરતું તો એ સ્થિતિએ વધારે ભયંકર રૂપ ધારણ કર્યું છે. વ્યકિતઓમાં જે સંયમ અને પરસ્પર સહાનુભુતિની આશા રાખવામાં આવે છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેની રાષ્ટ્રો અને સમૂહો પાસે કે જેમાં લાખો કરોડો મનુષ્યોના હિતનો સંબંધ છે કશી આશા નથી રાખવામાં આવતી. ત્યાં તો કેવળ ભયનું કારમું સામ્રાજ્ય જ પ્રવર્તે છે અને તેમાંથી સંસ્કૃતિનાશક અને લાખો કરોડો મનુષ્યોનો સંહારક કારમો અગ્નિ ક્યારે ફાટી નિકળશે તેની ચિંતામાં આજે આખી દુનિયા વ્યગ્ર બની ગયેલી છે.

મનુષ્ય મનુષ્ય વચ્ચેનો સંબંધ પરસ્પર સહાનુભૂતિ, સંયમ અને સહિષ્ણુતા સિવાય બીજી રીતે સુધરે એમ નથી એટલું ભાન જો આજે મનુષ્યોના અગ્રણીઓને થાય અને તેઓ તેમના પોતાના કે પોતાના વર્ગના ક્ષુદ્ર સ્વાર્થોને દૂર કરી એ દિશામાં પ્રયત્ન કરે તો એ એક ડગલું હાલ તરતને માટે તો દુનિયાના વિકાસમાં અત્યંત મહત્ત્વનું ગણાશે.

આ પુસ્તકમાં દૃષ્ટિદોષને લીધે કેટલીક ભુલો રહી ગઇ છે તેને સારૂ વાચક ક્ષમા કરશે એવી આશા છે.

આષાઢ સુદિ ૧૧, ૧૯૯૫.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા


| | પૃષ્ઠાંક |
|---|---|
| ઓળખ | ૧–૯ |
| શિલાયુગની શરૂઆત | ૧૦–૧૭ |
| સુમેરીઆ | ૧૮–૨૩ |
| —આર્થિક જીવન | ૨૩–૨૭ |
| ઇજીપ્તની ભૌગોલિક પરિસ્થિતિ | ૨૮–૪૮ |
| બેબીલોનીયા | ૪૯–૫૫ |
| —લોકજીવન (વહેપાર ઉદ્યોગ, ખેતીવાડી) | ૫૬–૬૬ |
| એસીરિયા | ૬૭–૭૧ |
| —લોકજીવન [સરકાર] | ૭૨–૭૫ |
| —ખદબદતી પ્રજાઓ | ૭૬–૮૫ |
| પર્શિયા | ૮૬–૯૦ |
| —લોકજીવન (વહેપાર ઉદ્યોગ) | ૯૧–૧૦૪ |
| પૂર્વ ઇતિહાસ | ૧૦૫–૧૨૮ |


## સંસ્કૃતિનાં વહેણ

### દૂર પૂર્વના દેશોમાં


| | પૃષ્ઠાંક |
|---|---|
| પરિચય | ૧૨૯–૧૩૧ |
| ઇતિહાસ પહેલાંનો ઇતિહાસ | ૧૩૨–૧૩૪ |
| ઇન્ડો આર્યન | ૧૩૫–૧૪૦ |
| આર્યોની સમાજરચના | ૧૪૧–૧૫૦ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | પૃષ્ઠાંક |
|---|---|
| વેદનું સાહિત્ય | ૧૫૧–૧૫૮ |
| મહાવીર અને બુદ્ધ | ૧૫૯–૧૬૨ |
| મહાવીર | ૧૬૩–૧૬૮ |
| બુદ્ધ | ૧૬૯–૧૭૭ |
| એલેકઝાન્ડરથી હર્ષ સુધી | ૧૭૮–૧૮૯ |
| ઈશુ પછીના અંધેરયુગના મંડાણ | ૧૯૦–૧૯૭ |
| લોકજીવન (ઉત્પાદન) | ૧૯૮–૨૩૨ |
| પરાધીન હિંદ | ૨૩૩–૨૫૮ |

## ચીન

| | |
|---|---|
| પૂર્વ ઇતિહાસ | ૨૫૯–૨૬૨ |
| સંસ્કૃતિની શરૂઆત | ૨૬૩–૨૬૯ |
| કનફ્યુશિઅસ | ૨૭૦–૨૭૬ |
| ઈતિહાસ રેખા | ૨૭૭–૨૯૦ |
| લોકજીવન | ૨૯૧–૩૨૧ |

## જાપાન

| | |
|---|---|
| બૌદ્ધ જાપાન | ૩૨૨–૩૨૯ |
| લશ્કરી સરમુખત્યારી | ૩૩૦–૩૩૬ |
| લોકજીવન | ૩૩૭–૩૪૮ |
| નૂતન જાપાન | ૩૪૯–૩૫૫ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



અશોકના સ્તૂપનો સિંહ-ભાગ
(સારનાથ)



અનુરાધાપુર (સીલોન) ની બુદ્ધ-મૂર્તિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ઓળખ

## સંસ્કૃતિ શું છે?

### સંસ્કૃતિકાળ

જેને આપણે સંસ્કૃતિ કહીએ છીએ તે સંસ્કૃતિનો કાળ ઇતિહાસની શરૂઆતથી થાય છે. ઇતિહાસની શરૂઆત જ્યારથી માનવજાતનો ઇતિહાસ લખાવો શરૂ થયો ત્યારથી નહિ પણ જ્યારથી મનુષ્યનું મનુષ્ય તરીકેનું ભાન ઉદય પામ્યું ત્યારથી કહી શકાય. જેને અંગ્રેજીમાં (Pre. Hïstoric time) ઇતિહાસ પહેલાનો સમય કહે છે, એ સમય ઘણા હજારો વર્ષો જેટલો લાંબો છે. એ સમયમાં મનુષ્યનો કાળ અજ્ઞાત કાળ કહી શકાય.

### સંસ્કૃતિની વ્યાખ્યા

સંસ્કૃતિ શબ્દનો અર્થ કરવા એના સ્વરૂપની સ્પષ્ટતામાં ઊતરવું જોઈએ, પણ જેમ ઘણાખરા નામો કોઈ એક કે બીજી વસ્તુના નામો સૂચવે છે તેમ સંસ્કૃતિ કોઈ વસ્તુનું નામ નથી. એ ક્રિયા છે, એક પ્રક્રિયા છે. આગળ વધતા, વિકાસ પામતા મનુષ્ય-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્વની એ ક્રિયાને આપણે સંસ્કૃતિ કહીએ છીએ. તદ્દન સરલ શબ્દોમાં કહીએ તો સંસ્કૃતિ એટલે સુધારો અથવા સંસ્કૃત થવું એટલે સુધરવું.

## સંસ્કૃતિનાં પૂર્વલક્ષણો

સંસ્કૃતિનાં પૂર્વલક્ષણો અથવા સંસ્કૃતિની આવશ્યકતાઓ કે જેના વિના સંસ્કૃતિની ક્રિયા અશક્ય બને, તે મનુષ્યમાં રહેલી કાર્યકારણ દૃષ્ટિ છે. એની એ દૃષ્ટિ એને વિવેક શીખવે છે. અને એના એકેએક વિચારને કાર્યકારણના સ્વરૂપમાં ઘડે છે. એજ રીતે બધા પ્રાણીઓમાંથી મનુષ્ય જુદું પડે છે. પણ મનુષ્યની એ બુદ્ધિશક્તિ એના વિચારનું સ્વરૂપ સ્વતંત્ર રીતે ઘડી શકતી નથી. એ સ્વરૂપ જેમાં ઘડાય છે તે પરિસ્થિતિ જેમ જેમ બદલાય છે તેમ તેમ બદલાતી જતી બહારની પરિસ્થિતિ સાથે એનાં વિચારનાં સ્વરૂપો પણ પરિવર્તન પામ્યાં કરે છે. અને છતાં એ સૌમાં સળંગ રહેનારી એવી એક ક્રિયા બહારની પરિસ્થિતિઓમાં કાર્ય-કારણને શોધનારી એની બુદ્ધિની ક્રિયા છે.

## મનુષ્ય અને બહારની વાસ્તવિકતા

એક રીતે કહીએ તો મનુષ્યના ઉદય પહેલાંથી બદલાતાં જતાં સ્વરૂપોવાળી પરિસ્થિતિ તે પરિસ્થિતિમાં રહેતાં પ્રાણીઓને તથા એ પ્રાણીઓના જીવનક્રમોને હમેશાં બદલ્યાં કરે છે. સૃષ્ટિની શરૂઆતમાં શરૂ થયેલાં જીવનનાં સ્વરૂપો એટલે તે સમયની પ્રાણી-સૃષ્ટિ બદલાતી જતી પરિસ્થિતિ સાથે બદલાતી આવી છે. સૃષ્ટિની શરૂઆતમાં જ્યારે આપણી પૃથ્વી પર જીવતાં પ્રાણીઓ રહી શકે એવી શક્યતા શરૂ થવા માંડી ત્યારે પહેલું જીવનપરમાણું પાણીની સપાટી પર તરતું હતું. એ પરમાણુંમાંથી વિકાસ પામેલા જીવને વીંછી જેવા આકારો ધારણ કરી સમુદ્રને તળીએ ચાલવા માંડયું. એમાંથી માછલીનો ( jelly fish ) આકાર ઘડાયો. અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધીમે ધીમે માછલાં જેવાં જુદાં જુદાં જંતુથી આખો મહાસાગર ભરાઈ ગયો. એ દરમ્યાન પૃથ્વીપર છોડવાઓ ઊગી ગયા હતા અને સમુદ્રમાં ઊભરાઈ જતાં જંતુઓને બહાર નીકળી પોતાની જીવવાની જગાઓ શોધી લેવાની ફરજ પડતી હતી. મહાસાગરમાં નહિ સમાઈ શકવાથી સમુદ્રને તળીએથી નીકળી મહાસાગરના નાનાંમોટાં પ્રાણીઓએ છોડવાઓ પર, નાના મોટા છોડવાઓની ઘટામાં, પર્વતોની તળેટીમાં અને ભિનાશવાળી જગાઓમાં સમુદ્રના કિનારા પાસેજ પોતાનાં નવાં ઘર માંડ્યાં અને પોતાના એ નવા વસવાટમાં એમણે બહારની હવા જીરવવી શરૂ કરી દીધી. એ રીતે જીવવાની સેંકડો વર્ષ સુધી તાલીમ લીધા પછી બહાર જીવવા આવેલાં પ્રાણીઓ જેટલી સહેલાઈથી પાણીની અંદર જીવતાં હતાં તેટલી જ સહેલાઈથી પાણીની બહાર જીવવા માંડ્યાં.

બહારની પરિસ્થિતિ બદલાતી જતી હતી. જમીનપર જંગલો ઊગતાં જતાં હતાં અને બહાર આવેલાં પ્રાણીઓનાં જીવનની રીતભાતો અજ્ઞાત રીતે બહારની પરિસ્થતિ સાથે બંધબેસતી થતી હતી. એ પ્રાણીઓમાંનાં કેટલાંક પેટે ચાલનારાં, સાપ ગીલોડી જેવાં રાક્ષસી કદના પ્રાણીઓ હતાં અને શાન્તિથી જંતુઓનો ખોરાક શોધવા અવાજ કર્યા વિના પેટથી ઘસડાતાં જતાં હતાં. પણ ખોરાક શોધવાની એટલી ઝડપ પૂરતી નહોતી. બહારની પરિસ્થિતિને પહોંચી વળવા એ પેટે ચાલતાં પ્રાણીને પગ આવવા માંડ્યા. અને બહારની પરિસ્થિતિમાં જીવવા માટે કેટલાંકને ઝાડપર ચઢીને રહેવાની ફરજ પડી. ઝાડપર ચઢેલાં એ પ્રાણીઓમાંથી કેટલાંકને પાંખો પણ આવવા માંડી. પાછાં એક નવી જાતનાં પ્રાણીઓ બદલાતી જતી પરિસ્થિતિને અનુકૂળ ઉત્પન્ન થવા લાગ્યાં. એ પ્રાણીઓ 'મેમોલીયા' (Mamalia) હતાં. તેઓ પોતાનાં બચ્ચાંને સ્તનથી ધવડાવતાં હતાં. એ જાતનાં પ્રાણીઓને વૈજ્ઞાનિક પરિભાષામાં મેમલ્સ (mamles) કહે છે. એ જાતનાં નવાં પ્રાણીઓને માછલીના શરીર પર હોય છે તેવી છીપ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહોતી કે પક્ષીને હોય છે તેવી પાંખ નહોતી પણ આખા શરીર પર વાળ હતા. એ નવી જાતનાં પ્રાણીઓને જીવનની પરિસ્થિતિ બીજા પ્રાણીઓ કરતાં અનુકૂળતાભરેલી લાગી. એ પ્રાણીની માદા ઈંડાને પોતાનાં પેટમાં જ રાખવા લાગી. એ રીતે તેણે પોતાના બચ્ચાંને બહાર ઠંડી તાપ અથવા બીજા પ્રાણીઓના ભયમાં રાખવાને બદલે પોતાના શરીરમાં જ રાખવા માંડયાં. એ રીતે આ નવા પ્રાણીનાં બચ્ચાંને જીવનકલહમાં જીવી જવાની વધારે તક મળી.

મનુષ્ય પણ એક મેમલ જાતનું પ્રાણી છે. એ પોતાના આગલા પગને હાથ તરીકે વાપરતાં શીખ્યું છે. એના પગના પંજાઓએ પલટાતી જતી જીવનપરિસ્થિતિમાં આંગળાનું સ્વરૂપ ધારણ કર્યું છે. લાખો વર્ષ પહેલાં એ નવી જાતના પ્રાણીએ પોતાના આગલા પગથી શિકાર પકડી રાખવાની, પાછલા પગથી ચાલવાની, ઉભા રહેવાની અને દોડવાની શરૂઆત કરી. પણ જેને આપણે મનુષ્ય કહીએ છીએ એવું મનુષ્ય બનતાં હજારો વર્ષ વીતી ગયાં. એ હજારો વર્ષનો કાળ ઇતિહાસકાળ નહોતો. કારણ કે ઇતિહાસના ક્રમમાં બહારની પરિસ્થિતિઓ સામે મનુષ્યની જે ભાનવાન ક્રિયા હોય છે, તેવી કોઈ ક્રિયા નહોતી.

એ લાખો વર્ષનું આખું જીવન જે રીતે બદલાતું જતું હતું તે બદલાતી જતી પરિસ્થિતિઓમાં કામ કરતો કુદરતનો અજ્ઞાત નિયમ હતો. જેને આપણે ભાન અથવા જાગૃત દશા કહી શકીએ એવી કોઈ પણ જાતની ક્રિયા વિના બધાં પ્રાણીના જીવનવ્યવહારો બદલાતી જતી પરિસ્થિતિને અનુકૂળ અજ્ઞાત રીતે બદલાતા જતા હતા. એટલે કે જીવનને સલામત રાખવા અજ્ઞાત રીતે બહારની પરિસ્થિતિ સાથે બંધબેસતા થતા જતા હતા.

એ પણ એક જાતનો જીવનવિકાસ હતો જ પણ જીવનનાં એ ઉત્તરોત્તર ચઢિયાતાં થતાં જતાં સ્વરૂપોમાં કોઈ ભાનવાળી ક્રિયા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતી નહિ, પણ કુદરતની અજ્ઞાત ક્રિયા માત્ર હતી. એટલે આપણે એ કારણે એને સંસ્કૃતિકાળ ન કહી શકીએ. આપણે આગળ જોઈ ગયાં તે પ્રમાણે બહારની પરિસ્થિતિઓ સાથે બદલાતા જતા અને એ રીતે ઉત્તરોત્તર વિકાસ પામતા ભાનવાન મનુષ્યોના ભાનવાન વ્યવહારોને જ આપણે ઇતિહાસની સંસ્કૃતિની ક્રિયામાં ગણાવી શકીએ. એવી સંસ્કૃતિની ક્રિયા એકલા મનુષ્યના જીવનમાં જ શકય છે. કારણ કે બધી જીવનસૃષ્ટિમાં મનુષ્યનું જીવન જ અમુક અંશે ભાનવાન છે અને તે વધારે ને વધારે ભાનવાન થતું જાય છે. **સંસ્કૃતિનો ઇતિહાસ એટલે મનુષ્યના ભાનના વિકાસનો ઇતિહાસ છે.** મનુષ્યની ભાનવાળી દશા એના જીવનવ્યવહારના સ્વરૂપોને બદલ્યા કરે છે. મનુષ્યજીવનમાં આવે છે એવાં વિકાસના પરિવર્તનો બીજા પ્રાણીના જીવનમાં સંભવી શકતાં નથી. કારણ કે એ જીવનોમાં કોઈ પણ ભાનવાન પ્રેરક બળ નથી.

કાગડાં કે કુતરાં અથવા વાઘ કે વરૂઓ ગમે તેટલા હજારો વર્ષ જીવે તોપણ કુદરતનું કોઈ અજ્ઞાત બળ એમના જીવનમાં પલ્ટો ન આણે ત્યાંસુધી તેઓ એકની એકજ રીતે જીવ્યાં કરતાં હોય છે. એ પ્રાણીઓના રહેવાના, હરવાફરવાના કે ખાવાપીવાના જીવન વ્યવહારો જેવા હતા તેવા છે અને ગમે તેટલા કાળમાં પણ બદ-લાઈ શકે તેમ નથી. જ્યારે મનુષ્ય એક ભાનવાન પ્રાણી હોવાથી એણે બદલાતી પરિસ્થિતિને અનુકૂળ રહી પોતાની સુધારણા પોતાના હાથમાં લીધી છે. એના જીવનવ્યવહારો જેવા હજારો વર્ષ પહેલાં હતા તેવા આજે નથી. એના વ્યવહારોનાં સ્વરૂપ ઉત્તરોત્તર વિકાસ પામતાં જાય છે, સુધરતાં જાય છે. એ સુધારણાનો ઇતિહાસ એટલે માનવસંસ્કૃતિનો ઇતિહાસ.

## મનુષ્યની સર્જકતા

ઇતિહાસકાળ પહેલાંનો મનુષ્ય મનુષ્ય–પશુ હતો. અને બીજાં પશુઓની જેમ બહારની પરિસ્થિતિઓના અજ્ઞાત બળને આધીન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રહી કેવળ પ્રજોત્પત્તિ કર્યે જતો હતો. પણ એના ઇતિહાસની શરૂઆતથી એટલે સંસ્કૃતિકાળની શરૂઆતથી વધારે ને વધારે ભાનવાળા બનતા એના જીવનવેગે એને ઉત્પાદક કે સર્જક ( Creative ) બનાવવા માંડ્યો. પ્રાણીઓમાં એ એની વિશિષ્ટતા હતી.

કોઈ પણ બીજું પ્રાણી સર્જક કે ઉત્પાદક નથી. એકલું મનુષ્યજ સર્જક કે ઉત્પાદક છે. બહારની પરિસ્થિતિમાં જીવવા એણે પરિસ્થિતિને અનુકૂળ અને બંધએસતાં એવાં ઉત્પાદનો અને સર્જનો કરવા માંડ્યાં. એનાં ઉત્પાદનો અને સર્જનો સુધરતાં અથવા વિકાસ પામતાં ગયાં એ સુધારણા અથવા વિકાસનો કાળ સંસ્કૃતિકાળ છે. એના ઉત્પાદનો અને સર્જન સુધરતાં ગયાં તેમ એના વ્યવહારો પણ સુધરતા ગયા. એ વધારે સારી રીતે એટલે સુધરેલી રીતે ખાતાં શીખ્યો. સુધરેલી રીતે શરીર ઢાંકતાં શીખ્યો અને સુધરેલી રીતે હરતાંફરતાં શીખ્યો. એના ઉત્પાદનો અને સર્જનો સુધરતા જતાં હતાં અને સાથે સાથે એના ઉત્પાદનનાં સાધનો પણ સુધરતાં જતાં હતાં. જાણે આજે એમ લાગે છે કે આપણે એવી સુધારણા કે સંસ્કૃતિની ટોચપર પહોંચી ગયા છીએ. એ સુધારણા કે સંસ્કૃતિએ આજ સુધી મનુષ્યના હથિયારો અથવા સાધનોને સુધાર્યાં છે અને સુધરેલાં હથિયારો કે સાધનો મનુષ્યના જેટલા વ્યવહારોને સુધારી શકે તેટલા મનુષ્યના વ્યવહારો સુધર્યા છે.

તો પણ માનવસુધારણાની એ એકજ બાજુ થઈ કહેવાય. એ સુધારણાએ મનુષ્યને યાંત્રિક સુધારણા ( Mechanistic civilisation )ની ભેટ આપી છે પણ જો મનુષ્ય પોતાના સાધનો કે યંત્રના સુધારાથીજ સુધરેલો થઈ જતો હોય તો આજની સુધારણાસંસ્કૃતિ સમ્પૂર્ણ સુધારણા કહેવાય.

## સંસ્કૃતિ અને માનવતા

પણ પાછો સવાલ થાય છે કે માણસ સુધર્યો છે? આજે એના જવાબમાં એટલુંજ કહી શકાય તેમ છે, કે મનુષ્ય સુધર્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી, એનાં હથિયાર સુધર્યાં છે. આજે માનવ સમાજમાં યાંત્રિક સંસ્કૃતિ આવી છે. સંસ્કૃતિની બીજી બાજુ **માનવસંસ્કૃતિ** અથવા માનવસુધારણા છે. ( Humanistic Civilisation ). એ સંસ્કૃતિ અથવા સુધારણાનું સ્વરૂપ એના મનુષ્ય મનુષ્ય સાથેના સંબંધો છે. એ સંબંધની સુધારણા પર આખી માનવસંસ્કૃતિ અવલંબે છે.

## સમાજ અને સંસ્કૃતિ

પહેલાંના મનુષ્યને જંગલની પરિસ્થિતિ સાથે અનુકૂળ રહી અથવા એ પરિસ્થિતિમાં પરિવર્તન કરી આગળ વધવું પડતું હતું. જેમ તે સમયે મનુષ્યની સામે જંગલની ઘટના હતી તેમ આજના મનુષ્ય સામે સામાજિક ઘટના છે (Social structure). એ ઘટનામાં રહીને મનુષ્ય પોતાનાં ઉત્પાદન કે સર્જનો કરતો હોય છે. અને પોતાના વધતા જતા ભાન સાથે એ ઉત્પાદન અને સર્જનોના પ્રકારો બદલતો જાય છે. મનુષ્યની સામાજિક ક્રિયાનો એવો ક્રમ છે. પણ એવો કાળ આવી લાગે છે કે જ્યારે અમુક જાતની સમાજઘટના આગળ વધતાં મનુષ્યના સર્જનો અથવા ઉત્પાદનોને અટકાવી દે છે. એના વેગને રૂંધે છે. એના જીવનને કચડે છે. સમાજઘટનાનું તે સ્વરૂપ એટલું સાંકડું હોય છે અને એની મર્યાદાઓ એવી સંકુચિત હોય છે કે મનુષ્યની ઉત્પાદનશક્તિ આગળ વધી શકતી નથી, ત્યારે મનુષ્યનો જીવનવેગ એ સમાજ-જીવનની સાંકડી મર્યાદા કે દિવાલોને તોડી નાખવા ઊછાળા મારે છે. મનુષ્યના સર્જન માટે નકામી પડેલી એવી જૂની સમાજઘટનાનો વિનાશ થાય છે. અને જેમાં મનુષ્યોના સર્જનોનો વિસ્તાર અને વિકાસ આગળ વધી શકે એવું સમાજઘટનાનું નવું સ્વરૂપ નિર્માય છે. પણ પાછો એવો કાળ આવી લાગે છે કે જ્યારે એ નવું સ્વરૂપ પણ જૂનું બને છે. સમાજઘટનાના એ સ્વરૂપમાં મનુષ્યની આગળ વધતી સર્જનશક્તિ ફરી પાછી ગૂંચવાઈ પડે છે. મનુષ્યની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સર્જક શક્તિને માટે સમાજઘટનાની એ દિવાલો કે મર્યાદાઓ સાંકડી પડે છે. પાછો ઉત્પાદન કરનાર કે સર્જન કરનાર માનવ-સમાજ ઊછાળો મારે છે. એના સર્જનોના વિકાસ માટે નકામી પડેલી એ સમાજઘટના નાશ પામે છે અને ફરી પાછી એની સર્જકશક્તિને પ્રબોધે અને પોષે એવી નૂતન સમાજરચના અસ્તિત્વમાં આવે છે. એવો સામાજીક ક્રમ ચાલ્યા કરતો હોય છે. પહેલાં માનવસમાજની જંગલી પરિસ્થિતિ હતી. એ પરિસ્થિતિમાં શકય હોય તેટલાં સર્જનો મનુષ્યે કર્યાં પણ આગળ વધતી એની સર્જકશક્તિને માટે પરિસ્થિતિ નાલાયક નીવડી. એ પરિસ્થિતિનો લય થયો. અને જેને આપણે રજવાડાશાહીને નામે ( Feudalism ) ઓળખીએ છીએ તેવી સમાજ ઘટના અસ્તિત્વમાં આવી. એ ઘટનામાં શકય એટલો મનુષ્યના સર્જનોનો વિકાસ સધાયો. જ્યારે સમાજ ઘટનાના એ ચોકઠામાં એની આગળ વધતી સર્જનશક્તિનો વિકાસ અશકય જણાયો ત્યારે એ ઘટનાનો અંત આવ્યો અને માનવસમાજની મૂડીવાદી ઘટના જન્મી. જ્યારે આગળ વધતી મનુષ્યની સર્જકશક્તિનો વિકાસ એ ઘટનામાં રૂંધાશે ત્યારે એનો પણ અંત નિર્માઈ ચૂકયો છે.

## સંસ્કૃતિની દિશા.

એ રીતે સતત્ ચાલતી સંસ્કૃતિની ક્રિયા સમાજઘટનાના સ્વરૂપો બદલતી આગળ વધતી આપણે જોઈ શકીએ છીએ. મનુષ્યે શોધેલાં બધાં વિજ્ઞાનો એના સર્જનોને વેગ આપતાં દેખાય છે. એ વેગવાળી સંસ્કૃતિ કઈ દિશામાં જાય છે તે પણ આપણે સમજવું જોઈશે. આજ સુધીની સંસ્કૃતિની કૂચ મનુષ્યની સર્જક શક્તિના હથિઆરો સાધનો સુધારવા માટે થઈ છે. પણ સંસ્કૃતિની એ ક્રિયા એટલેથી અટકી ગયેલી ગણાતી નથી. આજે એ ક્રિયાનો આખો વેગ જાણે મનુષ્ય મનુષ્યના સંબંધો સુધારવા મચી પડયો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોય તેમ દેખાય છે. આજની નવી બૂમ અને આજનું નવું ભાન મનુષ્ય મનુષ્યના સંબંધો સુધારવા એ છે, માટે સંસ્કૃતિની એ નવી દિશા કહેવાય.

## સંસ્કૃતિની ક્રિયાનું સ્વરૂપ.

સંસ્કૃતિની ક્રિયાના સ્વરૂપનું લક્ષણ હમેશા અજ્ઞાતમાંથી જ્ઞાતમાં જવાનું રહે છે. મનુષ્યના જ્ઞાનનો આખો ઇતિહાસ એના આગળ વધતા ભાનનો ઇતિહાસ છે. માનવસંસ્કૃતિનો ઇતિહાસ એ એની જાગૃત થતી ચેતનાનો સળંગ ઇતિહાસ છે. આજે જે એને સમજાતું નથી તે આવતી કાલે એના આગળ સ્પષ્ટ થાય છે. એની આંખ આગળ નવાંનવાં સત્યો ઊઘડતાં જાય છે. એને નવા નવા નિયમો ઓળખાતા જાય છે. એના વિકાસની સીમા આગળ ને આગળ મર્યાદિત ને વિસ્તાર પામતી જાય છે. અને તોપણ મનુષ્યનું આજનું ભાન કેટલું બધું ઓછું છે ? જેમ મહાસાગરની સપાટી-નીચે અગાધ ઊંડાણો પડયાં હોય છે તેમ આજે એના ભાનની સપાટી નીચે અમાપ અને અગાધ અજ્ઞાત પરિબળો પડયાં છે. એની સંસ્કૃતિની આખી ક્રિયા એ અજ્ઞાતને જ્ઞાત કરવાની ક્રિયા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૨

# શિલાયુગની શરૂઆત

## જંગલની પરિસ્થિતિ

ઐતિહાસીક તવારીખોના ઉગમ પહેલાના માનવકાળમાં મનુષ્યે જુદી જુદી રીતે પોતાના મેમાલિયન હરીફો સાથેના ભયંકર ને જીવલેણ કલહોમાં પહોંચી વળવાની અને વિજય પામવાની શક્તિ મેળવવાના પ્રયત્નો કર્યાં છે, અને એને વિજય મળ્યો છે. પણ એ વિજયના મૂળ આંકતા એના સંજોગો અનેક જાતના અઘોર અને લોહીલુહાણ પ્રસંગોથી ભરપૂર છે. જ્યારે જંગલના અનંત વિસ્તાર પર છૂટાછવાયા ઝરણાં પથરાયાં હતાં, જ્યારે આખી ધરતી ભીષણ અને ભયાનક એવા વિશાળ જંગલોથી ભરપૂર હતી, તે સમયનું જંગલનું ખદબદતું જીવન અનેક જાતના વિકટ અને વિક્રાળ વિતર્કોથી ભરચક હતું. નદીઓના કિનારા પરથી મોટી ગબડતી શિલાઓ જેવાં હીપોપોટેમસ હાક વગાડતાં હતાં. ત્રણ ફૂટના લાંબા શીંગડાથી ધરતીના ઢગલા ખોદી નાખતા, ઝાડના થડ મચડી પાડતા, અને શિકારી પ્રાણીઓના અંગેઅંગ મચડી છૂટા પાડી દેતા ગેંડાઓ જંગલ આખાને પોતાના અવાજથી ભરી દેતા ગરજતા હતા. સૂંઢ માથા પર અદ્ધર ઊંચકી મદ ઝરતા હાથીઓ લોખંડી ગંડસ્થળને ઝૂકાવતા હતા. મગરના કુટુંબના જંગલમાં રહેવા આવેલાં પેટે ચાલતાં વિક્રાળ પ્રાણીઓ મેં વિકાસીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડયાં હતાં. એવા અઘોર જંગલમાં શિકાર શોધતા મનુષ્ય પશુના માથાપર મોટા મોટા અજગરો લટકતા હતા. મોટી મોટી કટારો જેવાં શીંગડાંવાળી ભેંસો જીવનકલહમાં કારમી દોડતી હતી. જાણે હમણા ઊડી જશે એવા ઘોડાઓ જંગલના સામ્રાજ્યમાં પ્રાણ બચાવવા પડાપડી કરતા હતા. ગાયો, ભેંસો ને બીજા ઘાસ ખાનારા પશુઓ અકસ્માત જેવાં જંગલમાં ચરતાં હતાં. હરણનાં જૂથનાં જૂથ કોઈ પણ પળે ઝડપાઈ જતાં જીવનમાં બીકણ ઊભાં હતાં.

**મનુષ્ય એવા શિકાર અને શિકારી** જંગલના જીવનમાં શિકાર અને શિકારી બન્ને હતો. એનો નાગો દેહ વાળથી ઢંકાયલો હતો. એની આંખોમાં વાઘદીપડાનાં ખૂનસ હતાં. એના બાવડામાં ઝાડની ડાળીઓ તોડી નાંખે એવા જોરદાર તંતુઓ હતા. એના પંજામાં ફાડી નાખવાની તીક્ષ્ણતા હતી. એના દાંત માછલાને ચાવી ખાતાં અને કાચાં માંસને કરડી ખાતા હતાં. એવો એ માનવી જ્યારે પોતાના શિકાર પાછળ પડતો ત્યારે વાઘ ને દીપડાની જેમ ઘૂરકતો હતો, અને ગેંડાની જેમ ત્રાડ દેતો હતો. એ કોઈવાર હરખાતો પણ હતો ને ત્યારે એનું વિકરાળ હસવું જંગલમાં ગાજી ઊઠતું હતું. અને જ્યારે એ ગુસ્સે થઈ રાડ નાખતો કે રડતો ત્યારે એની આસપાસની ગિરિકંદરાઓ કંપી ઊઠતી હતી. ઇતિહાસ પહેલાનો માનવી એવો અબુધ ને અઘોર હતો.

એના શરીરને ઢાંકયા વિના લોહીને ઠારી દે તેવી ટંડીમાં અને ખોપરીને ફાડી નાખે એવા તાપમાં એ એનો ખોરાક શોધતો હતો. એ કંદમૂળ ને જંગલના ફળ ને ફૂલોને પોતાનો ખોરાક બનાવતો હતો. અને ઘણીવાર કોઈ ઝાડ પાછળ લપાઈને આંખ ને કાનથી કોઈ શિકારને જોતો કે સાંભળતો બેસતો હતો. ઝાડપરથી તૂટી ગયેલી ડાળીની સાંગ એની પાસે પડી હતી. બીકના, ભૂખના, તરસના અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી પડતાં દુઃખના અવાજો એજ એની ભાષા હતી. એ ભાષાનો ભયંકર ચિત્કાર કરી એ કોઈકોઈવાર દોડી આવતા શિકારી પશુઓની ખબર પોતાના સાથીદારોને આપતો હતો.

એના હાથ અને હાથમાંની સાંગ સિવાય એની પાસે એના રક્ષણનું એકે સાધન હતું નહિ. એને રહેવાનું ઘર હતું નહિ. એના રોગ અને દુઃખમાં દિલાસો આપે એવો અગ્નિ પણ હતો નહીં. એનો કોઈ શિક્ષક નહોતો. એવી એની શરુઆત ભારે ભયંકર અને વિકરાળ હતી. પણ એ શરૂઆતમાં એ શીખતો હતો. એના અનુભવો એને શીખવતા હતા.

## મનુષ્યની પરિસ્થિતિ

પણ એ એની સ્ત્રી અને બાળકો સાથે એકલોજ હતો. બીજા પ્રાણી સાથીદારોએ એની સેવા સ્વીકારી નહોતી. એની પાસે ગાય, ઘેટાં કે બકરાં હતાં નહિ ઘોડો કે કુતરો પણ હતો નહિ. એણે કોઈવાર જમીન ખેડવાનું કે બીજ વાવવાનું સાંભળ્યું નહોતું. અગ્નિમાં, માટીને પકવી વાસણો બનાવવાનો એને ખ્યાલ નહોતો. એને હજુ એકેએક હથિઆર શોધી કાઢવાનું બાકી હતું.

ઘર અને કપડાં વિનાનો એ એકલો ભટકતો હતો. એને ભટકતાને એની જંગલની પરિસ્થિતિએ શીખાવવા માંડયું, કે એના એકલા શરીરબળથી એ જંગલની હરીફાઈમાં નભી શકશે નહિ. કેટલાંએ હજારો વર્ષ પછી પત્થરની સાંગ બનાવવાનો એને ખ્યાલ આવ્યો, અને એક પર બીજો પત્થર પછાડી પત્થરના હથિયાર બનાવવા માંડયાં. એવા હથિયારો લાખો વર્ષ પહેલાંના મનુષ્યની શોધકબુદ્ધિની સાક્ષી પૂરતાં આજે પણ મળી આવે છે.

પછી એ ધીમે ધીમે એના પત્થરના હથિયારો સુધારતો ગયો અને નવાં ઊમેરતો ગયો. એણે એકલે હાથે હથિયારોની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મદદથી જંગલની કુદરત અને જંગલના જાનવરો સાથે ભીષણ યુદ્ધ જારી રાખ્યું. કુદરતનો એવો એકે બનાવ નહોતો જે એને પીડતો નહોતો. અને જંગલનું એવું એકે જાનવર નહોતું જે એને કોઈને કોઈ રીતે હેરાન ન કરતું હોય. એ કોઈ પ્રાણીનો મિત્ર નહોતો એટલે બધા પ્રાણીનો દુશ્મન હતો. જે એનું સાથી નહોતું તે સૌ એની સામે હતાં. આજે એને મદદ કરનારાં અને એના સાથી બનનારાં પશુઓ પણ એનાથી જુદાં અને એકલાં ફરતાં હતાં.

## ઇતિહાસ પહેલાનો ઇતિહાસ.

મનુષ્યે એની જીવનકથાનો ઇતિહાસ તાડ પત્રો પર, ધાતુનાં પતરાં પર, શિલાલેખોમાં કે પુસ્તકોમાં લખ્યો છે અને ઇતિહાસ-લેખનના પહેલાંના માનવ ઇતિહાસના લાખો ઉલ્લેખો ધરતીના પડોમાં સંગ્રહી રખાયા છે. પૃથ્વીનાં પડો ઊકેલાંતા આજે એ ઈતિ-હાસ પહેલાંના ઇતિહાસ જોવા જાણવાના મળે છે. એ ઈતિહાસની કોઇ ભાષા નથી. એની તવારીખોની સાક્ષી પૂરતાં જુદાં જુદાં ઓજારો, હથિયારો, બનાવટો, ચિત્રો અને મનુષ્યના હાડકાંઓ અને હાડપિંજરો આજે પૃથ્વીનાં પડોમાં પડ્યાં છે.

એક સ્પેનિશ ઉમરાવ એની જાગીરમાં આવેલી એક ગુફાને ખોદાવી અંદર પેઠો જ્યાં એને લાખો વર્ષ પહેલાંના ચકમકના હથિયારો મળી આવ્યાં. એની સાથે ગુફામાં ઊતરેલી એની દીકરીએ માથાપરની છત જોઈ બૂમ મારી. “ટોરોસ, ટોરોસ,” ( આખલા ) જંગલની ભેંસો અને આખલાના ચિત્રો એ છત પર ચિતરાયાં હતાં. ઈટાલીના ભૂમધ્યના કિનારા પર ગ્રિમાલ્ડી પાસે એવી એક બીજી ગુફા જડી આવી હતી. એમાં હજારો વર્ષ જૂની રાખનાં પડ હતાં. હાડકાંના ખડક બાઝી ગયાં હતાં. છૂટા છૂટા પડેલાં ગેંડાના હાડકાંના હથિયારો હતાં, અને માણસના હાડપિંજરોને સંતાડતી પાંચ કબરો હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ હકીકતો ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે એની આસપાસ ભટકતાં રાક્ષસી પશુઓનો સામનો કરવા એણે હથિયારો શોધ્યાં હતાં. એ હથિયારો કોઈ પણ ભાષા વિના હાડપિંજરો અને ઓજારોના શબ્દમાં ઇતિહાસની સાક્ષી પૂરે છે. એ ઇતિહાસની શરૂઆતના શિલાયુગમાં જુદા જુદા હથિયારો અને સાધનો બનાવવાની યુક્તિઓની નમ્ર શરૂઆત જડી આવે છે. એ શરૂઆતમાં સંસ્કૃતિના ઘડતરની અને ઇતિહાસના ઊગમની સ્પષ્ટ શરૂઆત છે.

## સંસ્કૃતિની શરૂઆતના સંજોગો.

માણસ પાસે પાળેલાં પશુઓ નહોતાં. જોઈએ તેવાં અને તેટલાં હથિયારો નહોતાં. એના આવેગોના આવિષ્કાર જેવી ચીસો ને બૂમો શિવાયની કોઈ વધારે સારી ભાષા નહોતી. એને દિવસો કે કલાકોમાં અને વર્ષો કે મહિનાઓમાં કાળનું માપ નહોતું. એ ઋતુના ક્રમ જોતો આવ્યો હતો.

એ ક્રમમાં એણે એક અજાયબ જેવો ફેરફાર જોયો. કંઈ બદલાતું હતું. ઉનાળાના ગરમ દિવસોને આવતાં ખૂબ મોડું થયું હતું. ફળોને પાકતાં ઘણીવાર લાગી હતી. પર્વતોના શિખરો જે વનસ્પતિથી ઢંકાયલાં દેખાતાં હતાં તેના પર બરફ જામી ગયો હતો. એ પર્વતોની ખીણોમાં પણ બરફ પથરાતો જતો હતો. એ લીલો લાગતો બરફ ધીમે ધીમે આગળ વધતો હતો. પર્વતો પરથી ગબડતા બરફના પહાડો રાતના ઊંઘવા સૂતેલા મનુષ્યોને કચરી નાંખતા હતા. ઝાડનાં ઝાડ છૂંદાઈ જતાં હતા.

આકાશમાંથીય બરફ વર્ષવો શરૂ થયો. પ્રાણીઓ અને વનસ્પતિઓ એક સાથે મરવા લાગ્યાં. માણસે સૂર્યના પ્રકાશની શોધમાં દોડવા માંડ્યું. એની પીઠપર લઈ શકાય એટલો ખોરાક હતો. એની માદાની કાખમાં તરતનાં જન્મેલાં બાળકો હતાં. એ દોડતો હતો. એની સાથે સાથે બીજાં પશુઓ ને પ્રાણીઓ પણ દોડતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જતાં હતાં. એ બીજાં બધાં પાસે એના કરતાં વધારે બળવાન શરીરો હતાં. વધારે મજબૂત અને ઝડપવાળા પગ હતા. સૌ એક બીજાથી આગળ દોડવા મથતું હતું. માણસ સૌની પાછળ પડતો હતો.

પણ બીજાઓ પાસે જે નહોતું તેવી એક વસ્તુ એની પાસે હતી. એ વસ્તુ તે એની વિચારશક્તિ હતી. એને વિચાર કરીને જીવવાનો ઉપાય શોધવાની ફરજ પડી, અને જો કોઈ ઉપાય ન જડે તો ઠંડું મરણ તેની આંખ સામે ઘૂરકતું ઊભું હતું. એણે વિચાર કર્યો. એણે બરફમાંથી બચવા માટે ઝાડની છાલ અને ચામડાં ઓઢવાં શરૂ કર્યાં.

અને તોપણ ઠંડી જીવલેણ હતી. ઢગલાબંધ બાળકો, જુવાનો ને ઘરડાં મરવા લાગ્યાં. એને એક વસ્તુ યાદ આવી ગઈ. એણે જ્વાલામુખીઓ જોયા હતા. જંગલોના ઝંઝાવાતોમાં એક બીજા સાથે ઘસાઇને સળગી ઊઠતી ડાળીઓ ભાળી હતી. એણે અગ્નિ સાચવી રાખવા માંડયો. એની ગુફાઓમાં તાપણીઓ સળગવી શરૂ થઈ. એણે એ અગ્નિમાં એનો ખોરાક પકવવો પણ શરુ કર્યો. એણે એ અગ્નિનો ઉપયોગ હથિયારો બનાવવામાં પણ કર્યો. એણે એ અગ્નિથી ભીની માટીનાં જુદા જુદા આકારો સૂકવવા માંડયા. જાણે એના માથામાં પણ અગ્નિ સળગતો હતો. એની આસપાસ એને ઘેરીને ઊભેલાં ભૂખમરો, ઠંડી અને મરણ એને મગજ વાપરવાની ફરજ પાડતાં હતાં. એ બરફના સંકટમાંથી જીવી જતો મનુષ્ય અગ્નિના ઉપયોગ શોધતો હતો. પત્થર અને હાડકાંના હથિયારો બનાવતો હતો અને એ રીતે સંસ્કૃતિની શરૂઆત કરતો હતો.

## શિલાયુગનાં સાધનો

એની મૂઠીમાં પકડાય તેવું પત્થરનું પહેલું સાધન યા હથિયાર એને જડયું. એ આગળથી તીણું હતું, પાછળથી પકડાય તેવું હતું. એ હથિયારના જુદા જુદા આકારોમાં હથોડી, દાતરડાં,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવતી, છરી વગેરેના પ્રાથમિક સ્વરૂપો હતાં. એજ રીતે ઝાડની ડાળીઓમાંથી અને હાડકાંમાંથી ભાલા અને બાણુ જેવાં તથા ગોફણો ને સાંગ જેવાં હથિયારો બનાવા માંડ્યાં. ખંજરો, માછલાં પકડવાના આંકડા, ખીલીઓ તથા હારપુનો જેવાં ઓજારો પણ બનતાં જતાં હતા.

પણ એ સૌને વેગ આપનાર શોધ તે અગ્નિની શોધ હતી. એ અગ્નિના ઉપયોગો એની આગળ વધતી બુદ્ધિ સાથે વધતા ગયા. એના ભયંકર દુશ્મનોને શોધી કાઢવા માટે અને તેને બીવડાવવા માટે એણે મસાલો શળગાવવા માંડી. એને જડી આવતી ધાતુઓને નરમ કરવા માટે એણે અગ્નિનો ઉપયોગ કરવા માંડ્યો. અગ્નિ એનો દેવ બની રહ્યો. અગ્નિને હમેશાં સળગતો રાખવાની પ્રથા એણે એના ઘરમાં દાખલ કરી. અગ્નિની મદદથી એની આર્થિક મુશ્કેલીઓ અને ગૂંચો ઉકલવા લાગી. એ હથિયાર વાપરનાર પ્રાણી બનવા માંડ્યું.

એણે શિકારની શરુઆત કર્યા પછી તે બીજા પશુઓ કરતાં શક્તિમાન શિકારી થયો હતો. પણ એમાં એની મનુષ્ય તરીકે વિશિષ્ટતા એથી વધારે હતી નહિ. જો એ શિકારીજ રહ્યો હોત તો આજે પણ એની ગણના એક પશુ તરીકેજ થાત. પણ એના બહારના સંજોગો ઉપર વિચાર કરતું મન એને માનવતા તરફ લઈ જતું હતું. એના શિકારમાં કોઈ કેદ પકડાયેલું કે જીવતું રહી ગયેલું પ્રાણી એને શરણે આવતું. એને પ્રથમ શરણે આવનાર ઘોડો હતો. ઘોડાએ માણસની ગુલામી સ્વીકારી. એની પીઠપર બેસીને ફરવાનો વિચાર માણસને આવ્યો. પશુઓને પાળવાની એ શરૂઆત હતી. ધીમે ધીમે ઝાડપાલો કે ઘાસ ખાનારાં બીજાં પશુઓ પણ ઘોડાનું અનુકરણ કરતાં હતાં. શિકારી મનુષ્ય ધીમે ધીમે ભરવાડ બનતો હતો. માંસ સાથે કંદમૂળ કે ફળો પણ ખાતો હતો. અને એના પશુઓના કાફલા સાથે ટોળાબંધ ફરતો હતો. એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જંગલમાં ઊગી નીકળતાં અનાજ પણ ખાતાં શીખતો હતો. કુદરતને જોતાં અને તેનું અવલોકન કરતાં શીખ્યો હતો. એના મગજમાં ખેતી કરવાનો નવો ખ્યાલ ઉત્પન્ન થયો. એણે અણીવાળી લાકડીથી જમીન ખોદી, બીજ વાવવાં શરૂ કર્યાં. હવે એને એક સ્થળેથી બીજે ભટકવું પાલવ્યું નહિ. એણે ઝાડની ડાળીઓ અને ઘાસથી ઝૂંપડાં બાંધવાં શરૂ કર્યાં. એણે માંસ સાથે અનાજ પણ ખાવું શરૂ કર્યું. એણે શિકાર બનતાં પશુઓના લોહી સાથે પાળેલાં પ્રાણીઓનું દૂધ પણ પીવા માંડયું. એના બાળકોનું મરણપ્રમાણ બીજા પ્રાણીઓનું ઘી પીવા મળવાથી ઓછું થવા લાગ્યું. એણે સંગ્રહ શરૂ કર્યો. એણે મધમાખીઓને દુઃખના દિવસો માટે સંગ્રહ કરતાં જોઈ હતી. પક્ષિઓને માળાઓમાં ખોરાક એકઠો કરતાં દેખ્યાં હતાં. હજારો વર્ષના દુઃખના અનુભવો પછી બુદ્ધિમાન માનવી માંસને શેકીને કે આથીને કે ઠારીને સંગ્રહ કરતાં શીખતું હતું. અને અનાજ સડી ન જાય તે રીતે તેને એની ગુફાઓમાં ભરી રાખતાં શીખતું હતું.

માનવસંસ્કૃતિનો આખો ઇતિહાસ ત્રણ પાયા પર રચાયો છે. એક અગ્નિની શોધ. બીજી ખેતીવાડીની શોધ. અને ત્રીજો વેપાર. ખેતીવાડીની પ્રાથમિક શરૂઆત માનવ જાતની સંસ્કૃતિમાં મહત્ત્વનું પગલું હતું.

## ઇતિહાસનો ઊગમ.

માણસ એનાં સાધનો, ઓજારો, અને હથિયારોની બનાવટ આગળ વધારે જતો હતો. એ બધા સાધનોમાં સૌથી મહત્ત્વનું એનું એક ઓજાર પૈડું હતું. માણસે એની શરૂઆત કરી હતી. પ્રાથમિક ચકરડીઓ અને ઘંટીઓ બનતી હતી. જાણે યંત્રવાદની શરૂઆતના ચક્રો ફરતાં થયાં હતાં. એની સાથે સાથે જ કુંભારકામ અને સુથારકામની શરૂઆત થતી હતી. પણ લેખિત ઇતિહાસની શરૂઆત તો શિલાયુગના અંત સાથે અને ધાતુઓના ઉપયોગની શરૂઆત સાથે થાય છે. એ શરૂઆત ક્યાંથી અને ક્યારથી થઈ એ ઇતિહાસનો વિષય છે. એવી સંસ્કૃતિની શરૂઆતનો ઇતિહાસ પૂર્વના દેશોમાંથી શરૂ થાય છે અને પશ્ચિમ તરફ જાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૧

## સુમેરીઆ

પર્શિયન અખાતમાંથી શરૂ કરી ટાઈગ્રીસ અને યુફ્રેટીસ જ્યાં જુદી પડે ત્યાંથી યુફ્રેટીસ સાથે સાથે પશ્ચિમ તરફ જઈએ તો પુરાણા સુમેરિઆના દટાઈ ગયેલાં શહેરો માલમ પડે છે.

મેસોપોટેમીઆનો પૂર્વ ઇતિહાસ સુમેરીઆના લોકોનો કીશ અને આગેડમાંથી આવેલા લોકો સામે પોતાના સ્વાતંત્ર્ય માટેના રમખાણોનો ઇતિહાસ છે. એ રમખાણોની વચમાં એક મોટા વિસ્તારવાળી સંસ્કૃતિ ઇતિહાસમાં અજોડ એવી ઊભી છે. એ ભૂલી જવાયલી સંસ્કૃતિ સૌથી જૂનામાં જૂની છે. જેને આજે આપણે સંસ્કૃતિના જૂના ઇતિહાસ તરીકે ઓળખીએ છીએ તે ઇતિહાસની પ્રજાઓને પણ સુમેરીઆની જાણ ન હતી. આજે આપણે રોમન, ગ્રીક અને જ્યૂ સંસ્કૃતિઓને જેટલી જૂની માનીએ છીએ તેટલી જ જૂની તે વખતના ગ્રીક, રોમન અને જ્યૂ સુમેરીઆની સંસ્કૃતિને માનતા હતા. બીરોસસ નામના એક બેબીલોનીઆના ઇતિહાસલેખકે એ સુમેરીઆની સંસ્કૃતિનો ઉલ્લેખ ઇ. પૂ. ૨૫૦ પહેલા એક દંતકથાના રૂપમાં કર્યો છે. ઈરાનના અખાતમાંથી બહાર નીકળતા રાક્ષસો તરીકે સુમેરીઆની જૂની સંસ્કૃતિવાળી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રજાને ચીતરવામાં આવી છે. દંતકથાના સ્વરૂપમાં એ સંસ્કૃત પ્રજાને રાક્ષસો તરીકે આલેખી તે રાક્ષસોને બહારના જગતમાં ખેતીવાડીનું વિજ્ઞાન, ધાતુઓનું ઉત્પાદન તથા લેખન કળાને લાવતા બતાવ્યા છે. એ લેખક જણાવે છે કે જીવનને કલ્યાણકારી બધી બનાવટો એ રાક્ષસી પ્રજાના એક ઓએનીસ નામના સરદારે શીખવી છે અને ત્યાર પછી દુનિયામાં કોઈ પણ વધારે અગત્યની શોધખોળ થઈ નથી. એ ઇતિહાસ લેખક બીરોસસના મરણ પછી બે હજાર વર્ષે સુમેરીઆની સંસ્કૃતિની શોધ થઈ.

## સુમેરીઅન પ્રજા

એ સુમેરીઅન પ્રજા કઈ જાતની હતી તથા સુમેરીઆમાં કયે રસ્તેથી પેઠી તેની ચોક્કસ માહીતી હજુ સુધી કોઈ મેળવી શકયું નથી. કદાચ એ પ્રજા મધ્ય એશિયામાંથી આવી હોય તથા એ પ્રજા માંગોલ જાતની હોય એવી ધારણા કરવામાં આવે છે. એ અતિ જૂની સંસ્કૃતિનાં જડી આવતાં હાડપિંજરો અને બીજા સ્મારકો પરથી માલમ પડે છે કે એ લોકો મજબુત, ઠીંગણા, સીધાં નાકવાળા, ઊપસી આવતા કપાળવાળા તથા નીચી ઢળતી આંખોવાળા હશે. એ લોક દાઢી રાખતા અને મૂછ મૂંડાવતા હશે, તથા ઊનના કપડાં પહેરતાં હશે. સુમેરીઅન સ્ત્રીઓ ડાબા ખભા પરથી વસ્ત્ર લટકતું રાખતી હશે તથા પુરુષો શરીરનો ઉપલો ભાગ ખુલ્લો રાખી કેડ બાંધતા હશે. સુમેરીઅન પ્રજાએ વખત જતાં માથાથી પગ સુધીનો પોષાક ધારણ કર્યો હશે. પણ એ પ્રજાના દાસ દાસીઓ કેડ પરથી માથા સુધીનો ભાગ ફરજિયાત ખુલ્લો રાખતા હશે. એ પ્રજામાં સ્ત્રીઓ ને પુરુષો બૂટ તથા પાવડીઓ પહેરતા હશે. તથા વીંટીઓ, હારો, એરીંગો, વગેરે અનેક જાતના અલંકારો જે આજની સ્ત્રીઓ પહેરે છે તે સર્વે સુમેરીઅન સ્ત્રીઓ પહેરતી હોવી જોઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ઇતિહાસ

સુમેરીઅન સંસ્કૃતિના કાળની ગણના નિપુર નામના એક નગરના જડી આવેલાં ખંડેરો ઉપરથી થઈ શકે છે. ખંડેરો પર આજે છાસઠ ફીટ જેટલી જમીનનું પડ ચડી ગયું છે. અને નિપુર નીચે બીજા છાસઠ ફૂટ ઊંડાણુમાં સારગોન અને અક્કડ નગરો સૂતાં છે. એ ઉપરાંત એ સંસ્કૃતિના કીશ અને ઉર નામનાં નગરો પણ જડી આવ્યાં છે. એ શોધખોળ ઉપરથી એવી ગણત્રી થઈ શકે એમ છે કે નિપુર નગર ઇ. પૂર્વે ૫૨૬૨ વર્ષ પહેલાં હશે. તથા કીશ ઇ. પૂ. ૪૫૦૦ વર્ષ પહેલાં અને ઉર ઇ. પૂ. ૩૫૦૦ વર્ષ પહેલાં હશે, તથા એ છેલ્લાં બે નગરોમાં સેમીટીક અને નોન-સેમીટીક પ્રજાઓની હરિફાઈની શરૂઆત થઈ હશે.

ઉરના ખંડેરોમાંથી મળી આવેલી માટીની ઈંટો પરથી તે સમયના રાજા મહારાજાના રાજ્યારોહણ, તાજપોષીઓ, વિજયો તથા દબદબાભર્યાં મરણોનો ખ્યાલ આવે છે. એ રાજાઓ ઉર–લાગાસ અને ઉરૂકના નગરરાજ્યોમાં રાજ્ય કરતા હોવા જોઈએ. લાગાસનો એક રાજા ઉરૂકેગીના એક સુધારક રાજા હતો. એ રાજાએ ગરીબોનું શોષણ કરતા શ્રીમંતો સામે અને સૌનું શોષણ કરતા ધર્મગુરુઓ સામે ફરમાનો કાઢ્યાં હતાં. દફનક્રિયા પર લેવાતા કરો ઓછા કરી નાખ્યા હતા. તથા ધર્મગુરુઓ અને અમલદારોના દેવોને અપાતાં બલિદાનોમાં નક્કી થએલા અમલદારો તથા ધર્મગુરુઓના ભાગને નાબૂદ કર્યાં હતા. એ રાજા મગરૂરીથી કહેતો હતો કે એણે પોતાની પ્રજાને સ્વતંત્રતા આપી હતી.

એના પછી એક લુગલ જાગીશીએ લાગા પર ચઢાઈ કરી. ઉરૂકેગીનાને મારી હરાવ્યો. નગરને તારાજ કર્યું. દેવળોનો નાશ કર્યો. તથા લોકોની કતલ ચલાવી. તે સમયના એક સુમેરીઅન કવિ ડાંગીરાડામુએ એ બનાવનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર પછી અક્કડ નગર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજ્યમાં સારગોન નામના એક રાજાએ થાણું જમાવ્યું. એક પત્થરના સ્મારક પર એ સારગોનનું ભવ્ય દાઢીવાળું અને સત્તાશીલ પોષાકવાળું એક ચિત્ર જડી આવ્યું છે. એ રાજાનો જન્મ રાજવંશમાં નહોતો. ઇતિહાસને એના બાપની હજુ ઓળખ થઈ નથી. એની માતા એક મંદિરની વેશ્યા હતી. સુમેરીઅન દંતકથામાં એ રાજા પોતાની આત્મકથા કહેતો બોલે છે કે, "મારી નમ્ર માતાએ મને ખાનગીમાં ધારણ કર્યો. ચુપકીથી જન્મ આપ્યો. એણે મને એક ટોપલીમાં તરતો મૂકી દીધો" એવો એ રાજા બચી ગયો અને એક રાજાને ત્યાં રસોડામાં નોકર રહ્યો. પછી એણે બળવો કર્યો અને ગાદી પચાવી પડ્યો. એ પોતાને ચક્રવર્તિ કહેડાવતો હતો અને મેસોપોટેમીઆમાં રાજ કરતો હતો. ઇતિહાસકારો એને મહાન કહે છે, કારણકે એણે ઘણાં નગરો પર ચઢાઈ કરી હતી. ઢગલાબંધ લૂંટો જીતી હતી. તથા ઘણા મનુષ્યની કતલ કરી હતી. એ વિજેતાએ ચારે દિશાએ કૂચ કરી હતી. એણે ઈલામ જીત્યું હતું. એણે ઈરાનના અખાતમાં પોતાના લોહીવાળા હથિયારો ધોયાં હતાં. તથા ઇતિહાસે કદી નહિ જોયેલું એવું મહાસામ્રાજ્ય જમાવ્યું હતું. ૫૫ વર્ષ સુધી એણે જુલમી રાજ્ય કર્યું હતું. તથા એ જુલ્મગારની આસપાસ દંતકથાઓએ દિવ્યતા સર્જી હતી. એ ભગવાન ગણાતો હતો. એ ભગવાનના મરણ પછી એના સામ્રાજ્યમાં ઠેર ઠેર બળવાઓ ફાટી નીકળ્યા હતા.

એને ત્રણ દીકરા હતા. ત્રીજો નરામસીન બાંધકામનો જબરો શોખીન હતો. એણે ચણાવેલી ભવ્ય ઇમારતોના આજે કોઈ કોઈ પત્થરો મળી આવે છે. ડીમોર્ગાંને ૧૮૯૭માં નરામસીનનું પ્રચંડ સ્મારક શોધી કહાડ્યું હતું. એ સ્મારકમાં નરામસીન ધનુષ્ય અને બાણ સાથે પોતાના દુશ્મનોના મૃત શરીરો પર ચાલતો તથા દયા માટે ભિખ માગતા બીજા હારેલા દુશ્મનોને રહેંસી નાંખતો ચીતરવામાં આવ્યો છે. એ ચિત્રની ચિત્રકળા ખૂબ વિકાસ પામેલી લાગે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇ. પૂ. ૩૫૦૦ વર્ષ પહેલાં ઉરનગર રાજ્યનો ઇતિહાસ ખૂબ ભવ્ય હતો. ત્યાંના એક ઉરએંગર નામના રાજાએ પશ્ચિમ એશિયાપર પાસીરીક સામ્રાજ્ય જમાવ્યું અને આખા સુમેરિઆ માટે કાયદાની જાહેરાત કરી. ઉરનગર યુફ્રેટીસમાં ચાલતા વેપારથી ખૂબ આબાદ થયું હતું. એ નગરને ઉરએંગર રાજાએ મંદિરોથી શણગાર્યું હતું તથા લારસા, ઉરૂક અને નિપુરમાં મોટી મોટી ભવ્ય ઇમારતો બાંધી હતી. એના એક ડુંગી નામના દીકરાએ એના કામને અઠ્ઠાવન વર્ષ સુધી આગળ ધપાવ્યું અને એટલા ડહાપણથી રાજ્ય કર્યું કે લોકોએ એ રાજ્યને સુવર્ણયુગ માન્યો તથા રાજા ડુંગીને દેવ તરીકે પૂજ્યો.

પણ એ સોનેરી રંગો ઓસરી જતા હતા. પૂર્વમાંથી ઇલેમાઇટ્સ અને પશ્ચિમમાંથી એમોરાઇસ ટોળીઓ ઉરપર ધસી આવી. ઉરના આરામનો અંત આવ્યો. ઉરનો શાન્તિ નાશ પામી. ઉરનો રાજા કેદ થયો અને ઉરનગર ખંડેર બન્યું. ઉર-નગરની દેવી ઇશતારની મૂર્તિને મંદિરમાંથી ઉખેડી નાંખવામાં આવી. એ કત્લેઆમનો ઇતિહાસ આલેખતી એક કવિતાના રૂદનનો સ્વર ચાર હજાર વર્ષ પહેલાંથી આજ સુધી સંભળાય છે. એ ઉરનગરની દેવી આક્રંદ કરતી કહે છે કે, "એ લોકોએ મને ભ્રષ્ટ કરી. ગંદા હાથે એ લોકોએ મારા દેહને ચૂંથી નાંખ્યો. જાણે હું ભયથી મરણ પામી. હું ખૂબ દુઃખી છું. એ લોકોને મારા તરફ જરાએ ભાવ હતો નહિ. એ લોકોએ મારાં વસ્ત્રો ઉતરાવી નાખ્યા અને તે વસ્ત્રો એમની સ્ત્રીઓને પહેરાવ્યાં. એ લોકોએ મારા અલંકાર ઝૂંટવી લીધા અને એ અલંકારથી પોતાની દીકરી-ઓને શણગારી. એ લોકો મારા મંદિરમાં ધસી આવ્યા. હું બીકથી ધ્રૂજી ઊઠી. મારા મંદિરની દિવાલો હચમચી ઊઠી. દેવળમાંનાં કબૂતરો ઊડી ગયાં. એ લોકો દેવળમાં મારી પાછળ પડયાં. ફફડી ઊઠેલાં કબૂતરોની જેમ હું ધ્રૂજી ઊઠી. જેમ કબૂતરો પાછળ બાજ પડે તેમ એ લોકો મારી પાછળ પડયા, અને મને શોધી કહાડી."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ ઇતિહાસની છેલ્લી તવારીખોમાં ઇલામ અને આમોર સુમેરીઆ પર રાજ કરતાં હતાં. પછી ઉત્તર તરફથી બેબીલોનનો રાજા હેમુરાબી ચડી આવ્યો. હેમુરાબીએ ઇલેમાઇટ્સ લોકો પાસેથી, ઉરૂક અને ઇસીન જીત્યાં. અને દૂર એસિરીઆ સુધી પોતાની સત્તા જમાવી. આજે કેટલાંક સૈકાઓથી ઇરાનના ઉદય પછી એ નદીઓ વચ્ચેના પ્રદેશ ઉપર સેમીટીક લોકો રાજ્ય કરે છે. ઇતિહાસના અંધારામાં અને ઇતિહાસનાં આલેખન જેવાં ધરતીનાં ઊંડા પડોમાંથી સુમેરીઆ વિષે બીજું વિશેષ કંઇજ સંભળાતું નથી. ઇતિહાસના અનંત ચોપડામાં સુમેરીઆના ઇતિહાસનું પ્રકરણ પૂરું થાય છે.

## પ્રકરણ ૨ જું

### આર્થિક જીવન

આ સંસ્કૃતિના પાયામાં પાણીનાં પૂરથી ફળદ્રુપ બનેલી જમીનનાં ઉત્પાદન હતાં.

સુમેરીઅન લોકજીવન એ પાણીના પ્રવાહોને નહેરોદ્વારા સંયમિત કરતાં શીખ્યું હતું, બળદોથી ખેંચાતુ હળ પણ તે વખતે વપરાતું હતું.

સુમેરીઅન લોકો તાંબા અને લોખંડના પતરાંનો ઉપયોગ કરતાં શીખ્યાં હતાં. લોઢાનાં મોટાં મોટાં ઓજારો બનાવવાનું જાણતાં હતાં પણ ધાતુની છત જોઇએ તેટલી હતી નહિ. સુમેરીઅન સાધનો ઘણાખરાં પત્થરના હતાં. કપડાં વણવાનો ઉદ્યોગ સરકારના હાથ નીચે ચાલતો હતો. માટીનાં ને લાકડાનાં ઘર બનતાં હતાં. ખેતીવાડીમાં ઉપયોગી એવી ગાયો, ઘેટાં, બકરાં, કુક્કરો વગેરે માણસના સાથીદાર તરીકે ફરતાં. પીવાના પાણી માટે કુવા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માલની આવક જમીન કરતાં પાણીના માર્ગે વધારે હતી. ઇજીપ્ત અને હિંદ સાથે વેપાર શરૂ થયો હતો. ખરીદ અને વેચાણના સાધનરૂપ સિક્કો શોધી કઢાયો ન હતો. વેપારના બધા વિભાગ સાટાથી ચાલતા હતા.

શ્રીમંતો અને ગરીબો ઘણા મોટા વર્ગોમાં વહેંચાઇ ગયા હતા. ગુલામીની પ્રથાનો ખૂબ વિકાસ થયો હતો. અંગત મિલકત પવિત્ર બની ચૂકી હતી. નાના વેપારીઓ, શિક્ષકો, વૈદ્યો અને ધર્મગુરુઓનો મધ્યમ વર્ગ બનતો હતો. વૈદકશાસ્ત્ર ધર્મશાસ્ત્રથી હજુ જુદું પડયું નહોતું. વૈદો ધર્મગુરુઓ હતા અને માંદગી એ સેતાનની પેદાશ છે એમ મનાતું હતું.

## સરકાર

સરકારનું સ્વરૂપ ધર્મસત્તાથી જુદું નહોતું. રાજા પેટેસી અથવા ધર્મગુરુ રાજા કહેવાતો. પેટેસી એક નગર અથવા બીજાં વધારે નગરો પર પોતાનું ભયંકર બળ જમાવતો અને જે પશુબળને લીધે એ જુલ્મકાર જીવન જીવી શકતો હતો તેજ પશુબળ બીજા કોઇમાં એના કરતાં વધારે પ્રમાણમાં દેખાતું ત્યારે એનો તાજ પડાવી લેવાતો હતો. એ મોટા કિલ્લા જેવા મહાલયમાં રહેતો હતો કે જેને બે બારણાં હતાં, અને દરેક બારણે એકથી વધારે માણસો જઈ શકે નહિ એવી વ્યવસ્થા હતી. એ પ્રવેશદ્વારની બન્ને બાજુ ઉઘાડાં ખંજર રાખી ખાનગી ચોકીદારો રાજાપાસે જતી કોઈ પણ વ્યક્તિને તપાસતા હતા. એવા રાજમહાલયમાં દેવમંદિર પણ ખાનગી હતું. એ ખાનગી મંદિરમાં બીજા લોકોની જેમ દેવપૂજા કરવાનું અથવા તો કોઈ ન જાણે તેમ એવી પૂજાઓ તરફ બેદરકાર બનવાનું રાજા માટે શકય બની શકતું.

પેટેસી અથવા ધર્મરાજા રથમાં બેસીને લડાઈ કરવા નીકળતો. વેપારી માલ પડાવી લેવા માટે, વેપારના માર્ગો મેળવવા માટે ખુલ્લી રીતે યુદ્ધ થતાં. એવા વેપારી રમખાણોને સંતાડવાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોઈ આદર્શવાદી શબ્દજાળો રચાઈ નહોતી. રાજા મેનીત્સુએ જાહેર કર્યું હતું કે તે પોતે ઈલામની રૂપાની ખાણો જીતવા ચડાઇ કરે છે. એવાં બધાં રમખાણો મૂળમાં વેપારી ઉદ્દેશોવાળાં હતાં. એ દરેક રમખાણુમાં હજારો ગુલામો લૂંટમાં આવતાં હતાં. એ ગુલામો પાસે કરાવવાની વેઠની કે એ ગુલામોને વેચવાની અગવડ માલમ પડતાં એ સૌને કાપી નાખવામાં આવતા. કોઈ કોઈ વાર એવા સેંકડો ગુલામોને જકડી બાંધી તરસ્યા દેવોને એમના લોહીના બલિદાનો આપવામાં આવતાં. ધીમે ધીમે સામાજિક ઘટનાનું સ્વરૂપ રજવાડાશાહી બનતું જતું હતું. વિજેતા રાજા પોતાના સરદારોને નાના મોટા પ્રદેશો ભેટ કરતો. એવા પ્રદેશો પર સરદારોની સત્તા ચાલતી હતી. એવા સરદારો પોતપોતાના પ્રદેશોમાંથી રાજાને જરૂર પડે ત્યારે કપાઈ જવાને તૈયાર એવા સિપાઈઓ મોકલતા.

એ રીતે મંડાયલા શાસનના કાયદાઓ ઘડાતા હતા. એ કાયદા ઘડનારાના નામમાં રાજા હેમુરાબીનું નામ સૌથી આગળ આવે છે. એણે ઘડેલા કાયદાઓ સ્ત્રીપુરુષના જાતીય સંબંધોના, બધી વેપારી લેનોના ઇજારા માટેના તથા બધી ખરીદી અને વેચાણ માટેના હતા. અદાલતો દેવળોમાં બેસતી અને મોટે ભાગે બધા ન્યાયાધિશો ધર્મગુરુઓ હતા.

## ધર્મનીતિ

રાજા ઉરએંગરે પોતાના બધા કાયદાઓ મહાભગવાન શામાશાના નામના ઘડ્યા હતા. કારણકે વેપારની જેમ રાજકારણને પણ ભગવાનની જરૂર માલમ પડી. દેવદેવીની સંખ્યા દરેક શહેરમાં વધતી જતી હતી. સૂર્યપૂજા આરંભકાળથી પ્રચલિત હતી, પ્રકાશના ભગવાન એવા સૂર્યનારાયણ ઉત્તરના ઊંડાણમાં ફરતા રહે છે અને સવારમાં પોતાના દરવાજામાંથી બહાર આવે છે અને રથમાં બેસી આકાશમાં સફર કરે છે એવી માન્યતા હતી. રાજા નીપૂરે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાન એનલીલ અને તેની રખાત નિન્લીલ માટે મોટાં દેવળો બંધાવ્યાં હતાં. રાજા ઉરૂક ખાસ કરીને પૃથ્વીદેવી ઈનીનીને ભજતો હતો. નીનગીરસુ પાણીનો દેવતા હતો તથા તામુઝ ખેતીવાડીનો દેવતા હતો. એ રીતે દેવદેવીઓની હારમાળા ખૂબ મોટી થઈ હતી. ઘણાખરા દેવોનો વાસ દેવળોમાં મનાતો હતો. તથા દેવળોમાં વસતા દેવોના ઉપયોગ માટે, પૈસા તથા ખોરાકના ઢગલા અને સ્ત્રીઓના સમુદાય રાખવામાં આવતા. હજારો બળદો, બકરાં, ઘેટાં, કબૂતરો, મરઘાં, બતકો, માછલાં, ખજૂર, અંજીર, માખણ અને તેલ જેવી અનેક વસ્તુઓ દેવોના ખોરાક માટે સરસ મનાતી. પહેલાનાં દેવોને માણસનું માંસ ખૂબ ભાવે છે એમ મનાતું પણ જેમ જેમ સુમેરીઅન લોકજીવન આગળ વધતું ગયું તેમ તેમ દેવોને બીજાં પ્રાણીઓનાં માંસથી જ સંતોષ માનવો પડયો. ભગવાનના એ બધા પ્રસાદોથી ધર્મગુરુનો વર્ગ ખૂબ શ્રીમંત તથા સત્તાવાન બનતો જતો હતો. રાજસત્તાની ઘણીખરી બાબતો તેમના હાથમાં હતી.

ધર્મની જુદી જુદી દંતકથાઓ આકાર લેતી હતી. મરણ પછીના જીવનમાં માનતા સુમેરીઅનો શબ સાથે કબરોમાં ખોરાક ને હથિયારો રાખતાં હતાં.

શિક્ષણ એ ધર્મનીતિનો એક માત્ર ભાગ હતો. બધી નિશાળો દેવળોમાં બેસતી હતી. અને છોકરાછોકરીઓ અક્ષરજ્ઞાન લેતાં હતાં તથા ગણિત શીખતાં હતાં. ધર્મગુરુઓ એમને સ્વદેશાભિમાન તથા ધર્મ શીખવતા. એ ઉપરાંત શિક્ષણનો ઉપયોગ સરકારી કારકુનો બનવા માટે હતો.

નીતિના બધા કાયદાઓના પાયામાં મિલકતનું રક્ષણ એ એક માત્ર ઉદ્દેશ હતો. અને એવી મિલકતના સ્વરૂપ જેવી સુમેરીઅન સ્ત્રીઓ પણ ખૂબ મોટી સંખ્યામાં ભગવાનોને સંતોષવા માટે દેવળોમાં રહેતી. દેવના નામોમાં એ રીતે ધર્મગુરુઓના ઉપભોગ બનવામાં કોઈ પણ સુમેરીઅન છોકરી શરમ માનતી નહોતી. એ રીતે પોતાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દીકરીઓનાં દાન દેવામાં સુમેરીઅન માબાપો અભિમાન લેતાં હતાં. એવી રીતે સુમેરીઅન છોકરીઓને વિધિપૂર્વક દેવળોને ભેટ ધરવામાં આવતી. તે વખતની લગ્નસંસ્થા ઘણા કાયદાઓથી નિયમિત થયેલી હતી. છોકરી પરણીને પોતાના ધણીને ત્યાં જતી. પોતાના બાળકો ઉપર તથા પોતાની અને ધણીની મિલકત ઉપર ધણીની ગેરહાજરીમાં સ્ત્રી હકદાર ગણાતી. સ્ત્રી પાસે પોતાના ગુલામો પણ હતા અને એ ગુલામોને વેચવા સ્ત્રી સ્વતંત્ર ગણાતી. આમ છતાં પણ કાયદાની દ્રષ્ટિએ પુરુષ સૌથી વડો માલિક હતો. પોતાના દેવાં ચૂકવવા માટે પોતાની સ્ત્રીને પણ વેચવાની સત્તા ધરાવતો, વ્યભિચાર કરતો, પુરુષ ધૂની ગણાતો પણ દંડાતો નહિ. પણ પોતાના ધણી સિવાય બીજા કોઈ પણ પુરુષ સાથે સંબંધ રાખતી સ્ત્રીને મારી નાખવામાં આવતી. સ્ત્રીનો એકમાત્ર ઉપયોગ પોતાના ધણી માટે વધારેમાં વધારે બાળક જન્માવવાનો હતો. જો કોઈ સ્ત્રી વંધ્યા માલમ પડે તો બીજું કોઈ પણ કારણ આપ્યા વિના તેનો ત્યાગ કરવામાં આવતો. જો સ્ત્રી પ્રજોત્પત્તિ કરવાની ના પાડે તો તેને ડૂબાડી દેવામાં આવતી. બાળકો માબાપની મિલકત ગણાતાં અને માબાપો જો તેમને પોતાના ઘરમાંથી કાઢી મૂકે તો સરકાર પણ તેમને સંઘરતી નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૩

## ઇજીપ્તની ભૌગોલિક પરિસ્થિતિ

ભૂમધ્ય સમુદ્રને મળવા ધસતી નાઇલિ નદીની કલ્પના એક મોટા ઊંચા ઝાડના સ્વરૂપમાં કરો. એ નાઇલિ નદીએ ભૂમધ્ય સમુદ્ર તરફના પોતાના મુખ આગળ એક મોટો ફળદ્રૂપ પ્રદેશ ઊભો કર્યો છે. એક વખતે એ પ્રદેશ અખાત હતો પણ નાઇલિ નદીના પાણીમાં આવતા માટીના જથાએ એ અખાતને પૂરી દીધો, આજે એ પ્રદેશ પર લાખો ખેડૂતો કપાસનાં વાવેતર કરે છે. એ પ્રદેશ હજુ પણ પાણીથી અર્ધો ઢંકાયલો છે. અને એ પ્રદેશ પર ઠેર ઠેર ખાઈઓ તથા નહેરોની ગ્રંથીઓ આવી રહી છે. એ પ્રદેશોની ખાઈઓ તથા ખેતરો પર કેડપર કપડાં વીંટાળી અર્ધનાગા શરીરોવાળા ખેડૂતો મજૂરી કરે છે. હજારો વર્ષ સુધી એ પ્રદેશ પર ઊભા રહી ખેડૂતોએ નાઇલિનાં ચડતાં પાણી આતુરતાથી જોયાં છે. અને એ ચડતાં પાણીથી ખુશ થતા ખેડૂતોએ એ પાણી ઓસરી ગયા પછી પણ પોતાની જમીન પરના પાક લીલા રાખવા નહેરો બાંધી છે. ઇતિહાસે ન જોયેલા એવા કાળથી એ ખેડૂતો વાંસ પર બાંધેલી ડોલથી પોતાના ખેતરોને ખાઈઓનાં પાણી પાતા આવ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને એમ કરતાં જુદાં જુદાં ગીતો લલકારતા આવ્યા છે. જમીન પર મજૂરી કરતા એ મજૂરોનું સંગીત નાઈલ નદી છેલ્લા પાંચ હજાર વર્ષથી સાંભળતી આવી છે.

નાઈલ નદીએ બનાવેલા એ પ્રદેશ પર એલકઝાન્ડ્રીઆથી પચાસ માઈલ દક્ષિણ પશ્ચિમમાં નોક્રેટીસ નગર હતું. ત્રીસ માઈલ દૂર પૂર્વમાં સાઈસ નગર હતું. તથા દક્ષિણ પૂર્વમાં એકસો ઓગણ-ત્રીસ માઈલ દૂર કેરો હતું. કેરો નગર બહુ સુંદર હતું, પણ ઈજીપ્શીઅન ન હતું.

વિજેતા મુસલમાનોએ ઇ. સ. ૯૬૮માં ફરીવાર એ બાંધ્યું. એ બધા પ્રદેશો પર થઈ ઈજીપ્તની પુરાણી સંસ્કૃતિ વાંચવા આપણે પિરામીડ તરફ જવું જોઈએ. જે લાંબા રસ્તેથી પિરામીડ પહોંચાય છે, તે રસ્તારપરથી ખૂબ દૂરથી જોતાં પિરામીડ ખૂબ નાના લાગતા હોય છે, પણ જોરથી દોડી જતાં આપણા આજનાં વાહનોની ગતિ સાથે જાણે એ પિરામીડોના દેહ આકાશમાં ઊંચા ઊછળતાં હોય એવા દેખાય છે. અને જાણે રેતીના રણમાંથી ઊગી નીકળતા હોય તેમ મનુષ્યની અજબ કૃતી જેવા સામે ઊભા રહે છે. એ પિરામીડ સામે સીઝર અને નેપોલીયન એક વખત વહેંતીઆ જેવા ઊભા હતા. પચાસ સૈકાઓનો ઇતિહાસ બોલતા એ પિરામીડો ઇતિ-હાસનું ખૂબ જૂનું દર્શન કરાવે છે. રેતીમાં પાસે જ સિંહના અર્ધા-શરીરવાળી એક ચિંતકની મૂર્તિ ઊભી છે. એ સિંહ જાણે ખૂબ ભયંકર રીતે આખા રણ તરફ એનો પંજો ઉગામે છે. તથા વેંતીઆ લાગતા કોઈ પણ વટેમાર્ગુ સામે તથા અનંત દેખાતા મેદાન સામે જરા પણ હાલ્યાચાલ્યા વિના જોઈ રહે છે. એ સિંહનું શરીર માથા આગળથી મનુષ્યનું બની જાય છે. એ શરીરને ઘડ-નાર સંસ્કૃતિએ ઘડેલી આંખોમાં જે વિકાળ દર્શન મૂકયું છે તે સાક્ષી પૂરે છે કે એ સંસ્કૃતિએ જંગલનું જીવન પણ જોયું હશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇ. સ. પૂ. ૪૦૦૦ વર્ષ પહેલાં નાઇલના લોકોએ રાજતંત્રનું સ્વરૂપ ઘડી કહાડયું હતું. નદીકિનારે વસેલા લોકો જુદી જુદી જાતિઓ (Nomes) માં વેહેંચાઈ ગયા હતા. દરેક જાતિ કોઈ એક (ટોટેમ) માનતી હતી, એક જ નાયકને આધીન રહેતી હતી, અને એક જાતના દેવને આરાધતી હતી. આ જાતિઓ (નોમ) પોતાના રાજકર્તાના ઓછાવત્તા પ્રભાવ પ્રમાણે પોતાની સત્તા જમાવતી. વખત જતાં એ નોમ જુદાં જુદાં રાજ્યમાં વ્યવસ્થિત થયાં. એમાં મુખ્ય બે વિભાગ હતા. એક ઉત્તર, બીજો દક્ષિણ.

મીનીસ નામના એક રાજાએ બન્ને વિભાગને જોડી તેના પર પોતાનું પ્રભુત્વ જમાવ્યું. અને થોથ ભગવાનના નામમાં કાયદાઓ ઘડયા. એણે મેમ્ફીસને પોતાની રાજધાની બનાવી. ઇ. સ. પૂર્વે ૩૧૫૦ માં રાજા જોસર રાજ્ય કરતો હતો. એની પાસે એક ઇમહોટેહું નામનો વૈજ્ઞાનિક તથા મોટો કલાકાર હતો. ઇજીપ્તની સંસ્કૃતિને આગળ ધપાવવા એણે ઘણું કર્યું છે. એણે સાકારાનો પિરામીડ બંધાવ્યો, નેક્રોસફના મંદિરો બંધાવ્યાં.

ત્યાર પછીના એક રાજા હાફ્રેનું નામ સંભળાય છે. એણે છપ્પન વર્ષ સુધી ઇજીપ્તમાં રાજ્ય કર્યું. આજે કેરો મ્યૂઝિયમમાં માથાપર બાજ પક્ષીનું રાજસત્તાનું પ્રતીક ધારણ કરી એ બેઠો છે. એની મગરૂર, સ્થિર અને નિર્ભય આકૃતિ; શક્તિશાલી નાક તથા જોરદાર આંખો આજે પણ સાક્ષી પૂરે છે, કે તે વખતે આવી ભવ્ય વ્યક્તિઓ જન્મતી હતી, તથા તે વખતની કલા એ વ્યક્તિઓને પત્થરમાં નિપજાવતી હતી.

ઇજીપ્તમાં જાણે રાજાઓનો રાફડો ફાટયો હતો. ઇતિહાસે એ રાજવંશોની હારમાળાના નામ જાળવી રાખ્યાં છે. ઇ. સ. પૂર્વે ૨૬૪૪ સુધી પેપી બીજો રાજ કરતો હતો. એના મરણ પછી અંધેર અને વિનાશ આવ્યાં. ચાર સૈકાઓ સુધી ચાલેલા એ અંધેરમાંથી મજબૂત ઇચ્છાશક્તિવાળો શાર્લમેન આવ્યો. એણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજધાની મેમ્ફર્સમાંથી થીબ્સમાં ખસેડી. એના રાજ્યમાં શિલ્પ અને કળા ઉત્તમતાએ પહોંચ્યાં, પૈસો વધ્યો. મોટી મોટી ઇમારતો અને નેહરો બંધાઈ, નાઇલથી રાતા સમુદ્ર સુધીની મોટી નહેર જુબીઅન લોકોને ડરાવી રહી.

ઠેરઠેર મંદિરો ફૂટી નીકળ્યાં. પણ થોડાંક વર્ષો પછી ઇજીપ્તમાં પાછું અંધેર આવ્યું. એશિયામાંથી હીપ્સોસ નામની એક જાતિ ઇજીપ્તપર ચડી આવી. શહેરો સળગી ઊઠ્યાં. મંદિરો ખંડેર બન્યાં. લક્ષ્મી લૂંટાવા માંડી. કળાનો સંહાર થયો અને બસો વર્ષ સુધી ભરવાડ રાજાઓ ઇજીપ્તપર રાજ્ય કરવા લાગ્યા. થોડા જ સમયમાં વિજેતાઓ ઢીલા પડવા લાગ્યા. ઇજીપ્શીયનોએ મુક્તિજંગ માંડ્યો. હીપ્સોસ લોકોને હાંકી કાઢવામાં આવ્યા. પણ નવો યુગ મંડાઈ ચૂક્યો હતો. ઇજીપ્ત અને પશ્ચિમ એશિઆ વચ્ચે એક હજાર વર્ષ સુધી ચાલવાનું યુદ્ધ શરૂ થઈ ચૂક્યું હતું. તે વખતે ઇજીપ્તનું સૂકાન રાજા થટમોસે ધારણ કર્યું હતું. એણે પશ્ચિમ એશિયા પર પ્રભુત્વ જમાવ્યું એટલુંજ નહિ પણ સીરીઆ ઉપર ચડાઈ કરી અને થીબ્સમાં લૂંટના ઢગલા આણ્યા.

એના પછી રાજ્યની લગામ એની દીકરી હેસેપસુટે ધારણ કરી. પણ ઇજીપ્તના રીવાજોમાં સ્ત્રી રાજ્યકર્તા બની શકે એમ હતું નહિ. રાણી હેસેપસુટે પોતાની જાતને દૈવી અને પુરુષત્વવાળી જાહેર કરી. એના લોકોના વહેમોને સંતોષવા માટે એ રાણીએ પોતાના ચિત્રોમાં દાઢી પહેરવા માંડી અને પોતાની જાતને સૂર્યપુત્ર તરીકે જાહેર કરી.

એણે આંતરવ્યવસ્થા જમાવી. આફ્રિકાના પૂર્વ કિનારા પર ચડાઈ કરી પોતાના વેપારીઓને નવાં બજારો કરી આપ્યાં. બાવીસ વર્ષ સુધી રાણીએ ડહાપણથી રાજ્ય કર્યું, ત્યારપછી એના દીકરાએ પોતાનાં લશ્કરો દૂર દેશમાં દોડાવવા માંડ્યા. એણે પશ્ચિમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એશિયામાં વિજય મેળવ્યો. એણે ભૂમધ્યની દુનિયામાં માલિકી મેળવી. એણે ઠેરઠેર ગવર્નરો નીમ્યા.

દુનિયાના ઇતિહાસમાં સામ્રાજ્ય બાંધવામાં મહાસાગરની શક્તિને ઓળખનાર એ પહેલો રાજા હતો. એણે એક મોટો દરિયાઈ કાફલો તૈયાર કર્યો. પાસેના પૂર્વ પ્રદેશોપર વેપારી લૂંટ ચલાવતાં એના વહાણો ઘૂમી વળ્યાં. સીરીઆમાંથી એણે ધનના ઢગલા ઊપાડી આણ્યા. એણે ઇજીપ્તને શણગારાય એટલો શણગાર્યો. એના રાજના ભંડારોમાં સોનારૂપાના ઢગલા ઊભરાઈ જવા લાગ્યા. પહેલાં કોઈ દિવસે હતો નહિ એવો વેપાર થીબ્સમાં જામી ગયો, પહેલાં સંભળાતી નહોતી એવી ભયંકર ચીસોવાળા એના દેવળો બલિદાનોથી ખદબદી ઊઠયાં, અને રાજા અને ભગવાનના યશ ગાતી ઇમારતો ગગનચુંબી બની રહી. એ રાજાએ ભૂમધ્ય સમુદ્રમાં પોતાની સરદારી સંપૂર્ણ બનાવી દીધી.

એના પછી એક બીજો વિજેતા એમેનહોટેપ નામનો થયો. એણે પણ સીરીઆપર ચડાઈ કરી અને થીબ્સમાં સાત જીવતા રાજાઓને કેદ પકડી આણ્યા. એ સાતેને એણે શાહી ઝરૂખામાંથી ઉંધે માથે લટકાવ્યા અને તેમાંના છનો પોતાના હાથે એમોન ભગવાનને ભોગ આપ્યો. આ વિજેતાઓના શાસનકાળમાં થીબ્સનગર ઇતિહાસમાં અજોડ એવું ભવ્ય બન્યું, એનાં બજારોમાં વેપારીઓનાં ટોળેટોળાં ઊભરાવા લાગ્યાં, એની ઇમારતોમાં, એના મકાનોમાં આખી દુનિયાના માલ ઊભરાયા. અનેક નાના રાજ્યોમાંથી થીબ્સનગરમાં ખંડણીઓના ખજાના ઠલવાયા. એના શ્રીમંતોના નફા વધારવા ગુલામોના જૂથનાં જૂથ લોહી નીચોવી રહ્યાં. એના સોને મઢેલા મંદિરોમાં બલિદાનોના લોહી ઊભરાયાં. એના આરામગાહો અને ક્રિડાંગણો માલિક લોકો માટે સુખચેન અને રસની રેલમછેલ ઊછાળી રહ્યાં. એવું ઇજીપ્તનું રાજનગર થીબ્સ એના માઠા દિવસ પહેલાં ઇતિહાસમાં ભવ્ય ઊભું હતું. પણ મહારાજ્યોનો વિનાશ લાવતા ઇતિહાસમાં ઇજીપ્તના પત-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નના આંકડા મંડાઈ ચૂક્યા હતા. ઇજીપ્તના રાજનગર થીબ્સની મનરંજન વનરાજીઓનો, મોહક આરામગાહોનો, ગગનચુંબી ઇમારતોનો તથા ઊભરાઈ જતી દોલતનો તથા વેડફાઈ જતી શક્તિનો વિનાશ નિર્માઈ ચૂકયો હતો.

ઈ. પૂ. ૧૨૮૮ની આસપાસનો કાળ હતો. તે વખતે રામેસીસ બીજો રાજ્ય કરતો હતો. ઇતિહાસે એના જેવો સુંદર રાજા ભાગ્યેજ જોયો હશે. એ જેટલો સુંદર હતો તેટલોજ બહાદુર હતો. જેટલો બહાદુર હતો તેટલોજ પ્રેમાળ હતો. એણે માથા પર તાજ ગોઠવી નુબીઆ પર ચઢાઈ કરી. નુબીઆની સોનાની ખાણો પર પોતાનો અધિકાર જમાવ્યો. અને ઇજીપ્તના ભંડારો ઊભરાવી નાખ્યા. એશિયાના જે ઇલાકાઓએ સ્વતંત્ર થવા માથું ઊંચકયું હતું તે સૌને એણે ફરીવાર દાબી દીધા. ત્રણ વર્ષ સુધી એણે પેલેસ્ટાઇન સાથે મુકાબલો કર્યો. પેલેસ્ટાઈનને નમાવ્યું અને જ્યૂ લોકોને ઇજીપ્તમાં ગુલામ તરીકે પકડી આણ્યા. એ સેંકડો સ્ત્રીઓ સાથે પરણ્યો. એણે પોતાની ઘણી દીકરીઓ સાથે પણ લગ્ન કર્યું. એ મરણ પામ્યો ત્યારે પોતાની પાછળ સો દીકરાઓ ને પચાસ દીકરીઓ મૂકતો ગયો. એના પછી એક સૈકા સુધી લોકોએ એના દીકરાઓમાંથી રાજાઓ પસંદ કરવા માંડયા.

એણે કરનાક આગળ ભવ્ય મોટો રંગમંડપ બંધાવ્યો. લુકઝોરનું વિશાળ મંદિર ચણાવ્યું. એણે પોતાનું કીર્તિમંદિર બંધાવ્યું. આનુસીંબેલા આગળ એક મોટો પિરામીડ બંધાવ્યો અને આખા પ્રદેશ પર પોતાની મૂર્તિઓ મઢાવી. એણે ભૂમધ્ય અને સૂએઝમાં વેપારને પૂરજોશમાં ધીકતો કર્યો. એણે નાઇલથી રાતાસમુદ્ર સુધી બીજી નહેર બંધાવી. એ ઇ. સ. પૂ. ૧૨૨૫માં મરણ પામ્યો. એના પછીનો કાળ ઇજીપ્તનો પતનકાળ હતો. ઇતિહાસમાં બે સત્તાઓ ઊભી થઈ હતી અને એક બીજા સાથે અથડાતી હતી. એક સત્તા રાજસત્તા હતી અને બીજી સત્તા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મગુરુની સત્તા હતી. અત્યાર સુધી રાજસત્તાએ પોતાના બધા વિજયો ભગવાનના નામમાં કર્યા હતા. પોતાની બધી લૂંટો ભગવાનને ચરણે ધરી હતી. પોતાની બધી કતલો દેવમંદિરમાં સમર્પણ કરી હતી. રાજસત્તાના પશુબળે માંડેલા હત્યાકાંડ ને લૂંટફાટોને ધર્મગુરુએ પવિત્ર ગણી હતી. ધર્મગુરુઓએ એ સૌ અનાચારને ભગવાનની મરજી તરીકે લેખાવ્યા હતા. અને ધર્મગુરુઓએજ એ પાશવ પરિસ્થિતિને દૈવી મનાવી હતી. એના બદલામાં ધર્મગુરુઓને, દેવદેવીઓને તથા મંદિરોને લૂંટફાટોમાં મોટા હિસ્સા મળ્યા હતા. મનુષ્યથી માંડીને એક એક પ્રાણીનાં બલિદાન ભેટ ધરાયાં હતાં. બધી જાતના સુખચેન અને આરામના સાધનો ધર્મની જમાતને બક્ષીસ આપવામાં આવ્યાં હતાં. અને સુંદરમાં સુંદર સ્ત્રીઓના સંઘને ધર્મના ઉપભોગ માટે દાન દેવામાં આવ્યા હતા. આથી પાશવી રાજસત્તા સાથે એ પાશવબળની પૂરક અને પ્રેરક એવી ધર્મસત્તા પણ સમાંતર રીતે જોરદાર થતી હતી.

રાજા રામેસીસ ત્રીજાના શાસનમાં એ બન્ને સત્તાઓનાં વૈભવબળ અને સંપત્તિ શિખરે પહોંચ્યાં હતા. અને એક બીજાની હરીફ એવી એ બન્ને સત્તાઓના સ્વાર્થ જુદા પડતા હતા. અને બન્ને સત્તાઓ છેવટનો નિકાલ કરવા એક બીજા સાથે મુકાબલો માંડતી હતી. ઉત્પાદનો કરતા કામદાર ગુલામો વધારે ને વધારે ભૂખમરામાં સપડાતા જતા હતા અને વધારે ને વધારે ઉગ્ર બનના જુલ્મ નીચે કચડાતા જતા હતા.

ભગવાન અને રાજા બેના વધી ગયેલા પેટમાં રોકાઈ ગયેલી સંપત્તિને લીધે લોકસમાજ વધારે ને વધારે ભૂખે મરતો હતો.

વખત જતાં એમોનના મુખ્ય ધર્મગુરુએ રાજસત્તા હાથ કરી. રાજા રમકડું બન્યો. ધર્મનાં શાસન મંડાયા. ઇજીપ્તના ધર્મ-સામ્રાજ્યમાં મોટી ઇમારતો બંધાવા માંડી. અનેક પ્રકારના વહેમો ફેલાવા માંડયા. રાષ્ટ્રજીવન સડી ગયું. ધર્મગુરુનો એકેએક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિર્ણય દૈવી લેખાવા માંડયો. આટઆટલા હત્યાકાંડ પછી અને બલિદાનોના ડુંગર પછી નહિ ધરાયેલાં દેવદેવીઓ લોકસમાજનો ભોગ લેવા લાગ્યાં. ઇજીપ્તનું લોકજીવન દેવોની ન છીપે તેવી સળગતી તરસ નીચે સૂકાવા લાગ્યું. ઇતિહાસના ક્રમમાં નાલાયક નીવડેલું ઇજીપ્તનું સામ્રાજ્ય વિનાશ તરફ કૂચ કરતું હતું. એની બધી સરહદો ઉપર એના દુશ્મનો ઊભા થતા હતા. ભૂમધ્ય મહાસાગર પર એની આબાદીને અનુરૂપ એવા ભૌગોલીક સંજોગોને લીધે એને ત્યાં ઊભરાયલી ધાતુઓ અને ધનના ઢગલાથી એ પશ્ચિમમાં લીબીઆનું સ્વામી બન્યું હતું અને ઉત્તરમાં તથા પૂર્વમાં ફીનીશીઆ, સીરીઆ અને પેલેસ્ટાઇન પર અધિકાર જમાવી શક્યું હતું.

પણ હવે વેપારના પરિબળો દિશા બદલતાં હતાં. વેપારના બીજા માર્ગપર એસીરીઆ, બેબીલોન અને ઇરાકમાં નવી પ્રજાઓ ઊગતી હતી. અને એ પ્રજાઓમાં જોરદાર થવાની ઇચ્છાઓ જાગતી હતી. એ પ્રજાઓ શોધખોળ કરતી જતી અને સાહસિક બનતી જતી હતી. તથા એ પ્રજાઓનો વેપારી વર્ગ ખાઇબદેલા ઇજીપ્શીઅનો સાથે વેપાર અને ઉદ્યોગોની હરિફાઇમાં ઊતરતો હતો. ભૂમધ્યના ઉત્તર કિનારા પર સડો લાગુ પડી ચૂકયો હતો. ઇજીપ્ત એનો વેપાર ગુમાવતું હતું. સોનું ગુમાવતું હતું. એની પાસેથી એની સત્તા અને કળા સરી પડતાં હતાં. એનું અભિમાન પણ ડમાતું હતું. એક પછી એક એના હરીફો એની જમીનપર ઊતરી પડતાં હતાં. એને વેરાન અને હેરાન કરતાં હતાં.

ઇ. સ. પૂ. ૯૫૪માં ઇજીપ્ત પર લીબીઅન લોકો પશ્ચિમની ટેકરીપરથી ધસી આવ્યા અને ગુસ્સાથી ઇજીપ્તના લોકોપર તૂટી પડયા. ઇ. પૂ. ૭૨૨માં યુથોપીઆના લોકો દક્ષિણમાંથી પેઠા, અને પોતાને ગુલામો બનાવવા માટેનું જૂનું વેર લીધું. ઇ. પૂ. ૬૭૪માં ઉત્તરમાંથી એસીરીઅન લોકો ઊતરી પડયા. અને ઇજીપ્તના ધર્મ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજાઓને ખંડિયા બનાવ્યા. ઇ. સ. પૂર્વે પરપમાં સીરસની સરદારી નીચે ઈરાની લોકોએ સૂએઝને ઓળંગી અને ઇજીપ્તની સ્વતંત્રતાનો અંત આણ્યો. ઇ. સ. પૂ. ૩૩૨માં સીકંદર એશિયામાંથી ઇજીપ્ત પર આવ્યો અને ઇજીપ્ત આખાને મેકેડોનનો એક ઇલાકો બનાવ્યો. ઇ. પૂ. ૪૮માં ઇજીપ્તની નવી રાજધાની એલેકઝાંડ્રીઆને જીતવા સીઝર આવ્યો. અને ઇ. પૂ. ૩૦માં ઇજીપ્ત રોમનો એક ઇલાકો બની ગયું, અને ઇતિહાસમાંથી અદૃશ્ય થયું.

## લોકજીવન

### ખેતીવાડી

ઇજીપ્તની જમીનનો એકેએક ટુકડો રાજાનો હતો. અને જમીનપર મહેનત કરનારા રાજાની મહેરબાનીથી જમીનનો ઉપયોગ કરતા જમીનને ખેડનારા ખેડૂતો રાજાને દર વર્ષે ઉત્પાદનનો વીસ ટકા જેટલો ભાગ કર તરીકે આપતા. મોટા મોટા અમીરો પાસે જમીનના વિશાળ પ્રદેશો હતા. દરેક ઉમરાવ કે શ્રીમંત પાસે ખૂબ દોલત હતી. અને દરેક જમીનદારો પાસે સેંકડો ગાયો તથા બળદો હતા. જેમ આજે છે તેમ ત્યારે પાંચ હજાર વર્ષ પહેલાં પણ જમીનના ખેડનારાઓની દશા ભારે બૂરી હતી. જેમ આજે છે તેમ તે સમયે પણ જમીનના ગુલામોને ખાવા જેટલું માંડ માંડ મળતું હતું. તે સમયની પ્રાથમિક દશાની ખેતીમાં ઉત્પાદનનો અર્ધો ભાગ જંતુઓ ખાઈ જતાં, હીપોપોટેમસ જેવાં પ્રાણીઓ ઘણો મોટો નાશ કરતાં, લૂંટારાઓ પણ ઓછા નહોતા. એ બધામાંથી પસાર થયા પછી ખેડૂતો પર કર ઉઘરાવવા જમીનદાર અને રાજાના માણસો કૂદી પડતા. જે ખેડૂતો કર ન આપી શકતા તેમને બાંધીને પાણીમાં ડૂબાડી દેવામાં આવતા તથા ખેડૂતોની સ્ત્રીઓ તથા બાળકોને બેડીઓ પહેરાવી લઈ જવામાં આવતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ ઉપરાંત જ્યારે જ્યારે રાજાને જરૂર પડતી ત્યારે ખેડૂતોને નહેરો ખોદવા માટે રસ્તાઓ બાંધવા માટે તથા રાજાના બાગો બનાવવા માટે અથવા તો પિરામીડો પર પત્થરો ચડાવવા માટે તથા દેવળો તથા રાજમહાલયના બાંધકામમાં મજૂરી માટે બળજબરીથી ઘસડી જવામાં આવતા. આ ખેડૂતોમાં ઘણાખરા લડાઈમાં જીતાયલા ગુલામો હતા. એ ગુલામો જેમ જેમ આવા જોરજુલમથી મરી જતા હતા તેમ તેમ નવા ગુલામો આવતા હતા. ઘણીવાર નવા ગુલામો પકડી લાવવા માટે બીજા દેશોમાં લશ્કરો મોકલવામાં આવતાં હતાં. તથા પુષ્કળ સંખ્યામાં સ્ત્રી પુરુષો અને બાળકો પકડી લાવવામાં આવતાં. પછી ગુલામોના બજારો મંડાતા અને ગુલામોના બળ અને રૂપ પ્રમાણે તેમના શરીરોની હરાજી બોલાતી. આજે પણ ગુલામોના બજારમાં ઊભેલા પીઠપર બંધાયલા હાથવાળા તથા કંઠમાં લાકડાની બેડીવાળા ગુલામોના ચિત્રો ઇજીપ્શીયન સંસ્કૃતિએ પત્થરપર કોતરી રાખેલાં જડે છે.

## ઉદ્યોગ

એ પ્રમાણે ખેડૂત બનેલા ગુલામોની જાતમહેનતથી માલિકલોક પાસે ધનના ભંડાર વધવા લાગ્યા. તે વધારાના માલમાંથી માલિકલોકો ખેતી શિવાય બીજા ઉદ્યોગોના મજૂરોને પણ પોષી શકે તેમ હતા. પણ ઉદ્યોગોમાં ખનીજ પદાર્થોની જરૂર પડતી હતી, ઇજીપ્તની ભૂમિ પાસે એવા કોઈ પદાર્થ હતા નહિ. એટલે ઇજીપ્તે અરેબીયા અને નુબીયા પર લશ્કરો દોડાવ્યાં. અરેબીઆ અને નુબીઆની ખનીજ દોલતપર રાજાની માલિકી બોલાઈ ગઈ અને સૈકાઓ સુધી બધા ખાણના ઉદ્યોગોપર સરકારી ઇજારો દાખલ થયો. તાંબુ બહુ મોટા પ્રમાણમાં નહોતું. નુબીઆના પૂર્વ કિનારા પર સોનાની ખાણો જડી આવી. એ ખાણોને ખોદનારા ખાણીઆઓ ખોદવાના હથિયારો અને દિવા સાથે પૃથ્વીના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અંધારા પેટમાં પેસતા હતા. એ ખાણીઆઓનાં બાળકો વજન-દાર ધાતુઓને જમીનમાંથી ઊંચકી લાવતાં હતાં. એ ખાણીઆ-ઓના ડોસા ડોસીઓ ખાણમાંથી નીકળેલી ધાતુઓને ધોઈને ચોકખી કરતાં. ઇજીપ્તની શ્રીમંતશાહીને તેમના નફા માટે વેઠ કરનારી મનુષ્યની જાતમહેનત ખૂબ સોંઘી મળતી. ઇજીપ્તના રાજાઓ પાસે કેદીઓ તરીકે મૂંઝવતા ઘણા માણસો હતા. એ ઉપરાંત એમની પાસે લડાઈના અનેક કેદીઓ હતા. એવા યુદ્ધના કેદીઓ પોતાના કુટુંબ સાથે પકડાતા હતા. એ કેદી-ઓને તેમની સ્ત્રીઓ તથા બાળકો સાથે સોનાની ખાણોમાં મજૂરી કરવા મોકલવામાં આવતા. આવા ગુલામ બનેલા કામદારો પોતાના શરીરની સંભાળ લઈ શકતા નહિ. એમના શરીરને ઢાંકવા એકે વસ્ત્ર અપાતું નહિ. એવા કામદારોની બિમારી કે શરીરની નબ-ળાઈ કે સ્ત્રીઓની નાજુકતા ધ્યાનમાં લેવાતાં નહિ. પણ સૌને એક સાથે આઠે પહોર સુસવતી ચાબુકો નીચે કામમાં જોડવામાં આવતાં. એવા કામદારોમાંથી સેંકડો કામ કરતાં મરી જતાં હતાં.

ઇજીપ્ત તાંબા સાથે ટીનને ભેળવી કાંસું બનાવતાં શીખતું હતું. એ ધાતુના યુદ્ધમાં વપરાતાં હથિયારો તથા ઉદ્યોગનાં સાધનો બનતાં હતાં. ઇજીપ્તના કામદારો ઈંટો બનાવતા હતા. માટીના વાસણોને ચળકતાં કરતા હતા. કાચ બનાવતા હતા તથા જુદા જુદા રંગોનું કામ કરતા હતા. એ લોકો લાકડાનું કોતરકામ સારૂં કરી જાણતા હતા. વહાણો, ગાડીઓ, ખુરશીઓ તથા પલંગો તથા સૂવાનું મન થઈ જાય એવી મડાપેટીઓ બનાવતા હતા. પ્રાણીઓનાં ચામડનાં વસ્ત્રો, ઢાલો, બેઠકો વગેરે બનાવતાં હતાં. ઘણી જાતનાં ચપ્પુઓ બનાવતા હતા તથા દોરડાં, સાદડીઓ અને કાગળ પણ બનાવતાં હતાં. તથા ધાતુઓને જુદા જુદા ઢોળ ચઢાવતા હતા. અને સુંદર વેરનીશ કરતા હતા. એ ઉપરાંત એ લોકો કલાના નમૂના જેવા તથા વણાટ ઇતિહાસમાં અજોડ એવા બારીક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તંતુઓ વણતા હતા. ચાર હજાર વર્ષો પહેલાંના એવા નમૂના અને ઝીણા વણાટના તંતુઓ આજે પણ સૂક્ષ્મ કાચથી જોવા પડે છે. અને આજનાં યંત્રોનો વણાટ એ હજારો વર્ષ પરનો વણાટ સાથે સરખાવતાં ઊતરતી જાતનો માલમ પડે છે.

વધતા જતા ઉદ્યોગ સાથે ઇજીપ્તના સ્વતંત્ર લોકો પણ કારીગર બનતા જતા હતા. વિકાસ પામતા ઉદ્યોગ સાથે દરેક વેપાર તથા ધંધો આજે હિંદમાં છે તેવા વર્ણો જમાવતો હતો અને એક વર્ણમાં જન્મેલાં બાળકો પોતાના બાપદાદાનો ધંધો ચાલુ રાખતા હતા. વેપાર ઉદ્યોગોનો વિકાસ યુદ્ધમાંથી આવતા ગુલામોની મહેનતથી આગળ વધતો જતો હતો. રાજા રામેસીસ ત્રીજાએ એટલા બધા ગુલામો પકડી આણ્યા હતા કે એણે એક લાખ તથા તેર હજાર ગુલામો મંદિરોને ભેટ કર્યાં હતા. એવા ગુલામ કામદારોમાંથી કામના બોજા નીચે મરણ પામવા ઉપરાંત ઘણા ગુલામોને દેવના બલિદાન તરીકે વધેરી દેવામાં આવતા હતા.

ઇજીપ્તની સમૃદ્ધિ વધારનાર કામદારો પર સતત ચાલતા આવા ઘાતકી તથા ભયંકર વર્તાવ સામે કોઈ કોઈ વાર ઇજીપ્તના કામદારો પોકાર ચલાવતા તથા હડતાલ પર પણ જતા, એવા ઉલ્લેખ ઇજીપ્તના ઇતિહાસમાંથી જડી આવે છે. એક વખતે તો ઇજીપ્તના ભૂખે મરતા કામદારોએ ઉદ્યોગોના એક મોટા સ્થળપર ચડાઈ કરી હતી. "અમે ભૂખ અને તરસના માર્યા અહીં દોડી આવ્યા છીએ. અમને કપડાં આપો. અમને તેલ આપો અને અમને ખોરાક આપો," એવા પોકારો એ કામદારોએ કર્યાં હતા. ગ્રીક ઇતિહાસકારોનો એવો ઉલ્લેખ છે કે એ ગુલામ કામદારોએ જુલ્મો નહિ સહન થવાથી બળવો જગાવ્યો હતો. એક મોટો ઇલાકો જીતી લીધો હતો. અને તે ઈલાકા પર લાંબા વખત સુધી પોતાનો અમલ જારી રાખ્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇજીપ્તમાં યંત્રો ઘણાં ઓછાં હતાં કારણકે મનુષ્યની જાત-મહેનત ઘણી હતી. સેંકડો ફૂટ લાંબા લાંબા મોટા વહાણો નાઇલ નદી પર અને રાતા સમુદ્રપર ફરતાં હતાં, તથા ભૂમધ્યપર હંકારી જતાં હતાં અને ઇજીપ્તનો વહેપાર ધમધોકાર ચલાવે જતા હતા. એ વહાણના હંકારનાર હજારો ગુલામોના હાથ મરણ પામીને મરી જાય ત્યાં સુધી હલેસાં માર્યા કરતા. શરૂઆતમાં જમીન પર માલ લઈ જવા લાવવા માણસોનો ઉપયોગ કરવામાં આવતો. પછીથી જમીનપર વેપાર ખેડવા માટે ઘોડા અને ગધેડાનો ઉપયોગ કરવામાં આવતો. ઊંટ ઘણાં મોડાં આવ્યાં. ગરીબ લોકો બધી મુસાફરી પગે ચાલીને કરતા. માલિક લોકો ગુલામો પાસે રિક્ષાઓ કે પાલખીઓ ખેંચાવતા હતા.

વેપારઉદ્યોગને ખૂબ જરૂરી એવું પોસ્ટખાતું ઇજીપ્તમાં સારી રીતે વિકાસ પામ્યું હતું. મોટા રસ્તાઓ ઘણા ઓછા હતા અને ભયાનક હતા. ઇજીપ્તના બજારોમાં દૂરદૂરથી વેપારીઓ આવતા હતા અને નાઇલના બંદરોમાં માલથી ભરેલાં મોટાં મોટાં વહાણો લંગરાતાં હતાં.

## સરકાર

રાજાઓ અને તેના ઉમરાવો તથા મોટા મોટા વેપારીઓ કાયદા ઘડતા હતા. બધા રાજવહીવટો માટે ખૂબ મોટી સંખ્યામાં કારકુનો કામકાજ કરતા હતા. તેઓ વસ્તીગણત્રી કરતા તથા કરવેરા તપાસતા હતા. દીવાની અને ફોજદારી કાયદાઓ ખૂબ વિકાસ પામી રહ્યા હતા. અંગત મિલકતના રક્ષણ માટેના જુદા જુદા કાયદાઓ ઘડાયા હતા. અદાલતમાં સૌને સમાન ગણવામાં આવતા. ન્યાયાધિશો બધા કેસ લખાણથી ચલાવતા હતા. ખોટાં ખત કરનારને મરણની શિક્ષા થતી હતી. ગુનેગારોને મનાવવા માટે જુદી જુદી યાતનાઓ યોજવામાં આવી હતી. ફટકા મારવાની શિક્ષા સામાન્ય હતી. ઘણી-વાર એક કે બીજું અંગ કાપી નાખવામાં આવતું. મોટા ગુનેગારોને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખાણમાં મજૂરી કરી મરી જવા મોકલવામાં આવતા તથા ફાંસીએ લટકાવાતા અગર જીવતા સળગાવી મૂકવામાં આવતા.

ઇજીપ્તની સૌથી ભયંકર શિક્ષા જીવતા શરીરને ધીમે ધીમે કોચી તેમાં મસાલો ભરવાની હતી. ઇજીપ્તના બધા કાયદાઓને નિશાળોમાં શીખવવામાં આવતા તથા એ કાયદાઓની પવિત્રતા જાળવી રાખવા ધર્મનાં ફરમાનો નીકળતાં. સૌથી વડી અદાલત રાજા પોતે હતો. પીરો નામના મોટા રંગમંડપમાંથી રાજા ન્યાય કરતો. રાજાના વ્યક્તિત્વને દૈવી લેખવામાં આવતું હતું. રાજસેવામાં મોટા મોટા અંગરક્ષકો અને સેનાપતિઓ હાજર રહેતા.

## નીતિ

રાજા પોતાની બેન કે દીકરી સાથે પણ લગ્ન કરી શકતો. ઇજીપ્તમાં ભાઈ અને બેન એ શબ્દો ગુજરાતીમાં વપરાતા પ્રિય અને પ્રિયતમા એવા શબ્દોને મળતા આવે છે. રાજા પોતાની બેનોને પરણતો તે ઉપરાંત એના અંતઃપુરમાં સેંકડો ગુલામ સ્ત્રીઓ રાખવામાં આવતી. તથા રાજાના ઉમરાવો પોતાની દીકરીઓ રાજાને ભેટ તરીકે મોકલતા. આ બધા ઉપરાંત બીજા મુલકોમાંથી પણ ઘણી સ્ત્રીઓ રાજાને નજરાણામાં મોકલવામાં આવતી.

સામાન્ય લોકોમાં સામાન્ય રીતે એક સ્ત્રી પરણવામાં આવતી. પોતાને બેવફા જણાતી કોઈ પણ સ્ત્રીને કોઈ પણ જાતનો બદલો આપ્યા શિવાય પુરુષ કાઢી મૂકી શકતો. પણ તેજ રીતે પુરુષની સ્ત્રી તરફની વફાદારી સખ્ત રાખવામાં આવતી. સ્ત્રીઓને કાયદાના બધા હક્કો હતા. સ્ત્રીઓ પોતાના મિત્રોને છૂટથી મળી શકતી હતી. અને જાહેર રીતે ખાણાંમાં જઈ શકતી હતી. સ્ત્રીઓ વેપારઉદ્યોગમાં પણ છૂટથી ભળી શકતી હતી. સ્ત્રીઓની આવી સ્વતંત્રતા જોઈને તે સમયે ઇજીપ્તમાં ગ્રીક વેપારીઓ આશ્ચર્યચકિત થઈ જતા હતા. સ્ત્રી પોતાની મિલકત રાખી શકતી હતી અને પોતાની ઇચ્છા મુજબ વારસો આપી શકતી હતી. ઘરમાં પુરુષ સાથે સ્ત્રી પણ બધી રીતે હક્ક-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દાર હતી, એટલું જ નહીં પણ બધી મિલકત સ્ત્રીના નામ પર ચાલતી હતી. આના મૂળમાં એક એ વસ્તુ પણ છે કે લોકો પોતાની બ્હેન સાથે પરણતા હતા, અને તે રીતેસ્ત્રી પુરુષના મિલકત અને બીજા સંબંધોમાં સમાનતા સચવાઈ રહેતી. ઇજીપ્તની સ્ત્રીઓનું એકેએક બાળક કાયદેસર મનાતું હતું. અર્થાત સરકાર બાળહત્યા કરનાર કોઈ પણ સ્ત્રી પાસે મરેલા બાળકને ત્રણ દિવસ અને ત્રણ રાત હાથમાં ઊંચકાવી રાખવાની શિક્ષા કરતી. ભાઈઓ અને બ્હેનો એક સાથે પરણી શકતાં હોવાથી અને બાળકોનું રક્ષણ સારૂં થતું હોવાથી ઇજીપ્તના કુટુંબો વિશાળ બનતાં હતાં તથા ઝૂંપડીઓ તથા મહેલોમાં બાળકો ઊભરાતાં જતાં હતાં. શ્રીમંત લોકોને એટલાં બધાં બાળક થતાં હતાં કે ઘણીવાર એ લોકો બાળકોની ગણત્રી પણ રાખી શકતા નહોતા. એ રીતે નીતિની દૃષ્ટિએ ઇજીપ્તની સંસ્કૃતિ તદ્દન જુદી હતી અને ઇજીપ્તના નીતિના વહેમો પણ આજે આપણે ત્યાં છે તે કરતાં તદ્દન જુદી રીતના હતા.

## ધર્મ

આખો ઇજીપ્તનો ઇતિહાસ એના ધર્મનો ઇતિહાસ છે. ઇજીપ્તના લોકજીવનના વિકાસના એકેએક ક્ષેત્રમાં ધર્મનું સ્વરૂપ ચોકખું જોઈ શકાય છે. ઇજીપ્તનાં સરકાર, સાહીત્ય ને કલા તથા જીવનની એકે એક રીત ભાત ધાર્મિક રંગથી રંગાયલી છે. ઇજીપ્તના માનવજીવનનો અભ્યાસ કરવા માટે એમના દેવદેવીનાં જીવનનો પણ આપણે અભ્યાસ કરવો પડે છે.

શરૂઆતમાં આકાશ અને નાઈલ બેજ હતાં, એમ ઇજીપ્તનો ધર્મ બોલે છે. આકાશની વચમાં એક મોટી ગાય ઊભી હતી કે જે હેથોર દેવી હતી. એના પગ નીચે પૃથ્વી હતી અને એના પેટપર દશ હજાર તારાઓ ઊગ્યા હતા. આકાશ પણ શીબુ—નામનો એક ભગવાન હતો. પૃથ્વી નીલ નામની એક દેવી હતી. એ દેવદેવીના સંયોગથી બધા પ્રાણીઓ અને પદાર્થ ઉત્પન્ન થયા છે. સૌથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જૂનો દેવ ચંદ્ર છે અને સૌથી મોટો સૂરજ છે. સૂરજનું નામ રા હતું. આ ઉપરાંત ઇજીપ્તનો ધર્મ જીવનના એકે એક સ્વરૂપને પૂજતો હતો અને પવિત્ર માનતો હતો. ઘણી વનસ્પતીઓ ઇજીપ્તના લોકોને મન ખૂબ પવિત્ર હતી. અને કેટલાંયે પ્રાણીઓ એમના દેવ હતા. ઇજીપ્તની એક નોમ એક પ્રાણીને ભજતી તો બીજી બીજાને ભજતી. એવા પૂજાને પાત્ર ઠરેલા પ્રાણીઓ આખલો, મગર, બાજ, ગાય, હંસ, ઘેટું, બકરૂં, બિલાડી, કુતરૂં, મરઘો, શિયાળ, સાપ, વિગેરે હતાં. એ પ્રાણીઓ દેવળમાં છૂટથી ફરી શકતાં હતાં. જેમ જેમ ઇજીપ્તના લોકોનો આર્થિક વિકાસ થતો ગયો, જેમ જેમ એનાં જીવનના સાધનો વધતાં ગયાં, તેમ તેમ એના દેવદેવીઓ પણ બદલાતાં ગયાં. ઇજીપ્તના દેવ-દેવીઓ હવે પ્રાણીઓ મટી અર્ધાં મનુષ્ય બન્યા હતાં. એ દેવ-દેવીઓનું અર્ધું શરીર પ્રાણીઓનું બનેલું હતું. ઘણીવાર એવા અર્ધાં પશુ અને અર્ધાં મનુષ્ય દેવોને સ્ત્રી સંયોગ માટે સ્ત્રીઓના બલિદાન દેવામાં આવતાં. ધીમે ધીમે આગળ વધતા ઇજીપ્તમાં દેવોના પશુસ્વરૂપો અદ્દશ્ય થતાં ગયાં અને દેવદેવીઓએ મનુષ્યના શરીર ધારણ કરવા માંડયાં. જેમ દરેક ધર્મની શરૂઆતમાં હોય છે તેમ ઇજીપ્તના ધર્મમાં પણ લિંગ પૂજા જાતીય પૂજા હતી. ઇજીપ્તના લોકો પ્રજોત્પાદનશક્તિને પૂજતા હતા. એ પૂજાના પ્રતીક જેવાં આખલો અને બકરો હતાં. એ બન્ને પશુઓ ઓસીરીસ એટલે સૂર્ય દેવતાના સ્વરૂપ હતા. ઓસીરીસ દેવતાના એ સ્વરૂપનાં લિંગોના સરઘસો નીકળતાં તથા ખાસ કરીને ઇજીપ્શીઅન સ્ત્રીઓ તેની પૂજા કરતી.

છેવટે દેવદેવીઓ મનુષ્ય બન્યા. અથવા તો મનુષ્યોએ પોતાના આકારમાં પોતાના દેવદેવીઓનું સર્જન કર્યું. ઇજીપ્તના દેવદેવીઓ મનુષ્યના આકારમાં ખડાં થયાં. એ દેવદેવીઓના આકૃતિઓ મનુષ્યના માંસલ દેહ જેવી બનાવવામાં આવી. આ દેવદેવીઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભૂખ્યા થતાં હતાં, ને ખાતાં હતાં. તરસ્યા થતાં હતાં ને પાણી પીતાં હતાં. પ્રેમ કરતાં ને સંબંધ કરતાં હતાં. ધિક્કારતાં હતાં ને એક બીજાને મારી નાંખતાં હતાં. ઘરડા થતાં હતાં ને મરી જતાં હતાં. નાઈલમાં પાણી આવે ત્યારે સૌથી મોટા દેવ ઓસીરીસ જનમતો હતો. અને નાઈલનાં પાણી ઓસરી જાય ત્યારે એના મરણનો ઉત્સવ ઊજવાતો હતો.

બધાં દેવદેવીઓમાં સૌથી મોટી માતા ઇસીસ હતી. સૌથી મોટા ભગવાન ઓસીરીસની એ વફાદાર બહેન અને સ્ત્રી હતી. એણે પ્રેમ દ્વારા મરણને જીત્યું હતું. નાઈલ નદીના પ્રદેશને ઓસીરીસ અડકતો અને એ પ્રદેશ એના સ્પર્શમાત્રથી ગર્ભ ધારણ કરતો. તે ગૂઢ એવી ઉત્પાદનશક્તિની પ્રતીક હતી. જેવી હિન્દમાં કાલીમાતા છે. એશિયામાં ઇશતર અને સીબેરી છે. ગ્રીસમાં ડીમીટર છે અને સીરીસ છે. તેવી એ ઇજીપ્તની ઇસીસ હતી.

આ ઓસીરીસ અને ઇસીસનું જોડકું ઇજીપ્તના દેવદેવીઓમાં સર્વોપરી હતું. ઓસીરીસના માથાપર બાજ પક્ષી હતું. એના કપાળમાંથી સાપ નીકળતો હતો. રાજા પણ એવો દેવ ગણાતો હતો.

ધર્મના આવા પ્રચંડ કમઠાણમાં ઇજીપ્તના ધર્મગુરુઓ રાજ્યના સ્તંભ બન્યા હતા અને લોકોના સામાજિક જીવનના ચોકીદાર બન્યા હતા. ધર્મગુરુઓનું પદ વારસાગત બન્યું હતું. અને રાજકુટુંબ જેવું ખૂબ વિસ્તાર પામ્યું હતું. દેવોને અપાતા બલિદાનના ઢગલા ધર્મગુરુઓ આરોગતા હતા તથા દેવો માટે તૈયાર થયેલા મોટા વિશાળ મંદિરમાં રહેતા હતા. દેવળને અંગે રાખવામાં આવતી મોટી જમીનોના મોટા પ્રદેશોપર ગુલામો પાસે ખેતી કરાવતા હતા. નિશાળો ચલાવતા હતા અને દવાઓ કરતા હતા તથા જાદુથી તથા ચમત્કારોથી લોકોને ડરાવતા હતા.

આ ધર્મના એક મોટા અને ગૂઢ મિનારા જેવો પિરામીડ ઊભો હતો. ઇજીપ્તની દોલતનો, શક્તિનો અને કૌશલ્યનો એ ખ્યાલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપતો હતો. છસો માઈલ સુધી પથરાઓને પાથરવા અને કેટલાએ ટન સુધીના પથરાને પાંચસો ફીટ સુધી ઊંચે લઈ જવા તથા એ બધી વેઠ કરતા લાખો ગુલામોને ખોરાક આપી વીસ વર્ષ સુધી કામ કરાવવું એ બધી ઈજીપ્તની વિશાળતાના સ્થૂલ ખ્યાલો આપતી પ્રચંડ પણ વાસ્તવ વાતો છે. એ બાંધકામ પાછળ ધર્મના અમરપણાની (Immorality) ભાવનાનો ખ્યાલ આવે છે. મરી ગયેલા શરીરોને એ રીતે પિરામીડમાં સંભાળી રાખવામાં આવતાં.

ઇજીપ્તનો ધર્મ માનતો હતો કે મનુષ્યના શરીરમાં એનો આત્મા હોય છે, એ કા અથવા આત્મા મરતો નથી. અને મરણ પછી એક ઝાડપરથી બીજા ઝાડપર ઊડી શકે છે. જો મરી ગયેલા શરીરને જાળવી રાખવામાં આવે તો આત્મા એમાં વસી શકે છે અને ઓસીરીસ ભગવાનની દયાથી, મરેલા મનુષ્યના પાપ ધોવાઈ ગયા પછી મરી ગયેલું મનુષ્ય સ્વર્ગના બગીચામાં જઈ શકે છે. એના ખ્યાલથી ઈજીપ્તના મૃતશરીરોને ધર્મગુરુઓ ધાર્મિક ક્રિયાથી પિરામીડમાં મૂકાવતા હતા અને શરીરો સાથે ખાવાના ખોરાકોના ઢગલા, પીણાં તથા નોકરો પણ મૂકવામાં આવતાં, એ ઉપરાંત દેવોને પ્રિય એવા જંત્રો મૂકવામાં આવતાં. મરેલાં માછલાં, ગીધ, સાપ પણ મૂકવામાં આવતા. ધર્મગુરુઓએ લખેલી જુદી જુદી જાતની પ્રાર્થનાનાં પુસ્તકો મૂકવામાં આવતાં.

## વિજ્ઞાન

ઈજીપ્તના ઘણાખરા વિદ્વાનો ધર્મગુરુઓ હતા. કારણ કે એ લોકોનેજ મંદિરોના આરામગાહમાં અને જીવનનાં સાધનોની પુષ્કળતામાં વિચાર કરવાનો મળતો હતો. ઇજીપ્તના ઇતિહાસમાં ગણિતશાસ્ત્ર ખૂબ વિકાસ પામેલું જણાય છે. પિરામીડના ચોક્કસ માપ અને આકારો ગણિતવિદ્યાનો વિકાસ સૂચવે છે. ઇજીપ્તના ગણિતના આંકડા જુદી જાતના હતા. એકડા માટે એક ચિન્હ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતું, બગડા માટે બે ચિન્હ હતાં અને નવડા માટે નવ ટપકાં હતાં. એ રીતે સંખ્યા સાથે ટપકાંની સંખ્યા વધતી જતી હતી. દશકની સંખ્યા ટપકાંથી જુદી જાતની હતી. દશલાખની સંખ્યાનું ચિન્હ હાથ વડે માથું કૂટતા માણસ જેવું હતું. નવસો નવાણું લખવા માટે એ લોકો સતાવીસ જાતના ચિન્હ કરતા હતા. એ લોકો પાસે અપૂર્ણાંક હતા પણ અંશમાં હમેશાં એકડો જ રાખતા હતા જેથી ત્રણ ચતુર્થાંશ લખવા માટે તેમને $\frac{1}{2}+\frac{1}{4}$ લખવું પડતું. ઇજીપ્તનું ભૂમિતી શાસ્ત્ર ચોરસનાં વર્તુળોનાં અને ઘનનાં માપ કાઢતું હતું. π પાઇના ચિન્હની કિંમત એ લોકોએ ૩.૧૬ આંકી હતી. આજે આપણે ચાર હજાર વર્ષોમાં ૩.૧૬ થી ૩.૧૪૧૬ વધ્યા છીએ. ઇજીપ્તના પદાર્થ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન તથા ખગોળશાસ્ત્ર વિષે આપણે ઘણું જાણીએ છીએ. પૃથ્વીને ઇજીપ્તના લોકો એક અષ્ટકોણીઆ પેટી જેવી ધારતા અને પર્વતોના ટેકાપર આકાશ ઊભું છે એમ માનતા હતા. ગ્રહણોની નોંધ એ લોકો રાખતા ન હતા. સૂરજ ક્યારે ઊગશે અને નાઇલ નદીના પાણી ક્યારે ચઢશે એટલાં માપ એ લોકોની પાસે ચોક્કસ હતાં. આ બધા વિજ્ઞાનને ધર્મગુરુઓ ગૂઢયોગ વિદ્યાઓ માનતા હતા. એવું જ્ઞાન સામાન્ય લોકોને આપવામાં પાપ માનતા હતા. શરીરવિજ્ઞાનનું જ્ઞાન ઇજીપ્તને મરેલાં શરીરોમાં મશાલો પૂરવાથી થયું હતું. તે લોકો એમ ધારતા હતા કે જેમાં લોહી ફરે છે તે ધોરી નસોમાં હવા પાણી અને બીજા પ્રવાહી પદાર્થો ફરતા હતા. હૃદય અને આંતરડાંમાં મગજ હતું. હાડકાં વિષે એ લોકોને ચોક્કસ જ્ઞાન હતું. ઇજીપ્તમાં શરીર વિજ્ઞાન સાથે વૈદકીય જ્ઞાન પણ સારૂં હતું. એ શાસ્ત્રની શરૂઆત જાદુમાંથી થઈ હતી. દવાની ટીકડીઓ કરતાં ગળામાં પહેરવાનાં માદળિયાં વધારે પ્રચલિત હતાં. શરદી મટાડવા માટે મંત્રો બોલવામાં આવતાં હતાં. તેમ છતાં પણ ઇ. સ. પૂ. ૧૬૦૦ વર્ષ પહેલાં ઇજીપ્તમાં વાઢકાપનું વિજ્ઞાન વિકાસ પામ્યું હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચિકિત્સા અને નિદાન પછી વાઢકાપ કરવામાં આવતી હતી. ઇજીપ્તના પિરામીડોમાં પૂરી રાખવામાં આવેલા મૃત શરીરોના અભ્યાસ પરથી જણાય છે કે ઇજીપ્તના લોકોને કરોડના ક્ષયનો, પથરીનો, બળીઆનો, પક્ષાઘાતનો, એનેમીયા, ગાઉટ તથા એપેન્ડી-સાઇટીસનો અને એવા બીજા આજે થાય છે તેવા રોગો થતા હતા. ઇજીપ્તના લોકોને સીફીલીસ અને કેન્સર જેવા જાતીય રોગ થતા હોય એમ દેખાતું નથી. કદાચ એનું કારણ સ્ત્રી પુરુષની જાતીય સ્વતંત્રતાને લીધે હોય.

## કલા

ઇજીપ્તની શિલ્પકળા પ્રાચીન કળાઓમાં સૌથી વધારે ઉત્તમ છે. કબરોને અને ઘરોને શણગારવાથી એની શરૂઆત થાય છે. ઘણાંખરાં ઘરો માટીનાં હતાં અને છાપરાં લાકડાનાં હતાં. ઘરોની આસપાસ બાગબગીચા હતા. શહેરોમાં ગરીબો માટે રહેવાના ઘર હતા નહિ પણ જાહેર બાગબગીચાઓ હતા. લોકો ખુર-શીઓને બદલે રગ અને સાદડીઓનો ઉપયોગ કરતા હતા. જાપાનીસ લોકોની પેઠે ઇજીપ્તના લોકો છ ફીટ ઊંચા ટેબલ પર ખાવાનું ખાતા હતા. વખત જતાં ગાદીવાળી ખુરશીઓ પર બેઠેલા શ્રીમંતોને એક પછી એક કોળિયો લઇને ગુલામો ખવરાવતા હતા. ધર્મગુરુઓ, રાજાઓ અને અમીર ઉમરાવોના ઘરો પત્થરના બનેલાં હતાં. પિરામીડના બાંધકામમાં ઐકયની ઊણપ તથા વિશાળ-તાનું જોર માલમ પડે છે અને તોપણ એ બાંધકામમાં ભવ્યતા, ઉદાત્તતા, જાહોજલાલી તથા સત્તાનો ખ્યાલ નજરે પડે છે. શિલ્પના અદ્ભુત આકર્ષણો જેવા પત્થરપરના શણગાર પણ અજોડ હતા. દુનિયાના ઇતિહાસમાં ઇજીપ્તના શિલ્પીઓ સૌથી વધારે મહાન છે. એ શિલ્પીઓએ મનુષ્ય ને પશુના આકારવાળાં દેવદેવીઓનાં અમર સ્વરૂપો પત્થરમાં સરજ્યાં છે. રાજાઓના પ્રભાવશાળી ચિત્રો પત્થરમાં ચીતર્યાં છે. ચિત્રોમાં તરી આવતી સત્તા ને ભવ્યતા આજે પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓછાં થયાં નથી. આજે સ્થિર ઊભેલાં અને જડ જેવાં જણાતા એ ચિત્રોમાં ઊતારવામાં આવેલું હાસ્ય અને મનના જુદા જુદા ભાવો પાંચ હજાર વર્ષે પણ જેવાં ને તેવાં મોજૂદ છે. પણ ધીમે ધીમે કળાની અંદર ધર્મની વિરૂપતા પેસતી ગઈ લાગે છે. હમેશા આગળ વધવાને બદલે ને વહેતી રહેવાને બદલે કળા રૂઢિગ્રસ્ત અને ગૂંગળાતી બની ગઈ હતી. તે છતાં પણ ઇજીપ્તનું શિલ્પ અને કળા ઇજીપ્તની કળાના મુખ્ય અંગો છે. દુનિયાના ઇતિહાસમાં કોઈ પણ પ્રજાએ પોતાની દિવાલો ઉપર આટલી સરસ રીતે પોતાનો ઇતિહાસ ચીતર્યો નથી. શરૂઆતમાં કંટાળો ઉપજાવે એવા સામ્યથી થતા માપ અને 'પરસ્પેકટીવ'ની ગેરહાજરીથી આપણા કળાકારોને કદાચ આઘાત થાય અને આપણા ચિત્રકારોને ઇજીપ્તના ચિત્રોની ખૂબ મોટી આંખો, ખૂબ આગળ આવેલા ચહેરાઓ તથા સ્તન જોઈને અને નાક, હડપચી તથા પગ ખૂબ સંકોચ પામતા જોઈને કંટાળો ઊપજે પણ એ તો ઇજીપ્તની શરૂઆતની કળા હતી. આગળ જતાં ઇજીપ્તની ચિત્રકળાનો વિકાસ આપણે જોઈ શકીએ છીએ. આપણે મહાસાગરના ઓસરતા પાણીમાં કૂચ કરતા વહાણો દેખીએ છીએ. વહાણોને ચલાવતા ગુલામો દેખીએ છીએ. ચળકી રહેલા રાજાઓ અને લોકોથી આવકાર પામેલા વહાણોને બંદર પર લંગરતા દેખીએ છીએ. અને વેઠ કરતાં ગુલામોને નમી ગયેલી કેડો પર બોજો લઈ માલ ઊતારતા જોઈએ છીએ. એ રીતે ઇજીપ્તે પોતાના ધર્મનો અને રાજાઓનો ઇતિહાસ પણ પત્થરો પર લખી રાખ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૪

# બેબીલોનિયા

સંસ્કૃતિના વહેણનો ક્રમ એવો કલહમય છે. એ કલહ જીવનનો મૃત્યુ સાથેનો કલહ છે. એ કલહ જીવનના જૂના સ્વરૂપને ફેંકી દઈ નવા સ્વરૂપોને ધારણ કરી જીવનને ટકાવી રાખે છે. તેવો સંસ્કૃતિનો કલહમય પ્રવાહ સુમેરિયાથી ઇજીપ્ત પહોંચ્યો. ઇજીપ્તથી બેબીલોન અને બેબીલોનથી જુડીઆ અને નીનીવેહ પહોંચ્યો. અને ત્યાંથી પર્સીપોલીસ, સાર્ડીશ અને મીલેટસમાં થઈ રોમને કિનારે ઊતર્યો.

આજે બેબીલોનના ખંડેરો પર નજર નાખી કોઇ પણ ભાગ્યેજ એમ કહી શકે કે એ સળગતા વેરાન પ્રદેશ ઉપર યુફ્રેટીસના કિનારા પર એક વખતે સત્તાવાન અને શ્રીમંત એવું સંસ્કૃતિનું પાટનગર વસતું હતું કે જેણે ખગોળશાસ્ત્રને જન્માવ્યું હતું. વૈદકશાસ્ત્રને વિકસાવ્યું હતું અને ભાષાનું શાસ્ત્ર સ્થાપી મોટા મોટા કાયદાઓની હારમાળા વડી કાહાડી હતી તથા ગ્રીક લોકોને ગણિત, પદાર્થવિજ્ઞાન અને તત્વચિંતન શીખવ્યાં હતાં. યહુદીઓને દંતકથા ભણાવી હતી. અને આરબોને વિજ્ઞાન અને શીલ્પકળાથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જગાડયા હતા. જેમ ઇજીપ્તમાં નાઇલ હતી તેમ બેબીલોનમાં ટીગ્રીસ અને યુફ્રેટીસનાં પાણી હજારો માઇલ સુધી જમીનને ફળદ્રુપ બનાવતાં હતાં અને વહેપારને વિકસાવતાં હતાં.

ઇતિહાસની દ્રષ્ટિએ બેલીલોનિયા એ અકાડીઅન અને સુમેરિયન લોકોનો સંગમ હતો. એમના સંબંધથી બેબીલોનીઆના લોકો જન્મ્યા. એ બેમાંથી અકાડીઅન લોકો આગળ આવ્યા અને લોઅર મેસોપોટેમિયાનું પાટનગર બેબીલોન બન્યું.

ઇતિહાસની શરૂઆતમાં હેમુરાબીનું ઈ. પૂ. ૨૧૨૩નું ચિત્ર નજરે ચઢે છે. એણે તેંતાલીસ વર્ષ રાજ્ય કર્યું. એ એક વિજેતા હતો અને કાયદા ઘડનાર હતો. એના ઇતિહાસના ઉલ્લેખ એને એક બુદ્ધિમાન અને સળગતા જુવાન તરીકે ચિત્રે છે. રણભૂમિમાં એ વંટોળિયો બનતો હતો. અને એની સત્તા નીચે સૌને ચગદી નાંખતો હતો. એના દુશ્મનોના અંગ ચીરી નાંખતો હતો. દૂર દૂર એવા પર્વતો પર કૂચ કરતો હતો અને એણે આપેલાં વચનોનું બરાબર પાલન કરતો હતો.

બીજી વાત એણે રચેલા કાયદાઓની છે. એ કાયદા ૧૯૦૨ માં સુસા આગળ ખોદી કાઢવામાં આવ્યા હતા. મોસેસના કાયદાઓની જેમ એ કાયદાઓ સ્વર્ગમાંથી ઘડાઈને મોકલવામાં આવ્યા હતા. જેમ શિવાજીને ભવાનીએ તલવાર આપી હતી તેમ સામાસ ભગવાને હેમુરાબીને હાથોહાથ કાયદાઓ આપ્યા હતા. એ કાયદાઓની શરૂઆત દેવોને વંદન કરવાથી થાય છે. પણ તે પછી એ કાયદામાં દેવોનું નામ નથી આવતું, ખૂબ બુદ્ધિમાન એ કાયદાઓ સાથે ભયંકર શિક્ષાઓ જોડવામાં આવી છે. બધા મળીને ૨૮૫ કાયદાઓ, અંગત મિલકત, યોગ્ય મિલકત, વહેપાર ઉદ્યોગ, કુટુંબ, નુકશાનો તથા શ્રમના મથાળા હેઠળ ગોઠવવામાં આવ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નીચેના શબ્દો સાથે હેમુરાબી એ કાયદાઓની પોથીઓને પૂરી કરે છે. "હું શાસક અને વાલી છું. મારા હૃદયમાં સુમર અને અકડના લોકો વસે છે. મારા ડહાપણથી સત્તાવાન લોકો ગરીબોને ન રંજાડે તેવી રીતે બધા લોકોને વશ વર્તાવું છું. અનાથો અને વિધવાઓને ન્યાય આપું છું. જે કોઈ દુઃખી હોય અને જેને કોઇને ફરિયાદ કરવાનું કારણ હોય તે મારી ન્યાયમૂર્તિ સામે આવજો, મારા લખેલાં સ્મારક વાંચજો, મારા વજનદાર શબ્દો તરફ ધ્યાન આપજો. એમ કરવાથી મારા સ્મારકો તેને બુદ્ધિ આપશે અને પોતાનો દાવો સમજાવશે અને તે બૂમ પાડી ઉઠશે કે હેમુરાબી લોકોના બાપ જેવો છે. તેણે હંમેશ ચાલે એવું લોકકલ્યાણકારી તંત્ર સ્થાપ્યું છે અને દેશને કોઇપણ જાતના દૂષણ વિનાની સરકાર આપી છે."

એ હેમુરાબીના હુકમથી કીશ અને ઇરાનના અખાત સુધી એક મોટી નહેર ખોદાવામાં આવી હતી. એ રીતે દક્ષિણનાં નગરોને રક્ષણ આપવામાં આવ્યું હતું. અને જમીનના મોટા પ્રદેશને ફળદ્રુપ બનાવવામાં આવ્યો હતો. એણે મોટામોટા મંદિરો અને કિલ્લાઓ બાંધ્યા હતા તથા ધર્મગુરુ અને દેવો માટે ધનના ભંડાર ભરી રાખવા માટે મોટામોટા કોઠારો ચણાવ્યા હતા. કરમાંથી એણે કાયદો અને વ્યવસ્થા સાચવનાર લશ્કરો ઊભા કર્યાં હતાં અને રાજનગર શણગાર્યું હતું.

યુફ્રેટીસના બન્ને કિનારા પર નગરનો વસવાટ કરાવવા એણે નદીપર પૂલ બાંધ્યો. ઇશુ પહેલાં બે હજાર વર્ષ ઉપર બેબીલોનના ઇતિહાસે આજ સુધી કદી ન જોયલી એવી સમૃદ્ધિ ધારણ કરી હતી.

પણ જે સમૃદ્ધિને સંસ્કૃતિ લાવે છે તે એનો નાશ પણ પોકારે છે. કારણ કે સમૃદ્ધિથી શણગાર અને એશઆરામ પણ વધે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને સમૃદ્ધ બનેલો નાનો સરખો સમાજ વિલાસ તરફ વળે છે. અને એ સમૃદ્ધિ સર્જનારો શ્રમજીવી સમાજ ભૂખમરા તરફ જાય છે. એ રીતે સમાજના બન્ને વર્ગો નબળા બને છે અને બીજા પ્રદેશોના વધારે મજબુત હાથો તથા વધારે તીણા દાંતો મજબુત આક્રમણ કરે છે. બેબીલોનનું પણ તેવુંજ થયું. એની પૂર્વ સરહદપર વસ્તા કેસીટસ નામના ઉચ્ચ પ્રદેશના લોકો બેબીલોનના ધન પર ઈર્ષાની નજરથી જોઈ રહ્યા હતા. હેમુરાબીના મરણ પછી આઠ વર્ષે એ લોકોએ બેબીલોન પર પોતાનાં આક્રમણો શરૂ કર્યાં. ઘણા વર્ષો સુધી બેબીલોનની કળા અને વિજ્ઞાન અટકી ગયાં.

છસો વર્ષના શાસન પછી બીજી વાર બેબીલોનના લોકોએ કેસીટસ લોકોને હાંકી કાઢયા. ચારસો વર્ષ અંધાધુંધીનાં પસાર થઈ ગયાં, અને ત્યાર પછી એસીરીઆની ઊગતી સત્તાઓએ ઉત્તરમાંથી પોતાનો હાથ બેબીલોનિયા પર લંબાવ્યો અને તેને નીનીવેહની રાજાની સત્તા નીચે આણ્યો. ત્યાર પછી થોડાંક વર્ષો મીડીસ લોકોએ એસીરિયાને નબળું કર્યું. અને તે લોકોની મદદથી બેબીલોનિયાના રાજા બોપોલાસારે બેબીલોનીઆને સ્વતંત્ર કર્યું અને એ રાજાના મરણ પછી નેબુચેડરેઝર બીજો નામનો રાજા ગાદી પર આવ્યો. અને બેબીલોનના મૂખ્ય ભગવાન મારડુકને પ્રાર્થના કરી કે મારા જીવન જેટલી જ હું મારી બુદ્ધિને ચાહું છું. તારા હુકમથી હે દયાળુ મારડુક મારો રાજમહાલય અમર તપો. મારાં પુત્રપરિવારો ખૂબ વધો અને હું દુનિયાના બધા રાજાઓ પાસેથી ખંડણી મેળવી આખી મનુષ્ય જાતનો રાજા બનું."

એની આશાઓને અનુરૂપ એવું એણે જીવન જીવવા માંડયું. એ અભણ રાજા સમીપપૂર્વમાં સૌથી વધારે શકિતશાળી રાજા થયો. સૌથી મોટો યોદ્ધો બન્યો અને હેમુરાબી કરતાં એ ચઢી જાય એવો રાજકારણી અને પ્રચંડ ઇમારતોનો ચણાવનાર થયો. જ્યારે ઇજીપ્તે બેબીલોનિયાને જીતવાનું એસીરિયા સાથે કાવત્રું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્યું ત્યારે નેબુચેડરેઝરે કર્ચેમીશ આગળ ઇજીપ્તના લશ્કરોને કાપી નાખ્યાં. પેલેસ્ટાઇન અને સીરિયાને તાબે કર્યાં. અને એબીલોનિયાના વહેપારીઓ માટે પશ્ચિમ એશિયાના તથા ઇરાનના અખાતના તથા ભૂમધ્ય સમુદ્રના બધા રસ્તાઓ ખુલ્લા કર્યાં.

હીરોડોટસ જેણે એની રાજધાની જોઈ હતી તેણે એ રાજધાનીનું વર્ણન કર્યું છે કે એ રાજાનું પાટનગર એક મોટા વિશાળ મેદાન પર ઊભું છે. એની આસપાસની દિવાલ છપ્પન માઇલ લાંબી છે અને એટલી તો પહોળી છે કે એના માથા પર થઈને ચાર ઘોડા જોડેલો રથ દોડી શકે. એ દિવાલે બસેં ચોરસ માઇલ જેટલો પ્રદેશ વીંટી લીધો છે. તથા એ પાટ-નગરની વચમાં થઈને યુફ્રેટીસ નદી વહે છે. એ નદીના કિનારા પર મોટા મોટા નાળિયેરીના ઝાડ છે, તથા એ નદીના પાણી વહેપારીના મોટા મોટા વહાણથી ઢંકાયલાં રહે છે. તથા એ નદીપર સુંદર પૂલ નાખવામાં આવ્યો છે. પાટનગર તરફ આવતો કોઈ પણ મુસાફર સૌથી પહેલાં એક મોટો ઈંટોનો પર્વત ચણ્યો હોય એવો છસો પચાસ ફીટ ઊંચો સોનાથી મઢાયલો સાત માળવાળો રાજમહાલય જુએ છે. એના આગલા રંગમંડપમાં દેવોના આનંદ ઉપભોગ માટે દર રાત્રે જુદી જુદી સુંદર સ્ત્રીઓ સૂવે છે. પિરામીડથી પણ ઊંચી એવી આ ઇમારત બેબેલના ટાવર તરીકે ઓળખાતી હતી. એની દક્ષિણે મારડુકનું રાક્ષસી મંદિર ઊભું હતું. એ મંદિરની આસપાસ આખું નગર પથરાયું હતું. અને નગરની મધ્યમાં વહેપાર ઉદ્યોગથી ધમધમી ઊઠેલાં એવાં બજારો આવ્યાં હતાં. મંદિરો તરફ જવા માટે એક ખાસ રસ્તો ચણવામાં આવ્યો હતો. એ રસ્તો દેવો માટે હતો. એ રસ્તાપર થઈને દેવદેવીઓ જાય છે એમ લોકો માનતા હતા. એ રસ્તા પર મોટા મોટા એકસો વીશ સિંહો ઘૂરકતા ચિતરાયલા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઊભા હતા. એ સિંહો શિલાના બનેલા હતા અને કોઈ અપવિત્ર પગ એ રસ્તાપર ન પડે તેની ચોકી કરતા હતા. એ રસ્તાના અંતપર જુદા જુદા ચિત્રોથી મઢાયલો ઇસ્તર દરવાજો આવ્યો હતો. બેબેલના મિનારાથી છસોવાર દૂર એક મોટી ટેકરી આવી હતી. એ ટેકરીના મધ્યમાં રાજાનું રહેઠાણ હતું. એ રહેઠાણનું તળિયું પત્થરનું હતું. એના પ્રવેશદ્વારપર રાક્ષસી કદના સિંહો ઊભા હતા. એ રહેઠાણને ફરતા દુનિયાની અજાયબી જેવા ઝૂલતા બાગો હતા. એ બગીચાઓની ઉપર સુંદર ફૂલઝાડ હતાં તથા પાણીના નાના મોટા ઝરા હતા. પત્થરના મોટા મોટા મિનારાઓમાં સંતાયલાં મોટાં મોટાં હાઇડ્રોલીક એન્જીનોને ગુલામો ચલાવતા હતાં અને એટલી ઊંચાઇ પર યુફ્રેટીસ નદીનાં પાણી બગીચાને નવડાવતાં હતાં. જમીનથી પંચોતેર ફીટ ઊંચી એ ઝૂલતી વનરાજીઓની ઘટામાં બુરખો નાખ્યા વિના રાજાની સેંકડો રાણીઓ હરતી ફરતી હતી. અને એ વિશાળ બગીચાઓની નીચે શેરીઓમાં વહેપારીઓ ફરતા હતા. મજૂરો કામ કરતા હતા. ઉદ્યોગો ચાલતા હતા.

દંતકથા એમ કહે છે કે રાજા નેબુચેડરેઝર ખૂબ લાંબો સમય રાજ્ય કર્યા પછી, પાટનગરને શણગાર્યા પછી, વહેપારને વિકસાવ્યા પછી, દેવોને, ધર્મગુરુઓને સંતોષ્યા પછી, મહાલયો, દેવળો ને બાગબગીચા બંધાવ્યા પછી ગાંડો થઈ ગયો. એણે પોતાની જાતને એક પશુ માનવા માંડી. ચાર પગે ચાલવા લાગ્યો અને ઘાસ ખાવા લાગ્યો. ઈ. સ. પૂ. ૫૬૨ માં મરણ પામ્યો. કદાચ એ દંતકથાનો અર્થ એવો પણ હોય કે માનવસંહાર કરી અઢળક સમૃદ્ધિ પામેલું બેબીલોનિયા એના વિલાસમાં ઉન્મત્ત થઈ ગયું હોય. એણે ચૂંથી નાખેલું એના ગુલામ, કામદારો અને કૃષિકારોનું જીવન એની સામે ઊછળી ઊઠયું હોય. ભૂખમરાથી અને અજીર્ણથી નબળા પડેલા બેબીલોનિયાના જીવન પર આસપાસનાં બીજાં પરિબળો ધસી આવ્યાં હોય અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિનાશ પામતા વિક્રાળ પશુની જેમ બેબીલોનની સંસ્કૃતિ ખંડિત થતી ગઈ હોય. એ દંતકથાનો અર્થ ગમે તે હો પણ નેબુશેડરેઝરના મરણ પછી ત્રીસ વર્ષે એના સામ્રાજ્યના ટુકડાં થઈ ગયા. એના લશ્કરમાં ભંગાણ પડયાં. એના વહેપારીઓ વહેપારને માટે આખી દુનિયાની બજારો જીતવાના મોહમાં દેશનું રક્ષણ ભૂલી ગયા. એના સત્તાવાન લોકો આનંદના શોખમાં યુદ્ધની કળા વિસરી ગયા. એના ધર્મગુરુઓ વધારેને વધારે અકરાંતિયા બન્યા. એક વખતે શત્રુઓને પડકારતા બેબીલોનિયાના સરદારો પર કાળની નોબતો વાગી રહી. સીરસની સરદારી નીચે ઇરાનના લોકોએ એના દરવાજા ખખડાવ્યા. બેબીલોને ઇરાનનું સ્વામીત્વ સ્વીકાર્યું. બસો વર્ષ સુધી ઇરાને બેબીલોનિયા પર અધિકાર રાખ્યો. ત્યાર પછી બેબીલોનના બારણાં સિકંદરે ઠોકયાં. તેણે આખું સમીપપૂર્વ જીતી લીધું, અને નેબુચેડરેઝરના રાજમહાલયમાં પીવાય તેટલો દારૂ પીધો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૫

# લોકજીવન

## વહેપાર ઉદ્યોગ ખેતીવાડી

શરૂઆતમાં બેલીલોનિયાના પ્રદેશનો મોટો ભાગ જંગલી અને ભયાનક હતો. અને અજગરો તથા સાપથી ઊભરાતો હતો. બેબીલોનિયાના રાજાએ વાઘ અને દીપડાના અને સિંહ અને સાપોના શિકારને પોતાનો શોખ બનાવ્યો હતો. સંસ્કૃતિની શરૂઆતે શિકારથી જંગલને જીતવું પડે છે. અને સંસ્કૃતિના આગળ વધતાં વહેણ શિકાર પછી બાકી રહેલાં પ્રાણીની મિત્રાચારી સાધે છે. તથા એ પ્રાણીઓના અને મનુષ્યના શ્રમથી ખેતીવાડી અને વહેપાર નીપજાવે છે.

બેબીલોનિયાની શરૂઆતની ખેતી હળથી થતી હતી. હળને બળદો ખેંચતા હતા. બેબીલોનિયાની જમીનના માલિકો મોટા મોટા જમીનદાર હતા. બેબીલોનિયાની જમીન ખેડનારા ગુલામો હતા. ઇજીપ્તની જેમ બેબીલોનિયાની જમીનપર નદીના પાણી પથરાઈ જતાં નહોતાં. નદીના પાણીથી રક્ષવા માટે દરેક ખેતરની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આસપાસ મોટી મોટી પાળો ઊભી કરવામાં આવી હતી જેમાંની થોડી આજે પણ જોવામાં આવે છે.

નદીના ઊભરાઈ જતાં પાણી નહેરોમાં ભરાઈ રહેતાં અથવા તળવોમાં સંઘરવામાં આવતાં. એ પાણીને પાળપર બેસી ખેડૂતો ઊંચા નીચા થતા વાંસપર લટકાવેલી ડોલોથી ખેતરમાં રેડતા. નેબુ-ચેડરેઝરે ખેતીવાડીને સમૃદ્ધ કરવા અનેક નહેરો બંધાવી હતી તથા એકસોને ચાલીસ ચોરસ માઈલ જેટલાં તળાવો બંધાવ્યાં હતાં. આજે પણ મેસોપોટેમિયામાં આ નહેરોનાં ખંડેર દેખાય છે.

આ રીતે ફળદ્રુપ બનેલી મેસોપોટેમિયાની જમીન અનેક જાતનાં ફળફૂલ, કઠોળ, ખજૂર તથા અનાજે પકવતી હતી. બેબીલોનિયાના લોકોને રોટલી, ભાખરી અને મધ ખાવા મળતાં હતાં. મેસોપોટે-મિયામાં ગ્રીસ અને રોમમાંથી દ્રાક્ષ અને ઓલીવ આવ્યાં હતાં. ઇરાનમાંથી પીજ આવ્યા હતા. દૂધ પણ પુષ્કળ હતું. માંસ ખૂબ ઓછું હતું અને ખરચાળ હતું તેથી તે શ્રીમંતોને જ મળતું પણ માછલાંની પેદાશ એટલી બધી હતી કે ગરીબમાં ગરીબ લોકો પણ તે ખાઈ શકતાં.

## ઉદ્યોગ

એ સાથે સાથે બેબીલોનિયાના માલિકો ગુલામ મજૂરો પાસે પૃથ્વી ખોદાવતા હતા, અને ખોદાતી ધરતીમાંથી તાંબુ, લોઢું, સીસું, રૂપું અને સોનું શોધાવતા હતા. એ ધરતીમાં તેલના કુવા પણ જડતા હતા. આજે પણ તેલના કુવા મેસોપોટેમિયામાં છે. જ્યારે એલેકઝાંડરે મેસોપોટેમિયા જીત્યું ત્યારે એલેકઝાંડરે મેસોપોટે-મિયાની ધરતીમાં સળગી શકે તેવું પાણી નીકળે છે એમ સાંભળ્યું એની અજાયબીનો પાર રહ્યો નહિ. અને એ પાણી સળગે છે કે નહિ તેનો પ્રયોગ એક ગુલામ છોકરા પર કર્યો. એ છોકરાના આખા શરીર પર એ સળગી શકે તેવું પાણી ચોપડી દેવામાં આવ્યું અને મશા-લથી એ છોકરાને સળગાવી દેવામાં આવ્યો. જે તેલના કુવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગુલામ મજૂરો ઉલેચતા હતા તેજ તેલથી એ ગુલામોના છોકરાને સળગતો જોઈ એલેકઝાંડર હસતો હતો.

જમીનમાંથી ખોદાયલી ધાતુના જુદાજુદા પદાર્થો બનતા હતા. એ સાધનો વડે ઊન અને કપાસનો વણાટઉદ્યોગ વિકાસાવવામાં આવ્યો. બેબીલોનિયાના કામદારો કપડાં રંગવાનું કામ તો એટલું સરસ કરતા હતા, કે આખી દુનિયાના લોક એ રંગના એકે અવાજે વખાણ કરતા હતા. મેસોપોટેમિયાના ઇતિહાસમાં શાળ, ચરખો અને રેંટિયો એટલા જ ઉદ્યોગો જડી આવે છે.

મેસોપોટેમિયાનો વહેપાર ગધેડાં પર ચાલતો હતો. ઘોડાની શરૂઆત ઈ. સ. પૂ. ૨૧૦૯ થી જણાય છે. ઘોડાઓ મધ્ય એશિઆના ઉચ્ચ પ્રદેશમાંથી આવ્યા લાગે છે. ઘોડાઓના આવ્યા પછી ઘોડાઓની ગતિ સાથે વહેપારની ગતિ પણ વધી. બેબીલોનના બજારમાં દેશદેશથી વહેપારી આવતા હતા. હિંદના વહેપારીઓ કાબુલ થઈને આવતા હતા. ઇજીપ્તના વહેપારીઓ પેલુશીઅમ અને પેલેસ્ટાઇન થઈને આવતા હતા. એશિયામાઈનોરના વહેપારી ટાયર થઇને આવતા હતા. સીડોન તથા સારડિનના વહેપારીઓ કાર્કેશ થઈને આવતા હતા.

બેબીલોનિયન લોકો પાસે સિક્કા હતા નહિ. પરન્તુ એ લોકો સોના અને રૂપાના કટકાઓ બદલાના સાધન તરીકે વાપરતા હતા. એ ધાતુઓના કટકા કોઈ પણ જાતના સિક્કા વિનાના હતા અને દરેક વખતે જોખવા પડતા હતા. એવો જૂનાજમાનાનો રૂપાનો કટકો અર્ધા આઉંસના વજનવાળો હતો તથા તેને શિકેલ કહેવામાં આવતો. એવા સાઠ શીકેલનો મીના થતો હતો અને સાઠ મીનાનો એક ટેલેન્ટ થતો હતો. આ રીતના સિક્કાઓ તથા બીજા માલમાં વીશથી ત્રીશ ટકા જેટલા વ્યાજના દરથી ધીરધાર કરવામાં આવતી હતી. ધીરધાર કરનારી બેંકો હતી નહીં પણ કેટલાક શાહુકારો ધીરધાર કરતા હતા અને એવી ધીરધારનાં ખત લખાવી લેવામાં આવતાં હતાં. ધર્મગુરુઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શાહુકારો હતા, અને ધીરધાર કરતા કાયદાનું મુખ્ય લક્ષણ અંગત મિલકતનું રક્ષણ કરવાનું હતું. બેબીલોનિયાનો કાયદો બોલતો હતો કે કોઈ પણ માણસ જે પોતે વ્યાજે લીધેલી રકમ પાછી વાળી શકે તેમ નહોય તેને દેવું કરવાનો અધિકાર નથી. શાહુકાર પોતાની બાકી રકમ પેટે દેવાદાર પાસેથી દેવાદારના ગુલામ કે એના દીકરાને ઉપાડી જતો.

મુખ્યત્વે કરીને બેબીલોનની સંસ્કૃતિ વહેપારી સંસ્કૃતિ હતી. એ સંસ્કૃતિનાં જડી આવેલાં ઘણા ખરાં સ્મારકો વહેપારની વાત કરે છે. એના સાહિત્યમાં એ ઉદ્યોગી જીવનની શ્રીમંતાઈની વાતો ખૂબ ભરેલી છે. અને તે છતાં પણ એ વહેપારી શોષણ અને દુઃખી ગુલામોનો પક્ષ લેનારા તે સમયે પણ હતા. બેબીલોનની સંસ્કૃતિના ઘણાખરાં ખતો ગુલામોની લેવડદેવડનાં લખાએલાં છે. એ ગુલામોની કિંમત ખૂબ જૂજ જેવી હતી અને સ્ત્રીની કિંમત પુરુષ કરતાં ઓછી હતી. દરેક જાતની અંગત સેવાચાકરીઓ અને શારીરિક શ્રમ ગુલામો કરતા હતા. ગુલામ સ્ત્રીઓ સંપૂર્ણ રીતે એને ખરીદનારા માલિકોની દયા પર જીવતી હતી. એ માલિકો સ્ત્રીઓનો ગમે તેવો ઉપયોગ કરી શકતા. માલિકો પોતાની પરણેલી સ્ત્રીઓ ઉપરાંત એ ગુલામ સ્ત્રીથી પ્રજોત્પત્તિ કરતા. એ રીતે માલિકોના ઘરો બાળકોથી ઉભરાઈ જતાં. ગુલામ અને ગુલામીની બધી વસ્તુઓ માલિકની ગણાતી. ગુલામને જામીનમાં મૂકાતો કે વેચી પણ શકાતો. અથવા જો ગુલામનો માલિક એમ ધારે કે ગુલામ હવે મજૂરી માટે લાયક નથી તો માલિક તેને મારી નાંખી શકતો. જો કોઈ પણ ગુલામ નાસી જાય તો કાયદાની દૃષ્ટિએ કોઈ પણ તેને આશ્રય આપી શકતું નહિ. પણ એના પકડનારને ઈનામ આપવામાં આવતું. કોઈ પણ ખેડૂત કે ગુલામને કોઈ પણ વખત સરકાર કાયદેસર રીતે જાહેર કામોમાં મજૂરી કરવા કોઈ પણ જાતનું વળતર આપ્યા વગર બોલાવી શકતી. તથા તેમને લશ્કરમાં જોડી શકતી. ગુલામ પરણી શકતો પણ એના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાળકો માલિકનાં ગણાતાં. ગુલામની અપવાદરૂપ સેવાના બદલામાં અથવા અપવાદરૂપ વફાદારીના બદલામાં કોઈ પણ માલિક ગુલામને ગુલામીમાંથી મુક્ત કરી શકતો પણ બેબીલોનના ઇતિહાસમાં એવી મૂક્તિ થોડા ગણ્યાગાંઠ્યા ગુલામોને જ મળી છે. ગુલામો ગુલામી કરવામાં અને બચ્ચાંઓ જન્માવવામાં આનંદ માનતા હતા. એ રીતે ગુલામોનો વર્ગ રોજ ને રોજ વધતો જતો હતો. બેબીલોનના રાજકારણમાં એ વધતો જતો ગુલામ વર્ગ એક દિવસે માલિકો સામે ઊઠવાનો હતો.

### કાયદો

બેબીલોનની વહેપારી સંસ્કૃતિ જેવી સંસ્કૃતિવાળો કોઈ પણ સમાજ પ્રજાસત્તાકવાદ સ્વપ્ને પણ પામી શકે નહિ. એ સંસ્કૃતિનું આકર્ષણ વહેપારી ધનથી ખાસ હક ધરાવતા ઠાકોરો અને માલિકોથી પોષાયલી એવી રાજાશાહીનું નિર્માણ કરે છે. એવી રાજાશાહી પોતાની અદાલતો ને કાયદાઓ દ્વારા ખૂબ મોટા પાયા પર ચાલતી વ્યવસ્થિત હિંસાને કાયદેસર બનાવે છે. વખત જતાં એ રાજશાહી અને વહેપારી જમાતના હિતો જુદાં પડે છે. રાજા અને શ્રમજીવી લોકસમાજની વચ્ચે એ લોકો ઊભા રહેતા હોય છે. એ રીતે રાજાના નિરંકુશ શાસનથી શરૂ થયેલી બેબીલોનની સંસ્કૃતિમાં ધીમે ધીમે અમીર ઉમરાવો, ઠાકોરો, વહેપારીઓ અને ધર્મગુરુઓની લાગવગ વધતી ગઈ. રાજા પોતાના સલાહકાર તરીકે એ માલિક વર્ગોમાંથી માણસો પસંદ કરતો. રાજાના એ સલાહકારોને પણ સલાહ આપવા માલિક વર્ગમાંથી જ આજની મ્યુનીસીપાલીટી જેવી સભાઓ નીમાતી. એવી શરૂઆત હેમુરાબીથી થઈ ચૂકી હતી. અને પંદર સૈકાઓ સુધી કાયદેસર ચાલી આવી હતી.

બેબીલોનના કાયદાઓની શરૂઆતમાં કાયદાઓ એમ બોલતા હતા કે સેતાન ગણાતો પુરુષ અથવા બેવફા મનાતી સ્ત્રીને યુફ્રેટીસ નદીમાં નાંખી દેવામાં આવે અને તેમાં નાંખી દીધા પછી જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોક તરીને બહાર નીકળી જાય તે નિર્દોષ મનાય. બેબીલોનની અદાલતના શરૂઆતના ન્યાયાધીશો ધર્મગુરુઓ હતા અને અદાલત દેવળોમાં બેસતી હતી. કાયદેસર શિક્ષાઓની શરૂઆત સમાન બદલાથી (Equivalent Retaliation) શરૂ થઈ હતી. જો કોઈ માણસ કોઈની આંખ ફોડી નાખે, કોઈનો દાંત ખેંચી કહાડે કે કોઈનું અંગ છેદી નાખે તો તેના બદલામાં આંખ, દાંત કે તેવું અંગ લેવામાં આવતું. જો ઘર પડી જતું અને માણસ મરી જતું તો તેને બાંધનાર કડીઆ કે શિલ્પીને મારી નાંખવામાં આવતો. જો કોઈ માણસ છોકરીને મારી નાંખે તો તે માણસને મારી નાખતા નહિ પણ તેની દીકરીને મારી નાંખવામાં આવતી.

ધીમે ધીમે આ જાતની સમાન બદલાની શિક્ષાઓને બદલે કાયદાનું સ્વરૂપ નુકસાની ભરી આપવાનું થયું, એ સ્વરૂપમાં જુદી જુદી શારીરિક શિક્ષાઓ અને દંડની પ્રથા દાખલ થઈ. એ શિક્ષાઓમાં ગુનેગારને ગુનાની જાતપરથી નહિ પણ ગુનો કરનાર માલિક છે કે ગુલામ છે તે ઉપરથી શિક્ષાનું સ્વરૂપ નકકી થતું હતું. એકજ ગુના માટે કોઈ અમીર કે ઉમરાવને નહિ જેવી શિક્ષા થતી હતી. જ્યારે કોઈ ખેડૂત કે ગુલામને સખ્ત શિક્ષા થતી હતી. દેહાંત દંડની શિક્ષાઓ પણ ઘણી વધારે અને ખૂબ ભયંકર હતી.

વહેપારી કાયદાઓ ઉપરાંત સરકાર કામના દરો વિષે પણ કાયદા કરતી હતી. ડોકટરોને કેટલી ફી આપવી તે પણ સરકાર નકકી કરતી હતી. કારીગરો, મજૂરો, કિસાનો તથા દરજીઓ, સુથારો, ભરવાડો અને ખલાસીઓને આપવામાં આવતા મજૂરીના દરો સરકાર નકકી કરતી. કાયદાની દ્રષ્ટિએ સ્ત્રીને વારસા હક મળતો નહિ. અદાલતોમાં અત્યારે છે તેવા વકિલોની સંખ્યા દેખાતી નથી. ખતોને પ્રમાણ બનાવનાર ધર્મગુરુઓ સરકારના અફસરો ગણાતા. તથા દાવા અરજી લખનાર કારકુનોનો જુદો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્ગ હતો. ગુનેગારો અને દાવા માંડનારાઓએ પોતાનો કેસ પોતાના સાક્ષીઓ લાવીને અદાલતમાં જાતે લડી લેવાનો હતો. બેબીલોનિયાના પાટનગરમાં રાજાએ નીમેલા ખાસ ન્યાયયાધીશો અપીલ સાંભળતા તથા રાજા પોતે છેવટની અપીલ ગણાતો.

## ધર્મ

રાજસત્તા કાયદાથી કે સલાહકારોથી નિયંત્રિત નહોતી પણ ધર્મગુરુઓથી હતી. રાજા મુખ્ય દેવોનો પ્રતિનિધિ ગણાતો. બધી જાતના કરો દેવના નામે ઉઘરાવાતા અને બધી જાતનો કરોનો મોટો ભાગ સીધી કે આડકતરી રીતે દેવળોના ભંડારમાં જતો હતો. ધર્મગુરુઓ ધાર્મિક ક્રિયાથી રાજાનો અભિષેક ન કરે ત્યાં સુધી રાજા રાજા ગણાતો નહિ. અભિષેક વખતે રાજા ધર્મગુરુનો પોષાક પહેરતો. આ રીતે ધર્મથી રક્ષાયલું રાજકારણ રાજદ્રોહને ખૂબ મોટો ભયંકર ગુન્હો ગણાવતું. તે ગુન્હો કરનાર કોઈ પણ દેહાંત દંડની શિક્ષા પામતું એટલુંજ નહીં પણ એવા ગુનેગારનો આત્મા પણ નરકમાં પડે છે એમ મનાતું.

એ રીતે સત્તાવાન ધર્મની આવક વધતી જતી હતી. રાજાઓને પણ એ ધર્મની જરૂર સમજાઈ હતી અને રાજાઓ દેવળોમાં ધનના ઢગલા તથા ગુલામો ભેટ કરતા. દેવળોને જમીનના મોટા મોટા પ્રદેશો આપતા તથા વર્ષાસનો બાંધી આપતા. યુદ્ધ જીતાયા પછી યુદ્ધમાં પકડાયલા કેદીઓ અને લૂંટનો મોટો ભાગ દેવળોને અર્પણ કરવામાં આવતો. ખેડૂતોને ફરજીઆત રીતે માલમાંથી અમુક ભાગ દેવળોને આપવો પડતો. એમ ન આપનાર ખેડૂતોની જમીનો ધર્મગુરુઓ પડાવી લેતા. ધર્મના પવિત્ર ખજાનાઓ ગરીબોના લોહીથી ખરડાયલી વસ્તુઓથી હંમેશા ઊભરાતા રહેતા. આ બધા ધનના ઢગલા ધર્મગુરુઓ પોતાના ઉપભોગમાં વાપરી શકતા નહિ. નિરંકુશ ભોગવિલાસ પછી વધતી દોલતનો ઉપયોગ ઉત્પાદનના સાધનોને ખરીદવામાં તથા મોટાં મોટાં વ્યાજે નાણાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધીરવામાં થતો. એ દોલતથી ધર્મગુરુઓ જમીનના મોટા મોટા પ્રદેશો ખરીદતા હતા એટલુંજ નહિ પણ હજારો ગુલામોને તથા બીજા હજારો મજૂરોની જાત મહેનત ખરીદી લેતા હતા, અને એ રીતે ખરીદાઈ ગયેલા મજૂરોને બીજા લોકો પાસે વધારે કિંમત લઈ મજૂરીએ મોકલતા હતા. ધર્મગુરુઓ મોટા વહેપારીઓ પણ હતા. દેવળોને ભેટ ધરાયલી વસ્તુઓના ઢગલા એ લોકો બેબીલો-નના બજારમાં વેચતા. આ બધા ઉપરાંત ધર્મગુરુઓને એક બીજો મોટો લાભ હતો. એ લાભ એમની સંસ્થાના સાતત્યનો હતો. રાજા મરી જતો હતો પણ દેવ અમર હતો. રાજાના કુટુંબી લડાઈમાં કપાઈ જતાં હતાં. પણ ધર્મગુરુઓને લડાઈમાં જવાનું ન હોવાથી જાનમાલના જોખમો વહોરવા પડતાં નહિ.

ધર્મગુરુઓને આટલા સત્તાવાન બનાવનાર દેવદેવીઓને પણ આપણે ઓળખવાં જોઈએ. એ દેવદેવીઓ સંખ્યાબંધ હતાં. ઈ. સ. પૂ. નવમા સૈકામાં થયેલી દેવદેવીઓની ગણત્રી પ્રમાણે બધી સંખ્યા પાંસઠ હજાર હતી. દરેક શહેરને પોતાનો જુદો દેવ હતો. દરેક ગામડાને પોતાના જુદાં જુદાં દેવદેવીઓ હતાં. બેબીલોનના લોકો સાથે દેવદેવીઓ પણ જાણે ભળી ગયાં હતાં. દેવળોમાં રહેતાં મનાતાં હતાં. અનાજના ઢગલા અને પશુઓનાં બલિદાન આરોગી જતાં હતાં, તથા ધાર્મિક પવિત્ર સ્ત્રીઓને કોઈને ખબર ન પડે તેમ બાળકો જન્માવતાં હતાં. જેમ બેબીલોનના રાજકારણમાં એક રાજા ચક્રવર્તિ બનતો હતો. તેમ બેબીલોનના ધર્મકારણમાં દેવદેવીમાંથી કોઈ એક સત્તાપર આવતાં હતાં.

એવા મહાન દેવોમાં મારડુક મોટો દેવ હતો તથા ઈસ્તાર મોટી દેવી હતી. એ દેવી સૌથી સુંદર મનાતી હતી, તથા પ્રેમ અને માતૃત્વની અધિષ્ઠાત્રી લેખાતી. એ દેવી મોટી સર્જનશક્તિ હતી. એ દેવી યુદ્ધની દેવી હતી અને પ્રેમની દેવી પણ હતી. માતાઓની પણ દેવી હતી, અને વેશ્યાઓની પણ દેવી હતી. એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેવીઓનું સ્વરુપ સ્ત્રી અને પુરૂષ બન્નેના સ્વરૂપ જેવું હતું. એવી એ દેવીને લોકો કુમારીકા માનતા. એ કુમારીકા અનેક બાળકોને જન્માવી શકતી અને સૌનો પ્રેમ કરી શકતી.

## નીતિ

બેબીલોનની નીતિથી અલેકઝાંડર જેવો દારૂડીઓ માણસ પણ આઘાત પામી ઊઠ્યો હતો. બેબીલોનના નૈતિક જીવનનો ખ્યાલ આપતાં હીરોડોટસ નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે. "દરેક સ્ત્રી જીવનમાં એક વખત વિનસના દેવળમાં બેસતી. એ દેવળમાં આવતો કોઈ પણ અજાણ્યો પુરૂષ તેની સાથે સંભોગ કરતો ત્યારેજ તે ત્યાંથી છૂટી થઈ શકતી. દરેક સ્ત્રીને કરવો પડતો આવો પ્રયોગ ધાર્મિક વિધિ મનાતો. આ વિધિ થયા પછી સ્ત્રી પોતાને ઘેર પાછી આવી શકતી. દેવળોમાં આ વિધી માટે આવતી સ્ત્રીઓ પૈકી જે સ્ત્રીઓ વધારે સુંદર હોય તે પહેલી પસંદ થતી, અને વહેલી મુક્ત થઈ શકતી. પણ જે સ્ત્રીઓ સુંદર નહોતી તેમણે પુરુષની રાહ જોતાં વધારેમાં વધારે ત્રણ વર્ષ સુધી દેવળમાં બેસી રહેવું પડતું. સ્ત્રી સાથેનો આવો ઉપભોગ દેવ સાથેનો ઉપભોગ મનાતો અને દરેક જુવાન છોકરીએ કરવી પડતી આવી ધાર્મિક ક્રિયા લગ્નની તૈયારી મનાતી. આ ઉપરાંત દરેક દેવળમાં ઘણી વેશ્યાઓ રહેતી હતી અને આ રીતે ખૂબ કમાણી કરતી હતી. જે છોકરીઓ પાસે લગ્ન કરવા જેટલી દોલત નહોતી તે પણ દેવળોમાં વેશ્યા તરીકે રહી કમાઈ શકતી હતી. સ્ત્રીઓનો આ ધંધો બેબીલોનમાં પવિત્ર મનાતો હતો. સામાન્ય રીતે બેબીલોન-ની એકેએક જુવાન સ્ત્રી આ જાતના અનુભવમાંથી પસાર થતી. બેબીલોનની લગ્નપ્રથામાં કામચલાઉ લગ્નો પણ થતાં હતાં તથા એવાં લગ્નો સ્ત્રી કે પુરુષ કોઈની પણ ઇચ્છાથી છૂટાં થઈ શકતાં. સ્ત્રીઓનાં લગ્ન કાયદેસર રીતે માબાપો કરાવી શકતા હતા. એમાંના ઘણા લગ્નોમાં સ્ત્રીઓનું માત્ર બે-શરમ વેચાણ હતું. જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માબાપો પોતાની છોકરીને પરણાવવા માગતા હોય તે પોતાની છોકરી સાથે અમુક ચોક્કસ ઠેકાણે એકઠા થતા. એ રીતે એકઠી થયેલી છોકરીઓને એક પછી એક આગળ કરવામાં આવતી અને હરાજી કરવામાં આવતી. પરણનાર પુરુષ એ રીતે હરાજીમાંથી પોતાને પસંદ પડે તે સ્ત્રીને પરણી શકતો. એ રીતે પરણ્યા પછી કોઈપણ સ્ત્રી ધણીને બેવફા નીવડે તો તેને મારી નાખવામાં આવતી. પુરુષ સ્ત્રીને છોડી શકતો પણ પુરુષને છોડનાર સ્ત્રીને ડુબાડી દેવામાં આવતી. સામાન્ય રીતે ઇજીપ્ત કરતાં બેબીલોનમાં સ્ત્રીનું સ્થાન ખૂબ નીચું હતું. બેબીલોનના શ્રીમંતોની સ્ત્રીને પડદા પાછળ રહેવું પડતું.

## કળાવિજ્ઞાન

બેબીલોનની સંસ્કૃતિ મુખ્યત્વે વહેપારી હોવાથી કલા કરતાં વિજ્ઞાન તરફ વધારે અભિમુખ હતી. બેબીલોનના વહેપારી ઉદ્દેશોએ ગણિતને વિકસાવ્યું હતું. એક વર્તુળને ૩૬૦ ડીગ્રીઓમાં વહેંચવામાં આવ્યું હતું. એક વર્ષના ૩૬૦ દિવસ નક્કી કરવામાં આવ્યા હતા. ભૂમિતિમાં પણ જુદા જુદા ક્ષેત્રફળની માપણી સુધી વિકાસ થયો હતો. બેબીલોનનું ખાસ વિજ્ઞાન ખગોળશાસ્ત્ર હતું. ખગોળના જ્ઞાન માટે બેબીલોન તે સમયે આખી દુનિયામાં વિખ્યાત થયું હતું. એ વિજ્ઞાન વહાણો અને કાફલાઓની ગતિની દિશા નક્કી કરતું હતું. તથા જાદુની અસરથી મનુષ્યનું ભવિષ્ય પણ ભાખતું હતું. બેબીલોનના લોકો પહેલાં જોષીઓ હતા અને પછી ખગોળશાસ્ત્રીઓ હતા. એ ખગોળશાસ્ત્ર પ્રમાણે એકેએક ગ્રહ દેવ હતો અને મનુષ્યના વ્યવહારમાં રસ ધરાવતો હતો. જ્યુપીટર મારડુક દેવ હતો. સૂરજ સામાશ હતો. ચંદ્ર સિંહ હતો. શનિ નિનીબ હતો અને વિનસ ઇસ્તાર હતી. એકેએક તારાની હીલચાલ કોઈને કોઈ બનાવ ભાખતી હતી. એ રીતે તારાઓમાંથી ભવિષ્ય ભાખવાનો બેબીલોનીઅન લોકોનો મુખ્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવેગ બન્યો. ધર્મગુરુઓ જે લોકો નવરા હતા તેમણે એ ધંધો ઉપાડી લીધો અને તે વડે તેઓએ રાજા અને લોકોને વશ વર્તાવવા માંડયા. તેમાંના કેટલાક સાચા અભ્યાસી હતા. બેબીલોનના વિજ્ઞાન પર ધર્મની ખૂબ અસર હોવાથી એ અસરે વૈદકશાસ્ત્રને પણ રંગ્યું હતું. ધીમે ધીમે વૈદકશાસ્ત્ર ધર્મથી જુદું પડી સ્વતંત્ર શાસ્ત્ર બનતું જતું હતું. હેમુરાબીના સમયથી વૈદનો ધંધો જુદો બન્યો હતો. સરકારી કાયદાઓ એ ધંધો કરનારાઓ ઉપર નિયમન રાખતા હતા. ડૉકટરોને આપવાની ફી પણ સરકારે નક્કી કરી હતી. દવા કરતાં જો કોઈ ડૉકટર દર્દીને નુકશાન કરી બેસે તો તેને સરકાર શિક્ષા કરતી. અને ડૉકટરની ભૂલથી જો કોઈ દર્દી મરી જાય તો તે ડૉકટરની આંગળી કાપી નાખવામાં આવતી હતી. ધર્મગુરુઓ પણ વૈદકીય ચિકિત્સા કરતા. ધર્મના વહેમો વધારે જોરદાર થતા જતા હતા. લોકો વૈદકીય ઉપાયોને બદલે આધિદૈવિક ચિકિત્સા તથા જાદુઈ ઉપાયોને વધારે ઇચ્છતા હતા. એ રીતે વૈદા કરતાં ઊંટવૈદું વધારે ફેલાતું જતું હતું. રોગ, વળગાડ મનાતો હતો અને પાપને લીધે થાય છે એમ મનાતું અને તેથી રોગના ઉપાયોમાં જંત્રો, જાદુઓ અને પ્રાર્થનાનો ઉપયોગ થતો હતો. જો કોઈ પણ સારવારથી દર્દી સાજો થતો નહિ તો તેને બજારમાં લઈ જવામાં આવતો અને તેને માટે તેનાં સગાંઓ જુદી જુદી ઉપાસનાઓ કરાવતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૬

# એસીરિયા

એ દરમ્યાન બેબીલોનથી ત્રણસો માઈલ ઉત્તરે એસીરિયાની નવી સંસ્કૃતિ જાગતી હતી. ડુંગરાળ ઉચ્ચ પ્રદેશમાં વસતી ત્યાંની પ્રજાએ લશ્કરી શિસ્તને ખૂબ સખ્ત બનાવી પોતા પર બધી બાજુથી હુમલા કરતા દુશ્મનોને વાળ્યા હતા. ઈલામ સુમેરિયા અક્કડ અને બેબીલોનિયાનાં નગરોને જીત્યાં હતાં. ફીનીશિયા અને ઇજીપ્ત પર કાબૂ બેસાડયો હતો અને બે સૈકાઓ સુધી તરવારના જોરે સમીપપૂર્વપર અધિકાર જમાવ્યો હતો. સુમેરિયાએ સંસ્કૃતિને ઉપજાવી હતી, બેબીલોનિયાએ તેનો વિકાસ કર્યો હતો. એસીરિયાને તેનો વારસો મળ્યો. પણ સંસ્કૃતિની આસપાસ હમેશાં જંગલવાદ હોય છે. અને તે સમય આવતાં સંસ્કૃતિને ઝડપી લે છે. એવો જંગલવાદ હમેશાં જંગલની જેમ લઢતો રહે છે. અને પોતાની હાર કબૂલ્યા વિના શિકાર પર કૂદી પડવાની રાહ જોતો શિકારી પ્રાણીની જેમ ટાંપી રહે છે.

એસીરિયાની સંસ્કૃતિ ટીગ્રીસની શાખાઓથી ફળદ્રુપ બનેલાં ચાર નગરોની આસપાસ વિકાસ પામી. એ ચારમાનું એક શહેર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આસુર હતું જે આજે શેરઘાર કહેવાય છે. બીજું અરબેલા હતું જે આજે ઇરબીલ કહેવાય છે. ત્રીજું તાલાક હતું જે આજે નિમરુડ છે અને ચોથું નિનીવેહ હતું જે આજે કુયુન્જીક તરીકે ઓળખાય છે. આસુરમાંથી ઇતિહાસપૂર્વેના પત્થરના સાધનો તથા છરીઓ મળી આવ્યાં છે. અને કાળા રંગનું માટીકામ તથા ભૂમિતિની આકૃતિઓ જડી આવી છે. નીનીવેહની પાસે ગાવરાની નજીક ઈ. પૂ. ૩૭૦૦ વર્ષ પહેલાંનું એક શહેર જમીનની નીચે જડયું છે. જમીનના પડમાં આજે પણ સૂતેલા એ શહેરનાં દેવળો, કાંસકાઓ, હીરાઓના અલંકારો તથા બીજી અનેક વસ્તુઓ જડી આવી છે. એસીરિયાનું પાટનગર શરૂઆતમાં આસુર હતું અને પછીથી નીનીવેહ હતું. આસુરબાનીપાલ રાજાના સમયમાં ત્રણ લાખ લોકો રાજનગરમાં રહેતા હતા અને દૂર દૂરના રાજાઓ ત્યાં ખંડણી ભરવા આવતા હતા. શેલામાનેશેર નામના એક રાજાએ ઉત્તર વિભાગના બધા નગરવિભાગને તાબે કર્યાં હતા. તથા તાલકને પોતાનું પાટનગર બનાવ્યું હતું. ત્યાર પછીના એસીરિયાના ઇતિહાસમાં એક મોટા રાજાનું નામ ટીગલાથ પિલેસર હતું. એ એક મોટો શિકારી રાજા હતો. એના સ્મારકમાં એ પોતે કહે છે કે એણે પગપર ઊભા રહી એકસો વીસ સિંહોનો શિકાર કર્યો હતો. એસેરિયાના ઇતિહાસના બીજા લેખકો લખે છે કે એણે પ્રાણીઓ ઉપરાંત પ્રજાઓનો પણ શિકાર કર્યો હતો. નગરોનાં નગરો લૂંટયાં હતાં અને જંગમ મિલકતો પોતાને ત્યાં ઉપાડી લાવ્યો હતો. એકેએક દિશામાં એણે પોતાનાં લશ્કર દોડાવ્યાં હતાં. ચાલીસ પ્રજાને ચૂંથી નાંખી હતી. બેબીલોનને જીત્યું હતું. અને ઈજીપ્તને ગભરાવી મૂકયું હતું. એણે એ હત્યાકાંડના વિજયમાં દેવળો બંધાવ્યાં હતાં. અને એસીરિયાનાં દેવદેવીઓને બલિદાન આપ્યાં હતાં. પણ એના સમયમાં બેબીલોને બળવો કર્યો હતો. એના લશ્કરોને હરાવ્યાં હતાં. એના દેવળોને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લૂંટયાં હતાં. અને એનાં દેવદેવીઓને કેદ કરી બેબીલોનમાં આણ્યાં હતાં.

બીજી વાત આસુરબાનીપાલની છે. એણે ઘણાં રાજ્યો જીત્યાં. ઘણી લડાઈઓ ખેડી. એણે સ્ત્રીઓ અને લૂંટના ઢગલા એસીરિયામાં આણ્યાં હતાં તથા સાથે સાથે ઘણા કેદી રાજાઓ પકડી આણ્યા હતા. એણે એ કેદી રાજાની આંખો કોતરી કાઢી હતી. એના વિજયનો ડંકો ડામાસ્કસ સુધી વાગ્યો હતો. પછી એના દીકરાએ એની સામે બળવો કરી રાજ્ય પડાવી લીધું હતું. ત્યારપછી ટીગલાથ ત્રીજાએ નવાં લશ્કરો એકઠાં કર્યાં હતાં. આર્મીનિયાને જીત્યું હતું. સીરિયા પર ચઢાઈ કરી હતી. બેબીલોનિયાને વશ વર્તાવ્યું હતું અને પોતાનું શાસન એસીરિયા-થી કોકેસસ અને ઇજીપ્ત સુધી લંબાવ્યું હતું. પછી તે યુદ્ધોથી કંટાળી ગયો અને એણે પોતાનું ધ્યાન રાજકારણમાં તથા મંદિરો ને મહાલયો બંધાવવામાં દોર્યું. ત્યારપછી સારગોન નામના એક અમલદારે એના મરણ પછી રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી.

પછીથી આસુરબાનીપાલનો દીકરો સેનાચેરીબ ગાદી પર આવ્યો. એણે અંદરના બળવાઓ સમાવ્યા તથા જેરૂસેલમ અને ઇજીપ્તને નમાવ્યાં. એણે દુશ્મનોનાં ચોરાસી નગરો તારાજ કર્યાં. એકસો વીશ ગામોનો નાશ કર્યો. ૭,૨૦૦ ઘોડાઓ, ૧૧,૦૦૦ ગધેડા, ૮૦,૦૦૦ બળદો, ૮૦૦,૦૦૦ ઘેટાં તથા ૨૫૦,૦૦૦ કેદીઓ એસીરિયામાં લાવ્યો. પછી એ બેબીલોન પર ગુસ્સે થઈ ગયો. બેબીલોનને ઘેરો ઘાલ્યો, જીત્યું, ને સળગાવી મૂક્યું. બેબીલોનમાં વસતી બધી પ્રજાને બાળકોથી માંડીને જુવાનો ને ઘરડાંઓને અને સ્ત્રીઓને કાપી નાંખ્યાં. શેરીઓમાં શબના ડુંગરા ખડકાયા. દેવળો અને મહાલયોની દોલત લૂંટી લીધી અને બેબીલોનના સર્વ શક્તિમાન ભગવાનોના ટુકડા કરી નાંખ્યા. આ બધી લૂંટફાટથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એણે નીનીવેહને ફરીવાર બંધાવ્યું. એ નગરનું રક્ષણ કરવા નદીઓના રસ્તા પણ બદલી નાંખ્યા. એવો એ વિજેતા એક વખત ઘૂંટણીએ પડી ભગવાનને પ્રાર્થના કરતો હતો ત્યારે પાછળથી એના થોડાક દીકરાઓએ આવી ભગવાનને નમતું એનું માથું કાપી લીધું અને એનો એક ઇસારાહાડોન નામનો દીકરો ગાદીએ આવ્યો ત્યારપછી આસુરબાનીપાલ નામનો બીજો રાજા રાજ્યસત્તા પર આવ્યો. એના રાજ્ય દરમ્યાન એસીરિયા દોલતથી ઉભરાઈ ગયું પણ એના મરણ દરમ્યાન એસીરિયાનું પતન શરૂ થયું હતું. એ આસુરબાનીપાલનું એક સ્મારક બોલે છે કે એણે એક પછી એક ખૂનખાર વિજયો ખેડયા હતા. નગરોનાં નગરોને ભૂખમરાથી મારી નાંખ્યાં હતાં. કેદીઓના શરીર પરથી ચામડી ઉતારી લીધી હતી. જીતાયેલા રાજકુટુંબોને, રાજાના અમલદારોને, કારીગરોને અને પ્રજાઓને, સ્ત્રી અને પુરુષો સૌને તથા એકેએક રાણીઓને કેદ કરીને એસેરિયામાં આણ્યાં હતાં. એણે વિજયની મિજબાનીઓ ગોઠવી હતી. અને મિજબાની માંડતા માંડતા દુશ્મનોના શરીર પરથી ઉતારી લીધેલા લોહીઆળ માથા દેખ્યાં હતાં. રાજા આસુરબાનીપાલને અથવા એના માણસોને એવો ખ્યાલ પણ નહોતો કે પોતે આ ભયંકર હત્યાકાંડથી કશી અનીતિ કરે છે. ઇથોપિયાથી આર્મીનિયા સુધી અને સીરિયાથી મીડિયા સુધી એણે લોહી વરસાવ્યું હતું.

એ ઉપરાંત એ બધા પ્રદેશો ઉપરથી એણે શિલ્પીઓ અને કલાકારોને ઊભા કર્યા હતા. મંદિરો ને મહાલયો ચણાવ્યાં હતાં. વિદ્વાનોને ઉત્તેજ્યા હતા. એ રાજા કેવી રીતે મરણ પામ્યો તેની ઇતિહાસને ખબર નથી. દંતકથા એમ કહે છે એણે પોતાના મહેલને સળગાવી મૂકયો અને એ જીવતો સળગી ગયો. એ દંતકથાનો અર્થ એવો પણ હોય કે એ એસીરિયાને માટે અપશુકન હતા અને એસેરિયાનો નાશ નિર્માઈ ચૂકયો હતો. જે યુદ્ધો ખેડીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એસેરિયા બળવાન બન્યું હતું એજ યુદ્ધોને લીધે તે નબળું થઈ ગયું હતું. એકેએક વિજયમાં એસીરિયાના બળવાન લોકો મરણ પામતા હતા અને નબળા લોકો પાછળ જીવતા હતા. એ ઉપરાંત વિજયમાં આવેલા લાખો કેદીઓ એસીરિયામાં વસ્યા હતા, અને પોતાની વસ્તીને વધારી રહ્યા હતા. એવા બહારથી પકડી આણેલા લોકોથી લશ્કર ઊભરાઈ ગયું હતું અને સાથે સાથે આજુબાજુના બીજા પ્રદેશોના આવતા ઘસારાથી એસીરિયાની સરહદ તૂટી ગઈ હતી.

આસુરબાનીપાલ ઈ. પૂ. ૬૨૬માં મરણ પામ્યો ત્યાર પછી ચૌદ વર્ષે બેબીલોનિયન લોકોએ મીડીશ અને સ્કીથિયન તથા કોકેસસના લોકો સાથે એસીરિયા પર ચઢાઈ કરી. જેવો હત્યા-કાંડ એસીરિયાએ બીજા પ્રદેશોનાં પાટનગરમાં ચલાવ્યો હતો તેવા હત્યાકાંડ સાથે નીનીવેહ ખંડેર બન્યું. આખા નગરને સળગાવી મૂકવામાં આવ્યું. મંદિરોને મહાલયોને ધરાશાયી કરવામાં આવ્યાં અને લોકોને કાપી નાખવામાં આવ્યાં. એક જ ઘા સાથે એસીરિયા ઇતિહાસમાંથી અદશ્ય થઈ ગયું. થોડા સમયમાં એસીરિયાના મહા-રાજાઓ ભૂલાઈ ગયા. એમના રાજમહેલો પર રેતી ઊડી રહી. એસીરિયાના વિનાશ પછી બસો વર્ષે ઝેનોફેનના દશ હજાર માણસો રેતી પર કૂચ કરતા હતા. એ રેતીની નીચે એસીરિયાનું પાટનગર નીનીવેહ સૂતું હતું. એ કૂચ કરતાં લશ્કરને ખબર નહોતી કે પોતે કૂચ કરે છે તે ધરતી નીચે અર્ધી દુનિયાને એક વખતે વશ વર્તાવતું રાજનગર સૂતું હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૭

# લોકજીવન

### સરકાર

આસુરબાનીપાલની સરકાર જેણે એસીરિયા, બેબીલોનિયા, આર્મીનિયા, મીડિયા, પેલેસ્ટાઈન, સીરિયા ફીનીશિયા, સુમેરિયા અને ઇજીપ્ત ઉપર રાજ્ય કર્યું તે ભૂમધ્ય અથવા સમીપપૂર્વના જગતમાં સૌથી વધારે વિશાળ પાયાપરની સરકાર હતી. તે સમયના પ્રમાણમાં એ ઉદારમતવાદી સામ્રાજ્યવાદ હતો. મોટામોટા નગરોને સ્થાનિક સત્તા આપવામાં આવી હતી. અને એસીરિયાના સામ્રાજ્ય નીચે આવેલી દરેક પ્રજાને પોતાનો ધર્મ પાળવા દેવામાં આવતો હતો તે છતાં પણ તે સામ્રાજ્યવાદમાં મધ્યસ્થ સરકારનું તંત્ર બહુ ઢીલું હતું અને તેથી પોતાના અધિકાર નીચેના પ્રદેશોમાં તેને વારંવાર યુદ્ધો કરવાં પડતાં હતાં.

તેથી એ સરકારનું ખૂબ અગત્યનું અંગ લશ્કર હતું અને તેથીજ યુદ્ધની કલા તરફ ખૂબ ધ્યાન આપવામાં આવતું હતું. જુદી જુદી જાતના રથો, ઘોડેસ્વારોનું લશ્કર અને પાયદળની ટુકડીઓ એ બધાને ખૂબ વ્યવસ્થિત બનાવવામાં આવ્યાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા છાપો મારવાના તથા ઘેરો ઘાલવાનાં સાધાનોનો વિકાસ કરવામાં આવ્યો હતો. એ ઉપરાંત યુદ્ધ અંગેના બધા વ્યૂહો તથા નીતિરીતિનો ઝીણવટથી ખ્યાલ થયો હતો. લશ્કરનાં માણસોને બખ્તર આપવામાં આવતાં હતાં. જીતાયલું શહેર લૂંટવામાં આવતું હતું અને તારાજ કરવામાં આવતું હતું. લશ્કરનાં માણસોને પગાર ઉપરાંત લૂંટમાંથી ભાગ આપવામાં આવતા. યુદ્ધમાં પકડાયલા ગુલામોને મારી નાખવામાં આવતા હતા. દરેક સિપાઈને પોતે જેટલાં માથાં કાપી લાવે તે પ્રમાણે બદલો આપવામાં આવતો.

લશ્કર પછી બીજા નંબરે રાજાનો આધાર દેવળો ઉપર હતો. ધર્મગુરુઓને રાજાશાહીનો ટેકો હોવાને લીધે તેમને ખૂબ દોલત આપવામાં આવતી હતી અને તેમનું રક્ષણ ખૂબ કાળજીપૂર્વક કરવામાં આવતું હતું. રાજ્યનાં બધાં ફરમાનો, બધા કાયદાઓ તથા બધી જાતના કરો અને બધાં યુદ્ધો એસીરિયાના મૂખ્ય દેવ આસુરના માનમાં થતાં હતાં. રાજા પોતે દેવની પ્રતિકૃતિ મનાતો હતો. એસીરિયાનો ધર્મ એની કલા અને વિજ્ઞાનની જેમ બેબીલોનિયાથી આવ્યો હતો.

## ઉદ્યોગ વેપાર

એસીરિયાનું આર્થીક જીવન બેબીલોનથી વધારે જુદું પડતું નહોતું. શ્રીમંત એસીરિયન લોકો મોટા મોટા જમીનદાર હતા. બેબીલોનની જેમ એકજ નદી એસીરિયાની જમીનને ફળદ્રુપ બનાવતી હતી. બેબીલોનની જેમ એસીરિયાની મુખ્ય ખેતી નહેરો વડે થતી અને બેબીલોનની જેમ ખેતી કરનારા ખેડૂતો ગુલામ હતા.

ઉદ્યોગની અંદર એસીરિયાનાં શહેરોમાં બેબીલોનિયામાં હતો તેવો વહેપાર ચાલતો હતો. એકજ જાતનાં વજનો અને માપો વપરાતાં હતાં. ધાતુઓ ખોદી કાઢવામાં આવતી હતી અને મોટા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રમાણમાં બહારથી લાવવામાં આવતી. કાચ બનાવવામાં આવતા હતા અને વણાટ ઉદ્યોગ તથા કપડાં રંગવાનું કામ ઠીક ચાલતું હતું. નીનીવેહ પાટનગરને ત્રીસ માઈલ દૂરથી પાણી પૂરૂં પાડવામાં આવતું હતું. વહેપાર ઉદ્યોગમાં ધીરધાર કરનારા ખાનગી શાહુકાર લોકો હતા. વ્યાજનો દર ૨૫) ટકા જેટલો હતો. અત્યારના વેપારઉદ્યોગની દૃષ્ટિએ એસીરિયન સમાજમાં અમીર ઉમરાવો હતા. કારીગરના વર્ગો હતા. ખેડૂત જમીનદારો હતા અને મજૂરી કરનારા ઉદ્યોગના અને ખેતીના મજૂરો હતા. મિલકત વિનાના મજૂરો તથા દેવાદાર બનેલા ખેડૂતોને અને યુદ્ધમાં પકડાયેલા ગુલામોને બધી જાતનાં શારીરિક શ્રમનાં કામો કરવાં પડતાં અને સમાજમાં તેમનું સ્થાન ખૂબ નીચું મનાતું. પોતાના હલકા સામાજિક સ્થાનને બતાવવા માટે એ લોકોને ફરજિઆત રીતે કાન કોચાવવા પડતા હતા તથા માથાં મૂંડાવવાં પડતાં હતાં.

## ધર્મ નીતિ

એસીરિયાનો નીતિનો કાયદો અને સરકારી કાયદાઓ પ્રજોત્પત્તિને ખૂબ ટેકો આપતા હતા. ગર્ભપાતનો ગુનો ખૂબ મોટો ગણાતો હતો. જે સ્ત્રીઓ એવો ગુનો કરતી તેને જીવતી સળગાવી મૂકવામાં આવતી હતી. બેબીલોન કરતાં એસીરિયામાં સ્ત્રીઓનું સ્થાન વધારે નીચું હતું. સ્ત્રીઓ જાહેરમાં બુરખા વિના જઈ શકતી નહિ અને સ્ત્રીઓ પાસેથી સખ્ત વફાદારી માગવામાં આવતી. લગ્નસંસ્થા સ્ત્રીની ખરીદી ઉપર નભતી હતી.

લશ્કરના પશુબળ પર નભતા એસીરિયાના જીવનમાં હિંસા ખૂબ વ્યવસ્થિત અને આકરી હતી. ધર્મના નામમાં અનેક પશુઓ અને ગુલામોનાં બલિદાનો આપવામાં આવતાં. આસુરબાનીપાલે ત્રણ હજાર કેદીઓને જીવતા સળગાવી મૂકયા હતા અને હજારોની કતલ કરી હતી. તેથી દેવદેવીઓ ખૂશ થાય છે એમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માનવામાં આવતું. ધર્મે અહિંસક વૃત્તિને ઉદાત્ત બનાવવા કાંઈ કર્યું નથી, આશુ એ રાષ્ટ્ર દેવતા હતો. લોકો એમ માનતા હતા. કે એ દેવતા દુશ્મનોની જેમ વધારે કતલ થાય છે તેમ આનંદ પામે છે. એ ધર્મ જાદુઓ તથા મંત્રો પર નભતો હતો. અનેક જાતના વ્હેમો ધર્મે જાળવી રાખ્યા હતા. આખી દુનિયા રાક્ષસોથી ભરેલી છે અને તેમને ધાર્મિક મંત્રોથી વશ કરી શકાય છે. એમ એસીરિયાનો ધર્મ શિખવતો હતો.

આવી જાતના વાતાવરણમાં યુદ્ધ શિવાય બીજું એકે વિજ્ઞાન વિકાસ પામી શકતું નથી. એસીરિયાનું વૈદકીય જ્ઞાન બેબીલોનનું હતું. એસીરિયાનું ખગોળ જ્ઞાન પણ બેબીલોન પાસેથી મેળવેલું હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૮

## ખદબદતી પ્રજાઓ

સમીપપૂર્વના ઇતિહાસમાં રાજા નેબુચેડરેઝરના સમયમાં નજર નાખીએ તો દેખાય છે કે તે સમયે મનુષ્યોનો એક મોટો મહાસાગર ખદબદતો હતો. જીવનકલહ ખૂબ જોરદાર હતો. વિગ્રહો ઊભરાતા હતા, રમખાણો ફેલાતાં હતાં, એક બીજાને ગુલામો બનાવવામાં આવતાં હતાં અને એક બીજાના બલિદાન દેવામાં આવતાં હતાં. એક મોટો હત્યાકાંડ ખૂબ વિશાળ પાયા પર ચાલતો હતો. એ બધા હત્યાકાંડની આસપાસ જુદી જુદી પ્રજાઓ અથડાઈ રહી હતી. એમાંની કેટલીક ઘર બાંધીને રહેનારી પ્રજા હતી. બીજી એક સ્થળેથી બીજે સ્થળે ભટકનારી હતી. એવી સેંકડો પ્રજાઓ જેમાની સૌ કોઈ પોતાને ઇતિહાસ અને ભૂગોળના મધ્યબિંદુમાં માનતી હતી તે આજે સંસ્કૃતિના ઇતિહાસમાં એક નાનામાં નાના પ્રકરણ જેવી પણ નથી. એ ઇતિહાસમાં તે સમયે ઘરો બાંધનારી સ્થિર થઈને રહેનારી પ્રજાઓની આસપાસ ભટકનારી (નોમેડ) પ્રજાઓ હતી. એ પ્રજાઓ સ્થિર રહેનારી પ્રજાઓને ખૂબ ભયરૂપ હતી. એ ભટકનારી પ્રજાની અંદર દુષ્કાળ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે ભૂખમરો આવતાની સાથે તેમની ટોળીઓ શ્રીમંત થઈને રહેનારી પ્રજાપર તૂટી પડતી અને એ રીતે યુદ્ધો અટક્યા વિના ચાલુ રહેતાં હતાં. આજે ઇતિહાસમાં એવા પ્રદેશો પડ્યા છે જ્યાં એક વખત મોટાં સામ્રાજ્યો હતાં. પણ સામ્રાજ્યના પતન પછી ત્યાંજ વેરાન બનેલા પ્રદેશો પર અને પૃથ્વીના પડપર ભટકતી પ્રજાઓના પશુઓ ચરતાં હતાં.

## આર્ય પ્રજા

આ રીતે તે સમયના સંસ્કૃતિના ઇતિહાસમાં જુદી જુદી પ્રજાઓનું નિર્માણ થતું હતું અને કેટલીક પ્રજાઓની હસ્તી નાબૂદ થઈ જતી હતી. એવી એક પ્રજાનું નામ મિટાનિયન હતું. એ પ્રજા ઇજીપ્તની દુસ્મન હતી અને એશિયામાં જડી આવતા ઇન્ડોયુરોપીયન જેવી હતી. એશિયાની એ પ્રજા ઇન્દ્ર, વરૂણ વગેરે દેવોને પૂજનારી હતી તથા એ પ્રજા ઈરાન તથા હિન્દ તરફ આગળ વધી હતી. એ પ્રજાને આર્ય પ્રજા કહેવામાં આવતી હતી. મીટાનિયન લોકોની એક હેરી નામની ટોળીમાં આર્ય શબ્દનો પહેલીવાર ઉપયોગ થયો છે. એ શબ્દ કેસ્પીઅન સમુદ્ર પાસે રહેતા લોકોએ ઉપજાવેલો હોય એમ લાગે છે. આજે એ શબ્દનો ઉપયોગ મીટાનિયન લોકોપર, હીટીસ લોકોપર, તથા મીડીઝ, પર્શિયન તથા વૈદિક હિન્દુ પર કરવામાં આવે છે.

હીટીસ લોકો ઇન્ડોયુરોપીયન લોકોમાં ખૂબ સુધરેલા અને શકિતવાળા હતા. એ લોકો બોસ્ફરસ, હેલેસ્પાન્ટ, ઇજીઅન અને કોકેસસ ઓળંગીને આવ્યા હતા. અને કાળા સમુદ્રની દક્ષિણે જે પ્રદેશને આપણે એશિયા માઇનોર તરીકે ઓળખીએ છીએ ત્યાં લશ્કરી જાતિ તરીકે સ્થિર થયા હતા. ઈ. પૂ. ૧૮૦૦ ની આસપાસ આપણે એ લોકોને ટીગ્રીસ અને યુફ્રેટીસના મૂળ આગળ વસેલા જોઈએ છીએ. ત્યાંથી એ લોકોએ પોતાના હાથ અને લાગવગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સીરિયા સુધી લંબાવીને ઈજીપ્તમાં ઈતરાજી ઊભી કરી. રાજા રેમેસીસ બીજાને એ લોકો સાથે સલાહ કરવી પડી હતી, અને તેને હીટીટ રાજાને પોતાની સમાન ગણવો પડયો હતો. તેમની ભાષા ઇન્ડોયુરોપીયન લોકોની ભાષાને મળતી આવે છે અને થોડાક શબ્દો અંગ્રેજી શબ્દો જેવા છે. એ હીટીટ લોકો ઇતિહાસમાં જે રીતે આવ્યા હતા તેવીજ ગૂઢ રીતે ઇતિહાસમાંથી અદૃશ્ય થઈ ગયા છે. તેમનાં પાટનગરો એક પછી એક વિનાશ પામ્યાં છે. અને તેમનું છેલ્લું નગર કાર્ચેમીશ ઈ. પૂ. ૭૧૭ માં એસીરિયન લોકોના આક્રમણ સામે નાશ પામી ગયું.

## ઉરાટુ

એસીરિયાની ઉત્તરે ઉરાટુ નામે એક પ્રજા જાણીતી હતી. ઇતિહાસની શરૂઆતથી ઘણા સૈકાઓ સુધી આર્મીનિયન તરીકે ઓળખાતી એ પ્રજાએ પોતાની સ્વતંત્ર સરકાર, રીતરીવાજ અને કળાઓ જાળવી રાખ્યાં હતાં. એ પ્રજાના સૌથી મહાન રાજા આર્ગીસ્ટીસ બીજાના સમયમાં એ પ્રજા લોઢું ખોદી કાઢતી હતી અને તેને એશિયા અને ગ્રીસમાં વેચી શ્રીમંત બની હતી. એ પ્રજાએ ઘણી જાતના આરામો અને સુખસગવડો સંપાદન કર્યાં હતા. પત્થરોની ઇમારતો બાંધી હતી અને ઉત્તમ જાતના પદાર્થો બનાવ્યા હતા. પણ એ પ્રજાએ એસીરિયા સામે પોતાનો બચાવ કરવામાં પોતાની બધી દોલત ખોઈ નાખી અને વખત જતાં વિજેતા સીરસની સરદારી નીચે લઢતાં ઇરાનના અધિકાર નીચે આવી ગઈ.

સ્કિથિઅન એસીરિયાથી દૂર ઉત્તરના કાળા સમુદ્રના કિનારા પર એક પ્રજા ભટકતી હતી. એ પ્રજા સ્કિથિઅન પ્રજા હતી. એ લડાયક પ્રજા અર્ધી મોંગોલ અને અર્ધી યુરોપીયન હતી. ભયંકર દાઢીવાળી એ પ્રજાના રાક્ષસી યોદ્ધાઓ ગાડીઓમાં રહેતા હતા અને તેમની સ્ત્રીઓને પડદામાં રાખતા હતા. હિપોક્રેટસ એ પ્રજાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્ત્રીઓ વિષે કહે છે કે એ સ્ત્રીઓ જ્યાંસુધી કુમારીકાઓ હોય ત્યાં સુધી ઘોડા પર સવારી કરતી અને નિશાન તાકતાં શીખતી હતી, તથા યુદ્ધોમાં ઊતરતી હતી. જે જુવાન છોકરી ઓછામાં ઓછાં ત્રણ દુસ્મનો મારી નાખતી તે પરણવાલાયક ગણાતી. એ છોકરીઓનો જન્મ થયા પછી તેમના બાળપણમાં સ્કિથિયન માતાઓ પોતાની બાળકીઓની જમણી છાતી પર કાંસાના બનાવેલા એક સાધન વડે ડામ દેતી. પછી એ છોકરીઓનું બધું બળ દુશ્મનો પર હથિયાર ચલાવવા માટે જમણા હાથમાં અને ખભામાં આવે છે એમ મનાતું. એ ભયંકર પ્રજા ઘોડાઓ પર જીન કે લગામ વગર સવારી કરતી. જીવવા માટે ભયંકર રમખાણો ખેડતી હતી અને જાણે લડવા માટે જીવતી હોય એમ દેખાતી હતી. એ પ્રજા પોતાના દુશ્મનોનું લોહી પીતી હતી અને તેના આંતરડાના અલંકારો પહેરતી હતી. એ પ્રજાએ એસીરિયા પર વારંવાર ધસારા કરી તેને નબળું પાડયું હતું. એ પ્રજા ઈ. પૂ. ૬૩૦ થી ૬૧૦ સુધી પોતાના રસ્તામાં આવતી એકેએક વસ્તુનો વિનાશ કરતી ઇજીપ્શિયન અખાત પર આવેલાં શહેરો પર આવી પહોંચી હતી. એમ કહેવાય છે કે ત્યાં આવ્યા પછી એ પ્રજાને કોઈ ભયંકર રોગ લાગુ પડયો અને છેવટમાં બાકી રહેલી એ પ્રજાને મીડીસ લોકોએ તેમના ઉત્તર તરફના આવાસમાં પાછી હાંકી કાઢી.

## ફ્રીજિયન

ઈ. સ. પૂ. નવમી સદીના અંતમાં એશિયામાઈનોરમાં એક નવી સત્તા ઉદય પામતી હતી. એ નવી સંસ્કૃતિ લીડીઆ અને ગ્રીસ વચ્ચેના અંતરને પૂરતી એક પૂલ જેવી હતી. એ ફ્રીજિયન સંસ્કૃતિ હતી. એનો પહેલો રાજા ગોર્ડીસ એક સામાન્ય ખેડૂત હતો. એના પછીનો રાજા મીડાસ થયો હતો. ફ્રીજિયન લોકો એશિયામાંથી યુરોપમાં આવ્યા હોય એમ લાગે છે. એન્સીરા નામનું પાટનગર બાંધી સમીપપૂર્વના સ્વામીત્વ માટે એસીરિયા ને ઇજીપ્ત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાથે અથડામણમાં આવ્યાં. એ લોકોમા નામની એક દેવીમાં માનતા હતા. અને દેવીને એ લોકો બધીજ ઉત્પાદન શક્તિના કેન્દ્રરૂપ માનતા હતા. પવિત્ર વેશ્યાવૃત્તિથી એ દેવીની એ લોકો સેવા કરતા હતા.

## લીડિયા

લીડીઆ નામના એક નવા રાજ્યના ઉદય સાથે એશિયામાઈનોરમાં ફ્રીજિયાનો અંત આવ્યો. રાજા ગીજીસ્ટે લીડિયાનું પાટનગર સાર્ડીસને બનાવ્યું. ક્રીસસ નામના રાજાએ ઈ. સ. પૂ. ૫૭૦ માં આખા એશિયામાઈનોરપર પોતાનો અધિકાર જમાવ્યો. એણે એક પછી બીજાં રાજ્યો જીતી લઈ લીડિયાના અધિકાર નીચે આણ્યાં. ક્રીસસે સોના ને રૂપાના સિક્કાઓની શરૂઆત કરાવી. આખા ભૂમધ્ય પર વેપારને ઉત્તેજન આપ્યું. પછી સીરસનાં લશ્કરો એના દરવાજા સાથે અથડાયાં. ઇરાની લોકોનો વિજય થયો. લીડિયન લોકોનો અંત આવ્યો. સાર્ડીસ પડયું. જૂના રીવાજ પ્રમાણે ક્રીસસે એક મોટી ચિતા સળગાવી પોતાની સ્ત્રીઓ ને દીકરીઓ સાથે અને બીજા અમીર ઉમરાવો સાથે ચિતારોહણ કર્યું. ચિતા સળગી અને લીડિયાની સંસ્કૃતિનો અંત આવ્યો.

## સેમીટિક લોકો

સમીપપૂર્વનો પ્રદેશ પર્વતો ને રણોમાં વહેંચાઈ ગયો હતો. એ પ્રદેશમાં રહેતી જુદીજુદી જાતો રીતરીવાજો અને ભાષામાં જુદી પડતી હતી. પરંતુ વેપારના ઉદય સાથે અને તેથી એક-બીજાના સંપર્કથી એ જુદી જુદી જાતોના રીતરીવાજો અને ભાષાનું ઐક્ય આવતું જતું હતું. સેમીટિક લોકોનું ઉદયસ્થાન અને વિકાસનું સ્થાન અરબસ્તાન હતું. એ વેરાન પ્રદેશ પરથી વધારે સારા પ્રદેશો જીતવા માટે જુદી જુદી ટોળીઓ કૂચ કરતી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતી. પણ જે લોકો અરબસ્તાનમાં રહ્યા હતા તેણે અરબસ્તાન અને બેદુઈનની સંસ્કૃતિનું નિર્માણ કર્યું. એ લોકો કુટુંબના વડાઓના અધિકાર નીચે જીવતો સમાજ હતો. એ સમાજરચનામાં આજ્ઞાધારકતાની નીતિ બહુ સખ્ત રીતે પ્રવર્તતી હતી. મહમદના આવતા સુધી એ લોકોએ ધર્મ તરફ ધ્યાન આપ્યું નથી તથા એ લડાયક લોકોએ કળા અને જીવનના શણગારો તરફ અવગણના પૂર્વક જોયું હતું અને કલાઓને કાયર મનુષ્યના પતનના સ્વરૂપરૂપે માની હતી. થોડા વખત સુધી દૂરપૂર્વનો વેપાર એ લોકોના કાબૂમાં હતો. કાનેક અને એડનના એમનાં બંદરો ઈંડીઝમાંથી આણેલી દોલતથી ઊભરાતાં હતાં અને એમના વેપારીના કાફલાઓ એ દોલતને ફીનીશિયા અને બેબીલોન લઈ જતા હતા. એમના પહોળા દ્વીપકલ્પમાં એ લોકો મોટામોટા નગરો, મહાલયો ને દેવળો બાંધતા હતા. પણ પરદેશીને એ બધું જોવા માટે એ લોકો આવવા દેતા નહોતા. હજારો વર્ષ સુધી એ લોકો પોતાનાં જીવન પોતાની રીતે જીવ્યાં છે. પોતાના રીતરીવાજો જાળવી રાખ્યા છે અને એ લોકોએ વિનાશ પામ્યા વિના સેંકડો રાજ્યોના ઉદય અને અસ્ત જોયા છે. આજે પણ એ લોકોનો પ્રદેશ એમનો પોતાનોજ છે અને એ પ્રદેશનું રક્ષણ કરી એ લોકો પરદેશીના ભ્રષ્ટ પગલાં, અને ઈતરાજીખોર આંખોને નિવારી રહ્યાં છે.

## ફીનીશિયન

તો સવાલ થાય છે કે ફીનીશિયન લોકો કોણ હતા? જેનો ઉલ્લેખ આગલા પાનામાં કરવામાં આવ્યો છે, જેનાં વહાણ એકે-એક મહાસાગર પર હંકારાતાં હતાં અને જેમના વેપારીઓ એકે-એક બંદરમાં સોદા કરતા હતા તે ફીનીશિયન લોકોના ઉદય વિષે ઇતિહાસકારે કોઈ ઉલ્લેખ કરેલો જણાતો નથી. એ લોકો ક્યાંથી આવ્યા તેની આપણને ખબર નથી. એ લોકો સેમીટિક હતા કે નહિ તેની પણ આપણને માહિતી નથી. ભૂમધ્યના કિનારા પર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ લોકો આવ્યા તે કાળ ઈ. પૂ. ૨,૮૦૦ જેટલો જૂનો કહેવાય છે. જે ફીનીશિયન કિનારા તરીકે ઓળખાય છે તે દશ માઈલ પહોળો ને સો માઈલ લાંબો એવો જમીનનો સાંકડો કટકો છે. સીરિયા અને સમુદ્ર વચ્ચે ફીનીશિયન લોકોનો ફીનીશિયા પ્રદેશ હતો. એ પ્રદેશ પાછળની લેબાનોન નામની ટેકરીઓ પર વસવાનો ને તેના પર અધિકાર જમાવવાનો તેમણે પ્રયત્ન કરેલો જણાતો નથી. જે પ્રજાઓના માલનો વેપાર દરિયાકિનારાના દરેક પ્રદેશો પર એ લોકો ખેડતા હતા તે લડાયક પ્રજાઓ પોતાનો નાશ ન કરે એટલું જ તે ઇચ્છતા હતા.

ઈ. પૂ. ૧,૨૦૦ થી એ લોકો ભૂમધ્ય સમુદ્રના માલિકો બન્યા હતા. એ લોકો વેપાર કરતા હતા એટલુજ નહિ પણ કાચના અને ધાતુના જુદા જુદા પદાર્થો પણ બનાવતા હતા.

એ ઉપરાંત એ લોકો હિન્દુસ્તાનમાંથી ઘણી વસ્તુઓ લેતા હતા. તથા ભૂમધ્ય સમુદ્રના કિનારા પરના શહેરોમાં વેચતા હતા. તથા કાળા સમુદ્રના દક્ષિણ કિનારા પરથી પોતાની પાસેની વસ્તુઓના બદલામાં સીસું, સોનું તથા લોખંડ લાવતા હતા. સિપ્રસમાંથી અનાજ લાવતા હતા. આફ્રિકામાંથી હાથીદાંત લાવતા હતા. સ્પેઈનમાંથી રૂપું લાવતા હતા. અને બ્રિટનમાંથી ટીન લાવતા હતા. એ ઉપરાંત એ વેપારી લોકો એકેએક પ્રદેશમાંથી ગુલામોને ઉઠાવી લાવતા હતા. એ વેપારીઓ વેપારમાં એટલા તો પાવરધા બની ગયા હતા કે સ્પેઈનના વતનીઓ પાસેથી તેલના બદલામાં વહાણો ભરીને રૂપું લાવતા હતા. એ રૂપાનો જથ્થો એટલો મોટો હતો કે તેથી તેમનાં વહાણ ઊભરાઈ જતાં અને એ બુદ્ધિમાન વેપારીઓ વહાણનાં વજનદાર લંગરો પત્થર કે લોખંડના રાખવાને બદલે રૂપાના રાખતા હતા. પણ એ વેપારીઓને આવા વેપારથી શાન્તિ વળી નહોતી. સ્પેઈનના વતનીઓને એ લોક ઉપાડી લાવતા હતા અને તેમને ગુલામો તરીકે વેચતા હતા. તે સમયના વેપાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને લૂંટફાટમાં કોઈ ઝાઝો તફાવત હતો નહિ. એ વેપારના નામમાં નબળાઓનો નાશ કરવામાં આવતો હતો. શક્ય હોય ત્યાં લૂંટ ચલાવવામાં આવતી હતી અને ભલાભોળા લોકોને છેતરવામાં આવતા હતા. એ વેપારના નામેજ કોઈકોઈ વાર બીજાં વહાણોને પકડવામાં આવતાં હતાં તથા તેમના માલને જપ્ત કરવામાં આવતો હતો.

એમનાં નીચાં અને સાંકડાં વહાણો સીત્તેર ફૂટ જેટલાં લાંબાં હતાં. એ વહાણને એક મોટું શઢ હતું. એ વહાણોને હાંકનારા ગુલામ હતા. તૂતક પર એ વહાણનું રક્ષણ કરનારા ચોકી કરતા હતા. આ વહાણો કિનારે કિનારે હંકારાતાં હતાં અને સાંજના સમયે ભાગ્યેજ સફર કરતાં હતાં. પણ વહાણવટાનો પછી વિકાસ થતાં ફીનીશિયન ખલાસીઓ ઉત્તરના તારાની મદદથી મહાસાગરોમાં દૂર દૂર હંકારતા હતા. પછી એ લોકોએ આફ્રિકાની આસપાસ મુસાફરી કરી અને વાસ્કોડીગામાથી બે હજાર વર્ષ પહેલાં કેપ ઓફ ગુડહોપની શોધ કરી. એ વેપારીઓનાં વહાણો જ્યાં ચોમાસાની શરૂઆત થતી ત્યાં અટકી જતાં. કિનારા પરની જમીનોમાં અનાજ વાવતાં થતા પાક લઈને પાછાં સમુદ્રોમાં હંકારતા. એ રીતે એ વેપારીઓનાં વહાણ બે વર્ષે છજીપ્ત પહોંચતાં. ચાંચીઆઓ ને વેપારીઓ એ રીતે અજોડ સાહસિક બન્યા હતા.

એ વેપારીઓએ ભૂમધ્યનાં મુખ્ય મુખ્ય મથકો પર પોતાનાં થાણાં બાંધ્યાં હતાં. એ થાણાઓ પછી વખત જતાં સંસ્થાનો કે શહેરો થવા પામ્યાં છે. એવાં થાણાં કેડીઝમાં, કાર્થેજમાં, માર્સેલ્સમાં અને દૂર ઈંગ્લાંડમાં હતાં. એ વેપારીઓની જમાતોએ સિપ્રસ, મોલ્ટા અને રોડસમાં પોતાનાં થાણાં નાખ્યાં હતાં. એ વેપારીઓએ વેપાર કરતાં કરતાં સમીપપૂર્વ તરફની કલાઓ ને વિજ્ઞાનોના અભ્યાસ કરી તેમને ગ્રીસ, આફ્રિકા, ઈટાલી અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્પેનમાં પ્હોંચાડયાં હતાં. એ વેપારીઓએ યુરોપના પ્રદેશોને જંગલની હેવાનિયતમાંથી જગાડવા માંડયા હતા.

વેપારથી પોષાતી વેપારી શ્રીમંતોથી શાસન પામતી અને વેપારી રીતે પોતાની દોલતને જમાવતી અને વધારતી એ વેપારી કોમ ફીનીશિયામાં સૌથી વધારે શ્રીમંત અને ધનવાન નગરો ઉપજાવતી હતી. એ વેપારીઓના નગરોમાં બીબ્લોસ્ટ સૌથી જૂનું નગર હતું. વેપારીના ભગવાન ઈલેએ એ નગરનો પાયો નાખ્યો હતો. અને ફીનીશિયાના ઇતિહાસના અંત સુધી એ નગર ફીનીશિયાના ધાર્મિક પાટનગર તરીકે જીવ્યું હતું.

કિનારા પર પચાસ માઇલ દૂર સીડોન નામે બીજું નગર હતું. સૌથી પહેલાં એ નગર એક કિલ્લો જ માત્ર હતું. પછી એ કિલ્લાની આસપાસ ગામ વસ્યું અને એ ગામમાંથી એક મોટું આબાદ શહેર વસવા પામ્યું. જ્યારે ઇરાની લોકોએ એ નગરને ઘેરો ઘાલ્યો ને જીત્યું ત્યારે એ નગરનું રક્ષણ કરનારા મગરૂર સરદારોએ એ નગરને પોતે જાતે જ સળગાવી મૂકયું ત્યારે એમાં સળગી ગયેલા ચાલીસ હજાર વતનીની રાખ ઊડતી હતી. ફીનીશિયન નગરોમાં સૌથી મહાન નગર આયર હતું. કિનારાથી કેટલાક માઇલ દૂર એક ખડક ટાપુપર એ નગર બાંધવામાં આવ્યું હતું. એની ભવ્યતા, એની બંદરની સવડ અને એની મૌલિક સલામતીએ એને વેપારીઓનું પાટનગર બનાવ્યું. આખા ભૂમધ્ય જગતમાંથી એ નગરમાં વેપારીઓ આવીને વસ્યા હતા અને દુનિયાના એકેએક ઘર મોટી વિશાળ ઇમારતો હતી. સિકંદર આવ્યો ત્યાં સુધી એ નગરે પોતાની દોલત અને સ્વતંત્રતા સાચવી રાખ્યાં હતાં.

જેમ એકેએક પ્રજાને જરૂર પડી છે તેમ ફીનીશિયાને પણ દેવદેવીની જરૂર પડી હતી. એકેએક શહેરમાં તે શહેરનો ભગવાન બાલ હતો. એ બાલ ફીનીશિયાની બધી દોલત અને બધા ઉત્પાદનોને ઉપજાવનારો હતો. આસ્ટાટ નામે ફીનીશિયાની દેવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતી. ગ્રીક લોકો એને એફ્રોડાઇટ કહેતા હતા. એ આસ્ટાટને પૂજનાર સ્ત્રીઓ એ દેવીની આરાધનાના વિધિ તરીકે દેવળમાં કોઈ પણ અજાણ્યા માણસસાથે વેશ્યાવૃતિ સેવતી હતી. છેવટમાં ફીનીશિયામાં મોલોક નામના ભયંકર દેવની આરાધના થવા માંડી. એ આરાધનામાં ફીનીશિયન લોકોએ પોતાના બાળકોનાં બલિદાન દેવોને આપ્યાં છે.

સંસ્કૃતિના ઇતિહાસમાં ફીનીશિયન લોકોનું સ્થાન ઓછા મહત્ત્વનું નથી. એ વેપારી લોકોએ ઇજીપ્તનું અક્ષરજ્ઞાન બીજી પ્રજાઓને આપ્યું હતું. વેપારી ઉદ્દેશોની ખાતર ભૂમધ્યની પ્રજાને એક બીજા સાથે જોડી હતી. એ વેપારી લોકોએ ઇજીપ્તમાંથી ગ્રીસમાં અક્ષરજ્ઞાન ઉતાર્યું હતું.

ફીનીશિયાની પાછળ આવેલું સીરિયા એક બીજી સેમીટિક પ્રજાનું મથક હતું. ફીનીશિયાની પાછળ આવેલી લીબાનોની ટેક-રીઓના ખોળામાં સીરિયાન લોકોની રાજધાની દમાસ્કસ હતી. એ નગરના રહેવાસીઓ સેમીટિક જાતના વેપારીઓ હતા. એ વેપારીઓ જમીન પર સીરિયાના પર્વતોને મેદાનોમાં થઈ વેપાર કરતા હતા. સીરિયન વેપારી માટે કારીગરો ને ગુલામો કામ કરતા હતા.

દમાસ્કસના રહેવાસીઓની નીતિ ને રીતરીવાજો બેબીલોનને મળતા હતા. ધાર્મિક વેશ્યાવૃતિ ખૂબ વિકાસ પામી હતી. સીરિયાની માતા પણ આસ્ટાર હતી. એના ઉત્સવો ખૂબ દબ-દબાથી ઊજવવામાં આવતા હતા. એ દેવીને અનેક બલિદાનો આપવામાં આવતાં હતાં. સૌથી મોટો દેવ ઇલ અથવા ઇલુ હતો. સીરિયાની દક્ષિણે પણ એજ જાતની ધાર્મિકતા ચાલી રહી હતી એ દેવદેવીઓને પ્રસન્ન કરવા માટે માબાપો પોતાનાં બાળકોનું લોહી આપતાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૧૦

### પર્શિયા

સંસ્કૃતિના ઇતિહાસમાં ફાળો આપનાર જે પર્શિયાની વાત આપણે કરીએ છીએ તે પર્શિયા જેને આપણે ઇરાન કહીએ છે તેટલું ન હતું. તે સમયનું પર્શિયા પર્શિયન ગલ્ફથી પૂર્વ તરફ એક જમીનનો નાનો ટુકડો હતું. જેને પર્શિયન લોકો પાર્સ નામે ઓળખતા હતા. પર્વતો અને રણોથી ભરપૂર એ પ્રદેશમાં નદીઓ નહિ જેવી હતી. ઠંડી અને તાપ ખૂબ સખ્ત હતાં. એની વસ્તીના વીશ લાખ મનુષ્યને જીવતા રાખવાનું ખાસ કોઈ સાધન એ પ્રદેશ પાસે હતું નહિ. એટલે એ આખો પ્રદેશ વેપાર અને યુદ્ધની લૂંટફાટ પર નભતો હતો. એ પ્રદેશ પર રહેતી વસતી મીડીસ લોકોની જેમ ઇન્ડોયુરોપીયન જાતિની હતી. કદાચ એ લોકો દક્ષિણ રશિયાથી આવ્યા હશે. એ લોકોની ભાષા અને ધર્મ આર્ય લોકોના ધર્મ અને ભાષાને ખૂબ મળતાં છે. એનો એક રાજા ડેરીઅસ પહેલો પોતાની જાતને એક પર્શિયન તરીકે આર્ય વંશનો કહેડાવે છે. અફઘાનીસ્તાનમાં થઈને હીંદમાં આવેલા આર્ય લોકોની જેમ એ લોકો પણ પોતાના જૂના પ્રદેશને આર્યાનાવીજો આર્યોનું ઘર કહેવડાવે છે. મૂળ શબ્દ આર્યના ઉપરથી ઇરાન શબ્દ બન્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એસીરિયાના વિનાશમાં જે લોકોએ ખ્ય મુભાગ ભજવ્યો છે એવા મીડીસ લોકો કુર્દીસ્તાનના પર્વતોમાં પાર્સુઓના નામના પ્રદેશમાં ઈ. પૂ. ૮૩૭માં રહેતા હતા એવો ઉલ્લેખ જડી આવે છે. ત્યાં સતાવીશ રાજાઓ જુદાં જુદાં સતાવીશ રાજ્યો પર રાજ્ય કરતા હતા. એ સતાવીશ રાજ્યોના લોકો ત્રણ જાતના હતા. આપાડાઇ, મડાઈ ને મીડીસ એ લોકો ઈન્ડોયુરોપીઅન હતા. અને ઈ. પૂ. ૧૦૦૦ વર્ષ પહેલા કેસ્પીઅન મહાસાગરના કિનારેથી પશ્ચિમ એશિયામાં આવ્યા હતા. ઝેન્ડ એવેસ્તા જે પર્શિયન લોકોના ધર્મ પુસ્તકનું નામ છે તેમાં એ પુરાણા પ્રદેશની સ્મૃતિ જડી આવે છે. એ ધર્મ પુસ્તકોમાં એ પ્રદેશનુ વર્ણન સ્વર્ગ તરીકે કરવામાં આવે છે. એ પ્રદેશપરથી મીડીસ લોકો સમરકંદ અને બુખારા તરફ આગળને આગળ પર્શિયા સુધી પહોંચ્યા હોય એમ જણાય છે.

ડીઓસીસ નામનો પર્શિયાનો પહેલો રાજા થયો અને તેણે પહેલીવાર પાટનગર બંધાવ્યું. એની સરદારી નીચે ઝીડીસ લોકો વધારે મજબૂત થયા અને એસીરિયાને ભયરૂપ બન્યા.

પર્શિયાને મીડીસ લોકોએ છત્રીસ અક્ષરવાળી પોતાની આર્યભાષા આપી લખતાં શીખવ્યું. શીલ્પકળાનું જ્ઞાન આપ્યું તથા તેને પોતાની કુટુંબવ્યવસ્થા આપી અને ધર્મ આપ્યો. તથા એ લોકોમાં એક કરતાં વધારે સ્ત્રી પરણવાના રીવાજ દાખલ કર્યાં અને સાહીત્યનો વિકાસ કરવા ઉપરાંત કાયદાઓ બાંધ્યા. પર્શિયાએ મીડીઆ ઉપર અધિકાર જમાવ્યો પછી સમીપપૂર્વના બધા પ્રદેશો પર કાબૂ મેળવવાની શરૂઆત કરી.

પર્શિયાના રાજાઓમાં સીરસ ખૂબ મહાન હતો. એના જીવન પ્રસંગો સાથે એટલી બધી કલ્પનાઓ કે દંતકથાઓ વણાઈ ગઈ છે કે એનું સ્વતંત્ર વ્યક્તિત્વ જણાતું નથી. તો પણ તે સિકંદર પહેલાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટો યોદ્ધો હતો એ વાત સાચી છે. એ ખૂબ સુંદર હતો અને એનાથી પર્શિયાના મહાન રાજાઓની હારમાળા શરૂ થઈ છે. એણે મીડીઆ ને પર્શિયાનાં લશ્કરોને અજય બનાવ્યાં તથા સાર્ડીસ અને બેબીલોનને જીતી લીધાં. તથા એક વર્ષ સુધી સેમીટિક લોકોનું શાસન પશ્ચિમ એશિયામાંથી બંધ કરી દીધું. એણે એસીરિયા, બેબી-લોનિયા, લીડિયા અને એશિયામાઈનોરને પર્શિયન સામ્રાજ્યના વિભાગ બનાવી દીધા. એ પર્શિયન સામ્રાજ્ય રોમન સામ્રાજ્ય પહેલાંનું સૌથી મોટું સામ્રાજ્ય છે. તથા ખૂબ ઉત્તમ રીતે શાસિત થયેલું સામ્રાજ્ય છે.

એ સીરસની ઉદારતા એના દુશ્મનો પણ જાણતા હતા અને તેથી તે લોકો એની સામે મારી નાખવાનો કે મરવાનો નિશ્ચય કરીને લઢતા નહોતા. એણે યહુદી લોકો સાથે ખૂબ ઉદાર ભાવવાળું વર્તન રાખ્યું હતું. એણે પોતાના સામ્રાજ્યના જુદા જુદા લોકોને તેમને ફાવે તે ધર્મ પાળવાની અને ગમે તે દેવદેવીને પૂજવાની છૂટ આપી હતી. એ દુશ્મનોના નગરનો નાશ કરતો નહોતો. તથા દેવળોને ભાંગી નાખતો નહોતો. એ વિધર્મી લોકોનાં દેવદેવી તરફ માન ધરાવતો હતો તથા બીજા ધર્મના મંદિરોમાં ભેટ ધરતો હતો. એ ખૂબ સમજુ રીતે બેદરકારીથી બધા ધર્મોને સ્વીકારતો હતો અને ખૂબ વિવેકપૂર્વક બધા દેવોની ખુશામત કરતો હતો. કારણ કે એ જાણતો હતો કે તે સમયની પ્રજા કરતાં તેમનો ભોગ લેનારાં દેવદેવીઓ વધારે બળવાન હતાં. એણે આખા સમીપ-પૂર્વના પ્રદેશોને જીત્યા પછી, કેસ્પીઅન સમુદ્રના દક્ષિણ કિનારા પર યુદ્ધ કરતાં જાન ખોયો.

એના પછી એનો અર્ધો ગાંડો દીકરો કેમ્બીસીસ નામે ગાદીએ આવ્યો. અને એણે એના રાજ્યની શરૂઆત એનાં સ્મર્ડીસ નામના ભાઈને મારી નાખીને કરી. એણે ઇજીપ્તની દોલત વિષે સાંભળીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇજીપ્ત ઉપર ચઢાઈ કરી. પછી પર્શિયન સામ્રાજ્ય નાઈલ સુધી વિસ્તાર પામ્યું. કેમ્બીસસનું ગાંડપણ વધતું જતું હતું. એણે ઇજીપ્તના ધર્મનો ઉપહાસ કર્યો. તથા એણે ઇજીપ્શિયન લોકોના બીએસ નામના દેવને એણે ખંજર ભોંકયું. એણે પિરામીડમાં સૂતેલાં મડદાને બહાર કહાડયાં અને કબરોમાં નિરંકુશ ફર્યો. એણે ઇજીપ્તના દેવળોને ભ્રષ્ટ કર્યાં તથા મૂર્તિઓને સળગાવી મૂકવાનો હુકમ કર્યો. પછી એ માંદો પડયો. અને માંદગી તથા ગાંડપણમાં એણે એની પોતાની એક બહેનને મારી નાખી. તથા પોતાની સ્ત્રી રોકસાને પણ મારી નાખી. એણે પોતાના દીકરા રીકસેસમીને વીંધી નાખ્યો. બાર પર્શિયન ઉમરાવોને જીવતા દાટી દીધા. એ પર્શિયા પાછો જતો હતો ત્યારે રસ્તામાં એને ખબર મળ્યા કે એની ગાદી બીજા કોઈએ પચાવી લીધી છે. પછી એ આપઘાત કરી મરણ પામ્યો.

એની ગાદી પચાવી પાડનાર પોતે સ્મરડીશ છે એમ કહેતો હતો. પણ એ સ્મરડીશને ગાદી પરથી ઉઠાડી મૂકવામાં આવ્યો. સાત ઉમરાવોએ હીસ્ટેસ્ટીસના દીકરા ડેરીઅસને ગાદી પર બેસાડયો. એ ડેરીઅસ પણ પર્શિયાનો મહાન રાજા હતો. એ ગાદી પર આવ્યો ત્યારે ઇજીપ્ત અને લીડિયાના ગવર્નરોએ તેને સ્વીકારવાની ના પાડી. સુસીઆના, બેબીલોનિયા, મીડિયા, એસીરિયા, આર્મીનિયા અને સેસીઆ તથા બીજા રાજ્યોએ બળવો પોકાર્યો. ડેરીઅસે એ સૌ સાથે યુદ્ધ કરી તેમને કઠોર રીતે દાબી દીધા. એણે બેબીલોનને લાંબા વખત સુધી ઘેરો ઘાલી તાબે કર્યું. તથા બેબીલોનના આગળ પડતા ત્રણ હજાર લોકોને ફાંસી પર લટકાવી દીધા. ત્યાર પછી કંઈ જબરા ઝંઝાવાત જેવો એ ઠેર ઠેર ફરી વળ્યો તથા બધા બળવાઓ શમાવ્યા. પછી એને પર્શિયન સામ્રાજ્યને રક્ષવા માટે તેના રાજતંત્રને સુધારવાની જરૂર જણાઈ. એણે બખતર ઉતારી નાખ્યું. તથા એક વિચક્ષણ રાજકીય પુરુષ બન્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રોમના પતન સુધી અનુકરણ કરવા જેવું પર્શિયન રાજતંત્ર રાજ્ય વ્યવસ્થાનો નમૂનો બની ગયું.

પણ ફરીવાર પાછું તેને યુદ્ધમાં ઊતરવું પડયુ. એણે એના લશ્કરો દક્ષિણ રશિયામાં ઉતાર્યાં. એ બોસ્ફરસમાં થઈને ડાન્યુબ અને વોલ્ગા ઓળંગી સ્કીથિયન લોકોની પાછળ પડયો. ત્યાંથી એ અફઘાનીસ્તાનમાં થઈ સેંકડો પર્વતોની હારમાળા પસાર કરી સિંધુનદીની ખીણમાં પહોંચ્યો. ત્યાર પછી એ ગ્રીસમાં પહોંચ્યો. પછી આયોનિયાએ બળવો કર્યો અને સ્પાર્ટા તથા એથેન્સે તેને મદદ કરી. પાછો ડેરીઅસ સંગ્રામમાં પડયો. મેરીથોન પાસે તે હાર્યો અને પર્શિયા આવી મરણ પામ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૧૧

# લોકજીવન

## વેપારઉદ્યોગ

ડેરીઅસની સરદારી નીચે પર્શિયન સામ્રાજ્ય ઇજીપ્તમાં, પેલેસ્ટાઇનમાં, સીરિયામાં, ફીનીશિયામાં, લીડીરિયામાં આયોનિયામાં, કે પેડોસિયામાં, એસીરિયામાં, કોકેસસમાં, બેબીલોનિયામાં સીડિયામાં, અફ્ઘાનીસ્તાનમાં, બલુચીસ્તાનમાં તથા સિન્ધુની પશ્ચિમે હિન્દુસ્થાનમાં તથા બીજી એશિયાની જાતોમાં વિસ્તાર પામ્યું. ઇતિહાસમાં આ સામ્રાજ્ય ઘણું મહાન ગણાય છે.

પર્શિયન લોકો પોતાના મૂળ પ્રદેશને આર્યાનાવીજો, (આર્યોનુ ઘર) કહેતા હતા. આજે એને ઇરાન કહેવાય છે.

પર્શિયન લોકો સમીપપૂર્વના લોકોમાં ખૂબ સખત અને લડાયક બન્યા હતા. પણ ખૂબ દોલત એકઠી થવાથી મુલાયમ અને શોખીન બન્યા હતા. એ લોક મીડિયન પોશાક પહેરતા હતા અને શણગાર સજતા હતા. પર્શિયાના લાંબા ઇતિહાસમાં ઘણી જાતની ભાષાએ‌ા વપરાઈ છે. ડેરીઅસના સમયમાં પર્શિયન ઉમરાવો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા દરબારની જૂની પર્શિયન ભાષા સંસ્કૃતને ખૂબ મળતી આવતી હતી. એ જૂની પર્શિયન ભાષા ધીમે ધીમે પાલવી ભાષા બની. પર્શિયન લોકોએ જ્યારે લખવાની શરૂઆત કરી ત્યારે એમણે એમના શિલાલેખો માટે બેબીલોનિયાની ભાષાનું તથા આરેમીડ અક્ષરનો ઉપયોગ કર્યો. બેબીલોનિયાની ત્રણસો ચિન્હોવાળી ભાષાને છત્રીસ ચિન્હોવાળી બનાવી દીધી.

પર્શિયાનો સામાન્ય માણસ અભણ હતો કારણ કે તે સમયના શોખ ભણવાના ન હતા. તે સમયનો પર્શિયાનો મુખ્ય ધંધો ખેતીવાડીનો હતો. એ ધંધો પર્શિયાના ભગવાન આહૂરમ-ઝદને ખૂબ પ્રિય છે, એમ મનાતું હતું. થોડાક પ્રદેશ સંઘખેતી માટે વપરાતો હતો પણ જમીનનો મોટો ભાગ અમીર ઉમરા-વોના કબજાનીચે હતો અને જમીનના મોટા ભાગને ખેડનારા લોક જમીનદારોના ગુલામ બનેલા ખેડૂતો હતા. તે સમયની ખેતી બળદવાળા હળથી કરવામાં આવતી હતી. નહેરોના બાંધકામથી ખેતરોને પાણી પૂરૂં પાડવામાં આવતું હતું. જવ અને ઘઉં એ લોકોનો મુખ્ય ખોરાક હતો, અને એ ઉપરાંત ખોરાક માટે ખૂબ માંસ અને દારૂ વપરાતાં હતાં એક કેફ કરે એવું પીણું સોમ-રસ નામનું હતું. એ દેવોને ખૂબ ગમતું એમ મનાતું હતું તથા પવિત્ર લેખાતું હતું.

પણ પર્શિયામાં ઉદ્યોગનો વિકાસ જોઈએ તેવો થયો નહોતો. એણે જીતેલા સમીપપૂર્વના મુલકોમાં હાથઉદ્યોગનો વિકાસ કરવા કરતાં વેપારના વ્યવહાર માટે વધારે ધ્યાન બતાવવામાં આવ્યું છે. ડેરીઅસની દેખરેખ નીચે ઘણા મોટા મોટા ઇજનેરો બીજાં નગરો સાથે સંબંધ બાંધવા રસ્તાઓ બાંધતા હતા. એ રસ્તાઓમાંનો એક સુસાથી સાર્ડીસ સુધી હતો અને પંદરસો માઇલ લાંબો હતો. એ રસ્તાઓને ખૂબ સરસ રીતે માપવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવતા હતા. અને થોડે થોડે અંતરે રાજાને ઊતરવાનાં મથકો તથા આરામગાહો બાંધવામાં આવતાં હતાં. રસ્તા પર બાંધેલા દરેક મથકે ટપાલ લાવવા લઈ જવા ઘોડાઓ દોડતા હતા. સુસાથી સાર્ડીસનો પંદરસો માઇલ જેટલો લાંબો રસ્તો પસાર કરવાને સામાન્ય માણસને નેવું દિવસ લગતા હતા. પણ ટપાલને એજ રસ્તો પસાર કરતાં એકજ અઠવાડિયું લાગતું. મોટી નદીઓ પર હોડીઓ ચાલતી હતી પરંતુ ઇજનેરો યુફ્રેટીસ જેવી મોટી નદીપર પૂલો બાંધી શકતા તથા તે પર હાથીઓ પણ ચાલી શકતા હતા. પર્શિયાથી જતા બીજા રસ્તાઓ અફગાનીસ્તાન થઈ હીંદમાં જતા હતા અને હિંદના ધનના ભંડારો પર્શિયા લાવવામાં વેપારી રસ્તાનું સુસા મધ્યસ્થ મથક હતું. એ ઉપરાંત રસ્તાઓનો મુખ્ય ઉદ્દેશ લશ્કરી પણ હતો. સામ્રાજ્યના પરાધીન મુલકો પર શાસન જાળવવા માટે અને પરાધીન મુલકોને કાબૂનીચે રાખવા માટે એજ રસ્તા પર લશ્કરો દોડતાં હતાં. પરંતુ એ રસ્તાઓ પર થઈને જુદા જુદા મુલકો એક બીજાની સાથે વિચારોની આપલે કરતા હતા તથા વેપારી સંબંધો વધારતા હતા. પરન્તુ જમીન પર વ્યવહાર જેટલો વધ્યો હતો અને વિકાસ પામ્યો હતો તેટલો વિકાસ વહાણવટાનો થયો નહોતો. પર્શિયન લોકો પાસે પોતાનો સ્વતંત્ર દરિયાઈ કાફલો હતો નહિ. એ લોકો ગ્રીકો અને ફીનીશિયાનાં વહાણો ભાડે રાખતાં હતાં. ડેરીઅસે એક મોટી નહેર રાતા સમુદ્ર અને નાઇલમાં થઈને પર્શિયા તથા ભૂમધ્ય મહાસાગરને જોડતી બનાવી હતી. પણ ડેરીઅસના વારસદારોએ એ મહાન બાંધકામ તરફ બેદરકારી બતાવી. આજે એ નહેર રેતીથી પુરાઇ ગઈ છે. ધીમે ધીમે વેપારનું બધું કામકાજ પરદેશીઓના હાથમાં જતું રહ્યું. બેબીલોનિયન લોકો ફીનીશિયન લોકો અને યહુદીલોકો મહાન વેપારી હતા. પર્શિયન લોકો વેપારને ધિક્કારતા ગયા. શ્રીમંત-લોકો વેપાર તરફ બેદરકારી બતાવતા ગયા, પણ ડેરીઅસે વેપાર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉદ્યોગનો વિકાસ કરવા માટે વેચાણ અને ખરીદીના સાધન તરીકે અને લેણદેણ કરવાના સાધન તરીકે ઢોરો તથા અનાજને બદલે સિક્કો દાખલ કર્યો. એ સિક્કો રૂપાનો હતો તથા એનું નામ ડેરીક હતું. પર્શિયાનો સોનાનો સિક્કો ઝરીક કહેવાતો હતો.

## સરકાર

પર્શિયાના જીવનના અર્થિક સ્વરૂપમાં વેપાર ઉદ્યોગ કરતાં રાજકરણ અને લશ્કરવાદને વધારે સ્થાન હતું. પર્શિયાએ પરાધીન મુલકોના એક મોટા મહાસાગરમાં એક નાના સરખા ટાપુ તરીકે પોતાનું જીવન શરૂ કર્યું. પોતાના પરાધીન મુલકો વચ્ચેનું નવું જીવન સામાન્ય રીતે ભયંકર હોય છે અને એવા જીવનને યુદ્ધકલા અને લશ્કરવાદ ખૂબ ખીલવવાં પડે છે.

પર્શિયાના રાજકારણમાં અગ્રણી ગણાતો રાજા હતો. ક્ષાત્ર એવો એ રાજાનો ઇલ્કાબ હતો. એ રાજાની સત્તા સાર્વભૌમ હતી. એનો ઇશારો થતાં કોઈ પણ જાતનાં ન્યાયના કારણો વિના જાનમાલ ઝડપાઈ જતાં હતાં. આજે યુરોપના પ્રદેશ પર જે જાતની ભયંકર નિરંકુશ સત્તા સરમુખત્યારી ભોગવી રહી છે તેવી સત્તા પર્શિયાનો મહારાજા ભોગવતો હતો. લોકમત દબાઈ ગયો હતો. રાજાની ઇચ્છા થતાં રાજા કેવળ પોતાનાં આનંદ ખાતર પોતાની તિરંદાજીની પરિક્ષા કરવા કોઈ પણ બાળકને વીંધી નાખતો અને એમ કરનાર રાજાને બાળકનો બાપ તિરંદાજી માટે વખાણતો. પર્શિયાના મહારાજાઓ વખત જતાં એશઆરામી બનતા ગયા તથા લશ્કરોને વ્યવસ્થિત બનાવવા કરતાં અને રાજકારણનો વિચાર કરવા કરતાં પોતાનો સમય શોખ અને વિલાસમાં વિતાડવા લાગ્યા. પર્શિયાના મહારાજાનાં અંતઃપુર વધવા લાગ્યાં. રાજાના બાળકોની સંખ્યા ઊભરાવા લાગી. અંતઃપુરના અમલદારોએ રાજકુટુંબના કાવત્રામાં રસ લેવા માંડ્યો. રાજ્યારોહણ પહેલાં રાજાનું ખૂન, એ નિયમ બનવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માંડ્યો. આજે પર્શિયાના રાજાને શાહ કહેવામાં આવે છે અને પર્શિયાના ઇલાકાના ઉપરી અધિકારીઓ ક્ષત્રપો કહેવાય છે. હિન્દમાં પણ લડાયક વર્ગ આજ સુધી ક્ષત્રિય તરીકે ઓળખાય છે.

સરકારની એવી પરિસ્થિતિમાં રાજાની ઇચ્છા એજ માત્ર કાયદો હતો અને લશ્કરી સત્તા એજ વ્યવસ્થા હતી. એ કાયદો અને એ વ્યવસ્થા સામે બીજા કોઈ પણ હક્કો સુરક્ષિત નહોતા. એમ માનવામાં આવતું હતું કે રાજા એ દૈવી પ્રાણી છે અને તેથી રાજાની ઇચ્છાને પર્શિયાનો ભગવાન આહુરમઝદ પ્રેરે છે. એવી રાજાની ઇચ્છા એજ કાયદો હોવાથી રાજાની ઇચ્છા સામે થનાર કોઈ પણ ઇશ્વરનું અપરાધી લેખાતું હતું. સૌથી છેલ્લી અદાલત રાજા પોતે હતો. રાજા પછી બીજી અદાલત સાત ન્યાયાધીશોવાળી હાઈકોર્ટ હતી. અને એ હાઈકોર્ટ નીચે નાની નાની અદાલતો આખા રાજ્ય પર પથરાઈ ગઈ હતી. કાયદાઓનો મોટો ભાગ ધર્મગુરુઓને હાથે ઘડાતો હતો. એ કાયદાઓની સાથે જ શિક્ષાઓનું એક મોટું શાસ્ત્ર યોજવામાં આવ્યું હતું. એ કાયદાઓને લશ્કરની મદદથી પર્શિયાનો રાજા પોતાના તાબા નીચેના વીશ મુલકો પર રાજ્ય ચલાવતો હતો. પર્શિયાનું પાટનગર ઉનાળા માટે ઇકબાટા હતું અને બીજા સમય માટે સુસા હતું. સુસા ખૂબ દૂર હોવાથી ચઢાઈ કરનારાઓ માટે અસાધ્ય મનાતું. સિકંદરને સુસા પહોંચવા માટે બે હજાર માઇલ જેટલો લાંબો રસ્તો કાપવો પડ્યો હતો. પાટનગરમાંથી શાસન પામતા પર્શિયન સામ્રાજ્યનો વિસ્તાર વીશ ઇલાકા અથવા ક્ષત્રપીમાં થયો હતો. દરેક ઇલાકા પર પર્શિયાના મહારાજાએ નીમેલો ક્ષત્રપ રાજ્ય ચલાવતો હતો. એકે ક્ષત્રપ પાસે લશ્કરી સત્તા હતી નહિ. દરેક ઇલાકાની લશ્કરી સત્તાનું નિયમન પર્શિયામાંની મધ્યસ્થ સરકાર સેનાપતિદ્વારા કરતી. એવી લશ્કરી વ્યવસ્થામાં ક્ષત્રપો અને સેનાપતિથી સ્વતંત્ર એવો એક મંત્રી દરેક ઇલાકામાં રાખવામાં આવતો. એ મંત્રીનું કામ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજાને લશ્કરી હીલચાલથી માહીતગાર રાખવાનું હતું. એવા મંત્રીઓ પોતપોતાના ઈલાકાના ક્ષત્રપોને નહિ પણ પર્શિયાના મહારાજાને સીધા જવાબદાર હતા. એ બધા ઉપરાંત પર્શિયાના મહારાજા પાસે એક છૂપું પોલીસ મંડળ પણ હતું. એ મંડળ રાજનાં આંખ કાન તરીકે ઓળખાતું હતું. એ મંડળના હોદ્દેદારો કોઈ પણ સમયે કોઈ પણ ઈલાકાના સરકારી વહીવટો તપાસી શકતા હતા અને રાજાના ખાનગી હુકમથી કોઈ પણ જાતનું કામ ચલાવ્યા વગર ક્ષત્રપોને ગાદી પરથી ઉઠાડી મૂકતા કે તેમનું ખૂન કરાવી શકતા. એવા પર્શિઆના સરકારીતંત્રનો છેલ્લો વિભાગ સરકારી કારકૂનોનો હતો. સંખ્યાબંધ કારકૂનો સરકારી વહીવટનાં કામકાજો કરતા હતા. એવી જાતના રાજતંત્રવાળું પર્શિયાન સામ્રાજ્ય રોમન સામ્રાજ્ય પહેલાનાં સામ્રાજ્યોમાં સામ્રાજ્યશાહીના સફળ પ્રયોગવાળું મનાતું હતું. એકેએક પરાધીન મુલકની પ્રજાઓને તેમની ભાષાઓ, રીતરીવાજો, નીતિનાં ધોરણો, ધર્મો, ચલણના સિક્કાઓ તથા રાજવંશો જાળવી રાખવા દેવામાં આવતા હતા. પોતાના ઘરના વધારે જુલ્મી રાજ્યકર્તાઓના શાસન નીચે પસાર થયેલી બેબીલોનિયા, પેલેસ્ટાઈન અને ફીનીશિયાની પ્રજાઓ પોતાની જાતને વધારે સુરક્ષિત અને સંતુષ્ટ માનતી હતી.

## કલા વિજ્ઞાન

બીજી વસ્તુઓની જેમ પર્શિયાન લોકો બેબીલોનથી વિજ્ઞાનને લાવ્યા હતા. એ વિજ્ઞાનની શરૂઆત વૈદક શાસ્ત્રથી થઈ હતી. વૈદક શાસ્ત્ર ધર્મગુરુઓના હાથમાં હતું. વૈદક ધર્મગુરુઓ જુદી જુદી જાતના એક લાખ રોગોને ગણાવતા હતા. અને એ રોગોના ઉપાય તરીકે આરોગ્ય વિજ્ઞાન સાથે જાદુને મેળવતા હતા. ઘણીવાર એ લોકો દવાઓને બદલે મંત્ર જંત્રનો ઉપચાર કરતા હતા. ઘણો વખત જતાં વૈદક શાસ્ત્રનો વિકાસ થયો અને વૈદો તથા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડોકટરોનાં મંડળો જામ્યાં. વૈદો ધર્મગુરુઓની માફક સારવાર કરતા હતા. અને શરૂઆતના વૈદો પોતાના ઉપચારના પ્રયોગો ગરીબો ને પરદેશીઓ પર કરતા- પર્શિયાના ભગવાનના નામે પર્શિયાનું ધર્મશાસ્ત્ર કહેતું હતું કે પર્શિયાના ભગવાન આહુરમઝદની એવી આજ્ઞા છે કે શરૂઆતનો વૈદ પોતાના ઉપચારોના પ્રયોગો ભગવાનના ભકતપર નહિ કરે પણ દેવલોકોના (દુષ્ટસત્ત્વના) ભકતો પર કરશે.

કેવળ શિલ્પવિજ્ઞાનમાં પર્શિયન લોકો પાસે પોતાની નવી કલાઓ છે. સીરસ ડેરીઅસ અને ઝર્કસસના સમયમાં નવી નવી કબરો ને મહાલયો બાંધવામાં આવ્યાં. સીરસને ડેરીઅસના સમયમાં મોટામોટા રસ્તાઓ બાંધવામાં આવ્યા હતા. તથા નહેરો બાંધવામાં આવી હતી. આજે એ પર્શિયન શિલ્પકલાના સ્મારકમાં જે કાંઈ જીવવા પામ્યું છે તે બે હજાર વર્ષના જૂના જૂના દેવળો ને મહાલયોના ખંડેરો છે તે છતાં પણ દરેક કલા માટે કહી શકાય તે પર્શિયન કલા માટે કહેવાય છે કે તેમાં બધાં તત્ત્વો ઉછીના લેવામાં આવ્યાં હતાં. સીરસની કબરનો આકાર લીડિયામાંથી લેવાયો હતો. પત્થરના સ્તંભોનું અનુઅરણ એસીરિયામમાંથી ગયું હતું. અને એજ રીતે ઇજીપ્ત અને નીનીવેહ અને બેબીલોન પાસેથી પર્શિયન કલાએ ઘણી વસ્તુઓ ઉછીની લીધી છે.

## ધર્મ

ઈશુના જન્મ પહેલાં સેંકડો વર્ષ પૂર્વે એક મોટા ફિરસ્તાનો જન્મ આર્યાનાવિજ્જે ( આર્યોનું ઘર )માં થયો. ત્યાંના લોકો એ ફિરસ્તાને જરથુસ્ત તરીકે ઓળખે છે. ગ્રીક લોકો એને ઝોરોસ્ટ્ર કહેતા હતા.

જેમ ધર્મની વિભૂતિઓમાં દૈવી અને ગૂઢ તત્ત્વો ઉમેરી દેવામાં આવે છે તેવી રીતે જરથુસ્તમાં કરવામાં આવ્યું હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સોમનામના પવિત્ર મનાતા છોડવામાં એક દેવદૂતને પ્રવેશ થયો. દેવને બલિદાન દેતી વખતે ધર્મગુરુમાં એ સોમરસમાં બેઠેલા દેવદૂતે પ્રવેશ કર્યો. એજ વખતે એક ખૂબ ઉમદા કુળની કુમારીકામાં એક દૈવી કિરણે પ્રવેશ કર્યો. ધર્મગુરુ એ કુમારીકા સાથે પરણ્યો. ધર્મગુરુમાં પેઠેલા દેવદૂતનો દૈવી કુમારીકામાં પેઠેલા કિરણ સાથે સંયોગ થયો. અને કુમારિકાને જરથુસ્ત સાંપડયો. પછી એ મોટો થયો ત્યારે ડહાપણ અને સદ્‌ગુણના પ્રેમમાં પડયો. એણે માનવ સમાજ તજી દીધો તથા જંગલમાં ફળફૂલ ખાઈને રહેવા લાગ્યો. ઘણા વર્ષના તપ પછી એને ભગવાન આહુરમઝદે ( Land of light ) દર્શન દીધાં અને એના હાથમાં એવેસ્તા ( જ્ઞાનનું પુસ્તક ) મૂકયું અને ફરમાવ્યું કે અવેસ્તામાં લખ્યા પ્રમાણેના જ્ઞાનનો લોકોમાં પ્રચાર કરજે એમ ધર્મકથા કહે છે. ઘણા વખત સુધી આખી દુનિયાએ એને રીબાવ્યો ને સતાવ્યો પણ છેવટે ઈરાનના એક મહારાજા વિસ્તાસ્પે એને આનંદથી સાંભળ્યો તથા પોતાના લોકોમાં નવો ધર્મ ફેલાવવાનું વચન આપ્યું. દંતકથા ઝરથુસ્તના ઉદયની અને ઝોરાસ્ત્રીઅન ધર્મના પ્રચારની એવી વાત બોલે છે. ઝોરાસ્ત્રીઅન ધર્મનો સ્થાપક ઝરથુસ્ત ખૂબ વર્ષ જીવ્યો અને પછી વીજળી પડવાથી મરણ પામી સ્વર્ગમાં ગયો.

ઝરસ્થુસ્ત અને એના ધર્મનો ઉદયકાળ ગ્રીકલોકો પંચાવનસો વર્ષ જૂનો હોવાનું કહે છે. બેબીલોનિયાનો બીરોસસ જરથુસ્તના કાળને ઇશુ પહેલાં બે હજાર વર્ષ જૂનો ગણે છે. તથા બીજા લોકો એમ પણ કહે છે કે જરથુસ્ત ઇશુ પહેલાં છથી દશ સૈકા-દરમ્યાન થયો હશે.

જ્યારે જરથુસ્તનો ઉદય થયો ત્યારે મીડીસ અને પર્શિયન લોકોના પૂર્વજો પ્રાણીઓની પૂજા કરતા હતા. ત્યાર પછી એ પૂર્વજો વેદકાળના આર્યોની સાથે પૃથ્વી, પાણી, વાયુ, તેજ અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આકાશને ભજતા હતા. એ પૂર્વજો સૂર્યને ભગવાન તરીકે પૂજતા હતા. પૃથ્વીને અનિતા દેવી તરીકે પૂજતા હતા. તથા આખલાને પણ દેવ માનતા હતા. એ આખલો મરણ પામી પાછો જન્મતો હતો અને માનવજાતનું પોષણ કરવા પોતાનું લોહી આપતો હતો. એવા આખલાને પર્શિયન લોકોના પૂર્વજો અને વેદકાળના આર્યો પૂજતા હતા. તથા સોમનામનો દારૂ પીતા હતા. આ બધું જોઈને જરથુસ્ત આઘાત પામી ગયો. એણે તે સમયના ભૈરવ અથવા ધર્મગુરુઓ સામે બળવો પોકાર્યો તથા ખૂબ બહાદુરી પૂર્વક બધાં દેવદેવીનો નાશ માગ્યો. તથા આઠે પહોર ભોગ માગતી દેવદેવીઓની ભૂંજાડને બદલે આહુરમઝદ નામના એક ભગવાનની સ્થાપના પોકારી.

સમાજના જે સંજોગોમાં નાનાનાના ઠાકોરો ને રાજાઓનો નાશ થઈ ચૂકયો હતો. તથા નાનામોટા મુલકો પર સ્વામીત્વ ભોગવતા એક ચક્રવર્તિ રાજાનો અધિકાર સ્થપાઈ ચૂકયો હતો, ત્યારે જેમ પૃથ્વી પર હતું તેમ સ્વર્ગમાં પણ એક જ સ્વામીનું આધિપત્ય સ્થપાય એ સ્વાભાવિક હતું. ડેરીઅસ પહેલાએ ધર્મનો આ નવો સિદ્ધાંત સ્વીકાર્યો તથા તેને સ્વીકારવામાં પોતાની વધારે સલામતી જોઈ. તથા ઝોરોસ્ત્રીઅન ધર્મને સરકારી ધર્મ બનાવ્યો.

અવેસ્તાં અથવા જ્ઞાનનું પુસ્તક જે આજે પર્શિયન ધર્મનું ધર્મપુસ્તક છે તે જુદી જુદી જાતની પ્રાર્થનાઓથી, ગીતોથી, દંતકથાઓથી, વિધાનોથી, ક્રિયાઓથી તથા નૈતિક ફરમાનોથી ભરેલું છે. અવેસ્તાના ઘણા શબ્દો, વિચારો ને વાકયો, ઋગ્વેદમાંથી લેવામાં આવ્યા છે. જાણે આખું અવેસ્તા આહુરમઝદની પ્રેરણાથી નહિ પણ વેદમાંથી લખાયું હોય તેવું છે. દુનિયાની દ્વૈતભાવમાં કલ્પના કરવામાં આવી છે તથા એ વિરોધી તત્ત્વોના કલહરૂપે તેને ચીતરવામાં આવી છે અને ભ્રષ્ટ બનેલા ગ્રીક અને આર્યોની જેમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મરણ પામેલા મનુષ્યનાં શરીરો દાટવા કે બાળવાં ન જોઈએ પણ ગીધ કે કૂતરાંને નાખી દેવાં જોઈએ એમ કહેવામાં આવ્યું છે.

પછી ભગવાન આહુરમઝદનું વર્ણન કરવામાં આવ્યું છે. આહુરમઝદનું શરીર તેજનું બનેલું છે. તથા એ શરીર પરનાં વસ્ત્રો આકાશનાં બનેલાં છે. આહુરમઝદની આંખો ચંદ્ર અને સૂરજ છે, તથા કુદરતની બધી શક્તિઓ એ એક ભગવાનની શક્તિઓ છે. બધી જાતની નીતિઓ સદ્‌ગુણો તથા શક્તિઓ આહુરમઝદના દૈવી માનસના ગુણો છે. બધી જાતના અનિષ્ઠો પર આહુરમઝદના દુશ્મન આહરીમાનનો અધિકાર હોય છે. ક્રિશ્ચિયન લોકોના બાયબલમાં જે શેતાનનો ઉલ્લેખ કરવામાં આવે છે તે યહુદી લોકોએ પર્શિયાના ધર્મમાંથી લીધો છે એમ કહેવાય છે.

આ રીતે ઘણા દેવદેવીઓની પૂજાને બદલે એક જ ભગવાનની સ્થાપનાની શરૂઆત વેદકાળ સાથેના પર્શિયાએ કરી છે. જુદાં જુદાં તત્ત્વો અને શક્તિનો સરવાળો કરી તેને આહુરમઝદમાં શમાવ્યો છે તથા કુદરત અને જગતના બનાવોના ઉકેલો આપવાનો પ્રયત્ન આહુરમઝદ અને આહરીમાનમાં કર્યો છે. તે સમયના સંજોગોએ ઘડેલા લોકમાનસને અનુરૂપ એવો એ મનુષ્યના ધર્મનો વિકાસ હતો.

## નીતિ

શુભ અને અશુભના કલહના સ્વરૂપમાં જગતનું ચિત્ર દોરી ઝોરોસ્ત્રીઅન ધર્મે લોકમાનસને ખૂબ જાગૃત કર્યું. તથા લોકાચારમાં નીતિનાં ફરમાનો શક્તિમાન બનાવ્યાં. હવે એ નીતિનું સ્વરૂપ કેવળ ફરમાનોમાં રહેવાને બદલે વિકાસ પામતી જતી ધર્મની ભાવના સાથે નૈતિક વિચારસરણીમાં પરિણામ પામ્યું.

મનુષ્યને સમરાંગણમાં ઝઝૂમતા એક યોદ્ધા સાથે સરખાવવામાં આવ્યો હતો. ભગવાન આહુરમઝદ કે શેતાન આહરીમાનની સત્તાનો સૈનિક હતો. તથા પોતે શુભ તથા અશુભનો સમરાંગણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતો. એવી રીતે શરૂઆત પામતું ઝોરોસ્ટ્રીઅન ધર્મનું નીતિશાસ્ત્ર વિકાસ પામતું હતું. મનુષ્યને એના નીતિમાન જીવનમાં દૈવી સાથ હતો. તથા એને એના નૈતિક જીવનમાંથી તોડી પાડનાર શેતાન કે આહરીમાનનો ભય હતો.

ઝોરોસ્ટ્રીઅન નીતિશાસ્ત્ર પ્રમાણે મનુષ્ય એક સ્વતંત્ર વ્યક્તિત્વ-વાળું તથા સ્વતંત્ર ઇચ્છાશકિતવાળું પ્રાણી હતું. તથા મનુષ્યને એના સંજોગોને આધીન નહિ પણ એની ઇચ્છાઓનો સ્વામી ગણવામાં આવતો. એ રીતે મનુષ્યને નીતિમાન કે અનીતિમાન થવાના હકવાળું સ્વતંત્ર પ્રાણી ગણવામાં આવતું. નૈતિક વ્યકિતવાદી વિચારસરણીની આ શરૂઆત હતી.

અવેસ્તામાં લખ્યા પ્રમાણે મનુષ્યની મુખ્ય ત્રણ ફરજો હતી. દુસ્મનને મિત્ર બનાવવાની, દુષ્ટ મનુષ્યને સદ્ગુણી બનાવવાની તથા અજ્ઞાનને જ્ઞાનવાન કરવાની. દયા એ સૌથી મોટો સદ્ગુણ હતો. વાલી સાથેના આચારમાં વિનય તથા પ્રમાણિકતા એ બીજો સદ્ગુણ હતો. તે સમયનું એ વ્યવહારૂ નીતિશાસ્ત્ર બોલતું હતું કે શ્રીમંતોએ ગરીબો પાસેથી વ્યાજ લેવું ન જોઈએ તથા વ્યાજ વિનાની પૈસાની ધીરધાર પવિત્ર લેખાવી જોઈએ.

ઝોરોસ્ટ્રીઅન નીતીશાસ્ત્રની દૃષ્ટિએ સૌથી મોટામાં મોટું પાપ અશ્રદ્ધા હતું. ધર્મમાં અશ્રદ્ધા રાખનારને મારી નાંખવો એ ધાર્મિક વિધિ હતો. નાસ્તિકો તથા વિધર્મીઓ તરફ કોઈ પણ જાતની ઉદારતા બતાવવી તે નીતિથી વિરૂદ્ધ હતું. એકેએક પરદેશી નીચ જાતનો મનાતો હતો કારણ કે તે વિધર્મી હતો. આખી દુનિયામાં પર્શિયન ધર્મ પાળનાર મનુષ્યો જ ઊંચા કુળનાં તથા સર્વોત્તમ મનાતાં.

એ રીતે ઉદય પામેલા પર્શિયન ધર્મ અને પર્શિયન નીતિશાસ્ત્ર તે સમયના ધર્મો અને નીતિઓના વિકાસરૂપ હતાં. ડેરીઅસના સમયમાં ઝોરોસ્ટ્રીઅન ધર્મ રાષ્ટ્રીય ધર્મ બન્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## નીતિના આચારો

એકેએક દેશમાં સામાજીક સંજોગો પ્રમાણે નક્કી થતી નૈતિક વિચારસરણીને અનુરૂપ એવા નૈતિક આચારો ઊતરી આવે છે. અને એ આચારોને ઊકેલતાં આપણને સમજાઈ જાય છે કે ગમે તેવી મોટી ભાવનાવાળા ધર્મ નીતિનાં સ્વરૂપો આચારમાં ઊતરે છે ત્યારે મૂળમાં તે સમયના આર્થિક સંબંધોને અનુરૂપજ ઘડાતા હોય છે. દુનિઆના ઇતિહાસની તવારીખમાં સંસ્કૃતીના પહેલા વ્યવસ્થિત સ્વરૂપ જેવા રચાયલા પર્શિયાના નૈતિક આચારો કેવા હતા તે આપણે જોવા જોઈએ.

પર્શિયાનો સૌથી મોટો રાજા ડેરીઅસ પહેલો, એના એક સ્મારકમાં લખે છે કે ફેવરટીશને પકડવામાં આવ્યો અને પછી મારી પાસે લાવવામાં આવ્યો. મેં એનાં કાન નાક કાપી નાખ્યાં તથા એની જીભ કાપી નાખી તથા એની આંખો કોતરી નાંખી. પછી એને બેડીઓ પહેરાવી મારા દરબારમાં રાખવામાં આવ્યો. સૌ લોક એને જોવા માટે ટોળે મળતાં હતાં. છેવટે મેં એને ઇકબાટીનામાં શૂળીએ ચઢાવી દીધો.........આહુરમઝદનો મને મજબૂત ટેકો હતો. ભગવાન આહુરમઝદના રક્ષણ નીચે મારા લશ્કરે બળવાખોરોની કત્લ કરી તથા, સીરાંકાખારાને કેદ કર્યો. પછી મેં એનાં કાન નાક કાપી નાખ્યાં અને આંખો કોતરી નાખી, મારા દરબારમાં એને બંદીવાન તરીકે રાખવામાં આવ્યો. લોકોએ એને જોયો ને પછી મેં એને શૂળીએ ચઢાવ્યો.''

પર્શિયાની સરકારી નીતિનો આચાર આવો કરપીણ હતો. રાજદ્રોહીઓની કતલ કરવામાં આવતી તથા કેદીઓને ગુલામો તરીકે વેચવામાં આવતા. બળવાખોર પ્રજાઓના નગરને તારાજ કરવામાં આવતાં તથા તેમની સ્ત્રીઓ અને બાળકોને વેચવામાં આવતાં.

પરંતુ શાસકોના આચારોથી લોકાચારની નીતિ ઓળખાતી નથી. સામાન્ય રીતે પર્શિયન નરનારીઓ ખૂબ સારાં અને ઉદાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતાં. લાગણીવાળાં અને વિનયી હતાં. જ્યારે સરખે સરખાં મળતાં ત્યારે એક બીજાને ભેટતાં અને એક બીજાના હોઠ પર ચુંબન કરતાં. જ્યારે કોઈ નીચી પંક્તિનું માણસ કોઈ ઊંચા દરજ્જાના માણસોને મળતું ત્યારે નીચી પંક્તિનું માણસ નમીને પ્રણામ કરતું અને ચુંબન માટે પોતાનો ગાલ ધરતું. રસ્તે ચાલતા ખાવું કે રસ્તા પર થૂંકવું અથવા નાક સાફ કરવું એ અવિનય અને અનીતિમાન ક્રિયાઓ મનાતી. સ્વચ્છતા મોટામાં મોટો સદ્‌ગુણ લેખાતો હતો. ચેપી રોગ એ પણ એક મોટો ગુનો મનાતો હતો. મીજબાની અને ઉત્સવોમાં લોકો ધોળાં કપડાં પહેરીને એકઠાં થતાં હતાં. આ બધા ઉપરાંત શરીર અને આત્માની શુદ્ધિ માટે આર્યોના વેદમાંથી ઊતરી આવેલા ઝોરોસ્ત્રીયન ધર્મશાસ્ત્રમાં ખૂબ વિધાન હતાં.

નીતિના નિયમોનો બીજો આચાર અનીતિને દંડવાનો હોય છે. એવા દંડનું નિર્માણ પણ ઝોરોસ્ત્રીયન ધર્મશાસ્ત્રે કર્યું હતું. તે વખતની જાતીય નીતિને ઉલ્લંઘનારાં સ્ત્રી–પુરુષોને મારી નાખવામાં આવતાં હતાં,

કુમારીકાઓ તથા નહિ પરણનારા પુરુષોને ઉત્તેજન આપવામાં નહોતું આવતું. એક પુરુષ ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન કરી શકતો. વધારેમાં વધારે બાળકોનું જન્મ પ્રમાણ એ કુટુંબનો સદ્‌ગુણ લેખાતો. ઝોરોસ્ત્રીઅન ધર્મશાસ્ત્રી કહે છે કે જે પુરુષ પરણેલો છે તે નહિ પરણેલા પુરુષ કરતાં ઉત્તમ પ્રકારનો છે. જે કુટુંબમાં બાળકો છે તે બાળકો વિનાના કુટુંબ કરતાં ઉત્તમ પ્રકારનું છે. પ્રાણીઓમાં કૂતરો અને બળદ એમની પ્રજનન શક્તિને લીધે પૂજવા લાયક મનાતા હતા. માબાપો પોતાના બાળકોના વિવાહ કરતાં હતાં, તે છતાં પણ લગ્નમાં પસંદગીને પૂરતો અવકાશ હતો. ઘણાંખરાં લગ્નો ભાઈઓ અને બહેન વચ્ચે થતાં હતાં. પર્શિયન લોકાચારમાં માતા અને પુત્રનાં અને બાપ અને દીકરીનાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લગ્ન થતાં હતાં. પર્શિયાના ઘરસંસારમાં શ્રીમંત લોકો ઘણી સ્ત્રીઓ રાખી શકતા.

ઝોરોસ્ત્રીઅન ધર્મના ઉદય પછી તરતજ સ્ત્રીઓનું સ્થાન સુધરતું હતું. જૂની ઘાતકી નીતિ મરણ પામતી હતી. સ્ત્રી બુરખો નાખ્યા વિના જાહેરમાં ફરી શકતી હતી, મિલકતની માલિક બની શકતી હતી તથા વ્યવસ્થા કરી શકતી હતી. પણ પર્શિયાના આગળ વિસ્તાર પામતા સામ્રાજ્યમાં તે વખતના લશ્કરી સરમુખત્યારોને સ્ત્રીઓને ગુલામ બનાવવાનું વધારે ઠીક લાગ્યું. ધીરે ધીરે સ્ત્રીઓને રસોડામાં પૂરી રાખવામાં આવી તથા પડદા પાછળ સંતાડવામાં આવી. પરણેલી સ્ત્રીને પોતાના નજીકના સગાંઓને જોવાનો પણ પ્રતિબંધ કરવામાં આવ્યો. પરણેલી સ્ત્રી પોતાના બાપ કે ભાઈનું મોઢું જોઈ શકતી નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૧૨

## પૂર્વઇતિહાસ

### પેલેસ્ટાઇન જુડિયા

બીરશેબાથી ૧૫૦ માઇલ ઉત્તરે ફીલીસ્ટાઈનિના ટાપુઓથી પચ્ચીસથી એંશી માઈલ દક્ષિણે સીરિયાની પશ્ચિમે અને એડોમાઇટસની પૂર્વે પેલેસ્ટાઈનિની ભૂમિ આવી છે. પેલેસ્ટાઈનનું એ દુર્ભાગ્ય હતું કે એ નાઈલ અને યુફ્રેટીસના પાટનગરથી બરાબર મધ્ય રસ્તે આવ્યું. સામ્રાજ્યવાદી ભૂતાવળો એ પાટનગરોની પડોશમાં હોવાથી પેલેસ્ટાઈનિને વેપારનો લાભ મળ્યો અને યુદ્ધનો સ્વાદ પણ ચાખવો પડ્યો.

એક વખતે પેલેસ્ટાઈનિ દૂધ અને મધથી ઊભરાતો પ્રદેશ હતો. ઇશુ પછીના એક સૈકા સુધી ખેતી માટે એ ખૂબ ફળદ્રુપ અને સુંદર સ્થળ હતું. ફળફૂલથી ઊભરાતાં એ પેલેસ્ટાઇન પર નદીઓ ઊભરાતી નહોતી પણ વરસાદ જોઈએ તેટલો રેલાતો હતો. ખેતીવાડીને પોષક એવી નહેરો કૂવાઓ અને તળાવો પેલેસ્ટાઇનની યહુદી સંસ્કૃતિને પોષતાં હતાં. વર્ષાદથી પોષાતી એવી પેલેસ્ટાઇનની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જમીન પર જવ, ઘઉં, દ્રાક્ષ, ઓલીવ, અંજીર, ખજૂર વગેરે અનેક જાતનાં ફળો પાકતાં હતાં.

પણ પછી વેપારના સંગમાં યુદ્ધો આવ્યાં અને યુદ્ધના ખૂનખાર જંગોમાં પેલેસ્ટાઇનની ધરતી પરના કૂવાઓ પૂરાઈ ગયા. નહેરો તૂટી પડી અને તળાવો સૂકાઈ ગયાં. ધીમે ધીમે પેલેસ્ટાઈનની ધરતી પર રણ પથરાતું ગયું અને થોડાંજ વર્ષોમાં તો સૈકાઓના શ્રમે રચેલાં સંસ્કૃતિના સ્વરૂપો વિખાઈ જવા માંડયાં.

એવો પેલેસ્ટાઈનનો ઇતિહાસ ઘણો જૂનો છે, યહુદીલોકો એમ માને છે કે અબ્રાહામના અનુયાયીઓ સુમેરિયામાંથી ઈ. પૂ. ૨૨૦૦ વર્ષ પહેલાં આવ્યા અને પેલેસ્ટાઇનમાં વસ્યાં પછી પેલેસ્ટાઈનને ઇજીપ્તનાં લસ્કરોએ તારાજ કર્યું અને યહુદીલોકોએ ગુલામ તરીકે ઇજીપ્તમાં પ્રવેશ કર્યો. ત્યાર પછી ધીમે ધીમે પેલેસ્ટાઈનમાંથી થોડા યહુદીલોકો ઇજીપ્તમાં વસવા ગયા. એ રીતે ઇજીપ્તમાં વસેલા યહુદી-લોકોના બાળકોનું પ્રામાણ વધતું જ ચાલ્યું. જ્યારે મોસેસે યહુદી લોકોને સીનાઇ પર્વત તરફ દોર્યાં ત્યારે તે એક હજાર વર્ષ પહેલાં નક્કી થયેલા રસ્તે જતાં હતાં. એ રસ્તાનાં રણોમાં એ લોકોને ચાળીસ વર્ષ સુધી રખડવું પડયું અને કેનાનને જીતવું પડયું. એ વિજેતાઓએ કેનાન-માં વસતા લોકોની જેટલી કતલ થઈ શકે તેટલી કરી અને વધી પડેલી સ્ત્રીઓની સંખ્યાને પરણી ગયા. કેનાનને પચાવી પાડનારા ધાર્મિકો એમ માનતા હતા કે એમને એ લોકોની કતલ કરવાનો ભગવાનનો આદેશ થયો હતો. એવા આદેશને સાંભળનારાઓએ એ કતલને ખૂબ આનંદથી ઊજવી અને સવાલાખ માણસોને મારી નાંખ્યાં. એ વિજેતાઓ સાથે બે સરદારો હતા. એક મોસેસ અને બીજો જોશુઆ મોસેસ મહાત્મા હતો. અને તેથી ખૂબ સ્થિર એવો રાજકારણી પુરુષ હતો. જોશુઆ આંખ મીચીને તલવાર ચલાવે એવો સીધોસટ યોદ્ધો હતો. મોસેસને અંતરના અવાજો સંભળાતા હતા અને દેવો સાથે મુલાકાત થતી હતી. એટલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાનના નામમાં મોસીસ વિજેતાઓના નફા માટે અહિંસા ઉપદેશતો હતો જ્યારે જોશુઆ મારે તેની તલવાર એ ન્યાયમાં માનતો હતો. એટલે તલવારથી રાજ્ય કરતો હતો. એવી રીતે તલવાર અને અહિંસાનો સુમેળ સાધી રણવગડાના વિકટ પ્રવાસો પસાર કરી ભગવાને પ્રબોધેલા એવા "પ્રોમીસ્ડ લેન્ડ" નો યહુદી લોકોએ કબ્જો લીધો.

## ઐતિહાસિક વિકાસ

એવી રીતે આવનાર એ લોકો માટે એમ કહી શકાય કે એ લોકો સેમીટિક લોકો હતા અને પશ્ચિમ એશિયાના વતની હતા, મોસેસના અનુયાયીઓ હતા, તથા સારા વેપારીઓ હતા. એ રીતે આવનારા એ વિજેતાઓ એક સંયુક્ત પ્રજા તરીકે રહેવાને બદલે બાર ટોળીમાં વહેંચાઈ રહેવા લાગ્યા. એ બધી ટોળીઓ સરકારી ધોરણે નહિં પણ કુલપતિના સંઘના ધોરણે વ્યવસ્થા જાળવવા લાગી. સમૂહ કુટુંબમાં રહેતા એ લોકો એક સાથે ખેતી કરતા અને ઢોરોને ઉછેરતા. સંસ્કૃતિના તે સમયના એ સંજોગોએ એમની શરૂઆતની રાજકીય પરિસ્થિતિ ઘડી. ધીમે ધીમે એ સમૂહ કુટુંબ-વાળા ગામોમાંથી નાનાં શહેર બનતાં ગયા. અને કુલપતિઓએ નક્કી કરેલા આચારોમાં સમાઈ ગયેલી વ્યક્તિઓ બહાર આવતી ગઈ અને વ્યક્તિના આવિષ્કાર સાથે કુટુંબ સંસ્થા નબળી પડતી ગઈ.

યહુદી લોકોનું જીવન ઐતિહાસિક પલટો લેતું હતું. હવે યહુદી-લોકોને દોરનારો સંઘ કુલપતિઓનો નહિ પણ યોદ્ધાઓનો બનતો ગયો. જયારે જયારે યુદ્ધ પાસે દેખાતું ત્યારે ત્યારે યોદ્ધાઓની સરદારીવાળી ટોળીઓ એક થઈ જતી. કામ ચલાઉ રાજાની નીમણુંક થતી. એવો પહેલો રાજા સોલ નામનો થયો. પાછું ઐતિહાસિક વિકાસનું નવું સ્વરૂપ પ્રકાશ્યું. રાજાશાહી સાથે આવતાં અનિષ્ટો અને કાયદાઓ બન્ને સાથે આવ્યાં. સોલે ફીલીસ્ટાઈન સાથે યુદ્ધો ખેલવા માંડયા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ યુદ્ધોના ખૂનખાર કાળ પછી ડેવીડ ગાદીનશીન થયો એ ડેવીડની વાત બાઇબલની દંતકથાઓમાં વિખ્યાત છે. એણે ગોલિઆથની કતલ કરી જોનાથાન અને બીજી અનેક કુમારિકાઓ સાથે પ્રેમ કર્યો. તેણે અર્ધાં નાગા શરીરે નાચ કર્યા. એણે સારંગીના શોખ ભોગવ્યા. એ ગાનતાન પાછળ ગુલ્તાન બન્યો. એવો એ ડેવીડ એના આવેગો અને આવેશો માટે ધર્મના સાહિત્યમાં પ્રખ્યાત છે, એ એની ટોળીના તે સમયના ભગવાન જેવો દયાળુ ને ઘાતકી હતો. એ એના કેદીની એક સાથે કતલ ચલાવતો અને કોઈ કોઈવાર એના ભગવાનની જેમ દુશ્મનને માફ પણ કરતો પછી સોલોમન ગાદીએ આવ્યો. ધર્મગુરુઓએ કહ્યું કે સોલોમન ભગવાનને ખૂબ પ્રિય છે. ભગવાન યાહવેહને પ્રિય એવા એ રાજાએ ગાદીના બીજા હરીફ વારસદારોની કતલ કરી. ભગવાન યાહવેહને આ કતલ પસંદ પડી છે એમ ધર્મગુરુઓએ કહ્યું. પછી ભગવાનને પ્રિય એવા એ રાજાએ ભોગવાય તેટલા વિલાસો ભોગવવા તરફ પોતાનો એક હાથ લંબાવ્યો. પણ બીજા હાથે ભગવાનના નામમાંજ લોકોને કાયદો અને વ્યવસ્થા શિખવવા માંડ્યાં. અંદર અંદરના કલહો ઓછા કર્યા અને લોકોને ઉદ્યોગ તરફ પ્રેર્યાં. ડેવીડે બાંધેલા જેરૂસેલમના પાટનગરમાં સોલોમને પોતાનો મુકામ રાખ્યો અને એ પાટનગરમાં રહીને એણે પેલેસ્ટાઇનની દોલત વધારવા માંડી. એ પાટનગર વેપારના મુખ્ય રસ્તાપર હતું. રાજાશાહીએ આણેલી વ્યવસ્થાના અંકુશ નીચે જેરૂસેલમ ખૂબ મોટું બજાર બન્યું. સમીપ પૂર્વમાં જેરૂસેલમે ટાયર અને ફીનીશીઆ સાથે વેપારી સંબંધો બાંધ્યા. રાજા સોલોમને વેપારી ઉદ્દેશો સાથે ફરતાં જહાજો પણ તૈયાર કર્યાં. અને રાતા સમુદ્ર ઉપર છૂટાં મૂકયાં. સોલોમનના વેપારીઓએ અરેબિયા અને આફ્રિકા સાથે ધીકતો વેપાર શરૂ કર્યો. અરેબિયામાં સોલોમને સોના અને હીરાની ખાણો પડાવી. અરેબિયાની રાણી શેબાએ સોલોમનની મદદ માગી. સોલોમને એ મદદના બદલામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સોનાના ઢગલા માગ્યા. અરેબિયાની લૂંટને લીધે સોલોમને પેલેસ્ટાઈનની દોલત અનેકગણી વધારી. એ દોલતનો મોટો ભાગ એણે અનેક સ્ત્રીઓ સાથે પરણવામાં રોક્યો અને ફીનીશિયા તથા ઇજીપ્ત સાથે મિત્રાચારી બાંધી એના પાટનગરને બાંધ્યું, કિલ્લાને સમરાવ્યો. લશ્કરો વધાર્યાં, વ્યવસ્થાને સુધારી અને પેલેસ્ટાઈનના લોકોને એક પ્રજા બનાવી. એ રીતે વ્યવસ્થિત થયેલી સરકારને નિભાવવા એણે વેપારને ઉત્તેજન આપ્યું. પેલેસ્ટાઇનથી પસાર થતા વેપારી કાફલા પર કર નાખ્યા, એણે એની પ્રજાપર જુદાજુદા વેરાઓ નાખ્યા અને એ રીતે એણે જેરૂસેલમના બજારોમાં પથરાઓ કરતાં રૂપાને વધારી મૂકયું. એણે પાટનગરના શૃંગારમાં ભગવાન યાહવેહનું ભવ્ય એવું મંદિર ચણાવ્યું અને પોતાને માટે જબરજસ્ત મહાલય ચણાવ્યો.

સાત ષર્ષમાં બંધાયલા એ મંદિરે સોલોમનની પ્રજાને એક ભગવાનના મંદિરમાં એકઠી કરી, લાખો મજૂરોએ એ મંદિર અને મહાલયના ચણતરમાં વર્ષોસુધી જાત મહેનત ખર્ચી. એ પ્રમાણે લોકોને એક ભગવાન અને એક રાજાનીચે સંયુકત કરી સોલોમને આનંદ ભોગવવા માંડ્યો. એણે ધીમે ધીમે ભગવાન અને ધર્મ તરફ વધારે ધ્યાન આપવા માંડ્યું. ધર્મ અને રાજકારણની ઇમારતોએ ખૂબ મહેનત અને દ્રવ્ય ખર્ચાવ્યાં હતાં. અને રાજકારભારના ભોગ વિલાસમાં ઘણાલોકો ગરીબ થઈ ગયા હતા. જ્યારે સોલોમન મરણ પામ્યો ત્યારે ઘણા ગરીબ લોકો અને કામવિનાનાં મજૂરો ઊભરાતા હતાં. ભવ્ય ઘુમ્મટવાળા મંદિર અને મહાલયના ચણતરથી લોકોમાં શાન્તિ જળવાઈ શકે તેમ હતું નહિ. ધર્મગુરુઓ અને વિદ્વાનો ધીમે ધીમે યાહવેહ ભગવાનના નામમાં ધાર્મિક રાષ્ટ્રીયતા ઊભી કરતા હતા. યહુદી લોકોને ધાર્મિક શ્રદ્ધા અને જીવનની સાદાઈ ઉપદેશતા હતા. પણ એકલી સાદાઇથી ચાલે તેમ હતું નહિ. વિજેતા યહુદીલોકોના સત્તાવાન વર્ગે ભગવાન યાહવેહનું તદ્દન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નવી જાતનું અને જોરદાર સ્વરૂપ નિર્માણ કરવાનો વિચાર કર્યો. ભગવાન યાહવેહના નામમાં એક નવો દેવ બનાવવામાં આવ્યો. એ દેવે યહુદીલોકોને ફરમાન કર્યું કે દરેક યહુદીનું ઘર એ દેવને ધરાવાતા, ભોગના પવિત્ર લોહીથી ખરડાવું જોઇશે. યહુદીલોકોનો એ નવો ભગવાન ધર્મગુરુઓની જીભદ્વારા વાતોડીઓ બન્યો હતો અને ધર્મગુરુઓ દ્વારા જ ઉપદેશો આપતો હતો. યહુદીલોકોના વિજેતા સત્તાવાન વર્ગે પોતાની મૂર્તિમાં બરાબર ઊતરે એવો ભગવાન ઘડયો હતો. એ ભગવાન યાહુની મારફત મુખ્ય ભગવાન યાહવેહ એક જબરજસ્ત શાહીવાદી લશ્કરેનો ભગવાન બનતો હતો. ઇલીઅડના દેવોની જેમ એ ભગવાન લશ્કરનો ભગવાન હતો અને લોકોને મદદ કરવા રાજકારણમાં ઝંપલાવતો હતો અને યુદ્ધમાં ઊતરતો હતો. મોસેસ કહે છે કે ભગવાન યુદ્ધનો માનવી છે. અને ડેવીડે એ નવા ભગવાનના નામમાં બૂમ પાડી હતી કે ભગવાન મારા હાથમાં યુદ્ધનું બળ આપે છે. એ ભગવાનના નામમાં યહુદીલોકો પરદેશીને હાંકી કાઢતા હતા અને નવા નવા પ્રદેશો પડાવતા હતા. કોઈ પણ મનુષ્યને ચીતરી ચઢાવે અને આઘાત પમાડે એવા ઘાતકી વર્તાવો એ યુદ્ધનો ભગવાન આવકારતો હતો અને યહુદીલોકોને બીજી પ્રજાની કતલ કરવા હુકમ આપતાં કહેતો હતો કે "બધાલોકોનાં માથા ઉતારી નાખો અને તેમને સૂરજ સામે લટકાવી દો. એ નવો ભગવાન એવો તો ઘાતકી હતો કે એ યહુદીલોકોને પણ બીજા કોઈ ભગવાનને ભજવા માટે અથવા મોસેસ સામે બળવો કરવા માટે ખાઈ જવાની ધમકી આપતો હતો. અબ્રાહામ અને મોસેસ એ વિફરેલા ભગવાનને શાન્ત પાડવા અને નૈતિક સિદ્ધાન્તોને સમજાવવાનો પ્રયત્ન કરતા હતા. એ ભગવાનના નામમાં એક કાયદાપોથી તૈયાર કરવામાં આવી હતી. એ ઉપરાંત એ ભગવાનને ભજવા માટે કોઈ જાતની ખાસ ક્રિયાઓ નક્કી થઈ નહોતી. ઘણા સમય સુધી આ ભગવાનની પ્રજામાં પ્રેમનું નામ નિશાન હતું નહિ, એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાનની ભક્તિ કેવળ ભયંકર અને ભયાકુલ હતી. ભયના સ્વરૂપો માનવજાતને જે આશ્વાસન અને સલામતી આપી શકે તે યહુદીલોકોને મળતાં હતાં, જ્યારે સમાજ પર સત્તા ભોગવતો વર્ગ ભયંકર અને ભયાકુળ હોય છે ત્યારે ધર્મના સ્વરૂપો પણ એવાંજ ઘાતકી અને ભીષણ હોય છે. જ્યારે સમાજના બહારના સ્વરૂપોમાં પ્રેમ કે આશાની વાતો થાય છે ત્યારે ધર્મનું સ્વરૂપ પણ એ દિશામાં પલટો ખાય છે.

એ ભયાકુલ ધર્મની ધારાપોથીમાં મુખ્ય વિચાર પાપનો હતો. મનુષ્યનું શરીર જેમ મરણાધીન હતું તેમ મનુષ્યનું માંસ પાપી હતું. મનુષ્યને માટે પાપ અનિવાર્ય હતું. એ પાપના પરિણામો દેવો અને કુદરતનો કોપ જગાવતા હતાં. પાપના નિવારણનો એકજ ઉપાય પ્રાર્થના અથવા યજ્ઞમાં બલિદાન આપવાનો હતો. પ્રાર્થના વિના યજ્ઞો નકામા હતા. અને યજ્ઞો વિના પ્રાર્થનાનો ઉપયોગ નહોતો. આર્યલોકોની જેમ યહુદીલોકોના શરુઆતના યજ્ઞોમાં મનુષ્યોનાં બલિદાન દેવાયાં. મનુષ્યના લોહી-માંસથી ધરાઈ ગયેલા ભગવાને પછી પશુઓની માંગણી કરી. ખેતરોના, બાગબગીચાઓના અને પ્રાણીઓના પહેલાં અને તાજા ફરજંદો ભગવાનને ભોગ ધરાવાતા હતા. જે ફલફૂલો અનાજ તથા પ્રાણીઓ ભગવાનને ભોગ ધરાવાતાં હતાં, જે ફલફૂલો તથા પ્રાણીઓ ભગવાનના નામમાં ધર્મગુરૂઓને ધરાવાય તેને કોઈ ખાઈ શકતું નહિ. બધા પાપી મનુષ્યોમાં સ્ત્રી દરેક માસે અટકાવ વખતે પાપી બનતી. તથા બાળકના પ્રસવ વખતે પાપી બનતી. એ પાપના નિવારણ માટે ભગવાનને પ્રાર્થનાઓ કરવી પડતી. અને ભોગ ધરાવવા પડતા. એ ભયંકર ભગવાનની ભયાકુલ ભક્તિએ પાપનો અત્યંત વિસ્તાર કરી મૂકયો. એકેએક ઇચ્છામાં કોઈ ને કોઈ પાપ ડોકિયાં કરતું હતું. અને એકેએક પાપ પાછળ પશ્ચાતાપ, પ્રાર્થના અને ભોગ સૂચવાતાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આર્યલોકોની જેમજ ધર્મગુરુઓનો ભગવાનને યજ્ઞોથી ખૂશ કરવાનો ઇજારો હતો. ધર્મગુરુઓ જ ધર્મની ગૂઢ વાતોને ઊકેલી શકતા હતા. એવા એ ધર્મગુરુઓ સત્તાવાન વર્ગના સાથીદાર હતા, તથા માનવ સમાજમાં ઊચ્ચ ગણાતા હતા. એ ધર્મગુરુઓની જમાતને કોઈ પણ જાતના કરવેરા આપવા પડતા નહિ અને આર્યલોકોની જેમ બધા ધર્મગુરુઓ લોકોની પેદાશનો દશમો ભાગ પડાવતા. એ ઉપરાંત ભગવાનના નામમાં ભગવાનને ધરાવાતા બધા ભોગોનો ઉપયોગ કરતા. ધીમે ધીમે એ ધર્મગુરુનો વર્ગ ખૂબ ધનવાન અને સત્તાવાન બનતો જતો હતો. અને રાજસત્તાને પણ પડકારતો હતો. અને બીજી બાજુ વધતી જતી રાજસત્તા સાથે દોલત વધતી જતી હતી. અને એકઠી થતી દોલત સાથે ગરીબાઈની શરૂઆત થઇ ગઈ હતી. અને સમાજરચના, ખેતીવાડીથી ઉદ્યોગવાદ તરફ વિકાસ પામતી હતી. જુદા જુદા કરો જાત મહેનત કરનારા વર્ગપર નાંખવામાં આવતા હતા. એવા વીશ વર્ષો પછી વિકાસ પામતા ઉદ્યોગવાદમાં જેરૂસેલમનો મજૂર વર્ગ કામ વિનાનો રખડતો હતો. તથા જીવનને ટકાવી રાખવા જીવન સાધનાની વિકૃતિ તરફ વળતો હતો. એક તરફ વિલાસ વધતો હતો, બીજી બાજુ ભૂખમરામાં સપડાતી જનતાનાં દુઃખો વધતાં હતાં. મોટી મોટી મિલકતોવાળા માલિકો, શેઠો અને શાહુકારો ગરીબોને ચૂસતા હતા અને મંદિરની આસપાસ ટોળે વળતા હતા. એ રીતે શ્રીમંત અને ગરીબ વચ્ચે અંતર વધતું જતું હતું. ગામ અને શહેર વચ્ચે કલહ વધતો જતો હતો. એ સંજોગોના પરિણામે સોલોમનના મરણ પછી પેલેસ્ટાઈનના રાજ્યના બે વિભાગ પડ્યા. એક ઉત્તર તરફનું ઈઝરાઈલનું રાજ્ય હતું અને તેનું પાટનગર સમાર્યા હતું. બીજું દક્ષિણનું જુડાહનું રાજ્ય હતું અને પાટનગર જેરૂસેલમ હતું. પેલેસ્ટાઈનના એ બે વિભાગ પછી યહુદીલોકોનો આંતરકલહ વધતો ગયો, યુદ્ધો વધતાં ગયાં અને યહુદી પ્રજા નબળી પડી. સોલોમનના મરણ પછી ટૂંક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમયમાં જેરૂસલેમ જીતી લેવામાં આવ્યું અને ઇજીપ્તના વિજેતા રાજાને સોલોમને એકઠું કરેલું બધું સોનું ભેટ કરવું પડયું. એવા એ વિપરીત સંયોગો હતા. જ્યારે રાજકારણમાં ભંગાણ પડયું હતું, અર્થકારણના યુદ્ધો જાગ્યાં હતાં અને ધર્મનું પતન થયું હતું ત્યારે ફિરસ્તાઓએ પૃથ્વી પર ઊતરવા માંડયું, એ ફિરસ્તાઓમાંના થોડા દૈવી મનાતા હતા. એ લોકો હૃદયનાં ગુઢ રહસ્યો ઊકેલી શકતા હતા. ભૂતકાલને વાંચી શકતા હતા અને ભવિષ્ય ભાખી શકતા હતા. થોડા કેટલાક ધર્માંધો હતા અને તે લોકો ઉન્માદને વશ બની ગાનતાનમાં રચ્યાપચ્યા રહેતા હતા, કેફી પીણાં પીતા હતા. તાંડવ નાચ ખેલતા હતા અને અંતરના અવાજે બોલતા હતા. એને સાંભળનારા મૂઢ ભકતો એવા એ લોકોને પ્રેરણા પામેલા કહેતા હતા. જે કોઈ માણસ વિષમ બનતું હતું તે ગાંડું ગણાવાને બદલે પ્રેરણા પામેલું ગણાતું. એ ઉપરાંત બીજા થોડા ડાહ્યા ગણાતા લોકો પણ ફિરસ્તા હોવાનો દેખાવ કરતા હતા તથા ઉદાસીનતા સેવી સાધુતા કેળવતા હતા, શાળાઓમાં ભણાવતા હતા અને ધર્મનાં મંદિરો કે મઠમાં રહેતા હતા. આ બધા સાધુ બાવાઓ અને ફકીરોના ટોળામાંથી થોડા જવાબદાર લોકો પણ નીકળતા હતા. એ લોકો પોતાના જમાનાની સખ્ત ટીકા કરતા હતા. એ લોકો ફિરસ્તાઓ નહોતા ને ભવિષ્ય ભાખતા નહોતા, પણ લોકોને સમજાય તેવી ભાષામાં પોતાની આશાઓ ને આશીર્વાદો તથા પોતાની ધમકીઓ અને શાપ ઉચ્ચારતા હતા. એ લોકો તે સમયની સમાજ ઘટનાનો વિરોધ કરતા હતા. અને લોકોને તેમની ઊંઘમાંથી જગાડવાનો પ્રયત્ન કરતા હતા. એક રીતે કહીએ તો એ લોકો ટોલસ્ટોયના અનુયાયી જેવા હતા અને ઉદ્યોગવાદે વિસ્તારેલા શોષણ સામે ગુસ્સે થયા હતા. એમાંના ઘણાખરાઓ ગામડામાંથી આવતા હતા અને શ્રીમંતો અને શ્રીમંતાઈને નીંદતા હતા. એમાંનો એક એમોસ હતો. એ કહેતો હતો કે હું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ફિરસ્તો નથી પણ ભરવાડ છું. તથા મારાં ઘેટાં બકરાં છોડીને બેથેલ જોવા આવ્યો છું. એણે બેથેલ જોયું અને એ આઘાત પામ્યો. એણે જીવનનાં સાધનોની જીવલેણ અસમાનતા જોઈ. વિકાળ જીવનકલહની હરિફાઈ જોઈ. તથા ઘાતકી શોષણ દેખ્યું. એ સાદો સરળ માણસ ગુસ્સે થયો. એણે બેથેલના દરવાજામાં ઊભા રહી શ્રીમંતો અને શ્રીમંતાઈ પર શ્રાપ વર્ષાવવા માંડ્યા. "જેટલા તમે લોકો ગરીબોનો કચડો છો અને એ લોકોની જાત મહેનતે પકવેલા અનાજના ઢગલા લઈ લો છો તેટલો તમારો વિનાશ નજદીક છે. તમે લોકોએ આરસપહાણની ઇમારતો ચણાવી છે પણ તેમાં તમે રહી શકવાનાં નથી. તમે દ્રાક્ષના મંડપોવાળા બાગબગીચા તૈયાર કરાવ્યા છે પણ તમે એ દ્રાક્ષનો દારૂ પી શકવાના નથી. જીઓનની અંદર જે લોકો એશઆરામથી રહે છે તેનો નાશ થાઓ. જે લોકો હાથીદાંતના પલંગો પર સૂવે છે, ઘેટાં બકરાંને મારી ખાય છે, સારંગીના તાન પર ગુલ્તાન બની નાચે છે, દારૂના કટોરાઓ પીએ છે તથા શરીરો પર અત્તરો ચોપડે છે તેમનો નાશ થાઓ. ભગવાનને તમે બલિદાનો ચઢાવતા હોવા છતાં તે તમારી મિજબાનીને ધિક્કારે છે. તમારા બલિદાનોનો તે સ્વીકાર કરતો નથી. તમે તમારા સંગીત ભગવાન પાસે ગાશો નહિ, કારણ કે તે સ્વીકારશે નહિ. કાળનો ન્યાય એક જોરદાર પ્રવાહની જેમ તમારા પર ઊતરી આવ્યો છે."

જગતના સાહિત્યમાં આ નવીજ જાતનો સૂર હતો. એશિયાના સાહિત્યના ઇતિહાસમાં પહેલીજ વાર સામાજિક વિવેક, સારાસારનો ચોક્કસ આકાર લેતો હતો. પ્રચલિત નીતિઓ પર પ્રહાર કરતો હતો. શ્રીમંતાઈને અટકી જવાનો શ્રાપ દેતો હતો. એમોસના આ અવાજમાં જાણે ઇશુનો સાદ ઘુંટાતો હતો.

એજ સમયે સમારિયામાં પણ એક બીજો ફિરસ્તો વિફરેલા શ્રીમંત વર્ગનો નાશ ઉચ્ચારતો હતો. એ હોસીઆ હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોસીઆ બોલતો હતો કે એ લોકોએ પવનની વાવણી કરી છે અને પરિણામે ઝંઝાવાત સાંપડવાનો છે. ઈ. પૂ. ૭૩૩ માં પેલેસ્ટાઈનમાં આંતરકલહ ફાટી નીકળ્યો. એક પક્ષે એસીરિયાની મદદ માગી. તે પક્ષે એસીરિયા આવ્યું. દામસકસ જીતાયું. બે લાખ યહુદી લોકોને એસીરિયાએ ગુલામો બનાવ્યાં.

એ અરસામાં ફિરસ્તા ઈસાયાએ દેખા દીધી. એ રાજકારણી પુરુષ હતો. એણે જોયું કે જુગડનું રાજ્ય ઇજીપ્તની મદદથી પણ એસીરિયાની સામે ટક્કર ઝીલી શકે તેમ નથી. એણે સમારિયાનું પતન જોયું. એની આંખે ઉત્તરના રાજ્યનો અંત દેખાયો. એ રાજકારણી પુરુષ કહેતો હતો કે ન્યાયથી વર્તવું જોઈએ અને પછી પરિણામ ભગવાન યાહવેહના હાથમાં સોંપી દેવું જોઈએ. એને ખાતરી હતી કે ભગવાન યાહવેહ એસીરિયાનો અંત આણશે. એટલુંજ નહીં પણ એ કહેતો હતો કે યહુદી લોકોનો એ ભગવાન મોઆબ, સીરિયા, યુથોપિયા, ઇજીપ્ત, બેબીલોન અને ટાયરનો પણ વિનાશ કરશે. એ ફિરસ્તાની વાણી અર્થકારણે જમાવેલા શોષણ સામે ગુસ્સો ઠાલવતી હતી. અને એણે તે સમયની ઠાકોરશાહી પર અને શ્રીમંતોની જમાત પર શ્રાપ વર્ષાવ્યા. "ભગવાન પોતે તમારો રાજાઓનો ન્યાય તોલશે, કારણકે તમે લોકો ગરીબોએ બનાવેલા દ્રાક્ષના બગીચાઓ ખાઈ ગયા છો. તમારા ઘરો ગરીબોની લૂંટના માલથી ભરેલા છે. તમારી ગરીબ જનતાના હાડમાંસ ચૂસી નાખવા માટે તમે શો જવાબ આપો છો? તમે કે જે લોકો બીજાના ઘરબાર પડાવી લો છો ને ખેતરો પડાવી લો છો તેનો વિનાશ થાઓ. એક દિવસે તમને આખી પૃથ્વી પર વસવા જેટલી એક તસુ પણ જમીન મળવાની નથી. ઘાતકી કાયદાનો સાથ લઈ જે લોકો ન્યાયને નામે ગરીબોને રંજાડે છે તેનો વિનાશ થાઓ. તમે શ્રીમંત લોકો આજે વિધવાઓને શિકાર બનાવો છો અને તેમના બાળકોને અનાથ બનાવો છો પણ યાદ રાખજો કે દૂરદૂરથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમારો વિનાશ ચાલ્યો આવે છે. એક વખત જ્યારે તમારી સામે ઉજ્જડ અને વેરાન બનેલી ધરતી તમને ખાવા ધસશે ત્યારે તમને કોઈ મદદ કરવાનું નથી અને તમારી જાહોજલાલી કામ આવવાની નથી." એ પાછો આગળ ચાલતાં બોલે છે કે "તમે લોકો ગરીબોની કતલ ચલાવો છો અને પાછા જગતમાં આધ્યાત્મિકતા અને ધાર્મિકતાનો ડોળ કરી ફરો છો. ભગવાન તમને કહે છે કે તમે આપેલાં બલિદાનો એને કશાજ કામનાં નથી. તમારી મીજબાનીઓને એ ધિક્કારે છે. તમારી પ્રાર્થનાઓને એ તિરસ્કારે છે. તમે તમારા હાથ ભગવાન પાસે ધરશો નહિ એ લોહીથી ભરેલા છે. તમારે તમારા ખૂની હાથ ધોવા જોઈશે. તમારે તમારા આચારના અનિષ્ટો દૂર કરવાં જોઈશે. તમારે તમારા દૂરાચાર અટકાવવા જોઈશે અને સદાચાર શીખવા જોઈશે. તમારે ન્યાયને આરાધવો જોઈશે અને દુ:ખીને દીલાસો આપવો જોઈશે. તમારે અનાથોને પોષવા જોઈશે અને વિધવાઓને રક્ષણ આપવું જોઈશે."

આ નવી જ જાતના નવા સંજોગોમાં સર્જાતા સાહિત્યનો સાદ ખૂબ કઠોર અને કડવો છે. પણ એ અવાજમાં શ્રીમંત લોકોની સુધારણા માટે નિરાશા હતી. એ ફિરસ્તાઓના અવાજમાં સમાજ-ઘટનાની સુધારણા માટે કોઈ ચોક્કસ કાર્યક્રમ નથી પણ દીનદયા અને હૃદયપલટાનો ઉપદેશ છે. યહુદીલોકોના એ બગડી ગએલા પ્રદેશના મૂળમાં આર્થિક અસમાનતાના અન્યાયો હતા. ફિરસ્તાઓએ એ અન્યાયોનાં મૂળને ઊખેડી નાંખવાના ઉપાયો બતાવ્યા નથી પણ એ વિઘાતક અને વિપરીત સમાજરચનાને બદલી નાંખવાને કોઈ ચમત્કારની આગાહી દેખાડી છે. એ ફિરસ્તાઓ ધાર્મિક જાદુના નામમાં પીડિત લોકોને મૂર્ખ બનાવતા બોલવા હતા, "દુ:ખી લોકો સાંભળો તમારાં દુ:ખોનો અંત લાવવા માટે ભગવાનની મોકલેલી કોઈ વિભૂતિ પૃથ્વી પર અવતરશે અને તે તમારો ઉદ્ધાર કરશે. એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અવતારી મહાપુરુષ રાજકીય ભંગાણનો અંત લાવશે, તમારા દુઃખોનો અંત લાવશે, તથા શાન્તિ અને ભાઇચારાનું રામરાજ્ય સ્થાપશે." દુઃખી લોકો પોતાના ઉદ્ધાર માટે ફિરસ્તાઓના એ શબ્દો આશાથી સાંભળતા હતા. એ શબ્દો બોલતા હતા કે કુમારિકા ગર્ભધારણ કરશે અને તેને દીકરો સાંપડશે. અને તેનું નામ ઇમેન્યુઅલ પડશે...એવું એક બાળક જન્મી ગયું છે. આખી દુનિયાનું રાજ એ પોતાના ખભા પર ધારણ કરશે. તે ચમત્કારી પુરુષ મહાન ઉપદેશક બનશે. સાક્ષાત ભગવાન થશે તથા અનંત પિતા થશે. એ શાન્તિનો રાજા હશે. સદાચારથી તે ગરીબોનો ન્યાય તોળશે. ધરતીના નમ્ર અને કચડાયલાઓ માટે તે સમાનતા લાવશે. તે પોતાના શબ્દના ચાબખાથી ધરતીને સરખી કરશે. તથા પ્રાણના જોરથી દુષ્ટોનો સંહાર કરશે. સદાચાર ને વફાદારી એનાં આભરણ હશે. વાઘ ને બકરી એક સાથે રહેશે. તથા બકરીનાં બચ્ચાં ને ચિત્તા સાથે પાણી પીશે. તરવારોનાં હળ બનશે. એક પ્રજા બીજી પ્રજા સામે લડતી બંધ પડશે. યુદ્ધોનો અંત આવશે.

એમોસ અને ઇસાયાનાં આ વચનોમાં અવતારની આગાહી હતી, એટલું જ નહી પણ તરંગી સમાજવાદનાં દીવાસ્વપ્નોની શરૂઆત હતી. યહુદી લોકોએ આ બધાં વચનોમાં અવતારનો સાક્ષાત્કાર કરાવે એવી એક મેશીઆની ભાવનાની શરૂઆત કરી દીધી. ઇસાયા અને એમોસે લશ્કરી જમાનામાં જે વિચારો અને ભાવનાના મૂળ ઉચ્ચાર્યાં હતાં તે મૂળપર ઇશુ ખ્રિસ્તધર્મની મહાન ઇમારત ચણવાનો હતો. એમોસ અને ઇસાયાએ યાહવેહ નામના લશ્કરોના ભગવાનના જમાનામાં જે ભાવનાઓ ઉચ્ચારી હતી તેના પાયા પર ઇશુ પ્રેમના ભગવાનની સ્થાપના કરવાનો હતો. એમોસે અને ઇસાયાએ શ્રીમંત લોકોનો વિનાશ ઉચ્ચાર્યો હતો ને સદાચારી લોકોનું કલ્યાણ ભાખ્યું હતું. ફિરસ્તાઓના એ ઉચ્ચારણમાં ઐતિહાસીક પરીબળોનું અજ્ઞાન હતું. ભાવી પરિસ્થિતિનો એ ભ્રમ હતો. પરન્તુ એ સમયના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનિષ્ટો સામે પોકાર જગાવતા એ ફિરસ્તાઓના માનસ ખરેખર ઊંચી જાતનાં અને ઉદાત્ત હતા. એ ફિરસ્તાઓને માનવ જાતની સાચી સ્વતંત્રતાનો ખ્યાલ હતો નહિ. એ લોક ન્યાયની ભાવનાને માગતા હતા અને તે સમયની પ્રચલિત નીતિનો અંત માગતા હતા. એ લોકોના ભાવભીના હૃદયમાં પીડિત માનવ જાતને આશ્વાસન આપવા માટે પ્રેમ અને ભાઇચારાની તરંગી શબ્દજાળ શિવાય બીજું કશું હતું નહિ. આજે ફિરસ્તાઓની એ વાણી ઐતિહાસીક ઊકેલોના એ સમયમાં હજારો વર્ષથી ચાલી આવતા સુધારણાવાદના તરંગી સાહિત્યમાં મોજુદ છે.

ઇશુ પહેલાના ફિરસ્તાઓની અસર બાઇબલના લખાણપર થઇ. લોકો લશ્કરોના ભગવાન યાહવેહની પૂજા છોડવા લાગ્યા હતા. ધર્મગુરુઓને ચિંતા પેઠી. રાજકારણીય પુરુષોને પણ લાગ્યું કે ભગવાન યાહવેહના ઓઠા નીચે એક બનેલો રાષ્ટ્ર વિભક્ત થઇ જાય તે પહેલાં કંઇ કરવું જોઇએ. સૌએ મળી એક સુંદર યોજના ઘડી કહાડી. એ લોકોએ ભગવાનના નામમાં એક પુસ્તક લખવાનું નક્કી કર્યું. જેમ વેદના બોલનારાઓએ પોતાના સંજોગોને જરૂરી એવી વાણીને ભગવાનની વાણી તરીકે ઓળખાવી હતી. તેમ આ એકઠા થયેલા વિચક્ષણ માણસોએ ભગવાનની વાણી બોલાવા માંડી કારણ કે તે સમયના લોકોને કોઇ વાણી ગૂઢતાની દૃષ્ટિએ ખુબ ઊંડી અસર કરી શકે એમ હોય તો તે ભગવાનની હતી.

ભગવાનની વાણી બહાર પાડવા તૈયાર થયેલા આ વિચક્ષણોએ તે સમયના રાજા જોશીઆને પણ પક્ષમાં લીધો. સૌએ મળીને લોકોને માટે એક ધાર્મિક ધારાપોથી ઘડી કહાડી. થોડા વખત પછી તરતજ વડા ધર્મગુરુ હીલ્કીઆહે એક સારો દિવસ જોઇ અજબ જેવી વાત જાહેર કરી કે ભગવાનના મંદિરના ગુપ્ત ભોંયરામાંથી એક તાજુબ કરી નાંખે તેવું લખાણ મળી આવ્યું છે. એ લખાણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાન યાહવેહની સૂચનાથી મહાન મોસેસે લખ્યું છે. તથા એ લખાણમાં ઇતિહાસના સવાલોનો અને મનુષ્યની નીતિનો હમેશને માટે ઊકેલ આપી દેવામાં આવ્યો છે.

આ મહાન શોધથી લોકમાનસ તાજુબ બની ગયું. કોઈ જાદુગર ડુગડુગિયું વગાડી લોકમાનસને હલાવી નાંખે અને નચાવી શકે તેમ ભગવાનના નામમાં આ ડાહ્યાઓ અને વિચક્ષણોએ લોકમાનસને ખળભળાવી મૂકયું. રાજા જોશીઆએ ધર્મના વડાઓની જુડાહના દેવળમાં એક મોટી સભા બોલાવી અને ત્યાં ભગવાનનો શબ્દ સાંભળવા અજાયબીમાં આંખોફાડી ઊભેલા લોકસમાજ પાસે બાઇબલ (the book of the covenant) વંચાયું. વંચાઈ રહ્યા પછી રાજા જોશીઆએ શપથ ખાધા કે ભગવાને જે આજ્ઞાઓ એમાં ઉચ્ચારી છે તે પ્રમાણે પોતે વર્તશે તથા ત્યાં ઊભરાતી માનવમેદનીને પણ એવા શપથ લેવાનો આદેશ કર્યો. એમાં વંચાતી ભગવાનની આજ્ઞાઓ જે લોકોએ સાંભળી તેની સૌ પર ઊંડી અસર થઇ. રાજા જોશીઆએ લોકમાનસના એ વલણનો લાભ લઈ જુડાહની અંદર ભગવાન યાહવેહના હરીફ બીજા દેવદેવીઓની મૂર્તિનાં ખંડન કરાવ્યાં. બીજી મૂર્તિઓને પૂજનારા ધર્મગુરુઓનો નાશ કરાવ્યો. યાહવહેના હરીફ ભગવાન બાલની બધી મીલ્કત જપ્ત કરાવી. એણે ટોફ્રેથનું મંદિર ભ્રષ્ટ કરાવ્યું. સોલોમને ચણાવેલી બધી વેદીનો નાશ કરાવ્યો.

પણ આથી ભગવાન યાહવેહ સંતુષ્ટ થયો નહિ. લશકરોનાં એ ભગવાને લોકોનો પક્ષ લેવા મદદ પણ મોકલી નહિ. ફિરસ્તાઓએ ભાખ્યું હતું તે પ્રમાણે નીનીવેહનું પતન થયું. નીનીવેહ ઇજીપ્ત અને બેબીલોનનું ગુલામ બન્યું જ્યારે ઇજીપ્તનો નેકો સીરિયા પર ચઢતો હતો, ત્યારે એણે પેલેસ્ટાઈનમાં થઈને રસ્તો માગ્યો. રાજા જોશીઆએ યાહવેહ ભગવાન પર આધાર રાખી પેલેસ્ટાઇનમાં થઈને રસ્તો આપવાની ના પાડી અને નેગીડોરની રણભૂમી પર નેકોનો સામનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્યો. પણ પરિણામે એ પોતે હાર પામ્યો અને યુદ્ધમાં મરાયો. જુડાહનું રાજ નેકોના હાથમાં પડયું. થોડાં વર્ષો પછી એણે જુડાહને બેબીલોનિયાનું ગુલામ બનાવ્યું. રાજા જોશીઆના વારસદારોએ બેબીલોનિયાની પકડમાંથી છૂટવા માટે કાવત્રાં કરવા માંડયા. અને ઈજીપ્તની મદદ માગી પણ બેબીલોનના ભયંકર રાજાને એની ગંધ આવતાં લશ્કરોના ભગવાન યાહવેહના મુલકમાં એણે પોતાના લશ્કરો ઉતાર્યાં. જરૂસેલમને જીત્યું. જુડાહની ગાદીપર નવા રાજાને બેસાડયો અને દશ હજાર યહુદી લોકોને ગુલામ બનાવી પોતાને ત્યાં લઈ ગયો પણ એણે બેસાડેલો જુડાહનો નવો રાજા પણ સ્વતંત્રતા ચાહતો હતો. એણે બેબીલોન સામે બળવો પોકાર્યો. બેબીલોનનો નેબુચેડરેઝર ફરી પાછો ધસી આવ્યો. એણે હમેશાં તોફાન કરતા યહુદી લોકોનો છેવટનો નિકાલ કરી દેવાનું ધાર્યું. એના લશ્કરોએ જેરૂસેલમ જીત્યું. જેરૂસેલમને સળગાવીને જમીનદોસ્ત કર્યું. સોલોમનના મંદિરોનો વિનાશ કર્યો. એણે નીમેલા જુડાહના રાજાના કુટુંબની કતલ કરી. રાજાની આંખો ખોતરી કાઢી. અને જેરૂસેલમના એકેએક નરનારી અને બાળકને ગુલામ કરી બેબીલોન લઈ ગયો. ગુલામોના એ કાફલામાં એક યહુદી કવિએ ગાયેલી કવિતા આજે પણ ભૂતકાળની કબરમાંથી રડતી સંભળાય છે. "બેબીલોનની નદીઓ પાસે અમે બેઠાં. મોટેથી રડયાં, અમે અમારી સારંગીઓના તાર તોડી નાખ્યા કારણ કે અમે ગુલામ હતા અને અમારા માલિકો અમને બળજબરીથી હસાવતા હતા તથા ગવડાવતા હતા, રોવડાવતા હતા.

પેલેસ્ટાઇનમાં રહેલા ધર્મગુરુઓ આ બધા વિનાશનો જવાબ આપતા કહેતા હતા કે યહુદીલોકોના પાપનો બદલો ભગવાન યાહવેહે આપ્યો છે. પણ હવે ભગવાન આપણને માફ કરવા માગે છે. જ્યારે જેરૂસેલમ સળગતું હતું અને બેબીલોનના લશ્કરો કતલ ચલાવતાં હતાં ત્યારે જુડાહના શ્રીમંતો ભગવાન યાહવેહની પ્રાર્થના કરતા હતા. પોતાના ગુલામોને છોડી મૂકતા હતા પણ બેબીલોનના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લશ્કરો જેરૂસેલમથી પાછાં ગયાં કે તરતજ બધા માલિકોએ ગુલામોને તેમની જંજીરો પાછી પહેરાવી. પણ હવે આટઆટલા વિનાશ પછી પેલેસ્ટાઇનના ધર્મગુરુઓ માલિકોના પાપને ધિક્કારતા થઈ ગયા હતા અને તેમને શ્રાપ આપતા પણ થઇ ગયા હતા. પણ રીબાતો લોકસમાજ કહેતો હતો કે હવે ભગવાનને બલિદાન નથી જોઇતાં પણ ન્યાય જોઇએ છે. ધર્મગુરુઓ અને ફિરસ્તાઓ પણ વેપારીઓ અને શ્રીમંતોની જેમ બગડી ગએલા છે. પાછા નવા ફિરસ્તાઓ અનિષ્ટો સામે બૂમો પાડતા હતા અને જેરૂસેલમનો વિનાશ ભાખતા હતા. અને ઈશુના આગમન માટે પોકાર કરતા હતા. તથા લોકોના થતા વિનાશ માટે આક્રંદ કરતા કહેતા હતા કે આપણા લોકોની દીકરીઓની જે ભયંકર કતલ થઈ છે તે માટે રડવું હોય તો આપણા માથાં પાણીનાં બનાવવાં જોઈએ અને આપણી આંખોમાંથી અખંડ વહેતા ઝરાઓ ફૂટવા જોઇએ.

એ દરમ્યાન એક બીજો ફિરસ્તો ઉપદેશક બેબીલોનની અંદર જાગતો હતો ને ભવિષ્ય ભાખતો હતો. એનું નામ ઇઝેકીલ હતું. ઇઝેકીલ ધર્મગુરુના એક કુટુંબનો હતો અને તેને જેરૂસેલમમાંથી ગુલામ બનાવીને લઈ જવામાં આવ્યો હતો. એણે જેરૂસેલમનાં પાપનાં લખાણો કર્યાં હતાં અને કહ્યું હતું કે આ બધા પાપો માટે જેરૂસેલમ પરાધીન બને અને નાશ પામે તો તેમાં કંઇજ નવાઈ નથી. એ ઉપરાંત ઇસાયાની જેમ એણે બીજી પ્રજાનો પણ વિનાશ ભાખ્યો અને કહ્યું કે મોઆબ, ટાયર, ઇજીપ્ત અને એસીરિયા પણ નશ પામવાનાં છે. અંતમાં લોકોને આશા આપતો એ કહેતો હતો કે ભગવાન યહુદી લોકોનો ઉદ્ધાર કરશે અને જેરૂસેલમ ફરીથી બંધાશે. ભગવાન યાહવેહનું મોટું મંદિર ચણાશે. ધર્મગુરુઓ રાજ્ય કરશે અને પાછાં સુખશાંતિ આવશે.

જેરૂસેલમથી પકડી અણાયલા એના જે ગુલામ સાથીદારો હતા તેમાં એ આ રીતે આશ્વાસન આપતો હતો. એ રીતે એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના ગુલામ બનેલા જાતભાઈઓને બેબીલોનની પ્રજામાં ભળી જતાં અટકાવતો હતો અને યહુદી લોકોની જાતને જાળવી રાખતો હતો. એ સમયના ગુલામ બનેલા યહુદી લોકો ધીમે ધીમે બેબીલોનના દેવોની પૂજા સ્વીકારતા હતા તથા બેબીલોનના રીતરીવાજો ધારણ કરતા હતા. જેરૂસલેમ ભૂલાઈ જતું હતું.

તે સમયે આ બીજા ઇસાયાએ લોકોને જાળવી રાખવાનો ને ઇઝરાઇલનો ધર્મને સાચવી રાખવાનો પ્રયત્ન શરૂ કર્યો. જ્યારે બુદ્ધ હિન્દુસ્તાનમાં ઇચ્છા માત્રને વિકાર ગણાવી ઇચ્છાઓનો નાશ માગતો હતો અને જ્યારે ચીનમાં કનફ્યુશિયસ ચીના લોકો માટે ડહાપણના શબ્દો બોલતો હતો, ત્યારે આ બીજો ઇસાયા ભવ્ય અને તેજદાર ભાષામાં દેશવટે નીકળેલા યહુદી લોકોને એક ભગવાનની ભક્તિ ઉપદેશતો હતો અને કહેતો હતો કે ભગવાનનો આત્મા મારી અંદર પ્રવેશ પામ્યો છે, અને પીડિતોને મારા દ્વારા કહેવડાવે છે કે હવે બધા ગુલામો છૂટવાના છે અને બધાં કેદખાનાં ઊઘડી જવાનાં છે. કારણકે ભગવાન યાહવેહ લશ્કરોનો કે વૈરનો ભગવાન નથી પણ પ્રેમાળ પિતા છે.

બદલાયલા સંજોગોમાં ભગવાનનું આ નવું રૂપાંતર અને લશ્કરોના ભગવાનને બદલે લશ્કરોના સીતમોથી સૂકાઈ ગયેલી પ્રજાને તથા માલિકોના જુલ્મોથી વિનાશ પામતી પીડિત જનતાને આશ્વાસન આપવા પ્રેમાળ પિતા જેવો નવો ભગવાન આવતો હતો. ફિરસ્તાઓએ ભાખ્યું હતું કે ભગવાનનું અવતરણ નજીક આવતું હતું, એવા પ્રેમાળ ભગવાનનો સંદેશો લાવનાર ભગવાનના દીકરા જેવી કોઈ વિભૂતિ જન્મવાની હતી.

પછી કોઈ ભગવાન આવ્યો નહિ પણ પર્શિયાનો વિજેતા સરદાર સીરસ બેબીલોન પર ચઢી આવ્યો. એણે બેબીલોનને હરાવ્યું. ગુલામ બનેલા બધા યહુદી લોકોને પોતાને વતન જવાની પરવાનગી આપી. સીરસ બેબીલોનના ભયંકર રાજાઓ કરતાં વધારે સુધરેલો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતો. એણે યહુદી લોકોના દેવને માન આપ્યું. બેબીલોનના દેવદેવી-ઓને પણ પૂજ્યાં અને દરેકને ધાર્મિક સ્વાતંત્ર્ય આપી પોતાને ઘેર પાછો ગયો. એણે બેબીલોનના રાજાએ લૂંટેલા ધનના ભંડારોમાંથી પોતાને વતન પાછી જતી યહુદી પ્રજાને જોઈએ તેટલી વાટ ખરચી આપી પણ અત્યાર સુધી બેબીલોનમાં રહેલા ઘણા યુવાન યહુદી લોકો બેબીલોનની ધરતી પર જામી ગયા હતા. કેટલાક તો જમીનદારો ને વેપારીઓ પણ બન્યા હતા. એમણે એ બધી મિલકતો છોડી ખંડેર બનેલી જેરૂસેલમની પવિત્ર પિતૃભૂમિમાં જવાની ના પાડી. સીરસના ગયા પછી બરાબર બે વર્ષ પછી બેબીલોનથી એક મોટો કાફલો પચાસ વર્ષ પછી પાછો જેરૂસેલમ જવા નીકળ્યો પણ એ દરમ્યાન તો જેરૂસેલમમાં બીજા સેમિટિક લોકો આવીને વસ્યા હતા. અને જમીનોના માલિક બન્યા હતા. વતન પાછા આવતા આ નવા યહુદી લોકોને પર્શિયાના રાજા ડેરીઅસે વતનમાં ફરીવાર વસવાની સગવડો કરી આપી. એ લોકોએ પોતાના ભગવાનનું મંદિર બંધાવ્યું. ધીમે ધીમે જેરૂસેલમ પાછું યહુદી લોકોનું નગર બન્યું. એમના વસવાટ પછી પાછાં વીશ વર્ષે જેરૂસેલમ ભગવાનના સ્તોત્રોથી ગાજી ઊઠયું. ફરીવાર યહુદી લોકોને પોતાના વતન પેલેસ્ટાઈનને જોરદાર બનાવવાનાં સ્વપ્નો આવવા લાગ્યાં.

પણ હવે ફરીવાર પેલેસ્ટાઈનને લશ્કરી રાજ બનાવવું અશક્ય હતું. જુડીઆ પસે હવે લશ્કરો કે દોલતના ઢગલા રહ્યા નહોતા, પર્શિયાની રાજકીય સરદારી નીચે હવે જુડીઆ ધાર્મિકરાજ બનતું હતું, અને આચાર વિચારોમાં ધર્મગુરુઓની સરદારી ધરાવતું હતું.

ઈ. સ. પૂ. ૪૪૪ નો સમય હતો. ઈઝરા નામના એક વિદ્વાન ધર્મગુરુએ બધા યહુદી લોકોનું સંગઠન કર્યું. એક મોટી ધાર્મિક પરિષદ બોલાવી અને તેમને પેસ્ટાઈનના પતન પહેલાં અને જેરૂસેલમના વિનાશ પહેલાં મહાન મોસીસે લખેલી ભગવાનની કાયદાપોથી ફરી વાર વાંચી સંભળાવી. પેલેસ્ટાઈનમાં સાત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દિવસ સુધી સપ્તાહના સ્વરૂપમાં આ ધાર્મિક પરિષદ ચાલી. સવારથી બપોર સુધી આ ભગવાનના કાયદાએ વંચાયા અને તે પર ઉપદેશો થયા. આ પરિષદને અંતે ધર્મગુરુઓએ અને લોકોના સરદારોએ એ કાયદાપોથીનાં બધાં ફરમાનો સ્વીકાર્યાં અને તે પ્રમાણે પોતાના આચારવિચાર ઘડવાનું નક્કી કર્યું. આ કાયદા પોથીનું બાયબલ બંધાયું. એ બાયબલે ધર્મશાસ્ત્રની ભાષામાં લોકોને જ્ઞાન આપ્યું. એ ધર્મશાસ્ત્રમાં આખી સૃષ્ટિના સર્જનહાર તરીકે ભગવાન યાહવેહ અથવા જેહોવાહનું નામ ઉચ્ચાર્યું છે. બાળકોને અને પ્રાથમિક દશાના મનુષ્યોને પરીની કથાની જેમ રસ ઉત્પન્ન કરે તેવી સૃષ્ટિની ઉત્પત્તિની બાયબલની વાતો ઘડીભર આનંદ આપે તેવી છે. એવી ઉત્પત્તિ અને પ્રલયની તથા સ્વર્ગ અને નર્કની આનંદદાયક અને ભયંકર તરંગી વાતો એકેએક ધર્મશાસ્ત્રે લખી છે. બાયબલ એમાં અપવાદ નથી. જીવનની સર્જકશક્તિમાં ખૂબ આનંદ પામતો અને સર્જનશક્તિનાં સ્વરૂપોને પૂજતો માનવી હમેશાં એની પ્રાથમિક દશાથી મનુષ્યના જનનેન્દ્રિયના સ્વરૂપોને પૂજતો આવ્યો છે. તથા તેણે હમેશાં પોતાના ધર્મોની શરૂઆતમાં ઉગ્ર સર્જનશક્તિવાળા પ્રાણીઓની પૂજા કરી છે. બાઇબલમાં લખાયલી સાપની વાત એ મનુષ્યની જાતીય પ્રક્રિયાની વાત છે અને એ વાતનો એવો અર્થ છે કે જાતીય પ્રક્રિયાનો વિચાર તથા જ્ઞાન મનુષ્યની પ્રાથમિક નિર્દોષતા અને સરળતાને મારી નાખતા હોય છે. જેમ એકેએક પ્રાથમિક પ્રજાએ જ્ઞાન અથવા વિજ્ઞાન અને જાતીયતાને પાપની શરૂઆત મનાવી છે તેમ બાઇબલ પણ એમાં અપવાદ નથી. જેમ બધાં પાપનો ભાર પ્રાથમિક પ્રજાઓએ સ્ત્રીના માથા પર નાંખ્યો છે તેમ બાઈબલે પણ ઈવ અને પેન્ડોરાના નામમાં સ્ત્રીને પાપના મૂળ તરીકે ચીતરી છે. એજ રીતે એકેએક પ્રાચીન પ્રજાઓએ પોતાના ધર્મસાહિત્યમાં અને દંતકથાઓમાં પ્રલયની વાતો કરી છે. પ્રલયને મનુષ્યના પાપોનું પરિણામ ગણાવ્યો છે. એવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધાર્મિક દંતકથાઓની વાતો સુંદર કે ભયાનક હોય છે, વાસ્તવિક કે બનેલી હોતી નથી.

જોરશાઆ અને ઇઝરાઈલે ભગવાન યાહવેહ અથવા જેહોવાહના નામમાં જે ધાર્મિક પોથી વાંચવાની ફરજ પાડી હતી અને જેના પર પછીનું યહુદીઓનું જીવન બંધાતું હતું તે ધારાપોથી ધર્મના ઇતિહાસમાં રાજકીયતાનાં હિતો સાચવી રાખવાનો પ્રયત્ન હતો. લોક-જીવનના એકેએક ક્ષેત્રને એ ધાર્મિકપોથી આવરી લેતી. એ ધારાપોથીમાં ખાણાપીણાના, વૈદાના, જાહેર આરોગ્યના તથા જાતીય આચાર વિચારના નિયમો આવી જતા અને એ બધા નિયમો દૈવી દેખરેખ અને ફરમાન નીચે મૂકવામાં આવ્યા હતા.

એ ધાર્મિકપોથીની ટૂંકમાં સમાલોચના કરીએ તો દેખાય છે કે કહેવાતાં દૈવી દશ ફરમાનો એ ધારાપોથીમાં ગૂંથવામાં આવ્યાં હતાં.

પહેલું ફરમાન સમાજરચનાને સંસ્કૃતિના નિયમો પર નહિ પણ ભગવાનની ભાવના પર ગોઠવતું હતું. એ ભગવાન અદૃશ્ય એવો શહેનશાહ હતો તથા એકેએક કાયદો ઘડતો હતો. એકેએક શિક્ષાનો અમલ કરતો હતો. ભગવાનનો એ કાયદો ને વ્યવસ્થા સ્વીકારનાર ઇઝરાઈલ એટલે ભગવાનને વફાદાર કહેવાતા હતા. યહુદી લોકો પરાધીન હતા છતાં તેમનું મંદિર નાશ પામ્યું નહોતું. જુડીયાના ધર્મગુરુઓ રોમના પોપની જેમ અધિકાર ચલાવતા હતા. એ ધર્મગુરુઓના નામમાં ભગવાનનું પહેલું ફરમાન બોલતું હતું કે કે નાસ્તિકતા અથવા ધર્મનિંદા કરનાર કોઈને પણ મરણની શિક્ષા થવી જોઇએ.

એ ધારાપોથીનું બીજું ફરમાન કલાનો નાશ કરી ભગવાનની રાષ્ટ્રીય ભાવનાને ઉચ્ચ પદે સ્થાપતું હતું. એ ફરમાન કહેતું હતું કે ભગવાનની કોઈ પણ મૂર્તિઓ કરવી જોઈએ નહિ કારણકે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાન કોઈપણ મૂર્તિ કે આકારથી સર્વોપરિ છે. એ ફરમાનને લીધે વિજ્ઞાન અને કળા તરફ બેદરકારી બતાવવામાં આવી. ખગોળશાસ્ત્રને તરછોડવામાં આવ્યું અને સોલોમને બંધાવેલા મંદિરની બધી મૂર્તિઓનો નાશ કરી નવું મંદિર ચણવામાં આવ્યું.

ત્રીજું ફરમાન યહુદી લોકોની અંધ ધર્મભાવનાનો વહેમ બતાવે છે. એ ફરમાન કહે છે કે ભગવાનનું નામ એટલું બધું પવિત્ર છે કે એનો ઉચ્ચાર પણ કોઈએ કરવો નહિ. ધાર્મિકો ભગવાનને પ્રાર્થના કરતી વેળા તેનું નામ બોલવાને બદલે એડોની (માલિક) બોલવા લાગ્યા.

ચોથું ફરમાન ફરમાવતું હતું કે અઠવાડિઆનો એક દિવસ સાબાથનો ( આરામનો ) ગણાશે અને તે દિવસ પવિત્ર લેખાશે.

પાંચમું ફરમાન કુટુંબ સંસ્થાની પવિત્રતા આલેખતું હતું. કુટુંબ જીવનની પવિત્રતાના આલેખનમાં આર્થિક પાયો હતો, જમીન ખેડનારી પ્રજાની જરૂર હતી, તથા યુદ્ધના સમયમાં કપાઈ મરનારા સિપાઈઓની પણ જરૂર હતી. ધર્મના આ ફરમાનથી બાપનું સ્થાન ખૂબ સત્તાવાન અને અગત્યનું સ્થાન બન્યું હતું. એનાં બાળકો એની મિલકત ગણાતાં. એ જો ગરીબ હોય તો એની દીકરીને વેચી શકતો. ભગવાન યાહવેહ પરણેલી સ્ત્રીને ફરમાન કરતો હતો કે તારી બધી ઇચ્છાઓ તારા પતિને આધીન રહેશે ને તે તારાપર રાજ કરશે. ધર્મના આવા ફરમાન છતાં યહુદી લોકોમાં સ્ત્રીનું સ્થાન એટલું બધુ નીચું નહોતું.

છઠું ફરમાન નીતિની સંપૂર્ણતા માગતું હતું અને સાતમાં ફરમાનમાં લગ્નને કુટુંબના પાયા તરીકે સ્વીકારવામાં આવ્યું હતું.

આઠમાં ફરમાનમાં અંગત મિલકતને પવિત્ર લેખવામાં આવી હતી, તથા હિબ્રુ સમાજજીવનના ત્રીજા પાયા તરીકે ઓળખાવવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી હતી. તે સમયની અંગત માલિકી જમીનની હતી. એ ઉપરાંત ગુલામો પણ અંગત મિલકત ગણાતા હતા. ગુલામના માલીકોને પોતાના ગુલામોને મારી નાંખવાની સત્તા હતી. દેવાના બદલામાં ગુલામોને અથવા તેમનાં બાળકોને વેચી દેવામાં આવતાં.

નવમું ફરમાન અદાલતમાં સાક્ષી પાસે પ્રમાણિકતા માગતું હતું. અને દશમું ફરમાન મિલકત બનેલી પરણેલી સ્ત્રીની નીતિ બોલતું હતું કે કોઈએ પોતાની પાડોશીની સ્ત્રીની ઇચ્છા કરવી નહીં. અથવા તેનાં દાસ કે દાસીની તથા એના ગધેડાની ઇચ્છા કરવી નહિં.

આ દશ ફરમાન દૈવી હતાં. એટલે ધર્મગુરૂઓએ અને વિચક્ષણ રાજપુરુષોએ ઘડી કાઢ્યાં હતાં. એ બધાં ફરમાનોને પૂરેપૂરૂ અનુરૂપ એવું યહુદી લોકોનું જીવન હતું એમ માનવાને આપણી પાસે કારણ નથી. બીજી ધાર્મિક ધારાપોથીની જેમ એ ધારાપોથીનાં ફરમાનોને પવિત્ર માનવામાં આવતાં હતાં તથા પૂજવામાં આવતાં હતાં, તથા એ ફરમાનો યહુદી લોકના જીવનના આચારોને અસર કરતાં હતાં.

આ બધું છતાં પણ પેલેસ્ટાઈનની સંસ્કૃતિનો નાશ થતો હતો. ઇઝરાઇલિના યુવાનો યુદ્ધો લઢીને ખૂવાર થઈ ગયા હતા. યાહવેહ ભગવાનમાં જુડીઆનો વિશ્વાસ હતો પણ તે તેની મદદે આવ્યો નહતો. જેરૂસેલમને ફરીવાર સમરાવવામાં આવ્યું હતું ખરૂં પણ તે કોઈ અજય એવા ભગવાનનો કિલ્લો નહોતું બન્યું પણ પર્શિયા અને ગ્રીસનું ગુલામ હતું. ઈ. પૂ. ૩૪૪ માં યુવાન સિકંદર જેરૂસેલમને દરવાજે આવી ઊભો અને એણે પેલેસ્ટાઈનની પરાધીનતા માગી. જેરૂસેલમના વડા ધર્મગુરુએ સિકંદરનું શરણ સ્વીકારવાની પહેલાં ના પાડી પણ બીજી રાતે એને સ્વપ્ન આવ્યું અને તે પછી સવારે સિકંદરનું એણે શરણ સ્વીકારી જેરૂસેલમનો કબજો આપી દીધો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તોપણ એ જુડીઆનો અંત નહોતો. દુનિઆના ઇતિહાસમાં જુડીઆ જે ભાગ ભજવવાનું હતું તેનો આ પહેલો પ્રવેશ જ પૂરો થયો હતો. એના બીજા પ્રવેશમાં જુડીઆની રંગભૂમિપર ઇશુનું આગમન થવાનું હતું અને ત્યારપછી પેલેસ્ટાઈન પર ભયંકર રમખાણો ખેલાવાનાં હતાં. જેરૂસેલમ ખંડેર બનવાનું હતું પણ એના નાશની રાખમાંથી ફરી ઊગવાનું હતું અને દુનિયાના ઇતિહાસમાંથી યહુદી પ્રજા પણ વિનાશ પામવાની નહોતી, ઇતિહાસની છેલ્લી તવારીખ સુધી જીવવાની હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સંસ્કૃતિનાં વહેણ

## દૂર પૂર્વના દેશોમાં

## પ્રકરણ ૧

### પરિચય

સંસ્કૃતિના ભવ્ય સ્મારક જેવું વીસ લાખ ચોરસ માઈલના વિસ્તારવાળું અને એના શેઠ બ્રિટનના પ્રદેશથી વીસ ગણો મોટો છત્રીશ કરોડની વસ્તીવાળો અને આખી દુનિયામાં સૌથી મોટામાંનો એક એવો હિન્દુસ્તાન ઈ. સ. પૂર્વે ૨,૯૦૦ વર્ષ પહેલાંથી સંસ્કૃતિનું સાતત્ય અને વિકાસ બતાવે છે. એ હિન્દમાં ઈશુથી આઠ સૈકાઓ પહેલાં ઉપનિષદો રચનારા તત્ત્વચિંતકોના સાદ સંભળાતા હતા અને ઈશુથી આઠ સૈકા પછી શંકરની વેદાન્ત ઘોષણા હિન્દને ખૂણે ખૂણે પહોંચી વળી હતી. એવા એ હિંદમાં ત્રણ હજાર વર્ષ પહેલાં ખગોળશાસ્ત્ર વિકાસ પામતું હતું અને ગામો પંચાયતની પ્રથામાં રાજકીય વ્યવહારનો અમલ કરતાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ભૌગોલિક પરિસ્થિતિ

હિમાલયના વિશાળ વિસ્તારોમાંથી સીલોનની સતત ગરમીમાં એક ત્રિકોણ ઊતરી આવતો હોય તે પ્રમાણે હિંદનો પ્રદેશ પથરાયો છે. એના ડાબા પડખાના ખૂણામાં પર્શિયા છે, જેની સાથે હિંદના વતનીઓ દેવોની ભાષા બોલતા હતા, તથા વેદકાળથી સંબંધ રાખતા હતા. ઉત્તર તરફની સરહદ પર પૂર્વમાં અફઘાનીસ્તાન પડ્યો છે ને ત્યાં પ્રાચીન સંસ્કૃતિના સ્મારક જેવું કંદહાર (ગાંધાર) મોજુદ છે. ત્યાંજ ગ્રીક અને હિંદી શિલ્પોનો સંગમ થયો હતો અને ત્યાંજ એ બંને પ્રદેશનું શિલ્પ હમેશને માટે જુદું પડયું હતું. એની ઉત્તરે કાબુલ છે. એ કાબુલમાંથી મોગલ લોકોનાં ટોળાં હિંદ પર ઊતરી આવ્યાં હતાં. અને આજે તેઓ હિંદને વતન માની તેમાં વસવાટ કરે છે. કાબુલની પાડોશમાં જ પેશાવર છે અને એ હિંદને લગોલગ હિંદુકૂશના ઘાટ પાસે રશિયા લંબાયું છે. ઉત્તરના છેડા પર હાથવણાટની ઝીણી કારીગરીના નમૂના આજે પણ સંઘરી રાખતો કાશ્મીર ઇલાકો આવ્યો છે. દક્ષિણે પાંચ નદીનો પ્રદેશ પંજાબ એના લાહોર અને સીમલાના મથક સાથે હિમાલયના પગમાં સૂતો છે. પંજાબની પશ્ચિમમાંથી ચાર માઇલ લાંબી એવી સિંધુ હિંદના હિંદુ વતનીઓની યાદ આપતી વહે છે. પંજાબમાંથી યમુના અને ગંગા પણ દક્ષિણ પૂર્વ તરફ હિંદના પાટનગર દિલ્હીના પાયા ધોતી તથા હિંદુઓના પવિત્ર નગર બનારસમાં દરરોજ હજારો યાત્રાળુઓના પાપ ધોતી કલકત્તા તરફ વહે છે. દૂર પૂર્વમાં બ્રહ્મદેશ છે. સિંધુની દક્ષિણે રાજપુતાનાના પ્રદેશના ક્ષત્રિયોની ક્ષાત્રવટના વીરોચિત ઇતિહાસ આલેખતા ગ્વાલિયર, ચિત્તોડ, જયપુર, અજમેર અને ઉદયપુરની આસપાસના પત્થરો પણ અનેકના બલિદાનના પૂરાવા આપતા પડયા છે. દક્ષિણ અને પશ્ચિમમાં સુરત, અમદાવાદ, મુંબઈ અને પુના વગેરે નગરોમાં માનવ મેદની ઉભરાવતો મુંબઈ ઇલાકો પથરાય છે. તથા એ હિંદની પશ્ચિમે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગોવાનો કિનારો છે. અને પૂર્વમાં પાંડિચેરી છે. વિજેતા બ્રિટને સાંસ્થાનિક લૂંટમાંથી એ ટૂકડાઓ પોતાના જૂના સાથીદારોને રાખવા દીધા છે. બંગાળના અખાત પર મદ્રાસ ઇલાકો પથરાયો છે. આ પ્રદેશનો પાંચમો ભાગ જૂના જંગલોથી ઢંકાયેલો છે. એ પ્રદેશ પર જંગલી લોકોની વસ્તી છે. અને હિંદના મોટા ભાગ પર પડતી ગરમીએ તથા અંગ્રેજોના આવ્યા પછી હિંદની સંસ્કૃતિના કરેલા વિનાશે તથા સંસ્થાન બનેલા હિંદને કાચો માલ ઉત્પન્ન કરવાના પ્રદેશ તરીકે જાળવી રાખવા માટેની વિજેતાઓની બુરી મુરાદને લીધે આજે હિંદની ધરતી કસ વિનાની બનતી જાય છે. હિંદનો ખેડૂત ધરતી કરતાં અનેક ગણો ચૂસાતો જાય છે તથા હિંદની જાત મહેનત અનેક પ્રકારે લૂંટાતી જાય છે. આજે એ હિંદનો નિષ્ક્રિય બનેલો એક વર્ગ આજની વિપરીત પરિસ્થિતિમાં દમન અને નિર્વાણના સ્વપ્નો સેવે છે. તથા બીજો ઘણો મોટો વર્ગ પરાધીનતાની અનેક યાતનાને ફેંકી દેવા આળસ મરડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૨

## ઇતિહાસ પહેલાંનો ઇતિહાસ

એવા પણ દિવસો હતા જ્યારે થોડા સમય પહેલાના ઇતિહાસકારો અજ્ઞાનને લીધે એમ ધારતા હતા કે દુનિયાના ઇતિહાસની શરૂઆત ગ્રીસથી થઈ હતી. એ વાતને સૌથી પહેલાં સ્વીકારી લેનાર યુરોપ એમ માનતું હતું કે હિંદમાં આર્યો આવ્યા તે પહેલાં લોકો જંગલી હતા અને હિંદ જંગલી લોકોનો પ્રદેશ હતો, અને સંસ્કૃતિનું સાચું મંડાણ, કેસ્પીઅન મહાસાગરના કિનારા પરથી કલા અને વિજ્ઞાન આર્યો લઈને આવ્યા ત્યારે જ થયું હતું. આજના ઇતિહાસકારોની શોધખોળોએ એ વાતને ગલત પૂરવાર કરી છે. થોડાજ સમય પર થએલી અને આજે થતી શોધોએ યુરોપની મિથ્યા અસ્મિતાના એ સ્વપ્નને પોકળ પૂરવાર કર્યું છે અને બતાવી આપ્યું છે કે એશિયાના બીજા પ્રદેશોની જેમ દૂર પૂર્વના હિંદમાં પણ હજારો વર્ષ જૂની સંસ્કૃતિની શરૂઆત ઇતિહાસ પહેલાંના કાળથી થઈ ગઈ હતી. હજારો વર્ષ જૂની એ સંસ્કૃતિની સાક્ષી પૂરતાં સ્મારકો આજે કલકત્તા, મદ્રાસ અને મુંબઈના સંગ્રહસ્થાનોમાં પડયાં છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૯૨૪ ની સાલમાં હિંદમાં સાંપડેલા સમાચાર સાંભળી દુનિયાભરના ઇતિહાસકારો ઝબકીને જાગ્યા છે. સર જોન માર્શલે એના આરટી, બેનરજી વિગેરે સાથિદારો સાથે દુનિયાની સંસ્કૃતિના સંશોધકોને હેરતમાં નાખી તાજુબી પેદા કરે એવું સિન્ધુના પશ્ચિમ કિનારા પરનું મોહનજો--ડેરો નામનું સ્થળ શોધી કાઢયું છે. એ ઉપરાંત ત્યાંથી થોડા સો માઇલ દૂર ઉત્તરમાં હારાપ્પા તરફ પૃથ્વીના પડોમાં પાંચ મોટાં નગરો ખોદી કાઢવામાં આવ્યાં છે. જમીનને તળીએ દટાઈ ગયેલાં એ નગરોમાં આજે સેંકડો ઘરો, દુકાનો, બજારો, શેરીઓ અને રસ્તાઓ જડી આવ્યા છે. એ નગરો કેટલા વર્ષનાં જૂનાં હશે તેનો અંદાજ કાઢતો સર જોન માર્શલ કહે છે કે "આ શોધખોળો એમ સાબીત કરે છે કે સિંધમાં અને પંજાબમાં ઈ. સ. પૂ. ચાર હજાર વર્ષ પહેલાં ખૂબ વિકાસ પામેલી નગરજીવનવાળી સમાજરચના હશે. એ નગરોના ઘરોમાં જે જાતના કુવાઓ, સ્નાનાગારો તથા જમીન નીચેની ગટરોની યોજનાઓ જડી આવી છે, તે બતાવી આપે છે કે અત્યાર સુધી બેબીલોનિયા અને ઇજીપ્તમાં જડી આવેલાં અવશેષો કરતાં આ અવશેષો વધારે વિકાસ પામેલી એવી સમાજરચનાનો ખ્યાલ આપે છે. મોહન–જો–ડેરોમાં જડી આવેલાં એકથી વધારે માળવાળાં મકાનોની ઘટના, અત્યાર સુધીમાં જડી આવેલાં અવશેષોમાંથી ઘરમાં વપરાતા જુદા જુદા પદાર્થો જેવા કે, વાસણો, કપડાં, ઓજારો, સિક્કાઓ તથા શિલ્પકળા વગેરે જોતાં એમ લાગે છે કે એ પ્રજા બધી જાતની ધાતુના પદાર્થો બનાવતી હતી, સિક્કાઓ વાપરતી હતી, સોના રૂપાનાં ઘરેણાં પહેરતી હતી તથા આજે જે જાતના નકસીદાર કામો થાય છે તે કરતી હતી. તે વખતની એવી વિકાસ પામેલી સમાજ-રચના આજે જડી આવેલાં અવશેષો પરથી જણાય છે કે ઈ.સ. પૂ. પાંચ હજાર વર્ષ પહેલાંની હતી. વિચિત્ર વાત તો એ છે કે આ અવશેષનું છેલ્લામાં છેલ્લું ૫૬ ઉપલાં પડો કરતાં સૌથી વધારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિકાસ પામેલી સમાજઘટનાની સાક્ષી પૂરે છે. એ સંસ્કૃતિ હજારો વર્ષની જૂની છે તે નિઃશંક પૂરવાર થાય છે. સિંધુ નદીની આસપાસ હજારો વર્ષ જૂની એ સંસ્કૃતિના અવશેષમાંથી પત્થરથી માંડીને એકેએક ધાતુની વસ્તુઓ મળી આવે છે અને એમ અનુમાન થાય છે કે જ્યારે પિરામિડ બાંધવામાં આવ્યો હશે ત્યારે એ સમયની દુનિયામાં સિન્ધુ નદીની આસપાસનો પ્રદેશ સૌથી આગળ વધેલી અને વિકાસ પામેલી સુધરેલી પ્રજાનો હશે તથા એ પ્રજાને ધાર્મિક, વૈજ્ઞાનિક તથા વ્યાપાર વિષયક બધા સંબંધો સુમેરિયા અને બેબીલોનિયા સાથે હશે. આ જાતના સંબંધોના સાક્ષી રૂપે સુમેરિયાના અવશેષોમાંથી જે જાતના પદાર્થો જડી આવ્યા હતા તેવા જ પદાર્થો મોહન-જો-ડેરોમાં પણ માલમ પડયાં છે, તથા ૧૯૩૨ માં બેબીલોનિયામાંથી પણ જડી આવ્યાં છે.

એમ માનવામાં આવે છે કે સૌથી જૂની સંસ્કૃતિ સુમેરિયાએ સુધારાના પાઠ સિંધુ નદીની આસપાસની સંસ્કૃતિમાંથી શીખ્યા હશે. તથા સંસ્કૃતિનો સૌથી પહેલો ઊગમ અને સંસ્કૃતિના વિકાસનું અને ઊછેરનું કામ હિન્દમાંજ શરૂ થયું હશે. સંશોધકોનો એવો મત છે કે દુનિયાને આજે જડેલાં સંસ્કૃતિના અવશેષોમાં મોહનજો ડેરોના અવશેષો સૌથી જૂનાં છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૩

### ઇન્ડો આર્યન

જેમ મનુષ્યના ઇતિહાસમાં માણસ ને જંગલી મનુષ્ય વચ્ચેનો અંતરાય ઘણો મોટો છે તથા એ સમયની ચોક્કસ ગણત્રી થઈ નથી તેવી રીતે મોહન-જો-ડેરોમાંથી મળી આવેલાં અવશેષ પરથી નક્કી થયેલી હિન્દની સંસ્કૃતિનો કાળ ઇતિહાસે સાચવી રાખ્યો નથી. એ કાળ ઇતિહાસ પહેલાનો છે. મોહન-જો-ડેરોની સંસ્કૃતિ વાળી સમાજરચના તથા હિન્દમાં આર્યો આવ્યા તે સમયનો સમાજ એ બે તવારીખો વચ્ચે ખૂબ લાંબો સમય અજ્ઞાત બનીને ઊભો છે. એ વચલા સમયની સમાજરચનાનો ઐતિહાસિક ખ્યાલ આપણી પાસે નથી. સિંધુની આસપાસ જડી આવેલા અવશેષોમાં એક જાતનો સિક્કો જડી આવ્યો છે એ સિક્કા પર સાપની ફણાના ચિન્હો છે કે જે ચિન્હો હિન્દના જૂનામાં જૂના વતનીઓના હતા. એમ માની શકાય એમ છે કે જ્યારે આર્યો હિન્દમાં આવ્યા ત્યારે ઉત્તરના પ્રદેશમાં એના મૂળ વતનીઓ નાગલોકો કહેવાતા હતા તથા સાપની પૂજા કરતા હતા. હિન્દના દક્ષિણ તરફના પ્રદેશમાં કાળા રંગવાળા તથા ચપટા નાકવાળા લોકો વસતા હતા. જે દ્રાવિડો કહેવાતા હતા. જ્યારે આર્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકોના ધાડાં હિન્દ પર દોડતાં હતાં ત્યારે એ લોકો સુધરેલા હતા અને તેમના વેપારી કાફલાઓ સુમેરિયા અને બેબીલોનિયા સાથે વેપાર ચલાવતા હતા. આર્ય લોકો પોતાની ગ્રામપંચાયતોની રીતભાતો તથા ખેતી અને લોકો પાસે કર ઉઘરાવનારી સરકારી રીતભાત દ્રાવીડી લોકો પાસેથી શીખ્યા હશે. આજે પણ દક્ષિણનો એ ભાગ ભાષામાં, સાહિત્યમાં, કલામાં અને રીતરિવાજમાં દ્રાવીડી છે. આર્ય લોકોએ હિન્દના એ દક્ષિણ પ્રદેશો પર સ્વારી કરી તથા એમના પ્રદેશો જીતવા માંડયા. તથા એ લોકોને અનાર્ય અથવા નીચ માની ગુલામ બનાવવા માંડયાં.

એવા એ આર્યો કોણ હતા એ સવાલ ઊભો થાય છે. એ લોકો પોતેજ પોતાની જાતને સુધરેલા અથવા આર્ય કહેતા હતા. એ લોકો કાસ્પીઅન પ્રદેશ તરફથી આવ્યા હશે, તથા પર્શિયનલોકો પોતાના જે વતનને આર્યાનાવિજો (આર્યોનું ઘર) કહેતા હતા તેજ કાસ્પીઅન પ્રદેશ તરફનું વતન હિન્દમાં આવેલા આર્યોનું પણ હશે. જ્યારે એ આર્ય લોકોનું એક ધાડું બેબીલોનિયાને સર કરતું હતું ત્યારે આર્યોની બીજી ટૂકડીઓ હિન્દમાં પ્રવેશતી હતી. આ આર્ય લોકો હિન્દને જીતીને સામ્રાજ્ય વધારવા નહોતા આવ્યા પણ હિન્દને પોતાનું વતન બનાવવા આવ્યા હતા. આર્યલોકો શરીરે મજબૂત હતા અને ખાવાપીવામાં ખૂબ જોરદાર હતા. વિજેતાઓનો સામાન્ય સ્વભાવ હોય છે તેમ આર્યોનો પોતપોતાની અંદરનો વ્યવહાર લશ્કરી શિસ્તનો હતો તથા જીતાએલી પ્રજાપર ગમે તેવા ઘાતકી વર્તનનો હતો.

બીજા પ્રદેશોને પચાવી પાડવા અને તેમાં પોતાનું ઘર બનાવવા એ લોકો પોતાની તરવારના જોરપર આધાર રાખી આવ્યા હતા. તથા યુદ્ધમાં કુશળ અને હિમ્મતવાળા હતા. એ તરવારના જોરે અને લશ્કરી કુશળતાએ એ લોકો થોડા સમયમાં હિન્દના દક્ષિણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રદેશના માલિક બન્યા. ત્યાર પછી વિજેતા આર્યોનું પહેલું ધ્યાન લશ્કરો વધારવા તરફ અને હથિયારો વધારવા તરફ ગયું, આર્ય-લોકો યુદ્ધમાં ધનુષ્ય અને બાણ વાપરવા માંડયા. યુદ્ધમાં વાપરી શકાય એવો રથ બનાવવા માંડયા. ભાલાઓ અને ફરશીઓના હથિયારો બનાવવા માંડયા.

એ લોકો દંભી નહોતા. અને હિન્દમાં જમીન પચાવી પાડવાના તથા ઘરો બાંધવાના તથા હિન્દના મૂળ વતનીને ગુલામ બનાવવાના પોતાના મૂળ આશયને સંતાડતા નહોતા. કારણ કે તે લોકો આજની સુધરેલી ગોરી પ્રજા જેવા સુધરેલા નહોતા. એટલે ઓછા દંભી હતા. "અમે તમને સુધારવા આવ્યા છીએ" એવી શબ્દજાળો બોલ્યા વિના આ લોકો હિન્દને તાબે કરતા હતા, અને હિન્દીઓને ગુલામ બનાવતા હતા; અને ચોકખેચોકખું કહેતા હતા કે અમારે વધારે જમીન જોઈએ છીએ, વધારે ગાયો જોઈએ છીએ, વધારે ગુલામો જોઈએ છીએ. જમીનોને પચાવી પાડતા, હિન્દના મૂળ વતનનીઓનાં ઘરબાર સળગાવી મૂકતા, તે સમયના હિન્દને ગુલામ બનાવતા અને તેમના લોહીની છોળો ધરતી પર ઉછાળતા એ આર્ય વિજેતાની લશ્કરી હીલચાલ ખૂનખાર જંગો ખેલતી પૂર્વ તરફ આગળ વધતી. સિન્ધુ નદીને કિનારે કિનારે પૂર્વ તરફ આગળ વધતા આર્યો ગંગાના પ્રદેશ સુધી પહોંચ્યા અને આખો હિન્દુસ્તાન કબ્જે કર્યો. હિન્દુસ્તાન પર વિજય મેળવ્યા પછી આર્ય લોકોની ટોળી જુદાં જુદાં ગામો વસાવીને ત્યાં સ્થિર થઈ પડવા લાગી. દરેક ગ્રામ પર એક એક લશ્કરી અમલદારનો અધિકાર હતો તથા એ લશ્કરી અમલદાર તથા રાજા પોતાના ગ્રામમાંથી યોદ્ધાઓની એક સમિતિ નીમી તેની સલાહ પ્રમાણે કામ કરતા. એકથી વધારે ગ્રામો મળીને એક ટોળી બનતી હતી અને એ ટોળીમાંથી જુદા જુદા કુળપતિઓની સભાઓ રાજકારભારમાં મદદ કરતી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દરેક વિજેતાઓની જેમ આર્ય લોકો પાસે પણ પોતે બીજી પ્રજાઓ કરતાં ઊંચા છે એવું અભિમાન હતું. બીજી પ્રજાને ગુલામો તરીકે જાળવી રાખવા માટે, પોતાના એ અભિમાનને પોષવાને તથા જાળવી રાખવાને ખાસ કાયદાઓ ઘડવામાં અવતા હતા. કોઈ પણ આર્ય અનાર્ય સાથે લગ્ન સંબંધમાં ઊતરી શકતું નહિ. તથા કોઈ પણ આર્ય અનાર્યો સાથે સમાન વ્યવહાર કરી શકતું નહિ. આર્ય અને અનાર્યના એકેએક વ્યવહાર શેઠ ને ગુલામોના વ્યવહારો હતા. તથા એવા એકે એક વ્યવહારમાં આર્યો ઊંચા છે અને અનાર્યો નીચા છે એ જાતનો ખ્યાલ બતાવવામાં આવતો હતો. આર્યો સમજતા હતા કે આર્યો ને અનાર્યોના જો અંદર અંદર લગ્ન સંબંધ બંધાય અથવા તો તેવી છૂટ આપવામાં આવે તો બન્ને પ્રજાઓ એક થઈ જાય, તથા આર્યોના ગુલામો આર્યો સાથે લોહીના સંબંધમાં આવી સમાનતા માગતા થઈ જાય. આર્યો એ રીતે અનાર્યો સાથે એક થવા નહોતા માગતા, અનાર્યોને પોતાના નિકટના સંબંધીઓ બનાવવા નહોતા માગતા પણ પોતાના નફાઓ માટે વેઠ કરનારા ગુલામો જ રાખવા માગતા હતા.

એથી આર્ય વિજેતાઓએ વર્ણ ભેદ શરૂ કર્યો. ગોરી ચામડી વાળા આર્યો ઊંચા લેખાયા અને કાળી ચામડી વાળા અનાર્યો નીચ ગણાયા. શરૂઆતમાં એવા બે વિભાગો પડ્યા કે વર્ણો પડ્યા. એક વિજેતા આર્યોનો અને બીજા યુદ્ધમાં હારી જનાર અને તેથી ગુલામ બનેલા અનાર્યોનો. ઈ. પૂ. બે હજાર વર્ષ પહેલાં આર્યોનું આગમન થયું અને ત્યાર પછી એક હજાર વર્ષ સુધી આર્ય લોકો આ બે વિભાગમાં વહેંચાઈ ગયા અને હિન્દના માલિક તરીકે વસ્યા. એ કાળને આર્યના વૈદિક કાળ તરીકે ઓળખવામાં આવે છે. એ કાળના આર્ય લોકો સંસ્કૃતિની શરૂઆતમાં હતા. ગાયો એમની દોલત હતી. જમીન એમની મિલકત હતી. એ બન્ને મિલકતને જીતનારા આર્યો તલવારની ધારપર રાજ્ય કરતા હતા. તથા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુદરતના જુદાજુદા તત્ત્વોને તથા પ્રાણીઓને પૂજતા હતા. આર્યોની પૂજાવિધિમાં આકાશ, સૂર્ય, ચન્દ્ર, તથા પૃથ્વી પાણી વિગેરે તત્ત્વો દેવદેવીઓ ગણાતા હતા. ગાય અને આખલો જીવનનિર્વાહમાં ખૂબ ઉપયોગી હોઈ પૂજાતા હતા.

એ કાળ પછીનો આર્ય કાળ ઈ. પૂ. હજાર વર્ષ પહેલાંનો કાળ છે. એ સમય તે રામાયણ અને મહાભારતનો કાળ કહી શકાય. એ સમય દરમ્યાન આર્ય લોકોની ટોળીઓના નાયકો તથા લશ્કરી કુળપતિઓ રાજાઓ બન્યા હતા. અને એના યુદ્ધો એક કે બીજા રાજાને મહારાજા બનાવતા હતા. રાજાશાહીના શરૂઆતનો એ સમય હતો. અને એ સમયમાં યુદ્ધમાં જ રચ્યાપચ્યા રહેનારા અને યુદ્ધને જ ધર્મ માનનારાઓ ક્ષત્રિય કહેવાતા હતા. હવે આર્યોમાં એ રીતના સામાજિક ક્રિયાધર્મને અંગે બીજા વિભાગ પડવા મંડયા. કેવળ આર્યો અથવા અનાર્યો અથવા કાળા અને ગોરા રંગના, શરૂ થએલા બે વિભાગોમાંથી વિજેતા આર્યો પોતપોતાના સામાજિક ક્રિયાધર્મને અંગે બીજા પેટા વિભાગોમાં વહેંચાઈ જતા હતા.

આ સમયના આર્ય લોકોના સામાજિક વ્યવહારો પણ વધારે વિકાસ પામતા હતા. અને સામાજિક ઉત્પાદનના સાધનો પણ વધારે સુધરતા જતાં હતાં. વિકાસ પામતા સામાજિક સંબંધોમાં જે આર્ય લોકો ધર્મગુરુઓ બન્યા હતા તથા જેમણે શિક્ષણનો ધંધો લીધો હતો તે બ્રાહ્મણો કહેવાતા હતા. બીજો વર્ગ રાજ્યકર્તાઓનો તથા લશ્કરનો હતો. એ લડાયક લોક ક્ષત્રિય કહેવાતા હતા. આર્ય પ્રજાની અંદર જ સામાજિક ક્રિયાને લીધે પડેલા આ વિભાગોમાં કયો વિભાગ ઊંચો છે. ને કયો વિભાગ નીચો છે એની રસાકસી શરૂ થઈ ગઈ હતી. ઘણીવાર બ્રાહ્મણો પોતાને ઊંચા માનતા હતા અને ઘણીવાર ક્ષત્રિયો તેમને નીચા ગણતા હતા. આ બે શાસક વર્ગો નીચે એક ત્રીજો વર્ગ પણ હતો. એ વર્ગનો જન્મ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બુદ્ધ કાળની આસપાસ આર્યોમાંથી થયો હતો. એ લોકો વેપારીઓ અને કારકુનો હતા. એ વેપારી વર્ગ વૈશ્ય કહેવાતો હતો. આ ઉપરાંત એક ચોથો વર્ગ હતો જે ઉપલા ત્રણે વર્ગો કરતાં સંખ્યામાં ઘણો મોટો હતો. તે શુદ્ર કહેવાતો. એ વર્ગ હિન્દના મૂળ વતની-ઓનો યુદ્ધમાં જીતાએલા કેદીઓનો તથા ગુલામોનો હતો.

એ વર્ગમાંથી એક પાંચમો વર્ગ બનતો હતો તેને ચાંડાળ અથવા અસ્પૃશ્ય કહેવામાં આવતો. આર્યોએ બનાવેલા ગુલામોમાંથી બનેલો આ વર્ગ આર્યોની અને દુનિયાભરના વિજેતાઓની ખૂની નીતિની યાદ આપતો. આ વર્ગ આજે હિંદમાં લગભગ અર્ધા કરોડ જેટલી સંખ્યામાં છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૪

## આર્યોની સમાજરચના

એવા આર્યજીવનની શરૂઆત અનાર્યોની લૂંટફાટ, ખૂન અને યુદ્ધોથી થઈ હતી. લૂંટારાની ટોળીઓ જેવું એ આર્યજીવન હિન્દના મૂળ વતનીઓને લૂંટયા પછી હિન્દની ધરતીપર થોડા વર્ષો સુધી એક સ્થળેથી બીજે સ્થળે ધાડપાડુઓની ટોળીઓની જેમ લૂંટફાટ ચલાવતું અને ખૂનામરકીના સાહસો શોધતું એક સ્થળેથી બીજે સ્થળે રખડતું ફરતું હતું. એ રીતે રખડતી આર્યોની ટોળી પાસે ગાયો અને તલવારો હતી. ત્યાર પછીના બીજા કાળમાં એ ભયંકર આર્યજીવનને સ્થિર થવાનો કાળ આવ્યો. ટોળીના નાયકો અને કુલપતિઓએ જુદાંજુદાં ગ્રામ વસાવી પડાવ નાખ્યો. અનાર્યો પાસેથી આંચકી લીધેલી જમીનો ગુલામ બનેલા અનાર્યોની મહેનતથી ખેડાવા લાગી. આર્યજીવનનો એ બીજો ભાગ કૃષિકાળ હતો. એ જીવનમાં આર્યોએ જુદાંજુદાં પ્રાણીઓને પાળવા માંડયા તથા તેમનો ખોરાક તરીકે ઉપયોગ કરવા માંડયો. તથા પોતાના ખેતીના કામ-કાજમાં તેનો ઉપયોગ કરવા માંડયો. એ આર્ય લોકોની ટોળીઓ ખેતી કરતી હતી. યુદ્ધો કરતી હતી તથા અનાજ અને માંસ ખાતી હતી. અને બધાં કામો તથા વેઠ અનાર્યો પાસે કરાવતી હતી. દરેક ગ્રામની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જમીન ટોળીઓના કુલપતિઓને વહેંચી આપવામાં આવી હતી. પણ બધા કુલપતિઓ બધી જમીનને એક સાથે ખેડતા હતા. તે સમયની આર્ય વ્યવસ્થાનો એવો કાયદો હતો કે કોઈ પણ કુલપતિ પોતાને ભાગ આવેલી જમીન બીજા કુલપતિને વેચી શકે નહિ પણ પોતાના વારસદારને આપી શકે.

આર્ય સમાજરચનાનો તે પછીનો કાળ તે હસ્તઉદ્યોગના વિકાસનો કાળ હતો. ઈ. પૂ. ૧૦૦૦ વર્ષ પહેલાં નાનાં નાનાં ઉદ્યોગોની શરૂઆત થઈ ગઈ હતી. તથા લુહારો, સુથારો, શિલ્પીઓ અને મોચીઓ જેવા કારીગરોની ટોળીઓ બની ગઈ હતી. એ ઉપરાંત હાથીદાંતની બનાવટો કરનારા, માટી કામ કરનારા, રંગરેજનું કામ કરનારા, માછીમારનો ધંધો કરનારા કારીગરો પણ વધતા હતા. આ બધાં ઉપરાંત વિકાસ પામતા આર્યજીવનમાં ખલાસીઓ, અને શિકારીઓ, ખાટકીઓ, કંદોઇઓ, હજામો તથા બીજા એવા અનેક ધંધાદારીઓ પણ હતા. લૂંખું અને સાદું આર્યજીવન હવે સ્થિર થઈ અનેક દિશાઓમાં ગતિ કરી રહ્યું હતું. વસ્તુઓની અંદર અંદર આપ લે શરૂ થઈ હતી. એક બીજીના સાટામાં વેપારી આપ લેની એ નમ્ર શરૂઆત હતી. કિમ્મતનું પ્રમાણ ખરીદ કરનારની જરૂરિયાત ઉપર નક્કી થતું હતું. ધીમેધીમે રાજાના દરબારમાં એક એવો અમલદાર વર્ગ નીમવામાં આવતો હતો જે કારીગરોના બધા ઉત્પાદનના ભાવ નક્કી કરતો હતો. ધીમેધીમે વસ્તુઓના સાટાથી શરૂ થએલો વેપારી વ્યવહાર ગાયોનો નાણા તરીકે ઉપયોગ કરતો હતો. ત્યાર પછી ખૂબ વજનદાર તાંબાનો સિક્કો બનાવવામાં આવ્યો. એ સિક્કો થોડીક વ્યક્તિઓએ સ્વીકાર્યો હતો. બેંકો નહિ હોવાને લીધે એ સિક્કાઓને જમીનમાં દાટી રાખવામાં આવતા અને સંઘરવામાં આવતા. પણ બુદ્ધના સમય પહેલાં વિકાસ પામતા જતા બીજા પ્રદેશો સાથે શરૂ થયેલા વેપારને લીધે જુદાજુદા નગરોમાં વેપારીઓ લેણદેણની પ્રથા પ્રમાણે વ્યવહાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચલાવતા હતા. હુંડીઓ આપવામાં આવતી હતી. ધીરધાર થતી હતી. નાણાની શરૂઆત થયા છતાં જુગટું રમવાની પ્રથા નાશ પામી નહોતી. સંસ્કૃતિના વ્યવહારને અનુરૂપ એવા જુગટાના પાસાઓ શોધી કાઢવામાં આવ્યા હતા. ઘણી જગ્યાએ તો રાજા પોતેજ એની પ્રજાઓને જુગટું રમવા માટે વિશાળ ખંડો બંધાવી આપતો. એ જુગટામાં જીતનારની પર રાજાના કરો નાખવામાં આવતા હતા.

## વેદકાળની નીતિ

નીતિની કોઈપણ વિચારણા કે આચારના મૂળ તે તે સમયના આર્થિક સંજોગોમાં હોય છે. એટલે નીતિનું કોઈપણ સ્વરૂપ મુખ્યત્વે કરીને વ્યાપારી સંબંધોના પાયાપર ઊભું હોય છે. વેદકાળની આર્ય સમાજની નીતિભાવના તેમાં આપવાદરૂપ નહતી. મિલકતના મુખ્ય સ્વરૂપ જેવી ગાયોના ધણ પડાવી લેવા એ તે સમયના આર્ય રાજાઓના રાજકીય વ્યવહારો હતા. એ ઉપરાંત આર્ય પ્રજાજનોમાં અંદર અંદરની વ્યવસ્થાના કાયદાઓ વધારે વ્યવસ્થિત હતા, એમ સિકંદરના સમયના ગ્રીક ઈતિહાસકારોનું કથન છે. તે સમયની આર્ય પ્રજાને અદાલતને આંગણે ભાગ્યેજ ચઢવું પડતું. અથવા એક બીજાની મિલકત પડાવી લેવાની દાનત તે સમયના સંજોગોમાં ખૂબ ઓછી હોવાને લીધે તે સમયના લોકો પોતાના ઘરને તાળા વાસતા ન હતા, તથા અંદર અંદરની ધીરધારમાં લખાણો નહોતા કરતા. વચનપાલન એ તે સમયના સામાજિક સદ્‌ગુણની વિશિષ્ટતા હતી. ઋગ્વેદમાં વ્યભિચારના, અત્યાચારના, વેશ્યાવૃત્તિના તથા ગર્ભપાતના ઉલ્લેખો છે તથા તે સમયમાં સજાતિય વિકૃતિ પણ હતી તેમ માનવાને કારણ છે. બીજી બધી રીતે વેદકાળમાં જાતિય સંબંધોના ખૂબ ઊંચા ધોરણો જાળવી રાખવામાં આવતાં હતાં.

વેદકાળની લગ્ન પ્રથામાં છોકરીઓને ખરીદવામાં આવતી અથવા તો તેમનું હરણ કરવામાં આવતું. કેટલાંક લગ્નો એક બીજાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનુમતિથી પણ થતા. પણ અનુમતિવાળાં લગ્ન બહુ આબરૂવાળાં ગણાતાં નહિ. જે લગ્નમાં સ્ત્રીની વધારે કિમ્મત ઊપજતી તે લગ્ન વધારે માનવાળાં ગણાતાં. તથા જે લગ્નમાં સ્ત્રીનું હરણ કરવામાં આવતું તે લગ્નને પણ માનવાળું ગણવામાં આવતું. એક પુરુષ એકથી વધારે સ્ત્રી સાથે લગ્ન કરી શકતો. શ્રીમંતોની શ્રીમંતાઈ તેમના અંતઃપુરમાંની સ્ત્રીઓની સંખ્યાથી અંકાતી. કોઈ કોઈ ઠેકાણે એક સ્ત્રી એકથી વધારે પુરુષ સાથે પણ લગ્ન કરી શકતી. એક સાથે પાંચ ભાઇઓ સાથે લગ્ન કરનાર દ્રૌપદી તે સમયની એવી પ્રથાની સાક્ષી પૂરે છે. એ રીતે એકથી વધારે પુરુષ સાથે પરણનાર સ્ત્રી જુદાજુદા પુરુષો સાથે નહિ પણ સગાભાઈઓ સાથે જ પરણતી. સીલોનમાં એ પ્રથા ૧૮૫૯ની સાલ સુધી મોજુદ હતી. અને ટિબેટના ગામોમાં આજે પણ એ પ્રથા ચાલુ છે. અનાર્યોને ગુલામો બનાવ્યા પછી આર્ય લોકો ઘરને વિશાળ અને વ્યવસ્થિત બનાવવા માટે એકથી વધારે સ્ત્રીઓ સાથે લગ્ન કરતા તથા સ્ત્રીઓ તથા બાળકોના સ્વામી કોઈ પણ સમયે પોતાની ઇતરાજી થતાં કે જરૂર પડતાં સ્ત્રીઓને કાઢી મૂકી શકતા જુગટામાં હારી શકતા અથવા વેચી શકતા. અને આમ છતાં પણ વૈદિક કાળમાં ત્યાર પછીના કાળ કરતાં સ્ત્રીઓ વધારે સ્વતંત્ર હતી. સ્ત્રીઓ મિજબાનીમાં ખુલ્લી રીતે ભાગ લઈ શકતી, નાચમાં જઈ શકતી, તથા ધાર્મિક યજ્ઞોમાં પુરુષો સાથે બેસી શકતી. સ્ત્રીઓ અભ્યાસ પણ કરી શકતી હતી અને ગાર્ગીની જેમ તાત્વિક વાદ વિવાદો યોજી શકતી. પોતાનો એક ધણી મરી ગયા પછી છૂટથી ફરીવાર પરણી શકતી હતી. પણ પછી ક્ષત્રિયોના આધિપત્યવાળા જમાનામાં સ્ત્રીનું સ્વાતંત્ર્ય ઓછું થતું ગયું. સ્ત્રીએ ભણવાની જરૂર નથી એમ મનાતું જતું હતું તથા વેદના મંત્રો સ્ત્રીઓ સાંભળે તો વેદ અભડાઈ જતા હતા. સ્ત્રીનાં પુનર્લગ્ન ઓછાં થઈ ગયાં હતાં. પડદાની શરૂઆત થતી હતી. મિલ્કત બનેલી સ્ત્રીને સતી બનાવી માલિકો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરફની વફાદારીની પરાકાષ્ટાએ પહોંચાડવામાં આવી હતી. પોતાના માલિક તરફની વફાદારીની હદપર પહોંચતી તે પોતાની બુદ્ધિના બારણાં સ્વામીની બુદ્ધિપર મદાર બાંધી બંધ કરી દેતી હતી. તથા પોતાની બધી લાગણીનાં વહેણો પોતાની અંધ સ્વામીભક્તિની દિવાલમાં બંધ કરી દેતી હતી. એ રીતે છેવટના શ્વાસ સુધી પુરુષની પરાધીનતામાં પામર જીવન જીવતી રામાયણ કાળની સ્ત્રીના આદર્શ તરીકે સીતાના ચારિત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## ધર્મ

આર્યો નાગલોકોમાં લોહીલુહાણ રમખાણો ચલવતા અને હિંદની ભૂમિ પર આક્રમણો કરતાં હતાં ત્યારે તે સમયના હિંદનાં મૂળ વતનીઓમાં પ્રાણીપૂજા (Totemism) તથા આકાશી પદાર્થોની પૂજા અને ઝાડ તથા ઝરાઓની પૂજાઓ થતી હતી. સાપ અને અજગરો પણ પૂજવાલાયક દૈવી વિભૂતિઓ મનાતી હતી. નાગનું માન, નંદી અને યક્ષ અથવા ઝાડ ભગવાન એ બધાં આર્યોના આગમન પહેલાંના દેવો હતા. તે સમયના હિંદના ઇતિહાસમાં ધર્મ નહોતો પણ ધર્મના પાયા જેવા જાદુનાં જુદાં જુદાં સ્વરૂપો અને વિધિઓ હતાં. હવામાં અને જંગલોમાં દેવતાઓ અને રાક્ષસો રહે છે એમ માનવામાં આવતું. મરી ગયા પછી માણસો પણ પાછાં આવતાં હોય છે એવી માન્યતા હતી. દરેક જાતની શારીરિક અને માનસિક બિમારીને દેવતાઓ, રાક્ષસો કે પૂર્વજોના વળગાડરૂપ માનવામાં આવતી હતી.

પછી આર્યો આવ્યા અને વેદકાળની શરૂઆત થઈ. અથર્વવેદ એ જાદુઓના જ્ઞાનનો વેદ છે. અથર્વવેદમાં તે સમયનાં મૂળ વતનીઓની ધાર્મિક માન્યતાઓની આર્યોપર થયેલી અસર ચોકખી દેખાઈ આવે છે. અથર્વવેદમાં બાળકો મેળવવા માટેના મંત્રો છે. ગર્ભપાત કરવાના મંત્રો છે. જીવનને લંબાવવાના મંત્રો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનિષ્ટોને નિવારવાના મંત્રો છે તથા ઊંઘ આણવાના અને દુશ્મનોને હેરાન કરવાના અને મારી નાખવાના મંત્રો પણ છે. વેદના શરૂઆતના દેવો કુદરતી પરિબળો હતા. આખી કુદરત જંગલના તરંગી મનુષ્યોએ કલ્પેલી દેવ દેવીની ભુંજાડથી ભરેલી હતી. આકાશ દેવ હતો. સૂરજ દેવ હતો. પૃથ્વી દેવી હતી તથા પ્રકાશ, વાયુ, પાણી એ બધાં દેવ હતાં અને જાતિયતાના સ્વરૂપો પણ દૈવી મનાતાં. દેવ શબ્દનો શરૂઆતનો અર્થ પ્રકાશિત અથવા આકાશ એવો થતો હતો. પછી દેવમાં દિવ્યતાનો અર્થ આરોપવામાં આવ્યો. આકાશ ભગવાનને મનુષ્ય સાથે બાપના સંબંધથી જોડવામાં આવ્યું હતું. પૃથ્વી મનુષ્યની માતા હતી. આકાશમાંથી પડતા વરસાદથી પૃથ્વી માતા અનેક જાતનાં ઉત્પાદનો કરતી હતી. વરસાદ પણ ભગવાન હતો અને એનું નામ પરજન્ય હતું. દેવતા અગ્નિદેવ હતો, પવન વાયુદેવ હતો. રોગ લાવનાર રુદ્ર દેવ હતો અને ઝંઝાવાત ઇન્દ્ર હતો. સોમ નામનો છોડવો જેનો રસ પીવાથી દેવો અને મનુષ્યોને કેફ ચડતો હતો તે પણ એક ભગવાન હતો. તે સમયના તરંગી જીવનની કવિતાઓએ જંગલી સત્ત્વો અને કુદરતી તત્વોને કવિતામાં ગાયાં હતાં. અને તરંગમાં દેવદેવી બનાવી પૂજ્યાં હતાં.

વેદકાળના શરૂઆતના લાંબા સમય સુધી ખૂબ અગત્યનો ભગવાન અગ્નિ હતો. યજ્ઞોમાં ભડભડતી એ અગ્નિજ્વાળાઓ બલિદાનને સ્વર્ગમાં પહોંચાડતી હતી. એ અગ્નિદેવ આકાશમાંથી વિજળી રૂપે ડોકિયાં કરતા હતા અને એ અગ્નિદેવ આખા જીવનને જોશ આપતા હતા. તે સમયના જીવનસંજોગોમાં અગ્નિની જેટલી જરૂરીયાત હતી તેટલી તેની ધાર્મિક અગત્યતા આલેખવામાં આવી હતી. વરસાદના તોફાનોનો દેવ ઇન્દ્ર એ પણ એક લોકપ્રિય દેવ હતો. લોકોને એ પ્રિય હતો કારણ કે આર્ય લોકોના ખેતરમાં અનાજ ઉગાડનાર વરસાદને એ મોકલતો હતો. તે સમયના જીવન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંજોગોમાં જેટલી અગત્ય વરસાદની હતી તેટલી મહત્તા ઈન્દ્ર ભગવાનની હતી. પછી તેને સમયના આર્ય કવિઓ પોતાના તરંગી આલેખનોમાં એ ઈન્દ્ર ભગવાનને એક મોટા શૂરવીર યોદ્ધા તરીકે ચીતરતા હતા, તથા તેને હાથમાં વજ્ર આપી યુદ્ધોમાં ઉતારતા હતા. એ વેદકાળમાં કૃષ્ણ નામના લોકોની ટોળીનો ભગવાન કૃષ્ણ હતો. વેદકાળમાં એ ભગવાનની પૂજા વ્યાપક બની નહોતી. વિષ્ણુ અથવા સૂરજ એ પણ એક ભગવાન હતો. પણ ઈન્દ્ર અને અગ્નિથી ઊતરતો હતો. પણ જીવનના સંજોગો બદલાતા હતા અને સંજોગો સાથે બદલાતી ભગવાનોની મહત્તા પલટો ખાતી હતી. અગ્નિ અને ઈન્દ્રનું સ્થાન ઓછું થતું જતું હતું અને કૃષ્ણ અને વિષ્ણુ આગળ આવવાના હતા. મનુષ્યોના તરંગોએ ઊભા કરેલા કૃષ્ણ અને વિષ્ણુ નામના ભગવાનોને ખબર નહોતી કે એમની મહત્તા ખૂબ વધી જવાની છે અને તેમના અવતારો થવાના છે.

વેદ કાળનો ધાર્મિક ઇતિહાસ વિકાસ પામતી ધાર્મિક ભાવનાનો ક્રમ બતાવી આપે છે. વેદની શરૂઆતથી ધર્મના સ્વરૂપને ઝીણવટથી જોવામાં આવે તો તેમાં મનુષ્યના આર્થિક સંજોગોના પલટા સાથે તે સંજોગોને અનુરૂપ એવા ધાર્મિક ક્રમ વિકાસમાં અથર્વવેદના જાદુઓથી શરૂઆત, તે સમયના મનુષ્યોના સંજોગોને સાંપડેલા અનેક દેવ દેવીઓ, ત્યાર પછી મરણ પામતા દેવદેવીઓના છેલ્લા વારસદાર જેવા ભગવાનની વિસ્તૃત કલ્પના અને છેવટમાં એ બધાં તરંગોને અંતે ઉપનિષદની સત્યની શોધની વિચારણાઓ, એ બધું જડી આવે છે.

વેદ સમયના એ બધાં દેવદેવીઓ મનુષ્યના સંજોગોને સાંપડેલા હોવાથી આકારમાં મનુષ્યો જેવાં હતાં. મનુષ્યોના જેવાજ ઉદ્દેશોવાળાં હતાં. અને તે સમયના આર્ય લોકો જેટલાજ જ્ઞાનવાળાં હતાં. શરૂઆતના દેવદેવીઓ તેમની પ્રાર્થના કરનાર કોઈને પણ ન્યાય અન્યાયનો વિચાર કર્યા વિના સાથ આપતાં હતાં. પણ પછીના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વેદકાળનાં સુધરતા જતા મનુષ્યોનાં સંબંધો સાથે ન્યાયી માણસને મદદ કરતાં હતાં. અને ત્યાર પછી એ દેવ મનુષ્યોના સદાચાર તરફ ધ્યાન રાખતાં હતાં અને નીતિમાનોને સાથ આપતા હતા તથા પાપી માણસોને દંડતા હતા.

એ રીતે વધી ગયેલાં દેવદેવીઓની વસ્તીમાં વિચાર કરતાં વેદકાળમાં એક સવાલ ઊભો થયો. એ સવાલ વિચારની શરૂઆતનો હતો. એ સવાલ કાર્યકારણની સાંકળ સાંધતો હતો. આ બધું દેખાય છે તેની શરૂઆત શાથી થઈ એવો એ સવાલ હતો. પણ મનુષ્યોની તરંગી ભાવનાએ રચેલાં દેવદેવીઓના સ્વરૂપો એ સવાલનો જવાબ આપવા મનુષ્યની બુદ્ધિ આપે તે પહેલાં ધસી આવતાં હતાં. એક વખત એમ મનાતું હતું કે આખી દુનિયાની શરૂઆત અગ્નિ ભગવાને કરી છે. પછી દુનિયાની બનાવટનું માન ઈન્દ્રને આપવામાં આવ્યું. પછી પૃથ્વીની ઉત્પત્તિનું કારણ સોમ નામના છોડવાને માનવામાં આવ્યું. છેવટે એ બધાં કારણોની મહત્તા ઓછી થતાં એક પ્રજાપતિની ભાવના ઘડી કાઢવામાં આવી. એવા પ્રજાપતિનું સ્વરૂપ આલેખતું એક ઉપનિષદ્ તે સમયના જ્ઞાન પ્રમાણે સર્જનનો ઇતિહાસ નીચે પ્રમાણે આપતું હતું. "ખરેખર એને કોઈ આનંદ નહતો કારણ કે તે ભગવાન પ્રજાપતિ એકલા હતા. એ એકલાએ બીજાની ઇચ્છા કરી. પછી એમનો આકાર ભેદીને ઊભેલાં સ્ત્રી પુરુષના આકારમાંથી પતિ અને પત્ની ઘડાયાં પછી પતિપત્નિના સંબંધથી મનુષ્યનો જન્મ થયો. પછી એ સ્ત્રીને વિચાર થયો કે હું ભગવાન પ્રજાપતિમાંથી ઉત્પન્ન થઈ છું અને ભગવાન પ્રજાપતિએ મારી સાથે સંબંધ કેવી રીતે કર્યો. પછી સ્ત્રી શરમાઈ ગઈ અને સંતાઈ ગઈ. સંતાઈ ગયા પછી સ્ત્રી ગાય બની અને ભગવાન પ્રજાપતિ આખલો બન્યા. એ એના સંયોગથી બધાં ઢોર ઉપજ્યાં વગેરે..." એ રીતે ઉપનિષદો શરૂઆતમાં વિચારની શરૂઆત કરતાં સર્જનનો ઇતિહાસ આલેખે છે. એ ઇતિહાસમાં આપણને વિચારની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શરૂઆત દેખાઈ આવે છે તથા એમાં એવો ધ્વનિ માલુમ પડે છે કે એક જ વસ્તુમાંથી અથવા એકજ તત્વમાંથી આ વિવિધ પ્રકારની બધી વસ્તુઓ ઉત્પન્ન થવા પામી છે. પણ આતો વેદકાળની લોક-માન્યતાથી હમેશાં આગળ દોડતી ઉપનિષદ્‌ની વિચારસરણી હતી.

શરૂઆતના વૈદિક કાળના ધાર્મિક જીવનમાં મૂર્તિઓ કે મંદિરો હતાં નહિ. જ્યારે જ્યારે યજ્ઞ કરવાની જરૂર પડતી ત્યારે વેદીઓ રચવામાં આવતી. પર્શિયાના ઝોરોસ્ત્રિયન ધર્મની જેમ અગ્નિને સળગાવવામાં આવતો તથા યજ્ઞનો એ પવિત્ર અગ્નિ બલિદાનોને સ્વર્ગમાં પહોંચાડતો. જેમ પ્રાથમિક દશાથી શરૂ થતાં ધર્મના એકેએક સ્વરૂપમાં યજ્ઞો અગત્યનો ભાગ ભજવે છે તેમ આર્ય લોકોના ધર્મમાં પણ યજ્ઞો સૌથી વધારે અગત્યના હતા. કુદરતના બનાવોથી બીધેલો માનવી જેમ ભયાકુલ થઈ યજ્ઞોમાં મનુષ્યોના બલિદાન આપે છે તેમ વેદકાળની શરૂઆતના યજ્ઞોમાં પણ મનુષ્યને હોમવામાં આવતાં. પણ પછીથી દેવદેવીઓને ખુશ કરવા માટે યજ્ઞોમાં મનુષ્યને શેકી નાખવાની પ્રથાનો અંત આવ્યો. જેમ બીજા દેશના દેવદેવીઓને તેમ આર્યોના દેવદેવીઓને પણ મનુષ્યના માંસને બદલે પ્રાણીઓનું માંસ વધારે પસંદ પડયું. પર્શિયામાં ગયેલા આર્યોની જેમ હિંદમાં આવેલાં આર્યોએ પણ પોતાના દુશ્મનોનો સંહાર કરી આનંદમાં આવી અશ્વમેધ યજ્ઞો કરવા માંડયા. રાજાઓના બ્રાહ્મણો યજ્ઞમાં હોમવાના ઘોડા પર એકસો આઠ લીટીઓ દોરતા અને એ લીટીએ લીટીએ ઘોડાના શરીરને કાપી નાખવામાં આવતું. પછી એ આર્યના ભયંકર યજ્ઞમાં ઘોડાના અંગોની આહુતિઓ આપવામાં આવતી. એ ઉપરાંત બીજા સામાન્ય યજ્ઞોમાં સુધરતા જતા જીવન સંજોગોને લીધે પ્રાણીઓની આહુતિને બદલે ધીમે ધીમે સોમ રસ કે દહીં રેડવામાં આવતું. આ યજ્ઞો કરનાર બ્રાહ્મણોની ફી અત્યારના વકીલો કરતાં પણ વધારે વ્યવસ્થિત અને સખત હતી. જેમ આજે વકીલોને આપવાની ફી જેની પાસે ન હોય તેને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અદાલતમાં ન્યાય મળતો નથી તેમ તે સમયે બ્રાહ્મણોને જે ફી આપી શકતા નહિ તે યજ્ઞો કરાવી શકતા નહિ. અને જે યજ્ઞો કરાવી શકતા નહિ તેની કોઈ પણ ફરિયાદ દેવદેવીઓ સાંભળતાં નહિ. કઈ જાતના યજ્ઞમાં કયે વખતે કેટલી ફી આપવી તે બધાના કાયદા મુખ્ય ધર્મગુરુ ઘડતો હતો. યજ્ઞની ફી તરીકે ગાયો, ઘોડાઓ તથા સોનું આપવામાં આવતું હતું એ પ્રમાણે ધાર્મિક લોકોની પાસેથી ધન પડાવતો બ્રાહ્મણ વર્ગ વધારે સત્તાવાન તથા શ્રીમંત બનતો જતો હતો. તથા બ્રાહ્મણત્વ વારસામાં ઉતરે છે એમ મનાવતો હતો. એ રીતે સત્તાવાન બનતો બ્રાહ્મણોનો વર્ગ હિંદના માનસિક અને આધ્યાત્મિક વિકાસને અવરોધતો હતો. લોકોને આચાર અને વિચારની સંકુચિત દિવાલમાં જકડી રાખતો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૫

## વેદનું સાહિત્ય

આર્યલોકોની ભાષા ખૂબ જૂનામાં જૂની તથા ગ્રીક, લેટીન, અંગ્રેજી અને બીજી આર્યલોકોની બધી ભાષાઓના મૂળરૂપ છે. આર્ય વિજેતાઓ સંસ્કૃત ભાષામાં વાત કરતા હતા. પર્શિયન લોકોનું ધર્મશાસ્ત્ર અવેસ્તા જે ભાષામાં લખાયું છે તેને મળતી આવતી તે ભાષા છે. વેદની અંદર એવો ઉલ્લેખ મળી આવતો નથી કે તે સમયના આર્યલોકો પાસે લખવાની કળા હતી. ઈ. સ. પૂ. આઠથી નવ સૈકા પહેલાં દ્રાવીડીઅન વેપારીઓ પશ્ચિમ એશિયામાંથી સેમીટીક લખાણ લાવ્યા. ત્યાર પછીથી હિંદમાં લખાણની શરૂઆત થઇ હશે એમ મનાય છે. હિંદના ઇતિહાસમાં જડી આવેલા ઉલ્લેખમાં અશોકનાં લખાણ સૌથી જૂનાં છે, તે પહેલાંના સમયમાં વેદનું સાહિત્ય કંઠે કરવામાં આવતું હતું. તેથી વેદનું સાહિત્ય મોઢે કરવામાં આવતાં ગીતોના રૂપમાં લખવામાં આવ્યું છે. એ સાહિત્ય આંખ માટે નહિ પણ કાન માટે સર્જવામાં આવ્યું હતું.

જેમાંથી હિંદ વિષેની આજ સુધીની બધી જ માહિતી મળી આવે છે તે વેદ શું હતા? વેદ શબ્દનો અર્થ જાણવું એવો થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વેદ જ્ઞાનનાં પુસ્તકો છે. આજે મુખ્ય ચાર વેદો આપણા જાણવામાં છે. ઋગવેદમાં સ્તુતિ ગાનો છે. યજુર્વેદમાં યજ્ઞના મંત્રો છે. સામવેદમાં સંગીતશાસ્ત્રનું જ્ઞાન છે તથા અથર્વવેદમાં જાદુઓ છે. આ દરેક વેદ ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. પહેલો વિભાગ મંત્રોનો તથા સ્તુતિનો છે. બીજા વિભાગનું નામ બ્રાહ્મણ છે ને તેમાં ક્રિયાકાંડો, પ્રાર્થના વગેરે આવે છે. ત્રીજો ભાગ આરણ્યક કહેવાય છે. અને તેમાં મુખ્યત્વે કરીને જંગલમાં વસતા સાધુઓ માટેનું લખાણ છે. ચોથો ભાગ ઉપનિષદ્ છે જેમાં તત્ત્વચિન્તન દેખાઈ આવે છે. ઋગવેદમાં એક હજાર અને અઠ્ઠાવીશ સ્તુતિ ગાનો છે. એ દરેકમાં સૂરજ કે ચન્દ્રની આકાશ કે તારાઓની, પવન કે પાણીની અને અગ્નિ, ઉષા કે, પૃથ્વીની પૂજા કરવામાં આવી છે. એમાંનાં ઘણા સ્તોત્રોમાં વધારે ઢોરે મેળવવા માટે, અનાજ મેળવવા માટે તથા જીવન લંબાવવા માટેની પ્રાર્થના છે. એમાંના થોડા સાહિત્યની કક્ષાએ પહોંચ્યા છે. કેટલાકમાં કુદરતના તરફ બાળકના જેટલી સરળતા અને અહોભાવ દેખાઈ આવે છે. એક સ્તોત્ર અજાયબ પામીને કહે છે કે રાતી ગાયોમાંથી ધોળું દૂધ કેવી રીતે આવતું હશે? બીજું સ્તોત્ર સમજવા માગે છે કે સૂરજ અસ્તાચલમાં ઊતરતી વખતે પૃથ્વી ઉપર કેમ પડી જતો નહિ હોય! બીજું સ્તોત્ર જાણવા માગે છે કે નદીનાં ચકચકતાં પાણી સમુદ્રમાં વહી જવા છતાં સમુદ્ર કેમ ઊભરાઈ જતો નહિ હોય? એક સ્તોત્રમાં યુદ્ધમાં મરણ પામેલા એક સાથીદાર માટે શોક કરવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે હે પૃથ્વી તું આને તારામાં સમાવી દે પણ એને ચગદીશ નહિ. એક માતા પોતાના વસ્ત્રમાં જેમ બાળક ઢાંકી દે છે તેમ તું એને કફનમાં સંતાડી દેજે.

વેદની કવિતામાં સહુથી ઉચ્ચ અને આશ્ચર્ય પમાડે તેવી સૃષ્ટિના સૃજનની કવિતા છે. એ કવિતામાં દૈવવાદ છે અને છતાં પણ ખૂબ ભાવવાળી રીતે નાસ્તિકવાદને ગૂંથવામાં આવ્યો છે. એક સ્તોત્રમાં નીચે પ્રમાણેનો ભાવ માલુમ પડે છે. "ત્યારે કંઈજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતું નહિ. આકાશ નહોતું અને માથા પરનું સ્વર્ગનું છાપરૂં પણ નહોતું. ત્યારે આ બધું શું હશે? મહાસાગરના અગાધ ઊંડાણમાં ત્યારે મૃત્યું હતું નહિ. અમરત્વ પણ હતું નહિ. ત્યારે દિવસ અને રાત કશું નહતું. ત્યારે અંધારૂં હતું અને ભયંકર અંધકારમાં બધું ઢંકાયેલું હતું. ત્યારે આકાશ વિનાનો મહાસાગર હતો. પછી ઢંકાઈ રહેલું જીવન પરમાણું બહાર નીકળ્યું અને એમાંથી સર્જક ઉત્તેજના સ્ફુરી. પછી પ્રેમ આવ્યો, મનમાં સ્ફુરણા થઈ, હૃદયમાંથી કવિઓ જાગ્યા અને સર્જાયલા અને નહિ સર્જાયેલા પદાર્થો વચ્ચે વિચાર ચલાવવા લાગ્યાં. પછી ચેતનની એક ચિનગારી આકાશમાંથી અને પૃથ્વીમાંથી આવી અને બધે પથરાઈ ગઈ. પછી બીજ વાવવામાં આવ્યાં અને મહાન શક્તિઓ ઉદ્‌ભવ પામી. કુદરત હતી અને ઇચ્છાશક્તિ હતી પણ તેનું રહસ્ય કોણ જાણે? શી ખબર શામાંથી આ વિવિધ સૃષ્ટિ સર્જાઈ હશે? દેવો પોતે તે પછી સર્જાયા. જેમાંથી આ બધું મહાન સૃજન થયું તે કોઈ મહાન દ્રષ્ટા જે કોઈ સ્વર્ગમાં છે તે જાણતો હશે. શી ખબર તે પણ ન જાણતો હોય!"

ઋગ્‌વેદના એક બીજા કાવ્યમાં માનવ જાતના પહેલાં મા બાપો વચ્ચેનો સંવાદ છે. એમાં એક પુરુષ હતો, એક સ્ત્રી હતી. પુરુષનું નામ યમ હતું સ્ત્રીનું નામ યમી હતું. બંને ભાઈ બેન હતાં. બેન ભાઈને પોતાની સાથે જાતિય સંબંધ બાંધવા કહેતી હતી, લલચાવતી હતી અને સમજાવતી હતી કે દેવોએ ભાઈ બેનના સંબંધમાં ના ભલે પાડી હોય છતાં પણ તે માનવ જાતની ઉત્પત્તિ માટે જરૂરનો છે. યમ નૈતિક કારણો આપીને તેને તેમ કરતી અટકાવે છે. યમી બધી લાલચો આગળ ધરે છે અને છેવટે યમને કાયર કહે છે. એ વાત આટલેથી અટકાવવામાં આવી છે. આ બધી કવિતાના વસ્તુ પરથી વિચારને ઉત્તેજના મળતી હોય છે. જીવનનાં બધાં મંથનોમાં આ જાતીય મંથન હતું. એમાં મનુષ્યના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિચારને વિકાસ પામવાનાં સૂચનો પણ હતાં આ બધા વિચારના મૂળનો વિકાસ જુદે જુદે ઠેકાણે થયેલો આપણે ઉપનિષદમાં જોઈએ છીએ.

## ઉપનિષદનું તત્વજ્ઞાન

જર્મન તત્વવેત્તા શોપનહોરે કહ્યું છે કે "આખા જગત્માં ઉપનિષદ્ જેવો એકે કલ્યાણકારી અને મનુષ્યને ઉચ્ચતા તરફ લઈ જનાર અભ્યાસ નથી. મારા જીવનને ઉપનિષદ્માંથી શાંતિ મળી છે અને એજ ઉપનિષદો મારા મરણમાં પણ મને શાંતિ આપશે."

એ ઉપનિષદ્માં મનુષ્યના ઇતિહાસમાં જૂનામાં જૂનું એવું જ્ઞાન ભર્યું છે અને એજ ઉપનિષદ્માં મનુષ્યનું તત્ત્વચિન્તન તથા માનસ વિજ્ઞાનના મૂળ માલુમ પડે છે. ઉપનિષદ્માં તાજુબ કરે તેવો વિચક્ષણ અને ધીરજવાળો મનને જગત્ને અને મનુષ્ય તથા કુદરતના સંબંધને સમજવા પ્રયત્ન થયો છે. એ ઉપનિષદ્માં ઉતારવામાં આવેલું જ્ઞાન હોમરથી પણ ઘણું જૂનું છે અને જગતના મહાન ચિન્તક કેન્ટ અને હેગલ જેટલું નવું છે.

ઉપનિષદ્ શબ્દ ઉપ અને ષદ્ એ બે શબ્દોનો બનેલો છે. ઉપ એટલે પાસે અને ષદ્ એટલે બેસવું—શિક્ષકની પાસે બેસવું. શિક્ષકની પાસે બેસીને હિન્દના એ પ્રાચીન કાળમાં વિદ્યાર્થીઓ શિક્ષકોની પાસેથી જે ગુપ્ત જ્ઞાન મેળવતા હતા તે જ્ઞાનના એ સમૂહને ઉપનિષદ્ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીન સમયમાં આર્ય સંતોએ ઉપદેશેલાં બધાં મળી એકસો આઠ ઉપનિષદો છે. એ બધા સંવાદો ઈ. સ. પૂ. ૮૦૦ થી ૫૦૦ દરમ્યાન લખાયા હોવાનું મનાય છે. એ બધાં એક સાથે ચિન્તનની કોઈ એકજ વિચાર સરણીને રજુ કરતાં નથી. એ સૌમાં અનુભવની વિવિધ વસ્તુઓવાળા જગત્માં સત્ય વસ્તુ શું છે તે શોધવાનો નિખાલસ પ્રયત્ન છે અને ચિન્તન છે. તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં એમાંના ઘણા વિચારો સૌથી ઊંડી અસર કરનારા નીવડ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ ઉપનિષદો રચનાર લેખકોમાંથી થોડાનાં નામ જાણીતાં છે. બીજાઓના જીવન માટે ઇતિહાસે આપણને કશી જ માહિતી આપી નથી. એ ઉપનિષદોના લેખકોમાંથી સૌથી આગળ તરી આવનારા નામોમાં એક યાજ્ઞવલ્કય છે અને બીજી ગાર્ગી છે. સૌથી પ્રાચીન એવા તત્ત્વચિન્તકોમાં એ સ્ત્રીનું નામ ખૂબ માનનીય બન્યું છે. એ બંનેમાં યાજ્ઞવલ્કયની જીભ વધારે તીણી છે. એ આપણને કહે છે કે એણે સાધુ થવા માટે એની બે સ્ત્રીઓને છોડી દીધી. એમાંથી એક મૈત્રેયી નામની સ્ત્રીએ પોતાને નહિ છોડી દેવા માટે એની સાથે સંવાદ કર્યો છે. એ સંવાદમાંથી હિંદમાં હજારો વર્ષ પહેલાં મનુષ્યની લાગણીની ખૂબ ઉગ્રતાનો ખ્યાલ આજે પણ આપણને આવી શકે છે.

ઉપનિષદ્‌ની વસ્તુ નહિ સમજાતા એવા જગતને સમજવાનો પ્રયત્ન છે. એ વસ્તુમાંથી અનેક સવાલો મનુષ્યના મનમાં ઊભા થયા હતા. એ સવાલો જન્મ જીવન અને મરણના ઊકેલના હતા. મૈત્રેયી ઉપનિષદ્‌માં એક રાજા પોતાનું રાજપાટ છોડી દે છે. જંગલમાં જઈ તપ કરે છે અને જ્ઞાનને ખાતર મનની શુદ્ધિ કરે છે. એને જગતના જીવનનો કોયડો ઊકેલવો છે. એક હજાર દિવસની એની તપશ્ચર્યા પછી એને એક આત્મજ્ઞાની મળે છે. રાજા એની પાસેથી પોતાના કોયડાનો ઊકેલ માગે છે. નીચે પ્રમાણેના એ ઊકેલના જવાબમાં આપણે હિન્દુ વિચાસરણીનું હાર્દ દેખી શકીએ છીએ. "હાડ, ચામ, માંસપેશી, લોહી, રસ, આંસુ, મળમૂત્ર વગેરે અનેક વસ્તુનું બનેલું આ શરીર ગંધાતું છે. ઇચ્છાતૃપ્તિઓમાં કશું હિત સમાએલું નથી. આ શરીર જે હંમેશાં ઇચ્છા, ગુસ્સો, લોભ, ભ્રમ, બીક, નિરાશા, અદેખાઈ અને ઇષ્ટથી વિયોગ તથા અનિષ્ટથી સંયોગ અને ભૂખ તરશથી, રોગ મરણથી અને બીજી અનેક ઉપાધિઓથી ભરેલું હોવાથી ઇચ્છાઓની તૃપ્તિમાં શું સુખ છે? અને આપણે જોઈએ છીએ કે આ આખું જગત સડતું જાય છે. મોટા મોટા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહાસાગરો પણ સૂકાઈ જવાના છે તથા પર્વતો ઘસાઈ જવાના છે. સ્થિર દેખાતા એવા તારાઓ પણ ચલાયમાન થવાના છે તથા પૃથ્વીનો પણ પ્રલય થવાનો છે. આ પ્રમાણેની જીવનચક્કીમાં ઇચ્છાઓનો ઉપભોગ અને આનંદમાંથી શું શુભ થવાનું છે?"

ઉપનિષદના ડહાપણનો એ પહેલો પાઠ હતો. ઉપનિષદનો બીજો અવાજ એ હતો કે બુદ્ધિની શોધ કામ આવવાની નથી. બુદ્ધિનો કશો ઉપયોગ નથી, એમ નથી પણ એનું સ્થાન ખૂબ જૂજ છે. પદાર્થો અને પદાર્થોના સંબંધને ઊકેલવા માટે બુદ્ધિકામ લાગે છે પણ અનંત વસ્તુના ઊકેલ માટે બુદ્ધિ કામ આવતી નથી. જે એક ગૂઢ સત્ય બધા દેખાવોના પાયા રૂપ છે, અને બધી જાતના ભાન અને જ્ઞાનની અવસ્થાને પોષે છે તેને સમજવા માટે બુદ્ધિ કે ઇન્દ્રિયો કામ આવવાનાં નથી. એવું આત્મજ્ઞાન વિદ્વત્તા મેળવવાથી થતું નથી. એવું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનાર બ્રાહ્મણે ભણતરને પણ છોડવું જોઇએ છીએ અને બાળક જેવા નિર્દોષ બનવું પડે છે. શબ્દોથી એ જ્ઞાન શોધવા પ્રયત્ન કરશો નહિ કારણ કે તેથી તો માત્ર જીભને થાકજ લાગતો હોય છે. ઉપનિષદ્‌ની આ વાત પશ્ચિમના તત્વચિન્તકો સ્પાયનોઝા અને બર્કશોનના મતને મળતી છે. જે વાતને એ પશ્ચિમના ચિન્તકોએ આજે જ ઉચ્ચારી છે તેનો ઉલ્લેખ હિન્દમાં હજારો વર્ષ પહેલાં થયો હતો.

ઉપનિષદ્ આગળ જતાં દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપાય બતાવે છે અને કહે છે કે એ સત્ય વસ્તુ અંદર છે બહાર નથી. એ અંદરની સત્ય વસ્તુ જોવા માટે જોનારે પોતાની અંદરથી બધી જાતના આચાર અને વિચારના દોષોને ધોઈ નાખવા પડે છે. શરીર અને મનની બધી અસ્થિરતા શમાવી દેવી પડે છે. પંદર દિવસ સુધી ઉપવાસ કરવો પડે છે. એ રીતે ભૂખમરાથી મન શાંત થાય છે, ઇંદ્રિયો ચોકખી થાય છે અને પ્રશાન્ત બને છે. પ્રાણ સ્થિર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઈ પોતાની જાતને સમગ્ર જીવનના એક અંગ રૂપ જોઈ શકે છે. પછી વ્યકિત પોતાને વ્યકિત તરીકે ભૂલી જાય છે અને ઐક્ય તથા વાસ્તવ સત્ય દેખાય છે. આ જાતના અંતરદર્શનમાં દ્રષ્ટા વ્યક્તિત્વને જોતો નથી. પણ આત્માના દર્શન કરે છે કે જે આત્મા બધા આત્માઓનું આત્મતત્વ છે, તથા જે નિરાકાર ને પૂર્ણ છે.

ઉપનિષદ્‌ના ડહાપણની આ છેલ્લી વાત ખૂબ અગત્યની છે. એ વાત બતાવે છે કે આત્મા અને બ્રહ્મ એ બે એક વસ્તુ છે, તથા વ્યક્તિનું જીવન જગતના જીવન સાથે એકાકાર છે. બધી જાતના બહારના સ્વરૂપોની પાછળ વિષય અને વિષયી એકજ વસ્તુ છે. પદાર્થ માત્ર ને સત્ય આત્મતત્ત્વ છે. વ્યક્તિ પોતાના વ્યકિત્વને બુઝાવી તે સાથે એક થઈ શકે છે.

તરંગી આદર્શવાદના શિખર પર પહોંચી જઈ હજી ગઈ કાલેજ જર્મનીના મહાન ચિન્તક હેગલે જે ઘોષણા કરી છે તેનો તેજ અવાજ હિંદના પ્રાચીન જંગલોમાંથી આવતો આપણને દેખાય છે. ઉપનિષદોનો આ મુખ્ય અવાજ છે. એ ઉપરાંત તેમાં ઘણી વાતો ચર્ચવામાં આવી છે પણ તે બધી ગૌણ છે. ઉપનિષદોમાં આદર્શવાદની તરંગી વિચારસરણીનો છેડો આવી ગયો હતો. હજારો વર્ષ આજ સુધી હિન્દના આદર્શવાદી ચિન્તકોને એ ઉપનિષદોએ પ્રેરણા આપી છે. યાજ્ઞવલ્કયથી બુદ્ધ સુધી અને બુદ્ધથી ગાંધીજી અને ટાગોર સુધી આદર્શવાદી ચિન્તનના શિખરે બેઠેલી એ તરંગી વિચારસરણીએ વ્યક્તિ, કુદરત અને જગતના જીવન સંબંધોના તરંગી ખ્યાલો ઉપજાવ્યા છે. ખ્રીસ્તી ધર્મમાં જેવું ન્યુટેસ્ટામેન્ટ છે, તેવા હિન્દુ ધર્મમાં અને તેના બધા ફાંટાઓમાં આ ઉપનિષદો છે. મોહક, ઉત્તેજક અને અજબ જેવી આ આદર્શવાદની વિચારસરણીએ યુરોપ અને અમેરિકામાં અનેકોને મુગ્ધ કર્યાં છે તથા એ વિચાર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સરણીના પ્રબોધક રામતીર્થ અને વિવાકાનંદે લાખો અનુયાયીઓ ઊભા કર્યા છે. એની ઉચ્ચ કક્ષાની છેલ્લી ઊંચાઇએ પહોંચેલી એજ વિચારસરણીએ આખી દુનિયાના અનેક ચિન્તકોને પોતાની તરફ આકર્ષ્યા છે. પરાધીન અને એકલવાયાને નિષ્ક્રિય આશરો આપ્યો છે. શોપનહોર અને ઇમર્સનને ઉત્તેજ્યા છે, તથા આજે એજ વિચાર સરણી માથા ઉપર ઊભી રહી, બોલે છે કે બધું વિચારમાંથી ઉત્પન્ન થયું છે. એ તરંગી વિચારસરણીએ આજ સુધી દુઃખ અને પીડનોની છેવટની હદ સુધી હિન્દના દુઃખી અને પીડિતોને તરંગી શબ્દજાળો ઊભી કરી મિથ્યા પોષણ આપ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૬

## મહાવીર અને બુદ્ધ

ઉપનિષદ કાળમાં પણ તે સમયના શિક્ષણમાં શંકા રાખનારા લોકો હતા. એ વાત ઉપનિષદમાંથી જ દેખાઈ આવે છે. તે સમયના કેટલાક ઋષિ મૂનિઓ પણ ધર્મગુરુઓના ધતીંગોની મજાક કરતા હતા. છાંદોગ્ય ઉપનિષદ્‌માં ધર્માંધ ધર્મગુરુઓને તે ઉપનિષદના લેખક એક બીજાની પૂંછડીએ બંધાઈને ચાલતા કૂતરાઓ સાથે સરખાવે છે. તથા તેમના મંત્રોચ્ચારને પવિત્ર રીતે ભસતા કૂતરાઓના શબ્દો સાથે સરખાવતાં કહે છે કે "ઓમ આપણે ખાઇએ છીએ, ઓમ આપણે પીએ છીએ, ઓમ આપણે આનંદ કરીએ છીએ." વગેરે. સ્વસન વેદ ઉપનિષદ જાહેર કરે છે કે ભગવાન, સ્વર્ગ, નર્ક અને પૂનર્જન્મ જેવી કોઈ વસ્તુઓ છે જ નહિ. વેદ અને ઉપનિષદો દંભીઓ અને મૂરખોની બનાવટ છે. વિચારો બધા ભ્રમ છે અને શબ્દો બધાં જૂઠાણાં છે. સાકરિયા વાણીથી લોકો મોહી પડીને કે અંજાઈ જઈને ભગવાન પર પડે છે તથા દેવળોમાં જાય છે. જેને ધર્મ પવિત્ર માણસો તરીકે મનાવે છે તે પવિત્ર નથી. તથા વિષ્ણુ ભગવાન અને કૂતરા વચ્ચે કશો ભેદ નથી." આવી ધર્મનિંદક અને નાસ્તિક વાતો ઉચ્ચાનારા લોકો ઓછા માનને પાત્ર બનતા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા બુદ્ધ પહેલાનાં જમાનામાં તે સમયના શિક્ષણુ સામે સવાલો કરતા અને વાદ વિવાદો ગોઠવતા ફરતા હતા.

એવા નાસ્તિકોમાંથી થોડાં નામો આગળ આવે છે. એ નામો સંજય, કશ્યપ, ગોસલ, અજીત તથા જાબાલીનાં છે. એ લોકો પૂર્વ-જન્મમાં નહિ માનવાનો ઉપદેશ કરતા હતા. ધર્મે નક્કી કરેલા નૈતિક આચારોનો સ્વીકાર કરતા હતા. અને કહેતા હતા કે મનુષ્ય સંજોગોનો ગુલામ છે અને એની ક્રિયાઓને સંજોગોજ નિર્માણ કરે છે. એ લોકો ઉપદેશતા હતા કે મનુષ્ય પંચતત્ત્વનું બનેલું છે. અને મરણુ પછી ડાહ્યાઓ કે મૂરખાઓ કોઈ ફરી જન્મતા નથી. જાબાલી રામને ગાદી ત્યાગ કરતા જોઈ રામનો ઉપહાસ કરતાં કહે છે કે "આળસુ લોકોએ બનાવેલા સિદ્ધાન્તોએ રામના મન અને મગજને ઘેર લીધાં છે. એવા સિદ્ધાંતો ભોળા અને મૂર્ખા માણસોને ખોટે માર્ગે દોરે છે. એવી ફરજોમાં જકડાઈ જતાં અને ભૂલાવામાં પડતાં લોકોને જોઈ મને ખૂબ દુઃખ થાય છે. એવા લોકો આખું જીવન દમનમાં ગાળે છે. તથા જીવે છે ત્યાં સુધી વડવાઓને અને માલિકોને, દેવદેવીઓને બલિદાનો આપ્યા કરે છે." બુદ્ધ પહેલાંના અને બુદ્ધ પછીના સમયમાં ઉત્તર હિન્દના પ્રદેશો પર આવા ભૌતિક વાદનો ઉપદેશ કરનારા લોકો વાદવિવાદ કરતા અને સભાઓ ગજવતા ફરતા હતા.

ઉપદેશો અને બુદ્ધના સમયનું સાહિત્ય એ નાસ્તિકોનો ઉલ્લેખ વારંવાર કરે છે. જેવા ગ્રીસમાં સોફીસ્ટો હતા તેવા બુદ્ધ સમયની શરૂઆતના આ પરિવ્રાજકો હતા. તે સમયના મનુષ્યોની અંધશ્રદ્ધા પર ઘા કરતા અને પોતાના અનુયાયીઓ મેળવતા તેઓ એક સ્થળેથી બીજે સ્થળે ફરતા હતા. એ લોકો ખુલ્લી રીતે નાસ્તિકવાદ અને પ્રચલિત નીતિનો વિનાશ પોકારતા ફરતા હતા. આવા લોકોના વાદ વિવાદ અને ભાષણો સાંભળવા લોકોના ટોળેટોળાં મળતાં હતાં. એ લોકોની સભાઓ મેળવવા માટે મોટાંમોટાં સભાગૃહો બાંધવામાં આવતાં હતાં. એ સમય સ્વતંત્ર વિચારનો સમય હતો, હિન્દના તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમયના વિચારકોએ ઉપજાવેલી અને પોષેલી વિચારની સ્વતંત્રતા ઉપર તરાપ મારનારા સત્તાવાન વર્ગનું જોર ઓછું હતું. એ બધાં ભૌતિકવાદીઓ, નાસ્તિકો અને સ્વતંત્રવાદીઓમાં બૃહસ્પતિનું નામ બહુ જૂનું છે અને આગળ તરી આવતું છે. એના શબ્દો ખૂબ ચોકખી રીતે બોલતા હતા કે "કોઈ સ્વર્ગ નથી. કોઈ યાતના નથી. મરણ પછીનું કોઈ જીવન નથી. વર્ણાશ્રમના વિભાગ ખોટા છે. વેદ ખોટા છે. સંયમો દમન છે. પશ્ચાતાપના બધાં પરિણામો ધૂળ અને રાખ છે. સત્તાવાન લોકોએ પોતાનો પેટગુજારો કરવા માટે આ બધા ભ્રમ ઊભા કર્યા છે. જે લોકો એ ભ્રમને વશ વર્તે છે તે બુદ્ધિ વિનાના કાયરો છે. મરી ગયેલું શરીર માટી બની ગયા પછી પૃથ્વી પર પાછું કેવી રીતે આવી શકે? જો મરી ગયેલું શરીર બીજા જગતમાં જઈ શકે તો જે જગત્ સાથે એ પ્રેમના બંધનથી બંધાયેલું છે ત્યાં શામાટે ન આવી શકે? મરણ પામેલા માણસો માટે ક્રિયાકાંડો કરનારા ખર્ચાળ આચારોને લુચ્ચા માણસોએ પોતાના પેટગુજારા માટે નિર્માણ કર્યાં છે. જ્યાં સુધી જીવન ટકે ત્યાં સુધી સુખ અને આનંદ મેળવવાનો યત્ન કરવો જોઈએ."

બૃહસ્પતિનાં આ સુત્રોથી જેને ચાર્વાકવાદ અથવા જડવાદ તરીકે ઓળખાય છે તે જાતની શરૂઆત થઈ. ચાર્વાકવાદવાળા વેદ દૈવી છે એમ માનનારાઓ તરફ ખુલ્લી રીતે હસતા હતા. તથા કહેતા હતા કે "વેદનાં લખાણો દૈવી સત્યો નથી. કોઇ પણ સત્ય ઇન્દ્રિયો વિના જોઈ શકાતું નથી. બુદ્ધિના જ્ઞાન પણ ઇન્દ્રિયોના અનુભવ પરથી સાચાં ઠરે છે. ભૂતકાળની જેમ ભવિષ્ય પણ વર્તશેજ એમ માનવાને કશું જ કારણ નથી. જે બુદ્ધિને સમજાતું નથી અને ઇન્દ્રિયોના અનુભવથી ઓળખાતું નથી તે કશા પર વિશ્વાસ કરવો નહિ. આત્મા ભ્રમ છે અને એક ઓઠું છે. એકે એક સંજોગ કુદરત અને ઇતિહાસનાં પરિબળો ઉત્પન્ન કરે છે. સંજોગોને નિર્માવનાર દેવો તથા રાક્ષસો હોય છે એમ માનનારા મૂરખ છે. પદાર્થ એકજ સત્ય છે. શરીર પરમાણુંઓનું બનેલું છે. મગજ વિચાર કરતો પદાર્થ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. અમરત્વ છે નહિ. પુનર્જન્મ પણ નથી. ધર્મ એક વિકૃતિ છે, રોગ છે, માયાજાળ છે. ભગવાનના અસ્તિત્વની ભાવના દુનિયા કે દુનિયાના બનાવોની સમજ માટે નકામી છે. જ્યાં જ્ઞાન નથી ત્યાં ધર્મ ફાલી શકે છે. જ્ઞાન અને વિજ્ઞાનના ઉદય સાથે ધર્મનો નાશ થાય છે. નીતિના ધારાધોરણને પણ સંજોગો નિર્માણ કરે છે. નીતિના નિયમો એ દૈવી આજ્ઞાઓ નથી પણ સામાજિક પરિબળોએ નક્કી કરેલા રીત રિવાજો છે. કુદરત સારા અને ખરાબ તરફ ઉદાસીન છે. કુદરતની નજરમાં સદાચાર અને દુરાચાર જેવી કોઈ વસ્તુ જ નથી. કુદરતનો સૂરજ ડાહ્યાઓને તથા મૂરખાઓને, સંતોને તથા દુષ્ટોને સૌને સરખોજ પ્રકાશ આપે છે. સ્વાભાવિક ઇચ્છાઓ અને આવેગોને રોકવાની કંઈજ જરૂર નથી. કહેવાતા સદ્‌ગુણો ભ્રમણા જ છે. જીવનનું ધ્યેય જીવવામાં છે. એક જ ડહાપણ સુખ મેળવવામાં છે."

વેદ અને ઉપનિષદ્ કાળે પ્રબોધેલી નીતિ અને આચાર વિચારમાં ક્રાંતિ માગતા અને વિપ્લવ જગવતા આ બધા ઉપદેશો હતા. આખા હિન્દ પર બ્રાહ્મણોએ જમાવેલા કાબૂના દોર ઢીલા પડી જતા હતા. બ્રાહ્મણોએ રચેલા હિન્દુ સમાજમાં સવાલો જાગતા હતા, શ્રદ્ધા ઓગળતી જતી હતી, તથા હિન્દુ સમાજમાં બીજી નવી વિચારણાને અવકાશ આપી શકે એવી ખાલી જગ્યા પડતી જતી હતી. જડવાદી ગણાતા એ લોકોએ પોતાનું કામ એવા જોર શોરથી ચલાવ્યું હતું કે વેદ અને ઉપનિષદ્‌માંથી ઊતરી આવતી જૂની વિચારસરણી અને જડવાદી દેખાતી આ વિચારસરણીના સંઘર્ષથી એક નવોજ વિચાર જાગતો હતો. અને એ વિચારના મોટા ભાગમાં શાસક અથવા ક્ષત્રિય વર્ગ જોડાયો હતો. કારણ કે સમજમાં વધારે જોરદાર બનેલા બ્રાહ્મણ વર્ગો સાથે ક્ષત્રિય વર્ગની ઝપાઝપી શરૂ થઈ ગઈ હતી. સમાજિક અથડામણનાં એ બધાં પરિબળો મહાવીર અને બુદ્ધના સમયથી એક નવા યુગનું હિન્દના ઇતિહાસમાં મંડાણ માંડતા હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૭

## મહાવીર

ઈ. પૂ. છઠ્ઠા સૈકાની વચમાં બિહાર પ્રાંતના વૈશાલી નગરમાં એક લિચ્છવી જાતિના ધનિકને ઘેર દીકરો જન્મ્યો. એનાં માબાપો ધનિક હોવા છતાં પુનર્જન્મને ધિક્કારતાં હતાં, અને આત્મઘાતને આશીર્વાદ રૂપ માનતાં હતાં. જ્યારે એમનો દીકરો એકત્રીશ વર્ષનો થયો ત્યારે એ બન્ને જણાએ ઐચ્છિક ભૂખમરાથી પોતાના જીવનનો અંત આણ્યો. પોતાના માબાપને આમ લોહીનું ટીપેટીપું સૂકવી દઈ આત્મ-ઘાતથી મરતાં જોઇએ યુવાનનું હૃદય વલોવાઈ ગયું. એણે વિરાગી બની દુનિયાનો ત્યાગ કર્યો. એણે ત્યાગના આવેગમાં કપડાં પણ કાઢી નાખ્યાં અને પશ્ચિમ બંગાળામાં આત્મશુદ્ધિ અને આત્મજ્ઞાન શોધતો ભટકવા લાગ્યો. તેર વર્ષના આવા આત્મનિષેધ પછી અને આત્મદમનના અનેક પ્રયોગ પછી એના અનુયાયીઓએ એને જીન અથવા વિજેતા કહ્યો. અને એનાં વિદ્યાર્થીઓ માનવા લાગ્યાં કે મહાવીર એક મહાન વિભૂતિ છે. અને એવી વિભૂતિઓ અથવા જીનો આ દુનિયામાં અમુક અમુક સમયના અંતે ઊતરી આવે છે. તથા હિન્દના લોકોને જ્ઞાન આપે છે. એ શિષ્યોએ પોતાના એ ધાર્મિક નાયકનું નામ મહાવીર પાડયું અને એ જીન ઉપરથી પોતાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જૈન તરીકે ઓળખાવવા લાગ્યા. મહાવીરે બ્રહ્મચારી ધર્મગુરુઓ તથા એવા સાધુઓના સંઘની યોજના કરી. બોતેર વર્ષની ઉમરે જ્યારે મહાવીરનું મૃત્યુ થયું ત્યારે તે પોતાની પાછળ ચૌદ હજાર ભક્તો મૂકતો ગયો. આ ચૌદ હજારનો સંઘ વધારેને વધારે વિસ્તાર પામતો ગયો તથા એ લોકોએ ધર્મના ઇતિહાસે કદી નહિ દેખેલા એવા આત્મદમનના ધારાઓ ધાર્મિકો માટે ઘડી કાઢ્યા.

જૈનધર્મનો સિદ્ધાન્ત વાસ્તવદર્શી વિચારણાથી શરૂ થાય છે. એ સિદ્ધાન્ત પ્રમાણે જ્ઞાન સાપેક્ષ અને દેશ તથા કાળની મર્યાદાવાળું મનાય છે. એ વિચારણા પ્રમાણે સત્ય જેવી વસ્તુ શકય નથી. જેને સત્ય કહેવામાં આવે છે તે સાપેક્ષ હોવાથી એક રીતે સત્ય લાગે છે બીજી રીતે અસત્ય માલુમ પડે છે. એથી કરીને બધા નિર્ણયો સીમાબદ્ધ અને સાપેક્ષ છે.

જૈનધર્મનો વાસ્તવદર્શી સિદ્ધાન્ત આટલેથી અટકવાને બદલે આગળ વધી ગૂઢ બનતો જાય છે, અને કહે છે કે આખરી સત્ય જીન લોકોજ જાણી શકે છે. એ સત્યને જાણવા માટે વેદ ઉપયોગ વિનાના છે કારણ કે તે દૈવી નથી, કારણ કે ભગવાન જેવું કાંઈ નથી. દુનિયાને સમજવા માટે આદિ કારણ કે કોઈ સર્જકની કલ્પના કરવાની જરૂર નથી. નહિ સર્જાયેલો સર્જક અને કારણ વિનાનું મહાકારણ એવી વેદની બન્ને વાતો ઉપહાસપાત્ર છે. આજે દેખાય છે તે સૃષ્ટિ અનંત કાળથી ચાલી આવે છે અને તેમાં થતાં અનેક પરિવર્તનો દેવની ઇચ્છાથી નહિ પણ કુદરતી પરિબળોને લીધે હોય છે.

એ રીતે છેવટનું જ્ઞાન અથવા સત્યજ્ઞાન એકલા જીનને જ થઈ શકે એવું ગૂઢ તત્વ ઉમેરી જૈન ધર્મે બીજા બધાં ગૂઢવાદનો નાશ કર્યો છે. વિચારને વધારે વાસ્તવદર્શી અને સ્વતંત્ર બનાવ્યો છે. ધર્મની અંધ માન્યતાઓનો નાશ કર્યો છે અને પોતાની વિચાર સરણીને ભૌતિક પાયા પર મૂકી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ ધાર્મિક અન્ધ માન્યતાઓનો એક બાજુથી નિકાલ કર્યો પછી તથા દુનિયામાંથી બધાં દેવદેવીઓને હાંકી કાઢ્યા પછી જૈન ધર્મે શુદ્ધ વિચારની દૃષ્ટિએ પતન પામી દેવદેવીઓ અને ભગવાનની ખાલી પડેલી જગ્યા પર પોતે દૈવી બનાવેલા સંતોને મૂકવા માંડયાં. એ સંતોની આસપાસ વિચિત્ર અને તરંગી દંતકથાઓ રચાવા માંડી તથા જૈન સંતોને આંધળી ભક્તિ અને અર્થ વિનાના ક્રિયાકાંડો ભજવાવા માંડયા અને છતાં પણ જૈન ધર્મ એ દૈવી બનાવેલા સંતોને જગતના સર્જકો કે શાસકો તરીકે ઓળખતો નથી.

તેમ છતાં જૈન ધર્મ ભૌતિકવાદી નથી. મહાવીર પછીના જૈનોએ દરેક વસ્તુમાં અને દરેક સ્થળે પદાર્થ અને મનનો દ્વૈતવાદ સ્વીકાર્યો છે તથા એકેએક વસ્તુમાં, પથરાઓમાં અને ધાતુઓમાં પણ, આત્મા જોયા છે. જૈન ધર્મે નક્કી કરેલા શુદ્ધ જીવન પ્રમાણે જીવનારો કોઈપણ આત્મા પરમાત્મા અથવા સર્વોપરિ આત્મા બની શકે છે અને પુનર્જન્મમાંથી બચી શકે છે એમ જૈનોનું માનવું છે. પૂનર્જન્મમાંથી બચ્યા પછી એવો પરમાત્મા એના ગુણનો બદલો ખુટી ગયા પછી પાછો શરીર ધારણ કરે છે. સંપૂર્ણ મોક્ષ મેળવનારા બહુ જ ઓછા પૂર્ણાત્માઓ હોય છે. એવા પૂર્ણાત્મા જૈનોની ભાષામાં અર્હત કહેવાય છે. એવા અર્હતો જૈનોના મત પ્રમાણે પુનર્જન્મથી દૂર એવા કોઈ ગૂઢ પ્રદેશમાં વસતા હોય છે તથા મનુષ્યોના સંજોગોથી કેવળ વિરક્ત જીવન જીવતા હોય છે.

મહાવીર પછીના સંતોની જમાતોએ સડાવી મૂકેલી મહાવીરની વિચારસરણીના નામમાં જૈનોએ અર્હત બનવાનું જીવનધ્યેય એમના ભક્તો પાસે મૂકયું અને વાસ્તવદર્શન પર શરૂ થએલી વિચારસરણીને સમાજજીવનથી વિરક્ત અને બેજવાબદાર બનાવવા માંડી અને સ્વાર્થી મોક્ષના તરંગી ખ્યાલ તરફ ખેંચવા માંડી. સામાજિક બેજવાબદારીવાળું તથા સ્વાર્થી મોક્ષવાળું વિકૃત વ્યક્તિગત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધ્યેય જૈન લોકોનું જીવનધ્યેય બન્યું એ ધ્યેયને પહોંચવા માટે જૈનોએ મહાવીરે સ્મશાન વિરાગથી સેવેલા આત્મદમનને શુદ્ધિ તથા તપશ્ચર્યા માટે મૂકવા માંડ્યો. તથા બીજી બાજુથી અહિંસાનો સિદ્ધાન્ત ઉપદેશવા માંડ્યો. એકે એક જૈન સાધુ માટે પાંચ પ્રતિજ્ઞાઓ ઘડવામાં આવી. પહેલી પ્રતિજ્ઞા કોઇની હિંસા નહિ કરવાની, બીજી જૂઠું નહિ બોલવાની, ત્રીજી આપ્યા વિના સ્વીકાર નહિ કરવાની, ચોથી બ્રહ્મચર્ય પાળવાની તથા પાંચમી બહારના બધા આનંદો ત્યાગ કરવાની. એ વિચાર સરણીએ સમજાવ્યું કે બધી જાતના ઇન્દ્રિયોના આનંદ પાપ છે. તથા આનંદ અને દુઃખ તરફની વિમુખતા એ જીવનનો આદર્શ છે.

પછી અહિંસાના ધર્મવાળા જૈનોએ ખેતીવાડી જેવા ધંધાને પણ નિષેધ્યો કારણ કે એમાં જમીનને ચીરી નાખવાની હતી. અને જીવજંતુ કચડાઈ જાય તેમ હતું. જૈનોએ પોતાના ભક્તોને મધ-ખાવાનો નિષેધ કર્યો. પાણીમાં પણ જીવજંતુ હોવાને કારણે તે જેમ બને તેમ ઓછું પીવું એવું ઠરાવ્યું. હવામાં ફરતા જીવજતુ મોઢામાં પેસી જાય અને મરણ પામે એ ભયથી તેઓએ મોઢા ઉપર કપડું તાણી બાંધવાનો નિયમ મૂક્યો. દીવાની જ્યોતમાં પતંગિયા અથડાઈ પડે એવી ધાકથી દીવાની આસપાસ આસ્તરણો ગોઠવ્યાં. ચાલતાં પગ નીચે કોઇ જીવજંતુ ચગદાઈ જાય એવી ધાસ્તીથી તેમણે જમીનને વારંવાર સાફ કરવા માટે બગલમાં સાવરણી મારી. પોતાના ધાર્મિક વિધિઓમાં કોઈપણ પ્રાણીનો સંહાર ન કરવો કે બલિદાન ન દેવું એવી વ્યવસ્થા કરી. એ ઉપરાંત સદાચાર તરીકે દાન દેવાની, પરબો માંડવાની, દવાખાનાં તથા ધર્મશાળા બાંધવાની અને પાંજરા-પોળો ખોલવાની હિમાયતો કરવામાં આવી. કોઈપણ જીવજંતુનો વિનાશ ન થાય એવી તકેદારી રાખી જૈન ધર્મે આપઘાત કરવાની છૂટ આપી. જૈન ધર્મના સિદ્ધાન્તે જાહેર કર્યું કે સ્વેચ્છાએ સ્વીકારેલા ભૂખમરાથી આપઘાત કરી શકાય છે અને એ રીતે જીવન ટકાવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાખવાની અંધ ઇચ્છાપર વિજય મેળવી શકાય છે. ઘણા જૈનોએ આ રીતનું શરણ સ્વીકાર્યું છે અને જૈન ધર્મના નાયકો જગતનો ત્યાગ એજ રીતે કરે છે એમ કહેવામાં આવે છે.

માનસ વિજ્ઞાનની દૃષ્ટિએ જોઇએ તો એ શાસ્ત્ર માનસ ક્રિયાઓનો ઊકેલ કરતાં જણાવે છે કે મનુષ્યના માનસિક રોગમાં મુખ્ય બેજ લક્ષણો છે. એક આત્મદમન અને બીજું પરપીડન. એકે એક ચિત્તભ્રમવાળાં અથવા ગાંડા મનુષ્યમાં આ બે લક્ષણો ઓછાવત્તા પ્રમાણમાં હોય છે જ. જૈન ધર્મે પ્રબોધેલા આ બધાં પીડનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોવામાં આવે તો માનવ સમાજના મનને બીમાર દશામાં લઈ જનારાં માલમ પડે છે તથા સમાજના આર્થિક, રાજકીય કે નૈતિક બીજા દમનના ધારાધોરણથી દબાયેલાં સ્ત્રીપુરુષો તેતે દમનનો પ્રતિકાર કરવાને બદલે આવા ધર્મમાં પ્રવેશી પોતા પર થઈ રહેલાં દમનનો બદલો આત્મદમન અથવા સ્વપીડનથી વ.ળતાં હોય છે. એ રીતે દમન પર રચાએલા આવા ધર્મો મનુષ્યની બીમારી દશાને વધારી મૂકતા હોય છે.

સમાજના જે સંજોગોમાં માનવસમાજની આ બીમાર દશાને જુદાજુદા ધર્મના કેન્દ્રથી ઉત્તેજવામાં આવતી હોય છે તે સંજોગો માનવ સમાજના મોટા ભાગનું પીડન તથા મનુષ્યના મોટા ભાગને દમન પર જીવાડતા હોય છે. જીવનના એટલાં દમનો અને છેવટની આપઘાતની ઉત્તેજના પર રચાયેલો જૈન ધર્મ તે સમયના જીવન સંજોગો પર ઊભો હતો. તે સમયના કચડાતાં રીબાતાં અને દબાયેલાં જીવનની એ પ્રતિકૃતિ હતી. જ્યારે સમાજના મોટા ભાગનું જીવન હડધૂત બને છે, તિરસ્કારાય છે, કે શોષણ પામે છે ત્યારે એ જીવન વિપ્લવને માર્ગે ન જાય તે માટે સમાજના શાસકવર્ગો એવા જીવનને અજ્ઞાન અને દંભથી દબાવી રાખવા માગતા હોય છે. બધા ધર્મોની જેમ જૈન ધર્મ પણ સામાજિક નીતિનો એક દમન પ્રકાર માત્ર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ જૈન ધર્મ ઈશુ પછી એંસી વર્ષે એક બીમાર દશાના ક્ષુદ્રક લેખી શકાય એવા કારણે બે વિભાગમાં વહેંચાઈ ગયો. એ સમયથી જૈનોમાં બે વિભાગ પડ્યા. એક શ્વેતામ્બર અને બીજો દિગમ્બર. શ્વેતામ્બર એ હતા કે જે લોકો શ્વેત વસ્ત્ર પરિધાન કરવામાં માનતા હતા. દિગમ્બર એ હતા કે જે આકાશ પહેરવામાં (નગ્ન રહેવામાં) માનતા હતા. આ વિભાગની શરૂઆતમાં તો એમ હતું કે જે કોઈ જૈન હોય તેણે કાંતો ધોળું વસ્ત્ર પહેરવું અથવા તો નગ્ન રહેવું. આજે સુધારાના વિકાસની અસરથી શ્વેતામ્બર જૈનોના સાધુઓ જ ધોળાં વસ્ત્ર પહેરે અને દિગમ્બર જૈન સાધુઓ જ નગ્ન રહે એમ ઠર્યું છે. આ બે વિભાગમાં ઘણા વિભાગો પડતા ગયા છે, દિગમ્બરોનો સંઘ આજે ચાર પેટા વિભાગમાં વહેંચાયો છે. અને શ્વેતામ્બરોના ચોરાશી ભાગ પડ્યા છે. આજે જૈનોની સંખ્યા આખા હિન્દમાં બધી મળીને તેર લાખ જેટલી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૮

## બુદ્ધ

હિન્દમાં આર્ય લોકો આવ્યા પછી તેનો ખૂબ આર્થિક વિકાસ થવા માંડ્યો હતો. પાટલીપુત્ર તથા વૈશાલી જેવા મહાન નગરો બંધાયાં હતાં. ઉદ્યોગ અને વેપારે દોલત જમાવી હતી. જમા થયેલી દોલતે એશઆરામ અને વિલાસનાં સાધનો ઉપજાવ્યાં હતાં. આરામમાંથી વિલાસ સાથે વિચારવાની નવરાશ પણ પ્રાપ્ત થઈ હતી. એ વિચારની નવરાશે સમાજના એક વિભાગને સવાલો પૂછતો બનાવ્યો હતો અને તેમાંથી આર્યોના વેદ અને ઉપનિષદોનાં વિધાનો સાથે સાથે ભૌતિકવાદ પણ વિકાસ પામતો જતો હતો. એ સમય ઈ. પૂ. છઠ્ઠા અને સાતમાં સૈકાનો હતો. મહાવીરની જેમ બુદ્ધની આંખો પણ તે સમયના જીવને ઉઘાડી નાખી. વધી ગયેલા દ્રવ્ય અને તેને લીધે વિલાસે ચઢેલા, સમાજના મોટા ભાગના શોષણ પર જીવતા સ્વછંદી અને વિલાસી બનેલા ધનિકો અને સત્તાવાનો પર પણ બુદ્ધની નજર પડી. પરિસ્થિતિઓને જોઈ બુદ્ધની આંખો ઊઘડી ગઈ. ઊઘડી ગયેલા આંખોવાળા એ એણે સમાજને જગાડવા બૂમ મારી. એના એ અવાજમાં તે સમયના સ્વચ્છંદ અને વિલાસ તરફ નિરાશા અને શોકની પ્રતિક્રિયા હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇતિહાસ બુદ્ધનાં માતાપિતા રાજ્યકર્તા હતાં એમ કહે છે. એના બાપનું નામ શુદ્ધોદન હતું અને માતાનું નામ માયા હતું. શુદ્ધોદન ગૌતમકુળનો તથા શાક્ય જાતિનો હતો. એના નગરનું નામ કપિલવસ્તુ હતું. હિમાલયની તળેટીમાં એ નગર આવ્યું હતું. બુદ્ધનો જન્મ ઈ. પૂ. ૫૬૩ વર્ષ પર થયો હતો એમ મનાય છે. બુદ્ધનું જૂનું નામ સિદ્ધાર્થ હતું. એના પ્રેમાળ પિતાનો એ લાડીલો કુમાર દુઃખ અને શોકની કલ્પના વિના જીવતો હતો. ઇતિહાસની દંતકથાઓ એમ કહે છે કે એના મનનું રંજન કરવા માટે ચાલીશ હજાર છોકરીઓને રોકવામાં આવી હતી. તથા જ્યારે તે ઉમ્મર લાયક થયો ત્યારે સ્ત્રી તરીકે કોઈ એકને પસંદ કરવા માટે પાંચસો સુંદર સ્ત્રીઓને એકઠી કરવામાં આવી હતી.

એક સમયે એ પોતાના મહેલમાંથી નગર જોવા માટે બહાર નીકળ્યો અને એણે એક ઘરડો માણસ જોયો. એ ઘડપણનો વિચાર કરતો થયો. બીજે દિવસે એ નગરમાં ફરવા નીકળ્યો ને એણે માંદો માણસ જોયો અને રોગની ભયંકરતાથી એ ચમકી ઊઠયો. ત્રીજે દિવસે એણે મરણ પામેલા માણસનું શબ જોયું અને મૃત્યુથી એ આઘાત પામી ઊઠયો.

એકે એક ધર્મનો ઉદય મરણના ખ્યાલમાંથી થતો હોય છે. જો જગતમાં મરણ નહોત તો ધર્મ નહોત. અને જો જગતમાં મરણ નહોત તો દેવ દેવીઓ નહોત. આ ત્રણે જાતનાં દર્શને બુદ્ધને વિચાર કરતો કરી મૂક્યો અને એણે સત્ય શોધવા માટે માતા પિતાને તથા સ્ત્રી અને બાળકને ત્યજી દેવાનો નિશ્ચય કર્યો. એક રાતે તેણે તેની સ્ત્રી યશોધરા અને પુત્ર રાહુલનો ત્યાગ કર્યો અને એક છન્ન નામના સારથી પાસે રથ જોડાવી ઘરબાર છોડયું. એણે ઉરૂવેલા નામના એક સ્થળે રથ અટકાવ્યો. એ સ્થળ એક નદીના કિનારા પર હતું. ત્યાં સુંદર જંગલ હતું. આસપાસ ગામો પણ હતાં. આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થળે એણે તપ કરવાનો નિરધાર કર્યો. સાઠ વર્ષ સુધી એણે યોગની ક્રિયાઓ કરી અને કંદમૂળ અને ઘાસ ખાધાં અને અમુક સમય છાણુ ખાઈને રહ્યો. એણે વાળના બનેલાં જ વસ્ત્રો પહેર્યાં. એણે પોતાની જાતને પીડવા માંડી. પોતાના વાળ ચૂંટી નાખ્યા. કલાકોના કલાકો સુધી ખડે પગે ઊભો રહ્યો અને કાંટા ઉપર શયન કર્યું, એણે ધૂળને પોતાના શરીર પર ઠરવા દીધી. પૃથ્વી ઉપર ઊભેલો એ ખખડી ગયેલાં ઝાડના ખંડેર જેવો લાગતો હતો. મડદાઓને જ્યાં પશુઓ અને પક્ષીઓને ખાઈ જવા માટે નાખવામાં આવતાં હતાં ત્યાં તે સૂઈ રહ્યો હતો. આત્મદમન એથી આગળ જઈ શકે એમ નહોતું. એણે જીભ કચરીને મરી જવાનો નિર્ણય કર્યો પણ મરણુના ખ્યાલે એની હથેળીમાં પરસેવાના ટીપાં બાઝયાં. એને શ્વાસ અટકાવવાનો વિચાર આવ્યો. એના કાનમાં પવનના જોરદાર અવાજો અથડાયા. એના માથાપર જાણે જોરદાર ઘણુ પડતા હોય એવું લાગ્યું. પાછો એ વિચારમાં પડયો. એણે થોડો થોડો ખોરાક લેવાનો વિચાર કર્યો.

પછી એક દિવસ એને સમજણુ પડી કે આત્મપીડન તે સાચો માર્ગ નથી. આત્મદમનની આવી તપશ્ચર્યાઓથી કશું જ્ઞાન સાંપડવાનું નથી એમ એને જણાયું. એણે એના દમન અને તપશ્ચર્યાનો ત્યાગ કર્યો. તે એક મોટા ઘટાવાળા ઝાડ નીચે સ્થિર થઈને શાંત રીતે બેઠો. એણે મનુષ્યોને ભોગવવા પડતાં દુઃખો, દીલગીરી, અન્યાયો બીમારી, ઘડપણુ અને મરણુ એ સૌની શાંત વિચારણા ચલાવી. એને એકાએક એક ઉકેલ જડયો. એની આંખ આગળ જીવન મરણુ બે એક સાથે દેખાયાં પણ મરણુ કરતાં જીવન વધારે જોરદાર જણાયું. એને લાગ્યું કે સુખી અને દુઃખી, ઊંચ અને નીચ સારાં અને ખરાબ એવાં મનુષ્યો પોતાના કરેલાં કર્મના નિયમ પ્રમાણે જન્મતાં હોય છે તથા એજ કર્મના નિયમ પ્રમાણે શુભ અને અશુભ એવી એકેએક ક્રિયા માટે મનુષ્યને આ જન્મમાં અથવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજા જન્મમાં બદલો મળતો હોય છે અથવા શિક્ષા થતી હોય છે. એને સમજાયું કે સર્વ પ્રકારના દુઃખનું મૂળ જન્મ હોય છે. મનુષ્યને શોક અને દુઃખ આપતાં જીવનવાળો જન્મ અનંતકાળ સુધી થયા કરતો હોય છે. જો જન્મને અટકાવી દેવામાં આવે તો બધું ઠીક થઈ જાય પણ જન્મ અટકતો નથી કારણ કે તે એક જીવનમાં કરેલાં મનુષ્યનાં શુભ અને અશુભ કર્મો તે કર્મનો બદલો લેવા અથવા શિક્ષા આપવા મનુષ્યને બીજો જન્મ લેવડાવે છે.

એની સામે છેવટનો એકજ સવાલ જવાબ માગી રહ્યો હતો. એ સવાલ મનુષ્યના જન્મને અટકાવવાનો હતો. જો મનુષ્ય સંપૂર્ણ ન્યાયથી જીવે તો અને પોતાના વિચારોને અનંત વસ્તુ સાથે જોડી દે તો તથા પોતાના હૃદયને અસ્થિર વસ્તુઓમાં રસ લેતું અટકાવે તો કદાચ મનુષ્ય જન્મમાંથી ઉગરી શકે અને તો કદાચ એના અનિષ્ટોનું ઝરણું સૂકાઈ જાય. જો મનુષ્ય બધી ઇચ્છાઓને શાંત કરી દે તથા આખું જીવન શુભ કર્યા કરે તો તે પોતાના વ્યક્તિત્વને ભુંસી નાખી શકે. અને તોજ તેનો આત્મા અજ્ઞાત અનંતમાં સમાઈ જાય.

બુદ્ધના આ ઊકેલમાં ઘણા સવાલો ગૂઢ રહ્યા છે. શુભ શું? ન્યાયી જીવન શું? અજ્ઞાત અનંત શું? તથા વ્યક્તિગત એવી ઇચ્છા શું? એ ઉપરાંત હૃદયને શુદ્ધ કરવું તે શું? એ બધા સવાલો જવાબ માગી લે છે. બુદ્ધે એવા કોઈ પણ સવાલની વાસ્તવ જીવનને અનુરૂપ સ્પષ્ટ વિચારણા કરી નથી. બુદ્ધની વિચારસરણીમાં એકજ વિચાર સૌથી આગળ દોડે છે. એ વિચાર જન્મને અટકાવી દેવાનો અથવા જીવનને બુઝાવી નાખવાનો. મનોવેગ અને ઇચ્છાઓને બુઝાવી દઇ જીવનને બુઝાવી નાખી શકાય છે એમ બુદ્ધનો મત હતો. જીવન બુઝાઇ જાય તે દશાને એ શાંતિના નામથી વર્ણવે છે. તથા એ શાંતિની સંપૂર્ણતાને નિર્વાણ એવું નામ આપે છે. મનુષ્યના દુઃખોનો ઉપાય શોધતાં નિર્વાણનો ઊકેલ હાથમાં લઇ કુમાર સિદ્ધાર્થે બુદ્ધ એવું નામ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધારણ કરી ભારતવર્ષના પવિત્ર એવા બનારસ નગર તરફ પ્રમાણ કર્યું. ત્યાં એણે સારનાથના ઉદ્યાનમાં દુઃખી અને પીડિત લોકોને નિર્વાણનો માર્ગ પ્રબોધવા માંડ્યો. મજબૂત ઇચ્છાશક્તિવાળો મગરૂર અને મોહક પણ ખૂબ વિનયી અને નમ્ર એવો બુદ્ધ પોતાને જડેલો ઉકેલ લોકોને શીખવવા ભટકતો હતો. એના સમયના બીજા ઉપદેશકોની જેમ એ વાતચીત સંવાદો અને વ્યાખ્યાનદ્વારા પોતાની વસ્તુ રજુ કરતો હતો. એણે પોતાના સિદ્ધાન્તોને સુત્રનારૂપમાં મૂકયાં હતા. પોતાને જ્ઞાન થયું છે એમ કહેતો હતો. બીજા ફિરસ્તાઓની જેમ એણે કદિ પણ કહ્યું નથી કે ભગવાન એના દ્વારા બોલે છે. વાદવિવાદોમાં મનુષ્ય જાતના બીજા કોઈ પણ શિક્ષકો કરતાં એણે વધારે ધીરજ, સહનશીલતા અને વિચાર બતાવ્યાં છે. લોકોને શિક્ષણ આપવાની એની રીતભાત અસમાન્ય હતી. એક શહેરથી બીજે શહેર તે પગે ચાલીને જતો હતો. એની સાથે હમેશાં એના બારસો જેટલા વિદ્યાર્થીઓ ફરતા હતા. એ ગામ કે શહેરની હદ પર ટકતો તથા છાવણી નાખીને પડતો. બપોરનો બધો સમય ધ્યાનમાં ગાળીને સાંજને વખતે એ વાતચીત કરતો. એના કથનનું મુખ્ય સુત્ર એ હતું કે જીવન દુઃખ છે, દુઃખ ઇચ્છાઓને લઇને થાય છે. અને ઇચ્છાઓ શાંત કરવામાં બધું ડહાપણ છે. એ જગત પાસે ચાર સત્યો રજુ કરતો હતો. પહેલું સત્ય દુઃખનું હતું. જન્મ દુઃખરૂપ છે. માંદગી દુઃખરૂપ છે, ઘડપણ દુઃખરૂપ છે. દીલગીરી, શોક, નિરાશા અને ઉદાસીનતા દુઃખરૂપ છે. ૨. આ બધાં દુઃખનું કારણ ઇચ્છાઓ છે. ઇચ્છાઓને લીધે ફરીવાર જન્મ લેવો પડે છે. આનંદ અને વિલાસની ઇચ્છાઓ કરવી પડે છે. પછી જીવનનિર્વાહ માટે ઉશ્કેરાઈ જવું પડે છે. ૩ હવે દુઃખના નાશનો ઉપાય ઉપદેશતો એ કહેતો હતો કે ઇચ્છાઓનું શમન કરવું અને સંપૂર્ણ ત્યાગ સાથે અલિપ્ત બનવું એ દુઃખના સંપૂર્ણ નાશનો ઉપાય છે. ૪. એ ઉપાય આઠ સાધનોથી અસરકારક બની શકે છે. એ આઠ સાધનો સમ્યક મત, સમ્યક વિચાર, સમ્યક આચાર, સમ્યક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રયત્ન, સમ્યક ધ્યાન, સમ્યક ધારણા અને આ ઉપરાંત ઇચ્છાઓને નિર્મૂળ કરતા તથા અહિંસા આચરવા માટે સંમત થતા છતાં બુદ્ધે આત્મઘાતને કદી પણ ઉપદેશ્યો નથી. એણે એને હમેશાં વખોડયો છે તથા કહ્યું છે કે જ્યાં સુધી આત્મશુદ્ધિ થતી નથી અને નિર્વાણ પમાતું નથી ત્યાં સુધી હમેશાં પુનર્જન્મ થયા કરતા હોય છે.

લોકો સાથેની સામાન્ય વાતચીતમાં એ ઇશુના જેવી વાણી બોલતો હતો. એ કહેતો હતો કે બીજા તરફના પ્રેમથી વેર કે ગુસ્સો જીતવો જોઈએ. બીજા તરફ ભલું કરવાથી બુરાઈનો નાશ કરવો જોઈએ. એક બીજાને જીતવાં ન જોઈએ પણ ભાઈચારો કેળવવો જોઇએ. કારણ કે કોઇ પણ પ્રકારની જીત તિરસ્કાર ઉત્પન્ન કરે છે. દુનિયામાં તિરસ્કારથી તિરસ્કાર શમતો નથી પણ પ્રેમ જ તિરસ્કારનો નાશ કરે છે. ઇસુની જેમ સ્ત્રીઓની તરફ એનું વલણ વખોડનારૂં ન હતું. એણે સ્ત્રીઓને પોતાના સાધુઓના સાથમાં પણ સ્થાન આપ્યું હતું. અને તોપણ એ પોતાના ભિક્ષુઓને સ્ત્રી સંસર્ગમાં સાવધનતા કેળવવાનું કહેતો હતો. એ વિષયમાં એના એક આનંદ નામના ભિક્ષુક સાથેનો એ સંબન્ધેનો સંવાદ સૂચક છે. આનંદે એને પૂછયું કે, "સ્ત્રીઓ તરફનું આપણું વલણ કેવું હોવું જોઈએ?" એણે જવાબ આપ્યો કે "એને દેખતા ન હોઇએ એવું." આનંદે પૂછયું કે "પણ ધારોકે આપણે એમને જોઇ ગયા તો?" "તો તેમની સાથે વાત ન કરવી." બુદ્ધે જવાબ આપ્યો. "પણ ધારો કે એ લોકોએ આપણી સાથે વાત કરી તો આપણે શું કરવું?" આનંદે પૂછયું. "જાગ્રત રહેવું " બુદ્ધે જવાબ દીધો.

ધર્મ વિષેનો બુદ્ધનો ખ્યાલ કેવળ નૈતિક હતો. એને મનુષ્યોના આચાર વિષેજ ખૂબ લાગતું હતું. તેમના ક્રિયાકાંડો, ધાર્મિક માન્યતાઓ, અને પૂજાઓ માટે નહિ. ગયામાં સ્નાન કરવાથી પવિત્ર થવાય છે એમ તેને કોઈએ કહ્યું ત્યારે એણે જવાબ દીધો કે ગમે ત્યાં સ્નાન કરવાથી ચોકખું થવાય છે પણ સાચી વસ્તુ સ્નાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવાની નથી. દરેક તરફ માયાળું પણે વર્તવાની છે. જો તું જૂઠું બોલે નહિ, કોઈને પણ મારી નાખે નહિ, તને જે સ્વેચ્છાપૂર્વક ન આપવામાં આવે તે સ્વીકારે નહિ તો આત્મત્યાગથી સલામત એવા તને ગયા જવાથી કશું જ મળવાનું નથી. એવા તારે માટે એકેએક પાણી ગયાથી પણ વધારે પવિત્ર છે. બુદ્ધનો આ માનવતા ભર્યો ઉપદેશ દરેકને આકર્ષતો હતો. અને બીજા ધર્મોએ ઉપજાવેલા અનંતના, અમરત્વના, તથા ભગવાનના સવાલોને શમાવી દેતો હતો. એ અનંતતાના કોઈ પણ વાદવિવાદ તરફ હસતો. જગતની શરૂઆત કયારે થઈ અને તેનો અંત કયારે આવશે એવા કોઈપણ સવાલોને તે હસી કાઢતો હતો. શરીર અને આત્મા એક છે કે જુદા એવા પ્રશ્નોના જવાબ આપવાની એ ના પાડતો હતો. એવા બધા સવાલ જવાબને એ વિતંડાવાદ કહેતો હતો. એ કહેતો હતો કે સાચી સાધુતા એવા વાદ વિવાદ કે ભગવાનના જ્ઞાનમાં નથી પણ જીવનને સ્વાર્થ રહિત તથા પરોપકારી બનાવવામાં છે. એ વર્ણાશ્રમ ધર્મને તિરસ્કારતો હતો તથા કહેતો હતો કે બધા પ્રદેશોમાં મનુષ્યો સરખાં છે અને એકેએક મનુષ્યમાં સદાચાર સરખો છે. એ ભાર દઈને કહેતો હતો કે ગરીબ અને શ્રીમંત, ઉચ્ચ તથા નીચ સૌમાં સરખું મનુષ્યત્વ છે. દેવદેવીઓને બલિદાન આપવાના ખ્યાલને એ ખૂબ ભાર દઈને નિષેધતો હતો. અને ધર્મને નામે વધેરાતાં પ્રાણી તરફ ખૂબ આઘાત પામીને જોતો હતો. એ બધા જાદુઓને અને મંત્રોને, પ્રાર્થનાઓ તથા આત્મદમનના માર્ગને વખોડી કાઢતો હતો. શાંતિથી અને ચર્ચાના કલહો જગવ્યા વિના એ જગત પાસે અંધશ્રદ્ધા વિનાનો આચાર્યપદ વિનાનો સ્વતંત્ર વિચાર મૂકતો હતો તથા સદાચારથી કોઈ પણ નાસ્તિકનો મોક્ષ થાય છે એમ બોલતો હતો. કોઈ અજ્ઞાત એવા ભગવાનની પ્રાર્થના કરવાના ખ્યાલને હસી કાઢતો હતો તથા કહેતો હતો કે એવી કોઈ અજ્ઞાત વસ્તુ મનુષ્યને સુખી કે દુઃખી કરી શકે છે એમ ધારવું એ મૂર્ખાઈ છે. મનુષ્યને મળતાં સુખ દુઃખ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મનુષ્યની ઇચ્છાઓનાં અને આચારોનાં પરિણામો હોય છે અને તેથી નીતિના કોઈ પણ ધારાધોરણો દૈવી પરવાનગીઓ ઉપર કે સ્વર્ગની ને નર્કની લાલચો કે ભય પર ન રચાવાં જોઈએ.

જેવી રીતે એ કોઈ દેવ કે ભગવાન વિનાની નૈતિક વિચારસરણી રજુ કરતો હતો તેમ આત્મા વિનાનું માનસવિજ્ઞાન સમજાવતો હતો. એ કહેતો હતો કે આત્મા જેવી કોઈ વસ્તુ નથી. આપણને જે જ્ઞાન થાય છે તે બધું ઇન્દ્રિયોને થતા અનુભવો પર થાય છે. બધા પદાર્થો એક જાતની શક્તિ છે. એ શક્તિ ક્રિયા કે સંચલનના સ્વરૂપમાં દેખાય છે. એકેએક ક્રિયા કે સંચલન પરિવર્તનનું સ્વરૂપ છે. જીવનમાં પણ હમેશાં પરિવર્તન પામતી એક ક્રિયા છે. આપણાં નબળાં મગજોને ભ્રમમાં નાખવા માટે આત્મા નામની દંતકથા ઘડી કાઢવામાં આવી છે. એવા આત્મા નામના ભ્રમને આપણે આપણા મનની જ્ઞાન દશાઓની પાછળ મૂકીએ છીએ. મનમાં જેનું કોઈનું અસ્તિત્વ છે તે સંસ્કારો અથવા સંવેદનો છે અને એ બધાં મનના નિયમો પ્રમાણે સ્મૃત્તિઓ અને વિચારોમાં તથા ભાવનાઓમાં પરિણામ પામે છે. અને એ સૌને ઘડનાર જેને ઇચ્છાશક્તિ કહેવામાં આવે છે તેવી કોઈ શક્તિ નથી પણ એ બધી વારસામાં મળેલી ટેવોથી તથા સંજોગોથી નિર્માણ થાય છે. મન એક માનસિક પરિસ્થિતિઓનો પ્રવાહ છે. આત્મા એક વહેમ છે. અમરત્વ જેવી એકે વસ્તુ શક્ય નથી.

બુદ્ધનું આ દર્શન અને આ વિચારસરણી ખૂબ વાસ્તવદર્શી હતાં. પણ પોતે એ વાસ્તવદર્શી વિચારક કરતાં નીતિશાસ્ત્રી હોવાથી એના વિચારોમાં સપ્રમાણતા સચવાઈ શકી નથી. અને તેથી એની વિચારસરણીમાં ખૂબ નબળા અંકોડાઓ રહી ગયા છે. એક તરફ એ અમરત્વ જેવી કોઈ વસ્તુ નથી એમ કહે છે, બીજી તરફ એ સદાચારના ખ્યાલને સાચવી રાખવા પુનર્જન્મ નકારી શકતો નથી. એની વિચારસરણી પ્રમાણે આત્મા ન હોય તો પૂનર્જન્મ પણ શક્ય નથી અને પૂણ્ય કે પાપના બદલા પણ શક્ય નથી. એણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રજૂ કરેલા માનસવિજ્ઞાનના ખ્યાલ :સાથે એણે ઉપદેશેલા પુનર્જન્મના ઉપદેશો વ્યાઘાતાત્મક છે. કદાચ એનું કારણ એ પણ હોય કે તે સમયના હિંદુ સમાજમાં પુનર્જન્મની માન્યતા ખૂબ વિસ્તાર પામી હતી તથા આજે પણ તેને સવાલ વિના સ્વીકારી લેવામાં આવી છે. આ પુનર્જન્મનો ખ્યાલ બુદ્ધે પોતાના શ્વાસ સાથે શંકા ધર્યા વિના પચાવી લીધો છે. બુદ્ધે પોતાની વિચારણામાં પુનર્જન્મને તથા કર્મના કાયદાને આંખો મીંચી અપનાવી લીધાં છે તથા ત્યાર પછી પોતાની સદાચારની વિચારસરણીનો બધો ઉપયોગ જન્મમાંથી બચવા માટે તથા નિર્વાણ પામવા માટે કર્મના કાયદામાંથી ઊગરી જવાના સાધન તરીકે વાપરવામાં કર્યો છે.

પણ નિર્વાણ શું છે એ સવાલ જવાબ માગી લે છે. નિર્વાણનો ખ્યાલ રજૂ કરનાર બુદ્ધે પણ તેનો સ્પષ્ટ અર્થ નથી કર્યો. બુદ્ધ પછીના એના અનુયાયીઓએ નિર્વાણના અનુકૂળ અર્થો કર્યા છે. સંસ્કૃતમાં એ શબ્દનો અર્થ બુઝાઈ જવું એવો થાય છે. બૌધ્ધ ધર્મશાસ્ત્રો એના અર્થો સ્વાર્થી ઇચ્છાઓના સંપૂર્ણ શમન સાથે સંપૂર્ણ સુખ મેળવવું, પુનર્જન્મમાંથી મુક્તિ પામવી, વ્યકિતગત ભાનનો નાશ કરવો તથા ભગવાન સાથે ભકિત કે સુમેળ સાધવો અને મરણ પછી સ્વર્ગનું સુખ પ્રાપ્ત કરવું એવા કરે છે.

અંતમાં બુદ્ધની વિચારસરણીએ ધર્મગુરુઓના ધતીંગો વિનાનો એક મોટો સાધુઓનો સંઘ ઊભો કર્યો છે. એ સાધુઓએ ધીમે ધીમે બુદ્ધની વિચારસરણીમાં તથા આચાર દર્શનમાં સડો શરૂ કર્યો છે. આ ભિખ્ખુઓ અથવા બુદ્ધ ધર્મના સાધુઓ શરૂઆતથી આજ સુધી ખૂબ સાદાઈ અને સરલતાથી જીવતા આવ્યા છે. અને છતાં પણ ધર્મના બંધારણ પ્રમાણે જકડાઈ જતી વિચારસરણીમાં લાગુ પડે એવો સડો આજે બુદ્ધ ધર્મને લાગુ પડ્યો છે. આજે બુદ્ધના અનુયાયીઓએ બુદ્ધની વિચારસરણીને અનેક વહેમોથી અથવા દૈવી માન્યતાઓથી બગાડી નાખી છે. જગતના ધર્મોને માનવતાની એક નવીજ દિશા બતાવી માનવ સમાજને પ્રેમનો નવો આદેશ આપી બુદ્ધ એંશી વર્ષની ઉમ્મરે ઈ. સ. પૂ. ૪૮૩ માં મરણ પામ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૯

## એલેકઝાન્ડરથી હર્ષ સુધી

ઈ. પૂ. ૩૨૭ માં પર્શિયાથી આગળ વધતો અલેકઝાન્ડર (સીકંદર) હિન્દુકૂશ ઓળંગી હિન્દુસ્તાન પર આવી પહોંચ્યો. ઈ. પૂ. ૩૨૬ માં તેણે સિન્ધુ નદી ઓળંગી તક્ષશીલા અને રાવળ-પીંડી થઈને રાજા પોરસના લશ્કરનો સામનો કર્યો. પોરસના ત્રીશ હજાર પાયદળને, ચારસો ઘોડેસ્વારોને, ત્રણસો રથોને અને બસો હાથીઓને એણે હરાવ્યા અને બાર હજાર માણસોને કાપી નાખ્યા. એણે જીતેલા હિન્દી રાજ્યો પર પોરસને ખંડિયો રાજા બનાવી બેસાડયો. ત્યાર પછી સાત વર્ષે હિન્દમાંથી સિકંદરનો અધિકાર નાશ પામ્યો હતો. સિકંદરની સત્તાને હિંદભરમાંથી તોડી નાખનાર હિન્દના ઇતિહાસમાં અમર થયેલો એવો એક વિચક્ષણ રાજા હતો. એ ચંદ્રગુપ્ત નામનો જુવાન ક્ષત્રિય રાજા હતો. એને નંદકુળના રાજકર્તાઓએ મગધમાંથી હાંકી કાઢયો હતો. કૌટિલ્ય અથવા ચાણકય નામના જુવાન રાજકારણીય પુરુષનો એને સાથ મળી ગયો. ચન્દ્રગુપ્તે એની સલાહ સ્વીકારી ને લશ્કર એકઠું કર્યું. હિંદમાં રહેલાં સિંકંદરના લશ્કરને એણે હરાવ્યાં અને હિંદને તેણે સ્વતંત્ર જાહેર કર્યું. પછી ચંદ્રગુપ્ત ચાણકયની મદદથી મગધના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાટનગર પાટલીપુત્ર પર ચઢ્યો. પાટલીપુત્રમાં બળવો જગાવ્યો તથા નંદરાજાની ગાદી લઈ લીધી. નંદકુળનો નાશ થયો ને મૌર્ય વંશ ગાદી પર આવ્યો.

ચંદ્રગુપ્તના શૌર્યે, હિંમતે અને ચાણક્યના રાજકીય ડહાપણે ચન્દ્રગુપ્તના મગધ રાજ્યને હિંદમાં સર્વોપરી બનાવ્યું. જ્યારે સીરિયાના રાજાનો મેગેસ્થિનીસ નામનો દૂત પાટલીપુત્ર આવ્યો ત્યારે મત્ત બનેલા ગ્રીક લોકોને એણે હિંદની જાહોજલાલી અને સંસ્કૃતિનું સુંદર બ્યાન કરી બતાવ્યું. મેગેસ્થિનીસની ભાષામાં તે સમયનું હિંદ નીચે પ્રમાણે હતું. "હિંદમાં ગુલામીનો ધંધો બીલકુલ ચાલતો નહતો. કામધંધા પ્રમાણે આખી પ્રજાને ચાર ભાગમાં વહેંચી નાખવામાં આવી હતી. લોકો સુખી સાદા અને કરકસરીઆ હતા. યજ્ઞમાં ભગવાનના પ્રસાદ તરીકે દારૂ લેવા સિવાય તેઓ કદિ દારૂ પીતા નહિ. વ્યવસ્થા એટલી બધી સરસ જળવાઈ રહી હતી કે એ લોકોને અદાલતમાં ભાગ્યેજ જવું પડતું હતું. લોકો લેવડ દેવડમાં સહી સિક્કા કરતા નહોતા કે સાક્ષીઓ રાખતા નહોતા. મોંઢાના વચન એક બીજાની પ્રમાણિકતા માટે બસ હતાં. લોકો સાચા અને સદ્‌ગુણોને ચાહનારા હતા. જમીનનો મોટો ભાગ નહેરોથી છવાએલો હતો. એક વર્ષમાં બે પાક લઈ શકાતા. અત્યાર સુધીમાં કોઇ પણ વેળા દુષ્કાળ પડયો હોય એવું લોકોના જાણવામાં નહોતું. ભૂખમરાથી મરતા લોકો કોઈ પણ સ્થળે જોવામાં આવતા નહોતા. તે સમયના ઉત્તરહિંદના બે હજાર નગરોમાં સૌથી જૂનું શહેર રાવળપીંડીથી ઉત્તરપશ્ચિમે વીસ માઈલ દૂર તક્ષશિલા નામે હતું. એ શહેર ખૂબ વિશાળ અને આબાદ હતું. એમાં લશ્કરોની છાવણીઓ હતી તથા ખૂબ મોટી એવી વિદ્યાપીઠો હતી. પશ્ચિમ એશિયાના મુખ્ય રસ્તા પર એને બાંધવામાં આવ્યું હતું. તે સમયે તક્ષશિલામાં દૂર દૂરના પ્રદેશોમાંથી વિદ્યાર્થીઓના સમૂહો અભ્યાસ કરવાને માટે આવતા હતા ને એ વિદ્યાપીઠોમાં મોટા મોટા ધુરંધર પંડિતો કલા અને વિજ્ઞાન શીખવતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તક્ષશિલાની વૈદકીય વિદ્યાપીઠ પૂર્વના પ્રદેશોમાં સૌથી મોટી હતી.

ચન્દ્રગુપ્તના પાટલીપુત્રનું મેગેસ્થીનીસે વર્ણન કર્યું છે કે “ તે નવ માઈલ લાંબું હતું અને બે માઈલ પહોળું હતું. રાજાના ભવ્ય એવા મોટા મહાલયો હતા તથા એ મહાલયના સ્તંભો સોનાથી મઢી લેવામાં આવ્યા હતા. એ વિશાળ સ્તંભો પર પક્ષીઓના જીવનના તથા વનસ્પતિની જુદી જુદી જાતોના દશ્ય ચીતરવામાં આવ્યાં હતાં. મહેલની અંદરનો ભાગ અનેક વસ્તુઓથી શણગારાએલો તથા સોના રૂપાથી અને હીરાથી જડેલો હતો. છ ફીટ વ્યાસવાળા મોટાં મોટાં સોનાનાં વાસણો વપરાતાં હતા. ઈશુના જન્મ પહેલાં ત્રણસો ચારસો વરસ ઉપર હિન્દ દેશ અનેક જાતનાં વિલાસનાં સાધનોથી ઊભરાતો હતો, સોનાના ઢગલાથી ભરેલો હતો તથા કલાની કારીગરીથી ઓપતો હતો, હિન્દની જાહોજલાલી જેવી ચન્દ્રગુપ્તના સમયમાં હતી તેથી જરાપણ વધારે મોગલોના સમયમાં થઈ શકી નથી.

આવા ભવ્ય રાજમહાલયમાં રાજા ચન્દ્રગુપ્ત અત્યારના સરમુખત્યરો જેટલી સાવધાનતાથી રહે છે તેટલી સાવધાનતાથી રહેતો હતો. કોઈવાર હીરાથી મઢેલા હાથી પર સોનાની અંબાડીમાં બેઠેલો જાહેરમાં દેખાતો, કોઈ કોઈવાર એ શિકાર કરવા જતો અથવા ઉપભોગમાં રોકાતો પણ એનો ઘણો સમય એ રાજવ્યવહારમાં વ્યતીત કરતો. એનો દરેક દિવસ સોળભાગમાં વહેંચાઈ ગયો હતો. દરેક ભાગ નેવું મિનિટનો હતો. પહેલા ભાગમાં એ ઊઠતો હતો અને ધ્યાન ધરીને તૈયાર થતો હતો. બીજા ભાગમાં એ એના દૂતોના સમાચાર સાંભળતો હતો અને ખાનગી સૂચનાઓ આપતો હતો. ત્રીજા ભાગમાં એ એના ખાનગી ખંડમાં મસલત ચલાવતો બેસતો. ચોથા ભાગમાં એ નાણાં તથા લશ્કરી ખાતાની તપાસ કરતો હતો. પાંચમા ભાગમાં એ જાતે અરજદારોની અરજીઓ સાંભળતો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છઠ્ઠા વિભાગમાં એ ન્હાતો તથા જમતો હતો, અને ધાર્મિક સાહિત્ય વાંચતો હતો. સાતમાં ભાગમાં એ ખંડણીઓ અને કરની તપાસ કરતો, અમલદારોને મુલાકાત આપતો હતો. આઠમા ભાગમાં એ એની રાજસમિતિને મળતો હતો, તથા છૂપી પોલિસના સમાચાર સાંભળતો હતો. નવમા ભાગમાં એ આરામ કરતો હતો તથા પ્રાર્થના કરતો હતો. દશમા અને અગિયારમા ભાગમાં એ લશ્કરી બાબતો પર ધ્યાન આપતો હતો તથા બારમા ભાગમાં પોતાના ખાસ જાસુસોનો અહેવાલ સાંભળતો હતો. તેરમા ભાગમાં એ સ્નાન કરતો હતો અને ભોજન કરતો હતો તથા બીજા ત્રણ ભાગ સુધી ઊંઘતો હતો.

રાજા પોતે રાજકારણમાં આજના સરમુખત્યારોની જેમ આટલી ઝીણવટથી યંત્રની જેમ ફરતો છતાં રાજકારણમાં વિચક્ષણ એવો કૌટિલ્ય રાજની આખી લગામ હાથમાં રાખતો હતો. કૌટિલ્ય અથવા ચાણક્ય એમ માનતો હતો કે રાજની સેવામાં તથા રાજ્યના હિતો આગળ ધપાવવામાં કોઈ પણ સાધન ખરાબ કે ખોટું નથી. એણે ધર્મ નીતિ ને એકેએક વ્યવહારને રાજકારણની હીલચાલો આગળ ધપાવવામાં વાપર્યા હતાં. કોઈ પણ જાતના નૈતિક વિવેક વિના એ કાવત્રાંઓ ગોઠવતો હતો, સજાઓ અને સાહસો યોજતો હતો. છૂપા કાવાદાવા તથા ખૂનો કરાવતો હતો. રાજકીય વ્યવવહારમાં વિજય માટે એની એ દંડ નીતી હતી. કૌટિલ્યની કુશળતાએ ચંદ્રગુપ્તના હાથ નીચે હિંદનું આખું રાજતંત્ર આણી મૂક્યું.

તે સમયની સરકાર આજના યુરોપી રાજ્યની જેમ પ્રજાતંત્ર-વાદનો દંભ નહોતી કરતી. ખૂબ ચોકખી અને સ્પષ્ટ રીતે લશ્કરી સત્તા પર તથા કુશળ રાજ્ય વ્યવસ્થા પર એ સરકાર નભી રહી હતી. ચન્દ્રગુપ્ત પાસે છ લાખ પાયદળ, ત્રીસ હજાર ઘોડે સ્વારો, નવ હજાર હાથીઓ તથા અનેક રથોનું લશ્કર હતું, ખેડૂતો અને બ્રાહ્મણો સિવાય સૌને ફરજીઆત લશ્કરી તાલીમ લેવી પડતી. તથા યુદ્ધના સમયમાં કામ આપવું પડતું, જાતે ખેતી કરતો હોય તેવા ખેડૂતોને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા બ્રાહ્મણોને લશ્કરી સેવામાંથી મુક્ત રાખવામાં આવતા હતા. તેથી બ્રાહ્મણો ધર્મ અને શિક્ષણના વ્યવસાયો અને ખેડૂતો ખોરાકનું ઉત્પાદન શાંતિથી કરતા હતા. રાજાની સત્તા સરમુખત્યારની સત્તાની જેમ અનિયંત્રિત છતાં રાજસમિતિથી નિયંત્રિત થયેલી હતી. એ સમિતિમાંથી કાયદા અને વ્યવસ્થાના તથા નાણા ખાતાના પ્રધાનો નિમાતા હતા.

એવી એ સરકારનું નિયંત્રિત તંત્ર ચોક્કસ નક્કી કરેલા ક્ષેત્ર-વાળા જુદા જુદા ખાતામાં વહેંચાઈ ગયેલું હતું. દરેક ખાતામાં સંપૂર્ણ શીસ્ત પાલનથી કામ કરતા મોટા મોટા અમલદારો હતા. મહેસૂલ ખાતું, કસ્ટમ ખાતું, સરહદ ખાતું, પાસપોર્ટ ખાતું, પરદેશ ખાતું, જકાતખાતું તથા ખાણો અને ખેતીવાડીનું ખાતું, વેપાર ખાતું, કોઠાર ખાતું, નૌકા ખાતું, જંગલ ખાતું, વૈશ્યાઓની દેખરેખ રાખનારૂ ખાતું, પોલિસ ખાતું તથા આબકારી ખાતું એવા તે સમયના સરકારી ખાતાંઓ હતાં. દરેક ખાતામાં અમલદારો પોત-પોતાના વિભાગની વ્યવસ્થા સંપૂર્ણ રીતેસાચવતાં હતાં. એ સરકારી ખાતાના કાયદા અને વ્યવસ્થાનો અમલ ગામડાંઓમાં પંચાયતની પદ્ધત્તિથી થતો હતો. દરેક ગામમાંથી લોકનિયુક્ત પાંચ માણસની સમિતિ ગામના બધા કામનો બોજો ઉપાડતી તથા દાવાઓ પર દેખરેખ રાખતી અને અમલ કરતી. શહેરોમાં, જીલ્લાઓમાં અને ઇલાકાઓમાં અદાલતો હતી, તથા પાટનગરમાં સૌથી મોટી અદાલત રાજસભા હતી. રાજસભા પછી પણ છેવટની અપીલ રાજા પાસે જઈ શકતી, ગુન્હાઓ બદલની શિક્ષાઓ સખ્ત અને ભયંકર હતી. પણ સરકાર કેવળ શિક્ષાઓ કરવા માટે ન હતી. રાજસભા ભૂખમરાને નાબૂદ કરવા માટે, જાહેર આરોગ્ય વધારવા માટે, તથા બેકારી ટાળવા માટે હમેશાં પ્રયત્નશીલ રહેતી હતી. આ ઉપરાંત રાજ તરફથી જાહેર આરોગ્ય માટે ઠેર ઠેર દવાખાનાંઓ તથા આરામગૃહો બાંધવામાં આવ્યાં હતાં. સંકટ સમયે લોકો માટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાપરવા માટે રાજના ભંડારો ભરી રાખવામાં આવતા હતા. શ્રીમંતો પાસે આવક વેરા લેવામાં આવતા હતા. તથા જાહેર સુખાકારી માટે મોટાં મુસાફરખાનાં અને બાગ બગીચાઓ બાંધવામાં આવતાં હતાં.

એ સરકારથી ઉત્તેજાયેલો અને રક્ષાયેલો વેપાર ધમધોકાર ચાલતો હતો, નદીઓ અને સમુદ્રો પર સફર કરનારાં મોટાં જહાજો બાંધવામાં આવ્યાં હતાં. તથા મુસાફરના જાનમાલના રક્ષણની જોગવાઈ કરવામાં આવતી હતી. વેપારીને સરકારી જહાજો ભાડે મળતાં હતાં. એજ પ્રમાણે જમીન ઉપર આખા દેશમાં મોટા રસ્તાઓ બાંધવામાં આવ્યા હતા. એ રસ્તાઓ બત્રીસથી ચોસઠ ફૂટ પહોળા હતા તથા એક ગામથી બીજે ગામ ફંટાતા હતા. સૌથી મોટો શાહી રસ્તો બારસો માઈલ જેટલો લાંબો હતો, તથા પાટલીપુત્રથી ઉત્તર પશ્ચિમની સરહદ સુધી લંબાયેલો હતો. એવા રસ્તાઓના બાંધકામમાં મોટા મોટા પુલો અને નાળાં બાંધવામાં આવતાં હતાં. દરેક રસ્તાપર એ રસ્તાપર આવતાં જુદાં જુદાં સ્થળોનો નિર્દેશ કરનારાં અને અંતર માપનારા સ્તંભો હતા. રસ્તા ઉપર થોડે થોડે અંતરે ઘટાદાર ઝાડો, કુવાઓ, હોટેલો તથા પોલિસ ચોકીઓની જોગવાઈ રાખવામાં આવી હતી, તે સમયનો વ્યવહાર રથોથી તથા ગાડાંઓથી થતો હતો, અને એ ઉપરાંત ઘોડા, ઊંટ, હાથીઓ અને ગધેડાંઓનો પણ ઉપયોગ થતો હતો.

પાટલીપુત્રની વ્યવસ્થાનું સરકારી તંત્ર છ છની સમિતિમાં વહેંચાયેલું હતું અને ત્રીશ અમલદારોના હાથમાં હતું. એમાંની એક સમિતિ પાટનગરના વેપાર ઉદ્યોગ પર ધ્યાન આપતી હતી. બીજી પાટનગરમાં આવતા પરદેશીઓ અને અજાણ્યાઓને ઉતારા આપતી. હતી. તથા જમવાની, વાહનની ને નોકરની જોગવાઈ કરતી હતી. તથા તેમની હીલચાલો પર ખાનગી તપાસ રાખતી હતી. એક સમિતિ જન્મ અને મરણનો હિસાબ રાખતી હતી. તથા બીજી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક ઇજારાઓ આપવાનું, ઉત્પાદનના ભાવો નક્કી કરવાનું, તથા વજનો ને માપોને તપાસવાનું નક્કી કરતી હતી. એક સમિતિ બધા વેચાણ પર દસ ટકાનો કર લેતી હતી. ઇશુના જન્મ પહેલાં ચારસો વર્ષ ઉપર દુનિયાના કોઈ પણ નગરમાં પાટલીપુત્ર સૌથી વધારે વ્યવસ્થિત, આબાદ, નિયંત્રિત તથા સંસ્કૃતિ પામેલું હતું. યુરોપના ઇતિહાસકારો ને વિદ્વાનો તે સમયના પાટલીપુત્રને આજે પણ અજાયબી અને અહોભાવથી જુએ છે.

ચંદ્રગુપ્ત પછી બીજો રાજા બિન્દુસાર થયો. બિન્દુસાર પછી તેનો દીકરો અશોકવર્ધન ઈ. પૂ. ૨૭૩ માં ગાદી પર આવ્યો. અત્યારનું આખું હિન્દ ઉપરાંત બલુચિસ્તાન અને અફઘાનિસ્તાન જેવા વિશાળ રાજ્યોનો એ રાજા બન્યો હતો. એણે ચન્દ્રગુપ્તની જેમ સખત હાથે પણ વ્યવસ્થિત રીતે રાજ્ય કરવા માંડયું. એણે અપરાધીઓને દંડવા માટે એક મોટું જબરજસ્ત કારાગાર બાંધાવ્યું હતું જે ઇતિહાસમાં અશોકના નર્કાગાર તરીકે પ્રખ્યાત થયું છે. એ કારાગારમાં અનેક જાતની પીડાઓ આપવામાં આવતી હતી. અને એમાં માણસ એકવાર પેસતાં બહાર જીવતો આવી શકતો નહિ. એક દિવસે એક બુદ્ધ ભિક્ષુને એ કારાગારમાં પૂરવામાં આવ્યો હતો તથા તેને ઊકળતા પાણીમાં નાખવામાં આવ્યો હતો. એ પાણીમાં નાખવામાં આવ્યો હતો. એ પાણીમાં અજબ ધીરજથી પડી રહેલા એ બુદ્ધ સાધુને ચમત્કારી ગણી તેને મારી નાખવાને બદલે અશોક પાસે મોકલવામાં આવ્યો.

ત્યાર પછી અશોકનું પરિવર્તન થયું હોવાનું મનાય છે. એણે તે કારાગારને નાબૂદ કરવાનો હુકમ કર્યો તથા શિક્ષાના કાયદાઓ સુધારી દીધા. પણ એજ સમયે કલીંગ દેશને કબજે કરવા એણે મોકલેલા લશ્કરના સમાચાર આવ્યા કે હજારો કલીંગ લોકોને પકડવામાં આવ્યા છે અને હજારોની કતલ કરવામાં આવી છે. આ સમાચારથી અશોકને પહેલી વાર પશ્ચાતાપ થયો. એણે બધા કેદીઓને છોડી મૂકયા. કલીંગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકોને તેમનો પોતાનો મુલક પાછો સોંપ્યો તથા તેમની કતલ ચલાવવા માટે જાહેર માફી માગી. એમ બદલાયેલા અશોકે બુદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. શિકાર અને માંસનો ત્યાગ કર્યો. અને પોતે સાધુનાં વસ્ત્ર પહેરવા લાગ્યો. એના રાજ્યના અગિયારમા વર્ષે એણે સરકારોના ઇતિહાસમાં અજોડ એવાં સ્મારકો કોતરાવા માંડયાં. એવા શિલાલેખો એણે હિન્દુસ્તાનમાં ઠેર ઠેર મૂકી દીધાં. એમાંનાં દસ આજે જડી આવ્યાં છે. એ શિલાલેખોમાં પોતે બુદ્ધધર્મી હોવાનું જણાવે છે અને ત્યાર પછી એ લેખો ધાર્મિક છે એવું કોઈ ચિન્હ દેખાતું નથી. એ લેખોમાં પુનર્જન્મનો ઉલ્લેખ છે પણ કોઈ જાતના ભગવાનની માન્યતાનું આલેખન દેખાતું નથી. સ્વતંત્ર વિચારને પોષક તથા લોકવ્યવહારને ઉપદેશવા લખાયેલા એ શિલાલેખોમાં દરેક ધર્મો તરફ સહનશીલતા અને સહાનુભૂતિનો ઉપદેશ દીધેલો જણાય છે. એમાં લખ્યું છે કે "કોઈએ બીજાના ધર્મની નિન્દા કરવી નહિ. બુદ્ધ સાધુઓને અને બ્રાહ્મણોને ભિક્ષા આપવી." રાજા પોતાની પ્રજાનું પોતાના બાળકો જેમ પાલન કરતો તથા જુદી જુદી માન્યતા કે જુદા જુદા ધર્મ તરફ પક્ષપાત બતાવતો નહિ. એ શિલાલેખ જાહેર કરે છે કે યુદ્ધની નોબતો હવે ગગડશે નહિ. હિંસાનો હાથ હવે ઉંચકાશે નહિ. પાછલા ઇતિહાસમાં ન હતું એવું માણસાઈના કાયદાનું રાજ્ય હવે આવશે.

અશોકવર્ધને લોકોની ધાર્મિક વૃત્તિ અને વફાદારી વધારી મૂકયાં. એ પોતે બૌદ્ધ મંદિરોનો મુખી બન્યો હતો. મંદિરોને ભેટો આપી ચોરાશી હજાર ધર્મના મઠો બંધાવ્યા હતા. ગામોગામ અને શહેરેશહેર મનુષ્યો અને ઢોરો માટે દવાખાનાં ચલાવ્યાં હતાં. એણે બુદ્ધધર્મના પ્રચારકોને હિન્દના એકેએક ખૂણામાં મોકલી આપ્યા. એ પ્રચારકો એ સમયની સુધરેલી દુનિયાના દેશો જેવા કે સિલોન, સીરિયા, ઇજીપ્ત અને ગ્રીસમાં જઈને બુદ્ધ ધર્મનો ઉપદેશ આપવા લાગ્યા. તે પ્રચારકો તિબેટમાં, ચીનમાં, માંગોલિયામાં અને જાપાનમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ પહોંચ્યા હતા. એ રીતે તે સમયના એકે એક સુધરેલા દેશમાં પ્રજાઓ નવો જ અવાજ સાંભળતી હતી. એ અવાજ મનુષ્ય મનુષ્ય વચ્ચે અને એકે એક પ્રાણી તરફ પ્રેમભાવનાનો હતો. તે સમયની દુનિયામાં જ્યારે તરવારની ધાર પર લોહીની છોળો ઊછળતી હતી, જ્યારે દુઃખ ને ખૂનામરકી દરરોજનો વ્યવહાર બનતી હતી, જ્યારે વિજેતાના હુંકારા પર ગુલામોની ગર્દનો કપાતી હતી ત્યારે પ્રેમનો શબ્દ નવો હતો. એ નવીનતાએ લોકમાનસમાં એક નવી આશા અને નવો ભાવ પ્રગટાવ્યો હતો. જાણે બુદ્ધ ધર્મના પ્રચારકો ઈશુના આગમનની તૈયારી કરતા હતા. અને જાણે બુદ્ધ ધર્મના પ્રચારકો જૂના આદેશને અપનાવવાનાં બીજ રોપતા હતા. ઈશુનો પ્રેમનો સિદ્ધાન્ત બુધ્ધે જગાડેલા જીવનપ્રેમની ભાવનામાંથી જન્મવાનો હતો.

પણ દુનિયામાં પ્રેમની ભાવના શાસનના સ્વરૂપ કે લોકવ્યવહારને નિર્માણ નથી કરી શકી. મનુષ્યના મનુષ્ય તરફના વ્યવહારના મૂળ કારણો સામાજિક તંત્રના સત્તાના સ્વરૂપો નિર્માણ કરે છે. સત્તાનું સ્વરૂપ સમાજની ઉત્પાદક શક્તિ અને ઉત્પાદનના માલિકો નક્કી કરે છે. તે સમયની દુનિયામાં ઉત્પાદક શક્તિ ગુલામ હતી. ઉત્પાદનોના માલિકો તરવારવાળા હતા.

બુદ્ધની પ્રેમભાવનાને શાસનમાં ઉતારી દેવાનો અશોકનો મનોરથ હતો. પણ એને ખબર નહોતી કે બ્રાહ્મણો એને ધિક્કારતા હતા. કારણ કે બ્રાહ્મણો પોતાને માટે અને પોતાના દેવો માટે પશુના બલિદાનો આપતા હતા તે પ્રથા એણે બંધ કરાવી હતી. તેથી લોહી તરસ્યો એવો બ્રાહ્મણવર્ગ અશોકના પતનની રાહ જોતો હતો. હજારો શિકારીઓ અને માછીમારો આ જીવદયાના હિમાયતી તરફ ચડભડતા હતા. પશુઓનું માંસ ન ખવાય એમ કહેતા અશોક તરફ ખેડૂતો પણ રોષે ભરાયા હતા. અશોકનું અર્ધું સામ્રાજ્ય એના મરણની રાહ જોતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અશોક વૃદ્ધ થયો હતો. એની વૃદ્ધવસ્થામાં એના પૌત્રે લશ્કરી અમલદારોના સાથમાં એને ગાદી પરથી ઉઠાડી મૂકયો. એ ઘરડા રાજાની બધી સત્તાનો ધીમે ધીમે અંત આવ્યો. એના મંદિરો અને મઠો પર જપ્તી બેઠી. એના પોતાના નિર્વાહનો ખર્ચ પણ ખૂબ ટૂંકાવી નાખવામાં આવ્યો. વૃદ્ધ રાજા આ બધા પરિવર્તનો તરફ દિલગીરી અને ઉદાસીનતાથી જોતો મરણ પામતો હતો. એના મરણ પછી એના વિશાળ રાજ્યમાં ભંગાણ પડયું. ચન્દ્રગુપ્તના મૌર્યવંશની રાજસત્તાનો અંત આવ્યો. દુનિયાએ દેખ્યું કે રાજ્યો ભાવનાના તરંગ પર નથી ચાલતાં પણ તે સમયની આર્થિક ઘટના જે વ્યવસ્થિત હિંસા પર રચાયેલી હતી તે હિંસાને ટકાવી રાખવા લશ્કરી હિંસાની જરૂર હતી. અશોકે લશ્કરી હિંસક પરિબળને નરમ કરી દીધું અને તેને બદલે પ્રેમ ભાવનાનો ઉપદેશ આપ્યો. પણ બહારથી એમ બદલાયેલી પ્રેમભાવના સામાજિક ઘટના બદલાયા વિના સમાજ જીવનમાં ઊતરી શકે નહિ. મનુષ્ય તરીકે મહાન છતાં અશોક રાજકીય તથા આર્થિક પરિબળોને પલટી શક્યો નહિ, અને તે સમયના રાજકારણમાં નિષ્ફળ નિવડયો.

ત્યાર પછી હિન્દના ઇતિહાસમાં ગુપ્ત રાજાઓ ગાદી પર આવ્યા. છસો વર્ષ સુધી એ વંશના રાજાઓએ હિન્દ પર રાજ્ય કર્યું. ગુપ્ત રાજાઓના સમયમાં તક્ષશિલા જેવી મોટી વિદ્યાપીઠો ચાલતી હતી. શિલ્પશાસ્ત્ર અને ખગોળ વિદ્યાનો વિકાસ થતો હતો. ગુપ્ત: વંશની શરૂઆતમાં ઇશુ પહેલાનાં પહેલા સૈકામાં સીથિયન લોકો, ગ્રીક લોકો તથા સિથિયન લોકોના હુમલા પંજાબ પર થતા હતા અને પંજાબ પરાધીન બન્યું હતું. કુશાન લોકોએ મધ્ય એશિયામાંથી આવીને કાબુલ કબ્જે કર્યું હતું. અને ત્યાંથી હિન્દમાં સત્તા જમાવતા હતા. ગુપ્ત રાજાના સમયમાં એક કનિષ્ક રાજાના સમયમાં કલા અને વિજ્ઞાનનો સારો વિકાસ થયો હતો. શિલ્પશાસ્ત્ર પણ પેશાવરમાં તક્ષશિલામાં અને મથુરામાં અજોડ નમૂનાઓ ઘડતું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતું. ચરક નામનો એક શરીરવિજ્ઞાન શાસ્ત્રી વૈદકશાસ્ત્રની શોધ કરતો હતો. નાગાર્જુન અને અશ્વઘોષ નામના બે વિદ્વાનો બુદ્ધ ધર્મની મહાયાન શાખામાં બુદ્ધની વિચારસરણીને અવળે માર્ગે લઈ જઇને તેમાંથી આખું આકાશ ભરાઈ જાય એટલા બોધીસત્ત્વો અર્હતો અને દેવદેવીઓ નિર્માવતા હતા. રાજા કનિષ્કે પણ આ મહાન શાખાનો સ્વીકાર કર્યો હતો. એ શાખામાં બુદ્ધને એક ભગવાન તરીકે લેખવામાં આવ્યો. ત્યાર પછી ગુપ્ત નામના રાજાએ પચાસ વર્ષ સુધી રાજ કર્યું. સમુદ્રગુપ્તનો સમય ઇતિહાસમાં ઉત્કર્ષ અને આબાદીના શિખર પર પહોંચ્યો. સમુદ્રગુપ્તે પોતાનું પાટનગર પાટલીપુત્રને બદલે અયોધ્યા બનાવ્યું. એણે બંગાળ, આસામ, અને નેપાળને પોતાના કાબુ હેઠળ આણ્યા. આખા દક્ષિણ હિન્દમાં પોતાની આણ વર્તાવી. આખા હિન્દને પોતાના શાસનના ચક્ર નીચે મૂકી એણે ડહાપણ અને સખ્તાઈથી કાયદો અને વ્યવસ્થા સાચવવા માંડ્યા. એણે રાજની દોલતના ધનભંડારો સાહિત્ય, ધર્મવિજ્ઞાન, અને કલાના વિકાસ માટે ખર્ચવા માંડ્યા. એ પોતે એક સરસ કવિ હતો અને સુંદર ગાયક હતો. એના પછી એનો દીકરો વિક્રમાદિત્ય ગાદીએ આવ્યો. એ મોટો વિજેતા હતો અને ખૂબ બુદ્ધિમાન હતો. એણે કાળીદાસ જેવા કવિઓ, વિદ્વાનો, ચિન્તકો ને કલાકારોને પોતાની આસપાસ એકઠા કર્યા અને પોતાના પાટનગરને અયોદ્ધાથી બદલી ઉજ્જેનમાં ખસેડ્યું. એના રાજકારભારમાં આખો હિન્દ એક અને અભિન્ન બની રહ્યો. એના સમયના હિન્દનું વર્ણન એક ફાહીન નામનો ચીની મુસાફર કરે છે. એ અહોભાવથી બોલે છે કે તે સમયના હિન્દની દોલત અને આબાદી અસાધારણ હતાં. હિન્દીઓ સદ્‌ગુણી અને સુખી હતા. આખા દેશમાં સામાજિક અને ધાર્મિક સ્વતંત્રતા ફેલાયેલી હતી. આખા દેશને ખૂણેખૂણે પથરાયેલા દાવાખાના અને આરામગાહો જોઈને એ આશ્ચર્યચકિત થઈ ગયો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટી મોટી વિદ્યાપીઠોમાં અને ધર્મના મઠોમાં વિદ્યાભ્યાસ કરતા જુવાનોની સંખ્યા ઘણી મોટી હતી. દેહાન્ત દંડની શિક્ષાઓ હતી જ નહિ. રાજ સામે કાવત્રું કરનારને પણ મારી નાખવામાં આવતો નહિ. બઝારોમાં ખાટકીઓની દુકાન બંધ કરવામાં આવી હતી તથા દારૂ જેવા કેફી પીણા સદંતર બંધ હતાં. આ બધી સુવ્યવસ્થામાં એક મહાન કલંક નાબૂદ થયું નહોતું. એ કલંક શુદ્ર લોકોમાંથી તથા જૂના વખતના યુદ્ધના કેદીમાંથી હડધૂત થયેલા ગુલામ જેવા લોકોને સામાજિક અન્યાય આપવાનું હતું. ચન્દ્રગુપ્તના સમયથી એવા લોકોને ચાંડાળ કહેવામાં આવતા હતા. ચાંડાળ લોક તરફનો કાયદાનો અને પ્રજાનો વર્તાવ અન્યાયી અને અમાનુષી હતો.

ગુપ્ત રાજાઓ નીચે અપાયેલી ધર્મની છૂટને લીધે બ્રાહ્મણો વધારે ને વધારે સ્વતંત્ર અને સબળ બનતા જતા હતા. એ લોકો સંસ્કૃત ભાષાનો વિકાસ કરતા હતા. તે સમયે લોકમાનસને ગમી જાય એવા બે મહાન ગ્રન્થો રામાયણ અને મહાભારત રચાતા હતા અને એજ સમયે બુદ્ધોની કલાભાવના પણ વિકસતી જતી હતી. અજંટાની ગુફાઓનાં કલાસર્જન શરૂ થતાં હતાં. તે સમયના સંસ્કારને વિકસાવતા નામોમાં કાલિદાસ, વરાહમિહીર, ગુણવર્મન, વસુબંધુ અને આર્યભટ્ટ ને બ્રહ્મગુરૂ સૌથી આગળ તરી આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૧૦

### ઈશુ પછીના અંધેર યુગનાં મંડાણ

હવે એશિયા અને યુરોપ બન્ને પર પ્રકાશને છાઈ નાખનારા ઘનઘોર અંધારાં ઊતરતાં હતાં. યુરોપને એશિયા જેવું કાંઈ ગુમાવવાનું નહોતું અને એશિયાની સંસ્કૃતિનો વિનાશ નિર્માઈ ચૂક્યો હતો. સંસ્કૃતિનો નાશ કરનારાં અને લશ્કરી શાંતિ તથા કાયદાની વ્યવસ્થાને ઊખેડી નાખી અંધેર વર્તાવનારાં પરિબળો રોમ ને હિન્દ પર પણ તૂટી પડ્યાં. જ્યારે એટીલા યુરોપ પર ઘૂમતો હતો ત્યારે ટોરામાના માળવા પર લોહી વરસાવતો હતો. ભયાનક મિહીરાગુલ ગુપ્ત રાજાઓને ગાદી પરથી ઉઠાડી મૂકતો હતો. તેમના રાજદંડ પડાવી લેતો હતો. એ હૂણ લોકોની હિન્દ પરની ચડાઈઓની શરૂઆત હતી. મિહીરાગુલ જેવા હૂણ આગેવાનોની સરદારી નીચે હિન્દની એકેએક કલા વિરૂપ બનતી હતી. લોકવ્યવહાર અટકી જતો હતો. કતલ અને ખૂનામરકી દરરોજના જીવનના આઘાત બનતા હતા. હિન્દ પર ઊતરી પડેલા એ હૂણ ઝંઝાવાતથી દેશ છિન્ન વિછિન્ન થઈ જતો હતો. ભયંકર અંધેરમાંથી અને સેતાનિયતમાંથી ગુલામી ઊતરતી હતી. તે વખતે ગુપ્ત વંશના એક રાજા હર્ષવર્ધને હિન્દને ગુલામ બનાવતા અને હિન્દની ભૂમિપર સંહાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખેલતા એ હૂણ સંકટ સામે હાથ ઊંચકયો. એણે એ પરદેશી વિજેતાઓ પાસેથી ઉત્તર હિન્દનો મુલક જીતી લીધો તથા કનોજમાં રાજધાની સ્થાપી અને બેતાલીશ વર્ષ સુધી કાયદો અને વ્યવસ્થા સ્થાપ્યાં. જ્યારે મુસલમાનોએ ઇ. સ. ૧૦૧૮માં કનોજ તારાજ કર્યું ત્યારે તેમને દસહજાર દેવળોનો નાશ કરવો પડયો હતો. તે સમયે તેમણે મોટા મોટા આરામગાહો અને ઉદ્યાનો કનોજમાં જોયાં હતાં. તે સમયના મુસ્લીમ આગમન સમયે કનોજ ખૂબ આબાદ હતું અને તેનું કારણ હિન્દના મશહૂર રાજાઓમાં છેલ્લા ટગમગતા તારા જેવો હર્ષવર્ધન હતો. એ રાજા એક મોટો સાહિત્યકાર પણ હતો. એણે કવિતા અને નાટકો પણ લખ્યાં છે જે આજ સુધી વંચાય છે. રાજા તરીકે પણ એ ખૂબ કુશળ અને શક્તિમાન હતો. એના જીવનના છેલ્લા કાળમાં એણે બુદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. એના સમય વિશે યુવાનઆંગ નામનો ચીની મુસાફર લખે છે કે દરેક પાંચ વર્ષે હર્ષવર્ધનના રાજ્યમાં સર્વત્યાગનો એક મોટો ઉત્સવ ઉજવવામાં આવતો હતો જેમાં દરેક ધર્મના સાધુ સંતો તથા આખા રાજમાંના ગરીબ લોકો એકઠાં થતાં હતાં. આ સંમેલનમાં એ રાજા પાંચ વર્ષમાં એકઠા થયેલા રાજના બધા ભંડારો તથા ધનદોલત વહેંચી દેતો હતો. દર પાંચ વર્ષે રાજાના ભંડારમાંથી છેલ્લી પાઈનો પણ ત્યાગ કરી દેતા આ રાજાને જોઈ યુવાનઆંગના આશ્ચર્યનો પાર રહ્યો નહતો. એ સંમેલનમાં સોનારૂપાના ઢગલા, ચલણી સિક્કાઓના ખજાના, હીરાઓ અને સુંદરમાં સુંદર વસ્ત્રો એક મોટા મેદાનમાં ખડકાવવામાં આવતાં હતાં. એ મેદાનમાં મોટા મોટા મંચો અને મંડપો ઊભા કરવામાં આવતા હતા. ત્રણ દિવસ સુધી ધાર્મિક પ્રવચનો થતાં અને ઉપદેશ દેવામાં આવતા હતા. ચોથે દિવસે પ્રજા પાસેના કરમાંથી એકઠી થયેલી એ દોલત પ્રજાહિત માટે વહેંચી આપવામાં આવતી હતી. એકેએક બુદ્ધ સાધુને અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બ્રાહ્મણને અને જૈનોને તથા એકેએક ગરીબને, બેકારને, અનાથને, બધી દોલત વહેંચી આપવામાં આવતી હતી. એ વહેંચણી કોઈ કોઈવાર તો એકી સાથે ચાર માસ ચાલતી હતી. છેવટમાં રાજા પોતે પોતાના ઘરનો કીમતી સામાન બહાર કાઢી આપી દેતો હતો. પોતાના શરીર પરના કિંમતી વસ્ત્રો ને અલંકારો ઉતારી આપતો હતો. પોતે એક સાદું વસ્ત્ર પરિધાન કરતો હતો; અને રાજાના દેહપરની એ છેલ્લી દોલતપણ પ્રજાને અર્પણ કરવામાં આવતી હતી.

દુનિયાના ઇતિહાસે કદી ન જોએલો આ દાખલો જગતભરના ઇતિહાસમાં અજોડ છે, પણ હર્ષવર્ધનના રાજ્યમાં બુઝાતા દીપકના છેવટના ઝબકારા જેવી આ જાહોજલાલી તથા આબાદી તથા આ અપૂર્વ ત્યાગની રાજનીતિ બધી અસ્ત પામવાની હતી. કારણ કે એ ત્યાગ અને પ્રજાભક્તિ એક હૃદયપલટાનું ચિન્હ હતું. એ હૃદયપલ્ટો રાજાનો હતો. પણ એવો હૃદયપલ્ટો વારસામાં ઊતરતો નથી. આખું સામાજિક અને આર્થિક તંત્ર ન બદલાય ત્યાં સુધી ઘડી એઘડી ઝબૂકતા હૃદયપલ્ટાઓ કાંઈજ કામ આવતા નથી. હર્ષવર્ધનના મરણ પછી રાજગાદી માટે રમખાણો ફેલાયાં. અંધાધૂંધી અને અંધેર ફેલાયાં. દેશની એક્તામાં ભંગાણો પડયાં. વિભાજિત થયેલાં હિન્દ પર પરદેશીઓનાં ટોળેટોળાં ઊતરી આવતાં હતાં, જમીનનો કણેકણ જકડાઈ જતો હતો. સમગ્ર હિન્દ દેશ જીવનની અંદર બહારની એક ભયંકર યાતના અનુભવી રહ્યો હતો. અંધારી ઘોર રાતમાં ખરતા તારાઓના પ્રકાશ જેમ એક પળવારમાં મરી જાય છે તેમ હિન્દ પર મંડાયેલા અંધાર યુગમાં રજપૂતાના પ્રદેશે ઉજાસ માર્યો. એનું ક્ષાત્રવટ ઝબૂકી ઊઠયું. એની નસોનો એકેએક ધબકારો બુઝાઈ જતા જીવનની અગાઉ તનમનાટથી તાંડવ ખેલી રહ્યો હતો. દુનિયાના ઇતિહાસમાં રજપૂતાનાની ભૂમિ વીરભૂમિ બની ગઈ. મેવાડ, મારવાડ, અંબર ને બિકાનેરના પ્રદેશોએ શૌર્ય, ખરાતન અને ટેકનાં જ્વલંત દૃષ્ટાંતો દેશની પાસે મૂકી દીધાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજે પણ મેવાડ, મારવાડ, અંબર અને બિકાનેરની વીરભૂમિની ધરતીનો એકેએક કણ તે સમયના જ્વલંત જીવનનો સાદ જગવે છે અને આજે પણ એ પ્રદેશના ખૂણેખૂણામાંથી ગઈ કાલની વીરતા અને ક્ષાત્રવટના અજોડ ત્યાગના પડઘા પાડે છે. એ પ્રદેશ પર સમરાંગણમાં શૂરવીર એવા રાજાઓના કાબુ નીચે એક જાતની રજવાડાશાહી ઊભી થઈ હતી. એ રજવાડાશાહીની શરૂઆત મૌર્ય અને ગુપ્ત વંશના ચક્રવર્તિ રાજાઓની સરદારી નીચે થઈ હતી. અને એ રજવાડાશાહીનો અંત અંદર-અંદરના કલહોમાં, અંદર અંદરના ભંગાણમાં તથા હિન્દ પર તૂટી પડતાં મુસ્લીમોના રમખાણોમાં આવી ગયો. એ રજવાડાશાહીના ઇતિહાસનો એકેએક પ્રસંગ એમ પૂરવાર કરે છે કે તે સમયનો એકેએક ક્ષત્રિય વીર યોદ્ધો હતો અને તે સમયની એકેએક સ્રી વીરાંગના હતી. એ રજવાડાશાહીનો પ્રદેશ રાજસ્થાનના નામથી ઓળખાય છે.

ક્ષાત્રવટમાં વીરતા ત્યાગ અને શૌર્યમાં અજોડ એવી એ રાજપૂત પ્રજામાં વીરતા સાથે સાથે અનેક જાતની ધર્મ અને ટેકની અંધતાઓ પેસી જતી હતી. શૌર્ય સાથે વફાદારી અને સતીત્વના ગુલામીવાળા ખ્યાલો ઘર કરતા હતા. પોતાનું સ્વાતંત્ર્ય સાચવવા માટેના બહારના ધસારાઓ સામેના રમખાણો સાથે જ અનેક જાતના ગૃહ-કલહો અને ભંગાણો શરૂ થયા હતા. એ રીતે એ ક્ષત્રીય વીરનરો નબળા પડતા હતા. અને ધીરે ધીરે વીરાંગનાઓ ગુલામ બનતી હતી. પશ્ચિમમાં જેવો શીવલરીનો જમાનો હતો તેવો હિન્દનો એ જમાનો હતો. એ જમાનામાં જે જાતના દૂષણો હોય છે તેવાં બધાં હિન્દમાં ઊતરી ચૂકયાં હતા. સ્રીનું સ્થાન પુરુષની સાથીદાર હોવાને બદલે, એ બન્નેનું શૂરાતન એક બીજાને પોષક હોવાને બદલે, શૂરાતન સુંદરમાં સુંદર સ્રીને જીતવા માટે વપરાતું હતું અને વીરાંગનાનું હીર તેના સ્વામીની પાછળ સળગી જવામાં હતું. રાજસ્થાનની કેટલીક રાજપૂત સ્રીઓ તો ખૂબ ભણેલી ને સંસ્કારી હતી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા કેટલાક રાજાઓ કવિઓ અને ચિન્તકો હતા તથા ચિત્રકારો હતા. રાજસ્થાનની શરૂઆતમાં ચારસો વર્ષ સુધી એ રાજાઓના શૌર્ય સાથે ધનદોલત, આબાદી અને જાહેર સુખાકારી વધતાંજ ગયાં હતાં. તે વખતમાં એક સમયે મેવાડના રાજા પાસે અઢળક દ્રવ્ય હતું.

એવા ક્ષત્રિય યુગનો ક્ષાત્રધર્મ યુદ્ધ હતો. એ ક્ષત્રિયોનો સંઘ એ મોટો લશ્કરી સમુદાય હતો. અને તેથી જ એ લોકો ઇતિહાસમાં અજોડ બનેલી વીરતાથી મુસલમાનો સામે ટકી શકયા. પણ ઇતિહાસના પરિબળો સાથે આગળ વધવાની ગતિ કુંઠિત થઈ ગએલી હોવાથી તથા એ બધા શાસક વર્ગોના અંદર અંદરના કલહોને લીધે એક સાથે ઊભા ન રહી શકવાથી ઇતિહાસમાં અજોડ એવી વીરતાપૂર્વક એ લોક કેસરિયાં કરી રણમાં રગદોળાઈ ગયાં અને તેમની પાછળ તેમની વીરાંગનાઓ હજારોની સંખ્યામાં ચિતાઓ સળગાવી જીવતી સળગી ગઈ. એ બધો ઇતિહાસ જેટલો વીરતાથી ભરેલો છે. તેટલોજ કરુણ અને દીલને હચમચાવી નાખનારો છે.

મુસલમાનો હિન્દમાં પેસતા ગયા તે સાથે હિન્દની સંસ્કૃતિ પોતાનું રક્ષણ કરવા માટે, ઇસ્લામના આક્રમણથી બચવા માટે દક્ષિણ તરફ દોડતી ગઈ. થોડો વખત સુધી દક્ષિણમાં ચાલુકય વંશના રાજાઓનો પ્રતાપ રહ્યો અને એ પ્રતાપ્ર રાજા પુલકેશીન બીજાના સમયમાં ખૂબ ઝળહળી ઊઠયો. એ રાજાના સમયમાં હર્ષને હરાવવામાં આવ્યો હતો અને એ રાજાની કીર્તિ સાંભળીને પર્શિયાના રાજા ખૂશરૂએ પુલકેશીનના દરબારમાં નજરાણાં મોકલ્યાં હતાં. એ પૂલકેશીનના સમયમાં અજંટાની કારીગરી સંપૂર્ણ બની હતી. ત્યાર પછી પતન શરૂ થયું.

પલ્લવ રાજવીઓના હાથમાં સત્તા આવી અને પછી તે પણ ચોલ લોકોના હાથમાં ગઈ. છેવટે તે તરફના નાનાં નાનાં બધાં રાજ્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિજયનગરના તાબામાં આવી ગયાં. વિજયનગર એ રાજ્યનું અને પાટનગરનું પણ નામ છે. તે સમયમાં એ રાજ સર્વોપરી હતું અને તેની હકુમત નીચે આખો મદ્રાસ ઇલાકો અને મૈસૂર હતા. વિજયનગરનો રાજા કૃષ્ણરાજ લાખોનું લશ્કર રાખી શકતો હતો. એ રાજાના રાજ્યમાં ગામડાંમાં પંચાયતની પ્રથાથી રાજ ચાલતું હતું. જ્યારે બ્રિટન પર હેનરી આઠમો રાજ્ય કરતો હતો ત્યારે વિજયનગરમાં કૃષ્ણ-રાજ હતો. એ ન્યાયથી જીવતો હતો. રાજ્યની આબાદી માટે રાજ્યના બધા ભંડારોને વાપરી નાખતો હતો. બધા ધર્મ તરફ સહાનુભૂતિથી જોતો હતો. તથા સાહિત્ય અને કલાના વિકાસ માટે બનતું બધું કરતો હતો. જ્યારે એ યુદ્ધમાં જતો હતો ત્યારે જીતાયેલી પ્રજાની કતલ ચલાવતો ન હતો કે હારેલા નગરોને તારાજ કરતો ન હતો. એણે તેરસોછત્રીસમાં વસાવેલું પાટનગર હિંદુસ્તાને દીઠેલાં નગરો-માંનું એક હતું. એ નગરની મુલાકાત ૧૪૨૦ માં નિકોલોકોન્ટીએ લીધી ત્યારે તેનો ઘેરાવો સાઠ માઇલ જેટલો હતો. સાઠ માઇલના વિસ્તારવાળા એ નગરમાં સુંદર ઉદ્યાનો અને મોટાં મોટાં આરામ-ગૃહો હતાં તથા આખા નગરને પાણી પૂરું પાડવા માટે તે સમયના એન્જીનીયરોએ તુંગભદ્રા નદીમાંથી પત્થરના ખડકોમાં ઘણા માઇલ લાંબી એવી નહેરો ખોદી કાઢી હતી. ૧૪૪૩ માં એ નગરને જોઈ અબ્દુલરાઝેકે અહોભાવમાં ઉદ્‌ગાર કાઢયા હતા કે આંખોએ ન જોયેલું અને કાનોએ ન સાંભળેલું એવું આ આખી પૃથ્વી ઉપરનું સર્વોત્તમ નગર છે. એ નગરમાં પાંચ લાખની વસ્તી હતી તથા એક લાખ ઉપરાંત ઘરો હતાં. જ્યારે દિલ્હીનો સુલ્તાન ફીરોજશાહ વિજયનગરના રાજાની દીકરી સાથે પરણ્યો ત્યારે એ નગરનો છ માઇલ સુધીનો રાજમાર્ગ સોનેરી મખમલથી ઢાંકી દેવામાં આવ્યો હતો.

પણ હિન્દ પર વિનાશનાં પરિબળો ઊતરતાં જતાં હતાં. ઇસ્લામી આક્રમણો વધતાં જતાં હતાં, તે સમયની આ જાહોજલાલી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. પણ જાહોજલાલી કે શ્રીમંતશાહીનો ધનસંચય એ એકલી જ વસ્તુ નથી હોતી. સમાજજીવનમાં પણ વિલાસનાં સાધનો અને માલિકો આબાદ થવાની ક્રિયા સાથે સાથે સમાજના મોટા ભાગમાં ગુલામી ભૂખમરો અને ગરીબાઈ વધતાં જાય છે. તે સાથે સામાજિક જીવનમાં અજ્ઞાન અને વહેમ પણ વધતાં હોય છે. તે સમયના જીવનની આબાદીના આ બધા દેખાવો સાથે ગુલામો અને મજૂરો ગરીબીમાં જીવતાં હતાં. એ લોકોની જાતમહેનતનું શોષણ અને વેઠનો ઘાતકી વ્યવહાર એક ભયંકર વ્યાપારીનીતિનો ખ્યાલ આપે છે. તે સમયની શિક્ષાઓમાં હાથ પગ કાપી નાખવા, ગુન્હેગારને પકડીને હાથીના પગ નીચે કચરી નાખવો, શિરચ્છેદ કરવો, પેટને સારી નાખવું, અથવા દાઢીમાં ખીલો ઠોકી ગુન્હેગારને લટકાવી દેવો અથવા તો એના કરતાં વધી જાય એવાં પીડનોથી ગુન્હેગારને મારી નાખવા એ વસ્તુઓ સામાન્ય હતી. વધી ગયેલો ધનસંચય એ જાતના અત્યાચારની સાથે વ્યભિચાર પણ માગી લેતો હતો. અને તેથી રાજ તરફથી વેશ્યાઓને તેમનો ધંધો ચલાવવાની છૂટ હતી તથા તેમની પાસેથી કર લેવામાં આવતો હતો. સમાજમાં સ્ત્રીનું સ્થાન રસોડામાં કે પડદા પાછળ રાખવામાં આવ્યું હતું. તથા પોતાના પતિના મરણ પાછળ સ્ત્રીઓને ફરજીઆત મરવું પડતું હતું. તે સમયની આબાદીએ મોટા મોટા કવિઓને અને સાહિત્યકારોને પોષ્યા હતા પણ સમાજના મોટા ભાગના અજ્ઞાનનો નાશ કર્યો ન હતો. તે સમયની સંસ્કૃતિએ શિલ્પ અને કલાને વિકસાવ્યાં હતાં પણ ગુલામો અને ગરીબોની ઝૂંપડીમાં કલાની વહેંચણી નહોતી કરી. તે સમયની ધાર્મિકતાએ મોટા ભવ્ય અને ભરાવદાર ઘુમટો-વાળાં મંદિરો ચણ્યાં હતાં. ગાયને પવિત્ર માની હતી પણ એ બધી દૈવી સામગ્રીઓ પાછળ દેવદેવીઓને પશુઓના બલિદાન આપવાની પ્રથા નાબૂદ નહોતી થઈ. બુદ્ધ ધર્મ ઓસરતો જતો હતો. સુંદર રીતભાતો નીચે ધર્મની ઘાતકતા ઘૃણા ઉપજાવતી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે સમયના આ જાતના સામાજિક સંજોગો જે સત્તા અને વિલાસ પર ઊભા હતા તેના પાયા ડગમગતા હતા. ધીમે ધીમે મુસ્લીમ વિજેતાઓના ભયાનક ધાડાંઓ દક્ષિણ તરફ આગળ ધસતાં હતાં. વિજાપુર, અહમદનગર, ગોલકોંડામાં મુસલમાન રાજ્યો સ્થપાઈ ચૂક્યાં હતાં અને એ બધાં છેલ્લા હિંદુ રાજા સામે જોડાતાં હતાં. એમનાં લશ્કરો રામરાજાના પાંચ લાખની સંખ્યાના લશ્કર સામે થયાં. રામ રાજા ગિરફતાર થયો. અને તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો. એ છેલ્લા હિંન્દુ રાજાની હારમાં પકડાયેલા એક લાખ કેદીઓની કતલ કરવામાં આવી. દક્ષિણની ધરતી પર લોહીની થપ્પીઓ બાઝી ગઈ. દક્ષિણના ઝરણાં રાતા વહેવાં લાગ્યાં. પછી ઈસ્લામનાં વિજેતા લશ્કરો વિજયનગર પર ચડયાં. આખું નગર તારાજ થઈ ગયું. લૂંટફાટ અને ખૂનામરકીએ હદ છોડી. મુસલમાન લશ્કરનો એકેએક સિપાઈ, લૂંટમાં આવેલા સોનાનો, હીરાનો, તંબુઓનો, હથિયારોનો, ઘોડાઓનો, અને ગુલામોનો માલિક બન્યો. એ લૂંટફાટ પાંચ માસ સુધી લંબાઈ. વિજયનગરના વતનીઓ આ અત્યાચાર પછી ઘાસની જેમ વઢાઈ ગયા. મોટી મોટી પેઢીઓ અને વેપારીઓની દુકાનો ખાલી પડી ગઈ. મહાલયો અને મંદિરો સૂના થઈ ગયાં અને ખંડેર બન્યાં. કલા અને શિલ્પની કારીગરીઓ વિજેતાની વિજય કૂચમાં છેદાઈ ગઈ. છેવટે તારાજ બનેલા વિજયનગરમાં વિજેતાની સળગતી મશાલો સમસમી ઊઠી. પાછા જતાં વિજેતાઓને સળગતા વિજય નગરની જ્વાલાઓ દૂર દૂર સુધી જોઈ રહી. વિજયનગરના પતન સાથે હિંદમાં એક હજાર વર્ષથી શરૂ થઈ ગયેલા મુસ્લીમ આક્રમણોનો વિજય સંપૂર્ણ બનતો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૧૧

# લોકજીવન

### ઉત્પાદન

હિન્દમાં આર્યો આવ્યા ત્યારે હિન્દની જમીન સંસ્કૃત નહોતી. તેનો મોટો ભાગ જંગલોથી ઢંકાયેલો હતો અને જંગલો સિંહ, વાઘ, હાથી અને સાપથી ઊભરાતાં હતાં. હિન્દની જમીન ઉપર મનુષ્યોનો કલહ જંગલના એ જૂના વતનીઓની હરિફાઇથી થયો. આર્યો આવ્યા પછી જંગલ સાથેનો એ કલહ ચાલુ હતો. આજે પણ હિન્દની જમીન ઉપરથી જંગલના એ જૂનાં વારસદારો સંપૂર્ણ ભૂંસાઈ ગયાં નથી પણ ઓછાં થતાં જાય છે અને તે છતાં હિંદની વસ્તીમાંથી દર વર્ષે વીસ હજાર માણસો સાપ કરડવાથી મરી જાય છે.

ધીમે ધીમે એ પ્રાણીઓના પંજામાંથી જમીનને છોડવવામાં આવી અને જંગલો કપાવા માંડ્યાં. શરૂઆતમાં ગરીબોનો ખોરાક અનાજ તથા ફળફૂલ હતાં તથા શ્રીમંત લોકો પશુઓનું માંસ પણ ખાતા હતાં. હિંદની જમીન ઉપર મસાલાઓ ખૂબ પાકતા હતા અને યુરોપિયનો મસાલાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શોધમાં ભટકતા હતા. વૈદિક કાળમાં બધી જમીન લોકમાલિકીની હતી પણ ચન્દ્રગુપ્ત મૌર્યના સમયથી રાજા બધી જમીનનો માલિક બન્યો અને જમીનના ખેડનારાઓ પાસે કર લેવા માંડ્યો. રાજાએ જમીનની માલિકી લીધા પછી જમીનને ફળદ્રુપ બનાવવા નહેરોનાં બાંધકામ શરૂ કર્યાં. આજે એવી નહેરોના અવશેષો જડી આવે છે. એ ઉપરાંત એ રાજાઓ મોટાં મોટાં સરોવરો પણ બાંધતા. દુનિયાના ઇતિહાસમાં સોનાની ખાણો ખોદવાનું પહેલું માન હિંદીઓને ઘટે છે. એવી ખાણોની પહેલી શોધ શિયાળથી મોટી અને કૂતરાથી નાની એવી કીડીઓએ સોનાકણવાળી રેતી ખોદીને દેખાડી હતી એમ હીરોડોટસ અને મેગેસ્થીનીસ કહે છે. પર્શિયામાં વાપરવામાં આવેલું સોનું ઈ. પૂ. પાંચમા સૈકામાં હિંદમાંથી લાવવામાં આવ્યું હતું. હિંદમાં રૂપું, ત્રાંબું, સીસું, જસત અને લોખંડ વગેરે ધાતુઓ ઈ. પૂ. ૧૫૦૦ ના સમયથી ખોદી કાઢવામાં આવતી અને લોઢાના જુદા જુદા આકારો બનાવવાની કળા હિંદમાં ઘણી જૂની હતી. વિક્રમાદિત્યે આજથી પંદરસો વર્ષ પહેલાં દિલ્હીમાં એક મોટો લોખંડનો સ્થંભ રોપાવ્યો હતો, જે આજે પણ જોવા મળે છે અને જે આજ સુધી અત્યારના ધાતુશાસ્ત્રીઓ તથા વૈજ્ઞાનિકોને આશ્ચર્યમાં નાખી દેતો બિલ્કુલ કટાયા વિના ઊભો છે. લોખંડની ભસ્મ કરવાની રસાયણિક ક્રિયા હિન્દના જૂના ઉદ્યોગમાં મુખ્ય હતી.

દુનિયાના ઇતિહાસમાં બીજા કોઈ પ્રદેશ કરતાં સૌથી પહેલું હિંદમાં રૂ ઉત્પન્ન થયું હતું. હજારો વર્ષ પહેલાંની મોહનજોડેરોની જૂની સંસ્કૃતિ વખતે પણ કપડાં પહેરવામાં આવતાં હતાં. હીરોડોટસ એ રૂ શું છે તે સમજ્યા વિના અજ્ઞાનમાં કહે છે કે "એક જાતનાં જંગલી ઝાડોમાંથી રૂ ઉત્પન્ન થતું હોય છે જે સુંદરતામાં અને ગુણમાં ઘેટાનાં વાળ કરતાં ઉત્તમ પ્રકારનું હોય છે. હિન્દીઓ એ ઝાડમાંથી પોતાનાં કપડાં બનાવે છે." પછી સમીપ પૂર્વના પ્રદેશો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાથે હિન્દને યુદ્ધ ખેલવા પડ્યાં અને ત્યારે રોમન લોકોને રૂ ઉગાડતાં ઝાડોની ખબર પડી. આરબ મુસાફરો પણ હિન્દના કપડાંની કારીગરી વિશે બોલતાં કહે છે કે "હિન્દનું વણાટ કામ એટલું તો સર્વોત્તમ ને સુંદર છે કે આખી દુનિયામાં એનો જોટો જડે એમ નથી. એક નાની વીંટીમાંથી આખો તાકો પસાર થતો હોય છે." મધ્યકાળના આરબોએ હિન્દ પાસેથી કપાસની ખેતી અને કપડાં બનાવવાનો ઉદ્યોગ લીધો. આરબ લોક કપાસને કુટન કહેતા હતા. આરબો પાસેથી કપાસનો ઉદ્યોગ શીખનાર યુરોપિયનો એને કોટન કહે છે. કપડાંની મસલીન નામની જાત હિંદના મોસુલ નામના વિભાગમાં ખૂબ સુંદર બનતી હતી. અને કેલીકો નામ હિન્દના દક્ષિણ પશ્ચિમના કિનારા પર આવેલા કાલીકટ પરથી પડ્યું છે. ગુજરાતને વિશે બોલતાં માર્કોપોલો કહે છે કે, "ગુજરાતમાં દુનિયાના કોઇપણ દેશ કરતાં સૌથી સુંદર ભરતનું કામ કરવામાં આવે છે. કાશ્મીરની શાલ તથા રગ આજે પણ વણાટમાં અને ડીઝાઇનમાં સર્વોત્તમ છે. પણ હિંદમાં આ બધો વણાટઉદ્યોગ હસ્તઉદ્યોગ હતો અને વણકરો તથા વેપારીઓ એ ઉદ્યોગને વિકસાવતા હતા. હિન્દીઓને યુરોપની પ્રજાઓ તે સમયે વેપાર ઉદ્યોગમાં આખી દુનિયામાં સૌથી કુશળ માનતી હતી તથા હિન્દના હસ્તઉદ્યોગમાં લાકડાંના કામો, હાથીદાંતના કામો, ધાતુનાં કામો તથા રંગનાં, ચામડાના, સાબુના, કાચના, ગનપાઉડરના, સીમેન્ટના વગેરેના હતા. ઈ. સ. ૧૨૬૦ માં ચીન હિન્દમાંથી ચશ્મા લઈ જતું હતું. ઈશુ પછી સાતસો વર્ષે હિન્દમાં આવેલા બર્નીઅરે હિન્દને ઉદ્યોગથી ઊભરાઈ જતું આલેખ્યું છે. પ્રીશે ૧૫૮૫માં એકસો એંશી જહાજોનો એક મોટો વેપારી કાફલો જમનાનાં પાણી પર જોયો હતો.

આ હસ્તઉદ્યોગ સાથે વેપાર પણ વિકસતો હતો. નગરો બંધાતાં હતાં. મોટાં મોટાં બઝારો મંડાતાં હતાં. તથા વેપારને અનુકૂળ એવા સ્થળ માર્ગો બંધાતા હતા. ઈ. પૂ. ૩૦૦૦ વર્ષ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહેલાં ઇજીપ્ત અને હિન્દ વચ્ચે ધમધોકાર વેપાર ચાલતો હતો. ઇ. પૂ. ૭૦૦ થી ૪૮૦ સુધી બેબીલોન અને હિન્દ વચ્ચે પર્શિયાના અખાતમાં ધીકતા વેપારવાળા વેપારી જહાજો ફરતાં હતાં. હિન્દના વહાણો ચંદ્રગુપ્તના સમયમાં બ્રહ્મદેશમાં થઈ ચીન પહોંચતાં હતાં. અને હિન્દમાં ગ્રીક વેપારીઓ જેને તે સમયના હિન્દુઓ યવન કહેતા હતા તે દ્રાવીડીઅન હિન્દમાં ઈશુ પહેલાં સૈકાઓ પૂર્વે મોટાં મોટાં બઝારોમાં વેપાર ખેડતા હતા. રોમ પણ એ જૂના સમયમાં મસાલા માટે, અત્તરો માટે, રેશમ માટે, મસલીન માટે, તથા સોનેરી વરખ માટે હિંદ પર આધાર રાખતું હતું. એ રીતે વેપારમાં હિંદ પાસેથી રોમ લાખો રૂપિયાનો માલ ખરીદતું હતું. અને રોમને હિન્દ સાથે પોતાનો વેપારી રસ્તો ખુલ્લો રાખવા માટે પાર્થીઅન લોકો સાથે યુદ્ધો ખેલવા પડયાં હતાં. સાતમા સૈકામાં આરબોએ પર્શિયા અને ઇજીપ્ત પર કાબુ મેળવ્યો અને ત્યાર પછી યુરોપ અને એશિયા વચ્ચેનો વેપાર મુસલમાન લોકોના હાથમાં આવ્યો. મોગલોના સમયમાં હિંદનો વેપાર ખૂબ ધમધોકાર ચાલતો હતો. એ વેપારના માર્ગોમાં વેનીસ અને જીનીવા એ બન્ને ઇટાલિયન બંદરો હતાં. હિન્દના યુરોપ સાથેના વેપારમાં એ બંદરો ખૂબ આબાદ થવા પામ્યાં હતાં. અકબરનું નૌકાખાતું બધાં જહાજોના બાંધકામ પર તથા દરિયાઇ વેપારની વ્યવસ્થા પર ધ્યાન રાખતું હતું. તે સમયે બંગાળ અને સિન્ધનાં બંદરો વહાણોના બાંધકામ માટે ખૂબ પ્રખ્યાત હતાં. કોનસ્ટંટીનોપલના સુલતાનો પોતાના વહાણો એ બંદરોમાં બંધાવતાં હતાં, તથા ઇસ્ટ ઇંડિયા કંપનીએ પણ પોતાના જહાજોનું બાંધકામ એ હિન્દી કારીગરો પાસે કરાવ્યું હતું.

આવી જાતના વેપારી વ્યવહારને વધારે વિકસાવવા ચલણી નાણાની પણ ખૂબ જરૂર હતી. બુદ્ધના સમયમાં જુદા જુદા આકારનાં સિક્કાઓ શરૂ કરવામાં આવ્યા હતા. ઈ. પૂ. ચોથા સૈકામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિન્દમાં તે સમયની સરકારે પહેલવહેલું ચલણી નાણું કાયદેસર કર્યું. શેરશાહના સમયમાં હિંદમાં તાંબાના, રૂપાના અને સોનાના સિક્કા ચાલતા હતા. અકબર અને જહાંગીરના સમયમાં હિન્દનું ચલણી નાણું આજના કોઈ પણ યુરોપિયન ચલણી નાણાં કરતાં આકારની સુંદરતામાં અને ધાતુની શુદ્ધિમાં ચઢિયાતું હતું. હિન્દના મધ્યકાળમાં ધાર્મિક વહેમોએ વેપાર ઉદ્યોગને રૂંધવા માંડ્યો. નાણાને ઉત્પાદનને માટે રોકવાને બદલે હીરા મોતી ખરીદવામાં વાપરવામાં આવ્યું કે જમીનમાં દાટી રખાયું. હિંદની ધનદોલતનો ઉપયોગ ઉત્પાદનમાં નહિ થવાને લીધે યુરોપના દેશમાં આવી તેવી ઔદ્યોગિક ક્રાંતી એશિયા પર ન આવી.

## સમાજરચના

હિંદની આવી પરિસ્થિતિમાં મુસલમાન રાજાઓ વિજેતાની લઘુમતિમાં હોવાથી મુખ્યત્વે કરીને પોતાની તરવારો ઉપર જ આધાર રાખતા હતા. એ સૌમાં અકબર એક અપવાદરૂપ હતો. એ વિજેતાઓ માટે એમની ઇચ્છા એજ કાયદો હતો. કોઈ એક કાયદો આખા હિંદને લાગુ પડતો નહોતો. લોકોના આ ખાનગી વ્યવહારોમાં કાયદાને બદલે ધર્મશાસ્ત્ર ઉપયોગમાં આવતાં હતાં. હિંદુઓના ધર્મશાસ્ત્રો બ્રાહ્મણોએ લખ્યાં હતાં. એવાં ધર્મશાસ્ત્રોમાં સૌથી જૂનું એવું શાસ્ત્ર મનુસ્મૃતિ છે. માનવસમાજના સર્જનની દંતકથામાં મનુને આદિ પુરુષ તરીકે લેખવામાં આવે છે. એણે લખેલા આચારધર્મો હિંદુઓએ સ્વીકારેલા છે. એવાં ધર્મશાસ્ત્રનાં ધારાધોરણો વૈદિક સમયથી યોજનાબદ્ધ રીતે હિંદના સમાજજીવન પર ગોઠવવામાં આવ્યાં છે. પલટા ખાતી રાજસત્તાઓ નીચે એ ધર્મોનાં ધારાધોરણો વધારે સજ્જડ રીતે જળવાઈ રહ્યાં છે. હિંદમાં મુસલમાનોના આવ્યા પછી વર્ણાશ્રમ ધર્મે હિંદુઓને મુસ્લીમો સાથે લોહીની એક્તાથી ભળી જતાં અટકાવ્યાં છે. વૈદિક સમયમાં વર્ણ અથવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રંગના ભેદથી શરૂ થએલા આર્યો અને અનાર્યોના એ ભેદો આગળ જતાં ચાર વર્ણોમાં વિકાસ પામ્યા. આજે એ વર્ણાશ્રમ ધર્મ હિંદુ પ્રજાને હિંદમાં વસતી બીજી જાતો સામે દિવાલો ઊભી કરી ભળી જતી અટકાવે છે. બુદ્ધના સમયમાં એકતાના સિદ્ધાન્ત નીચે બુદ્ધ ધર્મે વર્ણાશ્રમ ધર્મની ભેદનીતિ ઉપર ઘા કર્યો હતો. ત્યાર પછી બ્રાહ્મણો પાછા જોર ઉપર આવ્યા અને મનુના ધર્મશાસ્ત્રે વર્ણાશ્રમનાં ચોકઠાં વધારે સજ્જડ કર્યાં. મનુના ધારાધોરણો રાજાને ફરમાવે છે કે "રાજાએ બ્રાહ્મણો ઉપર કોઈ જાતનો કર નાખવો નહિ. કારણ બ્રાહ્મણ જો ગુસ્સે થાય તો પોતાના શ્રાપ વડે તથા મંત્રો વડે રાજાનો તેમ તેના લશ્કરનો નાશ કરી શકે તેમ છે. બ્રાહ્મણોદ્વારા થતા યજ્ઞોમાં મુખ્ય અંગ યજ્ઞ કરાવનારા બ્રાહ્મણોની ફી હતી. અનેક જાતના ચમત્કારો અને વ્હેમોથી બ્રાહ્મણો અજ્ઞાન લોકો પાસે ધન પડાવતા હતા. જે સ્ત્રીને બાળક ન થતું હોય તેને બાળક થવા માટેના મંત્રો બ્રાહ્મણોને આવડતા હતા. ધનની ઇચ્છાવાળાને બ્રાહ્મણો ફી લઈ લક્ષ્મીના જાપ કરી આપતા હતા. એ ઉપરાંત ભોળા માણસો ઉપર ગુસ્સે થતાં દેવદેવીઓને પ્રસન્ન કરવાની બ્રાહ્મણોની ભારે ફી હતી. દરેક બિમારીમાં, તકરારોમાં, અપશુકનોમાં, ખરાબ સ્વપ્નોમાં બ્રાહ્મણોની સલાહ લેવાતી હતી અને બ્રાહ્મણોને ફી દેવાતી હતી.

બ્રાહ્મણોની સત્તા જ્ઞાનના ઇજારા પર બંધાયેલી હતી. બ્રાહ્મણો શિક્ષકો હતા તથા સાહિત્યના સંપાદકો હતા. અને બ્રાહ્મણો જ વેદના અભ્યાસી હતા. જો કોઇ શુદ્ર વેદના પવિત્ર શબ્દોનો ઉચ્ચાર સાંભળી જાય તો તેના કાનમાં ખદખદતું સીસું રેડવા જેટલો તેણે અપરાધ કર્યો કહેવાય. જો કોઇ શુદ્ર વેદનો શબ્દ બોલે તો તેની જીભ ખેંચી નાખવા જેટલો અપરાધ હતો. અને જો કોઈ વેદને મોંઢે કરે તો તેને મારી નાખવાની ધમકી હતી. આવી રીતે બ્રાહ્મણ ધર્મગુરુ જ્ઞાનના ઇજારાનું રક્ષણ કરતા હતા. મનુના કાયદા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રમાણે બ્રાહ્મણોને બધા પ્રાણીઓમાં સર્વોપરી બનવાનો હક્ક હતો. થોડા વર્ષ પછી બ્રાહ્મણોને દ્રીજ એટલે ફરીવાર જન્મવાની ક્રિયા કરવી પડતી હતી. દ્રીજ બનવાનો ધાર્મિક વિધિ કર્યા પછી બ્રાહ્મણનું બાળક પવિત્ર બનતું હતું. અને ત્યાર પછી તેની મિલકત અને અંગત જીવન પવિત્ર બનતા હતા. બ્રાહ્મણને સત્કાર આપવો એ સૌની ધાર્મિક ફરજ હતી. બ્રાહ્મણ જો કોઇ ગુન્હો કરે તો તેને દેહાંતદંડની શિક્ષા થતી ન હતી. પણ બ્રાહ્મણોનો કોઇ અપરાધ કરનાર કોઇ પણ નર્કની શિક્ષા પામતો હતો. જો કોઈ શુદ્ર બ્રાહ્મણનો અપરાધ કરે તો તેની મિલકત જપ્ત કરવી અને તેને મારી નાખવો, પણ જો કોઈ શુદ્ર શુદ્રને મારી નાખે તો બ્રાહ્મણને દસ ગાય આપી તે પોતાના અપરાધમાંથી મુક્ત થતો. જો કોઇ શુદ્ર વૈશ્યને મારી નાખે તો તેણે બ્રાહ્મણને સો ગાય આપવી જોઈએ. જો કોઈ ક્ષત્રિયને શુદ્ર મારી નાખે તો બ્રાહ્મણને હજાર ગાય આપવી જોઈએ. પણ જો બ્રાહ્મણને મારી નાખે તો તેને મારી નાખવો જોઈએ. બ્રાહ્મણનું ખૂન એજ મનુના કાયદા પ્રમાણે તો સાચું ખૂન હતું. મનુના કાયદા બોલતા હતા કે કોઈ પણ બ્રાહ્મણે પોતાની જ્ઞાતિ બહાર લગ્ન કરવાં નહિ. શુદ્ર સાથે લગ્ન કરનાર બ્રાહ્મણના બાળકો ગેરકાયદેસર અને ચાંડાળ ગણાતાં હતાં. પોતાનાતાથી નીચી જાતવાળા હજામ પાસે માથું મુંડાવી બ્રાહ્મણને પવિત્ર થવા માટે સ્નાન કરવું પડતું હતું. પોતે જ્યાં સૂવા માગતો હોય ત્યાં ગાયના છાણથી શુદ્ધ કરવું જોઈએ. એણે માંસાહાર કરવો ન જોઈએ. બ્રાહ્મણે આણેલા પાણી સિવાય બીજું કશું પીવું ન જોઈએ. આ રીતે સમાજરચનામાં સત્તાવાન બનેલો બ્રાહ્મણનો વર્ગ જ્ઞાનના ઇજારા પર અને ખેડૂતના અજ્ઞાન તથા વહેમો પર જામતો જતો હતો. જે સમયમાં લોકોને વિજ્ઞાનનું જ્ઞાન મળતું નથી હોતું અને તેમનાં જીવન કુદરતના અંધબળ ઉપર આધાર રાખતાં હોય તથા જ્યારે સમાજના મોટા ભાગને વિજેતાઓનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લશ્કરવાદ હંમેશાં કચડતો અને વેઠ કરાવતો હોય ત્યારે જ્ઞાનનો ઇજારાવાળો આવો બ્રહ્મણોનો વર્ગ બીજા વર્ગને મૂર્ખ બનાવતો હોય છે તથા ગુલામીમાં રાખતો હોય છે. અજ્ઞાનનો, વહેમોનો અને સામાજિક પરાધીનતાનો આવો ક્રમ ઘણા લાંબા સમયથી આજ સુધી ચાલતો આવે છે. રાજ્યક્રાંતિઓ થયા છતાં પણ, આ હિંદની ભૂમિ પર વિજેતાઓ બદલાયા છતાં પણ હિંદની સમાજરચનાનું આ અંધારૂં કોકડું હજી સુધી ઉકેલાયું નથી. આજે પણ એ સમાજ-રચનામાં એક બીજાને ઊંચ નીચ માનતા વર્ણાશ્રમો છે. સામાજિક તિરસ્કાર પામેલો અને અવગણાયેલો શુદ્ર છે. તથા સામાજિક બહિષ્કાર પામેલા તથા દરેક પળે નવું અપમાન પામતાં અસ્પૃશ્યો છે. તથા એ સૌ પર હિંદની જનતાના વહેમો અને અજ્ઞાનોને લીધે તેને મૂરખ બનાવનારા બ્રાહ્મણો છે.

## નીતિ

જ્યારે વર્ણાશ્રમ ધર્મનો નાશ થશે ત્યારે હિન્દના સમાજમાં વર્ણાશ્રમ પર બંધાયેલી નીતિનો નાશ થવા સંભવ છે. કારણ કે વર્ણાશ્રમ ધર્મ અને નીતિ એ હિન્દની સામાજિક ઘટનાનાં જુદાં ન પાડી શકાય એવાં અંગો છે. વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે નીતિ જ્ઞાતિ પ્રમાણે નક્કી થાય છે. હિન્દુ એટલે હિન્દુ ધર્મમાં માન્યતા એટલું જ નહિ પણ વર્ણાશ્રમ ધર્મમાં પોતાનું કોઈ સ્થાન. નીતિનું આવું જોડાણ એટલા જૂના વખતથી છે કે તે જાણે વર્ણાશ્રમધર્મનું અનિવાર્ય અંગ હોય એમ લેખવામાં આવે છે. જેમ આજની નીતિઓનું કોઈપણ સ્વરૂપ સૌથી વધારે ભાર સ્ત્રી–પુરુષના સંબંધો પર મૂકતું હોય છે તેમ વર્ણાશ્રમધર્મે પણ પોતાની નીતિ-ભાવનાને સ્ત્રી–પુરુષના સંબંધવાળી બનાવી છે. જે માણસને બાળકો હોય તે સંપૂર્ણ માણસ છે એમ મનુનો કાયદો કહે છે કારણ કે બાળકો માબાપની મિલકત છે તથા ઘડપણમાં ટેકારૂપ છે. અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મરણ પછી પૂર્વજોની પૂજા કરનાર તથા પૂર્વજોની ભૂતાવળને બલિદાન દેનારા હોય છે. પરિણામે હિન્દી સમાજમાં સંતતિનિયમનને સ્થાન નહોતું. ગર્ભપાતને બ્રાહ્મણનું ખૂન કરવા જેવો મોટો ગુન્હો ગણવામાં આવતો. પોતાનો વંશ ચાલુ રાખવો એ હિન્દુ સમાજમાં ધાર્મિક અને નૈતિક ક્રિયા હતી. બાળક જન્મતું કે તરત જ એના માબાપો એને પરણાવવાનો વિચાર કરતાં. કારણ કે વેદ પછી હિન્દી સમાજરચનામાં લગ્ન ફરજિયાત હતું અને કુમારાવસ્થા કલંકરૂપ હતી. લગ્ન જેવી અગત્યની બાબતને યુવાનોની પસંદગી અને ધુન પર છોડી દેવી એ ઠીક નથી એમ મનુ ભગવાન માનતા કારણ કે યુવાનો જો એકબીજાને પ્રેમથી પરણે તો પ્રેમને વર્ણાશ્રમધર્મની મર્યાદા ન હોવાથી વર્ણાશ્રમધર્મને નુકશાન પહોંચે. તેથી પોતાના બાળકો યુવાન થાય અને એક બીજાને ચાહતાં શીખે તે પહેલાં જ મા બાપોએ તેમને પરણાવી દેવાં જોઇએ, એમ મનુનો કાયદો બોલતો હતો. પોતાની પસંદગીથી થતાં લગ્નને ગાંધર્વલગ્ન કહેવાતાં. પણ તેવાં લગ્નો તે વખતના સમાજમાં માનપાત્ર બનતાં નહોતાં. ગાંધર્વલગ્નને અટકાવવા માટે ધર્મશાસ્ત્ર બાળલગ્નને ઉદ્દેશતાં હતાં. ત્યાર પછી એવી પ્રથા જેમ જૂની બનતી ગઈ તેમ પવિત્ર મનાવા લાગી અને પાછળથી મુસલમાનો આવ્યા પછી પરણેલી સ્ત્રીને મુસલમાન ઉપાડી ન જાય તે માટે બાળલગ્નને વધારે મજબૂત બનાવવામાં આવ્યું.

એક તરફથી બાળલગ્નોએ પરણ્યા પહેલાંના સ્ત્રી પુરુષ સંબંધો સામે એક મોટો અંતરાય ઊભો કર્યો તથા બીજી તરફ સ્ત્રીની વફાદારી પર ધર્મે ખૂબ જોરથી ભાર મૂક્યો. વેશ્યાવૃત્તિ દેવળોમાં શક્ય હતી. ખાસ કરીને દક્ષિણમાં દેવદાસીની સંસ્થા દેવળોમાં હતી જે ખરી રીતે વેશ્યાઓ હતી. દરેક તામીલ દેવળમાં પવિત્ર સ્ત્રીઓની ટૂકડી રહેતી હતી જેનો ઉપયોગ દેવોની મૂર્તિ પાસે ગાવા અથવા નાચવામાં કરવામાં આવતો હતો. તે સ્ત્રીઓ ધર્મગુરુઓને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ પ્રસન્ન કરતી હતી અને ત્યાર પછી જે કોઇ પૈસા આપે તેને પોતાની જાત ધરતી હતી. એવી રીતે આવેલી આવકમાંથી ધર્મ-ગુરુઓને પણ ભાગ આપવામાં આવતો હતો. જે સમયે એક તરફથી સ્ત્રીને ઘરમાં ગોંધી રાખવામાં આવતી હતી તથા તેને કેળવણી નહોતી લેવા દેવામાં આવતી તે સમયે આવી દેવદાસીઓને શિક્ષણ આપવામાં આવતું હતું અને તેમને હરવાફરવાની છૂટ આપવામાં આવતી હતી. જેટલા માનપૂર્વક લોકો પોતાના છોકરાને સાધુ થવા માટે રજા આપતા હતા તેટલુંજ માન તેમને પોતાની દીકરી-ઓને દેવદાસી થવા માટે મોકલવામાં થતું હતું. ધીમે ધીમે દક્ષિણના બધાં મંદિરો વેશ્યાગૃહો બની ગયાં. અને જાહેર લોકો પણ દેવદાસીને વેશ્યા કહેતા થઈ ગયા.

જુવાન છોકરાછોકરીના એક બીજાના પ્રેમના આવેગોને લગ્ન નિર્ણયમાં સ્વીકારવામાં આવતાં નહોતાં. મનુએ નક્કી કરેલાં આઠ લગ્નોમાં નૈતિક ધોરણ પ્રમાણે સ્ત્રીનું હરણ કરવું અને પ્રેમ લગ્ન કરવું એ બન્નેને નીચામાં નીચું માનવામાં આવતું હતું. મા બાપોની પરવાનગીથી થતાં ઘણાં ખરાં લગ્નમાં સ્ત્રીને ખરીદવામાં આવતી, તથા એ લગ્ન એકજ જ્ઞાતિ અને ગોત્રમાં કરવામાં આવતું.

એ રીતના હિન્દુ કુટુમ્બમાં બાપ સ્ત્રી અને બાળકોનો માલિક હતો. સ્ત્રી એક સુન્દર વસ્તુ હતી અને પુરુષો કરતાં ઊતરતી હતી. વૈદિક સમયમાં સ્ત્રીનું ઊંચું સ્થાન હતું તે ધીમે ધીમે ઊતરતું ગયું અને ધર્મગુરુ અને મુસલમાનોની અસર નીચે તે સંપૂર્ણ પરાધીન બની ચૂકી. મનુના કાયદામાં પણ સ્ત્રીને ઉતારી પાડવામાં એ અસર દેખાય છે. મનુ કહે છે કે "કલંકનું કારણ સ્ત્રી છે અને કલહનું કારણ પણ સ્ત્રી છે. સ્થુલ જીવનનું કારણ પણ સ્ત્રી છે તેથી સ્ત્રીથી દૂર રહો. નૈતિક જીવનમાંથી મૂર્ખ માણસને નહિ પણ સંતને પણ સ્ત્રી પાડી શકે છે: અને તેની ઇચ્છા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓનો ગુલામ બનાવી શકે છે. એથી સ્ત્રીને તેના આખા જીવનમાં ચોકી નીચે રાખવી જોઈએ. શરૂઆતમાં તેના પિતાએ, જુવાનીમાં તેના પતિએ અને ઘડપણમાં તેના પુત્રે. સ્ત્રીએ પોતાના પતિને ખૂબ નમ્રતાથી બોલાવવો જોઈએ. તથા તેને પોતાનો દેવ માનવો જોઈએ. જાહેરમાં સ્ત્રીએ પોતાના પતિની સાથે નહિ પણ સ્હેજ પાછળ ચાલવું જોઈએ. સ્ત્રીએ પોતાની પતિભક્તિ પતિની સેવામાં બતાવવી જોઇએ. પતિ અને પુત્રો ખાઈ લે પછી તેણે વધેલું ખાવું જોઈએ તથા પતિના પગની પૂજા કરવી જોઈએ." મનુ કહે છે કે સ્ત્રીએ પોતાના પતિને ભગવાનની જેમ પૂજવો જોઇએ. તથા તે ગમે તેવો દુરાચારી હોય તો પણ તેને દૂભવવો ન જોઈએ. પહેલાં યુરોપ અને અમેરીકાની સ્ત્રીની જે દશા હતી તેવી મધ્યકાળમાં હિંદી સ્ત્રીની દશા હતી. ફક્ત શ્રીમંતોની સ્ત્રીઓ અને વેસ્યાજ ભણી શકતી. સામાન્ય સ્ત્રી માટે વાચનલેખનને અયોગ્ય ગણવામાં આવ્યું હતું. શુદ્રની સાથે સ્ત્રીને પણ વેદનું જ્ઞાન પામવા માટે નાલાયક ગણવામાં આવી હતી. ચન્દ્રગુપ્તના સમયમાં બ્રાહ્મણો એકથી વધારે સ્ત્રીને પરણતા હતા. તથા બધી સ્ત્રીઓ અજ્ઞાન હતી. તત્ત્વજ્ઞાનની ચર્ચા કરતા એ બ્રાહ્મણોની સ્ત્રીઓ અજ્ઞાન હોવાને લીધે પોતાના જીવન તરફ વિરાગથી જોતી હતી તથા દુઃખ અને આનંદ તરફ, અને જીવન તથા મૃત્યુ તરફ પોતાની અજ્ઞાન દશાને લીધે સમાન ભાવે જોઈ શકતી હતી. મનુના કાયદા પ્રમાણે સ્ત્રી પોતાની મિલકત રાખવાને અનધિકારી લેખાતી હતી. પુરુષ પોતાની સ્ત્રીનો ત્યાગ કરી શકતો હતો. સ્ત્રી તેને કોઇપણ સંજોગોમાં છોડી શકતી નહિ. પુરુષ એક કરતાં વધારે સ્ત્રીને પરણી શકતો. સ્ત્રીનું ઊંચામાં ઊંચું સ્થાન ઘરને શણગારવામાં હતું, તથા પોતાના પતિને આનંદ આપવા પોતાની જાતને શણગારવાનું હતું. પર્શિયનો અને મુસલમાનોની સાથે સ્ત્રીઓને પડદામાં રાખવાનો રિવાજ શરૂ થયો. સ્ત્રીની બિમારીમાં માવજત કરવા આવનાર ડોકટર પણ તેના હાથની નાડી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડદા પાછળથીજ જોઈ શકતો, હિંદુ ઘરસંસારમાં સ્ત્રી સાથે વાત કરવી એ કોઇપણ મહેમાન માટે અવિનય લેખાતો હતો. પોતાના પતિ પાછળ સ્ત્રીને સળગાવી મૂકવી એ પ્રથા પ્રાચીન કાળમાં સીથિયન અને થ્રેસિયન લોકોમાં હતી. પરંતુ એ પ્રથાનાં મૂળ સ્ત્રીને મિલકત માનનારી પ્રાથમિક દશા જેટલાં જૂનાં છે. અથર્વવેદમાં પણ એ જૂની પ્રથા વિષે ઉલ્લેખ છે કે પોતાના પતિની ચિતા ઉપર તેની સ્ત્રી થોડો વખત સૂઈ જતી પછી ચિતાને ચેતાવવામાં આવતી. મહાભારતમાં સતિ થવાના રિવાજની શરૂઆત થઈ ચૂકી હતી. તથા લગભગ એવો નિયમ થઇ ગયો હતો કે વફાદાર સ્ત્રી પોતાના પતિના મરણ પછી જીવવા માગતી નથી પણ જીવતી સળગી જતી હોય છે. દક્ષિણમાં તેલુગુ લોકમાં સ્ત્રીને તેના પતિ પાછળ જીવતી દાટી દેવામાં આવતી હતી. શરૂઆતમાં આ સતિ થવાના ચાલ સામે બ્રાહ્મણોએ વિરોધ બતાવ્યો પણ પછી તેને સ્વીકારી લીધો તથા ધર્મની પવિત્ર પરવાનગી આપી. રાજસ્થાનના ઇતિહાસમાં રજપૂત રાજાની હાર થયા પછી બધા યોદ્ધાઓની સ્ત્રીઓ પણ એક સાથે સળગી જતી. ઘણીવાર યોદ્ધાઓ પોતે દુશ્મનો સાથે છેવટના યુદ્ધમાં ઊતરતાં પહેલાં પોતાની સ્ત્રીઓના સમૂહને એક મોટી ચિતામાં સળગાવી મૂકતા. રાજસ્થાનના ઇતિહાસમાં એ ક્રિયા જોહરને નામે પ્રસિદ્ધ છે, મુસલમાનો એ પ્રથાને ધિક્કારતા છતાં મોગલોના સમયમાં એ ક્રિયા ચાલુ હતી અને અકબર પોતે પણ એને અટકાવી શક્યો નહોતો. વિજયનગરમાં પણ એ પ્રથાને લીધે રાજાના મરણ પછી તેની એક મુખ્ય સ્ત્રી નહિ પણ તેની બધી રાણીઓ ચિતા પર ચઢી જતી. વિજયનગરના એક રાજાને વિષે કહેવામાં આવે છે કે તેણે પોતાની બાર હજાર સ્ત્રીમાંથી માત્ર ત્રણ હજાર સ્ત્રીનેજ પોતાની પાછળ મરવા માટે પસંદ કરી હતી. યુરોપ સાથેના સંસર્ગ પછી સતિ થવાની પ્રથા વખોડાવા માંડી. પણ પછી નવો એ સવાલ ઊભો થયો કે જો પોતાના મરણ પછી સ્ત્રી જીવતી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રહે તો એકજ પુરુષને ભોગવવા માટે નક્કી થએલી એ સ્ત્રી શું કરે? પછી બ્રાહ્મણોએ એમ નક્કી કર્યું કે એ રીતે વિધવા બનેલી કોઇપણ સ્ત્રીએ સતિ થવાને બદલે બાકીનું બધું જીવન ફરીથી લગ્ન કર્યા વિના પસાર કરવું, તથા પોતાના માથાના શણગાર ઉતારી નાખવા અને ધાર્મિક જીવન વ્યતીત કરવું. બ્રાહ્મણોએ આ પ્રમાણે નક્કી કરેલા નિયમને હિંદુઓમાં ઊંચ ગણાતા વર્ણેજ પાળવા માંડયા. મુસલમાનો, શીખો તથા બીજા નીચ ગણાતા વર્ગમાં વિધવા સ્ત્રીઓ બીજી વાર લગ્ન કરતી હતી.

## દેવોની ભૂમિ

અશોકના મરણ પછી બસો વર્ષ બુદ્ધધર્મ એની છેવટની ઊંચાઇએ પહોંચ્યો હતો. અશોક પછી હર્ષ સુધીનો કાળ બુદ્ધ ધર્મના વિકાસનો તથા વિદ્યાનો અને કલાના વિકાસનો કાળ હતો. પણ તે સમયનો બુદ્ધ ધર્મ એ બુદ્ધે પોતે ઉપદેશેલો ધર્મ નહોતો. તે સમયનો બુદ્ધધર્મ બુદ્ધના શિષ્ય સુબોધે ઉપદેશેલો બુદ્ધધર્મ હતો. બુદ્ધના મરણના સમાચાર સાંભળી એ બોલ્યો હતો કે સાધુઓ હવે બસ કરો. રડો કે શોક કરો નહિ. આપણે એક મોટા ભારમાંથી છૂટયા છીએ. આ કરવું યોગ્ય છે અને આ કરવું અયોગ્ય છે એમ કહેનાર હવે કોઈ રહ્યું નથી. હવે આપણને ગમશે તે આપણે કરી શકીશું, અને નહિ ગમે તે નહિ કરીએ. બુદ્ધના મરણ પછી સ્વતંત્ર થયેલા સાધુઓએ પહેલું કામ જુદા જુદા પક્ષમાં વહેંચાઈ જવાનું કર્યું. બુદ્ધ પછીના બસો વર્ષમાં જ બુદ્ધના વારસદારોએ બુદ્ધના સિદ્ધાંતમાંથી અઢાર ફાંટા ઊભા કર્યા. દક્ષિણ હિંદ અને સિલોનના બૌદ્ધ બુદ્ધના મૂળ સિદ્ધાંતને વળગી રહ્યા અને હીનયાન કહેવાયા. એ લોકો બુદ્ધને એક મહાન શિક્ષક તરીકે ભજવા લાગ્યા અને તે ભગવાન નથી એમ કહેવા લાગ્યા. પણ ઉત્તર હિંદમાં, તિબેટમાં, મોંગોલિયામાં તથા ચીન અને જાપાનમાં તેના અનુયાયિઓએ બીજો પંથ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાઢયો અને તે મહાયાન કહેવાયો. મહાયાને બુદ્ધને ભગવાન બનાવ્યો અને તેની આસપાસ સંતો અને દેવદૂતના તરંગો ઊભા કર્યા. પતંજલીના યોગદર્શનનો સ્વીકાર કર્યો તથા સંસ્કૃત ભાષામાં નવું ધર્મશાસ્ત્ર રચ્યું અને શાક્ય મુનિએ પ્રબોધેલા સખ્ત નિરાશાવાદને હળવો બનાવ્યો. એ ધર્મશાસ્ત્રમાં એક સ્વર્ગની કલ્પના કરવામાં આવી હતી કે જેમાં ઘણા બુદ્ધો રહેતા હતા. એ બુદ્ધોમાંથી શાક્ય મુનિ એક ભગવાનનો અવતાર હતા. આ નવા ધર્મશાસ્ત્ર પ્રમાણે સંતોમાંથી સૌથી મહાન એવા બોધીસત્ત્વોને ગણવામાં આવ્યા. એ બોધીસત્ત્વો નિર્વાણને લાયક છતાં લોકોનું કલ્યાણ કરવા માટે પોતાની ઇચ્છા પ્રમાણે જન્મ લેતા હતા. એ રીતે બુદ્ધ ધર્મમાં અનેક વહેમો પેસતા જતા હતા અને બુદ્ધધર્મમાં શક્તિપૂજાની ઉત્તેજના દેખાતી હતી. ધીમે ધીમે બ્રાહ્મણો પોતાની અસર જમાવતા જતા હતા તથા હિંદુ વિચારમાં વેદનું પ્રમાણ લઇને શંકર નામના એક બ્રાહ્મણ તત્ત્વચિંતકે બુદ્ધધર્મનો નાશ કરવા માંડયો. પતન પામતા બુદ્ધધર્મમાંથી લોકોએ શંકરના હિંદુધર્મનો સ્વીકાર કરવા માંડયો. તથા બ્રાહ્મણ ધર્મે બુદ્ધધર્મને આલિંગન આપીને તેનો નાશ કરવા માંડયો. બ્રાહ્મણ ધર્મે એક સૌથી સહેલી યુક્તિ વાપરી. બુદ્ધને વિષ્ણુના અવતાર તરીકે અને ભગવાન તરીકે સ્વીકારી લીધો. તથા યજ્ઞમાં પ્રાણીઓના બલિદાન ન આપવાં જોઈએ તે વાત સ્વીકારીને બુદ્ધધર્મને પોતાના પક્ષમાં અપનાવી લીધો. એ રીતે વિસ્તાર પામતો હિંદુધર્મ મુખ્ય ચાર બાબતો સ્વીકારતો હતો. એક વર્ણાશ્રમ વિભાગ, બ્રાહ્મણોની સરદારી, ગાયની પવિત્રતા અને કર્મના કાયદાનો સ્વીકાર.

એ રીતે હિન્દુધર્મના ભગવાન પણ નક્કી થયા હતા. એક બ્રહ્મા હતો જેને ચાર મોઢાં હતાં. કાર્તિકેયને છ મોઢાં હતાં. શિવને ત્રણ આંખો હતી. ઇન્દ્રને હજાર આંખો હતી. લગભગ બધા દેવદેવીઓને ચાર હાથ હતા. અને સૌનો ઉપરી બ્રહ્મા હતો. એ બ્રહ્મા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાથે શિવ અને વિષ્ણુ જોડાઈ ગયા હતા. વિષ્ણુ મનુષ્યજાતનું કલ્યાણ કરવા માટે વારંવાર મનુષ્યનો અવતાર લેતો હતો. એમાં મોટામાં મોટો અવતાર કૃષ્ણનો હતો અને એનો જન્મ કેદખાનામાં થયો હતો. જન્મ પછી એણે ઘણા કાવાદાવા તથા ચમત્કારો કર્યાં હતા. એનો એક શિષ્ય હતો તેનું નામ અર્જુન હતું. એ ભગવાન કોઈ કહે છે કે બાણ વાગવાથી મરી ગયા.

હિન્દુ દષ્ટિએ જીવનના મુખ્ય ત્રણ વિભાગ આલેખવામાં આવ્યા છે. એક જન્મનો, બીજો જીવનનો અને ત્રીજો મરણનો. જીવનના વિશાળ ખ્યાલ પર એ ત્રણ ક્રિયાઓ ઉત્પત્તિ, સ્થિતિ, અને લયની કહેવાય છે. બ્રહ્મા એ ઉત્પત્તિનો ભગવાન છે. વિષ્ણુ એ સ્થિતિનો સ્થાપક છે તથા શિવ વિનાશ અથવા લયનો અધિષ્ઠાતા છે. જૈન સિવાયના બધા હિંદુઓ આ ત્રિમૂર્તિને આરાધે છે. તેમાં પણ કેટલાક શિવ તરફ અને કેટલાક વિષ્ણુ તરફ પક્ષપાત ધરાવે છે. વિષ્ણુના ભક્તો પોતાના કપાળમાં ઊભું ટીલું કરે છે તથા શિવના ભક્તો કપાળમાં ગાયના છાણની કે ભસ્મની પુરુષના પ્રજનન અંગ જેવી લિંગ આકૃતિઓ દોરે છે.

હિન્દુ ધર્મમાં શિવપૂજા એ ખૂબ જૂનામાં જૂની અને સૌથી ભયાનક પૂજા છે. સર જોન માર્શલે 'મોહનજો ડેરો'માં જોયેલાં અવશેષોમાં પણ શિવપૂજા જડી આવે છે. પુરુષની જનનેન્દ્રિય જેવા આકારોવાળા પત્થરની પૂજા કરવામાં આવે છે તથા એ આકારમાં બધી જાતની વિનાશક અને શુભ શક્તિને જોવામાં આવે છે તથા શિવને વિનાશના તાન પર તાંડવ ખેલાવવામાં આવે છે. હિન્દના દરેક ભાગમાં અને ખાસ કરીને બંગાળમાં શિવની પ્રજનન શક્તિને કાલી, પાર્વતી, ઉમા કે દુર્ગા તરીકે ઓળખવામાં આવે છે અને સૌને શિવની સ્ત્રી ગણી તેમની ભયંકર કે સુંદર મૂર્તિઓ રચવામાં આવી છે. જૂના સમયમાં એ મૂર્તિઓને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મનુષ્યનો ભોગ આપવામાં આવતો હતો. જમાના સાથે સુધરતી એ શક્તિઓ આજે ઘેટાં, બકરાં કે પાડાના ભોગથી સંતોષ માને છે. લોકકલ્પનાએ એ ભયંકર શક્તિના સ્વરૂપને કાલી બનાવીને ફાટી ગયેલાં લોહી તરસ્યાં મોઢાંવાળું, લટકી પડેલી રાતી જીભ-વાળું અને મનુષ્યના શબો પર તાંડવ ખેલતું અને ગળામાં સાપના શણગાર ધરતું ચીતર્યું છે. એનાં કાનમાં શબના કુંડળ છે, ગળામાં ખોપરીઓની માળા છે તથા એની છાતી અને ચહેરા પર લોહી ચોપડેલું હોય છે. એના એક હાથમાં તલવાર છે. બીજા હાથમાં તલવારે કાપેલું માથું છે અને બીજા બે હાથ આશીર્વાદ તથા રક્ષણમાં લંબાયેલા છે એવી એ કાલી અથવા પાર્વતી મૃત્યુ અને વિનાશની માતા છે. તે પ્રેમાળ બની શકે છે અને ઘાતકી પણ બને છે. તે હસી શકે છે અને સંહાર પણ કરી શકે છે. પ્રાચીન કાળના સુમેરિયામાં કોઈ એવીજ દેવીની આરાધના થતી હતી. કદાચ ત્યાંથી જ તે હિન્દમાં ભાગી આવી હોય. એ શક્તિ અને એના પતિને ધાર્મિકોના તરંગોએ તથા બ્રાહ્મણોએ બનાવાય તેટલાં ભયંકર બનાવ્યાં છે. આજે એના ભક્તો એને જુએ છે અને ભયથી એને નમી પડે છે.

આ બધાં હિન્દુ સમાજના મહાન ભગવાનો છે. પણ એ મહાન ભગવાનો તો પાંચજ છે. બીજાં અનેક દેવદેવીઓ હજારોની સંખ્યામાં છે. જેમની વસતીગણતરી માટે જુદાં પુસ્તક લખવાં પડે. એમાંનાં કેટલાંક દેવદૂતો છે, કેટલાંક રાક્ષસો છે. કેટલાંક સ્વર્ગમાં રહેનારા છે, કેટલાંકે પૃથ્વી પર ઘર માંડયાં છે. એમાંનાં કેટલાંક પશુઓ અને પક્ષિઓ પણ છે. હાથી અને આખલો એ બંને શિવમંદિરમાં છોટા ભગવાનો છે. વાંદર અને સાપ ખૂબ ભયકર હતા તેથી ભગવાન બન્યા. મ્હૈસુરના પૂર્વમાં તો સાપ માટે મંદિરો બાંધવામાં આવ્યાં છે તથા ધર્મગુરુઓ સાપને પોતાને ત્યાં પાળે છે અને દૂધ પીવડાવે છે. સૌથી પવિત્ર એવું પ્રાણી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગાય છે. તેનું છાણ તથા મૂત્ર પણ પવિત્ર મનાય છે. જ્યારે વિધવાઓને જીવતી સળગાવી દેવામાં આવતી હતી ત્યારે બ્રાહ્મણો ગાયનું માંસ ખાવાની અને જીવજંતુઓને મારવાની ના પાડતા હતા. ખ્રિસ્તી ધર્મમાં પણ એવી પશુપૂજા હોવાનું જણાય છે. એડનમાં સાપની પૂજા હતી. ઓલ્ડ ટેસ્ટામેંટમાં સોનેરી આખલાની પૂજા હતી. દુનિયાનો કોઈ પણ ધર્મ પશુપૂજા વિનાનો નથી રહ્યો.

સૌનું મૂળ એ છે કે બુદ્ધિની સૂક્ષ્મતા વિનાનું માથું અપરોક્ષ અથવા વ્યક્તિવિશેષ સ્વરૂપો ગ્રહણ કરી શકતું નથી. કેવળ બુદ્ધિની દૃષ્ટિએ જ ભાવનાઓનો ખ્યાલ આવી શકતો નથી તેથી તેને શક્તિનાં સ્વરૂપો અને નિયમોનાં સ્થૂલ સ્વરૂપ કે મૂર્તિઓ ઘડવી પડે છે. એ રીતે જોઈએ તો એકેએક દેવ દેવી એ કોઈ એક સ્વરૂપલક્ષણ કે ગુણલક્ષણ બની રહે છે. છેવટે એ બધાં દેવ દેવીઓ એક બીજાનાં ગુણ ધર્મો બની છેવટના એક મહાન ભગવાનમાં અથવા જગતપિતામાં વિરામ પામે છે. એવી રીતે એક ભગવાનમાં માનતું મનુષ્ય નાનાં મોટાં દેવ દેવીઓને તે એક ભગવાનનું સ્વરૂપ માને છે.

## વિજ્ઞાન

એકેએક જમાનામાં વૈજ્ઞાનિક વિચારસરણીની પહેલાં ધાર્મિક વિચારણા હોય છે. જ્ઞાનનો બધો ઇજારો ધર્મગુરુના હાથમાં હોય છે તથા જુદાં જુદાં શાસ્ત્ર કે વિજ્ઞાન ધર્મશાસ્ત્રમાં શમાઈ જતાં ધર્મશાસ્ત્રનાં નાનકડાં પ્રકરણ જેવાંજ હોય છે. હિંદની વિદ્યા કલાની શરૂઆત પણ એ રીતે થઈ હતી. ધર્મગુરુઓ પાસેથી વૈજ્ઞાનિક વિચારણાના ઇજારા છૂટી જતા હતા તથા ધીમે ધીમે જુદા જુદા ચિંતકો અને વિચારકો કોઈને કોઈ વિષયમાં શોધખોળ કરતા હતા. ધાર્મિક વિચારસરણી એકેએક ગ્રહ અને નક્ષત્રને દેવ દેવી માની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂજાતી હતી પણ પછી એ પકડ ઢીલી થતાં ખગોળશાસ્ત્ર એક સ્વતંત્ર શાસ્ત્ર બનવા લાગ્યું તથા ગ્રહ નક્ષત્રોની ગતિના નિયમો શોધાવા લાગ્યા. ખગોળશાસ્ત્રીઓમાં સૌથી જૂનું નામ વરાહમિહીરનું સંભળાય છે. ત્યાર પછી મહાન ખગોળશાસ્ત્રીઓમાં અને ગણિત-શાસ્ત્રીઓમાં આર્યભટ્ટનું નામ સૌથી આગળ આવે છે. તેણે અક્ષર-ગણિતના સમીકરણો શોધી કાઢ્યાં તથા સાઇન અને [પાઇ]ની કિમ્મત શોધી કાઢી. એણે ગ્રહણોનો ઉકેલ આપ્યો તથા પૃથ્વી ગોળ છે અને પોતાની ધરી પર ફરે છે એ વાત જાહેર કરી. એના પછી બ્રહ્મગુપ્તે એણે કરેલી શોધને વ્યવસ્થિત રૂપ આપ્યું. પરંતુ પૃથ્વી ફરે છે એ વાતનો અસ્વીકાર કરી ખગોળશાસ્ત્રના માર્ગમાં આડખીલી ઊભી કરી. ત્યારપછીના ખગોળશાસ્ત્રીએ એક વર્ષના બાર ભાગ કર્યા અને દરેક ભાગને ત્રીસ દિવસમાં વ્હેંચી નાખ્યો અને દરેક દિવસના ત્રીસ કલાક કર્યા તથા દર પાંચ વર્ષે એક અધિક માસ નક્કી કર્યો. એ લોકોએ ચન્દ્રના વ્યાસનું ચોક્કસ માપ કાઢ્યું તથા સૂર્યચન્દ્રના ગ્રહણનો વૈજ્ઞાનિક ઉકેલ આપ્યો. એ ઉપરાંત ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો તથા પોતાના સિદ્ધાંતોમાં જાહેર કર્યું કે પૃથ્વી દરેક વસ્તુને પોતા તરફ ખેંચે છે.

ખગોળશાસ્ત્રના વિકાસ સાથે ગણિતશાસ્ત્ર પણ સારી રીતે વિકાસ પામ્યું. યુરોપમાં એ ગણિતશાસ્ત્રનું જ્ઞાન તથા ખાસ કરીને દશાંશનું જ્ઞાન હિન્દુસ્તાનમાંથી આરબોદ્વારા પહોંચ્યું. મહાન વિજ્ઞાનશાસ્ત્રી લેપલેસે કબૂલ કર્યું છે કે દશાંશની શોધ કરનાર આખી દુનિયામાં હિંદુસ્તાન સૌથી પહેલું છે. જ્યારે આપણે જાણીએ છીએ કે આર્કીમિડિસ અને એપોલોથીઅસની બુદ્ધિને પણ એ વસ્તુની પિછાન નહોતી થઈ ત્યારે આ મહાન શોધની ભવ્યતા આપણને ઘણી વધારે લાગે છે. દશાંશ પદ્ધતિ ઘણા લાંબા કાળ પહેલાં આર્યભટ્ટને અને બ્રહ્મગુપ્તને આવડતી હતી. ત્યાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી બુદ્ધના પ્રચારકોએ એ જ્ઞાન ચીનને આપ્યું તથા ઈ. સ. પૂર્વે ૮૫૦માં મહમદ મુસાએ જે તે સમયમાં મહાન ગણિતશાસ્ત્રી હતો તેણે હિન્દ પાસેથી એ પદ્ધતિ શીખીને તેનો પ્રચાર બગદાદમાં કર્યો. ઈ. સ. ૮૭૩માં ગણિતશાસ્ત્રમાં અનિવાર્ય એવા મીંડાના ઉપયોગની ગણિતશાસ્ત્રની મહાન ભેટ આખી મનુષ્ય જાતિને હિન્દે આપી છે. એમ માનવામાં આવે છે કે બીજગણિતનો વિકાસ હિન્દમાં અને ગ્રીસમાં એક સાથે થયો હતો. હિન્દ પાસેથી આરબોએ બીજગણિતનો અભ્યાસ કર્યો તથા બીજગણિતને અરબી ભાષામાં અલ-જબ્ર કહેવા લાગ્યા. આરબો પાસેથી બીજગણિતનો અભ્યાસ યુરોપે કર્યો અને એને યુરોપની ભાષામાં એલજીબ્રા કહેવામાં આવે છે. બીજગણિતના શોધકોમાં સૌથી મહાન એવા ત્રણ હતા, આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત અને ભાસ્કર. ભાસ્કરે બીજગણિતના જુદાં જુદાં ચિન્હો શોધી કાઢયાં તથા જે વિના બીજગણિત અશક્ય બની જાય તેવું ઓછાનું ચિન્હ શોધી કાઢયું તથા એ ગણિતશાસ્ત્રીએ આઠમા સૈકા સુધી યુરોપને જેનું ભાન નહોતું એવાં સમીકરણો તથા 'પરમ્યુટેશન' અને 'કોમ્બીનેશન' (permutations combinations) શોધી કાઢયાં. હિન્દના ભૂમિતીશાસ્ત્રની શરૂઆત ધર્મગુરુઓએ વેદીનું માપ કરવાથી ઈશુ પહેલાં સેંકડો વર્ષ પૂર્વે કરી હોય એમ લાગે છે. આર્યભટ્ટે ત્રિકોણનું ક્ષેત્રફળ શોધી કાઢયું તથા વર્તુળના જુદા જુદા માપની શોધ કરી. ભાસ્કરે "ડીફરેનશીયલ કેલકયુલસની" શોધ કરી, અને આર્યભટ્ટે સાઇનના ક્રમની શરૂઆત કરી ટ્રીગોનોમેટ્રીનો પાયો નાખ્યો. પદાર્થ વિજ્ઞાનની શરૂઆત વૈશેષિક તત્ત્વચિન્તનના પ્રણેતા કણાદથી થાય છે. એણે જાહેર કર્યું કે જુદાં જુદાં તત્ત્વોમાં પરિણામ પામતાં પરમાણુઓની દુનિયા બનેલી છે. જૈન લોકોએ પણ શીખવ્યું કે બધાં પરમાણુઓ એકજ જાતનાં હોય છે તથા જુદાં જુદાં મિશ્રણોમાં જુદી જુદી અસરો બતાવે છે. કણાદે કહ્યું કે પ્રકાશ અને તાપ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એકજ પદાર્થના બે જુદાં જુદાં સ્વરૂપો છે. ઉદયને શીખવ્યું કે બધો તાપ સૂરજમાંથી આવે છે, અને વાચસ્પતિએ ન્યુટનની જેમ મહાન શોધ કરી જાહેર કર્યું કે પ્રકાશ ખૂબ બારીક પરમાણુઓનો બનેલો છે અને બીજા પદાર્થોની જેમ આંખને અડે છે. એજ રીતે સંગીતના સૂરોનું પૃથક્કરણ કરવામાં આવ્યું તથા ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ પાયથાગોરસે કરેલી શોધની જેમ જાહેર કરવામાં આવ્યું કે સંગીત અમુક કાળમાં જેટલાં આંદોલનો ઊભાં કરી શકે છે તે પ્રમાણે શબ્દનો ધ્વનિ થાય છે. હિન્દી ખલાસીઓ ઈશુના જન્મ પહેલાંથી એક જાતનો કમ્પાસ રાખતા હતા જેનો માછલીના આકારનો કાંટો ઉત્તર દિશા બતાવતો હતો.

વૈદક તથા ઉદ્યોગમાંથી રસાયણ શાસ્ત્રનો ઊગમ થયો, પ્રાચીન હિન્દમાં તે સમયની દુનિયામાં અજોડ એવું રસાયણ શાસ્ત્રનું જ્ઞાન હતું. તે સમયના ચામડાં પકવવાના, રંગવાના, સાબુ બનાવવાના તથા કાચના અને સીમેન્ટ બનાવવાના ઉદ્યોગો હિંદમાં અસાધારણ હતા. ઈ. પૂ. બીજા સૈકામાં નાગાર્જુને પારા વિશે એક મોટું પુસ્તક લખ્યું છે. તે સમયની દુનિયામાં રાસાયણિક કલામાં હિંદ સૌથી અગ્રસ્થાન ભોગવતું હતું. લોખંડને પાણી ચઢાવવાની કલા હિન્દ જેવી કોઈ દેશમાં નહોતી. આરબો એ કલા હિન્દ પાસેથી શીખ્યા અને યુરોપને શીખવી.

શરીરશાસ્ત્ર તથા આરોગ્યશાસ્ત્ર ઈ. પૂ. છસો વર્ષ પહેલાં ખૂબ વિકાસ પામી ચૂક્યું હતું. શરીરશાસ્ત્રનું તે સમયનું જ્ઞાન આજના શરીર વિજ્ઞાનશાસ્ત્રથી કોઈ પણ રીતે ઊતરતું ન હતું. આરોગ્યશાસ્ત્ર સાથે જોડાયેલું જાતિયવિજ્ઞાન પણ ખૂબ વિકાસ પામ્યું હતું. ઈ. પૂ. ૫૦૦ માં અત્રેય નામના એક વૈદશાસ્ત્રીએ પ્રજનનશાસ્ત્ર પર ગ્રન્થો લખ્યા હતા તથા તે કાળમાં સંતતિનિયમનનો ઉપદેશ વિજ્ઞાનની રીતે કરવામાં આવતો હતો. ગર્ભનો વિકાસ વૈજ્ઞાનિક રીતે સમજાવવામાં આવ્યો હતો. એવા હિન્દી વૈદકશાસ્ત્રની શરૂઆત અથ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ર્વવેદથી થાય છે. અથર્વવેદમાં જુદા જુદા રોગોના ઉપાય તરીકે જાદુઓ અને મંત્રો સૂચવવામાં આવ્યા છે. ધીમે ધીમે જાદુનું જોર ઓછું થતું ગયું અને વૈદકશાસ્ત્રનો વિકાસ થતો ગયો. અથર્વવેદ પછીનું વૈદકશાસ્ત્ર આયુર્વેદ અથવા જીવન લંબાવવાના જ્ઞાન તરીકે આલેખવામાં આવ્યું છે તથા શરૂઆતમાં રોગીની પરિચર્યામાં વનસ્પતિઓ અને જંત્રોનો ઉપયોગ સૂચવવામાં આવ્યો છે. ઋગ્વેદમાં એવી હજારો વનસ્પતિઓનાં નામો છે. વૈદિક સમયમાં વૈદો અને ડોકટરો જાદુગરોથી જુદા રહેતા હતા તથા પોતાના મકાનની આસપાસ વૈદકીય વનસ્પતિનો બાગ બનાવતા હતા. હિંદી વૈદકશાસ્ત્રમાં સૌથી આગળ આવતા નામમાં ઈ. પૂ. ૫૦૦ વર્ષ પહેલાં સુશ્રૂતનું છે. તથા ઈ. સ. ૨૦૦ વર્ષ પછી ચરકનું નામ સંભળાય છે. સુશ્રૂત બનારસની વિદ્યાપીઠમાં વૈદક વિજ્ઞાનનો પ્રોફેસર હતો. એણે સંસ્કૃતમાં નિદાન અને ચિકિત્સા વિશે ગ્રંથો લખ્યા છે. એ ગ્રંથોના આધાર માટે એના શિક્ષક ધનવંતરીનું નામ એણે પ્રમાણ તરીકે રજુ કર્યું છે. એ પુસ્તકમાં વાઢકાપની (સર્જરી) કળાનું જ્ઞાન આપવામાં આવ્યું છે એ ઉપરાંત દવાઓ, ખોરાક, સ્નાન તથા આરોગ્યના બીજા નિયમોનું વિવેચન કરવામાં આવ્યું છે. ચરકે દવાઓની સંહિતા લખી છે જે આજે પણ હિંદમાં વપરાય છે. ત્યાર પછીના વૈદકના વિજ્ઞાનીઓમાં વાગ્ભટ્ટ અને ભાવ-મિશ્રનાં નામો મશહૂર છે. એ લોકોએ શરીરશાસ્ત્ર પર, આરોગ્ય-શાસ્ત્ર પર તથા વૈદકશાસ્ત્ર પર હાર્વે પહેલાં સો વર્ષ અગાઉ મોટા ગ્રન્થો લખ્યા હતા અને લોહીની ફરવાની આખી ક્રિયાને શોધી કાઢી હતી. સુશ્રૂતે સર્જીકલ ઓપરેશનનાં વર્ણનો કર્યાં છે. જેવાં કે મોતીઓ કાઢવો, સળંગ ગાંઠ, પથરી, પેટ ચીરીને પ્રસવ કરાવવો તથા બીજાં એવા ઓપરેશનો કરવાં વગેરે. એ વાઢકાપના કામ માટે એકસો એકવીસ હથિયારો વર્ણવ્યાં છે. પ્રત્યાઘાતી બ્રાહ્મણોના તે સમયના નિષેધો છતાં પણ સુશ્રૂતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડોકટરોને તાલીમ આપવા માટે, મુડદાઓને ચીરવાનો જાહેર રીતે ઉપદેશ કર્યો છે. અત્યારે ગંભીર ગણાતાં ઓપરેશનનાં શિક્ષણ આપ્યાં છે. ગેરીસન કહે છે કે પ્રાચીન હિન્દના ડૉક્ટરો લોહીની નસો સિવાયના બધાં જ ગંભીર ઓપરેશનો કરી શકતા હતા. હિંદના પ્રાચીનકાળમાં અંગછેદ કરવામાં આવતાં હતાં, અને અંગને જોડી આપવામાં આવતાં હતાં. પેટ ખોલવાનાં ઓપરેશન કરવામાં આવતાં હતાં અને લોહીની નસોની ગાંઠો અને નાસૂર બેસાડવાનાં પણ ઓપરેશન થતાં હતાં. સુશ્રુતે ઓપરેશનની પૂર્વ તૈયારીના વિશાળ પાયા પર નિયમો ઘડયાં છે. તે સમયે પાક લાવે એવાં જંતુઓનો નાશ કરી શસ્ત્રક્રિયા કરવાના ઉપાયોનું જ્ઞાન ધરાવવામાં આવતું હતું. ઓપરેશન કરવા માટે દર્દીને બેભાન બનાવવાના પદાર્થોના ઉપયોગ સુશ્રૂત અને ચરક કરતા હતા. એવા પદાર્થને સંમોહિની કહેતા હતા. તે સમયના વૈદકશાસ્ત્રે અગિયારસોવીશ દર્દોનાં વર્ણન કર્યાં છે. એ દરદોની ચિકિત્સા અને નિદાન માટે જુદી જુદી ક્રિયાઓ વર્ણવી છે. તે સમયે લોહી અને પિશાબનાં પૃથક્કરણ કરી રોગ પારખવામાં આવતા હતા. તિબેટના વૈદો પિશાબની પરીક્ષામાં બહુ પાવરધા મનાતા હતા. આ ઉપરાંત તે સમયનું વૈદક શાસ્ત્ર કુદરતી ઉપચારો પણ ખૂબ સરસ જાણતું હતું. તેવા ઉપાયોના આરોગ્ય ભુવનોમાં બધું ધ્યાન, સ્નાન, ખોરાક, બસ્તીક્રિયા, શ્વાસોચ્છ્વાસ તથા મુત્રાશય દ્વારા આપવામાં આવતાં ઇંજેકશન વગેરે પર રાખવામાં આવતું હતું. બળિયા ટાંકવાનું ભાન આવતાં યુરોપને ઇશુ પછી અઢાર સૈકાઓ વહી ગયા. તે ભાન પ્રાચીન હિંદને ઇશુ પછી પાંચસો વર્ષે થયું હતું.

## લોકમત

વેદમાંથી પુરાણમાં અને ત્યારપછી રામાયણને મહાભારતમાં થઇને હિંદી સમાજના મધ્યકાળના અંત સુધી અને આજ સુધી એક ચોક્કસ લોકમત જામી ગયેલો છે. એ હિંદનો લોકમત નવો નથી. દરેકે દરેક દેશોમાં ભયાકૂળ જીવનસંજોગો લાલચ અને ભયની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિચારસરણી પર એવો જ લોકમત રચતા હોય છે. મત કે વિચારણા સામાજિક તથા આર્થિક સંજોગોનું પરિણામ હોઈ સંજોગોમાંથી ઘડાય છે. હિંદી સમાજમાં સ્વીકારાયેલા લોકમત પ્રમાણે કોઈ પણ વ્યક્તિ સ્વતંત્ર વ્યક્તિ નથી. પણ એક સતત જીવનના અંકોડામાં આત્મા તરીકે જોડાયેલી હોય છે. હિંદી વિચારસરણી પ્રમાણે આત્મા એકેએક પશુ પ્રાણી કે વનસ્પતિનો સરખો હોય છે તથા સમગ્ર જીવનના અનિવાર્ય અંગરૂપ હોય છે. મનુષ્ય પણ કુદરતનો એક વિભાગ અને સાથેસાથ પશુપ્રાણીસૃષ્ટિનો પણ વિભાગ છે. જીવન એ આત્મિક આવિષ્કારનો એક અંશમાત્ર છે. વસ્તુઓનાં સ્વરૂપો ક્ષણભંગુર છે પણ સત્ય વસ્તુ સતત અને એક છે.

પણ એટલાથી જીવનની ક્રિયાપ્રક્રિયાઓ સમજાઈ જતી નથી. એનો ઉકેલ કર્મના કાયદાના ખ્યાલ ઉપર રચાયેલો છે. એ રીતે એકેએક જીવન પોતે કરેલાં સત્કર્મના બદલા રૂપ તથા દુરાચારની શિક્ષારૂપ હોય છે. નાનામાં નાની કોઈ પણ ક્રિયા સારી નરસી હોય છે અને સારી કે નરસી કોઈપણ ક્રિયાનો બદલો શિક્ષા કે ઇનામ હોય છે. જેવો કાર્યકારણનો નિયમ પદાર્થ વિજ્ઞાનમાં છે તેવો કર્મના કાયદાનો નિયમ મનુષ્યના આધ્યાત્મિક જગતમાં ક્રિયા અને તેના બદલાના સ્વરૂપમાં ઠોકી બેસાડવામાં આવ્યો છે. એ કર્મનો કાયદો મનુષ્યના એક જન્મ કે જીવનમાં મર્યાદિત થતો નથી પણ અનેક જન્મો સુધી વિસ્તાર પામતો હોય છે. જો કોઈ મનુષ્ય સદાચાર અને પાપ વિના જીવે તો તેનો બદલો જ્યાં સુધી એના સદાચારની અસર કાયમ રહે ત્યાં સુધી અનેક જન્મોમાં મળે છે. એના નવા જન્મો વધારે સારા સંજોગોમાં અને ઊંચી કક્ષામાં થાય છે. પણ એ દુરાચારમાં જીવે તો તેને કોઈ જીવજંતુ કે પશુનો, કૂતરાનો કે અસ્પૃશ્યનો અવતાર લેવો પડે છે. હિન્દી સમાજમાં વણાયેલો કર્મનો કાયદો આવો છે અને આટલો સખ્ત છે. મનુષ્યના ક્રિયાધર્મમાં એ કાયદો છેવટનો છે. દેવદેવીઓ પણ એના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિધાનને બદલી શકતાં નથી. એ કાયદા પ્રમાણે પ્રચલિત નીતિએ નક્કી કર્યા પ્રમાણે પૂણ્યશાળી જીવન જીવનારને સ્વર્ગની લાલચ આપવામાં આવી હતી અને એ નીતિએ ગણાવેલાં પાપ આચરનારની સામે નર્ક ધરવામાં આવતું હતું. માલિકશાહીની આર્થિક ઘટનાઓએ જન્માવેલી ગરીબાઇ અને ભૂખમરાને લીધે થતા અનેક ગુન્હાઓને અટકાવવા તથા જનસમાજના અજ્ઞાત થરને ગભરાવી મૂકવાને કર્મનો કાયદો એ એક સફળ ઉપાય હતો. એકેએક દેશમાં શોષક સંજોગોની જરૂરિયાત પ્રમાણે એવો કાયદો નિર્માયો છે પણ હિન્દી સંસ્કૃતિમાં એ કાયદાનો અમલ અનેક જન્મ સુધી વિસ્તરતો હતો. એ કર્મના કાયદાથી ભોળા લોકોને ભરમાવવા માટે મિથ્યા જ્ઞાન કે ખોટા ઉકેલો ફેલાવવામાં આવતા હતા. એ રીતે યોજાયેલો કર્મનો કાયદો શોષકો અને શાસકોના હાથમાં ભયંકર હથિયારરૂપ હતો. એ કર્મના કાયદાની બેધારી તલવારથી ગુન્હા કરવાની વૃત્તિને ગભરાવી મૂકવામાં આવતી હતી તથા બીજી તરફથી એજ કર્મના કાયદાવડે સમાજમાં દેખાતી ગરીબાઈ, દુઃખો, અસમાનતાઓ અને અન્યાયોના ખોટા ઉકેલ આપવામાં આવતા હતા. મનુષ્યે પ્રાથમિક દશાથી જ ન્યાય અને સમાનતા માટે બૂમ મારી છે પણ તેજ સમયથી કર્મના કાયદાના એક કે બીજા સ્વરૂપથી એની એ બૂમને દબાવી દેવામાં આવી છે. જે અનિષ્ટોએ આજ સુધી દુનિયાના ઇતિહાસમાં કાળાં કર્મો કર્યાં છે તથા વ્યવસ્થિત ખૂનામરકીઓ ચલાવી છે તે બધાં અનિષ્ટોને, અન્યાયોને તથા અસમાનતાને કર્મના કાયદાએ બચાવી લીધા છે. તે સૌને આ જન્મનાં નહિતો પાછલા જન્મનાં શુભ કર્મ કહીને પતાવી દીધાં છે. કર્મના કાયદાને વશ થઈ પીડિત જનતાએ આજ સુધી અસમાનતાઓ સહી લીધી છે, અવળા ઉકેલો સ્વીકારી લીધા છે અને મૂંગે મોઢે બધા અન્યાઓ સહન કરી લીધા છે. સ્વર્ગના તરંગોમાં આશાઓને સંકેલી અળખામણાં થયેલાં જીવન જેલ જેવા જીવનમાં સબડાવ્યાં છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દુનિયાના એકેએક ધર્મોએ કર્મના આવા કાયદાને અપનાવી લીધા છે. મનુષ્યોને સાચાં સુખ કલ્યાણ આપવાને બદલે ધાર્મિક માન્યતાઓની કેફી અસરો ઊભી કરી પીડિત સમાજને તરંગમાં જીવતો બનાવ્યો છે. મનુષ્યને જ્યારે દુઃખ પડે છે ત્યારે તે દુઃખનો જવાબ માગે છે. અથવા કારણ શોધે છે. પોતા પર આવી પડેલા દુઃખના કારણમાં કે જવાબમાં જ્યારે એ પોતાને જવાબદાર નથી જોતો પણ બીજી કોઈ વ્યક્તિ વર્ગ કે સત્તાને જુએ છે ત્યારે એનો પૂણ્યપ્રકોપ સળગી ઊઠે છે અને એને બળવો કરવાનું મન થાય છે. પણ કર્મના કાયદાની હિંદી વિચારસરણીએ ધર્મના આશરા હેઠળ પીડિત જનતાના બધા બળવાઓ તથા પૂણ્યપ્રકોપને શમાવી દેતો તથા તેમની ગુલામી અગર દુઃખો પર ઠંડુ પાણી છાંટતો ખોટો ઉકેલ બતાવ્યો છે. એ ઊંધે માથે ઊભેલી વિચારસરણીએ કર્મના કાયદાના નામમાં જણાવ્યું છે કે મનુષ્યને ભોગવવાં પડતાં દુઃખો અને અન્યાયો માટે બીજી કોઈ વ્યક્તિ, સત્તા કે વર્ગ કારણભૂત નથી પણ મનુષ્ય વ્યક્તિ તરીકે પોતેજ જવાબદાર છે. તેથી તેણે પોતાના પર આવી પડેલાં દુઃખો અને અન્યાયો શાંતિથી અને મૂંગે મોઢે સહન કરવાં જોઈએ. પોતાને ભોગવવાં પડતાં અનિષ્ટોને પોતાનાં જ કરેલાં પાપોના બદલા રૂપ માની લેવાં જોઈએ.

આવી વિપરીત વિચારસરણીના પરિણામ રૂપ દુઃખ અને અજ્ઞાનમાં સડતો લોકસમાજ એક નવીજ જાતનો નિરાશાવાદ ગ્રહણ કરી લે છે. એ નિરાશાવાદ કહે છે કે મનુષ્ય સ્વભાવથી જ પાપી છે અને જીવન અનેક જાતનાં દુઃખો અને વિટંબણાથી ભરેલું છે. બુદ્ધિ મર્યાદિત તથા નકામી છે. ઇચ્છા માત્ર ખરાબ તથા પાપી છે. શોષક સંજોગોમાં સપડાયેલો એવો મનુષ્ય દુઃખનો માર્યો આ નિરાશાવાદ સ્વીકારી લે છે. પોતાને ચૂસી લેતા અન્યાયી અને અસમાન સંજોગોને નમી પડે છે. આર્થિક શોષણને કુદરતી બનાવ તરીકે લેખે છે અને આખા જીવનને પોતે પાછલા જન્મોમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરેલાં પાપોની શિક્ષા રૂપે માને છે. વેદકાળમાં જ્યારે વિજેતા આર્યો હિંદને જીતી લેતા અને હિંદના મૂળ વતનીને રંજાડતા ઊતરી પડ્યા ત્યારે આર્યોમાં એવો નિરાશાવાદ નહોતો તેમજ એવા કર્મનો કાયદો પણ નહતો. પણ જ્યારે અનાર્યને ગુલામ બનાવી આર્યોએ વિકરાળ શાસન માંડ્યાં ત્યાર પછી એ શાસન નીચે પીડાતા સમાજના એક મોટા વર્ગ માટે કર્મના કાયદાની જરૂર પડી. શોષણના સાથીતોએ એવા ધર્મ કર્મના કાયદાને ઘડી કાઢ્યો અને શેઠ લોકોના નફા સાચવવા તથા ગુલામોને જાળવી રાખવા જનસમાજ પાસે રજુ કર્યો. બુદ્ધના સમય સુધીમાં વિજેતા વર્ગોએ શરૂ કરેલું શોષણ વ્યવસ્થિત થઈ ગયું હતું તથા ગરીબી, ગુલામી અને બીજાં સામાજિક દુઃખો પણ શોષણના ચોકઠામાંથી જન્મી ચૂક્યાં હતાં. મહાવીરે પ્રબોધેલો આત્મઘાત કરવાનો નિરાશાવાદ તથા બુદ્ધે ઉપદેશેલો નિર્વાણવાદ એ બન્ને તે સંજોગોની પેદાશ હતાં. પશ્ચિમમાં પણ એવા જ સંજોગોમાં ઈશુનો પાપ પર રચાયેલો અને સમાનતા તથા અન્યાયોના ઊકેલને અવળે માર્ગે ચઢાવતો કાયદો જરૂરી લાગ્યો હતો.

એ રીતે જોતાં આખાએ હિંદી લોકજીવનમાં કર્મનો કાયદો એ લોકજીવનના પાયા રૂપ દેખાઈ આવે છે. એ લોકજીવનના પીડિત સંજોગો જવાબ માગતા હતા. પીડનના સાચા જવાબો તે સમયે જડે તેમ ન હતું એટલે પીડિત સમાજ પાસે આત્મઘાત અને નિર્વાણના નિરાશાવાદ ધરવામાં આવ્યા.

## તત્ત્વચિન્તન

ઇતિહાસની શરૂઆતથી આજ સુધી દુનિયાના વિચારોમાં અજોડ અને સર્વોપરી એવું સ્થાન હિન્દનું તત્ત્વચિન્તન ભોગવે છે. એ તત્ત્વચિન્તનની શરૂઆત ઉપનિષદ્કાળથી શરૂ થએલી ગણાય. પશ્ચિમના તત્ત્વચિન્તનની શરૂઆત ગ્રીસમાં થઈ છે. પણ ગ્રીસમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચિન્તકો જન્મ્યા નહોતા તે પહેલાં હિંદમાં ઉપનિષદો લખવાની શરૂઆત થઈ ગઈ હતી તેથી એમ માનવામાં આવે છે કે પાયથાગોરાસ, પરમેનિડસ અને પ્લેટોના ચિન્તન ઉપર હિન્દીતત્ત્વવિચારની અસર થઈ છે અને થેલ્સ, એનેક્ઝીમેન્ડર, એનેકઝીમીનીસ, હીરેકલીટસ, અનેગ્ઝાગોરાસ તથા ઈમ્પીડોકલ્સ નામના શરૂઆતના ગ્રીક ચિન્તકો પર હિન્દી તત્ત્વવિચારની અસર બહુ જ સ્પષ્ટ જણાઈ આવે છે. આજે આખી દુનિયાના ચિન્તકો હિન્દને ચિન્તનના પારણા તરીકે વર્ણવે છે. આપણા ઉપનિષદ્‌કાળમાં રાજાઓના દરબારમાં તથા જાહેર મંચોપરથી યાજ્ઞવલ્કય, અશ્વલ, આર્તભાગ અને ગાર્ગીના ચિન્તનના વાદવિવાદો જાણે ગઇ કાલની જ વાત હોય એવા લાગે છે. ત્યાર પછીના કાળમાં ચિન્તકોમાં સર્વોપરી એવા શંકરને વેદાન્તવાદની વિવેચના કરતો સાંભળીએ છીએ તથા એજ તત્ત્વ-ચિન્તનના સિદ્ધાન્તો આજે લોકભોગ્ય ભાષામાં ગામેગામમાં ભલાં ભોળાં લોકોને મોઢેથી સાંભળવામાં આવે છે. પ્રાચીન કાળમાં જેમ બેબીલોનિયામાં અને દૂર પૂર્વના બીજા દેશોમાં વેપારીઓ ઊભરાતા હતા તેમ પ્રાચીન હિન્દમાં તત્ત્વચિન્તકો ઊભરાતાં હતાં. હિન્દ પાસે છે તેવા વિચારના ચોક્કસ અને વ્યવસ્થિત પ્રવાહો દુનિયાના એકે દેશમાં બંધાયા નથી. દુનિયાની કોઇપણ ભાષામાં ચિન્તનની પરિભાષા હોય તેના કરતાં સંસ્કૃત ભાષામાં ચિન્તનના પારિભાષિક શબ્દો ખૂબ વધારે સંખ્યામાં અને વિકસિત સ્વરૂપમાં છે. ચિન્તનને લગતા સંસ્કૃતમાં જેટલા શબ્દો છે તેટલાં ગ્રીક, લેટિન અને જર્મન ત્રણેને એક કરીએ તોપણ ચિન્તનના તેટલા શબ્દો તેમાં નથી. હિન્દમાં વિકાસ પામેલા ચિન્તનના પ્રકારોને દર્શન કહેવામાં આવે છે. હિન્દના ચિન્તનના ઇતિહાસમાં એવાં છ દર્શનો અથવા છ વિચાર પદ્ધત્તિઓ છે. આ છમાંની પહેલી વિચાર પદ્ધત્તિ ન્યાય દર્શન છે. વિચારને દોષ રહીત અને પ્રમાણભૂત બનાવવાના પ્રયત્નથી એ દર્શનની શરૂઆત થાય છે. એ દર્શનનો પ્રણેતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક ગૌતમ નામનો તત્ત્વચિન્તક છે અને એણે લખેલાં સૂત્રો ન્યાય સૂત્રો તરીકે ઓળખાય છે. એ દર્શનનો મુખ્ય ઉદ્દેશ હિન્દની ભૂમી પર ખેલાતા વાદવિવાદના જંગોને વ્યવસ્થિત બનાવવાનું તથા ચર્ચાની દષ્ટિએ દોષરહીત બનાવવાનું હોય એમ લાગે છે. ગૌતમ પછી સેંકડો વર્ષે એરીસ્ટોટલે રચેલા ન્યાયશાસ્ત્રથી કોઈ પણ રીતે વસ્તુ વિચાર કે સંકલનામાં. ગૌતમનું ન્યાયદર્શન ઊતરતું નથી.

બીજી વિચાર પદ્ધત્તિને વૈશેષિક દર્શન કહેવાય છે. જેમ ગૌતમ હિન્દના એરીસ્ટોટલ છે તેમ વૈશેષિક વિચારસરણીનો નિર્માતા કણાદ હિન્દનો ડેમોક્રેટસ છે. વૈશેષિક વિચારસરણીના પ્રણેતાને કણાદ નામનું (પરમાણુ ભક્ષક) બિરૂદ મળ્યું હોય એમ પણ માની શકાય છે. વૈશેષિક વિચારસરણી કયારે નિર્માણ થઇ તેની કોઇ ચોક્કસ તારીખ મળી આવતી નથી પણ તે ઈ. પૂ. ૩૦૦ વર્ષનો સમય હશે એમ લાગે છે. કણાદે રજૂ કરેલી વિચારસરણી જાહેર કરે છે કે પરમાણુઓ અને અવકાશ સિવાય બીજા કોઇનું અસ્તિત્વ નથી. પરમાણુઓ કોઈ દેવની કે ભગવાનની ઇચ્છાથી ગતિમાન થતાં નથી પણ કુદરતના ચોક્કસ કાયદા પ્રમાણે જ ક્રિયાશીલ રહે છે. જેમ પશ્ચિમના તત્વજ્ઞાનમાં લીબનીઝ નામના જર્મન તત્ત્વચિન્તકે પરમાણુથી શરૂઆત કરી ખરી પણ પરમાણુના ગતિમાન નિયમને ઘડવા માટે ભગવાનના તરંગમાં આશ્રય શોધ્યો તે પ્રમાણે કણાદ પછી તેના અનુયાયીઓએ કણાદના પરમાણુઓની ગતિને ભગવાનમાં સ્થાપીને કણાદના પરમાણુવાદની બુરી હાલત કરી નાખી.

ત્રીજી વિચારસરણીને સાંખ્યદર્શન કહેવામાં આવે છે. એ વિચારસરણીનો પ્રણેતા કપિલ હતો એમ માનવામાં આવે છે. એ વિચારસરણીમાં વિચારની પકવતા તથા ચિન્તનનો વિકાસ સ્પષ્ટ દેખાઈ આવે છે. દુનિયાના ચિન્તનના ઇતિહાસમાં સૌથી પહેલી વાર મનુષ્યના મનની સ્વતંત્રતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે તથા માનસિક ક્રિયા પ્રક્રિયામાં વિશ્વાસ મૂકવામાં આવ્યો છે. સાંખ્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દર્શનની શરૂઆત ઈ. પૂ. છસો વર્ષ પહેલાં થઈ હતી. એ દર્શનનો પ્રણેતા કપિલ પોતાની વિચારણાની શરૂઆત દુઃખમુક્તિને વિચારના ધ્યેય તરીકે રજૂ કરીને કરે છે. સાંખ્યનો અર્થ સંખ્યા એવો થાય છે. એ વિચારસરણીમાં પચીસ તત્ત્વોની ગણત્રી કરવામાં આવી છે તથા કપિલે રજૂ કરેલા વિચાર પ્રમાણે આખું જગત એ પચીસ તત્ત્વોની બનાવટરૂપ છે. એ વિચારસરણીની શરૂઆત પોતે ભૌતિકવાદી હોય એવો ભ્રમ ઊભો કરે છે તથા પદાર્થનો વિકાસ બતાવતી હોય એમ લાગે છે. લેપ્લેસની જેમ કપિલે પણ પોતે રજૂ કરેલા વિકાસક્રમની પદ્ધતિને સમજાવવા માટે ભગવાનની જરૂરીઆત જોઈ નથી તથા જગતનો સર્જનહાર કોઈ બ્રહ્મા હશે એવા ખ્યાલને વખોડી કાઢયો છે અને જણાવ્યું છે કે દુનિયામાં જો કોઈ વસ્તુનું અસ્તિત્વ હોય તો તે બંધનયુક્ત કે બંધનમુક્ત હોવું જોઈએ. ભગવાન જેવી વસ્તુ હોય તો તે પણ આ બેમાંથી એક હોવી જોઈએ પણ ભગવાનની કોઈપણ ભાવના આ બેમાંથી એકે સંભવી શકતી નથી. જેમ કહેવામાં આવે છે તેમ ભગવાન સંપૂર્ણ હોવો જોઇએ પણ જો તે સંપૂર્ણ હોય તો તેને દુનિયા ઉપજાવવાની કશી જરૂર નથી અને જો તે અપૂર્ણ હોય તો તે ભગવાન નથી. જો ભગવાન ભલો હોત અને એની પાસે દૈવી સત્તા હોત તો એણે આવું અપૂર્ણ અને દુઃખી જગત સર્જ્યું ન હોત. આવી આવી આસ્તિકવાદ અને નાસ્તિકવાદની વિચારણા તે સમયે હિન્દી ચિન્તકો છૂટથી અને એક બીજા પર જુલ્મ ગુજાર્યા વિના કરી શકતા. આજના વૈજ્ઞાનિકો જેટલી શાંતિ અને ધીરજથી વિજ્ઞાનની ચર્ચા કરી શકે છે તેના કરતાં પણ વધારે શાંત રીતે પ્રાચીન હિન્દના ચિન્તકો ચિન્તનના જુદાં જુદાં સ્વરૂપોની ચર્ચા કરી શકતા હતા.

પણ કપીલ ભૌતિકવાદી નથી. એ પોતે એક આદર્શવાદી અને અધ્યાત્મવાદી ચિંતક છે. સંવેદન અથવા ઇંદ્રિયજ્ઞાનમાંથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આખી વાસ્તવિકતાને યોજીને એ કહે છે કે બધી વાસ્તવિકતાના મૂળમાં વિચાર હોય છે. જે જે અર્થો અને સ્વરૂપોનું ભાન આપણને બહારના જગતમાં થાય છે તે બધું માત્ર મનની રચના છે અને એજ રીતે પચીસ તત્ત્વોનું સંમેલન કરીને તથા વિકાસ-ક્રમને ઉકેલવાનો પ્રયત્ન કરીને ભૌતિકવાદ તરફ ઘસડાઈ જતી પોતાની વિચારસરણીને ઊંધી વાળવા તથા આદર્શવાદી બનાવવા એ છેલ્લા તત્ત્વ તરીકે પુરુષ અથવા આત્માની ભાવના મૂકે છે અને કહે છે કે બીજાં તત્ત્વોની જેમ પુરુષતત્ત્વ ભૌતિક શક્તિનું કે પ્રકૃતિનું સર્જન નથી પણ એ કેવળ સ્વતંત્ર એવું આધ્યાત્મિક તત્ત્વ છે તથા એ તત્ત્વ દરેક કાળમાં અને દરેક સ્થળે હોય છે. પ્રકૃતિ પોતાની મેળે વિકાસ પામતી નથી તથા ગુણ પોતાની મેળે ક્રિયાશીલ થતા નથી. પ્રકૃતિ અને તેના ગુણને ગતિમાન કરનાર પુરુષતત્ત્વની પ્રેરણા છે. એવું પુરુષતત્ત્વ એક સરખું અને સર્વત્ર છે તથા વ્યક્તિત્વ વિનાનું છે. વ્યક્તિત્વ એ કેવળ ભૌતિક વસ્તુ છે પણ પુરુષ તત્ત્વ વ્યક્તિત્વ વિનાનું હોવાથી અને સમગ્ર હોવાથી પરિવર્તન પામતું નથી કે જન્મતું નથી અને મરતું પણ નથી. જન્મ, મરણ અને પરિવર્તન એ પ્રકૃતિના ગુણો છે, પુરુષના નહિ. પ્રકૃતિની બધી ક્રિયાઓ તથા બધા ગુણો એ દેશ અને કાળે ઊભાં કરેલાં માયાનાં સ્વરૂપો છે. પુરુષ અને પ્રકૃતિ વચ્ચેનો ભેદ નહિ જાણનારને જ બંધનો આવે છે તથા દુઃખો આવે છે. પોતાને પુરૂષ તરીકે માનનાર તથા પદાર્થોથી પોતાને સ્વતંત્ર લેખનાર કોઈ-પણ મૂક્ત થઈ શકે છે અને દેશ, કાળ, દુઃખ અને મરણના કેદખાનામાંથી ઊગરી શકે છે.

## યોગદર્શન

ધર્મ અને ચિન્તનના વિચિત્ર મિશ્રણ જેવું યોગીનું જીવન પ્રાચીન હિંદમાં રસ્તા પરથી જંગલોમાં તથા સ્નાન ઘાટ પર દેખ-વામાં આવતું હતું. યોગની ક્રિયાઓ કરનાર એવા યોગીઓ ઘરડા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને જુવાન બન્ને હતા. કેટલાક વસ્ત્ર પહેરેલા હતા તો કેટલાક લંગોટીવાળા અને કેટલાક તો રાખથી જ શરીર તથા જટાને લપેટ-નારા હતા. પદ્માસન કે સિદ્ધાસન વાળીને નાકના અગ્ર ભાગ પર ધ્યાન સ્થાપીને એ લોકો નિષ્ક્રિય હાલ્યાચાલ્યા વિના બેસતા હતા. કેટલાક કલાકોના કલાક સુધી અને દિવસો સુધી આંખનું અજવાળું ઓલવાઈ જાય ત્યાં સુધી સૂરજ સામે ત્રાટક કરતા હતા. કેટલાક મધ્યાનના ધીકતા તાપ નીચે આસપાસ અગ્નિ સળગાવી બેસતા હતા. કેટલાક ધગધગતાં અંગારા પર ખુલ્લે પગે ચાલતા હતા. કેટલાક માથા પર સળગતા કોલસા મૂકતા હતાં. કેટલાક તદ્દન નગ્નાવસ્થામાં બાણશય્યા પર વર્ષોના વર્ષ પર્યંત સૂતા હતા. કેટલાક પોતાને ઝાડ સાથે બાંધી રાખતા હતા અને સ્વેચ્છાપૂર્વક પોતાની જાતને પાંજરામાં મરણ પર્યંત પૂરી રાખતા હતા. કેટલાક પોતાની જાતને ગળા સુધી જમીનમાં દાટી રાખતા હતા તથા વર્ષો સુધી એ સ્થિતિમાં રહેતા હતા. કેટલાક બંને જડબાં ઊઘડે નહિ એ રીતે ગાલમાં લોઢાના તાર પરોવતા હતા અથવા હોઠને સીવી દેતા હતા અને એ રીતે પોતાના શરીરમાં પ્રવાહી પદાર્થો જ રેડી શકાય એવું આત્મદમન કરતા હતા. કેટલાક વર્ષોના વર્ષ સુધી એવી રીતે મૂઠી વાળી રાખતા હતા કે તેમના આંગળાના નખ હાથની બીજી બાજુ નીકળી જતા હતા. કેટલાક હાથ કે પગ કરમાઈ જાય અને મરણ પામે ત્યાં સુધી ઊંચા રાખતા હતા. આ ઉપરાંત કેટલાક વર્ષો સુધી એક આસને સ્થિર બેસી રહેતા હતા અને લોકો આપી જાય તો ફળફૂલ ખાતા હતા અને એ રીતે એકેએક ઈન્દ્રિયના વેગને બંધ કરી દેતા હતા અને એકેએક વિચારને એકાગ્ર કરી દેતા હતા. એકેએક દેશમાં આત્માદમન અને પીડનના આવા પ્રયોગો થયા છે. હિન્દમાં એ પ્રયોગોની શરૂઆત ઈ. સ. પૂર્વે ૨૫૦૦ પહેલાંથી થઈ છે. વૈદિક કાળમાં પણ ધ્યાન ધરવાના યૌગિક વિધાનો હતા. ઉપનિષદો અને મહાભારતે તે સ્વીકાર્યાં છે. બુદ્ધના સમયમાં તે વિધાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સારો આવકાર પામ્યાં છે. શાંતિથી આત્મપીડન કરવાની આ ક્રિયાઓ તરફ સિકંદર પણ આકર્ષાયો હતો તથા યોગીઓ અને યોગનો અભ્યાસ કરવા લોભાયો હતો. પોતાની સાથે આવીને રહેવા સારૂ એકાદ યોગીને એણે આમંત્રણ પણ આપ્યું હતું. પણ પોતાના ટબમાં રહેતા ડાયોજીનીસની જેમ તેણે સિકંદરને જવાબ આપ્યો હતો કે તેની પાસેથી યોગીને કંઈ પણ વસ્તુ મેળવવાની નહતી. સિકંદરના આખી દુનિયા જીતવાના મનોરથો જોઈ તેની બાલીશતા તરફ યોગીઓ હસતા હતા અને કહેતા હતા કે જીવતાં અને મરેલાં કોઈ પણ મનુષ્યને થોડા ફૂટ જમીનની જરૂરીઆત હોય છે. એક યોગીએ સિકંદર સાથે પર્શિયા જવા ઇચ્છા કરી પણ તે રસ્તામાં બિમાર પડ્યો અને તેણે બિમાર રહેવા કરતાં મરણ પામવાની ખુશી બતાવી. એણે એક મોટી ચિતા રચાવી. પોતે તે પર ચઢી ગયો અને પછી ગ્રીક લોકોને તે સળગાવી મૂકવાનું કહ્યું. સળગતી ચિતામાં તે હસતો બેઠો હતો. ગ્રીક લોકોએ મૃત્યુ સાથેની આવી મહોબ્બત કદી દેખી ન હતી તેથી સિકન્દરની આખી સેના આ બનાવને અજાયબીથી આંખો ફાડી જોઈ રહી. ત્યાર પછી એટલે ઈ. પૂ. ૧૫૦ વર્ષ પહેલાં પતંજલિએ યોગસૂત્રો લખવા માંડ્યાં જે આજે યોગશાસ્ત્ર તરીકે પ્રમાણભૂત મનાય છે. આજે હિંદમાં લગભગ ત્રીસ લાખ જેટલાં માણસો યોગસૂત્રમાં આલેખેલા ચિંતનને સ્વીકારે છે. એ સૂત્રો દ્વારા પતંજલિએ યોગની વિચારસરણીને વધારે વ્યવસ્થિત અને યોજનાબદ્ધ બનાવી છે. પતંજલિનાં યોગસૂત્રો પ્રમાણે ચિત્તવૃત્તિનો નિરોધ એ યોગની ક્રિયા ગણાઈ તથા યોગ અથવા સંયોગનો હેતુ આત્મા અથવા ઈશ્વર સાથેના સંયોગને આલેખવામાં આવ્યો. યોગની વિચારસરણી પ્રમાણે બધી જાતના અજ્ઞાન અને દુઃખનું કારણ પદાર્થને ગણવામાં આવ્યો અને તેથી યોગનો ઉદ્દેશ આત્માને બધી જાતનાં ઈન્દ્રિયોના વ્યાપારો તથા શારીરિક રાગમાંથી મુક્ત કરીને એક જ જીવનમાં પરમાત્મા સાથે સંયોગ સાધવાનો સ્વીકારવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવ્યો. એ સંયોગના સાધન તરીકે ઈન્દ્રિયગમ્ય જ્ઞાનને બંધ કરી ઈન્દ્રિયાતીત જ્ઞાન મેળવવા યૌગિક માર્ગનાં આઠ સાધનો યોગની વિચારસરણીમાં આલેખવામાં આવ્યાં છે.

એવું પહેલું સાધન યમ છે. એ સાધન પ્રાપ્ત કરવું એટલે અહિંસા અને બ્રહ્મચર્યથી ઈચ્છાઓ ઉપર કાબુ મેળવવો તથા બધા સ્વાર્થનો ત્યાગ કરવો. બીજું સાધન નિયમનું છે. તેમાં સ્વચ્છતા, સંતોષ, શુદ્ધિ, અભ્યાસ તથા ધર્મભાવના કેળવવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ત્રીજું સાધન આસન છે. એ સાધનદ્વારા શરીરની બધી હીલચાલોને શાંત કરી શારીરિક સ્થિરતા તથા નિશ્ચલતા કેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ચોથું સાધન પ્રાણાયામનું છે. તેમાં મનને શાંત કરી પ્રાણનું નિયમન કરવામાં આવે છે. પાંચમું સાધન પ્રત્યાહાર છે જે વડે નિશ્ચલ શરીરમાં સ્થિર થયેલા પ્રાણ વડે તથા શાંત પામેલા મનથી ઈન્દ્રિયોને તેના બધા વિષયોમાંથી ખેંચી લઈ એકાગ્ર કરવાની હોય છે. છઠ્ઠું સાધન ધારણા છે. એ સાધન વડે એકાગ્ર બનેલા મનને સત્ય વસ્તુના સ્વરૂપ તરફ પ્રેરવાનું હોય છે. ધારણા પછીની સ્થિતિ ધ્યાનની સ્થિતિ કહેવામાં આવે છે. એ સ્થિતિમાં ધ્યાનસ્ત યોગી ૐ નામના પવિત્ર અક્ષરનો માનસિક ઉચ્ચાર કરે છે. આઠમું સાધન સમાધિ નામનું છે.

પાંચમું દર્શન પૂર્વ મિમાંસા દર્શન છે. એ દર્શનનો પ્રણેતા જૈમિની છે. એણે પૂર્વ મિમાંસામાં કપિલ અને કણાદની વિચારસરણીનો વિરોધ કર્યો છે. જર્મન તત્ત્વચિન્તક કેન્ટે રજુ કરેલી વિચારસરણીને મળતી આવતી જૈમિનીની વિચારસરણી છે. જૈમિનીએ બતાવ્યું છે કે અધ્યાત્મવાદના પ્રશ્નનું નિરાકરણ કરવાને મનુષ્યનું મન એ તદ્દન મર્યાદિત વસ્તુ છે. મનુષ્યની બુદ્ધિ ઈચ્છાઓથી પરિમિત હોવાથી તે સત્યના વિજ્ઞાનનું નિર્માણ કરી શકતી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી. તેથી સત્ય જ્ઞાનનો રસ્તો પ્રમાણશાસ્ત્રની આંટીઘૂંટીમાંથી પ્રાપ્ત નથી થવાનો, પણ આપણા દરરોજના આચારોને સુધારવાથી અને શુદ્ધ કરવાથી થવાનો છે.

છેલ્લું દર્શન વેદાંતવિચારસરણી છે. વેદાંત શબ્દનો અર્થ વેદનો અંત એવો થાય છે અને વેદનો અંત એટલે ઉપનિષદનું તત્ત્વજ્ઞાન એવો કરવામાં આવે છે. વેદાંતે ઉપનિષદના જુદા જુદા વિચારપ્રવાહને સંયોજિત કરી, વિચારના સ્વરૂપને દરરોજનું વ્યવહારૂ સ્વરૂપ આપી તેને લોકોપભોગ્ય શૈલીમાં વેદાંતવિચારસરણીમાં રજૂ કર્યો છે. એ વેદાન્તવિચારસરણી છેવટના સત્યને બ્રહ્મ નામે તથા બ્રહ્મના આવિષ્કારને આત્મા નામે ઉદ્દેશે છે. કોઇ પણ હિન્દી તત્ત્વચિન્તનની પ્રથા કરતાં વધારે પ્રમાણમાં સ્વીકારાયેલી આ વેદાંતવિચારસરણી બાદરાયણના બ્રહ્મસૂત્રમાં વ્યવસ્થિત સ્વરૂપમાં આવિષ્કાર પામી છે અને ત્યાર પછી એક હજાર વર્ષે ગૌડપાદે એ સૂત્રો પર પોતાની ટીકા લખી છે. ત્યાર પછી એ સૂત્રની પરિભાષામાં શંકરે વેદાંતવિચારસરણી દ્વારા તેને વ્યવસ્થિત વિચારસરણી તરીકે રજૂ કરી છે. એવી વેદાંતવિચારસરણીનો પ્રણેતા હિન્દી ચિંતકોમાં સૌથી મહાન એવો શંકર છે. પોતાના બત્રીસ વર્ષના ટૂંકા જીવનમાં એણે અજોડ એવી સાધુતા, ડહાપણ, વિદ્વતા તથા લોકપ્રિયતા સંપાદન કર્યાં. મલબારના નંબુદરી બ્રાહ્મણોમાં જન્મ પામી એ ઊગતી જુવાનીમાં જ સન્યાસી બન્યો. એને લાગ્યું કે સૌથી ઉદાત્ત એવી ધર્મભાવના તથા સૌથી ઊંડું એવું તત્ત્વચિન્તન ઉપનિષદે રજૂ કર્યું છે. એણે લોકોની ઘણા દેવ–દેવીઓની પૂજાને નિંદી કાઢી તથા સાંખ્યના નાસ્તિકવાદને વખોડી કાઢ્યો. એણે બુદ્ધના અજ્ઞેયવાદ સામે જેહાદ જગાવી. એણે બનારસની વિદ્યાપીઠમાં દક્ષિણ અને ઉત્તરમાંથી આવેલાં બધા વિદ્વાનોને મહાત કર્યાં તથા વિદ્યાર્થીઓની ટૂકડી તૈયાર કરી હિન્દના એકે એક ખૂણામાં વેદાંતવાદના વિજયો કરવા રવાના કરી. તે પોતે પણ મહા પંડિતોને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હરાવતો તથા ચર્ચાઓ જીતતો, હિંદના સભામંડપો ગજાવતો ઘૂમી વળ્યો. એણે બ્રાહ્મણોની મહત્તા ફરીવાર સ્થાપન કરી તથા બુદ્ધ અને કપિલની વિચારસરણીથી પદભ્રષ્ટ થએલા બ્રાહ્મણોને ફરીવાર ચિન્તનની–વિચારણાની આગેવાનીનો તાજ પહેરાવ્યો. ત્રીસ વર્ષની ઉમ્મરમાં ચિંતન અને ડહાપણની પ્રચંડ મૂર્તિ જેવો શંકર હિંદનો કેન્ટ અને એકવિનાસ બની રહ્યો. એણે વેદને દૈવી આવિષ્કાર તરીકે સ્વીકાર્યા. એણે બુદ્ધિને તેની અમર્યાદિત દોટમાંથી અટકાવી દીધી અને જણાવ્યું કે જૈમિની સાચો છે. બુદ્ધિને આખરી સત્ય સમજાઈ શકતું નથી કારણ કે તેના ઉપર ઇચ્છાઓનો અમલ હોય છે અને એક વકીલની જેમ તે પોતે વ્યાઘાતમક વસ્તુઓ એકી સાથે સાબિત કરી શકે છે. એ રીતે બુદ્ધિનું ઉડ્ડયન કાંતો અજ્ઞેયવાદમાં કે નાસ્તિકવાદમાંજ પરિણામ પામે છે, આપણને બુદ્ધિના પ્રમાણોની જરૂર નથી પણ આંતરદૃષ્ટિની જરૂર છે તથા સારાસાર વસ્તુના વિવેકની જરૂર છે. તેથીજ આપણને અવલોકનની, શોધનની, તથા સમજવાની દૃષ્ટિની જરૂર છે. સાચો ચિન્તક જેની બુદ્ધિ ખૂબ બળવાન હોય તે નથી પણ જે સંયમી છે ધીરજવાળો છે શાંત છે તે છે. તેથી ચિન્તનના અભ્યાસીને પ્રમાણ શાસ્ત્ર કરતાં આત્મશુદ્ધિની અને નિયમનની વધારે આવશ્યકતા છે.

આવું વેદાંતદર્શન જેના મોઢા ઉપર મૂછ નહોતી ફૂટી એવા એકવીશ વર્ષના બ્રાહ્મણ જુવાને રજૂ કર્યું છે. એની રજુઆત પછી એણે એના ઉદાત્ત જીવનથી તથા કદી પરાભવ ન પામે એવી બુદ્ધિના તેજથી હિંદના ખૂણે ખૂણે વેદાંતનું જ્ઞાન ફેલાવ્યું છે. એણે એકેએક આવાહનનો સ્વીકાર કરી બુદ્ધિની વાતમાં સૌને મહાત કર્યા છે. અને એ રીતે ચિન્તનના પ્રદેશમાં વિજયનો ડંકો વગાડી બત્રીસ વર્ષની જુવાન વયે હિંદનો એ સમર્થ ચિન્તક હિમાલયમાં જઈને વિરામ પામ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૧૨

## પરાધીન હિન્દ

ખૂબ પ્રાચીન કાળથી હિંદ સાથે વિદેશીઓનો વેપાર થયા કરતો હતો. એ વેપાર સ્થળમાર્ગે અને જળમાર્ગે બંને રસ્તા પર થતો હતો. હિંદ સાથેના વેપારી માર્ગ પર અધિકાર પ્રાપ્ત કરવા માટે જુદાં જુદાં રાષ્ટ્રો અંદર અંદર કલહ પણ કરતાં હતાં. જ્યારે ઇસ્લામનો ઉદય થયો અને આરબલોકો મધ્યએશિયાના દેશોમાં પથરાવા માંડ્યા ત્યારે ધીમે ધીમે વેપારી માર્ગો મુસલમાનોના હાથમાં આવ્યા. આફ્રિકાના પૂર્વ કિનારાથી અરબી સમુદ્ર સુધી આરબ કિનારા પર આરબ વેપારીઓની કોઠીઓ નખાઈ ગઈ અને હિંદનો માલ ઇટાલીનાં બે બંદર જીનીવા અને વેનિસ થઇને યુરોપ પણ જવા લાગ્યો. હિંદના વેપારી માર્ગના મધ્યમાં હોવાથી એ બંને નગરો આબાદ બની ગયાં. એ નગરોની જાહોજલાલી અને ધન દોલત જોઈને યુરોપના બીજા દેશના વેપારીઓને પણ હિંદ સાથે વેપાર કરી ધનના ભંડારો જમાવવાનો ઉમળકો થઈ આવ્યો. ચૌદમા સૈકામાં યુરોપમાં એક નવા યુગનો આરંભ થતો હતો. દુનિયાના અત્યાર સુધીમાં નહિ શોધી કાઢેલા પ્રદેશો શોધી કઢાતા હતા. ૧૪૯૨ માં કોલમ્બસે અમેરિકાનો પત્તો મેળવ્યો અને બતાવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપ્યું કે આટલાંટિક મહાસાગરની પેલી પાર પણ જમીનના પ્રદેશો છે. ફીરંગી લોકો ઘણા સમયથી હિંદ પહોંચવાના રસ્તાઓ શોધ્યા કરતા હતા. છેવટે ૧૪૯૮ માં વાસ્કોડીગામા આફ્રિકાના પૂર્વ કિનારા પર પહોંચ્યો અને ત્યાંથી એક ગુજરાતી ભોમિયાને લઈને મલબારના કાલીકટ બંદરે ઊતર્યો. ધીરે ધીરે ફીરંગી લોકોએ પૂર્વનો વેપાર આરબો પાસેથી પડાવી લેવા માંડ્યો અને એ વેપારથી ફીરંગી લોકો ખૂબ આબાદ થવા લાગ્યા. એ આબાદી જોઈને ડચ, અંગ્રેજ અને ફ્રેંચ લોકોએ પણ હિંદ સાથે વેપાર શરૂ કર્યો અને હિંદનો વેપાર એકહથ્થુ કરવા માટે એ વિદેશી પ્રજાઓ અંદર અંદર ઝગડવા માંડી. એ વેપારી કલહમાં અંગ્રેજ લોકોનો વિજય થયો અને ઈ. સ. ૧૭૬૩ પછી અંગ્રેજનો કોઈપણ હરીફ રહેવા પામ્યો નહિ. એ સમય દરમ્યાન અંગ્રેજોએ હિંદના કેટલાક પ્રદેશો હાથ કરી લીધા. બંગાળ, બિહાર, ઓરિસ્સા અને કર્ણાટકના પુતળાં જેવા નવાબોને રમાડવા માંડ્યા. એ રીતે એ અંગ્રેજ વેપારીઓ હિંદમાંથી લૂંટ જેવા વેપારમાં મસાલા, મોતી, જવાહીર, હાથીદાંત, ઢાકાનું મલમલ, મુર્શિદાબાદનું રેશમ, લખનૌની છીંટ અને અમદાવાદના દુપટ્ટા વગેરે સામાન પરદેશ લઈ જવા લાગ્યા અને ત્યાંથી સીસાની અને લોઢાની વસ્તુઓ હિંદમાં વેચવા માટે લાવવા લાગ્યા. એવી બ્રિટીશ વેપારી કંપની વેપારને આખા દેશ પર વિસ્તારવા માટે હિંદના થોડાક પ્રદેશો પર રાજકારભાર પણ કરવા લાગી. એ રીતે હિંદમાં અંગ્રેજોની રાજનૈતિક મહત્વાકાંક્ષા હિંદના માલની વેપારી લૂંટને રક્ષવા તથા વધારવાના ઉદ્દેશથી શરૂ થઈ.

ઈ. સ. ૧૭૫૦ પહેલાં, ઇંગ્લાંડમાં ઔદ્યોગીક ક્રાન્તિની શરૂઆત નહોતી થઈ તે પહેલાંના સમયમાં, ઇંગ્લાંડ હિન્દની જેમ કેવળ કૃષિ-પ્રધાન દેશ હતો. ઇંગ્લાંડની ઔદ્યોગિક ક્રાંતિ તે સમયે નહિ થઈ હોવાથી ઇંગ્લાંડને પોતાના માલને વેચવા માટે પરદેશમાં બઝાર શોધવા નહોતાં પડતાં અને તે સમયે હિન્દના પરદેશ સાથેના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વેપારમાં હિન્દને કોઈપણ જાતનું નુકશાન નહોતું પણ ત્યારપછી ધીમે ધીમે ઇંગ્લાંડમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ ગઈ. ઇંગ્લાંડના કારખાનાએએ માલના ઢગલા બનાવવા માંડ્યા. ઇંગ્લાંડમાંથી વેપારી જમાતોની ભૂતાવળો ભટકવા લાગી અને હિન્દને પોતાના માલનું બઝાર બનાવવા માટેના ઉદ્દેશથી હિન્દ સાથે પણ વેપાર શરૂ કર્યો. ઈ. સ. ૧૭૬૫માં હિન્દમાં કોઠી નાખી પડેલી ઇસ્ટ ઇંડિયા કમ્પનીએ મોગલ બાદશાહ શાહઆલમ પાસે બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની મેળવી તથા એ પ્રાંતોમાં અંગ્રેજોએ જમીનનો બંદોબસ્ત કરવા માંડ્યો તથા માલગુઝારી વસૂલ કરવા માંડી. એ સમયથી અંગ્રેજ વેપારીઓની જુલ્મી પીંઢારાશાહી શરૂ થઈ ચૂકી હતી. હિન્દની પ્રજા ઉપર એ વેપારી સત્તાના જુલ્મી શાસનો શરૂ થઈ ચૂક્યાં.

એ વેપારી સરકારે ચલાવેલી વ્યવસ્થિત લૂંટ વિશે બોલતાં મેકૉલે પણ કહે છે કે:

"Thirty millions of human beings were reduced to the wretchedness and tyranny with all the strength of civilisation."

આ અંગ્રેજ વેપારીઓનો શરૂઆતનો શાસનકાળ હિન્દની જનતા માટે એક જબ્બરજસ્ત દુષ્કાળ હતો. એ દુષ્કાળના કારણોમાં કુદરતનાં અંધ પરિબળો નહોતાં પણ વેપારી મનુષ્યનાં વ્યવસ્થિત ગોઠવેલાં ખૂની પરિબળો હતાં. એ વેપારીઓએ માંડેલી લૂંટમાંથી હિંદનો શ્રીમંત વર્ગ, મધ્યમ વર્ગ તથા મજૂર વર્ગ એક સરખી રીતે પીડાઈ રહ્યા હતા. એ પીડન જાણે ઓછું હોય તેમ પરાધીન બનતા હિંદ પર કુદરતી સંકટોને લીધે દુષ્કાળ ઉતરી આવતા હતા. એવો એક ભયાનક દુકાળ ૧૭૭૦ માં પડ્યો. એ દુષ્કાળનું વર્ણન કરતાં એક અંગ્રેજ ઇતિહાસકાર લખે છે કે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"The Hoogly every day rolled down thousands of corpses close to the porticoes and gardens of the English Governors. The very streets of Calcutta were blocked up by the dying and the dead."

તે સમયના ઇમ્પીરીઅલ ગેઝેટીઅરોએ દુષ્કાળમાં લોહીનું ટીપે-ટીપું સૂકવી નાખી મરી ગયેલાં લોકોનો ૧૦,૦૦૦,૦૦૦ જેટલો આંકડો બહાર પાડ્યો હતો. એ દુષ્કાળથી શરૂ કરી હિંદમાં જાણે એક સતત દુષ્કાળ ચાલી રહ્યો તથા દર વર્ષે દુષ્કાળમાં લાખો માણસો ખપી જવા લાગ્યાં. ૧૭૭૦માં એકલા બંગાળમાં એક કરોડ માણસો મરી ગયાં. ૧૭૮૩માં મદ્રાસમાં, ૧૭૮૫માં ઉત્તર હિન્દમાં, ૧૭૯૨માં ને ૧૮૦૩માં મુંબઈ ઇલાકામાં, ૧૮૦૭માં મદ્રાસ ઇલાકામાં, ૧૮૧૩માં મુંબઈ ઇલાકામાં, ૧૮૨૩માં તથા ૧૮૩૩માં મદ્રાસ ઇલાકામાં, ૧૮૩૭માં ઉત્તર હિન્દમાં તથા ૧૮૫૪માં મદ્રાસમાં પડેલા ભયંકર દુકાળને લીધે કરોડો માણસોના હાડપિંજરો રખડતાં થઈ ગયાં તથા દુષ્કાળના પ્રદેશમાં એકે એક ગામની ભાગોળે મરી ગયેલાં માણસોના માથાના તુંબડાં અથડાતાં થઈ ગયાં. દુષ્કાળના પ્રદેશપર સડીને સૂકાઈ જાય ત્યાંસુધી લાખો શબ દફનાયા વિના પડી રહેતાં હતાં. પરાધીન હિંદમાં શરૂ થયેલાં અંગ્રેજી વેપારીના રાજકારભારમાં આ ભયંકરતા આટલીજ નહોતી. ગમે તેવાં કાવત્રાથી હિન્દની ધન દોલતને પરદેશ રવાના કરતા ગવર્નરોના પાશવી તાંડવ એ દુષ્કાળ જેવાંજ ભયાનક હતાં.

રાજકીય કાવાદાવા અને વેપારી લૂંટફાટમાં કુશળ એવો કલાઈવ ઘેર ગયો અને બ્રિટનમાંથી એક દુષ્કાળ જેવો બીજો ગવર્નર આવ્યો. એનું નામ હેસ્ટીંગ્સ. એના રાજકારભારની એકેએક પળે એ બ્રિટનનું ખપ્પર ભરી દેવાની બૂમો મારતો હતો અને એના ખપ્પરમાં લાખો માથાં હોમાતાં હતાં. હિંદી દોલતનો વરસાદ વરસતો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાણે હિંદના દેહને કોઈ ભયંકર પીડન ચૂસતું હતું. જાણે હિંદી શરીરનાં અંગ છેદાઈ રહ્યાં હતાં. હિંદી સ્વમાન ભયાનક અપમાન પામતું હતું. કકળતા હિંદનો કંઠ ઝાલી ગોરો ગવર્નર પૈસા માગતો હતો, દાણ માગતો હતો, જાત મહેનત માગતો હતો. અંગ્રેજ વેપારીના નફા માટે એણે ચલાવેલી લૂંટ વિજેતાઓ માટે હતી. પોતાને સુધરેલી માનતી અંગ્રેજ પ્રજા માટે હતી. આ લૂંટફાટનાં દમનશાહી ચક્કરો નીચે હિંદી પ્રજા ચગદાઈ રહી હતી. એ હેસ્ટીંગ્સે બંગાળના નવાબની પ્રજાને બન્ને બારણેથી લૂંટી. એણે આલ્હાબાદની પ્રજાને અયોધ્ધાના નવાબ પાસે રૂપિયા પચાસ લાખ પડાવી વેચી દીધી. એણે સુજાઉદ્દૌલા સાથે કાવત્રું કરી સાઠ લાખ પડાવ્યા. એણે હિંદની પ્રજાને, હિંદનાં સ્ત્રી–પુરૂષો અને બાળકોને પણ રોહીલાની તલ્વાર નીચે વાઢી નખાવ્યાં. રોહીલાઓ પાસેથી રૂપિયાના ઢગલા પડાવી લૂંટના પરવાના આપ્યા. એણે એકે એક સલાહને પગ નીચે કચડી નાખી. એણે સંધીઓ અને આપેલાં વચનો ચાવી ખાધાં. એણે બ્રિટનના વેપારીઓનાં ભંડાર હિંદમાંથી લૂંટાયેલાં સોનાના ઢગલાથી ભરી દીધા. એણે નિર્દોષ નંદકુમારને ફાંસીને માંચડે ચઢાવી દીધો. એણે અયોધ્યાની બેગમોને ઘેર ધોળે દહાડે ધાડ પાડી. ૧૮૮૫માં એણે હિંદ છોડયું ત્યારે એની પાછળ હાડપિંજર હસતાં હતાં. ઘવાયલી હિંદી જનતાના ચિત્કાર ઊઠતા હતા. અંગ્રેજ શ્રીમંતશાહી બ્રિટનનું આંગણું શણગારી એણે આણેલી લૂંટ પર મુસ્તાક બેઠી હતી. બ્રિટાનિયા એ ઘેર ગયેલા દીકરાના ગાલ પંપાળતી હતી પણ બ્રિટનની રાજસત્તા કહેવાતી પ્રજાતંત્રવાદી હતી તથા સુધરેલી હતી. એટલે એણે હિંદની જનતાનાં ખૂન વરસાવનાર એ હેસ્ટીંગ્સ પર કેસ માંડયો. તે સમયના હેસ્ટીંગ્સની હિંદી સરકારની સમિતિમાં જ એક બર્ક નામનો અંગ્રેજ હતો એણે એ ખૂની ગવર્નર પર કોપ કાઢતાં કહ્યું કેઃ—

"I impeach him in the name of the commons house of the parliament whose trust he has betrayed, I impeach

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"him in the name of the English nation whose ancient honour he has soiled, I impeach him in the name of the people of India whose rights he has trodden under foot and whose country he has turned into a desert, lastly in the name of human nature itself, in the name of both sexes, in the name of every age, in the name of every rank, I impeach the common enemy and oppressor of all."

એ ન્યાય નહોતો. નાટક હતું. શ્રીમંતોની સરકારને બર્કનું ભાષણ કંઈજ અસર કરી શક્યું નહિ. એ વેપારીઓની સરકારે સાત વર્ષ સુધી એનો કેસ લંબાવ્યો પણ આખરે એ કેસના ચૂકાદામાં પોતાની વેપારી જાત બરાબર પરખાવી દીધી. અંગ્રેજ રાજસભાએ એ ખૂની ગવર્નર જનરલને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યો અને બ્રિટનની સરકારના ગોરા પ્રધાનોએ એને ખૂણામાં બોલાવી એનો બરડો થાબડ્યો. બ્રિટનના બાદશાહે એને આશીર્વાદ આપ્યા. હિન્દની લૂંટમાંથી મળેલા ભાગમાંથી એણે બ્રિટનની ભૂમિપર એક મોટો મહાલય ચણાવ્યો.

હિન્દી પ્રજા દુઃખની ભયાનકતાથી ઝબકીને જાગતી હતી. સીતમના શોષણથી આઘાત પામીને ઊઠતી હતી. હિન્દી જનતાના દેહનો એકેએક પરમાણું હિન્દની કેડ પર ચાલતી કરપીણ કરવતની વેદનામાં પોકારી ઉઠ્યો હતો.

એના પછી થોડા વર્ષે એક બીજો આવ્યો. એનું નામ ડેલ્હાઉસી હતું. એણે દેશી રાજાઓનો મુલ્ક પચાવી પાડવાનો કાયદો ઘડી કાઢ્યો. એ કાયદાએ સતારાને સપડાવ્યું. ઝાંસીને ઝડપી લીધું. નાગપુરમાં અધિકાર બેસાડ્યો અને અયોધ્યાને ખાલસા કર્યું. એનો રાજદંડ રાજસ્થાનમાં ખાલસા કરવાના દાવ ખેલી રહ્યો. એ બધાના પરિણામમાં રિબાતી હિન્દી જનતાને રાજાઓનો સાથ મળ્યો. રાજાઓ રોષે ભરાયા હતા અને મરણીઆ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયા હતા. લોકો લોહી નિંગળતા બેઠા હતા. હિન્દસ્વાતંત્ર્યના પહેલા સંગ્રામનાં સૂકાન મંડાતાં હતાં. રાજાઓમાંના કેટલાક આગેવાની લેતા હતા. હિન્દની ધીખી ઉકેલી ધરતી નીચે ૧૮૫૭-માં પહેલા સંગ્રામના વ્યૂહ રચાતા હતા. ગોરી સરકારની નોકરી કરતા હિન્દી સિપાઈઓ પણ ધૂંધવાતા હતા. બ્રિટનની વેપારી સરકારે ખંડેર બનાવેલું હિન્દ અંદરથી ખખડતું હતું. બ્રિટનની વેપારી સરકારના કારભાર પર અપશુકનિયાળ વાદળ ઘેરાતાં હતાં.

એ સૌના પરિણામ રૂપ ૧૮૫૭નો બળવો ફાટી નીકળ્યો. એ બળવો જોતજોતામાં આખા હિન્દમાં પથરાઈ ગયો. અંગ્રેજશાહીને પોતાની સલ્તનતનો અંત આવતો દેખાયો પણ એ બળવામાં સરદારી રાજાઓના હાથમાં હોવાથી તથા રાષ્ટ્રીય જાગૃતિ જોઈએ તેવી ન હોવાથી બળવો દાબી દેવામાં આવ્યો. બળવાખોર શહેરોને તારાજ કરવામાં આવ્યાં અને બળવાવાળા પ્રદેશપર એકધારી કતલ ચલાવવા માંડી. બળવાના પકડાયેલા કેદીઓને મોટી મોટી સંખ્યા-માં વિંધી નાખવામાં આવ્યાં અને ફાંસીએ લટકાવવામાં આવ્યાં. ફાંસીના માંચડા ખૂટી જતાં લોકોને ઝાડની ડાળીએ લટકાવવામાં આવ્યાં.

૧૮૫૭ના વિપ્લવની પહેલાંથી હિન્દી જાગૃતિના બંધારણીય સ્વરૂપો પણ શરૂ થઈ ચૂક્યાં હતાં. ૧૮૫૧માં કલકત્તામાં બ્રિટિશ ઇંડિયન એસોશિએસનની સ્થાપના થઈ હતી. ૧૮૫૩માં મુંબઈ અને મદ્રાસ એસોશિએસનની સ્થાપના થઈ હતી. ૧૮૭૦માં પૂનામાં સાર્વજનિક સભા કાયમ બની. ૧૮૭૬માં સુરેન્દ્રનાથ બેનરજી તથા આનંદમોહન બસુના પ્રયત્નથી ઇન્ડિયન એસોશિએશન કાયમ થઈ. ૧૮૮૪માં દીવાનબહાદૂર રઘુનાથરાવને ઘેર ચોવીસ જણ ભેગાં મળ્યાં. એ ચોવીસે જણના હૃદયમાં ન સમજાય તેવા ઊભરા આવતા હતા. હિન્દની મોટાઈના સ્વપ્નો આવતા હતા. એમને હિન્દનો ભવ્ય ભૂતકાળ યાદ આવતો હતો. એ ચોવીસમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મદ્રાસના એક વડા ન્યાયાધીશ હતા. કલકત્તાના એક જબરા વક્તા હતા તથા મુંબઈથી દાદાભાઈ આવ્યા હતા. એ સહુની આંખમાં હિન્દની જનતાની લોહીથી ખરડાયેલી ધરતી પર દિલ્હીનો દરબાર ધસમસતો દેખાતો હતો. એ સૌની નજર સામે વિરાટ માનવ મેદની તરવરતી હતી. હિન્દનો આવો લોકસમાજ હિન્દની જ મુક્તિ માટે એક દિવસ ભેગો મળશે એમ એમને લાગતું હતું. ઈ. સ. ૧૮૮૪માં મદ્રાસમાં ભેળા મળેલા એ ચોવીસ ડાહ્યાઓએ હિન્દભરમાંથી હિન્દના પ્રતિનિધિને બોલાવી એક હિન્દી મહાસભા સ્થાપવાનો નિરધાર કર્યો.

કચડાતી અને રિબાતી હિન્દી જનતાની બળવાખોરવૃત્તિને દાબી દેવા અને એ વૃત્તિને કોઈ બંધારણીય ધોરણનું સ્વરૂપ આપવા હ્યુમ નામના એક અંગ્રેજ મહાશય પણ વિચારી રહ્યા હતા. ૧૮૮૪ના ડીસેમ્બર માસમાં અદીઆર મુકામે થીઓસોફીસ્ટોનું વાર્ષિક અધિવેશન થયું ત્યારે ત્યાં ભેળા થએલા સુરેન્દ્રનાથ બેનરજી, કાશીનાથ ત્ર્યંબક તૈલંગ તથા દાદાભાઈ નવરોજજી સાથે પણ હ્યુમ મહાશયે વાટાઘાટ કરી અને ૧૮૮૫ના ડીસેમ્બરમાં પૂનામાં એક રાજનૈતિક સભા સ્થાપન કરવા માટે દેશના પ્રતિનિધિને બોલાવવાનો નિશ્ચય થયો. પણ ૧૮૮૫માં પૂનામાં અગવડ હોવાને લીધે હિન્દી મહાસભાનું પહેલું અધિવેશન મુંબઇમાં થયું. એ હ્યુમ મહાશયને મહાસભાના પિતા હોવાનું માન આપવામાં આવે છે પણ સાચી રીતે હિન્દી મહાસભાની શરૂઆત કરનાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંજોગો હતા. એ સંજોગોમાં અંગ્રેજોએ માંડેલું દમનરાજ્ય, એક પછી એક આવેલા ભયંકર દુષ્કાળો, ૧૮૫૭નો બળવો તથા અફઘાનયુદ્ધ વગેરે હતા. એ સમયે રશિયાને ઇંગ્લેંડનું જબરજસ્ત પ્રતિપક્ષી માનવામાં આવતું હતું. હિન્દમાં જુદાં જુદાં સ્થળોએ બળવાખોર ગુપ્તમંડળોની રચના થઈ રહી હતી. લોકોમાં અશાંતિ વધતી જ જતી હતી. હિન્દી મહાસભાનું પહેલું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અધિવેશન મળ્યું. એ અધિવેશનમાં રાજા રામપાલની આંખો ચમકી ઊઠી. બીજાંઓની જેમ એની જીભને મવાલ શબ્દો ન ગમ્યા. પહેલી હિન્દી મહાસભા એના અવાજમાં હિન્દના જીવનને જીવતું જોઈ રહી. એ બોલતો હતો "એ બ્રિટનની જાહોજલાલી ગમે તેવી મોટી હોય, એના ઇરાદા ગમે તેટલા મોટા હોય તોપણ મને કહેવા દો કે મુકાબલે એણે આપણો નાશ કર્યો છે. ગમે તે કાળના હિન્દને એની સાથેના સંબંધથી શોક કરવાનોજ રહેશે."

ત્યાર પછી ૧૮૮૮માં મહાસભાનું ચોથું અધિવેશન આલ્હાબાદમાં મળ્યું. એ અધિવેશનમાં હ્યુમ મહાશયે કોંગ્રેસના ઉદ્દેશને સ્પષ્ટ કરતાં કહ્યું કે "હિંદી મહાસભાનો ઉદ્દેશ લોકોની મનોવૃત્તિને એ રીતે બદલવાનો છે કે હિંદના લોકો વાદવિવાદદ્વારા પાર્લામેન્ટરી શૈલી પ્રમાણે પોતાના દેશનો પ્રબંધ કરતાં શીખે, હ્યુમ મહાશયે ગવર્નર જનરલ લોર્ડ ડફરીન સાહેબને પણ એ જાતની સલાહ આપી હતી, અને એ બાબતની અનુમતિ મેળવી હતી. એ રીતે રાજકારભારીઓના આશીર્વાદ મેળવીને હિન્દી મહાસભાનો વિચાર તરતો મૂક્યો હતો. લોર્ડ ડફરીનનો ખ્યાલ એવો હતો કે હિંદી જનતાની બળવાખોર વૃત્તિને એ રીતે દાબી દેવામાં આવશે અને ત્યાર પછી એ હિંદી મહાસભાને બંધ કરી દેવામાં આવશે.

આરંભમાં કોંગ્રેસનો ઉદ્દેશ શુદ્ધ રીતે રાજનૈતિક ન હતો, લોર્ડ લીટનના સમયમાં જ્યારે વર્નાક્યુલર પ્રેસ એક્ટ પાસ થયો ત્યારે સુરેન્દ્રનાથ બેનરજીએ તેનો વિરોધ કરતાં કહ્યું કે "એથી હિંદીઓની રાજભક્તિને ધોકો લાગશે." એ ઉપરાંત બેનરજી મહાશયે રાણી વિક્ટોરિયા તરફ ભારત વર્ષની ભક્તિ અસંદિગ્ધ છે તેવો ઉલ્લેખ પણ કર્યો હતો. બ્રિટિશ શાસકોના જૂઠાં વચનો પર બેનરજી મહાશયને મોટો વિશ્વાસ હતો પણ પછીથી ધીમે ધીમે એવી મોહ નિદ્રા તૂટવા લાગી. તથા વાસ્તવિક પરિસ્થિતિની સમજ પડવા લાગી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ્યારે ઇલ્બર્ટ બિલનો ઘોર વિરોધ એંગ્લો ઈન્ડિયન સમુદાયે કર્યો ત્યારે અંગ્રેજ વેપારી સરકારમાં રાખેલી એમની આશાઓ તૂટી પડી. અને આગળ જતાં જ્યારે સરકારે પોતે કોંગ્રેસનો વિરોધ કરવો શરૂ કર્યો ત્યારે એમને એમ પણ લાગી ગયું કે હિન્દીઓએ બ્રિટિશ સરકાર પાસેથી ન્યાયની આશા કદી પણ રાખવી નહિ.

દર વર્ષે કોંગ્રેસનું અધિવેશન મળતું હતું. અને અંગ્રેજ સરકાર પાસે વિનંતિ કરતા ઠરાવો પસાર થતા હતા. એ ઠરાવો લશ્કરી ખર્ચ ઘટાડવા વિષેના, હિંદની ગરીબી વિષે ઉપાય કરવા વિષેના, હિંદમાં જ સિવિલ સર્વીસની પરીક્ષાનો પ્રબંધ કરવાના તથા મીઠાનો કર ઘટાડવા વિષેના હતા. ઉપરાંત બીજા બંધારણીય સુધારાઓ મેળવવાના ઠરાવો પસાર થતા હતા. મહાસભાએ, ઇંડિયા કાઉન્સીલને નાબૂદ કરવી જોઈએ એવો ઠરાવ પસાર કર્યો હતો પરંતુ બ્રિટિશ સરકારે મહાસભાની એ યાચનાઓ ધ્યાનમાં લીધી નહિ ને ૧૮૯૨માં એ માગણીઓની ઉપર ઉપહાસ કરતા હોય તેમ હિંદી મહાસભાની ઝોળીમાં થોડા સુધારાના ટૂકડાઓ ફેંકયા.

ધીમે ધીમે હિન્દને જણાતું હતું કે ભાષણો કરવાથી કે ઠરાવો પસાર કરવાથી કાંઇ થઈ શકવાનું નથી. ધીમે ધીમે બ્રિટિશ સરકાર પરનો લોકોનો વિશ્વાસ ઊઠી જતો હતો તથા પોતાના પગપર ઊભા રહીને કામ કરવાનું સત્ય સમજાતું હતું. પછી લોર્ડ કરઝનનો શાસનકાળ આવ્યો. ૧૯૦૧ માં કૃષિ વિભાગ ખોલવામાં આવ્યો તથા ૧૯૦૪ માં સહકારી મંડળીનો કાયદો પસાર થયો. પણ વ્યવસ્થિત ચાલતા શોષણમાં ભયંકર ભૂખમરો અને ગરીબીમાં ઊંડી ને ઊંડી ઊતરતી હિન્દી જનતા માટે આવા સુધારા ઉપહાસરૂપ હતા. મહાસભાએ પોકાર કર્યો કે હિન્દનું બધું ધન ઇંગ્લંડમાં ઢસડાઈ જાય છે તે બંધ કરો નહિ ત્યાં સુધી હિન્દની ગરીબાઈ દૂર થઈ શકવાની નથી. ૧૯૦૧ થી હિન્દી મહાસભાએ ઔદ્યોગિક શિક્ષણ વધારવા ઉપર જોર દેવા માંડયું અને મહાસભાના અધિવેશનની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાથે સાથે હિન્દી ઉદ્યોગનું પ્રથમ પ્રદર્શન ભર્યું. પણ આથી હિન્દની ગરીબ જનતાને કોઈ પણ જાતનો ફાયદો થતો નહોતો. હિન્દી ઉદ્યોગના વિકાસ ઉપર ભાર મૂકવાથી હિન્દના જમીનદારો, શ્રીમંતો તથા થોડા મધ્યમ વર્ગના માણસોનેજ લાભ હતો.

લોર્ડ લીટનની જેમ લોર્ડ કર્ઝન પણ અંગ્રેજી ભણેલાં હિન્દી તરફ તિરસ્કારથી જોતો હતો. કલકત્તા વિશ્વવિદ્યાલયના પદવીદાન સમારંભ વખતે લોર્ડ કર્ઝને હિન્દીઓની ઠેકડી કરતું તથા ભારતીય સભ્યતાનો ઉપહાસ કરતું ભાષણ આપ્યું. ઈ. સ. ૧૯૦૫ માં કર્ઝને બંગાળના ભાગલા પાડવાનો હુકમ કર્યો. બંગાળના ભાગ પાડી એ રીતે સરકાર બંગાળી જુવાનોની શક્તિને ક્ષીણ કરવા માગતી હતી તથા તેમની રાજકીય જાગૃતિનો નાશ કરવા માગતી હતી. બંગાળી લોકોએ સરકારના આ ફરમાનનો સખત વિરોધ કર્યો. દરેક ઠેકાણે સભા ભરાઇ અને સરકારને આવેદન પત્રો મોકલાયાં. બંગાળના શરીર પર કરવત મૂકતી સરકારનો વિરોધ કરવાનો બંગાળે દૃઢ સંકલ્પ કર્યો. બંગાળી જનતાની જબ્બર હિલચાલ શરૂ થઈ. વિલાયતી વસ્તુઓનો બહિષ્કાર બોલાયો, બંગાળમાં અજબ જાગૃતિ આવી ગઈ. જ્યાંત્યાં વંદેમાતરમના શબ્દો સંભળાયા, સ્વદેશી અને બહિષ્કારની ધૂમ મચી રહી, બંગાળના સવાલને આખી મહાસભાએ પોતાનો બનાવ્યો, ઇતિહાસના એ સંજોગોએ લોક હિલચાલમાંથી મહાસભામાં એક ઉદ્દામ વર્ગને જન્મ્ આપ્યો. પરન્તુ મહાસભામાં એ વખતે મવાલ દળનું આધિપત્ય હતું. અને જહાલ પક્ષના નેતાઓમાં લોકમાન્ય તિલક, બિપિનચંદ્ર પાલ, અરવિન્દઘોષ, તાથા લાલા લજપતરાય હતા. આ જહાલવર્ગનો પ્રભાવ બંગાળ અને મહારાષ્ટ્રમાં વિશેષ હતો. ધીમે ધીમે જુવાનો એ જહાલ વર્ગમાં જોડાતા હતા. મવાલ પક્ષ બંધારણીય ઉપાયોથી જ પોતાના ઉદ્દેશોને પાર પાડવા ઇચ્છતો હતો અને જહાલ પક્ષ પરતંત્ર દેશપર લદાયેલું કોઈ પણ શાસન વિધાન કામનું નથી એમ માનતો હતો. એનું કહેવું એમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતું કે કોઈ પણ પ્રકારે સંપૂર્ણ સ્વાતંત્ર્ય હાંસલ કરવું જોઈએ. ઈ. સ. ૧૯૦૬ માં કલકત્તામાં દાદાભાઈ નવરોજીના પ્રમુખપણા નીચે મહાસભાની બેઠક મળી. એ અધિવેશનમાં ઔપનિવેશિક શાસન એ શબ્દનો પ્રયોગ થયો. લોકમાન્ય તિલકનું એમ માનવું હતું કે સ્વરાજ એ અમારો જન્મસિદ્ધ હક્ક છે અને તે પ્રાપ્ત કરશું.

આઠમી ફેબ્રુઆરી ૧૯૦૮માં રૂસજાપાનયુદ્ધ શરૂ થયું. ચીને પણ પોતાના ઘરનો સુધારો યુરોપીય પદ્ધતિ પર કરવો શરૂ કર્યો હતો. આ બધા આંતરરાષ્ટ્રીય બનાવોની અસર હિન્દ પર પણ પડતી હતી. ૧૯૦૫માં રશિયામાં ક્રાન્તિ થઈ. તથા ડયુમાની સ્થાપના કરવામાં આવી. ૧૯૦૮માં તુર્ક યુવકોએ તુર્કીમાં પણ ફેરફાર કરવા માંડયા. બંગાળમાં ઠેરઠેર બહિષ્કારની લડત શરૂ થઈ ગઈ. વિદ્યાર્થીઓનાં આંદોલનો કાબુમાં રાખવા સરકયુલર નીકળ્યો. વંદેમાતરમનો ઉચ્ચાર કરવો એ ગેરકાયદેસર મનાયું. બારીસાલમાં અશ્વનીકુમાર દત્તે બહિષ્કારની લડતને જોરદાર બનાવી. એ સમયે કોઈએક અંગ્રેજ મેનેજરને વિલાયતી કાપડની જરૂર પડી પણ અશ્વનિકુમારની અનુમતિ વિના કોઈ પણ દુકાન વિલાયતી કાપડ વેચી શકે તેમ નહોતું. જીલ્લા મેજીસ્ટ્રેટે અશ્વનીકુમાર દત્તને પ્રાર્થના કરી અને ત્યારેજ અશ્વનીબાબુની અનુમતિથી અંગ્રેજને કપડું મળ્યું. આ સમયે પૂર્વ બંગાળનો ગવર્નર ફુલર હતો. એને આ બનાવથી ગુસ્સો ચઢી ગયો અને લોર્ડ કર્ઝનને મળવા ઊપડ્યો. પછી આસામથી ગુરખા પલ્ટન બારીસાલ બોલાવવામાં આવી. ફુલર સાહેબ બારીસાલ આવ્યા અને અશ્વનીકુમાર વગેરે કાર્યકર્તાનું અપમાન કરવા માંડયું. તેજ સમયે બારીસાલમાં પરિષદ મળતી હતી. પરિષદને અંગે એક સરઘસ નીકળ્યું. સરઘસ પર લાઠીમાર ચલાવવામાં આવ્યો. ૧૯૦૭માં રાજનૈતિક સભાઓને બંધ કરવા વિષેનો એક કાનૂન બનાવવામાં આવ્યો. લાલા લજપતરાય તથા સરદાર અજીતસિંહને એક જૂના કાયદા પ્રમાણે દેશનિકાલ કરવામાં આવ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ક્રીમીનલ લૉ એમેન્ડમેન્ટ એક્ટ પસાર થયો તથા બંગાળના નવ નેતાઓને દેશનિકાલ કરવામાં આવ્યા. ૧૯૧૦માં પ્રેસ એક્ટ પસાર કરવામાં આવ્યો અને દેશનું વાણી-સ્વાતંત્ર્ય ઝડપાઈ ગયું.

હવે સરકાર હિંદને થોડા સુધારા આપવા માગતી હતી. અને સાથોસાથ હિંદીઓનું બળ તોડવા માગતી હતી. ૧૯૦૬ માં મિન્ટોએ પ્રોત્સાહન આપી મુસ્લીમ લીગની સ્થાપના કરાવી. લીગના ઉદ્દેશોમાં મુસલમાનોની રાજભક્તિની ઘોષણા કરવામાં આવી. એ રીતે ભંગાણને ઉત્તેજના મળી તથા મુસલમાનોની દેખાદેખીથી ૧૯૦૯ માં પંજાબમાં હિંદુસભાની સ્થાપના થઈ. આ રીતે હિંદુ અને મુસલમાન બંનેની તાકાત ઓછી થતી ગઈ. એ સાથે જ ૧૯૧૧ માં બંગભંગ રદ કરી દેવામાં આવ્યો. પણ હવે મુસલ-માનોની આંખો ઊઘડતી હતી. અને તેમને પોતાના સામ્રાજ્યવાદી હિતોના રક્ષણ માટે રમકડાં બનાવતી સરકાર ઓળખાતી હતી. ૧૯૧૨ અને ૧૯૧૩ માં તુર્કીને યુરોપ સાથે યુદ્ધ થયું. એ યુદ્ધ બાલ્કન યુદ્ધ નામે ઓળખાય છે. એ યુદ્ધમાં બ્રિટિશ સરકાર તુર્કી સામે હતી. હિંદના મુસ્લીમોની સહાનુભૂતિ તુર્કી સાથે હતી. તુર્કીનો સરદાર મુસ્લીમોનો ખલીફા ગણાતો હતો. હિંદના મુસ્લી-મોએ તુર્કીને મદદ કરી તથા એ લોકો તુર્કીના રાષ્ટ્રવાદી યુવકોના સંબંધમાં પણ આવ્યા. તેથી તેમને ખબર પડી ગઈ કે બ્રિટિશની પરદેશનીતિ ઇસ્લામની તાકાતને કમજોર કરવા માટેજ હતી. એ રીતે ભારતના મુસ્લીમો પણ અંગ્રેજોના વિરોધી બની ગયા. મુસ્લીમ લીગની નીતિ બદલાઈ ગઈ. અત્યાર સુધી મુસ્લીમ લીગે રાજકીય સુધારા માટે પ્રયત્ન નહોતો કર્યો, પણ ૧૯૧૩ માં લીગનો ઉદ્દેશ પણ મહાસભાની જેમ ઔપનિવેશિક સ્વરાજનો બન્યો. હિંદુ મુસ્લીમ એકતા સધાઈ તથા એ એકતામાં આડખીલી રૂપ બ્રિટિશ સરકારના ગોઠીઆ જેવા આગાખાન સભાપતિના પદથી અલગ થઈ ગયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૯૧૫ માં મહાસભાના મવાલ પક્ષના નેતા ગોખલે તથા ફીરોજશાહ મરણ પામ્યા. મવાલ પક્ષની શક્તિ ક્ષીણ થઈ અને ધીમે ધીમે જહાલ પક્ષનો પ્રભાવ વધવા માંડયો. ૧૯૧૬ માં લોકમાન્ય તિલક તથા એનીબિસેન્ટે હોમરૂલ લીગની સ્થાપના કરી તથા દેશમાં એક વ્યાપક આંદોલનનો આરંભ થઈ ચૂકયો. ૧૯૧૪ થી વિશ્વયુદ્ધની શરૂઆત થઈ ચૂકી હતી. તેની સાથે સાથે હિંદમાં વિપ્લવવાદ પણ તીવ્ર બનતો જતો હતો. જર્મનીની મદદથી અંગ્રેજી શાસનનો નાશ કરવાની તૈયારીઓ ચાલી રહી હતી. અમેરિકામાં સ્થપાએલી ગદર પાર્ટીએ હિંદમાં વિપ્લવ કરવા થોડા શીખ કાર્ય-કર્તાઓને રવાના કર્યા હતા. બંગાળ અને પંજાબમાં રાજકીય લૂંટફાટ તથા ખૂના મરકીની શરૂઆત થઈ ચૂકી હતી. વિપ્લવનો દિવસ પણ નિર્માયો હતો. ૧૯૧૫ ના ફેબ્રુઆરીની એકવીશમી તારીખે તેની શરૂઆત નિશ્ચિત થઈ ચૂકી હતી. પણ એ શરૂઆત થાય તે પહેલાં સરકારને તેનો પત્તો મળ્યો. સરકારે વિગ્રહનું દમન કરવા ડીફેન્સ ઓફ ઇન્ડિયા એકટ પસાર કર્યો તથા વિપ્લવવાદીઓનો નાશ કરવા માંડયો. બીજી બાજુ હોમરૂલનું આંદોલન જોર પકડતું હતું. હિંદુ મુસ્લીમ ઐક્યનો લખનૌ પેકટ થયો. હવે હિંદને ઘડીભર શાંત કરવા તથા હિંદના પૂંજીપતિઓને અને મધ્યમ વર્ગના થોડાક માણસોને સંતોષવા બ્રિટિશ સરકારે એક સુધારો ઘડી કાઢયો હતો.

ઈ. સ. ૧૯૧૯ માં હિન્દ માટે પાર્લામેન્ટે એક કાનૂન બનાવ્યો. એ કાયદામાં બંધારણીય સુધારા આપવામાં આવ્યા. હિન્દીઓને થોડી વધારે પગારની જગ્યાઓ આપવામાં આવી. પ્રાંતીય શાસનના બે ભાગ પાડવામાં આવ્યા. એમાંના એક વિભાગને સુરક્ષિત કહે-વાય છે અને બીજા વિભાગને હસ્તાન્તરિત વિભાગ તરીકે ઓળખાય છે. પહેલો વિભાગ સરકારને આધીન રાખવામાં આવ્યો તથા એ વિભાગને સુપ્રત થયેલાં ખાતાંઓ સરકારની સીધી હકુમત નીચે રાખવામાં આવ્યાં. બીજા વિભાગમાં ચૂંટણીથી મંત્રીઓ નીમવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવ્યા. એ શાસન દ્વિચક્રશાસન અથવા 'ડાયરકી'ના નામથી ઓળખાય છે. સાથે સાથે બ્રિટનના કારભારીઓ હિન્દમાં ઉદ્યોગોનો વિકાસ કરવાનો પણ વિચાર કરી રહ્યા હતા. ૧૯૧૬ માં ઇંડિયા ઇંડસ્ટ્રીઅલ કમિશન નિમાયું. ૧૯૧૮ માં એ કમીશને પોતાનો રીપોર્ટ રજૂ કર્યો. હિન્દ કેવળ કૃષિપ્રધાન દેશ રહે એમ સરકારની નીતિ બદલાતી હતી. તથા યુરોપીય યુદ્ધનું કારણ એ નીતિમાં પરિવર્તન લાવતું હતું. હિન્દમાં અમુક પ્રમાણમાં ઉદ્યોગો ફેલાવાની નીતિ શરૂ થતી હતી. બ્રિટિશ સરકારે દેખ્યું હતું કે યુદ્ધની પરિસ્થિતિમાં સામ્રાજ્યના રક્ષણ માટે હિન્દમાં થોડા ઉદ્યોગોની ઉન્નતિ થાય તે પણ ઇચ્છવાજોગ છે. એ ઉપરાંત ઇંગ્લાંડના મૂડીવાદના લાભને માટે હિન્દના ઉદ્યોગોની વૃદ્ધિ કરવાની જરૂર જણાઈ હતી, એ બધાં ઉપરાંત વ્યાપાર વ્યવસાયના ઇંગ્લંડનો પુરાણો એકાધિકાર નષ્ટ થયો હતો તથા અમેરિકા, જર્મની, અને જાપન જેવા પ્રદેશો ઇંગ્લંડની હરિફાઇમાં ઊતરી ચૂકયા હતા. યુરોપના સામ્રાજ્યવાદોએ હડપ કરેલા એશિયાના બઝારોની નવી વહેંચણી કરવા માટેજ આ વિશ્વયુદ્ધ સળગી ઊઠયું હતું. એ બધી પરિસ્થિતિઓનો વિચાર કરી ઇંગ્લંડે પોતાની મૂડીનો થોડોક ભાગ હિન્દમાં રોકવાનો નિર્ધાર કર્યો. કારણ કે હિન્દમાંથી કાચો માલ સહેલાઇથી મળી શકતો હતો તથા હિન્દની મજૂરી સોંઘી હતી. એ કારણથી બ્રિટિશ મૂડીને સહાય કરવા માટે બ્રિટન સરકારે એક નવી ઔદ્યોગિક નીતિ ધારણ કરી. આ પ્રમાણે બ્રિટિશ મૂડીવાદીઓએ હિન્દમાં નવા નવા વ્યવસાયો ખોલવા માંડયા. અને વિશ્વયુદ્ધ સમાપ્ત થતાંજ લોઢાનાં અને પોલાદનાં કારખાના ઊઘડવા માંડયા. ધીમે, ધીમે હિન્દમાં ઘણા પ્રમાણમાં અંગ્રેજી કંપનીઓ રજીસ્ટર્ડ બની ગઈ તથા પોતાનો કારભાર કરવા લાગી. આજે હિન્દમાં અંગ્રેજોની મોટી મૂડી કારખાનાઓમાં રોકાયેલી છે તથા વધતી જાય છે. આજે છસો ચોત્રીસ કંપનીઓ હિન્દમાં કારભાર કરે છે. એ કંપનીઓએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિન્દમાં રોકેલી મૂડી સાડાસાત ખર્વ રૂપિયા છે. ઉપરાંત એકાવનસો ચોરણું કંપની એવી છે કે જે હિન્દમાં જ રજીસ્ટર્ડ થયેલી છે જેની મૂડી ત્રણ ખર્વ રૂપિયા જેટલી છે. ઈ. સ. ૧૯૧૧ માં ફીસ્કલ કમિશન નિમાયું. એ કમિશને એક સ્થાયી ટેરીફ બોર્ડની સ્થાપના કરી તથા હિન્દમાં રોકાયેલી પરદેશી મૂડીને રક્ષણ અપાયું, ૧૯૨૪માં લોઢાના તથા પોલાદના વ્યવસાયને સુરક્ષિત બનાવવામાં આવ્યો.

યુદ્ધ પહેલાંના સમયમાં બ્રિટીશ સરકારનો વિરોધ કરનાર મધ્યમ વર્ગના લોકો હતા, તથા જમીનદારો અને શ્રીમંતો રાજભક્તો હતા. એ સમય પર કિસાનો અને કામદારોના એવાં કોઈ પણ વર્ગીય સંગઠનો હતાં નહિ. મહાસભાએ પણ હિંદી જનતાના ઉદ્ધારનો કોઈ પણ વિચાર કર્યો ન હતો. એ વખતે સરકારનું કામ એકલા મધ્યમ વર્ગને દબાવવાનું હતું તથા એકલા જમીનદારો અને શ્રીમંતોને સંતોષવાનું હતું. પણ યુદ્ધ પછીના સમયમાં લોકજાગૃતિ આવતી જતી હતી. તથા મધ્યમ વર્ગના લોકોને પણ સુધારાઓ આપી સંતોષવા પડશે એવું ભાન સરકારને આવતું જતું હતું. તે માટે દ્વીચક્રશાસનની નીતિ અખત્યાર કરવામાં આવી હતી. એનાથી બ્રિટિશ વેપારઉદ્યોગને રક્ષણ મળ્યું હતું. ઉદ્યોગપતિઓ તથા વેપારીઓ સંતુષ્ટ થતા હતા, તથા મહાસભાના મવાલ પક્ષને સરકારે શાસન ક્ષેત્રમાં હિસ્સેદાર બનાવી મહાસભામાંથી અલગ કર્યાં હતા. અને પોતાની સાથે મિલાવી દીધાં હતાં.

મહાસભાનો જહાલ પક્ષ આ સુધારાથી સંતુષ્ટ નહતો, અને તેને નકામા સમજતો હતો. પણ મવાલ પક્ષના લોકો એ સુધારણાની યોજનાને અમલમાં મૂકવા મચી પડ્યા હતા. પણ એ સમયે મહાસભા પર જહાલ પક્ષનો કાબુ હતો તેને લીધે સરકારને સાથ આપવા માટે મવાલ પક્ષના નેતાઓને મહાસભામાંથી નીકળી જવું પડ્યું. ડો. બિસેન્ટનો પ્રભાવ પણ નરમ પડી ગયો. હોમરૂલની અલખ જગાવનાર એણે મહાસભાનો ત્યાગ કરી મવાલ પક્ષ સાથે મિલાપ કર્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ બધા મવાલ પક્ષના નેતાઓએ લીબરલ ફેડરેશન નામની પોતાની એક અલગ સંસ્થા સ્થાપી.

બીજી બાજુ લોકહિલચાલનું આંદોલન પણ આગળ વધતું હતું. યુરોપીય યુદ્ધના સમયમાં વિપ્લવને કચડવા માટે થયેલા ડીફેન્સ ઓફ ઇંડિયા એકટની મદદથી હિન્દના જુવાનોને જકડી લેવામાં આવ્યા. ૧૯૧૮માં રોલેટ કમિશન નિમવામાં આવ્યું. એ કમિશને રજૂ કરેલા અહેવાલ પ્રમાણે સરકારે ૧૯૧૯માં બે બીલ રજૂ કર્યાં જે કાળા કાયદાના નામે પ્રસિદ્ધ છે. અઢારમી માર્ચ-ને દિવસે એ બીલ પસાર થયું. એ સમયે એ કાયદાને તોડવા માટે ગાંધીજીએ એક કમિટિ નીમી. સત્યાગ્રહની પ્રતિજ્ઞા કરી અને ત્રીસમી માર્ચે હિન્દભરમાં હડતાળ પાડવાનું જાહેર કર્યું. ૧૯૧૯ના માર્ચના ત્રીસમા દિવસે આખું હિન્દ હડતાળ પર ગયું. ગાંધીજી, યુદ્ધનો આરંભ થયા પછી દક્ષિણ આફ્રિકામાંથી આવી પહોંચ્યા હતા, પણ હિન્દની રાજનીતિમાં કોઈ વિશેષ ભાગ લેતા ન હતા. ગોખલેની સલાહથી એ એક વર્ષ સુધી હિન્દની પરિસ્થિતિનો માત્ર અભ્યાસ કરતા હતા. ત્યારપછી ગાંધીજીએ સામાજિક સુધારો હાથમાં લીધો હતો. સરકારે એ સમયે ગાંધીજીનો ખૂબ આદર કર્યો અને તેમને કૈસરેહિન્દનો સુવર્ણચન્દ્રક ભેટ આપ્યો. યુધ્ધના સમયમાં ગાંધીજીએ સરકારને ખૂબ મદદ કરી હતી. ૧૯૧૮માં ગાંધીજીએ કહ્યું હતું કે યુધ્ધમાં સરકારને મદદ કરવી એ સ્વરાજ મેળવવાનો સીધો અને સરળ ઉપાય છે. ગાંધીજીએ ગુજરાતના લોકોને બ્રિટનના સામ્રાજ્યવાદના લશ્કરમાં જોડાવાની અપીલ કરી. પણ પરિ-સ્થિતિ બદલાતી હતી. પોતાના નફા માટે હિંદના વતનીઓને કપાવી નાખનાર બ્રિટિશ શાહીવાદની બાજી ખુલ્લી પડતી હતી. સામ્રાજ્ય-વાદના હાવભાવમાં ફસાઈ ગયેલા ગાંધીજીની ઊંઘ પણ ઊડતી હતી અને રોલેટ એકટનો વિરોધ થતો હતો.

ગાંધીજીએ આફ્રિકામાં અજમાવેલું સત્યાગ્રહનું હથિયાર સરકાર સામે ઉઠાવ્યું. તથા લોકશક્તિના નામમાં શાહીવાદને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડકાર કર્યો. ગાંધીજીનું સત્યાગ્રહનું હથિયાર ટૉલસ્ટૉય, થોરો અને રસ્કિનના વિચાર પર ઘડાયું હતું તથા સત્ય અને અહિંસાના વ્યક્તિવાદી ખ્યાલ પર રચાયું હતું. હિંદીઓને માટે સત્યાગ્રહનો આવો સામુદાયિક પ્રયોગ પહેલો હતો. એ પ્રયોગમાં રાજસત્તા સામે લોકસત્તા મુકાબલે ચડી હતી. ગાંધીજીએ એ લોકશક્તિને એક સેનાપતિને છાજે તેવા શબ્દોથી ઉત્તેજી હતી. પરિણામે જે શક્તિને ગાંધીજીએ જગાડી હતી તે શક્તિ જોરદાર બનતાં વિપ્લવના માર્ગ પર ચડી જતી હતી. અમદાવાદ તથા અમૃતસરમાં રમખાણો થયાં. લશ્કરની મદદથી સરકારે લોકોને કચડી નાખ્યા. ગાંધીજીએ પોતે હિમાલય જેવડી ભૂલ કરી છે એમ કહીને સત્યાગ્રહને સંકેલી લીધો અને શાંતિની સ્થાપના કરવા માટે સરકારને મદદ કરી. રમખાણો શમી ગયાં હતાં પણ સરકારની દમનનીતિ પાછી ખેંચાઈ નહોતી. સરકારે ૧૯૧૯ ના એપ્રિલની તેરમી તારીખે જલીયાંવાલા બાગમાં એક ભયંકર અત્યાચાર કર્યો. આખા પંજાબ પર ગુજરાંવાલા, અમૃતસર તથા કસુર વગેરે સ્થાનોમાં લોકોને વિંધી નાખવામાં આવ્યાં, જાહેર રીતે ફટકા મારવામાં આવ્યા. પેટ પર ચલાવવામાં આવ્યા તથા અનેક રીતે પીડવામાં આવ્યા. મિલ્કતો જપ્ત કરવામાં આવી. સરકારે શરૂ કરેલા આ ભયંકર દમનરાજ્યથી આખો હિંદ ખળભળી ઊઠ્યો. સરકારે આ દમનનીતિ ચલાવતા અમલદારોને અભિનંદન આપ્યાં. ગાંધીજીને આ સમયે સરકારી મનોવૃત્તિનો સ્પષ્ટ ખ્યાલ આવ્યો. ગાંધીજીએ સરકારને બોઅર યુદ્ધ સમયે તથા ઝૂલુ લોકોએ કરેલા વિપ્લવ વખતે ખૂબ મદદ કરી હતી તથા યુરોપીય મહાયુદ્ધમાં બ્રિટિશની મદદમાં હિંદી જનતાને જોડી હતી.

૧૯૨૦ માં મહાસભાના અધિવેશનમાં અહિંસાત્મક અસહકારની નીતિનો સ્વીકાર થયો તથા સ્વદેશી અને બહિષ્કારની યોજનાને પણ સ્વીકારવામાં આવી. સરકારે કોંગ્રેસના સ્વયંસેવક દળને ગેરકાયદેસર જાહેર કર્યું. ૧૯૨૧ માં અમદાવાદની મહાસભાએ સત્યાગ્રહની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તૈયારી કરવાની સલાહ આપી. ગાંધીજીને અખિલ હિંદ મહાસભા સમિતિનો સમસ્ત અધિકાર આપવામાં આવ્યો. ગાંધીજીએ સૌથી પહેલાં બારડોલી તાલુકામાં સત્યાગ્રહનો આરંભ કરવાનો વિચાર કર્યો ત્યાં તો ચૌરીચોરાનો બનાવ બન્યો. એ ઘટનાને લીધેજ વિપ્લવના એ સ્વરૂપને દેખીનેજ મહાત્માજીએ સત્યાગ્રહનો વિચાર માંડી વાળ્યો. ૧૯૨૨ની ફેબ્રુઆરીની અગિયારમી તારીખે બારડોલીમાં કાર્યવાહી મળી અને તેણે મહાસભા સમિતિઓને ફરમાન કાઢયાં કે સરકારી આજ્ઞાઓનો વિરોધ કરવા માટે સરઘસો નહિ કાઢવાં, સભાઓ નહિ ભરવી અને દેશમાં શાંતિ અને અહિંસાનું વાયુમંડળ રેલાઇ ન જાય ત્યાંસુધી રચનાત્મક કાર્યો જ કરવાં. આ રીતે જનતાના વિપ્લવાત્મક સ્વરૂપથી બીધેલા ગાંધીજીની સલાહથી મહાસભાએ સરકારનો વિરાધ બંધ કરાવી દીધો એટલુંજ નહિ પણ એવી સૂચનાઓ આપી દીધી કે ખેડૂતોએ જમીનદારોનો કોઇપણ સ્થળે વિરોધ કરવો નહિ. કિસાનોને મહાસભાએ હુકમ કર્યો કે જમીનદારોનું જમીનમહેસૂલ અટકાવવું એ કિસાનો માટે મહાસભાના ઠરાવથી વિરૂધ્ધ છે. સંયુક્ત પ્રાંતના જમીનદારોને સંતોષ આપવા માટે મહાસભાએ આ જાતનો ઠરાવ કર્યો. તે સમયે જીલ્લાઓમાં કિસાન સભાઓના સંગઠન શરૂ થયાં હતાં તથા કિસાનો જમીનદારના જુલ્મી ધારાધોરણો સામે લડવા માગતા હતા. પરંતુ ગાંધીજી જમીનદારો અને કિસાનોની આર્થિક લડત નહિ ચાહતા હોવાથી તે સમયની કિસાન હિલચાલને આ રીતે દાબી દેવામાં આવી.

પણ લોકોનો જુસ્સો નરમ પડયો નહોતો. સત્યાગ્રહને સંકેલી લેવાથી લોકો અસંતુષ્ટ થયા હતા. તે કારણથી ૧૯૨૨માં મહાસભાના દિલ્હીના અધિવેશનમાં બારડોલીના પ્રસ્તાવને સુધારીને સ્વીકારવામાં આવ્યો. પ્રાંતોને સરકારી ફરમાનો સામે વ્યક્તિગત સત્યાગ્રહ કરવાનો અધિકાર આપવામાં આવ્યો. સત્ય અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહિંસાની વૈયક્તિક વિચારસરણીનું આ વૈયક્તિક પરિણામ હતું. પણ ફરીથી શરૂ થયેલા સત્યાગ્રહના વાતાવરણને લીધે ગાંધીજીને ગીરફતાર કરવામાં આવ્યાં. તથા ૧૯૨૨ના માર્ચની અઢારમી તારીખે તેમને છ વર્ષની કારાવાસની શિક્ષા ફરમાવવામાં આવી. ત્યાર પછી ૧૯૨૩માં દેશબંધુદાસની સરદારી નીચે સ્વરાજ પાર્ટીની સ્થાપના થઈ. આ સ્વરાજ પાર્ટીએ પોતાનો કાર્યક્રમ જાહેર કર્યો તથા સ્પષ્ટ કર્યું કે દેશની અવસ્થા અને પરિસ્થિતિને અનુકૂળ શાસનવિધાન બનાવવાનો અધિકાર તથા વર્તમાન શાસન પર કાર્યસાધક નિયંત્રણ પ્રાપ્ત કરી પૂર્ણ ઔપનિવેશિક સ્વરાજ પ્રાપ્ત કરવું. ધારાસભાઓમાં પ્રવેશ કરી સરકાર પાસે રાષ્ટ્રની માગણીઓ રજૂ કરવી. અને સરકાર જો એનો સંતોષકારક જવાબ ન ન આપે તો ધારાસભાઓ દ્વારા બહુમતિઓ મેળવી સરકારી શાસન કાર્યને અશક્ય બનાવી મૂકવું. એ રીતે ૧૯૨૩માં બે વર્ગો વધારે સ્પષ્ટ બની ગયા. ગાંધીજીના અનુયાયીઓને અહિંસાત્મક અસહકારના કાર્યક્રમમાં પૂરેપૂરો વિશ્વાસ હતો. રાજગોપાલાચારી અને વલ્લભભાઈ પટેલ એમાં મુખ્ય હતા અને એ લોકોની બહુમતિ હતી. પરંતુ મહાસભાના પ્રમુખ દેશબંધુદાસની એ બહુમતિ સાથે અનુમતિ ન હોવાથી અને પોતે સ્વરાજ પાર્ટીના સરદાર હોવાથી તેમણે કોંગ્રેસના પ્રમુખપદનો ત્યાગ કર્યો. એ ઉપરાંત ગાંધીજી અને તેમના અનુયાયીઓ જે લોકો રચનાત્મક કાર્યક્રમમાં માનતા હતા તેમની અંદર પણ ઝગડો હોવાથી રચનાત્મક કાર્યક્રમનો અમલ બરાબર રીતે થઈ શકતો નહતો. હિંદુ મુસલમાનોમાં પણ રમખાણો શરૂ થઈ ગયાં હતાં. એ રીતે સરકારની ભંગાણ નીતિ દિવસે દિવસે વધતી જતી હતી. તથા મહાસભાનો પ્રભાવ ધીમે ધીમે ઘટતો જતો હતો. ત્યાર પછી ગાંધીજીને તેમની બિમારીને લીધે જેલમાંથી છોડી દેવામાં આવ્યા. અને તેમને મહાસભાના બંને વર્ગમાં એકતા લાવવાનું કામ સૌથી અગત્યનું લાગ્યું. ૧૯૨૪ના મે માસની ૨૨મી તારીખે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેશબંધુદાસ તથા મોતીલાલ નેહરૂ સાથે સમજુતી થઈ અને ત્યાર પછી મહાસભા તરફથીજ સરકારી તંત્રમાં બંધારણીય કાર્યક્રમનો અમલ કરવાનું કામ સ્વરાજ પાર્ટીને સોંપવામાં આવ્યું.

ત્યાર પછી ૧૯૨૭માં સરકાર તરફથી સાયમન કમિશનની નિમણુંક કરવામાં આવી. એ કમિશનમાં એક પણ હિંદીની નિમણુંક કરવામાં આવી નહોતી. એ કારણથી મવાલ પક્ષના લોકો પણ અસંતુષ્ટ બની ગયા અને તેમણે સાયમન કમિશનનો બહિષ્કાર કરવા નિશ્ચય કર્યો. મહાસભાનો બીજો ભાગ પણ સરકારના આ નિર્ણયથી અપ્રસન્ન બન્યો. મહાસભાની માગણી ગોળમેજી પરિષદ દ્વારા શાસન વિધાન તૈયાર કરવાની હતી પણ સરકારે ગોળમેજી પરિષદ બોલાવવાને બદલે રોયલ કમિશનની નિમણુંક કરી તેથી ૧૯૨૭માં બધા રાજકારણીય વર્ગોમાં અસંતોષ વ્યાપી રહ્યો. મહાસભાએ સાયમન કમિશનનો વિરોધ કરવાનું ફરમાન કાઢયું. જે દિવસે સાયમન કમિશનના સભ્યો હિન્દની ભૂમિ પર ઊતર્યા તેજ દિવસે આખા હિન્દમાં હડતાલ પડી. પછી જ્યાં જ્યાં સાઇમન કમિશન ફર્યું ત્યાં ત્યાં તેની સામે કાળા વાવટા ફરકાવતાં સરઘસો નીકળ્યાં, તથા કમિશનને તિરસ્કારી કાઢતી સભાઓ પર પોલિસે ઠેરઠેર લાઠી પ્રહાર કર્યો. લાલા લજપતરાય એ લાઠીમારથી જખમી થઈ મરણ પામ્યા.

ત્યારપછી ૧૯૨૮માં મહત્ત્વની ઘટનારૂપ બારડોલીનો સત્યાગ્રહ આવ્યો. વલ્લભભાઇ પટેલની સરદારી નીચે બારડોલીના ખેડૂતોએ સત્યાહગ્રહ શરૂ કર્યો તથા સરકારી મહેસુલ આપવું બંધ કર્યું. સરકારે જપ્તીઓ અને અત્યાચારદ્વાર દમનનો કોરડો વીંઝવા માંડ્યો પણ બારડોલીના કિસાનો ડગ્યા નહિ. પરિણામે સરકારની હાર થઈ અને લોકશક્તિનો વિજય થયો.

ઠેર ઠેર યુવકસંઘો સ્થપાવા લાગ્યા. બંગાળના યુવકોએ મજબૂત સંગઠન કર્યું. મજૂરોની હિલચાલ પણ શરૂ થઈ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખાસ કરીને મુંબઈમાં મજૂરોએ પાડેલી હડતાલ હિન્દની કામદાર હિલચાલમાં ખૂબ મહત્ત્વની બની ગઈ. એ હડતાળ ૭ માસ સુધી લંબાઈ હતી, બંગાળના અઢી લાખ જેટલા મજૂરો પણ ૧૯૨૯ માં હડતાળ પર ગયા. ૧૯૨૯ના માર્ચની વીસમી તારીખે મુંબઈ, બંગાળ, સંયુક્ત પ્રાંત અને પંજાબના મજૂર કાર્યકર્તાઓ ગીરફતાર થઈ ગયા. મિરત કોન્સ્પીરેસી કેસનો યાદગાર મુકર્દમો મંડાઈ ચૂકયો હતો. જતીન્દ્રનાથ ભૂખમરાની હડતાલ પર ગયા અને મરણ પામ્યા. આખો દેશ હચમચી ઊઠયો. આંતરરાષ્ટ્રીય પ્રદેશ પર મહાસભાનું મહત્ત્વ પહેલીવાર આલેખાયું હતું. મહાસભાનું લાહોરનું અધિવેશન પાસે આવતું હતું. તે પહેલાં લોર્ડ ઈર્વીને જાહેર કર્યું કે સરકારનું ધ્યેય હિન્દને ઔપનિવેશિક સ્વરાજ્ય આપવાનું છે. ત્યાર પછી એની એ જાહેરાતનો અર્થ સમજવા માટે ગાંધીજી, મોતીલાલ નહેરૂ, ડો. સપ્રુ, વિઠ્ઠલભાઇ પટેલ, તથા ઝીન્ના ૧૯૨૯ના ડીસેમ્બરમાં ત્રેવીસમી તારીખે દિલ્હીમાં વાઈસરોયને મળ્યા. પણ એ મુલાકાતમાં વાઈસરોયે કોઇપણ જાતની કબૂલાત આપી નહિ. અને નેતાઓ નાસીપાસ થઇને લાહોર અધિવેશનમાં ગયા. લાહોરની મહાસભાએ ગોળમેજી પરિષદમાં ભાગ ન લેવાનો નિર્ધાર કર્યો. તથા મહાસભાના ધ્યેય તરીકે સ્વરાજ શબ્દનો અર્થ સંપૂર્ણ સ્વાતંત્ર્ય અથવા બ્રિટિશ શાહીવાદ સાથે છૂટા છેડા એવો કર્યો.

મહાસભાના એ અધિવેશનમાં નહેરૂ કમિટિની યોજના રદ કરી દેવામાં આવી. અખિલ હિન્દ મહાસભા સમિતિને યોગ્ય લાગે તેમ સત્યાગ્રહનું આંદોલન શરૂ કરી દેવાનો અધિકાર આપવામાં આવ્યો. પછી ૧૯૩૦ની જાનેવારીની ૨૬મી તારીખને મહાસભાની કાર્યવાહક સમિતિએ સંપૂર્ણ સ્વાતંત્ર્ય દિન તરીખે ઊજવવાનું ફરમાન કાઢયું. ૧૯૩૧ ના ફેબ્રુઆરીમાં કાર્યવાહીની એક બેઠક સાબરમતીમા મળી. એણે સવિનય ભંગની લડતનો નિશ્ચય કર્યો. લોકોની સરકાર સામેની એ લડત સંપૂર્ણ સ્વરાજ માટેનો પહેલો સંગ્રામ હતો. એણે આખા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેશના ખૂણે ખૂણે આત્મબલિદાનનો અપૂર્વ પરિચય કરાવ્યું. એંશી હજાર લોકો જેલમાં ગયા. કેટલાક માર્યા [illegible] એ જંગમાં સ્ત્રીઓએ પણ પોતાનો ફાળો આપ્યો. નાનાં નાનાં બાળકોની વાનર સેનાઓ પણ મશહૂર બની ગઈ. એ સવિનય ભંગના આરંભ પહેલાં માર્ચની બીજી તારીખે ગાંધીજીએ વાઈસરોયને એક પત્ર મોકલ્યો. સમજુતિનો એ અંતિમ પ્રયત્ન હતો. એ પત્રમાં ગાંધીજીએ બ્રિટિશ શાસનની બૂરાઈઓનો ઉલ્લેખ કર્યો હતો તથા સરકારી કાયદાનો ભંગ કરવાનો પડકાર કર્યો હતો. ગાંધીજીની સરદારી નીચે લોકશક્તિ શાહીવાદના પશુબળનો મુકાબલો કરવા તૈયાર થતી હતી. માર્ચની બારમી તારીખે એંશી સ્વયંસેવકની એક ટૂકડી સાથે મીઠાનો કાયદો તોડવા માટે ગાંધીજીએ દાંડી તરફ કૂચ કરી. એ ઐતિહાસિક કૂચે ગુજરાતમાં અજબ જાગૃતિ આણી. એપ્રિલના છઠ્ઠા દિવસે ગાંધીજીએ દાંડીના સમુદ્ર કિનારા ઉપર સરકારી કાયદો તોડચો. તે દિવસથી કારોબારીના ઠરાવ પ્રમાણે આખા દેશને સત્યાગ્રહ કરવાની છૂટ મળી ચૂકી હતી. ઠેરઠેર ગેરકાયદેસર મીઠું બનવા લાગ્યું અને વેચાવા લાગ્યું. સરકારી કારાગારોમાં લોકો હજારોની સંખ્યામાં જવા લાગ્યા. પોલિસ અત્યાચારો શરૂ થઈ ચૂકયા. આખી હિન્દની ધરતી સરકારી લાઠીમારના લોહીથી રંગાઈ ગઈ. સત્યાગ્રહી છાવણીઓ પર હુમલાઓ શરૂ થઈ ગયા. જેલનાં દમન જોરશોરથી વધી પડ્યાં. રાજકેદીઓ ઉપર અનેક જાતનાં પીડનો અજમાવવામાં આવ્યાં. જુવાનો જેલમાં મરવા માંડ્યા. થોડા ગાંડા પણ થઈ ગયા. ધોલેરા અને દાંડીની ધરતી સરકારી પશુબળે માંડેલા પશુબળોના ખૂની વર્તાવની આજે પણ સાક્ષી પૂરે છે. મીઠાના કાયદાને ભાંગવાની સાથે સાથે દારૂ અને વિદેશી વસ્ત્રનો બહિષ્કાર પણ શરૂ થયાં. સફળ પીકેટિંગો ગોઠવાઈ ગયાં. ત્રેવીસમી એપ્રિલે પેશાવરમાં ગોળીબાર થયો. સેંકડોની સંખ્યામાં છાતીએ ધાવતાં બાળકો સાથે સ્ત્રીઓ પણ વિંધાઈ ગઈ. હજારો ઘાયલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયા. સતાવીશમી એપ્રિલે વાઇસરોયે પ્રેસ ઓર્ડીનન્સ પસાર કર્યો. પાંચમી મેને દિવસે ગાંધીજીને કરાડીમાંથી ગીરફતાર કરવામાં આવ્યા. પછી ધરાસણાનો જંગ મંડાયો. પોલિસની લાઠી ધરાસણામાં ફરી વળી. ધરાસણાનો સમુદ્ર કિનારો લોહીથી છંટાઈ ગયો. મે માસમાં ફરી વાર મહાસભાની કારોબારી મળી. તેણે જ્યાં રૈયતવારી પ્રથા હોય ત્યાં જમીન મહેસૂલ નહિ આપવાનું ફરમાન કાઢ્યું તથા બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં ચોકીદારી ટેક્ષ બંધ કરી દેવામાં આવ્યો. ૧૯૩૦ ના મેની ૧૫ મી તારીખે સોલાપુરમાં માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો. મહાસભા સમિતિઓ ગેરકાયદેસર બની ગઈ. ત્રીસમી મેને દિવસે વાઈસરોયે પિકેટિંગ તથા સરકારી અમલદારોનો સામાજિક બહિષ્કાર અને કરબંધીના આંદોલનોને રોકી દેવાને માટે બીજા બે ઓર્ડીનન્સો પસાર કર્યા. દિલ્હી તથા લખનૌમાં ગોળીબાર શરૂ થયા. ગીરફતારીઓ, જડતીઓ, જપ્તીઓ તથા લાઠીમારોના પ્રહારો આખા દેશ પર વ્યવસ્થિત ગોઠવાઈ ગયા. મહાસભાની કારોબારીએ જૂન માસમાં બ્રિટિશ માલનો બહિષ્કાર કરવાનું ફરમાન કાઢ્યું તથા મધ્યપ્રાંત, વરાડ, કર્ણાટક ને મહારાષ્ટ્રમાં જંગલના કાયદાઓ તોડવામાં આવ્યા.

જૂનની ચોવીસમી તારીખે સાયમન કમિશને પોતાની સૂચનાઓ જાહેર કરી. એથી કોઈને પણ સંતોષ થયો નહિ. દિલ્હીમાં મહાસભાની કારોબારીની બેઠક મળી. એ બેઠકમાં ડૉ. અનસારી, માલવીયા, વિઠ્ઠલભાઈ પટેલ તથા કારોબારીના બીજા સભ્યોને ગીરફતાર કરવામાં આવ્યા. એકેએક જીલ્લામાં મહાસભા સમિતિને ગેરકાયદેસર ઠરાવવામાં આવી. મહાસભાની સ્થાવર મિલ્કતો પર સરકારી ચોકીઓ બેસી ગઈ. જંગમ મિલ્કતો સરકારે પોતે કબજે કરી. નવેમ્બરની બારમી તારીખે પાંચમા જ્યોર્જે ગોળમેજીની ઉદ્ઘાટન ક્રિયા કરી એ દિવસે આખા હિંદમાં હડતાલ પડી. ૨૩મી ડિસેમ્બરે વાયસરોયે બીજા બે ઓર્ડીનન્સો પસાર કર્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૯૩૧ ના જાન્યુઆરીની ઓગણીસમી તારીખે બ્રિટનની રાજસભાના મુખ્ય પ્રધાને મહાસભાનો સહકાર મેળવવા માટેની પોતાની ઉત્સુકતા પ્રગટ કરી. તથા તેની સૂચનાથી મહાસભા કારોબારીના બધા સભ્યોને મુક્ત કરવામા આવ્યા. માર્ચની પાંચમી તારીખે ગાંધી ઈરવીન સલાહ થઇ. બીજી બાજુ ભગતસિંહ, રાજગુરુ ને દત્ત જેવા હિંદના ક્રાન્તિકારી જુવાનોને ફાંસીના માંચડા પર લટકાવી દીધા. ગાંધી ઈરવીન સલાહ પર વધેરાઈ જતી ક્રાન્તિનાં ખૂનનાં ટીપાં ટપકયાં. દેશ આખાએ અંગ છેદની વેદના અનુભવી, દેશના દૂધમલ દિકરાને શાહીવાદી ભૂતાવળના ખૂની પંજા ખેંચી જતા હતા. દેશ આખો જોઈ રહ્યો હતો અને કકળી ઊઠયો હતો. એ ખૂન! એ કકળાટ, એ કારમા ચિત્કારની સાથોસાથ ગાંધી ઈરવીન પેકટને સુભાષબાબુ ને વિઠ્ઠલભાઈ પટેલની વીરોચીત વાણી પરદેશમાંથી પડકારી રહી હતી. એ પેકટ પર સરકારી કારાગારના સળીયા પાછળથી જવાહરલાલજી ખેદ વરસાવી રહ્યા હતા પણ પેકટ થયો કારણ કે કહેવાતી અહિંસાના ઉપાસક ગાંધીજી એ ઇચ્છતા હતા અને કારણ કે શાહીવાદી હિંસાનું ખૂની ચોકઠું સાચવવા આવેલો અંગ્રેજશાહીનો મુકાદમ ઇરવીન એ ઇચ્છતો હતો. સંધી થઇ અને પછી ૧૯૨૧ પછીની લડત દાસબાબુની સ્વરાજપાર્ટીમાં શમી ગઈ તેમ આ લડત પણ બંધારણવાદમાં અંત પામી. વાઇસરોયે બધા ઓર્ડીનન્સો પાછા ખેંચી લીધા તથા સત્યાગ્રહી કેદીઓને જેલમાંથી મુક્ત કરવા માંડયા. મહાસભાએ ગાંધીજીની સલાહથી સત્યાગ્રહની લડતને સંકેલી લીધી.

ત્યાર પછીનો કાળ ગ્રામ ઉદ્યોગોનો, સરકારી સહકારનો તથા બીજાં રચનાત્મક કાર્યક્રમનો આવ્યો. ૧૯૩૭ માં નવું બંધારણ આવ્યું. દેશના જહાલ પક્ષે એ બંધારણમાં પ્રધાનપદાં સ્વીકારવાનો સખ્ત વિરોધ કર્યો. પણ મહાસભામાં મવાલ પક્ષની બહુમતિ હોવાથી પ્રધાનપદ સ્વીકારાયાં. મહાસભાએ નક્કી કરેલા પ્રધાનોએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સરકારનાં શાસન સંભાળી દીધાં અને સરકારી ચોકઠાંમાં રહીને રાજતંત્ર ખેડવા માંડયું. શાહીવાદી હિંસક સત્તા સામે લોકશક્તિના મુકાબલાને બદલે એ હિંસક સત્તા સાથે સહકાર કરીને મહાસભાવાદી સરકારે કહેવાતી શાંતિના નામે સરકારી કાયદો અને સરકારી વ્યવસ્થા જાળવવા માંડયાં. ગાંધીજીએ સંભળાવી દીધું કે હવે સત્યાગ્રહની જરૂર નહિ પડે. ૧૯૨૧ માં દાસ બાબુએ ઊભી કરેલી સ્વરાજપાર્ટી જેવી વલ્લભભાઈ પટેલની સરદારી નીચે પાર્લામેન્ટરી બોર્ડ સ્થપાઈ. મહાસભાએ નવા બંધારણનું ખૂની ચોકઠું તોડી નાખવા માટે સત્તા સ્વીકારી પણ ચોકઠું તૂટી ગયું નહિ. અહિંસા શકય બની નહિ. ઉલ્ટું મહાસભાવાદી પ્રધાનોએજ સરકારી શાસનની વ્યવસ્થા સંભાળવા મજૂરોની શાંત હડતાળો હિંસક દમનોથી તોડી નાખી. મજૂરોની હડતાળો નામંજૂર કરતો લોકશાસનને કલંકરૂપ એવો કાળો કાયદો મુંબઈ ધારાસભામાં સરકારના મજૂર મંત્રી શ્રી નંદાની સૂચનાથી પ્રવેશ પામ્યો. મવાલપક્ષે સત્ય અને અહિંસાના નામમાં એ કાળા કાયદાને પણ અભિનન્દન આપ્યાં. એ રીતે શાહીવાદના પેટ જેવા નવા બંધારણમાં પેસીને એ પેટને ફાડી નાખવાની પ્રધાનોની મુરાદ મોંઘી પડી ગઈ. નવા બંધારણનું લોખંડી ચોકઠું ફાટયું નહિ. આજે હિન્દના રાજકારણમાં નવા નવા રંગો બદલાતાં જાય છે. શાહીવાદી વિરોધી મોરચા વધારે વધારે મજબૂત બનતા જાય છે. દેશભરના જુવાનો વધારેને વધારે ક્રાન્તિશીલ થતાં જાય છે. આવતી કાલના હિન્દનું ભાવી એ જુવાનોના હાથમાં છે. આવતી કાલની દુનિયાના ઇતિહાસમાં હિન્દની સંસ્કૃતિના નૂતન ઊગમનાં વહેણ હિન્દની જનતા વહાવવાની છે. આજનો હિન્દી શાહીવાદ સામેની જનતાની સતત લડત જુવે છે તથા પરદેશી સત્તાને આવતી કાલે ફગાવી દઈ નવજીવન પ્રાપ્ત કરવા માટે જીવે છે. સંસ્કૃતિના વ્હેણમાં શમી ગયેલાં પૂર્વના બીજા દેશો કરતાં હિંદ એ રીતે જુદો છે. કારણકે હિંદ જીવતો છે અને જીવનની દિશામાં કૂચ કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૧

# ચીન

## પૂર્વ ઇતિહાસ

ચીનની પ્રાચીન સંસ્કૃતિએ યુરોપના વિદ્વાનોને મુગ્ધ કર્યા છે. ડીડેરોટે ચાઈનીઝ પ્રજા માટે લખ્યું છે કે એ લોકો એશિયાની બધી પ્રજાઓ કરતાં ચઢિયાતા છે. વોલ્ટેરે કહ્યું કે ચીની મહારાજ્ય ચાર હજાર વર્ષ પહેલાં સૌથી સર્વોપરી હતું. કાઉન્ટ કૈસર્લીંગે પણ એ પ્રજાની પ્રાચીન મહત્તા પર ઓવારણાં લીધાં છે. હજુ આજ સુધીની પ્રજા પોતાની એ મહત્તા સ્વીકારતી હતી તથા દુનિયાની બીજી પ્રજાઓને પરદેશી અને જંગલી માનતી હતી. એવી ચીનની પ્રાચીન મહત્તાને ન ઓળખનારને ચીન પર પથરાયલા આજના કાળા પડદા નીચેથી પણ ચીનની સૌથી સમૃદ્ધ પ્રાચીન મહત્તાનાં દર્શન થયા વિના રહે તેમ નથી. ઈ. પૂ. ૧૭૦૦ ના સમયમાં ચીન પર અત્યંત ઉત્કૃષ્ટ એવી કવિતાઓનાં કવન થતાં હતાં, આદર્શવાદી પણ વ્યવહારૂ એવી ચિંતન પ્રથાનાં નવનીત રેલાતાં હતાં, શિલ્પ અને ચિત્રમાં અજોડ એવી શક્તિમત્તા દેખાઈ આવતી હતી, અને ઇતિહાસે ન જોયેલી એવી સમાજરચના અસંખ્ય મનુષ્યને એક સાથે જીવનવ્યવહારમાં જોડી રહી હતી. એવી ચીનની પ્રાચીન સંસ્કૃતિએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગ્રીક લોકોને જંગલી જોયા છે, બેબીલોનિયા, એસીરિયા, પર્શિયા, જુડિયા, એથેન્સ અને રોમના ઉદય તથા અસ્ત નજરોનજર નીહાળ્યા છે. વેનીસ અને સ્પેઈનને શરૂઆતથી ઊગતા દીઠા છે.

વિશાળ મહાસાગરોથી ઘેરાયલો એવા ઊંચા પર્વતોથી વિંટળાયલો એવા ચીનના પ્રદેશની એક બાજુએ દુનિયાના સૌથી મહાન રણોમાંનું એક એવું રણ છે. આ રીતે દુનિયાના સંપર્કથી સલામત અને વિખૂટા પડીને જેમ ચીને પોતાની સંસ્કૃતિ સાધી છે તેમ એના જીવનના વ્હેણને બંધિયાર પણ બનાવી દીધાં છે. ચીનની દક્ષિણને ફળદ્રૂપ બનાવતી ત્રણ હજાર માઈલ લાંબી એવી યાંગટાસ નદી તથા દૂર ઉત્તરમાં હોંગહો અથવા પીળી નદીનાં પાણી પશ્ચિમની પર્વતમાળાઓમાંથી ઊતરે છે. એ નદીઓના કિનારે કિનારે તથા વ્હી અને બીજા વિશાળ પ્રવાહોને આરે આરે ચીનની સંસ્કૃતિ શરૂ થઈ. એ સંસ્કૃતિએ એની શરૂઆતમાં હજારો વર્ષ પહેલાં જંગલના પશુઓને હાંકી કાઢયાં હતાં. આસપાસના જંગલનાં આક્રમણોને વારી રાખ્યાં હતાં. આકરો જીવનકલહ અનુભવતાં જમીનને ખેડી હતી. દુષ્કાળ અને પ્રલયો સામે પોતાનું રક્ષણ કરીને હજારો નહેરો બાંધી હતી. ઘરો અને મહાલયો ચણ્યાં હતાં તથા દેવળો નિશાળો અને આરામગાહો ઊભાં કર્યાં હતાં. એવી ચીની સંસ્કૃતિને આજે ભરખી જતા વેપારી મનુષ્યને શી ખબર પડે કે એ સંસ્કૃતિના ઘડતરમાં લાખો મનુષ્યોએ પોતાની જાત નીચોવી આપી હતી.

ચીની પ્રજા કયાંથી આવી તેની કોઈને ખબર નથી અથવા ચીની સંસ્કૃતિ ચોક્કસ કેટલી જૂની છે તેની ગણત્રી થઈ નથી. જૂના અવશેષો પરથી માલમ પડે છે કે મોંગોલીઆમાં ઈ. પૂ. વીસ હજાર વર્ષ પહેલાં માણસોની ખૂબ ગીચ વસ્તી હતી. પછી ધીમે ધીમે દક્ષિણ મોંગોલીઆ સૂકાઈ જવા લાગ્યો અને ત્યાં ગોબીનું રણ બનવા લાગ્યું એટલે તે સમયે મોંગોલીઆની વસ્તી ધીમે ધીમે સાઈબીરીઆ અને ચીન પર પથરાતી ગઈ. દક્ષિણ મંચુરીઆમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયેલી શોધખોળોથી માલમ પડે છે કે ઇજીપ્ત અને સુમેરિયામાં સંસ્કૃતિ-ની શરૂઆત પછી મંચુરીયામાં પણ ત્યાંના વતનીઓએ પત્થરનાં હથિ-યારો વાપરવા માંડયાં હતાં. હિંદની જેમ ચીને હજારો વર્ષ સુધી સંસ્કૃતિ ટકાવી રાખી હોવાનું માલમ પડે છે તથા હિંદની જેમ ચીનમાં પણ ભાષા તથા જાતની દૃષ્ટિએ જુદી જુદી પ્રજાઓ એક સાથે રહેતી હતી.

એવા ચીનના પ્રાચીન ઇતિહાસની શરૂઆત ઈ. પૂ. ત્રણ હજાર વર્ષથી થાય છે. તે સમયની ચીની દંતકથા બોલે છે કે પાનકુ નામના એક આદ્ય પુરુષે સૃષ્ટિનું સર્જન કર્યું. એ સર્જન વખતે એના શ્વાસના પવનો બન્યા, એનો અવાજ મેઘની ગર્જના થયો એની નાડીઓ નદીઓ બની, એના માંસે પૃથ્વીનું સ્વરૂપ ધારણ કર્યું. એના વાળ ઘાસ અને ઝાડરૂપે ઊગી નીકળ્યા, એના હાડકાંની ધાતુઓ બની, એના પરસેવાના વરસાદ વરસ્યાં. જે જંતુઓ એના શરીરને અડકયાં તે બધાં મનુષ્યો બની ગયાં. ચીનની દંતકથા આગળ વધીને કહે છે કે ચીનમાં પહેલાં ચામડાં પહેરતાં પશુઓ જેવાં મનુષ્યો રહેતાં હતાં. એ લોકો કાચું માંસ ખાતાં હતાં. એમને માતાઓ હતી પણ બાપ ન હતા. પછી દૈવી શહેનશાહો ચીન પર રાજ્ય કરવા માંડયા અને એ લોકોને સુધાર્યાં. પછી ઈ. પૂ. ૨૮૫૨માં રાજા ફુસીનું શાસન શરૂ થયું. એણે એની વિદ્વાન રાણીની મદદથી લોકોને લગ્ન કરતાં શીખવ્યું તથા તેમને સંગીત, લેખન, ચિત્રકામ તથા શિકાર કરવાની કળાઓ સમજાવી તથા એજ રાજારાણીએ ચીની પ્રજાને પ્રાણીઓને પાળતાં તથા અમુક જાતના જંતુઓને ઊછેરીને તેમાંથી રેશમ વણવાનું જ્ઞાન આપ્યું. ફુસીના મરણ પછી શેન-નંગ નામનો રાજા ગાદી પર આવ્યો એણે લાકડાના હળની શોધ કરી તથા વેપાર અને બજારોની સ્થાપના કરી. એ રાજાએ વનસ્પતિમાંથી વૈદાની શોધખોળ કરાવી. પછી એક હુંઆંગટી નામનો રાજા થયો. એણે ચીનને લોહચુંબક તથા પૈડાં બનાવતાં શીખવ્યું. ઇતિહાસકારોને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નીમ્યા તથા ચીનની સંસ્કૃતિમાં પહેલી વાર ઇંટ અને પત્થરનાં મકાન ચણાવ્યાં. આકાશી પદાર્થોની ગતિનો અભ્યાસ કરવા વેધ-શાળાઓ ઊભી કરી. તથા જમીનની નવેસરથી વ્હેંચણી કરી. આ રીતે ચીની પ્રજાએ પોતાનો હજારો વર્ષનો ઇતિહાસ એ ચાર રાજા-ઓના હાથમાં સોંપી દીધો છે. તથા અનેક સૈકાઓની પ્રજાઓએ ખૂબ મહેનત અને ગડમથલથી કરેલી શોધખોળોનું માન પણ પોતાને ગમી ગયેલા એવા રાજાઓના માથા પર મૂકી દીધું છે. એવા ચીની સંસ્કૃતિની શરૂઆતના પાંચ રાજાઓમાંનો છેલ્લો એક શુન નામનો હતો. એ પોતાના કુટુંબને ખૂબ ચાહતો હતો. એણે હોંગહો નદીના જળપ્રલયોમાંથી પોતાની પ્રજાને બચાવી હતી. એણે વખતના માપ સ્વીકાર્યાં હતાં. વજન અને માપનાં ચોક્કસ ધોરણ નક્કી કર્યાં હતાં. ચીની નિશાળોમાં બાળકોને પડતા માર ઓછા કર્યા હતા. એ રાજા સાથે યુ નામનો મોટો એન્જીનીઅર રહેતો હતો. એણે નવ પર્વતોને કોતર્યા હતા. અને એ જ રાજાના સમયમાં ચોખાનો દારૂ શોધી કાઢવામાં આવ્યો હતો પણ એ દારૂ યુએ જોયો ત્યારે તેણે દારૂની પ્યાલી જમીન પર પછાડતા કહ્યું કે આ દારૂ એક દિવસ આખા રાજનો નાશ કરશે. એણે દારૂની શોધ કરનારને દેશનિકાલ કર્યો. પછી એ ખૂબ પ્રાચીન એવો રાજવંશ એક શી નામના શહેનશાહના સમયમાં નાશ પામ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૨

# સંસ્કૃતિની શરૂઆત

હવે ચીનના ઇતિહાસમાં રજવાડી રાજ્યો ઊગી નીકળ્યાં. એ રાજ્યોનો ઊગમ તે સમયના કૃષિકારોના સમાજમાંથી થયો હતો. તરવારના જોરે બળીઆના એ ભાગ બોલતા થોડાક જોરદાર આદમીઓ નબળાના નાયક થઈ પડતા હતા તથા નાની નાની ઠકરાતોની સ્થાપના કરતા હતા. દરેક ઠાકોરની હકુમત નીચે ચીની કૃષિકારનો સમાજ ખેતી કરતો હતો અને ખેતરોના રક્ષણ માટે બહારના આક્રમણો સામે યુદ્ધ ખેડતો હતો. તે સમયે એવી સત્તરસો ઠકરાતો હતી. દરેક ઠકરાત પાસે પોતપોતાના પ્રદેશો હતા તથા દરેક ઠકરાત પોતાના પાટનગરની આસપાસ કિલ્લેબંધી કરીને રહેતી હતી. પછી ધીમે ધીમે સત્તરસોના પંચાવન થયા. એ પંચાવનમાં સૌથી વધારે અગત્યનું એવું શીનું રાજ્ય હતું જેણે ચીની સરકારના પાયા નાંખ્યા તથા પોતાને ચીન અથવા સીન કહેવડાવી બાકીના બધાને જીત્યાં અને આખા ચીન પ્રદેશ પર એકતા સ્થાપી શહેનશાહતની શરૂઆત કરી. ચીનની એવી વ્યવસ્થિત ઘટના કરનાર એક કુઆંગશંગ નામનો હુઆનના ઠાકોરનો સલાહકાર હતો. પછી એ રાજ્યનો મુખ્ય પ્રધાન બન્યો. એ મુખ્ય પ્રધાન કુઆંગે પોતાના માલિકને શક્તિવાન બના-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વવા કાંસાને બદલે લોખંડનાં હથિયારોની શોધ કરી તથા લોખંડ ને મીઠા પર સરકારી માલિકી જાહેર કરી. એણે આવકવેરા નાંખ્યા તથા જુદી જુદી જાતના કર નાંખ્યા. એની સરકાર નીચે ચીન એક વ્યવસ્થિત શહેનશાહત બની રહ્યું.

એ સરકારના અમલ નીચે અદાલતો નિમાઈ અને લોકવ્યવહારના કાયદાઓ ઘડાયા. એ નવા કાયદાઓના અમલમાં તે સમયના રીતરિવાજો સાથે ઘર્ષણ શરૂ થયું. ઈ. પૂ. ૫૭૫ના તે સમયના કાળમાં ચીનના ખેડૂતો એ નવા સુધરેલા કાયદા સામે પવિત્ર બીકથી જોઈ રહ્યા. એ કાયદાઓ સારા હતા. પણ એકતરફી હતી. એ કાયદાઓની શિક્ષામાંથી અમીર ઉમરાવો અને શ્રીમંતો બચી જતા હતા. એવા પક્ષપાત સામે જનતાએ ફરિયાદ નોંધાવી. એ નવા કાયદાઓના સુધરેલા જુલ્મો સામે લોકોએ હિલચાલ ચલાવી. છેવટે જૂના રીતરિવાજો અને નવા કાયદાઓ વચ્ચે સમજૂતી કરવામાં આવી.

પછી જેને ચાઉ-લી અથવા ચાઉ-ની કાયદાને નામે ઓળખવામાં આવે છે તે કાયદા કુઆંગ પછીના બીજા મુખ્ય પ્રધાને ઘડયા હતા. તથા એ કાયદાઓએ પછીના બે હજાર વર્ષ સુધી ચીનની સરકારની કલ્પનાને ઉત્તેજ્યા કરી છે. એ કાયદા પ્રમાણે સરકારી ચાલ એમ કહેતો હતો કે શહેનશાહ એ ઈશ્વરી અવતાર છે તથા ચીની પ્રજાપર ઈશ્વરી સત્તાના પ્રતિકરૂપે રાજ્ય કરે છે, એ નવા કાયદાઓ પ્રમાણે સરકારી તંત્રનો અમલ કરવા છ પ્રધાનોનું એક પ્રધાન મંડળ નીમવામાં આવ્યું હતું, એવા નવા તંત્ર નીચે જેમ જેમ ચીનની દોલત વધતી ગઈ, તેમ તેમ ચીનનો અમલદાર અને ઉમરાવ વર્ગ સડતો ગયો. વધેલી દોલત સાથે વિસ્તાર પામતા વિલાસે સરકારની આસપાસ સંગીતકારો, વેશ્યાઓ વિદ્વાનો તથા સરકારી ગુંડાઓની જમાત એકઠી કરી. એ રીતે સડતા જતા સરકારી સમાજપર ધીરે ધીરે સરહદો પરથી ભૂખ્યા લોકોની ટોળીઓનાં આક્રમણ શરૂ થયાં. યુદ્ધ, વિનાશ અને કત્લ દર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રોજનો નિયમ થયો. ખૂનખાર ભયંકરતા ચારેકોર વિકરેલી પથરાવા માંડી. અંધેર ઊભવા માંડયું. સંતો અને ડાહ્યાઓ નિરાશ થવા લાગ્યા.

એ સમયના લોકજીવનમાં ખેડૂત પોતાની જાત મહેનતથી ધરતીનાં ઢેફાંને ભાંગી વાવતો હતો અને પાક લણતો હતો. પણ એ ખેડૂત પોતે જમીનનો માલિક હતો નહિ. જમીન એના જમીનદાર કે ઠાકોરની હતી તથા સરકાર એ ઠાકોરોની બનેલી હતી. એ ઠાકોરો ખેડૂતો પાસે વેઠ કરાવી જાહેર બાંધકામો કરાવતા હતા તથા નહેરો ખોદાવતા હતા. આ બધા ઉપરાંત ચીનના ખેડૂતો પાસે માલિકો રેશમ વણવાની લોહીભીની મજૂરી કરાવતા હતા. માછલાં મારવાનો તથા મીઠું ખોદી કાઢવાનો ઇજારો સરકારના હાથમાં હતો. નાનાંમોટાં શહેરોમાં વેપાર ચાલતો હતો તથા શ્રીમંતોનો મુઠ્ઠીભર માલિકવર્ગ સાધનસંપન્ન બની વિલાસી બનતો હતો. એ માલિકોનો વર્ગ રેશમી પોશાક પહેરતો હતો. પગમાં બૂટ અને મોજડીઓ પહેરી રથોમાં ફરતો હતો, નૌકા વિહાર કરતો હતો. મહાલયોમાં રહેતો હતો. ખુરશી ટેબલ વાપરતો હતો તથા સુંદર રકાબીઓમાં ખાણાં ખાતો હતો. પણ સમાજના વિકાસ પામતા આ સંજોગો સમાજના એક નાના વર્ગને એશ આરામ—આપતાં છતાં ખૂબ મોટા સમુદાય માટે જીવલેણ બનતા હતા. કાળી મજુરી કરતો એ શ્રમજીવીઓનો વર્ગ કચડાતો જતો હતો. રોજનેરોજ નવી નવી પીડાઓ અને દુઃખોમાં સડતો હતો તથા દુઃખનો માર્યો પ્રચલિત પ્રથાઓ તથા સમાજરચના સામે ફરિયાદ કરતો હતો. એ રીતે ઈ. પૂ. ૧૨૫૦ થી એ દુઃખી અને પીડીત વર્ગ પોતાનાં દુઃખ અને પીડાઓ માટે ઊકેલ માંગતો હતો તથા એવો ઊકેલ આપવા માટે તે સમયના ડાહ્યાઓ જુદાજુદા ઉપાયો બતાવતા હતા અને પીડિત સમાજને આશ્વાસન દેતા હતા. ચીનની સંસ્કૃતિમાં એ ડાહ્યાઓનો યુગ ચિંતકોના યુગ તરીકે ઓળખાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૩

### ચીનનો ચિંતકસમાજ

ચીનના ચિંતકસમાજનું મુખ્ય લક્ષણ તે સમયના સામાજિક સંજોગોને અનુરૂપ એવું ચિંતન છે તથા એ ચિંતને દરેક દેશના આદર્શવાદી ચિંતકોની જેમ લોકસમાજ માટે લોકાચારમાં અશક્ય એવી તરંગી વાતો તથા આદર્શજીવનના તરંગી ખ્યાલો રજૂ કર્યાં છે.

ઈ. પૂ. ૧૨૫૦માં પહેલો ચિંતક યુ–જી નામનો થયો. એણે તે વખતના સમાજને બોધ આપ્યો કે જે આબરૂના ખોટા ખ્યાલોને તજે છે તેને કદી દીલગીર થવું પડતું નથી. ઇતિહાસે એ ચિંતક-ના ઉપદેશો જાળવી રાખ્યા નથી. એના પછી ચીનમાં થયેલા ચિંતનનો ઇતિહાસ થીંગ નામના એક પુસ્તકથી શરૂ થાય છે. લોકકથા એમ કહે છે કે એ પુસ્તકનો લેખક એક વેનચાંગ નામનો શહેનશાહ હતો, જેણે કેદખાનામાં એ પુસ્તક લખ્યું હતું. એણે આઠ કુદરતી નિયમ શોધી કાઢ્યા હતા. એ નિયમોમાં એ ચિંતકે યાંગ અથવા પુરુષતત્ત્વ અને યીન અથવા સ્રીતત્ત્વની ચર્ચા કરી હતી. પુરુષતત્ત્વ તથા સ્રીતત્ત્વમાં એણે સર્જક અથવા જીવનતત્ત્વનો બોધ આપ્યો હતો. એ ઉપરાંત એણે ચોસઠ કુદરતી તત્ત્વો શોધી કાઢ્યાં હતાં તથા તે તત્ત્વોની જુદી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જુદી ઘટનાઓમાં જુદાજુદા કુદરતી નિયમોની શોધ કરી હતી. એણે બતાવ્યું હતું કે બધું વિજ્ઞાન અને ઇતિહાસ કુદરતી તત્ત્વોની જુદા જુદા મિશ્રણોની રમત માત્ર છે અને એ બધા તત્ત્વોના મૂળમાં યાંગ અને યીન અથવા પુરૂષતત્ત્વ અને સ્રીતત્ત્વો છે. એ તત્ત્વોની ઘટનાને જે કોઈ સમજી શકે છે તે કુદરતી અને સામાજિક સંચાલનને સમજી શકે છે એમ તેનું કહેવું હતું.

હિંદ પર્શિઆ જુડિયા અને ગ્રીસની જેમ ઈ. પૂ. છઠ્ઠા અને પાંચમા સૈકામાં ચીનના પ્રદેશપર માનવતાનું ચિંતન કરનાર વિચારકો ઊભરાતા હતા. ચીનનો એ કાળ બુદ્ધિયુગ તરીકે ઓળખાય છે. એ કાળના પૂર્વકાળમાં યુદ્ધોએ અંધેર જમાવ્યું હતું પણ સાથે સાથે ચીનની બહારના જગતના નવા નવા રસ્તાઓ ખુલ્લા મૂકયા હતા. દુઃખી તથા પીડિત સમાજ કરપીણ બનતા જીવનકલહનો ઊકેલ માગતો હતો તથા પ્રચલિત સમાજથી અસંતુષ્ટ એવો મધ્યમ વર્ગ જીવનના જુદા જુદા ક્ષેત્રોમાં સમજ માંગતો હતો. સામાજિક સંજોગોની આ માંગનો જવાબ આપવા શિક્ષકો અને ઉપદેશકો ધર્મશાસ્ત્રની અચોક્કસતા, નીતિની સાપેક્ષતા, સરકારોની અપૂર્ણતા સમજાવતા હતા તથા લોકમાનસને વધારે સારી સમાજરચનાના દિવાસ્વપ્નોથી ઉત્તેજતા હતા. તે સમયના માલિકવર્ગે આવી ઉત્તેજનાના ઉપદેશોને ગેરકાયદેસર જાહેર કર્યા. કેટલાયે ઉપદેશકો અને ચિંતકોના માથાં ઉતારી લેવામાં આવ્યાં. તે સમયની રજવાડાશાહીને તે સમયના સંજોગોએ ઊભા કરેલા સવાલોના જવાબો આપતાં નહોતું આવડતું. સવાલ પૂછતાં માથાઓને ઢીમચાપર મુકી જલ્લાદી કુહાડી નીચે કાપી નાંખતાં જ આવડતું હતું. તે સમયની રજવાડાશાહીએ નવા વિચારને અપરાધ માન્યો. પોતાની આસપાસ જુવાન લોકોનાં ટોળાં જમાવનાર ચિંતકોને ગુનેગાર ઠેરવ્યા તથા વિચાર કરતા મનુષ્યને જકડી લેવા માંડયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે સમયના આવા ક્રાન્તિકારી વિચારકોમાંનો એક ટેંગશી નામનો હતો. એણે જાહેર રીતે કહ્યું કે પ્રચલિત નીતિના સાચા ખોટાના ખ્યાલો કેવળ સાપેક્ષ છે, તથા એ ખ્યાલો સત્તાવાન લોકોનેજ સાથ આપતા હોવાથી ખોટા છે. એના દુશ્મનોએ એને સમાજવ્યવસ્થા તોડનાર તરીકે જાહેર કર્યો. માલિકવર્ગની સરકારની નજરમાં એ અપરાધી દેખાયો. ટેંગશીએ કાયદાઓને ઘડયા પણ સરકારે એણે રજૂ કરેલા કાયદાઓને ખૂબ આદર્શવાદી કહીને કાઢી નાખ્યા. પછી ટેંગે સરકારની નીતિ–રીતિઓની ટીકા કરવા માંડી. સરકારી પ્રધાને એના આ વર્તન સામે લાલબત્તી ધરી પણ ટેંગે એ ટીકાઓની પત્રિકાઓ છૂપી રીતે લોકોમાં વહેંચવા માંડી. સરકારે એને ગુન્હેગાર ઠેરવી એનું અપરાધી માથું કાપી નાખ્યું.

ત્યાર પછી એક લીઓ–ઝી નામનો ચિંતક થયો. ટેંગશીના દાખલા પરથી એ જરા વધારે ડાહ્યો થયો હતો તથા શાંત રહેતાં શીખ્યો હતો. એણે ચીનની સરહદપર પોતાનો મુકામ કર્યો હતો તથા પાંચ હજાર શબ્દોનું એક પુસ્તક લખ્યું હતું. લોકકથા એમ કહે છે કે એનું ખરૂં નામ લી હતું. જે પુસ્તક એણે લખ્યું છે તેનું નામ ટાઓ ટી–શીંગ છે. એ પુસ્તકના નામનો અર્થ સદ્‌ગુણનો ઉપાય એવો થાય છે. એ પુસ્તક કહે છે કે વિચાર અથવા બુદ્ધિનો ઉપયોગ સદાચાર માટે નહિ પણ કેવળ ચર્ચા માટેજ થતો હોય છે. તેથી બુદ્ધિનો વિકાસ મનુષ્યજીવનનું કલ્યાણ કરવાને બદલે અકલ્યાણ વધારે કરે છે. તેથી સદાચારનો માર્ગ બુદ્ધિની રમતો છોડીને સાદું એકાંતિક ખડતલ અને કુદરતી જીવન જીવવામાં છે. જ્ઞાન એ સદ્‌ગુણ નથી કારણ કે જે બુદ્ધિમાન છે તે ડાહ્યા મનુષ્ય અને સાધુપુરુષથી ખૂબ દૂર છે. ખરાબમાં ખરાબ સરકાર છે કે જેની પર બુદ્ધિમાનો અને વિચારકોનો કાબુ છે. તેથી ડાહ્યો પુરુષ લોકોને જ્ઞાનથી અને ઉપભોગની ઇચ્છાથી દૂર રહેવાનો ઉપદેશ કરે છે. પ્રાચીન કાળમાં લોકો સુખી અને સદાચારી હતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કારણ કે તે બુદ્ધિમાન અને જ્ઞાની નહતા પણ સાદા અને અભણ હતા. લોકો પાસે જ્ઞાન આવે છે ત્યારે સરકારને પણ તેમના પર રાજ્ય કરવાની મુશ્કેલી નડે છે. બુદ્ધિમાન માણસ રાજ્યને ભયરૂપ છે, કારણ કે તે નવા કાયદાઓ અને નવા નિયમોની ભાષામાં વિચાર કરતો હોય છે અને કારણ કે તે ભૂમિતિના નિયમો પ્રમાણે સમાજના નવા આકારો ઘડવાનો મિથ્યા પ્રયત્ન કરતો હોય છે.

લીએ સ્પષ્ટ શબ્દોમાં રજૂ કરેલી આ વિચારણા પ્રતિક્રાંતિ અથવા પ્રચલિત સમાજઘટનાના શોષક પરિબળોને જાળવી રાખવાનો પ્રયત્ન છે. એ પ્રયત્ન કોઈપણ વ્યક્તિદ્વારા અજ્ઞાત રીતે થતો હોય તો પણ તે અજ્ઞાત હોવાથી ઓછો ભયંકર કે સમાજના પ્રગતિશીલ પરિબળોનો ઓછો વિઘાતક અને દ્રોહી નથી બનતો. લીએ પોતાની વિચારસરણી પ્રમાણે અજ્ઞાન સાદા અને ભલા–ભોળા ખડતલ જીવનનો તરંગી ખ્યાલ પણ ઘડી કાઢયો છે. એના આદર્શ મનુષ્યે કુદરતી જીવન જીવવાનો તથા ઇચ્છાઓનો નાશ કરી મનને શાંત કરવા માર્ગ લેવો જોઈએ તથા દુનિયાનાં બધાં પ્રલોભનો છોડીને એકાંત વાસ કરવો જોઇએ. એવા આદર્શ મનુષ્યોએ ડહાપણ મેળવવા માટે ચર્ચાથી નહિ પણ મૌનથી શરૂઆત કરવી જોઈએ. લી પછી લીના ઉદ્દેશોનો અભ્યાસ કરી કનફ્યુશિયસ નામનો ચીનનો એક સૌથી મહાન ચિંતક પાકયો. કનફ્યુશિયસ ચીની સંસ્કૃતિમાં નવા યુગનું નિર્માણ કરવાનો હતો, એણે લીને જોયો હતો તથા એના વિચારોનો અભ્યાસ કર્યો હતો. લીના મરણ પછી એણે ચીની પ્રજાને કહ્યું કે "પક્ષિઓ કેવી રીતે ઊડે છે. માછલીઓ કેમ તરે છે તથા પ્રાણીઓ કેવી રીતે દોડે છે તે હું જાણું છું. અને હું જાણું છું કે દોડનારાઓ માટે જાળો બિછાવી રાખેલી હોય છે. તરનારાઓ માટે ગલ ગોઠવી રાખેલા હોય છે તથા ઊડનારાં માટે બાણ તાકી રહેલાં હોય છે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૪

## કનફ્યુશિયસ

બુદ્ધ અને ઈશુની જેમ કન્ફ્યુશિયસના જીવનની આસપાસ લોકપ્રિય દંતકથાઓ વણાઈ છે. ઇતિહાસ એમ કહે છે કે કન્ફ્યુશિયસ શાટુંગ ઇલાકાના ચુકુ નામના સ્થળમાં ઈ. પૂ. ૫૫૧ માં જન્મ્યો હતો. એના ભાવિકોએ કુમારીકાને પેટે થયેલા એના ગેરકાયદેસર જન્મની આસપાસ દૈવી દંતકથાઓના અંતરાયો ઊભા કર્યાં છે. જ્યારે એનો જન્મ થયો ત્યારે એના બાપની ઉમ્મર સીત્તેર વર્ષની હતી અને એ ત્રણ વર્ષનો થયો ત્યારે એના પિતાનું મરણ થયું. નાની ઉમ્મરમાં કન્ફ્યુશિયસ પર નિર્વાહની જવાબદારી આવી પડી. એ સંગીત અને બાણુવિદ્યામાં નિષ્ણાત બન્યો. એણે ઓગણીસ વર્ષની ઉમ્મરે લગ્ન કર્યું અને ત્રેવીસ વર્ષની ઉમ્મરે એણે એની સ્ત્રીનો ત્યાગ કર્યો. કુટુંબની જવાબદારીમાંથી મુક્ત થઈ એણે પોતાના ઘરને શાળા બનાવી દીધી અને લોકશિક્ષણની શરૂઆત કરી સોક્રેટીસની જેમ એણે વાતચીતથી લોકોને શિક્ષણ આપવા માંડયું. તથા સોક્રેટીસની જેમજ એણે જ્ઞાન અને વર્તનને એક હરોળમાં મૂકયાં. એની સાથે એના વિદ્યાર્થીઓ રહેવા લાગ્યા તથા એના વિદ્યાર્થીઓ એની શાળાની બહાર રસ્તાપર અને ચકલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અકલે એની આસપાસ વીંટળાવા લાગ્યા. પછી થોડાં વર્ષ એને શુંગટુંનો ન્યાયાધીશ બનાવવામાં આવ્યો. પણ પછી એની આસપાસ કાવત્રાં શરૂ થયાં. અધીકારીઓએ એના તરફ ઇતરાજીની નજરે જોયું કન્ફ્યુશિયસે પોતાની જગાનો ત્યાગ કર્યો અને પછી ઘરબાર વિના તેર વર્ષ સુધી ભટકયો. એણે તેર વર્ષના અનુભવ પછી કહ્યું કે સદ્ગુણ અને સૌંદર્યને ચાહનાર કોઇ પણ માણસ એના જોવામાં આવ્યું નથી.

પછી સીત્તેર વર્ષની ઉમ્મરે કન્ફ્યુશિયસને એક ઠાકોરે આમંત્રણ આપ્યું. પાંચ વર્ષ સુધી કન્ફ્યુશિયસ શાંતિથી, સાદાઇથી અને સરળતાથી જીવ્યો. પંચોતેર વર્ષની ઉમ્મરે મરણ પામ્યો. એના મરણના દિવસે એ ગાતો સંભળાયો હતો કે "મોટા પર્વતો ક્ષીણ થઈ જાય છે. મોટી ઇમારતો નાશ પામે છે. અને મોટા ડાહ્યા માણસો કરમાઇ જાય છે." કન્ફ્યુશિયસે ચિંતનની કોઇ શિખા રજૂ કરી નથી. પ્રમાણશાસ્ત્રના નિયમો રચીને નહિ પણ વાતો કરીને એણે ચીનના લોકોને વ્યવહારૂ પ્રમાણશાસ્ત્ર શીખવ્યું.

એના વિચારમાં મૂળભૂત અવાજ મનુષ્યના વર્તન માટેનો હતો, અને તેથી એણે પોતાના ચિંતનને લોકાચાર અને સરકારના વર્તન તરફ દોર્યું છે. જો કે એણે લોકોને પુરાણી નીતિરીતિઓને વળગી રહેવાનું, પૂર્વજપૂજાને સાચવી રાખવાનું તથા રાષ્ટ્રીય યજ્ઞયાગોને જાળવી રાખવાનું કહ્યું હતું, પરંતુ ધાર્મિક વિધાનો તરફ એ ખૂબ બેદરકાર હતો તથા એની વિચારસરણીમાં એ અજ્ઞેયવાદી હતો. એનો એક માત્ર આવેગ નીતિ માટેનો હતો. એને પોતાના સમયની અંધાધુંધીના આર્થિક અને સામાજિક કારણો ન સમજવાને લીધે તે અંધેર નૈતિક અંધેર લાગ્યું. તથા એ અંધેરના ઉપાય તરીકે તેણે જ્ઞાન અને સત્યની શોધને તથા સખત રીતે નિયમન પામેલા કુટુંબજીવનની નીતિમત્તાને આગળ ધર્યાં. એણે એના શિક્ષણનું હાર્દ નીચેના શબ્દોમાં આપ્યું છેઃ "પ્રાચીન કાળમાં બધું સારૂં અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુવ્યવસ્થિત હતું કારણકે સરકારી તંત્રદ્વારા લોકોના સદ્‌ગુણો આચારમાં ઊતરતા હતા. સરકારી તંત્ર સદ્‌ગુણી હતું કારણકે કુટુંબ-જીવનો નિયમિત હતા. કુટુંબજીવનો નિયમિત હતાં કારણકે લોક-જીવન આચારશુદ્ધ હતાં. લોકોના આચાર શુદ્ધ હતા કારણકે તેઓ તેમના હૃદયની શુદ્ધિ કરતા હતા. તેમના હૃદયની શુદ્ધિ થતી હતી કારણકે તેમના વિચારો સહૃદય હતા. એમના વિચારોમાં સહૃદયતા શક્ય બની હતી કારણકે તેમનું જ્ઞાન ખૂબ વિશાળ હતું અને જ્ઞાન વિશાળતા વસ્તુઓની સમજ અને શોધ પર હતી.'' કન્ફ્યુશિયસના ઉપદેશનો આ મુખ્ય અવાજ હતો.

કન્ફ્યુશિઅસની વિચારસરણીનો રાજનૈતિક સુર એણે રજૂ કરેલા વ્યક્તિવિકાસ કે વ્યક્તિવાદમાંથી ઊતરતો હતો. એ કહેતો હતો કે "માબાપ તરફની બાળકોની આજ્ઞાધારકતા ઉપર તથા સ્ત્રીની પોતાના પતિ તરફની આધીનતા ઉપર સમાજવ્યવસ્થા નભે છે. જ્યારે એ આજ્ઞાધારકતા અને આધીનતા કરતાં એક મોટો કાયદો નીતિનો કાયદો છે એમ એ કહેતો હતો. નીતિના કાયદા પ્રમાણે માબાપ કે પતિની આજ્ઞા અયોગ્ય હોય તો તેનો પ્રતિકાર કરવાની તે બાળકો અને સ્ત્રીની નૈતિક ફરજ બને છે તથા સરકારની અયોગ્ય આજ્ઞા સામે થવાની ફરજ તેના પ્રધાનોની બને છે. કન્ફ્યુશિયસના આ શબ્દોમાં આટલા શબ્દો માબાપ પતિ તથા સરકાર જેવા માલિકોના દૈવી હક સામે તેમના આધીન લોકોને બળવો કરવા દૈવી હક આપતા હતા અને તોપણ કન્ફ્યુ-શિયસની અંદર લોકોને વિપ્લવનો વિચાર આપે તેવું કોઈ લક્ષણ હતું નહિ.

કન્ફ્યુશિયસે રજૂ કરેલું રાજકારણ બોલતું હતું કે રાજ્યતંત્રનો પહેલો નિયમ રાજ્યકર્તાના ચારિત્ર્યનો છે. રાજ્યકર્તા તથા તેના અમલદારોની ચારિત્ર્યશુદ્ધિ પ્રજાને સંસ્કારી બનાવે છે તેથી તેમણે દ્રવ્યનો સંગ્રહ તથા વિલાસને ત્યાગવા જોઈએ. શિક્ષાઓ ઓછી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવી જોઈએ તથા શિક્ષણ વધારવું જોઈએ. કારણકે શિક્ષણથી એક બીજા સાથે ઝગડતા વર્ગો ભૂંસાઈ જાય છે. કન્ફ્યુશિયસના આ શિક્ષણે તે સમયના અંધારા જીવનને જોઈતો હતો તેવો ઊજાસ આપ્યો નહિ. લોકોનાં જીવનને રૂંધતાં પરિબળો એથી અટકી ગયાં નહિ. ઉલટું એ શિક્ષણે લોકજીવનને ચારિત્ર્ય અને સામાજિક વ્યવસ્થા ઘડવાના અવ્યવહારૂ સૂત્રોથી બાંધી લીધું. ચીની પ્રજાની માણસાઈ અને પ્રાણ સદ્ગુણની નિષ્ક્રિયતા અને જડતામાં રૂંધાઈ ગયાં. લોકજીવનમાંથી આનંદ અને સાહસની વૃત્તિ ઊખેડી નાંખવાનો પ્રયત્ન થયો. મિત્રાચારી અને પ્રેમ પણ ડઘાઈ ગયાં. ચારિત્ર્યના નામમાં સ્ત્રીઓ નીચ મનાઈ અને જકડાઈ ગઈ તથા પ્રગતિ રૂંધાઈ ગઈ. પછીનો કાળ કન્ફ્યુશિયસની વિચારસરણી સામેની ચર્ચા અને વિરોધનો કાળ બની રહ્યો. ચિંતનના સૂત્રો પર વિતંડાવાદ ખેલતા બનારસના બધા પંડિતો અને એથેન્સના સોફીસ્ટોની જેમ જુવાનોએ શબ્દોનાં યુદ્ધો ખેલવા માંડ્યા.

મો–ટી નામનો એક વિચારક કન્ફ્યુશિયસની વિચારસરણીમાંથી ઊગ્યો. એ પણ કન્ફ્યુશિયસની જેમ લૂનો વતની હતો. એણે કન્ફ્યુશિયના વિચારને અવ્યવહારૂ કહીને વખોડી કાઢ્યો. એણે મનુષ્યના વ્યવહાર માટે પ્રેમને સૌથી આગળ ધર્યો. એણે જૂના ધાર્મિક વહેમોને જાગૃત કર્યા તથા પ્રેત અને દેવપૂજાને ઉત્તેજન આપ્યું. એણે કહ્યું કે "માણસો એક બીજાને ચાહતાં શીખી જાય તો મજબૂત લોકો નબળાનો શિકાર ન કરે તથા થોડા લોકો ઘણાઓને લૂંટે નહિ અને શ્રીમંતો ગરીબોને ન અપમાને. સ્વાર્થ એ બધા અનિષ્ટોનું મૂળ છે. એક નાનામાં નાની વસ્તુની ચોરી કરનાર શિક્ષાને પાત્ર હોય તો એકબીજા પર ચઢાઈ કરનાર રાજ્યો પણ શિક્ષાને પાત્ર છે." એણે તે સમયના રાજ્યતંત્રની અને સરકારની સખ્ત ટીકા શરૂ કરી. એની સામે અમલદારો અને રાજકર્તાઓની ઈતરાજી થઈ. એના પુસ્તકોને સળગાવી મૂકવાનો હુકમ થયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી એક મેન્શિયસ નામનો ચિંતક થયો. એણે શીખવ્યું કે સ્ત્રીઓને પોતાની જાત માટે કાંઈ પણ અધિકાર નથી. એ લોકોએ ત્રણ જણની પરાધીનતા સ્વીકારવી જોઈએ. લગ્ન પહેલાં માબાપની, લગ્ન પછી ધણીની અને વિધવા થયા પછી પોતાના પુત્રની. એણે રાજકારણમાં લોકસત્તા કરતાં રાજસત્તાને વધારે પસંદગી આપી તથા રાજ્યતંત્રની સુધારણા માટે રાજાની સંસ્કારિતા ઉપર ભાર મૂક્યો અને કહ્યું કે સામાજિક મુશ્કેલીઓ સરકારો બગડવાથી ઊભી થાય છે તેથી રાજકર્તાઓ ચિંતકો હોવા જોઈએ અને ચિંતકો રાજા હોવા જોઈએ.

મેન્શિયસના આ શિક્ષણમાં પ્લેટોના તરંગી સમાજવાદની છાયા હતી. તથા જે સવાલો આજે આપણી પાસે ઉકેલ માંગી રહ્યા છે તેવા સવાલોની મૂંઝવણ હતી. તે સમયના માલિક બનેલા રાજાઓએ મેન્શિયસનો ત્યાગ કર્યો અને એની બંધિયાર વિચારસરણીને લીધે તે સમયના ઉદ્દામવાદીઓએ પણ એનો ત્યાગ કર્યો. એ અરસામાં, શુંશિંગ નામના એક બળવાખોરે મજૂર સરમુખત્યારીના નામમાં વિપ્લવનો વાવટો ફરકાવ્યો તથા માંગણી કરી કે શ્રમજીવી લોકોજ સરકારી તંત્રના સરમુખત્યાર બનવા જોઇએ. મેન્શિયસે આ અવાજને તિરસ્કારી કાઢચો તથા તેને બદલે સરકારી તંત્ર વિદ્વાનોના હાથમાં આવવું જોઈએ એમ કહ્યું એ સાથે સાથે એણે સમાજના ચાલતા શોષણને ધિક્કાર્યું. યુદ્ધનો તિરસ્કાર કર્યો. કન્ફયુશિયસ પછી મેન્શિયસે લોકોના વિચાર પ્રવાહ પર કાબુ મેળવ્યો. ઠેઠ ૧૯૧૧ સુધી ચીનના લોકોએ મેન્શિયસની પૂજા કરી.

મેન્શિયસના ચિંતને અનેક સવાલો ઊભા કર્યા હતા. જે એના પછીના વિચારકો જોરશોરથી પૂછતા હતા. માણસ શું સ્વભાવથી જ સારો કે નરસો થઈ શકે છે? સમાજના અનિષ્ઠોને માટે શું માણસનો સ્વભાવ જવાબદાર છે? શિક્ષણથી ગુન્હાઓ ઓછા થઈ શકે તથા સદ્દગુણો વધી શકે તે શું શક્ય છે? ચિંતકો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજતંત્ર ચલાવી શકવાની આવડતવાળા છે ? એમના તરંગો સમાજને સુધારવા કરતાં અંધેરમાંજ નાખી દે તેમ નથી? આ સૌમાં એક વાસ્તવવાદી શુન–જી નામનો હતો. એ બીજા હોબ્સની જેમ લખતો હતો. "માણસનો સ્વભાવ દુષ્ટ છે તથા નફો મેળવવાની વૃત્તિવાળો છે. એ વૃત્તિને લીધે એને હરિફાઈ ને ઇતરાજીમાં ઊતરવું પડે છે ને તેને લીધે સમાજમાં હિંસા અને શોષણ ચાલી રહ્યાં છે. પ્રાચીન કાળના રાજાઓએ મનુષ્ય સ્વભાવના આ ખ્યાલથી મિલ્કતના રક્ષણના અને સદ્‌ગુણના કાયદાઓ બાંધ્યા હતા તથા મનુષ્યની સ્વાર્થવૃત્તિને નિયમનમાં રાખવા વ્યવસ્થા સ્થાપી હતી."

પછી એ માણસની સકારણતા અને બુદ્ધિ પર ભાર મૂકતાં જણાવતો હતો કે બુદ્ધિના શિક્ષણથી મનુષ્યની દુષ્ટવૃત્તિ સાધુવૃતિ બની શકે છે.

પછી શુઆંગ–ઝી નામના એક આદર્શવાદીનો અવાજ ચીનમાં સંભળાઈ રહ્યો. રૂસોની જેમ એણે મનુષ્યને કુદરત બતાવી તથા એણે પોતાના જીવનને કુદરત તરફ પ્રેર્યું. એણે રાજાઓ અને અમલદારોને ચોરો સાથે સરખાવવા માંડયા અને કહ્યું કે જો કોઈ વિચારકના હાથમાં રાજસત્તા આવે તો તેણે પોતે કંઈજ ન કરતાં બધી રાજસત્તા લોકોના હાથમાં સોંપી દેવી જોઈએ. તે કહેતો હતો કે સુવર્ણયુગમાં પશુઓ અને પક્ષીઓ સાથે મનુષ્ય કુદરતી જીવન જીવતો હતો અને ત્યારે બધી સમાનતા હતી. અને માણસના સમાજમાં ઊંચ અને નીચ હતા નહિ. ડાહ્યો માણસ તેજ છે કે રાજતંત્ર અને સરકારને છોડી દઈ જંગલમાં જીવન ગાળવા ચાલ્યો જાય છે. એવી શુઆંગની વિચારસરણી ગૂઢવાદ અને અપરોક્ષ ઐકય તરફ જતી હતી તથા બુદ્ધ અને ઉપનિષદોના સુર સાથે મળતી હતી. કદાચ કોઇને એમ માનવાનું પણ મન થાય કે હિંદનો અવાજ ચીનમાં પ્રવેશ કરવાની શરૂઆત કરતો હતો. અને શુઆંગ એક અજ્ઞેયવાદી તથા નિરાશાવાદીની જેમ ગૂઢ, નિયતિને માનનાર બનતો હતો. જ્યારે શુઆંગ પોતે મરણની નજીક હતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યારે એના વિદ્યાર્થીઓએ એની મરણક્રિયાની તૈયારીઓ કરવા માંડી. તેમને રોકતાં એણે કહ્યું કે "મારી મરણક્રિયા કરવાની જરૂર નથી. આકાશ અને પૃથ્વી મારી મડાપેટી છે. સૂરજ, ચંદ્ર અને તારાઓ મારા દફનના શણગાર છે. બધી સરજાયલી વસ્તુઓ મારી શ્મશાનયાત્રામાં આવી છે. એવી મારી મરણક્રિયા થઈ ગયેલી છે. મને કોઈ દફનાવશો નહિ. એના વિદ્યાર્થીઓએ જણાવ્યું કે દફનાયા વિનાના તમારા શરીરને ગીધ જેવાં પક્ષીઓ ખાઈ જશે. શુઆંગે હસતાં હસતાં જવાબ દીધો કે પૃથ્વી પર મને પક્ષીઓ ભલે ખાઈ જાય. પૃથ્વીની અંદર દફનાતાં પણ એ શરીર કીડાઓથી ખવાઈ જવાનું છે.

એવા ચીનના ચિંતનનો વિકાસ હિંદની જેમ જોરથી આગળ વધતો હતો. જે ચીનને આજે સામ્રાજ્યવાદી શિકારીઓ અંગે અંગમાં ઝડપી રહ્યા છે તેણે હિંદની સાથે દુનિયાને અજોડ એવી ચિંતનસામગ્રીનાં મૂળ પુરાં પાડયાં છે. પશ્ચિમના કુશળ ચિંતક લીબનીઝે પૂર્વના દેશોને ચિંતનના ફળદ્રુપ પાયાઓ તરીકે વર્ણવ્યા છે અને એણે કહ્યું હતું કે પશ્ચિમ ચીનને કોઈ પણ વસ્તુ શિખવવાને લાયક નથી. આપણને સુધારવા માટે ચીની પ્રજાએ પ્રચારકો મોકલવા જોઈએ. એણે મહાન પીટરને ચીન સુધી એક મોટો રસ્તો બાંધવાની વિનંતી કરી હતી. અને ચીન અને યુરોપ વચ્ચે સંસ્કૃતિનો સંપર્ક સાધવા મોસ્કો અને બર્લિનમાં સંસ્થાઓ સ્થાપવાની માંગણી કરી હતી. ફ્રીઝીઓ-ગ્રેટસે લાઓત્ઝી અને શુઆંગ–ઝી પાસેથી પ્રેરણાઓ મેળવી હતી. રૂસોએ પણ એ બે વિચારકો પાસેથી પોતાનું ચિંતન બાંધ્યું હતું તથા વોલ્ટેરે કન્ફ્યુશિયસ અને મેન્શિયસની વિચારણા પર વિસ્તાર કર્યો હતો. ૧૭૭૦ માં ગથેએ ચીનના ચિંતનનો અભ્યાસ કરવા દુનિઆને વિનવી હતી તથા એના ઘડપણમાં જ્યારે દુનિયા એક બીજા સામે તોપો માંડી બેઠી હતી ત્યારે એ વૃદ્ધ ગથે દુનિઆના દુઃખ નિવારવાનો ઉપાય ચીની સાહીત્યમાંથી શોધતો બેઠો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૫

## ઇતિહાસ રેખા.

બીજા ચિંતકોની જેમ કન્ફ્યુશિયસ દુઃખદ મરણ પામ્યો કારણ કે ચિંતકો અથડાતા સ્વાર્થીવાળી દુનિયામાં એકતા સ્થાપવા માંગતા હોય છે તથા ઐક્યના ઉપાયો ઉપદેશતા હોય છે પણ ચીનમાં ચિંતકોના ઉપદેશોએ ઐક્ય સ્થાપ્યું નહિ, પણ તેથી ઉલટો સડો વધતો ગયો. ભંગાણ અને અંધેર પ્રજાને પીડવા લાગ્યાં. પણ પાછો એ એકતા લાવનાર દેખાયો તે ચિંતક નહોતો, લશ્કરી અને રાજકારણી પુરુષ હતો. એણે ચીનના વિભાજીત રાજ્યોમાં એકતા લાવવા કન્ફ્યુશિયસનાં બધાં પુસ્તકો સળગાવી મૂકવાનું પહેલું ફરમાન કાઢયું. પણ એકતાનો લશ્કરી અવાજ ચીન પર પથરાયો તે પહેલાં ચુ-પીંગ નામના એક કવિનો કરૂણ અવાજ ચીનમાં શમી ગયો હતો. ઈ. પૂ. ૩૫૦ માં એ સવાલ પૂછતો હતો કે "મારે શું કરવું? અરે સત્ય તરફની વફાદારીને રસ્તે ચાલવું કે સડેલા લોકાચારને અનુસરવું કે પાવડો ને કોદાળી લઇ લોહી ઉછાળતાં સેનાપતિના રસાલામાં જોડાવું? મારે સ્પષ્ટ શબ્દો બોલી જોખમ વહોરવાં કે શ્રીમંતો અને મોટેરાંઓને ખૂશ કરે એવી વાણી બોલી તેમને થાબડવાં? મારે સદ્‌ગુણને મારા જીવનમાં વિકસાવવો કે મારા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વાર્થને સફળ બનાવવા બીજાઓને ચૂસવા? એને એના સવાલોનો કોઈએ જવાબ આપ્યો નહીં. અણઉકલ્યાં કોયડાથી વિહ્‌વલ બનીને એણે પાણીમાં ડૂબી જઈ પોતાના જીવનનો અંત આણ્યો. ચીના લોકો આજે પણ એના મરણને ઉજવે છે. પછી ચીનને જેણે રાજકીય દષ્ટીએ એક બનાવ્યો તેવો શી–હુઆંગ–ટી ગેરકાયદેસર રીતે જન્મ્યો. એનો જન્મ શીનની એક રાણીને લુના એક પ્રધાનથી થયો હતો. શીએ એના બાપને આત્મઘાત કરવાની ફરજ પાડી અને એની માતાને ગીરફતાર કરી બાર વર્ષની ઉમ્મરે ગાદી પચાવી. પચીશ વર્ષની ઉમ્મરે ચીનના નાનાં નાનાં રાજ્યો પર ચઢાઈઓ કરી તેમને ખાલસા કરવા માંડયાં. ઈ. પૂ. ૨૩૦ માં એણે હાન જીત્યું, ૨૨૮ માં શાઓ કબજે કર્યું, ૨૨૩ માં વી એના તાબામાં આવ્યું અને ૨૨૨ માં શુએ એનું શરણ સ્વીકાર્યું તથા છેવટે ૨૨૧ માં પેન પણ અધિકાર નીચે આવી ગયું. ચીનના ઇતિહાસમાં પહેલીવાર વિજેતા શીએ શી હુંઆંગટી નું બિરૂદ ધારણ કર્યું અને એક રાષ્ટ્રનું બંધારણ બાંધવાની શરૂઆત કરી. સમગ્ર ચીનના રાજ્ય તંત્ર પર એ લોખંડી શહેનશાહ લોખંડથી લોહીની છોળો ઉછાળતો બેઠો હતો. એની પ્રતિભાશાળી વિશાળ આંખો હતી. ગીધની ચાંચ જેવું અણીદાર નાક હતું. શિકારનાં શોખવાળી વિશાળ છાતી હતી. હિંસાના નાદ જેવો એનો અઘોર અવાજ હતો. એના હૃદયમાં જાણે વાઘ ને વરૂઓ વસતાં હતાં એમ ચીનનો ઇતિહાસ બોલે છે. તે પોતાના સિવાય કોઈ પણ ભગવાનમાં માનતો નહોતો અને તરવારના જોરે આખા ચીન દેશને એક કરવા સિવાય બીજી કોઈ પણ રાજનીતિ સ્વીકારતો નહોતો. આખા ચીનનું શાસન સંપાદન કર્યા પછી એણે ઉત્તર તરફથી આવતી ધાડોને પાછી વાળવા તરત ધ્યાન આપ્યું તથા બહારના એ હલ્લાઓ ખાળવા માટે દુનિયાએ કદી ન દીઠેલી એવી ચીનની જમીન ખેડનારાઓના શ્રમથી પંદરસો માઈલ લાંબી એવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રચંડ દિવાલ બંધાવી દીધી. ચીનની ધરતીને ખૂંદવા નીકળેલા હુણ લોકોના ધાડાં એ દિવાલ આગળ અટકી ગયાં અને પશ્ચિમ તરફ યુરોપમાં ધસ્યાં તથા ઇટાલી પર ઊતરી પડયાં. હુણના આક્રમણથી રોમ તારાજ થઈને પડયું કારણ કે ચીને પ્રચંડ દિવાલ બાંધી હતી. શી હુ–આંગ–ટીનો લી–સુ નામનો મુખ્ય પ્રધાન હતો. એને ચીનનું રાજ્ય બંધારણ ઘડવાનું સોંપવામાં આવ્યું. ચીનની ઠાકોરશાહીની સત્તા તોડી નાંખી એણે ઉમરાવોને અમલદારો બનાવ્યા અને એ અમલદારો પર રાષ્ટ્રીય પ્રધાનમંડળની સત્તા સ્થાપી. એ ઉપરાંત એણે યોજેલી લશ્કરી સરમુખત્યારીવાળું દરેક જીલ્લામાં દિવાની સૂબાથી સ્વતંત્ર એવું લશ્કર નીમ્યું. વ્યવસ્થા સાચવવાના કાયદાઓ ઘડયા. અમલદારી વિધિઓ સરળ બનાવી. નાણાખાતું વ્યવસ્થિત કર્યું. ખેડૂતોને જમીનના માલિક બનાવ્યા. પાટનગર ઇન–કાંગથી મોટા મોટા રસ્તાઓ બંધાવ્યા. તે સમયના એક પાટનગરમાં સવાલાખ જેટલા જબરજસ્ત મોટા શ્રીમંત લોકો રહેતા હતા. આ નવી રાજ્યવ્યવસ્થામાં વિજ્ઞાનને ઉત્તેજન આપવામાં આવ્યું. તથા ચિંતકો અને તરંગી સાહીત્યકારને દબાવવામાં આવ્યા. સાહીત્યના સર્જનો ગૂંગળાવા માંડયા. ભૂતકાળનો રજવાડી ઇતિહાસ આ નવા શહેનશાહને લોકોનું પતન કરનારો દેખાયો. વર્તમાન ઉપરથી એ ભૂતકાળનો રજવાડી પડછાયો દૂર કરવા માટે એણે પ્રાચીન ઇતિહાસનાં બધાં પુસ્તકો સળગાવી દેવાનો હુકમ કર્યો. સાહીત્યની પણ ચિત્તા ખડકાઈ. મેન્શિયસના પુસ્તકો તથા વિજ્ઞાનનાં પુસ્તકો એકલાં એ અગ્નિમાંથી ઊગરી ગયાં. લોકોએ પુસ્તકો સંતાડવા માંડયાં પણ તે સમયે પુસ્તકો વાંસની પટ્ટીઓ પર લખાતાં હોવાથી અભ્યાસી અને સાહીત્યકારો માટે તેમને સંતાડવાનું કામ અઘરૂં બનતું હતું. એ રીતે પ્રાચીન સાહીત્યના પુસ્તકોમાંથી સંતાડનારા ઘણાખરાને ગીરફતાર કરી ઉત્તરમાં ચણાતી મહાન દિવાલમાં મજૂરી કરવા મોકલવામાં આવ્યા તથા ૪૬૦ જણને મારી નાંખવામાં આવ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રીમંતો અને ઉમરાવોના કુટુંબોનો નાશ કરવા માટે, લેખન અને વાણીના સ્વાતંત્ર્ય પર તરાપ મારવા માટે શહેનશાહ એના છેલ્લાં વર્ષોમાં મિત્ર વિનાનો બની ગયો. એનું ખૂન કરવાના પ્રયત્નો થવા લાગ્યા. એણે કાવત્રાંખોરોને પોતાને હાથે કાપી નાંખ્યા. એ પોતાના ઘૂંટણપર નાગી તલવાર લટકાવી સિંહાસન પર બેસતો હતો અને પોતાના રાજમહાલયમાં કયા ખંડમાં પોતે સૂવે છે તેની ખબર પડતી નહોતી. સિકંદરની જેમ એ પોતે ભગવાન છે એમ લોકોને શિખવતો હતો. જેમ મરણ પાસે આવતું ગયું તેમ એણે પેદા કરેલી શહેનશાહતને સાચવવા માટે એની જીવનની ઝંખના વધતી ગઈ. એણે અમર થવાનું અમૃત શોધવા માટે અઢળક દ્રવ્ય ખરચવા માંડયું પણ એ મરણ પામ્યો અને એનું શબ પાટનગરમાં લાવવામાં આવ્યું. સેંકડો કુમારિકાઓ તેના શબ સાથે તેની કબરમાં જીવતી દફનાવામાં આવી. એના વારસદારે એની કબરપર અદ્‌ભુત શણગારો કરાવ્યા. એ કબરના છાપરા પર આકાશ ચીતરવામાં આવ્યું તથા એ કબરની છતપર શહેનશાહતનો નકશો દોરવામાં આવ્યો. કબરની અંદર પુરાયલા શહેનશાહના શબને તથા એ શબને ઉપભોગ આપવા જીવતી દફનાઈ ગયેલી કુમારિકાઓને પ્રકાશ આપવા કબર પર અનેક દીવાઓ સળગી રહ્યા હતા. શહેનશાહની એ વિશાળ કબરમાં એની મડાગાડીને લઈ જનાર મજૂરોને પણ જીવતા દફનાવી દેવામાં આવ્યા કારણ કે જો એ લોકો જીવતા બહાર આવે તો શહેનશાહના શબનો ખાનગી રસ્તો બતાવી દે.

જેમ કોઈ પણ સરમુખત્યારના મરણ પછી થાય છે તેમ એના મરણ પછી પાછું અંધેર ઊતર્યું. લોકોએ બળવો કર્યો અને એના દીકરાને મારી નાંખ્યો એના રાજવંશનો અંત આવ્યો. એક બીજાના હરીફ રાજાઓએ પોતાનાં રાજ્ય ફરીથી સ્થાપ્યાં. પછી એક કાઓ-શુ એ રાજગાદી ઝડપી લીધી અને હાનવંશની સ્થાપના કરી. એ હાનવંશમાં વુ-ટી નામનો શહેનશાહ સૌથી મહાન્ થયો. એણે ઈ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂ. ૧૪૦–૭ સુધી રાજ્ય કર્યું. એણે ચઢી આવતા જંગલી લોકોને પાછા હઠાવ્યા તથા ચીનના સામ્રાજ્યને કોરિયા, મંચુરીઆ, ઈનામ, ઈન્ડોચાયના અને તુર્કસ્તાન સુધી વિસ્તાર્યું. એ શહેનશાહે ઉત્પાદનના સાધનોની રાષ્ટ્રીય માલિકી સ્થાપી તથા એ રીતે વ્યક્તિગત માણસોને જમીન અને પર્વતોમાંથી નીકળતા દ્રવ્યના માલીક થઈ જતા અટકાવ્યા. મીઠું અને લોઢું તથા કેફી પીણાને સરકારી ઇજારાવાળાં બનાવવામાં આવ્યાં. એણે માલ લઈ જવા લાવવાના વ્યવહારને તથા વેચાણ અને ખરીદીને તથા એ રીતે બધા વેપારવ્યવહારને રાષ્ટ્રીય પદ્ધતિ પર મૂક્યા. એ રીતે મોટા વેપારી અને દુકાનદારોના નફા અટકી ગયા. એણે મોટાં મોટાં જાહેર બાંધકામો કરવા માંડ્યાં. પુલો બંધાવ્યા તથા નહેરો ખોદાવી. થોડા સમય સુધી આ નવી પદ્ધતિ ખૂબ જોશમાં ચાલી રહી. સમીપ પૂર્વના દેશો સાથે ચીનનો વેપાર ધમધોકાર વધ્યો. પાટનગર લોયાનમાં વસતી તથા દોલત ઊભરાવા માંડ્યા. રાજ્યના ભંડારો છલકાઈ ગયા. વિદ્વતા વધી તથા ચીનનો ઉદ્યોગ ખૂબ વિકાસ પામ્યો. ચીનનો આવો વિકાસ અગાઉ કદી થયો ન હતો.

પછી વુ–ટીના મરણ પછી ચોરાશી વર્ષે બીજો શહેનશાહ સુધારક તરીકે ગાદીપર આવ્યો. એનું નામ વાંગ–માંગ હતું એણે પોતાની આસપાસ રાજકારણી પુરુષોને બદલે વિદ્વાનો તથા ચિંતકો ભેગા કરવા માંડ્યા. ચીનનાં બીજાં રાજ્યોમાં ગુલામીનો વિકાસ જોઈ એને આઘાત થયો. એણે શરૂઆતમાં જ ગુલામી નાબૂદ કરી તથા વુ–ટીની જેમ જમીનની માલિકી રાષ્ટ્રીય બનાવી. એણે જમીન સરખે ભાગે વહેંચી નાખી તથા ખેડૂતોને આપી અને જમીનના વેચાણ કે ખરીદી બંધ કર્યાં. એણે માલ ઉત્પન્ન કરનાર ખેડૂતને વેપારી અને શાહુકારની પકડમાંથી બચાવવાનો પ્રયત્ન કર્યો. બધો વેપાર સરકાર પોતેજ કરવા માંડી. પણ એની બધી યોજનાઓ વિકાળ–કુદરત તથા સામાજિક અંધેરમાં ભાંગી પડવા લાગી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રલય તથા દુષ્કાળે ચીનની ધરતીને ઉજ્જડ કરી. તેના દુશ્મનોએ તેની આર્થિક યોજનાને ભાંગી નાંખવા કાવત્રાં કરવા માંડયાં. વેપારીઓએ પૈસા આપી લોકોને એની સામે બળવો કરવા ઉશ્કેર્યાં. શી-યુંગ નામના જંગલી લોકો ઉત્તર તરફના ઇલાકાઓમાં ઊતરી પડયા. લી-ઉ નામના એક મોટા શ્રીમંતે પોતાના પૈસાથી આ બધાં અંધેરને આગળ ધપાવ્યાં. વાંગ-માંગને મારી નાંખવામાં આવ્યો, એના સુધારાને ભૂંસી નાખવામાં આવ્યા, તથા ફરીવાર બધું હતું તેવું થઈ ગયું. એ રીતે હાનવંશ વિનાશ પામ્યો. નાના નાના રજવાડા ને ઠકરાતો ફરી પાછાં સ્થપાઈ ગયાં. તાતાર લોકો ચીનપર ઊતરી આવ્યા તથા ઉત્તરના પ્રદેશો જીતવા માંડયા. ચીનનું જીવન અવ્યવસ્થિત બની ગયું. સંસ્કૃતિનો ઉદય અટકી ગયો. વિજેતાઓ આખા ચીનપર અત્યાચાર કરતા ભમવા માંડયા. ચીની પ્રજાએ છેવટે એ વિજેતાઓને સ્વીકાર્યા તથા એ વિજેતાએ ચીનને પોતાનું વતન બનાવ્યું. બન્નેએ લગ્ન સંબંધથી લોહી એક કર્યું. પાછો ચીનના જીવનમાં સંસ્કૃતિનો વિકાસ શરૂ થયો.

એ સમય ઈ.સ. ૬૨૭ નો હતો. ત્યારે ચીનનો સૌથી મહાન શહેનશાહ ટાઇ-શુંગ ગાદી પર આવ્યો. એણે શરૂઆતમાં પોતાના ભાઈઓનાં ખૂન કરાવ્યાં પછી એણે પોતાની લશ્કરી શક્તિવડે ધસી આવતી પરદેશી ટોળીને પાછી હઠાવી. પણ એ સમયે હિંદમાંથી બુદ્ધની અસર ચીનપર ઊતરી ચૂકી હતી. શહેનશાહ એકાએક યુદ્ધથી કંટાળી ગયો તથા પોતે પાટનગર પાછો આવી શાંતિનો વિચાર કરવા લાગ્યો. એણે કન્ફ્યુશિયસનાં પુસ્તકો ફરી ફરીને વાંચ્યાં. એણે વિલાસ અને એશઆરામનો ત્યાગ કર્યો. એણે પોતાના ઉપભોગ માટે રાખેલી ત્રણ હજાર સ્ત્રીઓને મુક્ત કરી. જ્યારે એના પ્રધાનોએ ગુનેગારોનું દમન કરવાને સખત પગલાં લેવાની સલાહ આપી ત્યારે તે લોકોને એણે કહ્યું કે “ જો હું મારા અને મારા અમલદારોના ખરચ ઓછા કરૂં, કરવેરાને હળવા કરૂં, કેળવ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રમાણિક અમલદારોની નિમણુંક કરૂં તો મારા લોકોને રોટલી, રહેઠાણ અને કપડાં જરૂર પૂરતાં મળી રહે અને તેમ થાય તોજ કોઈપણ જાતની શિક્ષાઓના કાયદા વિના હું ગુનેગારીને નાબૂદ કરી શકું."

એક દિવસે એણે પોતાના પાટનગર શાંગ-આનનું એક કારાગાર જોયું. તેમાં દેહાંત દંડની શિક્ષાવાળા બસેનેવું કેદીઓ મરવાની રાહ જોતા એણે દીઠા. એ સૌને એણે મુક્ત કર્યાં તથા દરેકને એમના નિર્વાહ માટે જમીનો આપી તથા એણે કાયદો ઘડ્યો કે કોઇપણ શહેનશાહે ત્રણ દિવસના અપવાસ કર્યાં વિના કોઇપણ ગુનેહગારને દેહાંત શિક્ષા કરવી નહિ. એણે એના પાટનગરને ખૂબ સરસ રીતે શણગાર્યું. હિંદ અને યુરોપમાંથી મહેમાનોનાં ટોળેટોળાં એના પાટનગરમાં આવવા લાગ્યાં. હિંદમાંથી બુદ્ધ સાધુઓ ખૂબ મોટી સંખ્યામાં આવ્યા તથા ચીનમાંથી બૌદ્ધ વિદ્વાનો હિંદમાં અભ્યાસ માટે જવા લાગ્યા. શહેનશાહે બહારથી આવતા વિધર્મીઓને સત્કાર્યા તથા તે સૌને-રહેવાની વ્યવસ્થા કરી આપી અને પ્રચારની સંપૂર્ણ સ્વતંત્રતા કરી આપી.

એક પણ અંધ માન્યતામાં માન્યા વિના એ પોતે મરણ પર્યંત સાદો અને સરળ એવો કન્ફ્યુશિયન રહ્યો. જ્યારે એનું મરણ થયું ત્યારે લોકોની નિરાશા ને શોક અપાર બન્યા તથા તેમણે શહેનશાહની કબર પર પોતાના શરીરમાંથી લોહી કાઢીને છાંટયાં.

એ શહેનશાહે ચીનના સર્જક યુગ માટેનો રસ્તો બાંધ્યો હતો. ચીનને પચાશ વર્ષો સુધી શાંત અને સ્થિર સત્તા આપી હતી. ચીનની જમીન ફળદ્રુપ બની હતી તથા ઉદ્યોગો વિકાસ પામતા હતા. ચીનનાં સરોવરો ઉપર સુંદર હોડીઓમાં લોકો આનંદ વિહાર કરતા હતા. ચીનની નદીઓ અને નહેરો વેપારી વ્યવહારથી ઉત્તેજીત બની હતી તથા ચીનના બંદરોમાંથી હિંદના સમુદ્રમાં તથા પર્શિયાના અખાતમાં મોટાંમોટાં વહાણો સફરો કરતાં હતાં. ચીનની આબાદીનો એ સૌથી મહાન કાળ હતો. એ સમયે જ્યારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યુરોપમાં રેશમના કપડાંની કીંમત તેના વજન જેટલું સોનું હતી ત્યારે ચીનના લોકોનો રોજનો પોષાક રેશમ હતો. તેના પાટનગરની પાસેના ગામોમાં રેશમ વણવાનાં એવા તો મોટાં કારખાનાં હતાં કે એક ગામના કારખાનામાં એકલાખ મજૂરો કામ કરતાં હતાં. હીરાઓમાં શીલ્પીઓ મૂર્તિઓ ઘડતા હતા તથા શ્રીમંતોના મુડદાંઓ મોતીની પથારીઓમાં દાટતાં હતાં. એવી તે વખતની જબરદસ્ત આબાદી હતી.

પછી ઇસવીસન ૭૧૩ માં ચીન પર શહેનશાહનાં શાસન હતાં. ચીન એ સમયે સંસ્કૃતિનું અગ્રગામી હતું. સત્તામાં સર્વોપરી હતું. જ્ઞાનમાં સર્વોત્તમ હતું તથા વિકાસમાં અસાધારણ બન્યું હતું. તે સમયની દુનિયામાં ચીનની સરકારનું તંત્ર સર્વોત્કૃષ્ટ દેખાતું હતું. એ બધી આબાદીના શિખરપર મીંગહુવાંગ રાજ્ય કરતો હતો. એ રાજા કવિતાઓ લખતો હતો તથા દૂરના દેશોપર આક્રમણ કરતો હતો. એણે ટર્કી પર્શિયા અને સમરકંદ પર અધિકાર જમાવી તેમની પાસેથી ખંડણી લીધી. એણે દેહાંતદંડની શિક્ષા નાબૂદ કરી કેદખાનાં સુધાર્યાં, અદાલતોને વ્યવસ્થિત કરી કવિઓ કલાકારો અને વિદ્વાનોને ઉત્તેજન આપ્યું. સંગીતની વિદ્યાપીઠો બંધાવી. એણે એક મરજાદીની જેમ રાજ્યની શરૂઆત કરી. રેશમમાં જંતુઓની હિંસા થતી હોવાથી રેશમના કારખાનાં બંધ કરાવ્યાં. રાજમહેલની બધી સ્ત્રીઓને સુંદર પોષાક તથા ઝવેરાત નહિ પહેરવાનો હુકમ કર્યો. પણ પછી ધીમે ધીમે એના મરજાદીપણાનો અંત આવતો ગયો અને એના જીવનના અંત સુધીમાં એ આનંદો ભોગવનારો તથા કલા ને વિલાસનો ઉપભોગ કરનારો બની ગયો. છેવટે એને એની રાજ્યગાદીનો એક યાંગ વી-ફી નામની બાઈના મોહને લીધે ત્યાગ કરવો પડયો. જ્યારે એ સ્ત્રીને એ પહેલીવાર મળ્યો ત્યારે પોતે સાઠ વર્ષનો હતો ને બાઈ સતાવીશ વર્ષની હતી. દશ વર્ષ સુધી એ બાઈ એના [illegible]મા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છોકરાની રખાત તરીકે રહી હતી. શહેનશાહ પણ એ સ્ત્રીને ચહાતો હતો કારણ કે તે જક્કી હતી મહત્વાકાંક્ષી હતી સત્તાશીલ હતી અને મિથ્યાભિમાની હતી. શહેનશાહ મીંગ એ સ્ત્રીને મહાન પવિત્ર કહેતો હતો. શહેનશાહે એની સોબતમાં રાજતંત્ર તરફ બેદરકાર રહેવા માંડયું તથા સરકારી બધી સત્તાઓ એણે એ મહાન પવિત્ર સ્ત્રીના ભાઈના હાથમાં સોંપી દીધી. જ્યારે એની આસપાસ વિનાશનાં પરિબળો જામતાં હતાં ત્યારે એ દિવસ ને રાત વિલાસ અને આનંદમાં મશગુલ રહેવા લાગ્યો. એક લુ—શાંગ નામનો દરબારી પણ એ યાંગ વી-ફીને ચ્હાતો હતો તથા પોતે ઉત્તરના એક ઈલાકાનો ગવર્નર હતો. એણે એકાએક બળવો પોકાર્યો તથા પોતાની જાતને શહેનશાહ તરીકે જાહેર કરી. મીંગ પાટનગરમાંથી નાશી ગયો એના સિપાઇઓએ એની સામે જ પેલી બાઈને કાપી નાંખી. એ બળવામાં ત્રણ કરોડ ને ૬૦ લાખ લોકોનો નાશ થયો. પછી ૭૬૨ માં એ બળવો શમ્યા પછી શહેનશાહ મીંગ પાછો પાટનગરમાં આવ્યો ને મરણ પામ્યો.

પછી ઈ. સ. ૧૨૫૫ ની આસપાસ વેનિસના સુવર્ણ યુગના સમયમાં ઘસાઈ ગયેલા ને ઘરડા લાગતા બે માણસો ચીંથરેહાલ અવસ્થામાં વેનિસને આંગણે ઉતર્યા હતા તથા છવીશ વર્ષ પહેલાં વેનિસના જે ઘરમાંથી એ લોકો મુસાફરી કરવા નીકળી ગયા હતા તે ઘરમાં ફરી પાછો પ્રવેશ માંગતા હતા. એ કહેતા હતા કે તેમણે ઘણા ભયંકર સમુદ્રોપર સફર કરી છે. ઊંચા પર્વતો ઓળંગ્યા છે, મેદાનો ને રણો પરથી મુસાફરી કરી છે, તથા ચાર વખત ચીનની મહાન દીવાલમાં થઇને ગયા છે ને વીસ વર્ષ સુધી ચીનમાં રહ્યા છે. એ લોક કહેતા હતા કે એમણે દુનિયાના સૌથી મહાન સત્તાધીશ એવા રાજાની નોકરી કરી છે તથા એ લોકો યુરોપને ખ્યાલ પણ ન આવે એવા મોટા મોટા નગરોવાળા સામ્રાજ્યમાં ફર્યા છે. માણસના માથાં કરતાં ઘણાં મોટાં એવાં ફળ ખાધાં છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સોનાના ઢગલા જોયા છે તથા એવા પ્રદેશમાં રહ્યા છે કે જ્યાં લગ્ન પહેલાં કૌમારાવસ્થા મટી જતી હતી તથા જ્યાં લોકો પોતાની દીકરીઓ અને સ્ત્રીઓનો ઉપભોગ મહેમાનોને છુટથી કરવા દેતા હતા. એવી એવી અનેક વિચિત્ર વાતો પોતાને ત્યાં ઇટાલીમાં આવીને કરતા હતા. એ વાતો કરનારામાંના એકને તેની વિચિત્ર વાતોને અનુરૂપ એવા માર્કો મીલીયન્સ નામથી ઓળખતા હતા.

એ માર્કો એના બાપા સાથે સત્તર વર્ષની ઉમ્મરે લીબાનોન પર્વતોને ઓળંગીને મેસોપોટેમીઆ થઇને પર્શિયન અખાત તરફ ગયો હતો અને ત્યાંથી પર્શીઆ ખુરાસાન અને બાલુ થઇને પામીરના ઉચ્ચ પ્રદેશ તરફ ગયો હતો. ત્યાંથી એ લોકો વણઝારાઓ સાથે ધીમે ધીમે કાસ્ગર અને ખોટાન તરફ પહોંચ્યા હતા અને ગોબીના રણમાં થઇને શાન્ટુની મહાન દિવાલમાં પેઠા હતા. ત્યાંના મહાન ખાને તેમને પશ્ચિમના નમ્ર પ્રતિધિનિ તરીકે આવકાર આપ્યો હતો. એ ખાન કુબ્લાઈ ખાન હતો. તથા ચીનનો માલિક બની બેઠો હતો. ઇતિહાસ કહેતો હતો કે એણે અને એના મોંગોલ પૂર્વજોએ ચીનને જીત્યું હતું. મોંગોલ લોકો ઉત્તર પશ્ચિમ તરફનો પ્રદેશ રણ બની જતાં ત્યાંના મોંગોલ અથવા મીર લોકો નવાં ખેતરો જીતવા નીકળી પડચા હતા તથા એ વિજયી બનતા મોંગોલ લોકો આખો એશિયા તથા યુરોપના થોડા ભાગો જીતતા સુધી અટકચા નહોતા. એમની કૂચ વર્ષો સુધી વિજયંત આગળ ને આગળ વધતી હતી તથા એમની તરવારો અટકચા વિના લોહી ટપકાવતી હતી. એમનો એક ભયંકર સરદાર જંગીસખાન નામનો હતો. જાણે માણસના લોહીની છોળ ઉછાળવા જ જન્મ્યો હોય એવો એ પ્રચંડ હતો. એની તેર વર્ષની ઉમ્મરે મોંગોલ લોકોની જુદી જુદી ટોળીઓ એણે એક કરી હતી અને એ એકતા અને વિનાશમાં એનો ત્રાસવાદ એ સૌથી સફળ હથિયાર હતું. એના હાથે જે મરતાં નહીં તે કેદ પકડાતાં અને જે કેદ પકડાતાં તેમને લાકડાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગધેડાં સાથે જકડી બાંધવામાં આવતાં તથા તેમના શરીરના ટૂકડા કરી નાંખવામાં આવતા હતા અને તેમને જીવતાં ને જીવતાં કઢાઈમાં ઉકાળવામાં આવતાં હતાં.

એણે એક દિવસ નીંગ–સુંગ નામના ચીનના શહેનશાહનો સંદેશો મેળવ્યો હતો. ચીનના શાહે લખેલા પત્રમાંથી એ શહેન-શાહ જંગીસખાનને પોતાને શરણે આવવાની માંગણી કરતો હતો. એ માંગણી વાંચીને સળગી ઊઠેલો જંગીસખાન એક રાક્ષસી સાપના આકારવાળા સિંહાસન પરથી થૂંકયો અને એણે એના લશ્કરોને તાબડતોબ તૈયાર થવાનો હુકમ કર્યો. બારસો માઈલ વિસ્તાર પામેલા ગોબીના રણ પરથી લશ્કરી કૂચ શરૂ થઈ ગઈ અને ત્યાંથી ચીનના પશ્ચિમ ઇલાકાઓ પર જંગીસખાનની જંગી સેનાનાં પગલાં ખખડયાં. ચીનના નેવુ નગર એવાંતો તારાજ કરવામાં આવ્યાં હતાં કે એ નગરો હતાં ત્યાં મનુષ્યની વસતીનો એકે અવશેષ દેખાતો ન હતો તથા એ પાધર બનેલા ચીની નગરોમાં થઈને અંધારામાં પણ તે કૂચ સફળ થઈ શકી હતી. પોતાને આખી માનવજાતના શહેનશાહ કહેવડાવતા એ જંગીસખાને ઉત્તર ચીનને પણ ઉજ્જડ કરી દીધું. પછી એના વારસદારોમાં ચોગો-ડાઈ, મંગુ અને કુબ્લાઇ એવા ત્રણ જણ હતા. વેનિસમાં પાછો આવેલો માર્કોપોલો કુબ્લાઈખાનની વાત કરતો હતો. એ કુબ્લાઈ-ખાને પણ જંગીસખાને શરૂ કરેલો સંહાર આગળ ધપાવ્યો હતો. સંહાર સામે અજોડ એવી વીરતા બતાવીને ચીનનાં નર નારીઓ હોમાઇ જતાં હતાં. જુનીંગ–ફુ નામના એક સ્થળને જ્યારે કુબ્લાઇખાને ઘેરો ઘાલ્યો ત્યારે ત્યાંના ચીના લોકો એકેએક પુરુષ મરણ પામતાં સુધી લઢયા હતા. નગરની દિવાલ પાછળ એકલી સ્ત્રીઓ જીવતી હતી. એ સ્ત્રીઓ આખા નગરને સળગાવી જીવતી સળગી ગઈ હતી. કેન્ટોન પાસે એ કુબ્લાઈખાનના લશ્કર આવતાં એ મોંગોલ વિજેતાને હાથે કપાઈ મરવાં કરતાં એક લાખ ચીનાઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દરિયામાં ડૂબી ગયા હતા. એ રીતે આખા ચીન પર સત્તા બેસાડતા બહારથી આવેલા મોંગોલ લોકોએ સો વર્ષ સુધી ચીન પર રાજ્ય કર્યું.

પછી ધીમે ધીમે એ મોંગોલ લોકો ચીનની સંસ્કૃતિ સ્વીકારવા લાગ્યા અને ચીનાઓ સાથે સંપર્કથી ભળી જઇ એક પ્રજા બનવા લાગ્યા તથા પોતાની શક્તિનો ઉપયોગ પોતે સ્વીકારેલા ચીનની સમૃદ્ધી વધારવા કરવા લાગ્યા.

માર્કોપોલોએ કુબ્લાઇખાન સાથે રહીને ચીનના ઇતિહાસનો અભ્યાસ કર્યો હતો તથા એણે તે સમયના ચીનના લંબાણુ વર્ણનો કર્યાં છે. એ કુબ્લાઈખાનના અંગત જીવનનું વર્ણન કરતાં કહે છે કે ખાને ચીનની ચઢિયાતી સંસ્કૃતિનો સ્વીકાર કર્યો હતો તથા પોતાના લોકોના રીતરિવાજો ચીની પ્રજાના રીતરીવાજો સાથે ભેળવી દીધા હતા. એણે જુદાજુદા ધર્મો તરફ અસહીષ્ણુતા કેળવી હતી, મોટા મોટા રસ્તાઓ, નહેરો, અને ભંડારો બંધાવ્યા હતા. દુષ્કાળના સમય માટે એણે અનાજના કોઠારો ભરી રાખ્યા હતા. નિરાધાર તથા વૃદ્ધ લોકોને રાજ્ય તરફથી આધાર આપ્યો હતો. વિદ્યાકળાને ઉત્તેજન આપ્યું હતું. ખાનનું અંગત જીવન વિલાસની પરાકાષ્ઠા જેવું હતું. એની ચાર સ્ત્રીઓ શહેનશાહબાનુઓ કહેવાતી હતી. એ ઉપરાંત દર બીજે વર્ષે સો સ્ત્રીઓ ખાનના ઉપભોગ માટે આણવામાં આવતી હતી. એ સ્ત્રીઓની બહુ ઝીણવટથી પરીક્ષાઓ લેવામાં આવતી હતી. તથા જેમના શરીર શ્વાસ અને અવાજ ઉત્તમ લાગતા તેમને જ ખાનની સેવામાં યોજવામાં આવતાં હતાં. એક સ્ત્રીને ત્રણ દિવસ અને ત્રણ રાત્રી ખાન સાથે રહેવું પડતું. જે દરમ્યાન ખાનની પશુવૃત્તિ તેનો યથેચ્છ ઉપભોગ કરતી.

પછી યુરોપ અને પશ્ચિમ એશિયામાં ધીમે ધીમે મોંગોલ લોકોનો પરાજય થવા માંડયો અને તેની અસરરૂપે ચીનમાં પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યુઆન વંશનું પતન શરૂ થયું. મોંગોલ લોકો યોધ્ધાઓ હતા પણ રાજનીતિજ્ઞ ન હતા. એટલે ચીના લોકોએ એ વિજેતા ઉપર પોતાની સત્તા જમાવવા માંડી. ધીમે ધીમે ચીની પ્રજાએ મોંગોલ સાથે લગ્નવ્યવહારો કરવા માંડ્યા, તેમને સુધારવા માંડ્યા અને તેમની પાસેથી રાજસત્તા પડાવી લેવા માંડી. ઈ. સ. ૧૩૬૮ માં બળવો થયો અને એ બળવાના નાયક એક બૌદ્ધ ભિક્ષુએ પોતાની જાતને શહેનશાહ તરીકે જાહેર કરી અને પોતાના વંશને મીંગ વંશ કહ્યો. એના પછીના યુંગ–ઓ નામના શહેનશાહની હકુમત નીચે ચીન ફરીથી આબાદ થવા લાગ્યું. પણ બહુ થોડા સમયમાં એક નવા લોકોનો ધસારો ચીનની દિવાલમાં પેઠો અને પેકીંગને ઘેરો ઘાલવામાં આવ્યો. એ લોકો મંચુઓ હતા તથા મંચુકો નામના પ્રદેશમાંથી આવતા હતા. એ લોકોએ પોતાની સત્તા ઉત્તરમાં આમુર નદી સુધી સ્થાપીને દક્ષિણના ચીનાઈ પાટનગર સુધી કૂચ કરી. છેલ્લા મીંગ-શહેનશાહે પોતાના કુટુંબને ભેગું કર્યું અને પોતાની મહારાણીને આપઘાત કરવાની આજ્ઞા કરી. અંતપુરની સ્ત્રીઓએ પણ પોતાની જાતને મારી નાંખી. પછી શહેનશાહે પોતાની જાતને સ્વેચ્છાએ ફાંસીના માંચડે લટકાવી દીધી. મંચુ લોકોએ એ શહેનશાહના શબને દફનાવ્યું અને શીંગ વંશની સ્થાપના કરી.

મંચુઓ પણ બહુજ થોડા સમયમાં ચીના બની ગયા અને એ વંશના બીજા શહેનશાહ કાંગ–શીએ ચીનને ચીની ઇતિહાસમાં સૌથી ચઢિયાતી એવી રાજવ્યવસ્થા આપી. એ શહેનશાહ સાત વર્ષની ઉમ્મરે ગાદીએ આવ્યો હતો તથા તેર વર્ષની ઉમ્મરે તેણે પોતાની હકુમતની શરૂઆત કરી હતી. એના કાબુ નીચે ચીન ઉપરાંત મોંગોલિયા, મંચુરિયા, કોરિયા, ઈન્ડોચાયના, ઇનામ, તિબેટ અને તુર્કસ્તાન હતા. તે સમયનું તે સહુથી મહાન સામ્રાજ્ય હતું અને વસતીમાં ખૂબ વિશાળ હતું. તે સમયની દુનિયામાં એ શહેનશાહના સમકાલીનો ઔરંગઝેબ અને લુઇ ચૌદમો હતા. એણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૬૬૧ થી ૧૭૨૨ સુધી રાજ કર્યું તથા ચીનના ઇતિહાસમાં ચીનના રાષ્ટ્રને અજોડ એવી આબાદી આપી. આખી ચીની પ્રજાને ચેતવણીરૂપ એણે મરતાં મરતાં છેલ્લા શબ્દો કહ્યા કે "આપણે બીવા જેવું અને ચિંતા કરવા જેવું છે. થોડાક સૈકાઓ પછી ચીન પર લુંટફાટ કરવા સમુદ્રો ઓળંગીને પશ્ચિમની પ્રજાઓ આવી લાગશે એમ મને લાગે છે."

ત્યારપછી ચીંગ–લુંગ નામનો એક શહેનશાહ ગાદીએ આવ્યો. એણે ચીન પર લાંબો સમય રાજ્ય કર્યું તથા પંચાશી વર્ષની ઉમ્મરે સ્વેચ્છાએ રાજગાદી છોડી. એના જીવનના છેલ્લા વર્ષમાં એક બનાવ બન્યો જેણે શહેનશાહ કાંગ–શીએ ભાખેલું ભવિષ્ય સાચું પડશે એવી આગાહી આપી. અંગ્રેજોએ ચીનમાં અફીણ ઉતારવા માંડયું. તથા ૧૭૯૬ માં એક કમિશન શહેનશાહ શીંગ લુંગ પાસે વેપારી કરારો કરવા મોકલ્યું. તથા શહેનશાહ પાસે અંગ્રેજ વેપારીઓને ચીન સાથે વેપાર કરવા દેવાની છૂટ માંગી. તે વખતે ઇંગ્લાંડની ગાદી પર રાજા જ્યોર્જ ત્રીજો હતો. શીંગ-લુંગે જ્યોર્જ ત્રીજાને નીચે પ્રમાણે પત્ર લખ્યો. "બીજા દેશોમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓની અમારે કિંમત નથી. તથા તમારા દેશમાં બનતી વસ્તુઓની અમને જરૂર પણ નથી. તેથી આપ નામદારની વિનંતિને મારો એ જવાબ છે કે આપના પ્રતિનિધિની અમારા દરબારમાં નીમણુંક કરવી તે અમારા રાજકીય રિવાજથી વિરૂદ્ધ વસ્તુ છે. મેં આપ પાસે મારા દષ્ટિબિંદુઓ વિગતવાર મૂકયાં છે. તથા આપ નામદારે મોકલેલા પ્રતિનિધિઓને શાંતિથી ઘેર પહોંચી જવા રવાના કર્યા છે. મારી લાગણીઓને માન આપવું તથા આપણા અંદરના તથા આપણા સ્વદેશના જ રાજ્યવહીવટને સંભાળવો એજ આપણા માટે યોગ્ય છે."

આવા મગરૂર શબ્દોમાં ચીને યુરોપથી આવતી ઔદ્યોગિક ક્રાન્તિના આક્રમણને પાછું વાળવાનો પ્રયત્ન કર્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૯

# લોક જીવન

ચીનના લોકજીવનમાં સૌથી આગળ તરી આવતું અંગ ચીનની ઉભરાઈ જતી વસતી છે. ઈ. પૂ. ૨૮૦માં ચીનની વસતી લગભગ ૧,૪૦,૦૦,૦૦૦; ઈ. સ. ૨૦૦ માં ૨૮૦,૦૦,૦૦૦; ઈ. સ. ૭૨૬ માં ૪,૧૫,૦૦૦૦૦ તથા ઈ. સ. ૧૬૬૪ માં ૮,૯૦,૦૦,૦૦૦ તથા ૧૭૪૩ માં ૧૫,૦૦,૦૦,૦૦૦ થઈ. અને ઈ. સ ૧૯૧૯ માં ચીનની વસ્તી ૩૩,૦૦,૦૦,૦૦૦ સુધી પહોંચી. ચૌદમાં સૈકામાં એક યુરોપીઅન મુસાફરે વેનીસથી મોટાં એવા બસો શહેરની ચીનમાં ગણત્રી કરી હતી. આજે એમ મનાય છે કે ચીનમાં ૪૦,૦૦,૦૦૦૦૦ જેટલી વસતી છે. ચીનાઈ લોકો કદમાં દક્ષિણ વિભાગમાં ટૂંકા અને નબળા છે. ઉત્તરમાં ઊંચા અને મજબૂત છે. પણ સામાન્ય રીતે આખા એશિયામાં ચીની પ્રજા સૌથી વધારે પ્રાણવાળી છે. એ પ્રજાને અફીણ મારી નાંખી શકયું નથી તથા આટઆટલાં દુઃખ અને હેરાનગતી પછી પણ એ પ્રજાનો નાશ શકય બન્યો નથી. ચીનના લોકોનો ચહેરો દેખાવમાં પૃથ્વી પરની બધી પ્રજા કરતાં સૌથી વધારે બુદ્ધિમાન દેખાય છે. ચીનના ખેડૂતોની સ્ત્રીઓ પુરુષો જેટલી જ સુંદર અને મજબૂત છે. સ્ત્રી પુરુષો બંનેના વાળ સખત હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા સ્ત્રીઓને ફૂલોનો ખૂબ શોખ હોય છે. ઈ. સ. ૯૭૦ માં ચીની પ્રજામાં છોકરીઓના પગ બાંધવાનો રિવાજ શરૂ થયો. સાત વર્ષની ઉમ્મરથી છોકરીઓના પગ બાંધી દેવામાં આવતા હતા તથા પુરુષોને જાતીય આનંદ આપે એવી રીતે નાના પગ વાળી સ્ત્રીઓ ચાલતી હતી. એવા સ્ત્રીના પગ વિષે વાત કરવી કે પગ તરફ જોવું તે અવિનય મનાવા માંડ્યો એટલું જ નહિ પણ સ્ત્રીના પગના બૂટની વાત કરવી તેમાં પણ જાતીય સંકોચ સેવાવા લાગ્યા. ધીમે ધીમે પગ બાંધવાનો એ રિવાજ આખી ચીની પ્રજામાં ફેલાઈ ગયો અને મંચુ તથા તાતાર લોકોએ પણ તે સ્વીકાર્યો. શહેનશાહ કાંગશીએ એ રિવાજને બંધ કરવાનો પ્રયત્ન કર્યો પણ તેને નિષ્ફળતા મળી. આજે ચીનના જીવનમાં ચાલી રહેલી ક્રાન્તિ તેનો નાશ કરી રહી છે.

ચીનાઇ ભાષા દુનિઆની બીજી ભાષા કરતાં ખૂબ જુદી પડતી હતી. એ ભાષાના મૂળાક્ષરો હતા નહિ, જોડણી હતી નહિ; વ્યાકરણ હતું નહિ. આ બધાં ભાષાનાં અંગ શિવાય પૃથ્વી પરની સૌથી જૂની અને સૌથી વધારે વસતી વાળી એવી ચીની પ્રજાએ વાણીનો વ્યવહાર ચલાવ્યો છે. એ ભાષાનો દરેક શબ્દ નામ ક્રિયાપદ વિશેષણ કે ક્રિયાવિશેષણ એના અવાજ કે ઉચ્ચાર પ્રમાણે બની શકે છે. એક એક શબ્દના ચારથી નવ સુધીના જુદા જુદા અવાજો હોય છે જે પ્રમાણે તેનો અર્થ કરવામાં આવે છે. હું શબ્દ અગણોતેર અર્થવાળો છે. શી શબ્દના ઓગણસાઠ અર્થ છે તથા કુ શબ્દના ઓગણત્રીસ અર્થ છે. દરેક અર્થ સાથે ઉચ્ચારનો અવાજ બદલાય છે. ચીનની લખાણભાષા ચિત્રો કે આકૃત્તિઓમાં બનેલી છે. એ ભાષામાં છસો ચિહ્નો મુખ્ય છે. દરેક શબ્દ ઉપરાંત એકે એક વિચારનું પોતાનું સ્વતંત્ર ચિહ્ન છે. દાખલા તરીકે એક ચિહ્નનો અર્થ ઘોડો થાય છે. બીજાનો અર્થ ધોળો ઘોડો થાય છે. તથા ત્રીજાનો અર્થ કપાળમાં ધોળા ચિહ્નવાળો ઘોડો એવો થાય છે. પક્ષી અને મોઢાનો અર્થ નાવું એવો થાય છે. છાપરા નીચે ઊભેલી સ્ત્રીનો અર્થ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શાંતિ થાય છે. સ્ત્રી અને પુરુષ સાથે ઊભેલાં હોય એવા ચિત્રોનો અર્થ વાચાળ એવો થાય છે. સાવરણી લઇને ઊભેલી સ્ત્રીનો અર્થ પત્નિ એવો થાય છે તથા બે મોઢાં વાળી સ્ત્રીનો અર્થ કજીઓ કરવો એવો થાય છે. સામાન્ય વ્યવહારમાં સામાન્ય માણસ ત્રણ કે ચાર હજાર ચિહ્નો જાણતો હોય છે. વિચારમાં બોલાતી આ ભાષાનો એક લાભ એ છે કે ચીનાઓની જેમ જ જાપાની અને કોરિયન લોકો પણ તેને જલદી વાંચી શકે છે. તથા એ ઉપરાંત ચીનના પ્રદેશ પર જુદી જુદી ભાષા બોલતી પ્રજાને લખવાની એક પ્રથા આપી શકાય છે, તથા બોલાતી ભાષા બદલાયા કરતી છતાં લખાણની ભાષા જેવીને તેવી કાયમ રહે છે. ચીનની સંસ્કૃતિમાં ચીનની ભાષા એ એક તેની વિશેષતા છે.

## ગ્રામજીવન

ચીનના પ્રાચીન વતનીઓ જંગલો અને પશુઓ તથા જીવ જંતુંઓ સામે જીવનકલહમાં લડયા હશે તથા જમીનના માલિક બન્યા હશે. એક વખત એવો હશે જ્યારે ચીન ભયંકર એવું જંગલ હશે. અને ચીનના પ્રાચીન મનુષ્યોની જાત મહેનતે એ જંગલનો નાશ કરી તેને ફળદ્રુપ જમીન બનાવવાનો પ્રયત્ન કર્યો હશે. એ સમયનો જીવનકાળ ખૂબ વિકટ અને ભયંકર હોવો જોઇએ કારણ કે કોઈ પણ પળે તે સમયના લોકોને જંગલી માણસો અને જંગલની પરિસ્થિતિ સામે લડયા જ કરવું પડતું હતું. શરૂઆતના ચીની ખેડૂતો જુદા જુદા ઘરોમાં રહેવાને બદલે ટોળીબંધ રહેતા તથા ગામોની આસપાસ દિવાલો ચણતા હતા. તથા જમીનને ખેડવા એક સાથે જતા હતા.

તે સમયનો તેમની જમીન ખેડવાની રીતભાત અત્યંત સાદી હતી. અને તો પણ તે આજની રીતભાતથી ઘણી જુદી જુદી ન હતી. ખેડુતો પત્થર અને લાકડાના તથા લોખંડના હળ વાપરતા હતા. તથા જમીનમાં ખાતર નાખતા હતા. ખૂબ જૂના વખતથી એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખેડૂત લોકો સંખ્યાબંધ નહેરો ખોદતા હતા અને પોતાના ખેતરોને ફળદ્રૂપ કરતા હતા. એ સમયની ચીનની ખેતી ખાસ કરીને ચોખાની હતી તથા ઓછા પ્રમાણમાં ઘંઉ અને જવની પેદાશ પણ થતી હતી. ચોખાનો ઉપયોગ ખોરાક તરીકે તથા દારૂ બનાવવા માટે થતો હતો. પણ ચીનના ખેડૂતો વધારે દારૂ પીતા નહોતા–કારણ કે ચીનની જનતાનું માનીતું પીણું ચહા હતી. પંદરમા સૈકા સુધીમાં આખા દૂર પૂર્વને ચહા પીવાનો નશો ચઢયો હતો તથા ચહાપાણીની મીજબાનીઓ સામાજીક ક્રમ બન્યો હતો. લોકો માંસાહાર પણ કરતા હતા પરંતુ ખોરાકમાં માંસ કરતાં માછલાનો ઉપયોગ ખૂબ કરવામાં આવતો હતો. ચોખા અને માછલાંઓ ગરીબ લોકોનો મુખ્ય ખોરાક હતો તથા મરઘાં અને બતકનો શ્રીમંતોને ભારે શોખ હતો.

ચીનના દરેક ખેડૂતનો ખોરાક સાદોને સરળ હતો અને છતાં પણ ચીનનો ખેડૂત આખો દિવસ સખત મહેનત કરતાં ભૂખમરામાંથી કોઇપણ દિવસ સલામત નહોતો. મજબૂત અને હોશિયાર માણસો ધીમે ધીમે ખેડૂતોની જમીનના મોટા જથ્થા પચાવી પાડતા હતા. તથા દેશની બધી દોલત મુઠ્ઠીભર માલિકોના હાથમાં પહોંચતી હતી. શહેનશાહ શી હુઆંગ–ટીના સમયમાં માલિકોએ પચાવીપાડેલી ચીનની ધરતીને ફરી પાછી ખેડૂતોને વહેંચી આપવામાં આવી હતી પરંતુ ધરતીને ખેડનારા પાસેજ જમીનની માલિકી રહે એવું કોઈ તંત્ર નક્કી થયેલું ન હોવાથી ફરીવાર પાછી જમીનની માલિકી શાહુકારોના હાથમાં આવી પડવા લાગી. તથા ચીનની વસતી ખુબ જોરથી વધતી જતી હોવાને લીધે ખેડુતોની જમીન તેમના ઘણા છોકરાઓમાં ટૂકડા બની વહેંચાઇ જવા લાગી. પરિણામે વખત જતાં જમીનની માલિકી શાહુકારોના હાથમાં જવા લાગી. જમીનદારોની જમાતો જામવા લાગી. તથા પરાધીન હિંદદેશ વિના પૃથ્વીના બીજા કોઈ ખૂણામાં નહિ દેખાયેલી એવી જીવલેણ ગરીબાઈ ચીનના ખેડૂતોને ચૂસી રહી. ચીનની વધતી જતી વસતીમાંથી દરેક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્ષે ભુખમરાને લીધેજ લાખો માણસો મરી જવા લાગ્યાં. વીસ સૈકાઓ સુધી દરવર્ષે ચીનમાં દુષ્કાળ પડવા લાગ્યા. દુષ્કાળનું કારણ ખેડૂતોને ચૂસતા માલિકોનું શોષણ હતું તથા એ શોષણને લીધે વેરાન બની જતી જમીન હતી. એ ઉપરાંત ચીનની ધરતીને પાણીના પૂર પણ પાયમાલ કરતાં હતાં. જમીનદાર અને સરકારી મહેસૂલી અમલદારોએ કિસાનોની માંડેલી લૂંટ પછી જે રહેતું તે પાણીના પૂરમાં તણાઈ જતું તથા દર વર્ષે હજારો ગામડાંઓ અને લાખો ખેડૂતો પાયમાલ થઈ જતા હતા. ચીનની જનતાનો એ સમયનો કાળ અંધારકાળ હતો અને તેથી લાખોની કચરઘાણ વાળતાં કુદરત અને માલિકોના જુલ્મો ચીનની કિસાન જનતા મૂંગે મોંઢે સહન કરતી હતી કારણકે ચીનના લોકસમાજની તે સમયની વિચારસરણી એમ કહેતી હતી કે મનુષ્યનું જીવન ક્ષણભંગુર છે, તથા મનુષ્ય પોતે કર્મના કાયદા પ્રમાણે સુખી દુ:ખી થાય છે. અને તે સમયની ચીનની કહેવતો ખેડૂતને મૂરખ બનાવતી જીવનની બેહૂદી સાદાઈ ઉપદેશતી કહેતી હતી કે ખૂબ સાદું જીવન અધ્યાત્મિક છે તથા માણસની જરૂરિયાત માથા ઉપર મૂકવાની એક ટોપી અને ઓખાની રાબનો એક પ્યાલો એટલીજ હોવી જોઈએ. આ અંધાર વિચારણામાં અંધ બનેલી ચીની જનતા આરામ કે રજાના દિવસો દેખ્યા વિના સખત જીવન જીવતી હતી, દંતકથાઓ સેવતી હતી. તથા કોઈ કોઈવાર આખા દિવસનો થાક ઉતારવા નાચતી હતી અને વધારે થાકતી હતી. જ્યારે શિયાળો પૂરો થતો અને બરફ ઓગળતો હતો ત્યારે બરફ પીધેલી જમીન વસંતના વર્ષાદ નીચે સુવાંળી બનતી હતી ત્યારે ચીનનો ભલોભોળો ખેડૂત આનંદમાં આવી જઈ જમીનને ખેડતો લોકગીતો ગાતો હતો અને ભૂલી જતો હતો કે એની જાતમહેનત માટીમાંથી માલના જે ઢગલાઓ પકવશે તે બધા સરકાર ને શાહુકારની નાગચૂડમાં ઝડપાઈ જવાનાં છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ઉદ્યોગ

પછી ધીમે ધીમે ચીનના જીવનમાં ઉદ્યોગ ઊગતો હતો, શહેરોમાં હસ્તઉદ્યોગોનો વિકાસ અને વેપાર શરૂ થતો હતો. મુખ્ય ઉદ્યોગો વણાટના તથા રેશમના જંતુઓ ઉછેરવાના હતા તથા એ બન્ને ઉદ્યોગો પોતાની ઝૂંપડીઓમાં ખેડૂતની સ્ત્રી કરતી હતી. રેશમ વણવાનો ઉદ્યોગ ચીનમાં ઈશુના જન્મ પહેલાં ઘણા વર્ષ પૂર્વે શરૂ થઈ ચૂકયો હતો. ઈશુના જન્મ પહેલાં સૈકાઓ પૂર્વે રેશમના વણાટની દૂકાનો શહેરોમાં હતી તથા ઈ. પૂ. ૩૦૦ વર્ષ પર એ ઉદ્યોગના સંખ્યાબંધ મજૂરોનાં મજૂરમંડળો પણ બંધાયાં હતાં. કુબ્લાઈ ખાનના સમયમાં એ ઉદ્યોગના હજારો કારખાનાં ચાલતાં હતાં તથા દરેક કારખાનામાં દશથી ચાલીશ મજૂરો કામ કરતા હતા. પણ ચીનની વિચારસરણી જ્યાંસુધી ઇતિહાસના પરિબળો જીવનના જોખમે ફરજ ન પાડે ત્યાંસુધી ચીનમાં આવતી ઔદ્યોગિક ક્રાન્તિને અટકાવતી હતી. તે સમયના હસ્તઉદ્યોગોવાળા ચીનમાં મજૂરના મજૂરમહાજન હતાં અને માલિકોએ નીમેલા લવાદ પંચથી કામ કરતા હતા. મજૂરો ઉપરાંત ચીનમાં હજામોના, કુલીના, રસોયાના તથા ભીખારીના પણ મંડળો હતાં. મજૂરોમાં મજૂરગુલામો પણ હતા જેમાંનો મોટો ભાગ શ્રીમંત કુટુંબોની સેવા કરતો હતો તથા ગુલામીમાં બને ત્યાંસુધી જકડાઈ રહેવાને બંધાયો હતો. દુષ્કાળના સમયમાં ચીનના ખેડૂતોની દીકરીઓ ખુલ્લી રીતે બજારમાં વેચાતી હતી તથા ઓછામાં ઓછી કિંમતે ખરીદાઈ જતી હતી. અને પૈસાદાર માલિકની આખા જીવન પર્યંત રખાત કે ગુલામ બનતી હતી.

તે સમયનો માલ લઈજવા લાવવાનો વ્યવહાર માણસની પીઠપર થતો હતો. માલ ઉપરાંત પૈસાદાર લોકો મજૂરોની પીઠપર તાણી બાંધેલી ખુરશીઓ પર બેસતા હતા અને શહેરમાં ફરતા હતા. કોઈ કોઈવાર ગધેડાંથી હંકાતા ગાડાંઓમાં માલ લઈ જવાતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સવાતો હતો. પણ ધણી ખરી ગાડીને ખેંચનારા મજૂરોજ હતા. ચીનમાં માણસની મહેનત કે માણસની માંસપેશીઓ એટલી તો સોંઘી હતી કે માલિકોને પશુઓ કે યંત્રોથી પોતાની જાત કે માલને ઉપડાવવાની પરવા ન હતી.

ચીનમાં પહેલ વહેલી રેલ્વે યુરોપીઅન મૂડીથી ૧૮૭૬માં શાંગ-હાઈથી વુશંગ સુધી દસ માઇલ જેટલી લાંબી શરૂ થઈ પણ એ યંત્રસાંમે લોકોનો રોષ એટલો તો ફાટી નીકળ્યો કે સરકારને એ રેલ્વે ખરીદી લેવી પડી અને રેલ્વેના બધાં સાધનો દરિયામાં નાંખી દેવાં પડયાં. શી હું આંગ–ટી અને કુબ્લાઈ ખાનના સમયમાં પત્થરથી ચણાયલા મોટા મોટા રસ્તાઓ હતા. પણ આજે તેની રેખાઓજ માત્ર માલમ પડે છે. શહેરની શેરીઓ અને બજારો સૂરજના તાપથી બચવા માટે આઠ ફૂટજ પ્હોળા બાંધવામાં આવ્યા હતા. પૂલો પુષ્કળ હતા અને સુંદર હતા, વેપાર અને મુસાફરી માટે જમીનમાર્ગ જેટલાજ જળમાર્ગ વાપરવામાં આવતા હતા. પચીસ હજાર માઈલો જેટલી નહેરો રેલ્વેની ગરજ સારતી હતી. સૌથી મોટી નહેર હેંગકાઉ અને ટીનસીનની વચમાં બાંધવામાં આવી હતી અને છસો પચાસ માઇલ જેટલી લાંબી હતી. નદીઓ પર અને નહેરો પર હજારો શેમ્પન ફરતાં હતાં. તથા તે માલનાં વાહનો બનવા ઉપરાંત લાખો ગરીબોના ઘરની ગરજ સારતાં હતાં.

## વેપાર

ચીના લોકોની વિચારસરણીએ શરૂઆતમાં વેપારીઓને હડધૂત કરવા માંડયા, સરકારી અમલદારોએ પણ તેમાં સાથ દીધો. હાન શહેનશાહોએ તેમના પર ભારે કર નાખ્યા. તે સમયની ચીનાઈ સમાજ રચનામાં વિદ્વાનો, શિક્ષકો, અમલદારો સૌથી ઉચ્ચધર્મના ગણાતા હતા, ખેડુતો બીજા વર્ગમાં અને કારીગરો ત્રીજામાં આવતા હતા તથા વેપારીઓ સૌથી નીચલા વર્ગના મનાતા હતા કારણકે વેપારીઓ બીજાંઓની જાતમહેનતની આપલેના નફા પર જીવતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતા અને તો પણ આર્થિક પરિબળોએ વેપારી વર્ગનીજ આબાદી ભાખી હતી. વેપારીઓ ચીનની જનતાનાં ઉત્પાદન એશિયાના ખૂણે ખૂણે લઈ જતા હતા, અને ધીમે ધીમે સરકારનો આર્થિક પાયો બનતા હતા. ચીનનો અંદરનો વેપાર '**લી કીન**' (મજૂરો પરનો માથાદીઠ કર )કરથી રૂંધાતો હતો, બહારના વહેપારમાં જમીન અને દરિયાઇ લુટારૂ ટોળીઓનો ભારે ભય હતો. પણ ચીની વહેપારીઓએ મલાયા પેનીનસ્યુલાની આસપાસનો દરિયાઈ માર્ગ ગોતી કાઢી એ ભયને દૂર કર્યો. તથા હિંદનાં માલ લઈ જવા માટે તુર્કસ્તાનમાં થઈને જતો જમીન માર્ગ પસંદ કર્યો. એજ રસ્તેથી ચીની વહેપારીઓ પરશિયા, મેસોપોટેમિયા અને રોમ પહોંચતા હતા. રેશમ અને ચાહ, ચીનાઈ વાસણો અને કાગળ, બીર અને એપ્રીકોટ, દારૂગોળો અને રમવાનાં પત્તાં એ વેપારની મૂખ્ય વસ્તુઓ હતી. એના બદલામાં ચીની વેપારીઓ બીજા દેશો પાસેથી કાચ, કેસર, અને તબંકુ ખરીદતા હતા.

પ્રાચીન સમયની શાહુકારી અને નાણાં પદ્ધતિથી વેપારને ઉત્તેજના મળતી હતી. ત્રીસથી સાઠ ટકાના વ્યાજના દરથી વેપારીઓ અંદર અંદર ધીરધાર કરતા હતા. તે સમયની ચીની કહેવત કહેતી હતી કે લુટારૂઓની ટોળીઓ જ ધીરધાર કરવાની બેંકો ખોલતી હોય છે. ચીનમાં ચલણી નણાંની શરૂઆત ઈ. સ. પૂર્વે પાંચમા સૈકાથી થઇ. શીન બેટમાં સોનાના સીક્કાનું ચલણ શરૂ થયું. શહેનશાહ વુ–ટીના સમયમાં એક ફૂટ લાંબા એવા ચામડાના સીક્કા શરૂ કરવામાં આવ્યા જે કાગળની નોટોના સર્જક બન્યા.

## વિજ્ઞાન

ચીનના વૈજ્ઞાનિકોએ ટાંગ શહેનશાહોના સમયમાં દારૂગોળાની શોધ કરી પણ તેનો યુદ્ધમાં ઉપયોગ ૧૧૬૧માં જ કરવામાં આવ્યો. પછી આરબોને ચીની વેપારીઓના વેપારી સંપર્કથી દારૂગોળાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાણ થઈ અને એ વેપારીઓએ એ જ્ઞાનને પશ્ચિમમાં પહોચાડયું. રોગર બેકને દારૂગોળો બનાવવાની કળાનું જ્ઞાન આરબોનાં પુસ્તકોમાંથી લઈ, ઈ. સ. પૂર્વે ૧૧૧૫માં શહેનશાહ શેંગ–વાંગના સમયમાં વહાણવટામાં માર્ગદર્શક એવો કંપાસ ચીની વિજ્ઞાને શોધી કાઢ્યો હતો. તે સમયના ચુના ઠાકોરે પરદેશના પ્રતિનિધિઓને દરેકને દક્ષિણ તરફ બતાવતા એવા કંપાસ ભેટ ધર્યા હતા. 'લોડસ્ટોન' ના લોહચુંબક ગુણોનું ભાન પ્રાચીન ચીનને હતું તે વિષે શંકા નથી. ઈ. સ. પૂર્વે પાંચમા સૈકામાં લખાયલા શુંગ–શુ નામના એક ઐતિહાસિક ગ્રન્થમાં કંપાસનું સરસ વર્ણન કરવામાં આવ્યું છે. એ કંપાસનો ઉપયોગ બારમા સૈકાના આરબ વેપારીઓ છૂટથી કરતા હતા. તથા યુરોપને એની જાણ ઈ. સ. ૧૧૯૦ સુધી નહોતી થઈ.

ચીનની શોધકવૃત્તિએ એ રીતે દુનિયાને કંપાસ અને દારૂગોળાની, કાગળ અને રેશમની તથા છાપવાની કળા અને ચીનાઈ માટીની ભેટ ધરી છે. પણ એ પ્રજા ૧૯૧૨ પહેલાં પોતાની પ્રાચીન આર્થિક ઘટનાથી સંતુષ્ટ થયેલી તથા એણે એના પોતાના જોખમે ઔદ્યોગિક વિકાસ તરફનો તિરસ્કાર કેળવ્યો. અને તોએ ચીની પ્રજા જમીનમાંથી નીકળતા કેલસાનો ઉપયોગ કરવામાં પહેલી હતી. કોલસાની ખાણોની શરૂઆત ચીને ઈ. સ. પૂર્વે ૧૨૨માં કરી. પણ આ ઉદ્યોગના વિકાસ માટે એ યંત્રો તરફ ન વળી. એ પ્રજાને કાચ બનાવવાનું ભાન હોવા છતાં ચીની લોકો કાચના વાસણો પશ્ચિમ પાસેથી ખરીદવા લાગ્યા. હાન શહેનશાહોના ઉદય અને મંચુઓના પતન સુધીનાં બે હજાર વર્ષ સુધી ચીનનું ઔદ્યોગિક જીવન આગળ વિકાસ પામ્યા વિનાનું હતું તેવું રહ્યું. વિજ્ઞાન અને ઉદ્યોગવાદના ધાંધલીઆ જીવન કરતાં ચીને જૂના રીતરિવાજોનું રૂઢ થયેલું શાંત જીવન પસંદ કર્યું. ઈ. પૂ. બસો વર્ષ પહેલાં ખેતીવાડી વિજ્ઞાનમાં ખૂબ શોધખોળો કરતું છતાં, ભૌગોલિક જ્ઞાનમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સર્વોપરી મનાતું છતાં, ગણિત, અક્ષર ગણિત અને ભૂમિતિમાં ઉત્કૃષ્ટ છતાં, ચીન ઔદ્યોગિક ક્રાન્તિમાં આગળ ન ધપી શક્યું પણ ચીની લોકો આદર્શવાદી ચિંતનોમાં, હેંગની શીખવેલી યોગવિદ્યામાં તથા યાંગ અને ચીનના આ અધ્યાત્મશાસ્ત્રમાં આથડયા કર્યા. કન્ફ્યુશિયસના સમયમાં ખગોળશાસ્ત્રીઓ ગ્રહણોની ગતિ જાણતા હતા. તે લોકોએ દિવસ ને વરસના બાર ભાગ પાડયા હતા પરંતુ ચીનની એ ખગોળશોધક વૃત્તિપર આકાશમાં દેખાતી હતી તેવી એકતાનતા માનવ જીવનમાં ઉતારવા સૂર્યચંદ્રની ગતિ પ્રમાણે ઉજાણીના દિવસો નક્કી કરતી હતી તથા એ આકાશી પદાર્થના નિયમને મનુષ્યના નૈતિક આચારમાં ઘટાવવાનો મિથ્યા પ્રયત્ન કરતી હતી.

## વૈદક

ચીનના વૈદકશાસ્ત્રની શરૂઆત ચીનના ઇતિહાસઆલેખન પહેલાંની છે. હીપોક્રેટસના જમાના પહેલાં ચીનમાં જબરા મોટા વૈદો થઈ ગયા હોવાના ઇતિહાસના પૂરાવા છે. ઈશુ પહેલાંના ચોથા સૈકામાં એક ચીના સૂબાએ ચાલીશ દેહાંતદંડ પામેલા ગુનેગારોનાં શરીરોને વૈદકીય તપાસ માટે 'ડીસેકશન' કરવાનો હુકમ કર્યો હતો. ચાંગ–ચુ ગનીંગ નામના એક મોટા વૈદકીય વિદ્વાને વૈદકશાસ્ત્ર પર મહત્ત્વનાં પુસ્તકો લખ્યાં હતાં જે આજ સુધી જળવાઈ રહ્યાં છે. ઇશુ પહેલાંના ત્રીજા સૈકામાં એક ડોકટરે 'સર્જરી' પર પ્રમાણભૂત ગ્રંથો લખ્યા હતા, તથા તે સમયે એક જાતના દારૂથી દરદીને બેભાન કરી વાઢ કાપ કરવામાં આવતી હતી. ઈ. સ. ૩૦૦ માં વાંગ–શું એ નાડી પારખવાની કળા પર ગ્રંથ લખ્યો હતો અને ઈ. સ. છઠ્ઠા સૈકામાં ટાઓ–હુંગ–શીંગે, ૭૩૦ દવાઓનો પરિચય આપતું પુસ્તક લખ્યું છે, ત્યાર પછી સો વરસે ચાઓ–યુઆન–ફાંગે ખાસ કરીને સ્ત્રી અને બાળકોનાં દરદોની ચિકિત્સા વિષે પુસ્તકો લખ્યાં હતાં. સુંગ વંશમાં ચીનમાં એક મોટી વૈદકીય વિદ્યાલય બાંધવામાં આવી હતી. ચિકિત્સાશાસ્ત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખૂબ વિગતવાર રચવામાં આવ્યું હતું અને નાડી પારખવાની ચોવીશ પદ્ધતિઓ નક્કી કરવામાં આવી હતી.

## ધર્મ

ચીની સમાજરચનાનું નિર્માણ વિજ્ઞાનપર નહિ પણ ધર્મ, નીતિ અને ચિંતનના વિચિત્ર મિશ્રણ પર થયું હતું. ઇતિહાસમાં આવા વહેમી, આટલા નાસ્તિક અને સાથે આટલા ધર્મઘેલા અને તોય આવા બુદ્ધિપ્રધાન લોકોને હિંદના લોકો સાથે જ સરખાવી શકાય. જેમ હિંદમાં તેમ ચીનમાં લોકો પોતાના વર્તનને ધર્મપ્રધાન માને છે, અને જેમ હિંદમાં તેમ ચીનમાં લોકોપર દેવદેવીઓની ભૂંજાડ ત્રાસ વરતાવે છે અને જેમ હિંદમાં તેમજ ચીનમાં પણ ગરીબાઇનાં અકથ્ય દુઃખોમાં લોકોને મળેલી વિચારસરણી સ્વર્ગના ઘેલછાભર્યાં તરંગોમાં લોકોને રાચતા બનાવે છે.

ચીનના ધર્મની શરૂઆતમાં પ્રાણીઓની પૂજા, કુદરતના પદાર્થોમાં ગુપ્ત એવાં સત્ત્વો (spirits) ની ભયાકુલ ભક્તિ જમીનનાં ઉત્પાદન પરિબળો તરફ કવિતામય માનભાવ તથા અહો-ભાવપૂર્વકની આકાશની પૂજા તથા આકાશમાંથી ઊતરતા વરસાદની જાતીયપૂજા વિગેરે સ્વરૂપો માલમ પડે છે. એ રીતે શરૂઆતમાં ચીની લોક મેઘ, પવન, ઝાડો. પર્વતો, અજગરો, સાપો વિગેરેને પૂજતા હતા. મોટી મોટી ધાર્મિક મીજબાનીઓ કુદરતનાં ઉત્પાદનના ચમત્કારી પ્રકારો સાથે જોડાયલી હતી. વસંત ઋતુમાં આવતી એ ધાર્મિક ક્રિયાઓમાં જુવાન છોકરાછોકરીઓને ખેતરમાં લઇ જવામાં આવતાં અને નચવવામાં આવતાં તથા જમીનની ફળદ્રુપતાં વધારવા એ જુવાનો ધાર્મિક વિધિપૂર્વક ખેતરોમાં સંભોગ કરતાં તથા તે રીતે પૃથ્વી માતાને ફળદ્રુપ બનતાં શિખવે છે તેમ માનતાં. તે સમયના રાજાઓ અને ધર્મગુરુઓ લગભગ સહચારી હતા તથા રાજાઓ દબદબા ભરી પૂજાઓથી ભગવાનની મદદ લઇ યુદ્ધમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઊતરતા ને સંહાર જમાવતા. એકેએક દેશમાં ધર્મગુરુઓની પ્રાર્થના દ્વારા રાજાલેકોના લશ્કરમાં ભગવાનોએ સાથ આપ્યો છે.

ચીની ધર્મની વિચારણાની શરૂઆતમાં આકાશ અને પૃથ્વીને એક મોટી રચનાના બે સરખા ભાગ તરીકે માનવામાં આવતાં. એ બંન્નેના સંબંધને સ્રીપુરૂષ જેવો સંબંધ માનવામાં આવતો તથા એકને આંગ અને બીજાને ચીન કહેવાતાં. આકાશી ક્રમ કે આકાશની એકતાનતાને નૈતિક આદર્શ તરીકે સ્વીકારવામાં આવતો તથા તારાઓના આકાશ સાથેના સંબંધની જેમ નીતિને મનુષ્યના સમાજ સાથેના સંબંધ તરીકે ઓળખવામાં આવતી. સૌથી વડો ભગવાન અનંત આકાશ અથવા સર્વોત્કૃષ્ઠ નીતિક્રમ છે એમ મનાતું. નીતિને એક દૈવી ક્રમ તરીકે સ્વીકાર્યા પછી ચીનાઈ સમાજે બાળકોની માબાપ તરફની, સ્રીઓની તેમના ધણીઓ તરફની, કિસાનોની જમીનદારો તરફની, અમીર ઉમરાવોની શહેનશાહ તરફની અને શહેનશાહની ભગવાન તરફની નીતિના નિયમો ઘડવા માંડયા હતા. નીતિની આ કલ્પના એક મોટો ગૂંચવાડો છતાં ખૂબ વિશાળ એવો તરંગ હતો તથા જીવનના સંજોગોના ક્રમ પ્રમાણે વિકાસ પામ્યો હતો.

ધર્મની આવી નમ્ર શરૂઆતમાંથી ચીનના બે ધર્મોધ મતોનાં તત્ત્વો ઊગવા માંડયાં. એક આખી પ્રજામાં ફેલાઈ ગએલી ભૂતપૂજા (ancestor worship) અને બીજી કનફ્યુશિયસે પ્રબોધેલી આકાશની અને મહાપુરુષોની પૂજા. એવી પૂજાને વરેલી ચીનીપ્રજા દરરોજ પોતાના પૂર્વજોને ખોરાકનાં બલિદાન અર્પણ કરતી હતી. એ પૂર્વજપૂજા ચીનાઈ માથામાં પાછી વળીને બધાં જૂનવાણી સ્વરૂપોતે જાળવી રાખવાનું, જૂના રીતિરિવાજોને માન આપવાનું સૂચન કરતી હતી. એ રીતે આગળવધતા જીવનનાં પરિવર્તનોને અટકાવવામાં આવતાં હતાં તથા તે સમયની માલિકશાહીનાં સ્વરૂપોને જળવાઈ રહેવાની જોગવાઈ થતી હતી. રાજકીય વિચારણા રુંખવાઈ જતી હતી, તથા જૂની રૂઢિઓ અમલ કરતી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધીમે ધીમે ચીનની ધાર્મિક વિચારણાએ કન્ફ્યુશિયસને દેવ જેવો બનાવી મૂક્યો. એકેએક ધર્માંધતા એના નામમાં થવા લાગી, સરકારી કાયદાઓ એના નામમાં ઘડાવા લાગ્યા. એકેએક શાળામાં એના નામના લેખ કોતરાયા, એકેએક શહેરમાં એના નામનું મંદિર ચણાયું, અને નિયત સમયો પર શહેનશાહ અને અમલદારો એના મરણ પામેલા આત્માને અત્યારે ધૂપ અને બલિદાનો દેવા લાગ્યા. ચીનનો એ પયગંબર ભગવાનની ગાદીપર બેસી ગયો.

પણ ચીનીલોકોને વખત જતાં જીવનની સકારણતાને સાદાઈ તથા શિસ્ત પ્રબોધતો કન્ફ્યુશિયસનો ધર્મ ગમ્યો નહિ. એમાં ચીની જનતાની આશાઓ ને તરંગો પોષાતાં નહોતાં, એમાં ચીની લોકોના વહેમ અને બીકોને ઉત્તેજનારૂપ તત્ત્વ નહોતું. એમાં વાસ્તવદર્શન હતું. આદર્શવાદી કવિતાઓ નહોતી, એમાં નીતિના ઉપદેશો હતા, આનંદભાવને ઉત્તેજનારી દંતકથાઓ નહોતી. એટલે ચીની લોક સમાજ જોષીઓ પાસે વિઘ્નના લેખ વંચાવવા જવા લાગ્યો, દુશ્મનોને મહાત કરવા જાદુગરોની ગુપ્ત વિદ્યાઓ સાંભળવા લાગ્યો, આડા દિવસે જન્મેલાં છોકરાંને ભયાકુલ ચીનાલોકોએ મારી નાખવા માંડયાં, દિકરીઓ દૂધ પીતી થવા લાગી. એ પરિસ્થિતિમાં ચીની જનતા આ જન્મનાં દુઃખનો દિલાસો આવતા જન્મનાં આશ્વાસનમાં શોધી રહી. એ પરિસ્થિતિમાં લાઓ–ઝીનો પંથ શરૂ થયો અને જોતજોતામાં એક નવો–ધર્મ બની રહ્યો.

એ નવા ધર્મપર લોકોના સમુદાય ઉલટયા. એ નવા ધર્મે ગૂઢ વિદ્યાઓના ઘમંડ રચ્યા. રોગ નિવારવાનાં જંત્રો શોધી કાઢયાં. લાઓ–ઝી નવો ભગવાન બની રહ્યો. એના નામની આસપાસ ગૂઢ દંતકથાઓ વિંટાઈ રહી. પછી એનો અંતપણ આવ્યો. નવી પરિસ્થિતિઓએ સામાન્ય માણસને પણ કોઈ જાતની ગૂઢતા વિના આશ્વાસન આપે તેવો ધર્મ માગ્યો. એવો ધર્મ હિંદમાંથી ચીનમાં આવતો હતો. એ ધર્મ બુદ્ધધર્મ હતો તથા ઈશુ પછી પાંચસો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વરસે ચીનમાં આવતો હતો. એ ધર્મ બુદ્ધની મહાયાન શાખાનો ધર્મ હતો તથા સામાન્ય માણસની લાગણીમાં ઉત્તેજનો તથા તરંગી આનંદભાવ જગવતો હતો. એ ધર્મે ચીનીપ્રદેશ પર માણસ જેવાં અંગત દેવદેવીઓને ફરતાં મૂકી દીધાં, સ્વર્ગના ( અમિતભા ) કુઆન–ચીન ભગવાનને સૌનો સર્વોપરિ બનાવ્યો. ચીનની ધરતી પર એ નવા ધર્મે પહેલાં સિદ્ધાર્થ સાથે ફરતા અને હમણાં મરણ પામેલા અઢાર વિદ્યાર્થીઓને અર્હતો બનાવી પીડિત માનવજાતને મદદ કરવા આઠે પહોર ફરતા કરી દીધા. ત્યારે એવો કાળ હતો જ્યારે આશાઓ અફળ નિવડી હતી. ધર્મે આપેલાં વચનો જૂઠાં પડયાં હતાં. ત્યારે દુઃખી જનતાને કોઈ અર્હત ઉગારી દેશે એમ મનાવા લાગ્યું. રાજકીય અંધેરમાં અસલામતી અને સંહાર ચીની પ્રજાપર ચોમેરથી તૂટી પડયાં. પછીના શહેનશાહોએ બુદ્ધ–ધર્મપર જુલ્મ વરસાવવા માંડયો. પણ ધર્મની આશાઓમાં વાસ્તવતાથી બચવા માગતો લોકસમાજ જોરથી જકડાઈ ગયો હતો. સરકારને લોકોનાં દેવદેવીઓ સાથે સંધિ કરવી પડી. બુદ્ધ સાધુઓને તેમનાં મંદિરો બાંધવા દેવા પડયાં. ધીમે ધીમે યુરોપમાં ઈશુની જેમ બુદ્ધનો બોધ ચીન પર ઠરવા માંડયો.

આજે એ બુદ્ધ–ધર્મ ચીનના રાષ્ટ્રીય જીવનમાં ઊતરી ચૂકયો છે. અને તો પણ ધર્મનાં યુદ્ધો કે સંહારો ચીનમાં ન ઉતર્યા હોવાથી સ્વાભાવિક રીતે ચીની પ્રજા અંદર અંદરની ધાર્મિક ભિન્નતાને સહી લે છે તથા એકજ વ્યક્તિ એક સાથે ચીનના બધા પંથોમાં માનભાવ રાખી શકે છે. જ્યારે ચીનના શ્રમજીવીને રોટલી ને રહેઠાણ મળી રહે છે ત્યારે તેને કોઈ ભગવાન કે દેવદેવીઓ યાદ આવતાં નથી, ત્યારે તે પૂર્વજોની પૂજા કરીને સંતોષ સેવે છે તથા ધર્મો અને મંદિરો એ ધર્મગુરુઓ અને સ્ત્રીઓનાં રહેઠાણો છે એમ માની લે છે. જ્યારે ચીની આદમી હવે ભગવાનને પ્રાર્થના કરે છે ત્યારે તે સ્વર્ગનાં સુખ માગતો નથી પણ દરરોજના જીવનનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભુખમરો ઓછો કરવાનું કહે છે. પણ જો એણે ઘરમાં રાખેલી ભગવાનની મૂર્તિ એની પ્રાર્થના પ્રમાણે કરતી નથી તો તે એને પાણીમાં પધરાવી દે છે. ચીની કહેવત કહે છે કે "કોઇપણ મૂર્તિ ઘડનાર મૂર્તિને પૂજતો નથી કારણકે તે શાની બનેલી છે તેની તેને ખબર છે." એવા ચીની માનસને ઇસ્લામ કે ખ્રિસ્તીધર્મ સ્વીકારવાનું મન થતું નથી કારણકે બુદ્ધધર્મે જે વચનો એને આપ્યાં છે તેથી વિશેષ વચનો કે મિથ્યા આશાઓ બીજો કોઇપણ ધર્મ આપી શકતો નથી, તથા અંતમાં ધર્મનાં બધાં વચનો એક સરખાંજ હોય છે એમ એને ભાન છે.

## નીતિ

કન્ફ્યુશિયસે આપેલી ભૂતપૂજા (ancestor worship) ચીનના નીતિના આચારનું સૌથી અગત્યનું અંગ બની રહ્યું. મા-બાપો પોતેપોતાનાં બાળકોને પૂર્વજપૂજાની નૈતિક ભાવના વારસામાં સોંપતાં જવા લાગ્યાં. ચીની સમાજનાં બદલાતાં આર્થિક ને રાજકીય સ્વરૂપોમાં ચીની પ્રજાએ પૂર્વજપૂજાને જેવાને તેવા સ્વરૂપમાં સાચવી રાખવા માંડી.

પછી નૈતિક વિચારણાની શરૂઆતે સમજાવવા માંડયું કે નીતિના નિયમનો ઉદ્દેશ જાતીય સંબંધોના અંધેરને બદલીને બાળઉછેર અને બાળકોને જન્માવવાની સંસ્થાને વધારે વ્યવસ્થિત કરવામાં છે. એ નૈતિક સિદ્ધાંતની શરૂઆત સાથે ચીનના જીવનમાં પૂર્વજપૂજાએ વંશવેલો અમર રાખવા પોતાના પછી પોતાની પૂજા કરનાર બાળકોને મૂકી જવાની પ્રજોત્પત્તિની ક્રિયાને હિંદુઓની જેમ નીતિમાન, ધાર્મિક અને અનિવાર્ય બનાવી મૂકી. મેનશિયસે કહ્યું હતું કે ત્રણ વસ્તુઓ મનુષ્યના જીવનમાં સૌથી ખરાબ છે અને તેમાં પણ બાળક ન હોવાં એ ત્રણમાં સૌથી વધારે ખરાબ છે.

દીકરાઓને માટે નીતિમાન ચીની મા બાપો પ્રાર્થી રહ્યાં તથા જે સ્ત્રીને દિકરો ન જન્મતો તે કલંકી મનાતી. દીકરાઓ જન્માવ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાની નીતિ પાછળ આર્થિક કારણો એ હતાં કે દીકરાઓ દીકરીઓ કરતાં ખેતરોમાં વધારે સારી રીતે મજૂરી કરી શકતા, તથા યુદ્ધમાં વધારે સારી રીતે લડી શકતા. આવાં કારણોએ જાણતાં અજાણતાં ચીનનાં નીતિમાન માબાપોમાં દીકરાની મહત્તા વધારી મૂકી અને પછી તો નીતિએ એમ નક્કી કર્યું કે પૂર્વજોને બલિ આપવા માટે દીકરી નહિ પણ દીકરોજ લાયક છે. હિંદુસમાજની જેમ ચીની સમાજે દીકરાને ગાદી વારસ ઠેરવ્યો અને પછી દીકરીને બોજારૂપ માનવા માંડી, કારણકે દીકરી પારકું ધન હતી અને તેમના ધણીનું ઘર માંડવા જન્મતી હતી તથા બીજાંઓનો વંશ સાચવવા છોકરાં જન્માવવાની હતી. હિંદની જેમ ચીની પરિસ્થિતિએ પણ નીતિના સ્વરૂપમાં દીકરીના નફાટોટાની ગણતરીનો પ્રવેશ કરાવ્યો તથા જીવલેણ ગરીબાઈમાં દીકરીનું અર્થશાસ્ત્ર નીતિના નામમાં નફાના અર્થમાંજ અંકાયું. દીકરી પારકી મિલકત બનવાની હોઈ અને દીકરી બીજાના ઘરની મજૂરી કરનાર બચ્ચાંઓ જન્માવવાની હોવાથી વધારે પડતી દીકરીઓનો જન્મ અનિષ્ટ મનાવા લાગ્યો તથા ધાર્મિક ચીનાઓ પણ તરતની જન્મેલી દીકરીને પાપ માન્યા વિના મરી જવા માડે ઘરના વાડામાં મૂકી દેતા. એ પરિસ્થિતિમાં ચીની સમાજમાં જે બાળકો જીવતાં તે અયોગ્ય ઉછેરને લીધે તથા વડિલોના મારને લીધે મોટા પ્રમાણમાં મરણ પામતાં. ચીની ઘરમાં ગુલામ બનેલી સ્ત્રીના ખંડમાંજ મિલકત બનેલાં બાળકોને રાખવામાં આવતાં તથા સાતવરસની ઉંમર સુધી પુરુષજાતનું કોઈપણ પ્રાણી તેમની સાથે હળતું મળતું નહિ. આર્થિક દ્રષ્ટિએ જે કુટુંબોને પાલવતું તે પોતાનાં દીકરાઓને શાળામાં મોકલતા અને દીકરીઓને તેમનાથી જુદી પાડી દેતા.

ખાસ કરીને છોકરીઓને માટે જાતીય પવિત્રતા ખૂબ સખતાઇથી જાળવવામાં આવતી અને એ સખતાઇ એટલી ઘાતકતા સુધી પહોંચી હતી કે ઘણી ખરી છોકરીઓ પરપુરુષનો પોતાને સ્પર્શ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચતાં પોતાની જાતનો આપઘાત કરીને અંત આણતી. બીજી બાજુએ ચીની જાતીય નીતિ નહિ પરણેલી સ્ત્રીમાં કોઈપણ જાતની જાતીય પવિત્રતાનો આગ્રહ રાખતી નહિ, એ ઉપરાંત ચીનીસમાજ પુરુષો માટે વેશ્યાઓનો ઉપભોગ કરવાની ક્રિયાને તદ્દન સ્વાભાવિક અને આવશ્યક લેખતો. પુરુષની એ સ્વાભાવિકતા કે જાતીય ભૂખને પોષવા ચીની સમાજરચનામાં ઠેરઠેર વેશ્યાવાડા ખોલવામાં આવ્યા હતા. પ્રુરુષ માટે લગ્ન પહેલાંનો જાતીય સંબંધ ખૂબ છૂટવાળો હતો, પણ સ્ત્રીઓ માટે એવોજ સંબંધ એવી તો સખતાઇથી નિષેધાયલો હતો કે લગ્ન પહેલાં કોઈપણ છોકરીમાં મુક્તપ્રેમ કે પ્રેમસંકલનનો અવકાશ જરા સરખો પણ આપવામાં આવતો નહોતો. શરૂઆતમાં છોકરા–છોકરીઓના એવા પ્રેમનું સ્થાન સાહિત્યમાં પણ નહોતું પરન્તુ ટાંગ શહેનશાહોના સમયમાં ઇશુપહેલાંના છઠ્ઠા સૈકામાં સ્ત્રીપુરુષની એ પ્રેમોર્મિ સાહિત્યમાં દેખાવા માંડી હતી. વીરોંગની એક દંતકથા તે સમયમાં બોલવાની પહેલીવાર હિંમત કરતી હતી કે એણે પૂલ નીચે તેને મળવાનું વચન આપ્યું હતું. એ ત્યાં આવીને નિમેલે સમયે ઉભો રહ્યો પણ એ આવી શકી નહિ, અને તોય એણે તેની મિથ્યા રાહ જોયા કરી. પછી પાણી ચઢ્યું તોય એણે રાહ જોયા કરી અને પછી પાણી એના માથા ઉપર ચઢી ગયું તોય એણે રાહ જોયા કરી અને તેતો ન આવી તે નજ આવી.

એવાં ગેરકાયદેસર મળતાં અને પ્રેમ કરતાં જુવાનોને જાળવી રાખવા તથા જુવાનીની મુગ્ધ અવસ્થામાંથી ઊગારી લેવા જુવાનોના માલિક માબાપો જુવાન છોકરાછોકરીઓને જરા પણ ભેગાં થવા દેતાં ન હતાં. તો પણ તે સમયમાં ચીનના સાહિત્યમાં કવિઓ અને લેખકોએ એક બીજા સાથે પ્રેમ કરતાં છોકરાછોકરીઓની ઊર્મિઓ આલેખવા માંડી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને તોપણ ચીની સમાજરચનામાં લગ્નને પ્રેમ સાથે ખૂબ ઓછો સંબંધ હતો. લગ્નનું ધ્યેય સ્ત્રી પુરુષની શારીરિક અને માનસિક કે આધ્યાત્મિક એકતા ન હતું પરંતુ મજૂરી કરનારા અને વંશ રાખનારા છોકરાઓ જન્માવવાનું જ હતું. એક તરફ છોકરા-છોકરીઓને એક બીજાથી જુદાં રાખવામાં આવતા હતાં. અને બીજી તરફ જુવાનોને જુદા રાખવામાં માનતા બાપાઓ વધારે ને વધારે છોકરાઓ જન્માવવા માટે અનેક રખાતો રાખતા હતા. લગ્ન ન કરવું એ પુરુષો માટે અનીતિમાન લેખાતું હતું. આજીવન બ્રહ્મચર્યનો ખ્યાલ પૂર્વજો, સરકાર અને સમાજ સામે પાપ મનાતું હતું. પરણ્યા વિના રહેવાની ધર્મગુરુઓને પણ છૂટ નહોતી.

પોતાના બાળકોનું નાની ઉમ્મરમાં જ તેમના માબાપો વેવીશાળ કરી નાખતા હતા.

લગ્નો એકજ કુળમાં કે એકજ ટોળીમાં થતાં નહિ. કન્યા-વિક્રય અને વરવિક્રય લગ્નનો સામાન્ય ક્રમ હતો. પરણતાં સુધી છોકરીને માબાપની સખત ચોકી નીચે પૂરી રાખવામાં આવતી. છોકરીને શરમાળ અને વફાદાર તથા આજ્ઞાધારક થવાનું ખાસ શિક્ષણ આપવામાં આવતું. લગ્ન પછી છોકરી પરણનારની ગુલામ બનતી અને છોકરાઓની માતા બનતી ત્યાં સુધી ગોઝારા બનેલા જીવનમાં જકડાઈ જતી.

શ્રીમંતો એકથી ઘણી વધારે સ્ત્રીઓ રાખી શકતા પણ જેમને એવું પાલવતું નહિ તેવા ગરીબો એકજ સ્ત્રી સાથે પરણી શકતા. જે સ્ત્રીને દીકરો અવતરતો નહિ તેજ સ્ત્રીનો ગરીબ ધણી બીજી સ્ત્રીને રાખતો. અમીરઉમરાવો અને રાજારજવાડાઓના માણસો પોતાના માલિક માટે સુંદર સ્ત્રીઓની શોધમાં ચીન પર ભટકતા હતા. એવા માલિક લોકોને પોતાની સુંદર દીકરીનું વેચાણ કરવામાં માબાપો માન સમજતા હતા. શહેનશાહ પોતાના અંતઃપુરની સંભાળ રાખવા ત્રણ હજાર કંચુકી રાખી શકતો હતો. સ્ત્રી પુરુષોનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાતીય સંબંધ ચીનમાં પામરતાની પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. એ સંબધનું લક્ષણ પુરુષની માલિકી અને સ્ત્રીની ગુલામી એ એકજ હતું અને તો પણ મનુષ્યનો સ્વભાવ એટલો બધો તો સંયોજક હોય છે કે સ્ત્રીઓ એ ગુલામીમાં ટેવાઈ જઈ પુરુષોમાં રહી શકતી હતી. હિંદ અને ચીનના સ્ત્રી સમાજે ગુલામીની, પામરતાની પરાકાષ્ઠાએ પહોંચી અત્યંત ગલીચ અને પામર એવા ત્યાગની છેવટની હદ બતાવી છે.

## સરકાર

ચીની સંસ્કૃતિનું અસરકારક સ્વરૂપ તેની સરકાર હતી. ચીનની વ્યક્તિ સૌથી પ્રથમ પોતાના અંગત કુટુંબની બનતી હતી તથા પોતાના પૂર્વજો સાથે બંધાયેલી હતી. એ ઉપરાંત ચીનની એકેએક પુરુષ વ્યક્તિ લોકનિયુક્ત કોઈને કોઈ ખાનગી સંસ્થાની સભાસદ હતી. એવી સંસ્થાઓનો ઉદ્દેશ ચીનની સરકારના નરમ કાયદામાં સુવ્યવસ્થા જાળવી રાખવાનો હતો. ચીનની ભૌગોલિક પરિસ્થિતિમાં એક શહેર બીજા શહેરથી ઘણું દુર હોવાથી તથા ચીનના આખા પ્રદેશ પર મોટી મોટી નદીઓ, ગાઢ જંગલો તથા વિશાળ પર્વતો પથરાયેલા હોવાથી છૂટથી પ્રવાસ કરી શકવાની અશક્યતાને લીધે તથા ચીનની ગીચ વસતી પર કોઈ એકજ સત્તાનું આધિપત્ય જાળવવાની મુશ્કેલીને લીધે મધ્ય સરકારને ચીનના જુદા જુદા વિભાગો ને રાજતંત્રની સ્વતંત્ર સત્તા આપવી પડતી હતી.

દરેક ગામ પોતપોતાનું તંત્ર ચલાવતું. દરેક ગામમાં સરકારે નીમેલો એવો એક મુખી હતો તથા ગામની પોતાની ગ્રામસભા હતી. એકથી વધારે ગામનું સંયુક્ત તંત્ર [હીન] શહેરમાં ચાલતું હતું. તે સમયે ચીનમાં એવા તેરસો કસ્બાઓ હતા. એક કે બે કસ્બાઓ એકઠા મળી પોતાનું તંત્ર કોઈ એક નગરમાં સ્થાપતા હતા. એ નગરની વ્યવસ્થાપક સંસ્થા ફુ કહેવાતી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એકથી વધારે કુટુંબો બનતી હતી. તથા એકથી વધારે ટાઓનો શેન્ડા અથવા ઇલાકો બનતો. મંચુ શહેનશાહોની સરકાર નીચે અરાઢ ઇલાકાઓની ચીની શહેનશાહત હતી. દરેક ઇલાકા માટે એક મુખ્ય ન્યાયાધીશ, એક કોષાધ્યક્ષ તથા એક સૂબો નિમાતો હતો. આ અમલદારો કર ઉઘરાવી સંતોષ માનતા હતા. તથા લોકનિયુક્ત સંસ્થાઓ ન પતાવી શકે તેવા દાવાઓ પતવતા હતા. એ ઉપરાંતની બધી આંતરવ્યવસ્થા લોકરૂઢિ, કુટુમ્બ સંસ્થા તથા લોકનિયુક્ત સંસ્થા જાળવી લેતી હતી. એવી મધ્યસ્થ સરકાર કેવળ કર ઉઘરાવવામાં જ સંતોષ માનતી હોવાથી એક સાચી સત્તા હોવાને બદલે નામમાત્રની સંસ્થા હતી. તે સમયનું સ્વદેશાભિમાન આખા દેશને સમેટતું નહોતું પરંતુ જીલ્લા અને ઇલાકામાં સમાઈ જતું હતું. આવી અસ્થિર સમાજઘટનાના કાયદાનાં અનેક સ્વરૂપો હતાં. પણ તે લોકપ્રિય ન હતાં. લોકો સરકારી કાયદા કરતાં રૂઢિથી વધારે સાહસિક થતા હતા, અદાલત નહિ જેવી હતી અને દાવાઓ ઘણાખરા અંદર અંદરજ પતી જતા હતા.

એવા સરકારી તંત્રનો જોખમી તાજ પહેરીને કરોડોની વસતીનો શહેનશાહ બેસતો હતો. સિદ્ધાંત તરીકે એ દૈવી સત્તાથી શાસન કરતો હતો. તથા એ પોતે ભગવાનનો દીકરો મનાતો હતો. એની ઇચ્છાઓ કાયદાઓ હતા અને એના ચુકાદા છેવટના ગણાતા. પોતાના એકેએક અમલદારોની નીમણુંક એ પોતે કરતો હતો અને ધર્મનો એ વડો ગણાતો હતો અને તો પણ તેની આવી નિરંકુશ સત્તા લોકોની રૂઢિથી નિયમિત થયેલી હતી. એ ઉપરાંત સરકારી તંત્રમાં પણ પવિત્ર ભૂતકાળથી ચાલી આવતી રૂઢિઓ હતી. શહેનશાહ પર દેખરેખ રાખનાર તથા તેની ટીકા કરનાર એક શાહી ચોકીદાર હતા. એ શાહી ચોકીદારની નીમણુંક રાજાના પ્રધાનો અને મોટા અમલદારો કરતા હતા. જ્યારે શહેનશાહ સ્વચ્છંદની હદ ચૂકી જતો હતો ત્યારે શાહી ચોકીદાર તેને ભગવાનના નામમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજ કરવાને નાલાયક ઠેરવતો હતો તથા લોકો એવા શહેનશાહને નીતિ કે ધર્મનો અપરાધ કર્યો સિવાય પદભ્રષ્ટ કરી શકતા હતા.

એવો શાહી ચોકીદાર શહેનશાહ ઉપરાંત એકેએક અમલદારોની ટીકા કરી શકતો અને તેના અમલનું નિરીક્ષણ કરી શકતો. ચીનના ઇતિહાસમાં એકથી વધુ વખત એ શાહી ચોકીદારે શહેનશાહને રાજ કરવાને નાલાયક ઠરાવ્યો છે અને પદભ્રષ્ટ કરાવ્યો છે. દાખલા તરીકે ૧૭૯૬ માં શુંગ નામના શાહી ચોકીદારે શીઆ-શીંગ નામના શહેનશાહને વિનય અને માનથી ગાદી છોડી દેવાનું કહ્યું હતું. કારણ કે શહેનશાહ દારૂડીઓ હતો અને બેહદ રીતે વિલાસી હતો.

શાહી સરકાર એ રીતે એક મોટું તૂત જેવું તંત્ર હતું. તાજથી સૌથી નજીક રાજસભા હતી ને તેમાં ચાર મોટા પ્રધાનો હતા. વડો પ્રધાન રાજાનો પાટવી કુંવર હતો. એ સભા વહેલી સવારમાં દરરોજ મળતી હતી તથા રાજવહીવટની વિચારણા ચલાવતી હતી. એ સભાના હાથ નીચે બીજી એક આંતર રાજસભા હતી. એ સભા પાસે છ ખાતાંઓ હતાં, જેમનું એક આંતરવ્યવસ્થા ખાતું હતું, બીજું મહેસૂલ ખાતું હતું, ત્રીજું પરદેશ ખાતું હતું, યુદ્ધખાતું હતું, અદાલતખાતું હતું અને જાહેર બાંધકામખાતું હતું.

સરકારની નબળાઈ એની ભૌગોલિક પરિસ્થિતિમાં હતી, ખૂબ જૂજ એવી રાજ્યની આવકમાં હતી તથા ચીનના દૈવી દેશની બીજા દેશો સાથે વ્યવહાર ન રાખવાની મિથ્યા મોટાઈમાં હતી.

## પશ્ચિમના પાશમાં

એ પરિબળો ઔદ્યોગિક ક્રાન્તિનું સ્વરૂપ ધારણ કરીને આવ્યાં. યુરોપે વરાળની શક્તિ શોધી કાઢી હતી ને મોટા મોટા સંચાઓને ગતિમાં મૂકયા હતા. દરરોજ વધતી જતી એ યંત્રજાળમાં વધારે ને વધારે વસ્તુઓ નીપજતી હતી તથા દુનિયાના જે દેશો હસ્ત-ઉદ્યોગ પર નભતા હતા તેમને મહાત કરતી હતી. વિકાસ પામતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉદ્યોગવાદને તરતજ દેખાઈ ગયું કે પોતાને ત્યાં પકવેલો માલ પોતાની પ્રજા ખરીદી શકે તેથી ઘણો વધારે છે. તથા પોતાના બજારો પોતાની ઉત્પાદનશક્તિ માટે ખૂબ ટૂકાં પડે તેવાં છે. પછી એ ઔદ્યોગિક ક્રાંતિમાં માલિકોને પોતાના માલ માટે પરદેશના બજારો શોધવાની જરૂર જણાઈ. એ બજારો ત્યાં હતાં જ્યાં ઔદ્યોગિક ક્રાંતિ પહોંચી ન હતી. એશિયાના બધા દેશો હસ્તઉદ્યોગની સાદાઈમાં શાન્ત અને સંતોષી હતાં. પણ એક દિવસ ઉત્પાદક સંજોગોનાં પરિબળોથી દોરાઈને પશ્ચિમની પ્રજાઓ પરદેશમાં બજાર શોધવા દૂર દૂરના દરિયામાં ઘૂમવા માંડી. ઓગણીસમું શતક નવા અને જૂનાની ઝપાઝપી જેવું જ્યાંત્યાં દેખાવા લાગ્યું. ઔદ્યોગિક ક્રાંતિ કરતા અને બજારો શોધતા યુરોપ સાથે હસ્તઉદ્યોગ કરી કરીને થાકી ગએલો એશિયાનો વૃદ્ધ દેહ અથડાઈ રહ્યો. એશિયાની રાજાશાહીવાળી અને હસ્તઉદ્યોગના અર્થકારણવાળી સંસ્કૃતિ યુરોપની યાંત્રિક સંસ્કૃતિની હરોળમાં જૂની જણાઈ. જાણે ઐતિહાસીક વિકાસક્રમનાં પરિબળો આગલું પગલું યુરોપ પર માંડતાં હતાં, યુરોપ નવું થતું હતું. એશિયા જૂનો બનતો હતો.

સોળમી સદીની શરૂઆતમાં સાહસિક ફીરંગીઓ હિંદમાં પોતાનું થાણું જમાવીને મલાકાને જીતતા હતા, મલાયાની સામુદ્રધુની સર કરતા હતા અને તેમના પાણી પર ચીતરી કાઢયાં હોય તેવાં વહાણો અને ભયંકર તોપો સાથે ઈ.સ. ૧૫૧૭માં ચીનના કેન્ટોન બંદર પર ઊતરતાં હતાં.

એ સાહસિકો હતા. યુરોપના બીજા દેશોમાં પણ એવાજ સાહસિકો એશિયા પર પોતાની ગૃદ્ધવૃત્તિની પાંખો ફફડાવી રહ્યા હતા.

એ સાહસિકો હતા અને પૂર્વના લોકોનો શિકાર કરવો, પૂર્વના પ્રદેશોને રંજાડવા અને પૂર્વના નગરોને તારાજ કરવાં તથા પૂર્વની સંપત્તિની લૂંટ ચલાવવી તે એમના સાહસના એક બીજાથી ચઢિયાતા પ્રકારો હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવા એ સાહસિકો હતા અને દરિયાઈ ચાંચીઆઓથી જરાયે ચઢિયાતા ન હતા. પછી એ સાહસિકોનાં જહાજો ચીનના કિનારા પર ભમવા લાગ્યાં. પોતાનાં બંદરો પર શિકારની શોધમાં ભમતા અને સાહસો શોધતા એ મહેમાનોને ચીના લોકોએ પકડી પકડીને પોતાના કેદખાનામાં પૂરવા માંડયા તથા તેમના માલિક સત્તાધીશોની માંગણીઓ અને કોલકરારો નકારવા માંડયા. તોયે ધીમે ધીમે એ સાહસિકોએ ચીનના કિનારા પર પોતાની કોઠીઓ જમાવવા માંડી અને ચીની પ્રજાએ વખતોવખત પોતાને વેપારી શિકાર કરવા આવેલી એ પ્રજાઓની કતલ કરવા માંડી.

પણ પછી ૧૫૫૭ની સાલ આવી અને ચીની સરકારને મકાઓમાં ફીરંગીઓને રહેવાની તથા વેપારની છૂટ આપવી પડી. ત્યાં એ લોકોએ અફીણનાં મોટાં કારખાનાં બાંધ્યાં. એ કારખાનામાં હજારો સ્ત્રી પુરુષો અને બાળકો કામ કરતાં હતાં. ત્યાંનું એક કારખાનું તે સમયમાં ફીરંગી સરકારને દર વરસે ૧,૫૫,૦૦૦ સેન્ટ કર આપતું હતું એટલું મોટું હતું.

૧૬૧૫ ની સાલમાં ફીલીપાઇન્સની ધરતી પર ત્યાંના વતનીઓનો સંહાર કરીને સ્પેનના માલિક લોકોનાં જહાજ ચીનના બંદર પર લંગરાયાં.

નવા મહેમાનોએ ચીનના ફોરમોસા નામના ટાપુમાં પડાવ નાંખ્યો પછી મોડા પડી જવાની ધાકમાં વલંદા લોકો ચીનને આંગણે આવી પહોંચ્યા અને એજ શિકારની શોધમાં ફફડી ઊઠેલા શઢવાળાં અંગ્રેજી જહાજો ઈ. સ. ૧૬૩૭ માં નદી માર્ગે કેન્ટોન પહોંચ્યાં. અંગ્રેજી જહાજો પાસે વેપારી સામાન હતો પણ ચીનની પ્રજાને વેપારી શિકાર પહેલાં ખાઈ જનારી ભયંકર એવી તોપો હતી.

ફીરંગીઓએ ચીના લોકોને તંબાકુ ખરીદતાં અને ધુમાડા કાઢતાં શીખવ્યું હતું અને ૧૮ મા સૈકાની શરૂઆતમાં એજ લોકોએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિંદમાંથી અફીણનાં વહાણો ભરીને ચીની પ્રજાને કસુંબા પીતી કરી મૂકી હતી. પણ તે સાથે તરતજ ચીની સરકારે લોકોને અફીણનો ઉપયોગ ન કરવાનું ફરમાન કાઢયું હતું. પરંતુ એકલું ફરમાન ચાલી શકે તેમ ન હતું કારણકે ફીરંગી વેપારીઓએ ચીની પ્રજાના અમુક ભાગમાં અફીણનું ઝેર ઉતારી દીધું હતું.

પછી જોરશોરથી હિંદને આંગણે ઊતરી પડેલી અંગ્રેજ શાહીવાદી ચાંચીયાવૃત્તિએ ચીનને અફીણના ઘૂંટડા પાવા માંડયા.

ઈ. સ. ૧૮૩૮ માં પેકીંગ સરકારે પોતાના કિનારા પર અફીણ ઉતારવા સામે સખત ફરમાન કાઢયું. કેન્ટોનની વેપારી કોઠીઓમાં જેટલું અફીણ હોય તેટલું પોતાને હવાલે કરી દેવાનો હુકમ કર્યો.

લીન-ઝી-શુ નામના એક ચીનાઈ અમલદારની આંખ પોતાને આંગણે આવી પોતાની પ્રજાનો શિકાર ખેલતી અંગ્રેજી ભૂતાવળ સામે તતડી ઊઠી. જ્યારે કેન્ટોનના અંગ્રેજી વેપારીઓએ પેકીંગ સરકારને બધું અફીણ સોંપી દેવાની ના પાડી ત્યારે, એ અમલદારે એ વેપારીઓના બધા કોઠારોમાંથી અફીણ બળજબરીથી કબજે કર્યું અને એ બધાનો નાશ કર્યો પછી અંગ્રેજી શાહીવાદ પોતાની વેપારી જનતાની વારે ધાયો અને હોંગકોંગમાં અંગ્રેજી લશ્કર જમા થયું. એ પહેલું અફીણ યુદ્ધ હતું.

અંગ્રેજોએ ચીનના કિનારાપરનાં બંદરોને તારાજ કર્યાં. પછી નાનકીંગ મુકામે ચીની સરકારને સલાહ કરવાની ફરજ પડી. આખો હોંગકોંગનો ટાપુ અંગ્રેજોને આપવામાં આવ્યો. અંગ્રેજી વેપારને માટે કેન્ટાન, અમોય કુચાઉ, નીંગયો, અને શાંગહાઈ બંદરો ખુલ્લાં મુકાયાં. એ ઉપરાંત આખા યુદ્ધનો ખર્ચ ચીનને માથે પડયો અને ચીની સરકારે નાશ કરેલા અફીણની કિંમત ચીને ચૂકવવી પડી તથા ચીનમાં રહેતા અંગ્રેજો જો ચીનનો કાયદો તોડે તો તેમનો ન્યાય અંગ્રેજી અદાલતો ચૂકવે એમ ઠર્યું. અંગ્રેજી શાહીવાદની પકડમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચીનને જોઈને અમેરીકા અને ફ્રાન્સના મુખમાં પણ પાણી છૂટયું. એ બંને શાહીવાદોએ પણ લાગ સાધીને ચીન સાથે વેપારી કરારો મેળવી લીધા.

આ પહેલા અફીણ યુદ્ધે ચીનની પ્રાચીન પદ્ધતિને ભાંગી નાખી. ચીનની સરકારે જોઈ લીધું કે પોતે યુરોપનાં શાહીવાદો સામે સફળ સંગ્રામ ખેલી શકશે નહિ. એ જૂની સરકારે શરૂઆતમાં વેપારી શિકાર માટે આવતાં એ યુરોપીય ધાડાંઓને સૌથી પહેલાં તિરસ્કારી કાઢયાં હતાં, પણ પછી એમને તેમની સાથે મુકાબલો કરવો પડયો, અને પરિણામમાં હારવું પડયું. ચીનની સરકારની હારના સમાચાર જેમ જેમ ચીન પર પથરાતા ગયા તેમ તેમ એ સરકાર સામેના બળવાખોર પરિબળોએ માથું ઊંચકવા માંડયું. ૧૮૪૩ની સાલમાં ચીનની સરકાર સામે પેકીંગમાં થએલા બળવાનું નામ ટાઈપીંગનો બળવો હતો. અને તેજ સમયે જ્યારે એ બળવો શમ્યો નહતો તે સમયે ઈ. સ. ૧૮૫૬માં બીજું અફીણ યુદ્ધ શરૂ થયું. અંગ્રેજી વેપારીઓ આખા ચીનને અફીણ પહોંચાડવાના આગ્રહ માટે યુદ્ધ કરવા તૈયાર થયા હતા. અને આ સમયે અંગ્રેજી શાહીવાદની કુમકે ફ્રાન્સ અને અમેરિકાનાં લશ્કરો આવી પહોંચ્યાં હતાં. ચીની પ્રજાએ એ ત્રણે વેપારી જમાતોની જલ્લાદી માગણીઓ સ્વીકારવાની ના પાડી. પછી અંગ્રેજ અને ફ્રેંન્ચ લશ્કરોએ કેન્ટોન જીત્યું. અને ત્યાંના વાઇસ-રોયને લોખંડની બેડીઓ પહેરાવી હિંદમાં મોકલ્યો. પછી એ શાહીવાદી લશ્કરોએ ટીનસનના કિલ્લાઓ કબજે કર્યા અને ચીનના પાટનગર પેકીંગ પર ચઢાઈ કરી. ફરીવાર ચીનને હાર ખાવી પડી, અને સલાહ કરવી પડી. એ સલાહમાં ચીને શાહીવાદી વેપારીઓ માટે બીજાં દશ બંદરો ખુલ્લાં મૂક્યાં તથા યુરોપ તથા અમેરિકાના સર-કારી પ્રધાનો અને સરકારના દૂતોને ચીનમાં આવકાર મળે તેવી જોગવાઈ કરી આપવી પડી. એ ઉપરાંત યુરોપ તથા અમેરિકાના વેપારીઓ તથા પાદરીઓને ચીનના એકેએક પ્રદેશ ઉપર ફરવા દેવાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શરતો સ્વીકારવી પડી. એ બધા ઉપરાંત યુરોપ અને અમેરિકાના પાદરીઓ જો ચીનનો કાયદો તોડે તો તેમનો ન્યાય ચૂકવવા માટે ચીની અમલદારો નાલાયક મનાયા એટલું જ નહિ પણ યુરોપ અને અમેરિકાના ચીનમાં રહેતા વતનીઓને ચીની કાયદાઓથી મુક્ત ગણવામાં આવ્યા. જાણે એટલું ઓછું હોય તેમ આ સમયે અંગ્રેજ શાહીવાદે ચીન પાસેથી હોંગકોંગની સામે આવેલો ચીનનો એક મોટો પ્રદેશ પડાવી લીધો. અફીણના વેપારને કાયદેસર જાહેર કર્યો તથા યુદ્ધમાં થએલો બધો ખર્ચ ચીન પાસેથી લેવાનું ઠરાવ્યું.

આ પ્રમાણે યુરોપના શાહિવાદોએ ચઢિયાતાં સાધનોને લીધે દુનિયાના અર્થકારણમાં પાછા પડી ગએલા એશિયાના દેશો પર વિજયો મેળવવા માંડયા. એ વિજયના પરિણામમાં એશિયાના બીજા દેશોની જેમ આખો ચીન દેશ પણ એ શાહીવાદી શિકારનો ભોગ બનવા માંડચો, જાણે ચીનના દેહનાં એકેએક અંગ એક પછી એક શાહીવાદી પકડમાં સપડાવા લાગ્યાં. જાણે કોઈ ભયંકર શિકારી ઇતિહાસની આગે કુચમાં પાછળ પડી ગયેલા ચીનના અંગો ખેંચી કાઢતો હતો. ચીન આખાએ એક ભયંકર વેદના અનુભવી. શાહીવાદી પકડમાં ચુંથાતું ચીનનું શરીર આર્તનાદ કરી રહ્યું. રશિયાએ આમોર નદીની ઉત્તરનો ભાગ અને ઉસુરી નદીનો પૂર્વનો ભાગ ઈ. સ. ૧૮૫૮માં પડાવ્યો. ફ્રાન્સે પોતાના એક પાદરીના મરણનું વેર વાળવાનું બહાનું કાઢી ઈ.સ.૧૯૬૦માં ઇન્ડો ચાઈનાનો પ્રદેશ કબજે કર્યો.

ઈ. સ. ૧૮૯૪ માં જાપાની માંકડું ચીન ઉપર ઉતરી પડયું તથા ફોરમોસા અને કોરિયાને પોતાની હકુમત નીચે આણ્યા ઉપરાંત ચીન પાસેથી યુદ્ધના ખરચ પેટે ધનના ઢગલા પડાવ્યા.

ઈ. સ. ૧૮૯૮ માં પોતાના બે પાદરીના ખૂનનો જવાબ માગતા જર્મનીએ કચાઉચાઉનો આખો પ્રદેશ ઝડપી લીધો. એ રીતે આખું ચીન યુરોપની શાહીવાદી ભૂતાવળોની લાગવગનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રદેશ બની રહ્યું તથા ચીનને પોતપોતાનું બજાર બનાવતી યુરોપ, અમેરિકા અને જાપાનની વેપારી મુરાદો મારકણા દાવ ખેલી રહી.

એ જ સાથે ચીન પર એક બીજી રમત પણ ચીનના ઇતિહાસમાં ખેલાઈ રહી હતી. ૧૮૬૦માં જ્યારે બીજા અફીણયુદ્ધના શાહીવાદી વિજેતાઓ ચીનની લોહી નીંગળતી ધરતી પર સંહાર ખેલતાં પગલાં મૂકતા હતા ત્યારે ચીનની સરકારનો જુવાન શહેનશાહ જેહોલ તરફ નાસી છૂટયો અને ત્યાં એક વરસ જીવીને મરણ પામ્યો. પછી ચીનની સરકાર વતી એ રાજાની રાણી રાજ્ય કરી રહી. પણ ત્યારપછી તરતજ ચીનપર જાપાનનું આક્રમણ આવ્યું અને યુરોપની વેપારી સરકારોના પંજા ચીનપર પથરાવા માંડયા. શાહીવાદોની લૂંટની નીતિથી આઘાત પામેલી ચીનની રાજ્યકર્તા રાણીએ પોતાનાં લશ્કરોને પરદેશીઓને હાંકી કાઢવા માટે ઉશ્કેર્યાં. ઘડીભર રાષ્ટ્રવાદનો ઝનૂની આવેગ ચીનપર પથરાઈ રહ્યો. ચીનના કેટલાક ભાગોમાં પરદેશીઓની કતલ ઈ. સ. ૧૯૦૦ માં શરૂ થઈ. શાહીવાદી લશ્કરો પોતાની ચઢિયાતી યુદ્ધ સામગ્રીથી ચીનને તારાજ અને મહાત કરતાં ફરી વળ્યાં અને પાટનગર પેકીંગ સુધી પહોંચ્યાં. ચીનની છેલ્લી રાણી ડાવગેર અને તેના દરબારીઓ શીઆનફુ તરફ નાઠાં અને ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, રશિઆ, જર્મની, જાપાન તથા અમેરિકાનાં લશ્કરોએ એકઠાં મળીને પેકીંગનાં નરનારીઓની કતલ કરી, પેકીંગને રસ્તે રસ્તે ચીનના લોહીની છોળો ઉછાળી તથા આખા નગરને લૂંટયા પછી સળગાવી મૂકયું.

ચીનનો એ નાશ હતો. એ નાશ ઇતિહાસની આગેકૂચમાં અટકી જઈ હસ્તઉદ્યોગોથી આગળ ન વધનાર ચીનપર અનિવાર્ય રીતે આવ્યો હતો. ઇતિહાસના ક્રમ સાથે જે દેશો આગળ વધ્યા હતા તે શાહીવાદી દેશોએ ચીનના એ નાશને આણ્યો હતો પણ એ નાશમાં જ ચીનની જૂની સંસ્કૃતિનો વિનાશ હતો. ચીનના જુના અર્થકારણનો અંત હતો. ચીનની રજવાડાશાહીનો વિનાશ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતો તથા ચીનના જૂના રીતરિવાજોનો અંત આવવાનો હતો અને તેમાંથી જ ત્યારે ખબર નહોતી તેવું નૂતન સંસ્કૃતિના ઊગમવાળું રાતું ચીન જનમવાનું હતું.

## જૂની સંસ્કૃતિનો વિનાશ અને નૂતન ચીન

શાહીવાદે ચલાવેલા ચીનના સમગ્ર જીવનના શોષણ સાથે ચીનમાં નવો પ્રાણ જાગતો હતો. ચીનમાંથી હજારો જુવાનો પોતાને જીતનાર શાહીવાદી દેશોને સમજવા પરદેશમાં ઉપડી જતા હતા. એવા સેંકડો જુવાનો ઇંગ્લેન્ડ, જર્મની, અમેરિકા અને જાપાનની વિદ્યાપીઠોમાંથી ભણીગણીને ઘેર આવવા લાગ્યા અને ચીનમાં પોતાની સાથે પરદેશમાંથી વિજ્ઞાન, યંત્રવાદ અને ઇતિહાસની પ્રક્રિયાઓની સમજ લાવવા લાગ્યા. ચીનના જુવાનોએ યુરોપ, અમેરિકા અને જાપાનના જીવનને અહોભાવ પામીને પણ આત્મવિશ્વાસથી જોયું. એમને યુરોપની મગરૂબી પોતાના માથામાં પર ઉતારવાનું મન થયું. એમને પરદેશનું વિજ્ઞાન ચીનમાં વહેતું મૂકવાના વિચાર આવ્યા. એમણે ઘેર આવીને પોતાના બાપદાદાઓની ધાર્મિક માન્યતાઓને સવાલો પૂછ્યા તથા જૂના રીતરિવાજો ફગાવી દેવા માંડ્યા તથા એ જાગેલા જુવાનોને ચીનપર પથરાયેલી જૂની સંસ્કૃતિના જાળાંઓને સળગાવી મૂકવાનું મન થયું. દરેક વર્ષે એવા હજારો જુવાનો પશ્ચિમનો પ્રકાશ લઈને ચીનની ધરતી પર ઊતરવા લાગ્યા તથા ચીનના એકેએક શહેરમાં અનેક સવાલો જગાવતા ક્રાન્તિનો નાદ જન્માવી રહ્યા.

એવો ક્રાન્તિનો સાદ જગવનારાંઓ ખૂબ નાની લઘુમતિમાં હતાં તોપણ પ્રવર્તનશીલ હોવાથી જૂના ધર્મની જડ ઊખેડવામાં જૂની નીતિના મૂળ પર ઘા કરવામાં તથા જૂના લોકો સામે નવી જુવાનીને જગાડવામાં ફત્તેહ પામતા હતા. પશ્ચિમના સંપર્કમાં આવ્યા પછી ચીનાઈ જુવાનોમાંનો કોઈએક ખ્રિસ્તિ થયેલો જુવાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેન્ટોનની પાસેના ગામનો ખેડૂત હતો. ઈ. સ. ૧૮૬૬ માં એ ખેડૂતને ઘેર એક દીકરો જન્મ્યો જેનું નામ તેણે સુન–યાત–સેન પાડયું. એનો એ દીકરો નાનપણમાં જ દેવળોમાં જઈ મૂર્તિઓને બગાડવા માંડયો. પછી એના બાપાએ એના મોટા ભાઈ સાથે એને હવાઈમાં મોકલી દીધો અને ત્યાં સુન-યાત સેને પોતાનો અભ્યાસ શરૂ કર્યો. ચીનમાં આવ્યા પછી સુનયાતસેન બ્રિટિશ મેડિકલ કોલેજમાં જોડાયો અને પછી એણે એના વિચારો ધીમે ધીમે ક્રાન્તિ તરફ દોરવા માંડયા. એક દિવસે એ સ્ટીમરમાં બેઠો અને ૧૬૦૦ માઈલ દૂર ઉત્તરમાં ચીનના રાજકર્તા પાસે દેશને સુધારવા માટેની પોતાની યોજનાઓ મૂકવા ઉપડી ગયો. પણ એને મુલાકાત આપવામાં આવી નહિ અને તેણે ચીનની ક્રાન્તિ માટે પૈસા ઉઘરાવવાની શરૂઆત કરી.

પછી એ અમેરિકા ને યુરોપ ગયો. લંડનમાં એને ચાઈનીઝ લીગેશને ગેરકાયદેસર રીતે કેદ કર્યો. પણ એક વેપારીએ એને છોડાવ્યો અને પંદર વર્ષ સુધી એ દુનિયાના એક શહેરથી બીજે શહેર ભટકયો. તે દરમિયાન એણે ચીનની ક્રાન્તિ માટે પાંચ લાખ ડોલર એકઠા કર્યા હતા. એ સાથે એકાએક તેને સંદેશો મળ્યો કે ક્રાન્તિકારી ટૂકડીઓએ દક્ષિણ જીત્યું અને ઉત્તર તરફ કૂચ કરી હતી તથા એને ચીનાઈ સામ્રાજ્યના પ્રમુખ તરીકે પસંદ કર્યો હતો. થોડાંક અઠવાડિયાં પછી તરતજ એ હોંગકોંગ ઊતર્યો તે સમયે ચીનની રાણી ડાવાગેર મરણ પામી હતી તથા તેની જગ્યાએ મંચૂકોનો શહેનશાહ પુઈ ગાદી પર આવ્યો હતો.

આ નવા શહેનશાહની સરકારે દેશમાં ઘણા સુધારા શરૂ કરી દીધા. નીયંત્રિત રાજ્યતંત્ર કરવાનાં વચન આપી દીધાં. એકેએક વ્યક્તિને મતાધિકાર આપવાનું નક્કી કર્યું પણ તેથી ક્રાન્તિનો જુવાળ અટકે એમ ન હતું. ૧૯૧૨ ના ફેબ્રુઆરી માસના બારમા દિવસે જુવાન શહેનશાહની ચારેકોર બળવાની નોબતો વાગી રહી. શહેન-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શાહના લશ્કરે સરકારનું રક્ષણ કરવાની ના પાડી. શહેનશાહે રાજગાદીનો ત્યાગ કર્યો. ક્રાન્તિકારીઓ શહેનશાહ તરફ ઉદારતાથી વર્ત્યા. તેમણે શહેનશાહનું જીવન લીધું નહિ. ઊલટું એને જીવવાની જોગવાઈ કરી આપી.

પછીની પરિસ્થિતિઓમાં સુનયાતસેન પોતાનું જૂનું સ્થાન ટકાવી શકયો નહિ. તેણે ખુલ્લી રીતે સામ્યવાદનો સ્વીકાર કર્યો તેથી તેના મધ્યમવર્ગી સહાયકો નાસીપાસ થયા. ચીન પાસે બધા વર્ગોને અનુકૂળ થઈ પડે તેવી સરકાર હતી નહિ.

ચીનની ક્રાન્તિએ રાજાશાહીના રૂપકને ભાંગી નાખ્યું હતું. રૂઢિ અને કાયદા તરફની વફાદારીને તોડી નાખી તથા રાષ્ટ્રવાદમાં ભંગાણ પાડયું હતું. પરિણામે ઉત્તર સામે દક્ષિણ આંતરવિગ્રહ ફાટી નીકળ્યો. વર્ગવિગ્રહ ભભૂકી ઊઠયો તથા અંગત મિલકત સામે ભુખમરો અને ઘરડાંઓ સામે જુવાનો માથું ઊંચકીને ઊભા થઈ ગયા. સાહસિકોએ લશ્કરો જમાવ્યાં અને છૂટાછવાયા ઇલાકાઓ પર કર નાખી રાજ કરવા માંડયા. ચીન ઉપર અંધકારનું આવરણ પથરાઈ ગયું. એક પછી બીજો સરદાર તેના પર આવતો ગયો અને પડતો ગયો. લૂંટફાટ દરરોજનો નિયમ બન્યો. ભૂખે મરતા માણસ સામે લૂંટારૂ કે લશ્કરના સિપાઈ બન્યા વગર બીજો કોઈ માર્ગ ખુલ્લો રહ્યો નહિ. લોકોએ સાચવી રાખેલી મિલકતો લૂંટાઈ ગઈ અને જ્યાં એવી લૂંટ ચાલી નહિ ત્યાં વિજેતા સરદારોની જમીઓ બેસી ગઈ. એ રીતે ચીનમાં શરૂ થયેલી કિસાનો અને કામદારોની માલિકો સામેની ક્રાન્તિ વેડફાઈ ન જાય એવા ઉદ્દેશથી રશિયાએ ઈ. સ. ૧૯૨૨ માં પોતાના બે રાજકારણમાં કુશળ એવા માણસો મોકલ્યા તેમાંનો એક કારખાન અને બીજો જોફી હતો. બન્નેને રશિયન સરકારના એવા હુકમ હતા કે ચીનમાં સામ્યવાદી ક્રાન્તિ સફળ બનાવવી. કારાખાને ચીનની સરકાર સાથે સંધિ કરીને રશિયન સરકારની હકુમતનો સ્વીકાર કરાવીને ક્રાન્તિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટેનો રસ્તો મોકળો કર્યો. જોફીએ સુનયાતસેન સાથે વાટાઘાટો શરૂ કરી. છેવટે સોવિયેટના સિત્તેર અમલદારો સાથે એક રાષ્ટ્રીય લશ્કર તૈયાર કરાવવાનો સ્વીકાર કરાવ્યો. પરંતુ એ લશ્કર માઈકલ બોરોડીન નામના એક રશિયન સલાહકારની દોરવણી નીચે હતું. છતાંપણ તેનો સરદાર સુનયાતસેનનો એક વખતનો સરદાર ચાંગ-કાઈ-શેક નામનો હતો. ચાંગ-કાઈ-શેકની સરદારી નીચે આ ક્રાન્તિના લશ્કરે કેન્ટોનની ઉત્તર તરફ કૂચ કરી તથા તે બાજુના શહેરો જીતવા માંડયાં તથા છેવટે પેકીંગમાં સત્તા સ્થાપી. એ રીતે જ્યારે ક્રાન્તિ વિજયી બની તેજ સમયે ચાંગ-કાઇ-શેકે ક્રાન્તિને દગો દીધો. ખેડૂતો, મજૂરો અને સામ્યવાદીઓની કતલ કરાવી. મૂડીવાદી હકુમત નીચે લશ્કરી સરમુખત્યારી સ્થાપી દીધી તથા સામ્યવાદી ચળવળનો અંત આણવા દમનધારાઓ શરૂ કરી દીધી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જાપાન

## પ્રકરણ ૧

## બૌદ્ધ જાપાન

જાપાનની સૌથી પુરાણી દંતકથા બોલે છે કે શરૂઆતમાં જાપાનની ભૂમિ પર દેવલોકો વસતાં હતાં અને તેઓ જનમતાં હતાં ને મરતાં હતાં. જનમતાં ને મરતાં દેવદેવીઓમાંથી બાકી બે રહ્યાં. એક ઈઝાનાગી અને બીજી ઈઝાનામી. બંને ભાઈબહેન હતાં. બન્નેને જાપાનને જન્માવવાનો ઈશ્વરી આદેશ મળ્યો. બન્ને સ્વર્ગના પૂલ પર ઊભાં. અને નીચેના સમુદ્રમાં એક રત્નજડિત ભાલો ઘોંચ્યો, પછી એ ભાલાને આકાશમાં અદ્ધર ઊંચક્યો. પછી ભાલામાંથી જે ટીપાં ટપક્યાં તે પવિત્ર ટાપુઓ બની ગયા. પછી પેલાં બે ભાઈ-બહેન પરણ્યાં. અને આ બન્નેને જાપાની પ્રજા જનમી. ઈઝાનામીની ડાબી આંખમાંથી સૂરજદેવીનો જન્મ થયો અને પછી એ સૂર્યવંશ-માંથી જાપાન પર દૈવી હક્કવાળો રાજવંશ ફેલાયો.

વાત તો એમ હતી કે જાપાનના ટાપુઓ ધરતીકંપમાંથી ફૂટી નીકળ્યા હતા, અને આજ સુધી એ ટાપુઓ ધરતીકંપના ભયંકર આંચકાઓ સહન કરતા આવ્યા છે. ઈ. સ. ૧૬૯માં ડોલતી ધર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તીએ જાપાનનાં ગામોને વિકરાળ ઝોલા ખવડાવ્યા, લાખો જાપાનીઓના દેવભૂમિપર રામ રમી ગયા. ૧૭૦૩માં બીજો કંપ થયો અને એકલા ટોકિયોમાં ૩૨,૦૦૦ જાનને જમતો ગયો. ઈ. સ. ૧૮૮૫માં પાછું જાપાની પાટનગર હિલોળે ચઢયું અને ફાટેલી ધરતીમાં હજારો હજમ થઈ ગયાં અને મડદાંનાં ઢગનાઢગ ગાડાંમાં ભરાઈભરાઈને દફનાયાં. ૧૯૨૩માં ફરીવાર ધરતી ધ્રૂજી અને ધરતીના પેટમાંથી ચિચિયારી કરતી જ્વાલાઓ ભભૂકી ઊઠી. ટોકિયોમાં એક લાખ માણસ મરણ પામ્યાં અને યોકોહામામાં ૩૭,૦૦૦ શમી ગયાં તથા બુદ્ધ ભગવાનને વહાલું એવું કાળાકુરા આખું ભૂંસાઈ ગયું. જાપાનના લોકો એક પછી એક દોડચા આવતા આ કુદરતી આક્રમણથી અકળાઈ ગયા. અને ઘણાખરાને તો ભગવાને ખાસ બનાવેલા જાપાની ટાપુઓ માટે નિરાશા ઊપજી પણ છેવટે લોકકથાએ આ કુદરતી સંકટોને દંતકથામાં વણી લીધાં અને કહ્યું કેઃ—ટાપુઓની નીચે કોઈ દૈવી માછલી જાગી ઊઠી છે અને આળસ મરડે છે ત્યારે બધા ટાપુઓ હચમચી ઊઠે છે. એવી અનેક રીતોથી જાપાનનાં વતનીઓએ પોતાના મન મનાવ્યાં અને જાપાનના ઘરબાર છોડચાં નહિ. પછી ધીમે ધીમે જાપાન ધરતીકંપથી ટેવાઇ ગયું અને જાપાનની નિશાળમાં ભણતાં છોકરાંઓ પણ ધરતીકંપથી થતા અવારનવાર આંચકાઓને હસી કાઢવા લાગ્યા. પછી આખી પ્રજા ધીરજથી, હિંમતથી અને બહાદુરીથી ધરતીકંપના ઝોલા ખાતી ઉદ્યોગવાદ તરફ ઊંધે માથે આજે ધસી રહી છે.

એવા જાપાનના મૂળ વતનીઓ કોણ હતા અને કચાંથી આવ્યા તે સવાલ કોઈપણ સંસ્કૃતિની શરૂઆતનો પ્રથમ પ્રશ્ન કહેવાય. પણ જાપાનની પ્રજાની શરૂઆતમાં એવા સવાલો જોઈએ તેટલા સ્પષ્ટ નથી. એમ લાગે છે કે જાપાનમાં ત્રણ તત્ત્વો એક પ્રજા બનીને રહ્યાં છે. એમાંનું પહેલું તત્ત્વ ઐતશમાં થઈને જાપાનમાં પેઠેલા પ્રાથમિક દશાના ગોરા લોકોનું છે. એ લોકો આમુર નદીના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રદેશમાં થઈને આવ્યા હોવાનું લાગે છે. ત્યારપછી ઈશુ પહેલાં સાતસો વર્ષ ઉપર પીળાં માંગોલ લોકો આવ્યા હશે અને મલાયાના દક્ષિણના ટાપુઓમાંથી ભૂખરા રંગના લોકો પણ જાપાનમાં ઊતરી આવ્યા હશે. આ ત્રણે તત્ત્વોની એક ઘટના આજે એક સંસ્કૃતિ અને એક પ્રજા બની રહી છે

જાપાનીસ પ્રજાનો પૂર્વ ઇતિહાસ જોતાં જણાય છે કે કુદરતના તત્ત્વો અને પશુઓની પૂજા જૂના જાપાનીસ લોકો કરતા હતા અને સાથે સાથે તે વખતની ધાર્મિક જરૂરિયાતો, જાતીય પૂજા અને પૂર્વજપૂજાની પણ હતી. તારાઓમાં, ગ્રહોમાં, આકાશમાં, વનસ્પતિમાં અને જીવજંતુઓમાં, ઝાડમાં અને પશુઓમાં તથા માણસોમાં પણ જાપાનની ધાર્મિકવૃત્તી દૈવી શક્તિનાં દર્શન કરતી અને તેને પૂજતી. સમયની એ ધાર્મિકતાએ એકેએક ઘરપર અને ઘરવાસીઓ પર દેવદેવીઓની ભૂંજાડ ભટકતી કરી મૂકી હતી. તથા અગ્નિની જ્વાલામાં અને બત્તીની જ્યોતમાં પણ જાપાનવાસીઓને દેવદેવીઓ ઝબૂકતાં જણાતાં હતાં. દૈવીપૂજાના પ્રકારમાં કાચબાની પીઠ અને હરણનાં હાડકાં સળગાવીને સારૂં નરસું નસીબ જોવાની ધાર્મિક વિધિઓ થતી હતી. મરી ગયેલાં માણસો જીવતાંને ડરાવતાં હતાં અને પૂજનઅર્ચન કરાવતાં હતાં. કબરોમાં ઘણી કિંમતી વસ્તુઓ મરણ પામેલા માણસ માટે મૂકવામાં આવતી હતી. પુરુષની કબરમાં તલવાર અને સ્ત્રીની કબરમાં અરીસો એ મુખ્ય વસ્તુ હતી. જમીનદારો અને ઠાકોરો મરણ પામતા ત્યારે તો તેમની કબરનાં જીવતાં દાસદાસીઓને બળજબરીથી ચણી લેવામાં આવતાં હતાં અને તોપણ અનેક દેવદેવીઓની આરાધના કરતો જાપાનીસ સમાજ કુદરતની અનેક આફતોથી પીડાતો જ હતો. કોઈવાર દુષ્કાળ તો કોઈવાર અતિવૃષ્ટિથી જાપાનની જનતા વિનાશ પામતી હતી અને એ સૌમાં ધરતીકંપ તો હંમેશનું સંકટ હતું. એવા ભયાકુળ સંજોગોમાં જાપાનના લોકો બીકના માર્યા પોતાના દેવદેવીઓને પ્રસન્ન રાખવા માણસોના ભોગ પણ ધરાવતા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રાથમિક દશાના એ ધાર્મિક આચારોમાંથી જાપાનનો ધર્મ ફૂટતો હતો. એ ધર્મનું નામ શીંટો હતું. એ ધર્મે ભગવાનોને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી નાખ્યા હતા. એક પહેલા વિભાગમાં કુટુંબમાં મરી ગયેલા પૂર્વજો ભગવાનો હતા. બીજા વિભાગમાં જાતિઓના મરણ પામેલા મહાપુરુષો સામાન્ય ભગવાનો બન્યા હતા તથા ત્રીજા વિભાગમાં શહેનશાહોને જન્મ આપનાર ભગવાન હોવાથી બધા શહેનશાહો ભગવાનો હતા. તે ભગવાનોની ખાસ પૂજા રાજા યુદ્ધમાં ઊતરતો ત્યારે થતી. જાપાનને એવા શીંટો ધર્મમાં કોઈ ખાસ પ્રતિજ્ઞાઓ પાળવાની ન હતી. કોઈ સવિશેષ વિધિ વિધાનો કરવાનાં ન હતાં. નીતિના કોઈ ખાસ કાયદા પ્રમાણે વર્તવાનું ન હતું તથા એ ધર્મમાં કોઈ ખાસ અધિકારવાળા ધર્મગુરુઓની જમાત ઊભી થઈ નહોતી અને એ ધર્મમાં અમૃતત્વની કોઈ આશ્વાસન આપે તેવી માન્યતા ઘડી કાઢવામાં નહોતી આવી. એ ધર્મમાં માત્ર એકજ વિધિ હતો. એ વિધિ પૂર્વજોને, શહેનશાહને તથા ભૂતકાળની બધી વસ્તુઓને પૂજાવાનો હતો.

ત્યાર પછી ઈ. સ. ૫૨૨ માં બુદ્ધ ધર્મે ચીનમાંથી જાપાનમાં પ્રવેશ કર્યો. બુદ્ધ ધર્મને અનુરૂપ એવાં બે કારણો જાપાનની પરિસ્થિતિમાં હતાં. પહેલું કારણ લોકોની ધર્મની જરૂરિયાત હતી અને બીજાં કારણ સરકારની રાજકીય જરૂરીઆતો પણ હતી. હિંદમાંથી ચીનમાં થઈને આવેલો એ બુદ્ધ ધર્મ મૂળ અજ્ઞેયવાદી નિરાશાવાદી આચારશુદ્ધ તથા નિર્વાણના ચિંતનવાળો ન હતો. જાપાનમાં આવેલો બુદ્ધ ધર્મ મહાયાન શાખાનો હતો કે જે શાખામાં બુદ્ધ ધર્મના નામમાં અનેક દેવદેવીઓ મનુષ્યના આત્માનો ઉદ્ધાર કરતા દેખાતાં હતાં. તથા અંગત અમૃતત્વના તરંગો પ્રવેશ પામી ચૂકયા હતા, એ ઉપરાંત એ ધર્મમાં દાન, દયા, શાંતિ, આજ્ઞાધારકતા, અને એવા બીજા સદ્ગુણો જે સરકારોને શાસન માટે ખૂબ જરૂરના જણાયા છે તે પણ તે શાખામાં હતા. એ ધર્મ ગરીબ લોકોને એમના પર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થતા જુલમો સહન કરવા માટે મિથ્યા આશા અને આશ્વાસન આપતો હતો તથા પોતાની જે સ્થિતિ હોય તેમાં સંતોષ માનવાનું કહેતો હતો. એ ઉપરાંત એ ધર્મમાં કચડાતી માનવ જાત માટે કવિતાઓના તરંગો, દંતકથાઓ, પ્રાર્થનાઓનાં આશ્વાસનો તથા ધાર્મિક ઉત્સવોના ઘેલછાભર્યાં નાટારંભો પણ હતા. દુનિયાના દરેક દેશમાં સમયના માલિકોને ખુશ કરી તથા કચડાતી માનવ જાતની માલિકો તરફની વફાદારી સાચવી રાખીને ધર્મે આવું એક જાતનું મિથ્યા શિક્ષણ જનતાને આપ્યું છે તથા એવા શિક્ષણને હમેશાં રાજપટુ વ્યક્તિઓએ આવકાર્યું છે એટલું જ નહિ પણ તેને સરકારી કાયદો, સામાજિક વ્યવસ્થા તથા રાષ્ટ્રીય ઐક્યને ટકાવી રાખનારું માન્યું છે.

જાપાનમાં બુદ્ધ ધર્મને વિજય અપાવનાર લોકોની ધાર્મિક જરૂરિયાત તો હતી જ પરંતુ એ વિજયે જાપાનની દૈવી શહેનશાહતને વિજય અપાવ્યો છે. ઈ. સ. ૫૮૬માં જ્યારે શહેનશાહ યોની મરણ પામ્યો ત્યાર પછી બુદ્ધ ધર્મના આશરા હેઠળ સોટાકુ પોતાના હરીફને હરાવી વિજય પામ્યો અને એણે ઓગણીસ વર્ષ સુધી દેવના દીધેલા એવા જાપાનના પવિત્ર ટાપુ ઉપર રાજ્ય કર્યું. એણે જાપાન આખામાં બુદ્ધ ધર્મનો પ્રચાર કર્યો તથા એ પોતે જાપાનના અશોક જેવો બની રહ્યો. એણે કલા અને વિજ્ઞાનને પણ વિકસાવવા કોશિશ અને ચીનમાંથી કારીગરોને બોલાવ્યા, ઇતિહાસ લખાવ્યા તથા ચિત્રો દોરાવ્યાં પણ એના મરણ પછી કામાટારી નામના એક ઉમરાવે જાપાનના રાજકીય ઇતિહાસમાં ક્રાંતિ કરી. એણે રાજગાદીના વારસદારનું ખૂન કરાવ્યું. એક ઢીંગલા જેવા રાજાને ગાદી ઉપર બેસાડ્યો અને પોતે મુખ્ય પ્રધાન બન્યો તથા જાપાનને રાજકીય દ્રષ્ટિએ એક શહેનશાહના સીધા કાબુ નીચે મૂકી એક બનાવ્યું. જાપાનનો શહેનશાહ ટેન્સી (દેવનો દીકરો) અથવા ટેનો (દૈવી રાજા) અને પછી મિકાડો કહેવાવા લાગ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવા જાપાની રાજાનો વંશ સતત ચાલુ રહે તે માટે શહેનશાહ પોતાની ઇચ્છામાં આવે તેટલી સ્ત્રીઓ રાખી શકે એવું નક્કી થયું તથા શહેનશાહના અનેક છોકરાઓમાંથી સૌથી વડો દીકરો હોય તેજ નહિ પણ જેને શહેનશાહ અથવા તે સમયના સત્તાધીશો ઠરાવે તેજ ગાદી ઉપર આવતો. શરૂઆતના દીવસોમાં બુદ્ધ ધર્મની અસર નીચે શહેનશાહો ધાર્મિકવૃત્તિવાળા થયા. કેટલાકોએ તો એમાં બુદ્ધ સાધુ થવા માટે રાજગાદીનો ત્યાગ કર્યો તથા માછલાં મારવાના ધંધાને પણ બંધ કર્યો. પણ રાજાશાહીના અનિષ્ટો અને જુલ્મોની મૂર્તિ જેવો એક ચોજી નામનો શહેનશાહ સૌમાં અપવાદરૂપ હતો. એણે પોતાના બાણનું નિશાન તાકવા લોકોને ઝાડ પર લટકાવ્યાં અને વીંધી નાખ્યાં. એણે કુમારીકાઓને રસ્તા પર પકડી રંજાડી. એણે સ્ત્રીઓને દોરડાથી બાંધી તળાવમાં ડૂબાડી દીધી. એ શહેનશાહની સવારી જ્યારે પાટનગરના રસ્તા પરથી પસાર થતી હોય ત્યારે એ શહેનશાહને લોકોને ફટકા મારવાનો શોખ થતો હતો પછી જાપાનમાં અજોડ અને અપવાદરૂપ એવી હિંમત કરી શહેન-શાહને ભગવાન માની પૂજનારા જાપાનના લોકોએ કંટાળી બળવો કર્યો તથા ચોજીને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો. ઈ. સ. ૭૯૪માં જાપાનનું પાટનગર નારાને બદલે નાગાઓવા રાખવામાં આવ્યું અને ત્યાર પછી કયોટો (શાંતિનું નગર) જાપાનની રાજધાની બન્યું.

પછી ઈ. સ. ૧૧૯૦ માં કયોટોમાં પાંચ લાખ લોકો રહેતા હતા અને તે સમયનું કયોટો નીકલ અને કોર્ડોવા સિવાયનાં યુરોપનાં નગરોમાંથી સૌથી મોટું હતું એ કયોટાના મોટા ભાગમાં ગરીબોના ઝૂંપડાં તથા કોટડાં હતાં. એમાં રહેતી ગરીબ જનતા બુદ્ધ ધર્મના આશ્વાસનથી ગરીબાઈને ગુન્હો માનીને આવતા જન્મની આશાઓ સેવતી નમ્રતા અને સંતોષથી રહેતી હતી. નગરનો નાનો ભાગ મોટા થતા બાગ બગીચા અને મહાલ-યોથી શણગારેલો હતો. ત્યાં અમીર ઉમરાવો અને દરબારો રહેતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતા. એ કાળ એવો હતો જ્યારે જાપાનના જીવનમાં દોલતના દરજ્જા પ્રમાણે માલિકો અને દાસોની અસમાનતા શરૂ થઈ ગઇ હતી.

એક હજાર વર્ષથી જાપાને ચીનમાંથી સંસ્કૃતિ પોતાને ત્યાં લાવવાની શરૂઆત કરી દીધી હતી. તથા ચીનની સંસ્કૃતિના સ્વરૂપો પોતાને ત્યાં ઉતારવાં માંડયાં હતાં. હસ્તઉદ્યોગોનું શિક્ષણ ઈ. સ. ત્રીજા સૈકાથી જાપાને કોરિયા પાસેથી સીખવા માંડયું હતું. પોતાને ઘેર હસ્તઉદ્યોગો કરનાર સ્વતંત્ર એવો કારીગર વર્ગ હતો અને તે ઉપરાંત જમીનદારો તથા ઠાકોરો ઘણા ગુલામો રાખીને ઉદ્યોગો કરાવતા હતા.

ચીન જેવા સુધરેલા અને સંપર્કથી થયેલા પોતાના પાડોશીને દેખીને ઉ-ત્તેજીત થયેલ જાપાન હવે જેને એ સુવર્ણ યુગ કહે છે તેમાં પ્રવેશતું હતું. જાપાનમાં દાન એકઠું થતું હતું તથા જાપાનનો ઉમરાવ વર્ગ ઠાઠથી અને વિલાસથી જીવતો હતો. કયોટો જાપાનનું પેરીસ બની ગયું હતું તથા કયોટોનાં નરનારીઓ રીતભાત અને કલામાં તથા ખાનપાન અને જીવનના બીજા વ્યવહારમાં શોખીન અને રંગીલાં બનતા હતાં.

મોટી મોટી મીજબાનીઓ અને ઉત્સવો જાપાનના જીવનમાં પ્રવેશી ચૂકયા હતા. જાપાનના શ્રીમંતો સુંદર એવાં રેશમી વસ્ત્રો પહેરતાં હતાં. જાપાનના રંગભુવનોમાં રંગબેરંગી કળાના નમૂનાઓ ઝબકી રહ્યા હતા. જાપાનના મંદિરો અને મહાલયો સંગીત અને નાચથી ડોલી ઊઠયાં હતાં. કવિતા અને સાહિત્ય વિકાસ પામતાં હતાં. જાપાનનો એ વીલાસકાળ હતો પરંતુ ધનસંચયથી આવતા વિલાસમાં કળાનો નાશ કરનારા કારણો પણ સાથે જન્મતાં હોય છે. કોઇ પણ પળે એ વિલાસનાં સાધનો વ્યાપારી પરિવર્તનો સાથે નાશ પામતા હોય છે કે શોષિત જનતાના બળવામાં વિનાશ પામતાં હોય છે. અથવા તો વેપારી યુદ્ધોમાં જ વેડફાઈ જતાં હોય છે. જાપાનના એ કાળમાં શ્રીમંતોને ઘેર જેટલો વિલાસ વધવા માંડયો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેટલા જ પ્રમાણમાં સમાજમાં ગુન્હાઓનું પ્રમાણ પણ વધવા માંડયું. જાપાનની જમીન પર અને પાણી પર લુંટારૂઓ અને ચાંચિયાઓનાં જૂથ ભમવા માંડયાં. સરકારી ખજાનાઓ પણ લુંટાવા માંડયા. જાપાનના નગરોમાં અને પાટનગરોમાં પણ ધાડો પડવા માંડી. મોટા મોટા શ્રીમંતો અને ઉમરાવોએ પોતપોતાનાં લશ્કર જમાવવા માંડયા. ઠકરાતોએ મધ્યસ્થ સરકારને પોતપોતાની ઇચ્છા પ્રમાણે વશ વર્તાવવાના વેશ ભજવવા માંડયા. જાપાનની સરકારે અને સમાજવ્યવસ્થા એ એક વિકટ સમયમાંથી પસાર થઈ રહ્યાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૨

### લશ્કરી સરમુખત્યારી

આવી પરિસ્થિતિમાં લશ્કરી સરસુખત્યારોનો એક વર્ગ ઊભો થયો તથા તેણે જાપાનના બીજા વર્ગો ઉપર અધિકાર જમાવવા માંડ્યો. શહેનશાહ ઓછામાંઓછા ખર્ચે નભાવી શકાય એવી એક દૈવી મૂર્તિ બની રહ્યો. ખેડૂતોએ શહેનશાહને કર આપવાને બદલે શોગુન અથવા સેનાપતિઓને કર આપવા માંડ્યા. ૧૧૯૨માં પીના જાતિના એક યુરીટોમો નામના માણસે પોતાની આસપાસ લશ્કર જમાવ્યું અને એક સત્તાકેન્દ્ર ઊભું કર્યું. જે કાપાકુરા બકુ-ફુના નામથી ઓળખાવા માંડ્યું. બકુફુનો અર્થ લશ્કરી સંસ્થા એવો થાય છે. એ રીતે શરૂ થયેલો લશ્કરવાદ એ જાપાની સરકારનું નવું સ્વરૂપ હતું. ત્યાર પછી મહાન યુરીટોમો મરણ પામ્યો અને તેના મરણ પછી દોઢસો વર્ષે ચીનના મહાન કુબલાઈખાનને જાપાન જીતવાની ઇચ્છા થઈ આવી. કુબલાઈખાને એક ખૂબ મોટો એવો દરિયાઈ કાફલો બાંધવાનો હુકમ કર્યો. કુબલાઈખાન પાંચસો જહાજો અને એક લાખ માણસનું લશ્કર લઈ જાપાન પર ચઢ્યો. ઈ. સ. ૧૨૯૧માં કુબલાઈખાનનું દરિયાઈ લશ્કર જાપાનને કિનારેથી દેખાયું. બહાદુર જાપાનવાસીઓ એક નાનો સરખો કાફલો લઈ કુબલાઈનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભેટો કરવા બહાર નીકળ્યા અને એકાએક જાપાનની મદદે મહાન વંટોળિયો આકાશમાંથી ઊતરી પડ્યો. કુબલાઈખાનનાં જાહાજો ખડકો સાથે પછડાઈને તૂટી ગયાં. એના સીત્તેર હજાર દરિયાઈ સૈનિકો દરિયામાં જ ડૂબી ગયા અને બાકી રહ્યા તે જાપાનમાં જીવનભર ગુલામ બનવા પકડાઈ ગયા.

હવે લશ્કરી સરદારો પણ સત્તાના મદમાં અને શ્રીમંતાઈના વિલાસમાં ચકચૂર બન્યા હતા એ સરદારોમાં ટાકાટોકી નામનો એક હતો. એને કુતરાઓનો અજબ શોખ લાગ્યો હતો. એણે ખેડૂતોને કરના બદલે કૂતરાઓ આપવાનો હુકમ કર્યો હતો. સોનાચાંદીના આવરણોથી શણગારેલા પાંચ હજાર શિકારી કૂતરાઓ એ પોતાની પાસે રાખતો તથા તેમને પક્ષીઓ તથા ઊંચી જાતની માછલીઓનો ખોરાક આપતો. લશ્કરવાદની આ દશા જોઈને તે સમયના શહેનશાહ ગોડીગોને શાહીસત્તાનો પુનઃ ઉદ્ધાર કરવાનું મન થયું. વિનામોટો અને આશીકાગા નામની બે જાતિઓના સરદારોએ શહેનશાહને મદદ આપવાનું વચન આપ્યું. શહેનશાહે લશ્કરવાદ સામે જંગ માંડ્યો અને લશ્કરવાદનો મુખી ટાકાટોકી અને એના બીજા આઠસો સીત્તેર સરદારો હાર્યાં અને દેવળમાં ભરાઈ ગયા. ત્યાં તેમણે શેક નામનો દારૂ છેલ્લીવાર પીધો અને હારાકારીથી (જાપાનના ક્ષાત્રવટની પોતાની જાતે પોતાનાં આંતરડાં બહાર ખેંચી કાઢી આત્મઘાત કરવાની ક્રિયા) પોતાની જાતનો અંત આણ્યો. પણ પછી આશીકાગાના સરદાર ટાકજીએ શહેનશાહ સામે જ હથિયાર ઊંચક્યું. શહેનશાહ ગોડીગોને પદભ્રષ્ટ કરી એક કાગોન નામના શહેનશાહને ગાદી પર બેસાડ્યો અને કયાટોમાં એણે આશીકાગા સ્યોટુંનીનો લશ્કરવાદ શરૂ કર્યો. ત્યાર પછી બસો પચાસ વર્ષ ફરીવાર જાપાનમાં અંધાધુંધીનો કાળ આવ્યો. એ અંધાધુંધીનો નાશ કરી નવા લશ્કરવાદમાં જાપાનમાં ફરી કાયદો અને વ્યવસ્થા સ્થાપવાનો નિર્ધાર ત્રણ સેનાપતિઓએ કર્યો. તેમાંના એક નોપુનાગા, બીજો હીડીયોસી તથા ત્રીજો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આમેવાસા હતો. નોપુનાગાએ પ્રયત્ન કરી જોયો પણ તેને સફળતા મળી નહિ, હીડીયોસીને ફત્તેહ મળી પણ એ તરતજ મરણ પામ્યો. છેલ્લા આયેવાસોએ ટોકુગાવા સોગુનેટની સ્થાપના કરી તથા જાપાનના ઇતિહાસમાં લાંબો કાળ ચાલે એવો કાયદો અને વ્યવસ્થા સ્થાપ્યાં.

એ રીતે જ્યારે ઇંગ્લેંડમાં રાણી ઇલીઝાબેથ રાજ કરતી હતી અને હિંદમાં અકબરનું શાસન ચાલતું હતું ત્યારે જાપાનમાં મહાન હીડીયોસી અધિકાર જમાવતો હતો. એને જાપાનના લોકો વાંદર મુખો (સરૂએમ કાંગા) કહેતા હતા કારણકે મોઢાની વિરૂપતામાં એ કન્ફ્યુશિયસને પણ ટપી જાય તેવો હતો. બાળપણમાં જ એની તોફાની વૃત્તિને શાંત પાડવા એના માબાપે એને એક ધાર્મિક શાળામાં ભણવા મૂક્યો પણ એણે શાળામાં બૌદ્ધ ધર્મગુરુઓની ઠેકડીથી માંડીને તે અનેક જાતની ધર્મ વિરૂદ્ધ ક્રિયાઓ કરવા માંડી અને તેથી તેને શાળામાંથી હાંકી મૂકવામાં આવ્યો. પછી એના માબાપે એને ઠેકાણે પાડવા બત્રીસવાર જુદાજુદા ધંધામાં ધકેલ્યો પણ એ કોઇપણ જગાએ ક્યાંય ચાલ્યો નહિ. છેવટે એણે જાપાની લશ્કરવાદે ઊભા કરેલા સેમુરાઇ નામની જમાતમાં નોકરી લીધી. એણે સેમુરાઇ બન્યા પછી એના માલિકની જીંદગી એક વાર બચાવી. પછી એ નોબુનાગા સાથે જોડાયો અને એણે નોબુનાગાને પોતાની બુદ્ધિ અને હિંમતથી મદદ કરી અને ૧૫૮૨માં જ્યારે નોબુનાગા મરણ પામ્યો ત્યારે એ બળવાખોરો સાથે જોડાઇ ગયો પરંતુ ત્રણ વર્ષમાં એ હીડીયોસીએ પોતાની જાતને લશ્કરી વડા તરીકે લાયક બનાવી દીધી તથા તે સમયના એક ઢીંગલા જેવા શહેનશાહની સ્તુતિ પણ પોતાને માટે સંપાદન કરી. એને લાગ્યું કે એ પોતે કોરિયા અને ચીનને હજમ કરી જવાને લાયક થયો છે. એણે રાજગાદી પર ગોઠવાયેલા શહેનશાહને સમજાવ્યું કે જો કોરિયાનાં લશ્કરો એની હકુમત નીચે આવી જાય તો એ ચીનને જીતી શકે. પછી એણે સખત પ્રયત્ન કર્યો અને કોરિયા પર લશ્કરો ઉતાર્યાં. કોરિયા અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાપાન વચ્ચે દરિયામાં મોટું યુદ્ધ ખેલાયું. એકજ દિવસમાં બહાદુર કોરિયાવાસીઓએ જાપાનના ૭૨ જહાજો ડૂબાવી દીધાં તથા ૪૮ જહાજો કબજે કર્યાં. કોરિયાનાં પાણી લોહીથી રાતાં થઈ ગયાં. જાપાનના અનેક જાહાજો સળગી ગયાં. જાપાની લશ્કરવાદે વીસમી સદી સુધી કોરિયા અને ચીનને જીતવાનું માંડી વાળી ઘર તરફ હંકાર્યું. જીવ લઈને નાઠેલા હીડીયોસીએ કોરિયાના રાજાને કહાવ્યું કે: "અમારે તમને જીતવા નહોતાં માત્ર દરિયો માપવો હતો."

ત્યારપછી હીડીયોસીએ જાપાનમાં જઈને આરામ લેવાનો વિચાર કર્યો અને એણે ત્રણસો સ્ત્રીઓને અંતઃપુરમાં રાખી તથા પોતાની જૂની ખેડૂત સ્ત્રીને છૂટાછેડા આપ્યા. પોતે લશ્કરમાં જોડાતા પહેલાં જે વેપારીનો નોકર હતો તેના ઉછીના લીધેલા પૈસા તેને વ્યાજ સાથે પાછા વાળ્યા. એ પોતે લશ્કરી વડો અથવા શોગુન બની રહ્યો.

સેઈન્ટ ફ્રાન્સીસ ઈ. સ. ૧૫૪૯માં જાપાનમાં ખ્રિસ્તી ધર્મ લઈને આવ્યો. જોતજોતામાં એણે અને બીજા સીત્તેર પાદરી-ઓએ જાપાનમાં દોઢ લાખ લોકોને ખ્રિસ્તીઓ કરી દીધા.

નાગાસાકી નામના વિભાગમાં ખ્રિસ્તીઓની સંખ્યા એટલી બધી થઈ ગઈ કે ત્યાંનું બંદર ખ્રિસ્તી બંદર બની ગયું તથા ત્યાંના ઓમુટા નામના રાજકર્તા પાસે તે લોકોએ સરકારી રીતે ખ્રિસ્તી ધર્મ ફેલાવવાની માગણીઓ કરવા માંડી. નાગાસાકી જિલ્લામાંથી બૌદ્ધ સાધુઓને હાંકી કાઢવામાં આવ્યા તથા તેમના પર જુલમો થવા લાગ્યા. પશ્ચિમથી આવતા આ ધાર્મિક આક્રમણને હીડીયોસી એકદમ ઓળખી ગયો તથા તેની પાછળ રાજકીય આક્રમણ પણ આવશેજ એમ તેને જણાયું.

હીડીયોસીએ જાપાનના ખ્રિસ્તી સમાજના વડા પાસે એક દૂતને પાંચ સવાલો લઇને મોકલ્યો એ પાંચ સવાલો નીચે પ્રમાણે હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧) શા માટે અને કઈ સત્તાથી તમે અને તમારા પાદ્રીઓ અમારી પ્રજાને ખ્રિસ્તી બનાવો છો ?

(૨) શા માટે તમે તમારા શિષ્યોને અમારાં જૂનાં મંદિરોનો નાશ કરવાનું સમજાવો છો ?

(૩) બૌદ્ધ સાધુઓ ઉપર શા માટે જુદાઈ વર્તાવવામાં આવે છે ?

(૪) અમારા ખેડૂતોને ઉપયોગી એવા ગાય અને બળદોને તમે લોકો અને ફિરંગીઓ શા માટે ખાઈ જાઓ છો ?

(૫) જાપાની પ્રજાના વહેપારીઓ અને જાપાની ખેડૂતોને પકડીને ઈંડીઝમાં ગુલામો તરીકે વેચવા માટેની પરવાનગી શા માટે આપો છો ?

હીડીયોસીએ પૂછેલા આ સવાલોના જવાબો આવ્યા પણ તેથી એને સંતોષ થયો નથી. એણે ૧૫૮૭ માં સરકારી જાહેરાત કરી કેઃ—

"અમારા વફાદાર અમલદારો પાસેથી અમને ખબર મળ્યા છે કે અમારા રાજ્યમાં પરદેશીઓ આવ્યા છે અને તે લોકો જાપાનના કાયદાથી જુદો એવો ઉપદેશ કરે છે. એટલુંજ નહિ પણ અમારા દેશના ભગવાનોના મંદિરોનો નાશ કરવા માટે પણ લોકોને ઉશ્કેરે છે. આથી તે લોકો સખતમાં સખત શિક્ષાને પાત્ર હોવા છતાં પણ અમારી સરકાર તેમના તરફ દયા બતાવીને તેમને વીસ દિવસમાં જાપાનને છોડી દેવાનો હુકમ કરે છે. એ વીસ દીવસ સુધીમાં એ પરદેશીઓને કોઈપણ જાતનું નુકશાન કે ઈજા કરવામાં આવશે નહિ. પણ તેટલી મૂદત પૂરી થતાંજ જો અમારી હદમાં તેમાંનું કોઈપણ દેખાશે તો તેમને ગિરફતાર કરવામાં આવશે તથા ભયંકરમાં ભયંકર ગુન્હેગારોને કરવામાં આવતી શિક્ષાઓ તેમને કરવામાં આવશે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાપાનને બીજા એશિયાના દેશોની જેમ હજમ કરી જવા માગતા યુરોપી શાહીવાદના સંચારને એ રીતે હીડીયોસીએ રવાનગી આપી દીધી તથા ત્યારપછી એ પોતે ૧૫૯૮માં પોતાના મરણ પછી યેડો પાસે ટોકિયોની નવી રાજધાની બાંધવાનું વચન લઈ મરણ પામ્યો.

હીડીયોસાના મરણ પછી આમેવાસુ સત્તા પર આવ્યો. એણે પોતાની બધી શક્તિથી અને ક્રૂરતાથી જાપાનમાં શાંતિ સ્થાપી તથા લોકોને માટે નીતિના કાયદા પણ ઘડ્યા. લશ્કરી સત્તાથી દેશ પર અધિકાર જમાવ્યા પછી એને જણાયું કે જાપાન પર હવે યુદ્ધની જરૂર નથી. એકલી તલવાર પર મુસ્તાક રહેતા પોતાના સામુરાઈ લોકોને એણે સાહિત્ય અને ચિંતન તરફ દોરવા માંડ્યા તથા તેમને કલા તરફ પણ આકર્ષવા માંડ્યા. એના અધિકાર દરમિયાન જાપાનમાં સંસ્કૃતિનાં સ્વરૂપો ખીલવા માંડ્યાં તથા લશ્કરવાદ સડવા લાગ્યો. અને તોપણ એ લશ્કરવાદના વડા પાસે લોકશાસનના ખ્યાલ હતા નહિ. એણે જાહેર કર્યું કે પોતાના ઉપરીની આજ્ઞાની અવગણના કરવી એ સૌથી મોટો અપરાધ છે. જે માણસ પોતાના દરજ્જાની બહાર આવવા પ્રયત્ન કરે છે તેને કાપી નાંખવો જોઈએ તથા સરકાર સામે બળવો કરનારના આખા કુટુંબનો નાશ કરવો જોઈએ. માણસોના સમાજને માટે રાજાશાહી અને લશ્કરવાદ એજ સૌથી સારામાં સારી વ્યવસ્થા છે એમ એ માનતો. એણે રાજાશાસનનું તંત્ર ખૂબજ વ્યવસ્થિત બનાવ્યું. રાજકારણી પુરુષોની જેમ ધર્મને એ સામાજીક શિસ્ત જાળવવાનું સાધન માત્ર માનતો. એના રાજકારણી મનને જાપાનના જૂના ધર્મો, જૂની નીતિ તથા સ્વદેશભક્તિ એ બધાં પ્રજાકીય ઐક્ય માટે અનિવાર્ય દેખાયાં. ઈ. સ. ૧૬૧૪માં એણે જાપાનમાં ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ ગેરકાયદેસર ઠરાવ્યો તથા ખ્રિસ્તી બનેલા બધા જાપાનીઓને પોતાના જૂના ધર્મને ફરીવાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અંગીકાર ન કરે તો જાપાન છોડી જવા ફરમાવ્યું. ઘણા પાદરીઓએ એના આ ફરમાનનો સવિનયભંગ કર્યો. એણે એવા લોકોને કેદખાને પૂર્યા. પણ એના મરણ પછી ખ્રિસ્તી ધર્મ સામે ઘાતકી વર્તાવ શરૂ થયો અને જાપાનમાંથી ખ્રિસ્તી ધર્મની જડ ઊખડી ગઈ. ઈ. સ. ૧૬૩૮માં શામાબારાના પ્રદેશ પર સાડત્રીસ હજાર ખ્રિસ્તીઓ એકઠા થયા તથા ત્યાં તેમણે પોતાનું રક્ષણ કરવા કિલ્લેબંધી કરી તથા ધાર્મિક સ્વાતંત્ર્ય માગ્યું. આમેવાસુ આ સમયે મરણ પામ્યો હતો અને એના પછી સત્તા ઉપર આવેલા આમેમીત્સુ નામના દીકરાએ સીમાઆરા પર લશ્કર મોકલ્યું. સીમાઆરામાં જમા થયેલા સાડત્રીસ હજાર ખ્રિસ્તીઓની કતલ કરવામાં આવી. ત્યારપછી સીમાઆરામાં માત્ર એકસો પાંચ માણસ બચી ગયાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૩

## "લોકજીવન"

સૌથી શરૂઆતમાં જાપાનના રાજકારણને મોખરે દૈવી ગણાયેલો એવો શહેનશાહ હતો. પરંતુ એ પછી શહેનશાહના નામમાં રાજ્યની બધી સત્તાઓ હાથમાં રાખતો સોગુનેટ નામનો એક લશ્કરી અમલદારોનો વર્ગ હતો. એ સોગુનેટ લોકમાનસને રાજાશાહીના પ્રતીકથી ભકિતભાવવાળું રાખવા શહેનશાહ અને તેના રસાલાના ખર્ચ માટે વરસ દીવસે બહુ નજીવી જેવી રકમ આપતો હતો. તેથી શહેનશાહના દરબારના કેટલાક લોકોને પોતાનું પોષણ કરવા ગૃહઉદ્યોગો કરવા પડતા હતા. કેટલા છત્રીઓ બનાવતા હતા, રમવાના પત્તાં બનાવતા હતા તથા એક કે બીજી વસ્તુઓ તૈયાર કરતા હતા. ટોકુગાવા સોગુનેટે શહેનશાહ પાસે કોઈ પણ સત્તા રહેવા દીધી નહોતી તથા શહેનશાહ નબળો પડે તેવા ઇરાદાપૂર્વક તેને લોકોથી જુદો રાખવામાં આવતો હતો તથા તેની આસપાસ સ્ત્રીઓ રાખવામાં આવતી હતી અને તેને આળસુ બનાવવામાં આવતો હતો.

શહેનશાહની એ દશા કરીને સરકારીતંત્રના સાચા માલિકો જે લશ્કરી સરદારો બન્યા તે શોગુનો કહેવાતા હતા. તે લોકો એકઠી થતી દોલતને લીધે વિલાસમાં ઊંડા ને ઊંડા ઊતરતા હતા. તથા જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખાસ હક્કો પહેલાં શહેનશાહના હતાં તે શોગુનો ભોગવતા હતા. જ્યારે કોઇપણ શોગુનની સવારી રસ્તામાંથી નીકળવાની હોય ત્યારે રસ્તાપરના એકેએક ઘરપર પોલીસની ચોકી બેસી જતી. ઘરની બારીઓના પડદા નંખાઇ જતા, ઘરની અંદર સળગતા અગ્નિને ઓલવી નાંખવામાં આવતો, બધા કૂતરા અને બિલાડીઓને પૂરી દેવામાં આવતાં અને બધા લોકોને રસ્તામાં હારદોર ઊભા રહી જમીનપર હાથ અડકાવી અને હાથપર માથું ટેકવી શોગુનને નમવું પડતું. દરેક શોગુન પાસે તેનો પોતાનો ઘણો મોટો અંગત રસાલો રહેતો. એના રસાલામાં ચાર વિદુષકો રહેતા તથા આઠ સંસ્કારી સ્ત્રીઓ કોઇપણ જાતના સંકોચ વિના એની સેવામાં તૈયાર રહેતી. દરેક શોગુન પાસે સલાહ આપનાર બાર મંત્રીઓ હતા. એ ઉપરાંત જાપાનની સમાજરચનામાં નાનામોટા ઠાકોરો અથવા ઉમરાવો હતા. દરેક ઉમરાવ પાસે પોતપોતાના સેમુરાઇ ( જાપાનની ક્ષત્રિય કોમનું નામ ) હતા. એ ઉમરાવોના બધા મળીને સેમુરાઇની સંખ્યા દશ લાખ સુધી પહોંચતી હતી. દરેક સેમુરાઇ પોતાના માલિકની સેવા કરવા માટે તલવાર સાથે તૈયાર રહેતો. જેમ ચીનની અંદર દરેક નાગરીક વિદ્વાન હોવો જ જોઇએ એમ મનાતું તેમ જાપાનની અંદર નાગરીકનું લક્ષણ વિદ્વાન થવામાં નહિ પણ તલવાર લટકાવવાનું કે સામુરાઇ થઇ લડવાનું હતું. સેમુરાઇ લોકો વિદ્વતાને ધિક્કારતા હતા અને તલવારને ચાહતા હતા. એકેએક સેમુરાઇ સરકારી કરવેરામાંથી મુક્ત હતો. તથા પોતે જે લોકની સેવા કરતો હતો તેની પાસેથી અનાજ મેળવતો હતો. કોઇ કોઇવાર રણભૂમીપર પોતાના માલિક માટે માથું આપી દેવાની મહેનત સીવાયનો બીજો કોઇપણ શ્રમ સેમુરાઇને કરવાનો નહતો. સેમુરાઇની તલવાર એને તો શણગાર હતી. જાપાનના લશ્કરવાદે સેમુરાઇની તલવારને યથેચ્છ વિહાર પણ આપ્યો હતો. સેમુરાઇની તલવાર જ્યારે નવી હોય તથા એ તલવારની ધાર જોવાનું એને મન થયું હોય ત્યારે કોઇ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ સેમુરાઇ જેટલી સહેલાઇથી જાપાનના રસ્તાપર ફરતા કુતરાને કાપી નાખી શકતો તેટલીજ સહેલાઇથી તે રસ્તાપર ફરતા ભિખારીને કાપી નાંખવા જેટલો નિરંકુશ હતો. એ ઉપરાંત જો કોઇપણ સેમુરાઇને જાપાનમાં નીચ ગણાતા મજૂર કે ખેડૂત સાથે તકરાર થતી તો તે તેને કોઇપણ સરકારી કાયદાની ધાક વિના કાપી નાખવા જેટલી વર્ગીય સત્તા ધરાવતો હતો. લાંગફોર્ડ લખે છે કેઃ—" એક વખતે એક પ્રખ્યાત સેમુરાઈ પાસે નવી તલવાર આવી. એ તલવાર લઈને તલવારની ધાર જોવા નીહોન ખાસ નામના એક એડોના પૂલ ઉપર તે ઊભો. પછી અચાનક એક જાડો ખેડૂત ત્યાંથી પસાર થતો હતો. સેમુરાઈની તલવાર ખેડૂતના માથાને બરાબર વચમાંથી કાપી સીધી બે પગ નીચેથી નીકળી ગઇ ને ખેડૂતનો દેહ તલવારની બે બાજુએ બે ભાગમાં વહેંચાઈ ને પડ્યો. સેમુરાઇની આ સ્વછંદ અને નિરંકુશ સત્તા જાપાની લશ્કરવાદની ઘાતકતાનો પ્રખર નમૂનો હતો. પણ સેમુરાઇ પાસે આવી નિરંકુશ સત્તા એકલી નહોતી. એની પાસે એના પોતાના સ્વમાનનો કાયદો હતો. એ કાયદો બુસીડોના નામથી ઓળખાય છે અને એનો અર્થ સામંતનો આચાર એવો થાય છે. એ આચાર માલિક અને સ્વમાન માટે જ્યારે જરૂર પડે ત્યારે પોતાની જાતેજ પોતાનો જાન આપવાનો હતો. સેમુરાઇનો એ સદ્‌ગુણ મનાતો અને સેમુરાઇના જીવનનું એ વ્યવહારસૂત્ર લેખાતું. એ ઉપરાંત સેમુરાઈનું જીવન સાદું અને સખત હતું. સેમુરાઈના વચનની કિંમત લેખાતી હતી. સેમુરાઇને જે શરણે આવતું તેને તે જીવનના જોખમે જાળવતો. સેમુરાઇ બધાં દુઃખો લાગણી વિના અને શાંતિથી સહન કરવામાં માનતા હતા. સેમુરાઈની સ્ત્રીઓ પોતાનો ધણી રણભૂમિપર મરણ પામ્યો છે એમ જાણતી ત્યારે આનંદ પામતી. સેમુરાઈની વફાદારી તેના માલિક તરફ હતી, કોઇવાર સેમુરાઇનો ઉમરાવ કે ઠાકોર મરણ પામતો તો પોતાના માલિકની પરલોકમાં પણ સેવા કરવા સેમુરાઇ પોતાની જાતેજ પોતાના આંતરડા બહાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખેંચી કાઢી મરણ પામતો જ્યારે અચિમીત્સુ નામનો શોગુન ૧૬૫૧માં મરણ પામતો હતો ત્યારે તેણે પોતાનો જે મુખ્ય પ્રધાન હતો તેની પાસે પોતાની પરલોકમાં સેવા કરવા માટે મરણ પામવાની મદદ માગી. એકપણ શબ્દ બોલ્યા સિવાય હાર્ટોએ પોતાનું પેટ ચીરીને આંતરડાં બહાર કાઢી નાખ્યાં તથા બીજા અનુચરોએ પણ તેજ પ્રમાણે કર્યું. જ્યારે શહેનશાહ મુન્યુહીટો ૧૯૧૨ માં એના પૂર્વજો પાસે ચાલ્યો ગયો ત્યારે સેનાપતિ નોગી અને તેની સ્ત્રીએ પણ શહેનશાહ સાથે જવાને આપઘાત કર્યો.

દુનિયામાં અજોડ એવો એ માલિક તરફની ગુલામોની વફાદારીનો બુસીડો નામનો જાપાની નિયમ હતો.

એ નિયમ પ્રમાણે કેટલાયે સેમુરાઈ પોતાનું પેટ ચીરીને આંતરડાં કાઢી નાંખવાની ક્રિયા જે હારાકારીના નામથી ઓળખાય છે તે કરતા હતા. એવી ક્રિયા જાપાનના સમાજમાં સામાન્ય બની ગઈ હતી. જો કોઈ સેમુરાઈને અથવા ઊંચા દરજ્જાના માણસને સરકાર તરફથી દેહાંત દંડની શિક્ષા થતી તો તેવો અપરાધી પોતાની જાતે જ પોતાનું પેટ ચીરીને મરણ પામતો. જો કોઈ સામુરાઈ યુદ્ધમાં હાર પામતો કે શરણ સ્વીકારતો તોપણ તે હારાકારીની ક્રિયાથી આત્મઘાત કરતો. ૧૮૯૫ની સાલમાં જાપાનની હારની શરમમાં ચાલીસ લશ્કરી અમલદારોએ હારાકારીની ક્રિયા કરી હતી. ૧૯૦૫ના રશિયા સાથેના યુદ્ધમાં જાપાનના કેટલાયે લશ્કરી અમલદારોએ અને સૈનિકોએ કેદી બનવા કરતાં હારાકારીની ક્રિયાથી મરણ સ્વીકાર્યું હતું. જાપાની જુવાનના શિક્ષણની આસપાસ અભ્યાસક્રમમાં પેટ ચીરીને મરણ પામવાની એ ક્રિયા પ્રથમસ્થાન ભોગવતી હતી. જાપાની રજવાડાશાહીના જમાનામાં એ રીતે સીપાઈને મૃત્યુથી નહિ ડરવાની તાલીમ મળતી હતી, તથા એ રજવાડાશાહી સમાજરચનામાં જાપાની સરકાર પોલીસની સંખ્યા ઘણી ઓછી રાખતી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા ખૂન સાટે ખૂન કરવાની વૈરવૃત્તિને તે સમયનો જાપાની કાયદો છૂટ આપતો હતો.

ઇતિહાસમાં અજોડ એવી જાપાનની સેમુરાઈ વીરકથાઓ જાપાની ઇતિહાસમાં આલેખાઈ છે. આયવાસુની સરકાર જ્યારે સત્તા પર હતી તે સમયે ૨૪ અને ૧૭ વર્ષની ઉંમરના એવા સીકોન અને નીકી નામના બે ભાઈઓએ આયવાસુનું ખૂન કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેમ કરતાં એ બન્ને ભાઈઓ પકડાઈ ગયા. અને બન્નેને તથા એ બેના એક આઠ વર્ષની ઉંમરના હાસખશે નામના ત્રીજા ભાઈને પણ દેહાંત દંડની શિક્ષા કરી. બન્ને ભાઈઓએ સ્વમાનથી મરવા માટે પોતાની જાતે હારાકારીની ક્રિયા કરી પોતાનું પેટ ચીરીને આંતરડાં બહાર કાઢી નાખી મરણ પામવાની પરવાનગી માગી. આયવાસુએ એ બંન્ને વીર ભાઈઓને એવી પરવાનગી આપી, ત્રણે ભાઈઓ મરણ પામવા માટે એક હારમાં બેઠા હતા. ત્યારે સૌથી મોટા સીકોને સૌથી નાના હાસખશે તેને કહ્યું કે સૌથી પહેલાં તું મરણ પામ કારણકે તને તારી જાતે પેટ ચીરીને સ્વમાનથી મરતાં આવડે છે કે કેમ તે હું જોવા માગું છું.

આઠ વર્ષના નાના હાસખશે જવાબ આપ્યો કે મેં કદી હારાકારીની ક્રિયા નહિ જોઈ હોવાથી તે કેમ કરવી તેની મને ખબર નથી. તમે પહેલાં તે કરી બતાવો એટલે હું તે પ્રમાણે કરીશ. મરણથી સહેજ પણ ડગ્યા સિવાય પોતાના આઠ વર્ષના નાના ભાઈની વાણી સાંભળતાં સીકોન તથા નીકી બંન્ને આંસૂથી ઊભરાતી આંખે હસ્યા અને બન્નેએ નાના ભાઈને પોતાની વચ્ચે બેસાડયો પછી સીકોને પોતાના પેટમાં ડાબી બાજુથી ખંજર ભોકી દીધું અને નાના ભાઈને તે શીખવતો બોલ્યો જો ધ્યાન રાખ ખંજર ઊંડુ ભોંકીશ તો તરતજ પડી જવાશે પછી નીકીએ પણ તેજ પ્રમાણે પોતાના પેટને ચીરતાં આઠ વર્ષના નાનાભાઈને સમજણ આપી કે તું તારૂં ખંજર તારા પેટમાં ભોંકે ત્યારે આંખો ઉઘાડી રાખજે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહિ તો મરતાં મરતાં મરણ પામતી સ્ત્રી જેવો લાગીશ. તારૂં ખંજર પેટમાં પેઠા પછી અટકી ન જાય પણ આરપાર નીકળી જાય તેની પણ કાળજી રાખજે. આઠ વર્ષનો હાસખશે બન્ને ભાઈ તરફ જોઈ રહ્યો. એને એ ક્રિયા આવડી ગઈ હતી. શાંતિથી એણે પોતાનું ખંજર ઊપાડયું અને બંન્ને ભાઈની વચમાં મરેલો પડયો.

જાપાની લોકજીવનના સેમુરાઇ નામના ક્ષત્રિય વર્ગની એ વાત થઇ. પણ જાપાનના રજવાડાશાહી સમાજમાં જાપાનનો સમાજ આઠ શ્રેણી અથવા જાતિઓમાં વહેંચાયેલો હતો. ત્યાર પછી એ આઠ જ્ઞાતિઓને બદલે ચાર જ્ઞાતિઓજ રહી. એક સેમુરાઈ, બીજી કારીગરોની જ્ઞાતિ, ત્રીજા ખેડૂતો અને ચોથા વહેપારીઓ. આ ચાર જ્ઞાતિઓ ઉપરાંત આખી વસ્તીના પાંચ ટકા જેટલા ગુલામો હતા. એ ગુલામોથી નીચી એવી એક જ્ઞાતિ હતી જે ઇટા કહેવાતી હતી. હિંદમાં જે પહેલાં ચંડાળોના નામથી ઓળખાતાં હતાં તથા આજે હરિજનો કહેવાય છે એવા એ જ્ઞાતિના લોકો હતા. આ બધી જ્ઞાતિઓમાં સત્તાવાન એવા જમીનના માલિકો અથવા જમીનદારો હતા. અ ઉપરાંત થોડી થોડી જમીનના માલિક એવા ખેડૂતો પણ હતા. દરેક ખેડૂતને એક વરસમાં ત્રીસ દિવસની સરકારી વેઠ કરવી પડતી હતી. એ વેઠ કરતી વેળા જો કોઇપણ ખેડૂત એક પળવારનું પણ આળસ બતાવે તેને તેને ભાલો મારી મારી નાખવામાં આવતો હતો.

## ધર્મ

જાપાનીસ લોકો હિંદુઓના જેવા ધર્મઘેલા નથી. જાપાનમાં ચીનમાંથી બુદ્ધ ધર્મ આવ્યો અને નિરાશા લાવ્યો. એણે શરૂઆતમાં માણસોને મરણ પામવા–નિર્વાણ પામવા બોલાવ્યા. જાપાનનો લોકસમાજ કોઇપણ જાતના નિર્વાણ માટે તૈયાર નહતો. એટલે જાપાનમાં આવેલા બુદ્ધ ધર્મની મહાયાન શાખા લોકોની જરૂરિયાતો જાણીને આગળ આવી. પછી તો જાપાનનું આકાશ દેવદેવીઓ અને બોધિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સત્ત્વોથી ઊભરાઈ ગયું. જાપાનની ધર્મસંસ્થામાં આનંદદાયક વિધિ વિધાનો અને ઉત્સવો ઊભરાઈ ગયાં. જાપાનના ધાર્મિકો માટે મરણ પછી મોજ માણવાનું સ્વર્ગ પણ બંધાઈ ગયું. એ બધાં ખ્યાલોમાં દેવદેવીઓ અને બોધિસત્ત્વના તરંગો સાથે સાથે સ્વર્ગના ખ્યાલો પણ શરૂ થયા તથા નર્કની ભાવના પણ વિકાસ પામી, શરૂઆતના બૌદ્ધ ભિક્ષુઓ વિદ્વાનો અને માથાળુ હતા. અને તેમણે જાપાનની કળા અને વિદ્વતાનો વિકાસ કર્યો. ઘણાક તો મોટા ચિત્રકારો અને શિલ્પીઓ હતા. થોડાક આર્ય સાધુઓએ મોટા મોટા ગ્રંથોના ભાષાંતર કર્યાં. પણ પછીના સાધુઓ આળસુ, લોભી, અને રાજખટપટી બનવા લાગ્યા. એ લોકોએ સીધી રીતે લશ્કરી સરમુખત્યારી અને શ્રીમંતાઈને સાથ આપ્યો અને ગરીબોને પરલોકના મીઠા સ્વપ્નામાં સડવા દીધા. ટોકુગાવા શોગુનેટના સમયમાં બુદ્ધ સાધુઓ ઘણા સુધી દારૂ પીતા હતા, રખાતો રાખતા હતા તથા રાજખટપટોમાં છૂટથી ભાગ લેતા હતા. અઢારમા સૈકામાં બુદ્ધ ધર્મે જાપાનીસ પ્રજા પરનો પોતાનો કાબુ ગુમાવ્યો. શોગુનો ( લશ્કરી સરમુખત્યારો ) કન્ફ્યુશીયસ તથા સીન્ટો તરફ વળ્યા તથા વિદ્વાનોએ ધર્મની સકારણ ટીકા કરવા માંડી. બીજી સંસ્કૃતિઓની જેમ ધર્મથી શરૂ થયેલી જાપાની સંસ્કૃતિ પણ ચીનમાં પરિણામ પામવા લાગી.

પછી ધીમે ધીમે જાપાનમાં વિચાર અને વિદ્વતા વધવા માંડી. ઈટોજીશી નામના એક વિદ્વાને જાપાનના જુવાનોને શિક્ષણ આપવાની શાળા ખોલી. જીશી ઘણો ગરીબ હતો અને જાપાનના જુવાનોને વિચાર કર્તા કરતો હતો. એની ગરીબાઇ એટલી તો વધી પડી કે એને બીજા દિવસનું ખાવાનું પણ રહ્યું નહતું. એ રીતે જીશીએ ચાલીસ વર્ષ સુધી ભાષણો આપી ત્રણ હજાર વિદ્યાર્થીઓને ચિંતન શીખવ્યું

## ચિંતન

ધર્મની જેમ ચિંતન પણ જાપાનમાં ચમકી આવ્યું. સોળમા સૈકાના મધ્યકાળમાં પુઝીવાળા સીગ્વા નામનો એક જાપાનીસ સાધુ પોતાને મળતા જ્ઞાનથી સંતોષ માની અને ચીનના મહાન ચિંતકોના ખ્યાલથી આકર્ષાઈને ચીનમાં જવાનો વિચાર કરવા લાગ્યો. પણ તે સમયની જાપાનીસ સરકારો ચીન સાથે કોઈપણ સંબંધમાં ઊતરવાનો મનાઈ હુકમ કરતી હતી. પરંતુ પેલા જુવાન સાધુએ છુપીરીતે ચીનમાં પહોંચી જવાનું કાવત્રું કર્યું. પણ સફળ થયો નહિ. પરંતુ એણે ચીનના એક ચિંતનનું પુસ્તક મેળવી લીધું અને તેનો અભ્યાસ કર્યો. તેણે પોતાની આસપાસ વિદ્યાર્થીઓ એકઠા કરવા માંડયા. જાપાનની સરકાર સીગ્વા સામે પગલાં લે તે પહેલાંજ એ એકાએક મરણ પામ્યો પછી એના વિદ્યાર્થીઓમાંથી એક રોઝન નામનો ચિંતક થયો. એણે ખ્રિસ્તીધર્મ અને બુદ્ધધર્મ બન્નેની ટીકા કરવા માંડી અને કહ્યું કે એ બન્ને ધર્મો જાપાનીસ પ્રજાને પામર બનાવશે. એણે એ બંને ધર્મોની નમ્રતા અને વ્યક્તિસ્વાતંત્ર્ય પર ઘા કર્યો તથા લશ્કરવાદને ગમી જાય એવા શબ્દો ઉચાર્યા. એણે કહ્યું મેં ઘણો અભ્યાસ કર્યો છે અને મને માલમ પડયું છે કે મનુષ્યને માટે પોતાના માલિક તરફની વફાદારી સિવાય બીજો એકે માર્ગ છે નહિ. લશ્કરી સરમુખત્યારીનો સાથીદાર એવો એ ચિંતક ટોકિઓમાં ૧૬૫૭ની સાલમાં એક ઘરમાં ભરાઈને બેઠો હતો ત્યારે એ ઘરને આગ લાગી એના વિદ્યાર્થીઓએ એને ઘરમાંથી ભાગી જવાનુ કહ્યું પણ એ એક પુસ્તક વાંચતો હતો અને વાંચવામાં ખલેલ પહોંચે તે માટે પોતાની આસપાસ સળગતા અગ્નિને ભાળતો છતાં પણ ખસ્યો નહિ. પણ એના વિદ્યાર્થીઓએ એને બળજબરીથી ખેંચકીને બહાર આણ્યો. ત્યાર પછી ત્રીજે દિવસે એનું મરણ થયું. પછી એક ઇયુસો નામનો ચિંતક થયો જેણે જગતમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચારિત્ર વિકસાવવાના ઉપદેશો આપ્યા. ત્યાર પછી એક ઇકેન નામનો ચિંતક પાકયો. એના જમાનાનો એ સૌથી મોટો વિદ્વાન હતો. એણે સો કરતાં વધારે પુસ્તક લખ્યાં. ઇકેનનું ચિંતન ચારિત્ર્યનું હતું. એ કહેતો હતો કે મૂરખ માણસો સુખ મેળવવા ભગવાનની પ્રાર્થના કરતા હોય છે. એની દૃષ્ટિએ અનુભવને ડહાપણમાં સંયોજવું ને તેવી ઇચ્છાનું ચારિત્રમાં સંકલન કરવું તેજ ચિંતનનું ધ્યેય હોવું જોઇએ એ પછી ઈ. સ. ૧૬૦૭માં નાકાઇ-તોજુ નામનો એક આદર્શવાદી ચિંતક થયો એણે કહ્યું કે દુનિયા બે તત્ત્વોનું ઐક્ય છે. નાકાઈ પોતે એક સાધુપુરુષ હતો પણ એના ચિંતને લોક યા સરકાર કોઈને ખુશ કર્યાં નહિ. એણે શીખવ્યું હતું કે માણસજ પોતાની જાતનો ચૂકાદો આપી શકે તેમ છે તથા સારૂં અને ખોટું એ મનુષ્યે પોતે નક્કી કરેલી અને બદલી શકાય તેવી ભાવનાઓ છે. એના આવા ઉપદેશથી તે સમયની લશ્કરી સરમુખત્યારી ચમકી ઊઠી. પછી એક બીજા બેન્ઝીક નામના વીચારકે ચિંતનમાંથી રાજકારણમાં આવી સેમુરાઈ લોકોની ટીકા કરવા માંડી. એ ટીકાના જવાબમાં સરકારે એની ગિરફતારી કરવા માટેનો હુકમ કર્યો. તે બેન્ઝન પર્વતોમાં નાઠો તથા ઘણા વરસો સુધી ચુપ રહ્યો.

ખેડૂત પાસેથી સરકાર ઘણી જાતના કરવેરા લેતી હતી. પોતાની જાતમહેનતથી ખેડૂત જે કાંઈ ઉપજાવતો હતો તેમાંથી છ ટકા જેટલો ભાગ સાતમા સૈકાના સમયમાં સરકાર કર તરીકે લેતી હતી. પછી બારમા સૈકામાં એ કર બોતેર ટકા જેટલો વધી ગયો અને ઓગણીસમા સૈકામાં ચાલીસ ટકા જેટલો હતો. એવા એ ખેડૂત પાસે જમીન ખેડવાનાં સાધનો ખૂબ સાદાં અને પ્રાથમિક હતાં. ખેડૂતનું ઘર અરધા અઠવાડિયામાં બાંધી શકાય તેવું ઝૂંપડું હતું. ખેડૂતનાં કપડાં શિયાળાની કડકડતી ટાઢમાં પણ નહિ જેવાં હતાં. એના રાચરચીલામાં ચોખા રાંધવાનું એક વાસણ માત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતું તથા થોડાક વાટકાઓ હતા. એવું કંગાળ જાપાનના ખેડૂતનું જીવન પણ ધરતીકંપના આંચકાથી, કુદરતી સંકટોથી તથા સરકારી જુલમોથી હચમચી ઊઠતું હતું તથા એનું પોતાનું શરીર સતત ચાલતા દુષ્કાળમાં ખખડી ઊઠતું હતું.

ચીનમાં હતી તે બધી કળાઓ અને ઉદ્યોગો ધીમે ધીમે જાપાનમાં આવતા હતા. જેમ આજે જાપાન ઉદ્યોગવાદમાં પશ્ચિમની હરીફાઈ કરવા ઊતરી પડ્યું છે તેમ ટોકુગાવા શોગુનેટના સમયમાં જાપાનના હસ્તઉદ્યોગો ચીન અને કોરિયાના હસ્તઉદ્યોગોની હરીફાઈ કરતા હતા.

## કુટુંબજીવન

પૂર્વના દેશોમાં વ્યક્તિ કરતાં કુટુંબની મહત્તા વધારે હતી. જાપાની સમાજ વ્યવસ્થામાં પણ કુટુંબવ્યવસ્થા સખ્ત અને શિસ્તવાળી હતી. એ વ્યવસ્થામાં સ્વાતંત્ર્યનો ખ્યાલ વ્યક્તિના નામમાં નહિ પણ કુટુંબ-ના નામમાં થતો હતો કારણકે સમાજરચનામાં વ્યક્તિ નહી પણ કુટુંબ આર્થિક કેન્દ્ર હતું. કુટુંબના માલિક બાપની સત્તા જુલમી હતી. પરંતુ એ જુલ્મી સત્તાની આસપાસ લોકરૂઢિએ સ્વાભાવિકતા, અનિવાર્યતા અને કહેવાતી માણસાઈના ખ્યાલો ભર્યા હતા. બાપ પોતાના જમાઈ કે દીકરાની સ્ત્રીને ઘરમાંથી કાઢી મૂકી શકતો અને પોતાના કોઇપણ બાળકમાં જાતીય અશુદ્ધિ દેખતાં મારી નાખી શકતો. કુલપતિ પિતા પાસે પોતાના બાળકોને ગુલામીમાં કે વેશ્યાવાડમાં વેચવાની સત્તા હતી. આખા કુટુંબનો એ માલિક પોતાના બાળકોની માતાને એકજ શબ્દથી તલ્લાક આપી શકતો. ગરીબ લોકો એકથી વધારે સ્ત્રીઓ રાખી શકતા નહિ પરંતુ શ્રીમંતો પોતાની પરણેલી સ્ત્રી ઉપરાંત અનેક સ્ત્રીઓને રાખતા. જાપાનમાં જ્યારે ખ્રિસ્તી ધર્મની અસર આવી ત્યારે તેણે જાપાનની કુટુંબ સંસ્થામાં રખાતી રખાતો અને વેશ્યાવૃત્તિ કરવા માટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વેચાતી છોકરીઓ સામે વાંધો ઉઠાવ્યો હતો અને તેથી જાપાનની કુટુંબવ્યવસ્થાની શાંતિ જોખમાશે એમ જાપાનના કુલપતિઓને લાગ્યું,

ચીનની જેમ જાપાનમાં પણ સ્ત્રીનું સ્થાન ખૂબ જૂના કાળમાં વધારે સમાનતાભર્યું અને ઉચ્ચ હતું. શરૂઆતના સમયમાં જાપાનની સ્ત્રી સામાજિક અને સાહિત્યવિષયક પ્રવૃત્તિમાં ખૂબ છૂટથી ભાગ લઈ શકતી. લગ્નસંસ્થામાં અને સ્ત્રીપુરુષ સંબંધમાં પણ સ્ત્રીનો દરજ્જો પુરુષ સાથે સમાન હતો પરંતુ રાજાશાહીએ રચેલા લશ્કરવાદની સરમુખત્યારીના કાળમાં સ્ત્રીને રસોડામાં જકડી રાખવાની વાત તથા ગુલામ બનાવવાનું વહેપારી સૂત્ર અમલમાં આવ્યું. સમાજનો માલિક પુરુષ બન્યો તથા સ્ત્રીને ત્રણ આજ્ઞાધારકતામાં ધકેલી દેવામાં આવી.

સ્ત્રીની પહેલી આજ્ઞાધારકતા પિતા તરફની હતી. બીજી પતિ તરફની અને ત્રીજી પોતાના દીકરા તરફની ગણાતી. હિંદની જેમ જાપાની સ્ત્રી પણ લશ્કરી સરમુખત્યારીના સકંજા નીચે ગુલામ બન્યા પછી ભણવાને નાલાયક મનાઈ તથા એના માનસિક અને આધ્યાત્મિક વિકાસને અવરોધી કુટુંબના માલીક લોકોએ એને માંસનો લોચો બનાવી એક તરફથી લગ્નના દાનમાં દેવા માંડી અને બીજી બાજુ એને એક કે બીજી રીતે વેશ્યાવૃત્તિમાં ધકેલવા માંડી. લગ્નમાં દેવાયેલી સ્ત્રી પાસે એ માલિક લોકોએ માલિક તરફની વફાદારીના નામમાં શિસ્ત માગ્યું અને એ શિસ્તમાં જરાપણ દોષનો મરણની શિક્ષાથી બદલો લીધો. જાપાનની કુટુંબ ધારાઓમાં જો કોઈપણ પતિ પોતાની સ્ત્રીને બિનવફાદાર દેખતો તો તેને મારી નાંખવાની સત્તાવાળો હતો. હમેશાં માલિકલોકને વફાદાર એવા કહેવાતા ચિંતકોના ઉલ્લેખોની જેમ તે સમયનો એક ઉકેન નામનો ચિંતક બોલતો હતો કે જો કોઈપણ પરણેલી સ્ત્રી મોટા સાદે કે લાંબો વખત પરપુરુષ સાથે વાત કરે તો તેના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પતિએ તેને હાંકી કાઢવી જોઇએ. પણ જો પુરુષ બેવફા અને ઘાતકી માલમ પડે તો સ્ત્રીએ ખૂબ નમ્રતાથી અને માયાળુપણાથી તેવા પોતાના પતિનો હૃદયપલટો કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. કુટુંબવ્યવસ્થાના આવી લશ્કરી શિસ્ત નીચે ગુલામ બનેલી જાપાની સ્ત્રી દુઃખ વેઠવાને વધારે લાયક બની, જુલમો સહન કરવાને વધારે ઉદ્યોગી બની, વધારે વફાદાર અને આજ્ઞાધારક થઈ.

એ રીતે વિકાસ પામતી વિપરીત જાતીય નીતી એક તરફથી સતિત્વના નામમાં અત્યાચાર ગુજારતી હતી અને બીજી બાજુ દર-રોજ વિસ્તાર પામતા વેશ્યાવાડામાં વ્યભિચાર ખેલતી હતી. સ્ત્રીની પામરતા વધે જતી હતી અને હિંદની સ્ત્રીઓની જેમ સતિત્વના ભ્રમ ખાતર પોતાની જાતનો ઘાત કરવા સુધી પહોંચી હતી. બીજી બાજુ સ્વછંદ બનતો માલિક પુરુષવર્ગ પોતાની બધી ઇચ્છા-ઓને સ્વાભાવિક ગણતો હતો તથા ટોકિયો જેવા મોટા નગરમાં જેને કુશળ લત્તાઓ કહેવામાં આવતા હતા એવા વેશ્યાવાડામાં પૈસા ખર્ચી શકે તેવા ટોકિયોના શ્રીમંતોના છોકરાને પૈસા લઈને સ્ત્રીઓ પોતાના શરીરના ઉપભોગ આપતી હતી, તથા નાચગાન ખેલતી હતી. એવો ધંધો કરનારી છોકરીઓ ઝીશા નામથી ઓળ-ખાતી હતી. એકબાજુ વધતી જતી શ્રીમંતાઈમાં વિલાસ વધતો જતો હતો ત્યારે બીજી તરફ ખુવાર થયેલા કિસાનોમાં ભૂખમરો વધતો હતો. શ્રીમંતાઇની સરમુખત્યારી વ્યભિચારીના વિલાસ ખેલવા મચી પડી હતી ત્યારે બીજી બાજુ માલિકોની જુલમજહાંગીરીનો ભોગ બનતા અને રોજનેરોજ ઘાતકી ભૂખમરામાં ધકેલાતા ખેડૂત માબા-પોને ભૂખમરામાંથી બચવા માટે પોતાની દીકરીઓ વેચવાની ફરજ પડતી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૪

## નૂતન જાપાન

જાપાનનો બુદ્ધિમાન વર્ગ આતુરતાથી યુરોપના દેશોની વહેપારી કુનેહ અને ઉદ્યોગવાદથી વધતી દોલતની વાતો સાંભળતો હતો. એ અરસામાં ૧૮૫૩ની સાલમાં જાપાનમાં એવા સમાચાર પહોંચ્યા કે એક અમેરિકન દરિયાઈ કાફલો જાપાનના નિષેધોની અવગણના કરી ઉરાગાના અમલમાં પેઠો હતો. તથા એ કાફલાનો અમેરિકન સેનાપતિ જાપાની સરકારના વડાની મુલાકાત માગતો હતો ને કહેતો હતો કે અમેરિકન સરકાર અમેરિકાના વહેપાર માટે જાપાનના કિનારા પર થોડાંક બંદરો ખુલ્લાં મૂકવા સિવાય બીજું કશું જ વધારે માગતી નથી. એ અમેરિકન સરદારનું નામ પેરી હતું. એને આ માગણી કર્યા પછી અમેરિકાની લાગવગના ચીનના પ્રદેશમાં બળવો થવાથી તરતજ પાછા ફરવું પડયું પણ બીજે જ વરસે એ વધારે મોટો દરિયાઈ લશ્કરી કાફલો લઈને તથા અત્તરો, ઘડિયાળો અને વ્હીસ્કીની ભેટ લઈને જાપાનના કિનારે આવી પહોંચ્યો. જાપાનની સરકારે તે સમયે અમેરિકા સાથે સલાહ કરી. તથા અમેરિકાની બધી માગણીઓ કબૂલ રાખી. આથી અમેરિકન સરદાર પેરી ખુશ થઈ ગયો અને એણે જાપાનીસ લોકોના વિનયને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વખાણીને કહ્યું કે જો જાપાનીસ વહેપારીઓ અમેરિકાના કિનારા પર આવશે તો તેમને માટે અમારો કિનારો ખુલ્લો હશે. જાપાને એ પણ કબૂલ કર્યું કે યુરોપિયનો અને અમેરિકનો અમારા પ્રદેશ પર અમારો કાયદો તોડશે તો તેમનો ન્યાય તેમની અદાલતો ચૂકવશે. અને જાપાન હવે પછીથી પોતાને ત્યાં ખ્રિસ્તી ધર્મ સામેનું ફરમાન નાબૂદ કરશે. આ બધાના બદલામાં જાપાને અમેરિકા પાસેથી હથિયારો માગ્યાં, લડાયક જહાજો માંગ્યાં અને પોતાની પાસીફીક પ્રજાને યુદ્ધકલાની તાલીમ આપે એવા અમલદારો માગ્યા.

જાપાનને આત્મલઘુતા સાલતી હતી. અને જાપાનનો આત્મા યુરોપના બીજા દેશો સાથે સમાનતા માગતો હતો. જાપાનમાં કેટલાક એવા લોકો પણ હતા કે જેઓ કોઈપણ જોખમે પરદેશીઓ સાથે યુદ્ધ માગતા હતા. તથા તેમાંના એકેએકને જાપાનની ભૂમિપરથી હાંકી કાઢવા માગતા હતા. પણ બીજાઓ જેઓ વધારે વિચક્ષણ હતા તથા પશ્ચિમનું ઔદ્યોગિક પરીબળ સમજતા હતા તે લોકો પશ્ચિમનો બહિષ્કાર કરવાને બદલે તેનું અનુકરણ કરવા માગતા હતા. એ લોકોને સમજાઈ ગયું હતું કે યુરોપના દેશો જેવી રીતે ચીનનો સ્વીકાર કરે છે તેવી જ રીતે જાપાનને પણ ન ઝડપી જાય તે માટે જાપાને પશ્ચિમના દેશોની જેમ પોતાને ત્યાં ઉદ્યોગવાદ ખીલવવો જોઈશે તથા યુદ્ધકળા વિકસાવવી પડશે.

એ ખીલવણી અને વિકાસ માટે જાપાનના માલિક વર્ગોએ જાપાનની લશ્કરી સરમુખત્યારીને અંતરાય રૂપ દેખી. ઈ. સ. ૧૮૬૭ માં અમીર ઉમરાવો અને શ્રીમંતોએ છેલ્લા સરમુખત્યારને પદભ્રષ્ટ કર્યો તથા શહેનશાહને સત્તા પર આણી શહેનશાહની સત્તાનો ઉપયોગ લશ્કરશાહીને નાબૂદ કરવા માટે કર્યો. ૧૮૬૮ના જાન્યુઆરીના પહેલા દિવસે જાપાનમાં પાછો શહેનશાહતનો નવો યુગ શરૂ થયો. શાંતોનો નવો ધર્મ પુનઃ ઉદ્ધાર પામ્યો અને ફરીવાર પાછું રાજાની દિવ્યતાનો લોકોમાં પ્રચાર થવા લાગ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી તરતજ જાપાને પશ્ચિમના નમૂના પર પોતાને ત્યાં નવીનતા શરૂ કરી દીધી. જાપાનના જુવાનો યુરોપના ઉદ્યોગો અને સંસ્થાઓનો અભ્યાસ કરવા લાગ્યા તથા ત્યાંના જેવી આગગાડીઓની જાળ જાપાન પર બિછાવવા લાગ્યા. જાપાનને આંગણે મોટી મોટી સ્ટીમરો પણ બંધાવા લાગી. તાર ટપાલ નંખાઈ ગયાં તથા લડાયક જહાજો બંધાવા લાગ્યાં. જાપાનનો રાષ્ટ્રવાદ યુરોપનું અનુકરણ કરી રહ્યો. અંગ્રેજ ને અમેરિકન ઇજનેરો જાપાનના નવા બાંધકામ માટે ઊતરી આવ્યા. ફ્રેંચ અમલદારો જાપાનના લશ્કરને તૈયાર કરવા લાગ્યા. જર્મન ડોકટરો જાપાનમાં આરોગ્ય અને દવાખાનાની યોજના કરવા લાગ્યા. જાપાનમાં નિરક્ષરતાને ટાળવા માટે ઠેરઠેર નિશાળો યોજવામાં આવી. ઇટાલિયન કલાકારો અને શિલ્પીઓ જાપાનને સુંદરતા શિખવી રહ્યા. જાપાનની જુનવાણીએ આ નવીનતા સામે થોડોક ઉહાપોહ કર્યો ખરો પરંતુ છેવટે પશ્ચિમમાંથી આવતા ઉદ્યોગવાદના યંત્રોનો જાપાનમાં વિજય થયો.

જાપાનમાં આ નૂતન સર્જનથી એક નવીન માલિકવર્ગ જન્મ પામવા લાગ્યો. માલિકોનો એ વર્ગ વેપારીઓનો, શાહુકારોનો અને કારખાનાના માલિકોનો હતો. જાપાનમાં નવા જન્મતા આ મૂડીવાદે જાપાનમાંથી રજવાડાશાહીનો નાશ કરવા માટે પોતાના સાધનોનો ઉપયોગ કરવા માંડયો. ઈ. સ. ૧૮૭૧ માં જાપાનની સરકારે જાપાનના જૂના ઉમરાવો પાસેથી તેમના જુના ઇલકાબો, જૂના હક્કો ને જૂની જમીનો ખેંચી લેવા માંડી. એ ઉમરાવો પણ માલિકવર્ગ સાથે આર્થિક રીતે જોડાયેલા હતા તથા ઠકરાતી સમાજરચનાને જાળવી રાખવા માટે લડવાની તૈયારી કે ઉત્સાહ વાળા ન હતા. ઇટો જે યુરોપથી તાજો જ જાપાનમાં આવ્યો હતો તેણે જર્મનીની જેમ જાપાનમાં માલીકવર્ગોના વિભાગ પાડવા માંડયા. આ નવો માલીકવર્ગ જાપાનમાં થતી ઔદ્યોગિક ક્રાંતિનો મિત્ર હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇટોએ જાપાનની સરકાર વધારે પડતી પ્રજાતંત્રવાદી ન થઈ જાય તે ધ્યાનમાં રાખીને જાપાનનું સરકારી તંત્ર માલિકવર્ગની આર્થિક જરૂરિયાત પ્રમાણે બદલવાનો નિરધાર કર્યો. એણે ૧૮૮૯ માં નવું રાજબંધારણ ઘડી કાઢયું. એ બંધારણને મોખરે શહેનશાહ હતો અને બંધારણના સાચા અર્થમાં એ કેવળ નામનોજ હોઈ બંધારણની ક્રિયાના એક પ્રાણ વિનાના રૂપક જેવો હતો. ઇંગ્લેંડની પાર્લામેન્ટે જેવી રીતે ઢીંગલા જેવા રાજાનું નામ સાચવી રાખ્યું છે તે પ્રમાણે જાપાનના શહેનશાહનું નામ પણ નામ ખાતર જ સર્વોપરી હતું. નામ માત્રમાં જાપાનનો શહેનશાહ જાપાનમાં બધા પ્રદેશનો માલિક હતો. જમીનનો અને દરિયાઈ લશ્કરનો સેનાપતિ હતો. પણ જાપાનના બંધારણમાં મોખરે બેઠેલા એક શહેનશાહને અંગ્રેજી શહેનશાહની જેમજ બે સભાઓવાળી એક રાજસભાને અનુસરવું પડતું હતું. રાજસભા બે પેટા સભાઓની બનેલી હતી. એક ઉમરાવોની સભા અને બીજી પ્રતિનિધિઓની સભા. શહેનશાહ પ્રધાનોની નિમણુક કરતો અને પ્રધાનોને જવાબદાર લેખાતો.

રાજસભાને ચૂંટનાર સાડાચાર લાખ મતાધિકારીઓ હતા અને મતાધિકાર શ્રીમંતોને જ મલ્યો હતો.

૧૯૨૮ માં એ મતાધિકારની સંખ્યા ૧,૨૦,૦૦,૦૦૦ જેટલી હતી.

આ નવા રાજબંધારણમાં જાપાનની નવી રચના શરૂ થઈ ગઇ હતી. એને ૧૮૫૦ માં થયેલું અપમાન સાલતું હતું. યુરોપના દેશો જેમ આખી દુનિયાને પોતાનું બજાર બનાવવા મથતા હતા તેમ જાપાનની મહત્ત્વાકાંક્ષા પૂર્વના માલિક બનવાની હતી. દુનિયાને આશ્ચર્યમાં નાખી દે તેવા મંડાણથી એણે પોતાની સત્તા જમાવવા માંડી તથા પરદેશીઓની હરોળમાં ઊભા રહેવા માંડયું. એની નજર ચીન પર પડી. યુરોપ ચીનને આખું ગળી જવાના મનોરથ લાંબા કાળથી સેવતું હતું પણ આજ સુધી તેમાં સફળ થયું નહોતું તે જાપાને કરવાનું ધાર્યું. ૧૮૯૪ માં એણે એના જૂના શિક્ષક ચીન સાથે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લડાઇનો મોકો મેળવી લીધો. કોરિયા ચીનની હકુમત નીચે હતું. ચીને કોરિયામાં જાગેલો બળવો પતવવા લશ્કર મોકલ્યું. જાપાને કોરિયાના સ્વાતંત્ર્યનો સૂર કાઢીને કોરિયાને પોતાને વિસ્મય કરી મૂકી, ચીન સાથે લડાઈ જાહેર કરી, દુનિયા આખીને હેરતમાં નાખી દીધી. એ લડાઇને અંતે જાપાને ફોર્મોસા અને પોર્ટ આર્થરને પડાવી લીધાં અને, ૨૦૦,૦૦૦,૦૦૦ ટેલ્સની લડાઈની નુકસાની વસૂલ કરી. પોતાના ગુરુદેવ ચીન સામે સવાયો નિવડેલો જાપાની ચેલો યુરોપીય શાહીવાદી લુંટારાની હરોળમાં ઉભો રહ્યો. ફ્રાન્સ અને જર્મનીના શાહીવાદોએ જાપાને ઝડપેલા લોહીઆળ કોળીઆમાં ઝારીસ્ટ રશિયાનો ભાગ માગ્યો. પોર્ટ આર્થરમાંથી ખસી જવાને જાપાન કબૂલ થયું પણ તેમ કરવા માટેનો બદલો મળે તો જ. ચીનને ચૂંથવા બેઠેલા શાહીવાદી લુટારૂઓએ એ ભાગ તરીકે ચીન પાસેથી, ૩૦,૦૦૦,૦૦૦ ટેલ્સની નુકસાની વધારે લેવી એમ ઠરાવ્યું. પણ તોય જાપાનને એ બદલો સાલતો હતો. પોર્ટ આર્થર છોડી દેવું એને ગમ્યું નહોતું, અને તોય રશિયા અને તેના મિત્રો પાસે એને નમવાની ફરજ પડી હતી. એ માથું ઉંચકવાની રાહ જોઈ રહ્યું.

એ સમયથી જાપાન પોતાની શાહીવાદી મુરાદોમાં આડે આવતા રશિયા સામે બાથ ભીડવાની ભયાનક તૈયારી કરી રહ્યું. એને ખબર હતી કે ઈંગ્લેંડને રશિયા હિન્દુસ્થાનમાં ઉતરી પડે એવી ધાક હતી. ૧૯૦૨ માં જાપાને એ દરિયાની રાણી સાથે સલાહ કરી. એમાંથી કોઇને પણ કોઈ ત્રીજી સત્તા સાથે લડાઈમાં ઉતરવાનું થાય તો બન્નેએ એકબીજાને મદદ કરવી એમ ઠર્યું. ૧૯૦૪ માં રશિયા સાથે જાપાનનું યુદ્ધ શરૂ થયું. અંગ્રેજ અને અમેરીકન બેંકરોએ જાપાનને ઝાર સાથે લડવા માટે જંગી રકમો ધીરી. નોગીએ પોર્ટ આર્થર જીતી લીધું અને પોતાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લશ્કરને મુકડેન તરફ હાંકયું. મુકડેન મુકામે વિશ્વયુદ્ધ પહેલાંની સૌથી મોટી કત્લેઆમ શરૂ થઇ. જર્મની અને ફ્રાન્સે રશિયાની મદદે આવવાની તૈયારી બતાવી, પણ પ્રેસીડેન્ટ રૂઝવેલ્ટે જણાવી દીધું કે તેમ થશે તો પોતે જાપાનની મદદે જશે. જાપાનને તેના પોતાના જ પાણીમાં ભીડવા રશિયાએ મોટા દરિયાઇ કાફલા સાથે કેપ ઓફ ગુડહોપની પ્રદક્ષિણા કરી લાંબી કુચ કરી. જાપાનનો વડો એડમીરલ ટોગો હતો. ટોગોએ રેડીઓનો પહેલીવાર ઉપયોગ કર્યો અને રશિયાની નૌકા સેનાની હીલચાલ પર ચોકી રાખી. ૧૯૦૫ ના મેની ૨૭ મી તારીખે એ રશિયા પર તુટી પડયો. એણે એકે એક સેના નાયકને સાદ દીધો કે જાપાનની શહેનશાહત આ યુદ્ધમાં જ વિકાસ પામશે કે વિનાશ પામશે. જાપાનના ૧૧૬ સિપાઈઓ મરાયા અને ૫૩૮ ઘવાયા, જ્યારે રશિયાના ૪૦૦૦ મુડદાં દરિયા પર તરતાં હતાં, અને ૭૦૦૦ કેદીઓ પકડાયા હતા. રશિયાના દરિયાઈ કાફલામાંથી ત્રણ જહાજ જીવતાં પાછાં ગયાં.

જાપાનના સમુદ્રમાં થયેલી આ લડાઇએ ઇતિહાસને નવું મૂલ્ય આપ્યું. પૂર્વમાં પથરાતા યરોપીય શાહિવાદને અટકાવી દીધો, અને એશિયાભરમાં ક્રાંતિનું આંદોલન જગવ્યું. આજનો યુગ એ આંદોલનથી તરબોળ થયેલો દેખી શકાય છે. એશિયાએ આંખ ઉઘાડી જોયું કે એશિયાનો જ એક નાનો સરખો ટાપું યુરોપની મહાન સત્તાને હરાવી શકે છે. ચીન અને હિન્દને સ્વાતંત્ર્યનાં સ્વપ્નો આવવા માંડયાં.

પણ જાપાનને એશિયાના કોઇ પણ દેશની સ્વતંત્રતાની પડી ન હતી, અને યુરોપની જેમ એશિયામાં ચરવા નીકળવું હતું. હારેલા રશિયા પાસે જાપાને કોરિયાની અંદર પોતાની સર્વોપરિતાનો સ્વીકાર કરાવ્યો. અને પછી ૧૯૧૦ માં જ એણે ખૂબ પ્રાચીન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને ઉચ્ચ સંસ્કૃતિવાળા કોરિયાને ઝડપી લીધું. ૧૯૧૨ માં જ્યારે જાપાનનો શહેનશાહ મીજી મરણ પામ્યો ત્યારે એ જાપાનના ભગવાનો પાસે ખુશ ખબર લઇ ગયો કે પોતે જાપાનને હેવાન બનેલા પશ્ચિમના પાસમાંથી છોડવી શક્યો હતો તથા પૂર્વના પ્રદેશોમાં જાપાનને સર્વોપરિ બનાવી શક્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સ્વદેશી ઓ. કે. ની ચાહ




## પીવો.

ખુશબોદાર, સ્વાદિષ્ટ અને તાજગી ભરેલી ચાહ માટે ફક્ત "ઓ. કે."ની ચાહ માંગો; બીજી જાણીતી ચાહના ડબ્બા અને પડીકાઓ કરતાં માલ વધુ સારો આવે છે. વળી માલ ન પસંદ પડે તો પાછો લેવાની ગેરંટી આપીએ છીએ. "ઓ. કે."ની ચાહના પડીકામાં આખી ચાહ આવે છે જ્યારે બીજી જાતના પડીકામાં 'બ્રોકન' યાને ટુકડી ચાહ, જે કીંમતમાં આખી કરતાં ઘણી સસ્તી હોય છે, તે આવે છે.

સોલ એજન્ટ, **જહાંગીર બ્રધર્સ**

સ્ટેશન સામે, અમદાવાદ.


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુલભ ગ્રંથમાળાનું બીજું પુસ્તક

# જીવનની જ્વાળાઓ

[ ભાગ પહેલો ]

આ પુસ્તક પછી તરત જ બહાર પડશે.

લેખકે આમાં

જુવાન માણસોના કેટલાયે પ્રશ્નોની ચર્ચા કરી છે. દરેકે વાંચવા જેવી નવલકથા રૂપે લખાયેલી આ નાની પુસ્તિકા જરૂર ખરીદશો.

મળવાનું ઠેકાણું

**૧ ભારતી મુદ્રણાલય,**
ખાડિયા, ગોલવાડ, **અમદાવાદ.**

**૨ પ્રસ્થાન કાર્યાલય,**
ચાર રસ્તા, **અમદાવાદ.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગૃહલક્ષ્મી ગ્રંથમાળા

ગૂજરાતભરમાં બહોળો ફેલાવો પામેલી આ ગ્રંથમાળાની હજારો પ્રતો ખપી ગઈ છે!

જેણે નૂતન યુગના યુવક યુવતીઓમાં નવચેતન પ્રકટાવ્યું છે જેણે સામાજિક અને રાષ્ટ્રિય પ્રશ્નોની નિર્ભયપણે છણાવટ કરી: છે. જેણે આવતી કાલની સમાજ રચના અને સંસ્કારનું નિરુપણ કર્યું છે. જેણે સંયમ અને શ્રેષ્ઠ માનવતાની ઉચ્ચ ભૂમિકાનું દર્શન કરાવ્યું છે.

— તેના —

સુંદર મનોહર છપાઈવાળાં દ્વિરંગી પૂંઠાનાં ૪ થી ૫ પુસ્તકોમાં ૧૨૦૦ પાનાનું શિષ્ટ અને સંસ્કારી વાંચન રૂા. ૪) ના નહિ જેવા લવાજમે તમને ઘર બેઠાં પહોંચતા કરે છે.

**એના અનેરા પ્રકાશનો**

| | | |
|---|---|---|
| તરંગિણી ૦–૧૦ | આશા ૧–૦ | દત્તા ૧–૧૨ |
| જલિની ૦–૮ | પ્રીતમની પ્રયાસ ૧-૦ | અનુરાધા ૧-૪ |
| રાસનાલિની ૧–૦ | આનંદબત્રીસી ૧-૪ | દિગંત ૧–૪ |
| ફોઈબા-કાકી ૧–૪ | રાસરંજના ૧-૦ | યોગી કોણ? ૧-૦ |
| કવિવર ટાગોર ૦-૧૨ | આજકાલ ૧-૦ | ઉમા ૧–૪ |
| જીવંતજવાલા ૦-૮ | એકાકી ૧–૦ | શોભા ૨–૮ |
| મંદારમાલા ૦-૧૨ | વલ્કલ ૦–૧૨ | નિર્મળા ૧–૪ |

પાકું પૂંઠું રૂા. ૫–૦–૦ ગ્રાહક થવા આજેજ લખો:—

**નવચેતન સાહિત્ય મંદિર ૨૪૫ ભદ્ર, અમદાવાદ.**


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુંદર સફાઈદાર સસ્તું

# છાપકામ

બ
ધી
જા
ત
નું

વખતસર મેળવવું હોય તો

મળો: **ભારતી મુદ્રણાલય,**

ખાડિયા, ગોલવાડ **અમદાવાદ.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com